
ચોથી શ્રેણી

પુસ્તક–૧૧૭



તા.૨૩મી ફેબ્રુઆરી ૨૦૨૬
ફાલ્ગુન ૦૪, ૧૯૪૭ શાકે
થી
તા.૨૫મી ફેબ્રુઆરી, ૨૦૨૬
ફાલ્ગુન ૦૬, ૧૯૪૭ શાકે

ગુજરાત વિધાનસભા

ચર્ચાઓ

સત્તાવાર અહેવાલ
પંદરમી ગુજરાત વિધાનસભા
આઠમું અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

વિષય		પાન નંબર
તા.૨૩મી ફેબ્રુઆરી, ૨૦૨૬ ફાલ્ગુન ૦૪, ૧૯૪૭ શાકે		
તારાંકિત પ્રશ્નો	૧	૨૦
અતારાંકિત પ્રશ્નો	૨૧	૨૪૭
માન.મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલનો સરકારી સંકલ્પ (નિયમ–૧૨૦) (વંદે માતરમ્ ગાનના ૧૫૦ વર્ષના અવસરની ઉજવણી બાબત)	૨૪૮	૨૫૯
રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)	૨૬૦	૨૬૫
પોઇન્ટ ઓફ કલેરિફિકેશન (સબજયુડીસ મેટર અંગે)	૨૬૬	૨૬૭
રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ) (ક્રમશઃ)	૨૬૭	૨૮૪
તા.૨૪મી ફેબ્રુઆરી, ૨૦૨૬ ફાલ્ગુન ૦૫, ૧૯૪૭ શાકે(પ્રથમ બેઠક)		
પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)	૨૮૫	૩૧૪
તા.૨૪મી ફેબ્રુઆરી, ૨૦૨૬ ફાલ્ગુન ૦૫, ૧૯૪૭ શાકે(બીજી બેઠક)		
તારાંકિત પ્રશ્નો	૩૧૫	૩૨૫
અતારાંકિત પ્રશ્નો	૩૨૬	૩૫૪
પોઇન્ટ ઓફ ઓર્ડર	૩૫૫	૩૫૬
(ગૃહમાં સાચી માહિતી આપવા તેમજ સોશિયલ મીડિયામાં નિવેદન આપવા અંગે)		
પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન	૩૫૬	૩૫૮
(રાજ્યપાલશ્રીને આવકારવા ભાજપના પક્ષ પ્રમુખ જવા અંગે)		
પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ)	૩૫૮	૩૭૩
તા.૨૫મી ફેબ્રુઆરી, ૨૦૨૬ ફાલ્ગુન ૦૬, ૧૯૪૭ શાકે		
તારાંકિત પ્રશ્નો	૩૭૪	૩૮૭
અતારાંકિત પ્રશ્નો	૩૮૮	૪૨૭
અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)	૪૨૮	૪૫૫

ફાલ્ગુન ૦૪, ૧૯૪૭ શાકે

તારાંકિત પ્રશ્નો

ગુજરાત વિધાનસભા

સોમવાર, તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૨૬

ફાલ્ગુન ૦૪, ૧૯૪૭ શાકે

સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.

માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને

તારાંકિત પ્રશ્નો

વડોદરા જિલ્લામાં આવેલ સરકારી હોસ્પિટલ્સનું સંવર્ગવાર મંજૂર મહેકમ

***15/8/575 શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ** (લુણાવાડા): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૧૫/૦૧/૨૦૨૬ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં આવેલ સરકારી હોસ્પિટલ, સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રવાર, સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,	(૧) અને (૨)	તા. ૧૫/૦૧/૨૦૨૬ ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં આવેલ સરકારી હોસ્પિટલનું મહેકમ દર્શાવતુ પત્રક –૧, સામુહિક આરોગ્ય કેન્દ્રોનું મહેકમ દર્શાવતુ પત્રક–૨ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું મહેકમ દર્શાવતુ પત્રક–૩ સામેલ છે.
(૨)	તે પૈકી ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને		
(૩)	ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?	(૩)	યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી.

પત્રક ૧

વિધાનસભા તારાંકિત પ્રશ્ન ૧૫/૮/૫૭૫

વડોદરા જિલ્લામાં આવેલ સરકારી હોસ્પિટલ્સનું સંવર્ગવાર મંજૂર મહેકમ

ક્રમ	સંવર્ગનું નામ	વડોદરા જિલ્લો (હોસ્પિટલની સંખ્યા–૫)														
		જ.હો. જમનાબાઈ			સ.હો. કરજણ			સ.હો. સાવલી			મેન્ટલ હેલ્થ, વડોદરા			આઇ.ડી. હો, વડોદરા		
		મંજુર	ભરેલી	ખાલી	મંજુર	ભરેલી	ખાલી	મંજુર	ભરેલી	ખાલી	મંજુર	ભરેલી	ખાલી	મંજુર	ભરેલી	ખાલી
							વર્ગ–૧									
૧	સી.ડી.એમ.ઓ	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૨	અધિક્ષક	૦	૦	૦	૧	૦	૧	૧	૦	૧	૧	૧	૦	૧	૧	૦
૩	આર.એમ.ઓ	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૧	૦	૧	૧	૦
૪	સાયકિયાટ્રીક	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૦	૦	૦	૦
૫	લેડી સાયકિયાટ્રીક	૦	૦	૦	૦	૦	૦	૦	૦		૧	૦	૧	૦	૦	૦
૬	ફીઝીશિયન	૧	૧	૦	૧	૧	૦	૨	૧	૧	૦	૦	૦	૦	૦	૦
૭	પૂર્ણકાલીન સર્જન	૧	૧	૦	૧	૦	૧	૨	૧	૧	૦	૦	૦	૦	૦	૦
૮	ગાયનેકોલોજીસ્ટ	૨	૨	૦	૧	૦	૧	૩	૧	૨	૦	૦	૦	૦	૦	૦
૧૦	પીડીયાટ્રીશીયન	૧	૧	૦	૧	૦	૧	૩	૧	૨	૦	૦	૦	૦	૦	૦
૧૧	એનેસ્થેટીક	૨	૨	૦	૧	૧	૦	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૦
૧૨	આંખના સર્જન	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૦
૧૩	ઓર્થોપેડીક સર્જન	૧	૧	૦	૧	૧	૦	૨	૨	૦	૦	૦	૦	૦	૦	૦
૧૪	કાન, નાક અને ગળાના સર્જન	૧	૧	૦	૧	૧	૦	૧	૦	૧	૦	૦	૦	૦	૦	૦
૧૫	ડેન્ટલ સર્જન	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૧૬	માનદ તજજ્ઞ ડર્મેટોલોજીસ્ટ	૧	૦	૧	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૧૭	માઇક્રોબાયોલોજીસ્ટ	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૧૮	રેડિયોલોજીસ્ટ	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૧૯	પેથોલોજીસ્ટ	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
	કુલ	૧૮	૧૬	૨	૧૦	૫	૫	૧૭	૮	૯	૪	૩	૧	૨	૨	૦

વર્ગ–૩

તા.૨૩મી ફેબ્રુઆરી, ૨૦૨૬

તારાંકિત પ્રશ્નો

૨૦	તબીબી અધિકારી	૧૪	૧૩	૧	૫	૫	૦	૫	૪	૧	૭	૭	૦	૩	૩	૦
૨૩	ડેન્ટલ સર્જન	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૦
૨૪	ક્લિનિકલ સાયકોલોજીસ્ટ	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૦	૨	૨	૦	૦	૦	૦
૨૫	વહીવટી અધિકારી	૧	૧	૦	૧	૦	૧	૧	૦	૧	૦	૦	૦	૦	૦	૦
	કુલ	૧૭	૧૬	૧	૭	૬	૧	૭	૫	૨	૯	૯	૦	૩	૩	૦
							વર્ગ–૩									
૨૬	કચેરી અધિક્ષક	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૦	૦	૦	૦	૦	૦
૨૭	હેડ ક્લાર્ક	૨	૧	૧	૨	૦	૨	૨	૦	૨	૧	૧	૦	૦	૦	૦
૨૮	સીનીયર ક્લાર્ક	૪	૩	૧	૧	૧	૦	૨	૨	૦	૩	૩	૦	૦	૦	૦
૨૯	જુનીયર ક્લાર્ક	૫	૫	૦	૨	૦	૨	૨	૦	૨	૨	૨	૦	૨	૨	૦
૩૦	સ્ટેનોગ્રાફર	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૩૧	ગુજરાતી ટાયપીસ્ટ	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૩૨	મેન્ટલ હેલ્થ વર્કર	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૦	૦	૦	૦
૩૩	દરજી	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૩	૧	૨	૦	૦	૦
૩૪	સુથાર	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૨	૨	૦	૦	૦	૦
૩૫	વાઈર્વીંગ ઈન્સ્ટ્રક્ટર	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૧	૦	૧	૦	૦	૦
૩૬	ઓનેનરી એનેસ્થીક્સ	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૧	૦	૧	૦	૦	૦
૩૭	ટાઈપીસ્ટ	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૩૮	કેશ રાઇટર	૨	૨	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૩૯	આંકડા મદદનીશ	૦	૦	૦	૧	૦	૧	૧	૦	૧	૦	૦	૦	૦	૦	૦
૪૦	કોમ્પ્યુટર ઓપરેટર	૦	૦	૦	૨	૧	૧	૨	૦	૨	૦	૦	૦	૦	૦	૦
૪૧	આસીસ્ટન્ટ નર્સિંગ સુપ્રિટેન્ડેન્ટ	૦	૦	૦	૧	૦	૧	૧	૦	૧	૦	૦	૦	૦	૦	૦
૪૨	હેડ નર્સ	૯	૯	૦	૪	૦	૪	૫	૧	૪	૪	૪	૦	૨	૨	૦
૪૩	સ્ટાફ નર્સ				૩૦	૨૪	૬	૩૫	૨૭	૮	૭૨	૭૦	૨	૧૧	૧૦	૧
૪૪	પ્રિન્સિપાલ નર્સિંગ ઓફિસર	૧	૦	૧	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૪૫	વોર્ડન	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૪૬	નર્સિંગ ટ્યુટર	૨	૦	૨	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૪૭	નર્સિંગ એટેન્ડેન્ટ				૦	૦	૦	૬	૦	૬	૦	૦	૦	૦	૦	૦
૪૮	પી.એચ.એન	૪	૧	૩	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૪૯	એ.એન.એમ.	૬	૬	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૫૦	એ.એન.એસ	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૧	૦	૧	૦	૦	૦
૫૧	સોશ્યલ વર્કર	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૨	૨	૦	૦	૦	૦
૫૨	ઓક્યુપેશનલ થેરાપીસ્ટ	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૨	૧	૧	૦	૦	૦
૫૩	ઓવરશીયર	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૧	૦	૧	૦	૦	૦
૫૪	હેડ એટેન્ડેન્ટ	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૨	૦	૨	૦	૦	૦
૫૫	એટેન્ડેન્ટ	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૫૪	૫૪	૦	૦	૦	૦
૫૬	મેટ્રન	૨	૦	૨	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૫૭	ડ્રાઇવર	૨	૨	૦	૧	૧	૦	૧	૦	૧	૦	૦	૦	૧	૦	૧
૫૮	ઇલેક્ટ્રીશીયન	૦	૦	૦	૧	૦	૧	૧	૦	૧	૦	૦	૦	૦	૦	૦
૫૯	ઈ.સી.જી. ટેકનિશીયન	૦	૦	૦	૧	૦	૧	૧	૦	૧	૦	૦	૦	૦	૦	૦

૬૦	લેબોરેટરી ટેકનિશીયન	૨	૨	૦	૩	૩	૦	૩	૩	૦	૧	૧	૦	૧	૧	૦
૬૧	લેબોરેટરી આસીસ્ટન્ટ	૧	૧	૦	૧	૦	૧	૧	૧	૦	૦	૦	૦	૧	૦	૧
૬૨	ચીફ ફાર્માસીસ્ટ	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૬૩	સીનીયર ફાર્માસીસ્ટ	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૧	૦	૧	૦	૧
૬૪	જુનિયર ફાર્માસીસ્ટ	૭	૭	૦	૪	૧	૩	૪	૪	૦	૨	૨	૦	૨	૨	૦
૬૫	એક્સ–રે ટેકનિશીયન	૨	૨	૦	૨	૧	૧	૨	૧	૧	૦	૦	૦	૦	૦	૦
૬૬	એક્સ–રે આસીસ્ટન્ટ	૧	૧	૦	૧	૦	૧	૧	૦	૧	૦	૦	૦	૦	૦	૦
૬૭	બાયોકેમિસ્ટ	૧	૦	૧	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૬૮	ફીજીયોથેરાપીસ્ટ	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૦
૬૯	પ્લમ્બર	૦	૦	૦	૧	૦	૧	૧	૦	૧	૦	૦	૦	૦	૦	૦
૭૦	ઓપ્થેલમિક આસીસ્ટન્ટ	૦	૦	૦	૧	૦	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૦
	કુલ	૬૦	૪૭	૧૩	૬૨	૩૩	૨૯	૭૫	૪૧	૩૪	૧૫૬	૧૪૫	૧૧	૨૧	૧૭	૪
	વર્ગ–૪															
૭૧	વર્ગ–૪	૫૩	૫૩	૦	૩૩	૩૩	૦	૩૬	૩૬	૦	૨૪	૨૪	૦	૨૨	૨૨	૦
	કુલ	૫૩	૫૩	૦	૩૩	૩૩	૦	૩૬	૩૬	૦	૨૪	૨૪	૦	૨૨	૨૨	૦
	કુલ વર્ગ–૧ થી વર્ગ–૪	૧૪૮	૧૩૨	૧૬	૧૧૨	૭૭	૩૫	૧૩૫	૯૦	૪૫	૧૯૩	૧૮૧	૧૨	૪૮	૪૪	૪
૬૦	લેબોરેટરી ટેકનિશીયન	૨	૨	૦	૩	૩	૦	૩	૩	૦	૧	૧	૦	૧	૧	૦
૬૧	લેબોરેટરી આસીસ્ટન્ટ	૧	૧	૦	૧	૦	૧	૧	૧	૦	૦	૦	૦	૧	૦	૧
૬૨	ચીફ ફાર્માસીસ્ટ	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૬૩	સીનીયર ફાર્માસીસ્ટ	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૧	૦	૧	૦	૧
૬૪	જુનિયર ફાર્માસીસ્ટ	૭	૭	૦	૪	૧	૩	૪	૪	૦	૨	૨	૦	૨	૨	૦
૬૫	એક્સ–રે ટેકનિશીયન	૨	૨	૦	૨	૧	૧	૨	૧	૧	૦	૦	૦	૦	૦	૦
૬૬	એક્સ–રે આસીસ્ટન્ટ	૧	૧	૦	૧	૦	૧	૧	૦	૧	૦	૦	૦	૦	૦	૦
૬૭	બાયોકેમિસ્ટ	૧	૦	૧	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૬૮	ફીજીયોથેરાપીસ્ટ	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૦
૬૯	પ્લમ્બર	૦	૦	૦	૧	૦	૧	૧	૦	૧	૦	૦	૦	૦	૦	૦
૭૦	ઓપ્થેલમિક આસીસ્ટન્ટ	૦	૦	૦	૧	૦	૧	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૦
	કુલ	૬૦	૪૭	૧૩	૬૨	૩૩	૨૯	૭૫	૪૧	૩૪	૧૫૬	૧૪૫	૧૧	૨૧	૧૭	૪
	વર્ગ–૪															
૭૧	વર્ગ–૪	૫૩	૫૩	૦	૩૩	૩૩	૦	૩૬	૩૬	૦	૨૪	૨૪	૦	૨૨	૨૨	૦
	કુલ	૫૩	૫૩	૦	૩૩	૩૩	૦	૩૬	૩૬	૦	૨૪	૨૪	૦	૨૨	૨૨	૦
	કુલ વર્ગ–૧ થી વર્ગ–૪	૧૪૮	૧૩૨	૧૬	૧૧૨	૭૭	૩૫	૧૩૫	૯૦	૪૫	૧૯૩	૧૮૧	૧૨	૪૮	૪૪	૪

પત્રક - ૨

વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક નં: ૧૫/૮/૫૭૫

વડોદરા જિલ્લાના સા.આ.કેન્દ્રોની સંવર્ગવાર મંજુર, ભરેલી, ખાલી જગ્યાઓની વિગત દર્શાવતું પત્રક (તા.૧૫/૦૧/૨૦૨૬ ની સ્થિતિએ)

સા.આ.કેન્દ્રનું નામ		ડભોઇ			ડેસર			પાદરા			વડુ			બાજવા		
અ.નં.	સંવર્ગ	મંજુર	ભરેલ	ખાલી	મંજુર	ભરેલ	ખાલી	મંજુર	ભરેલ	ખાલી	મંજુર	ભરેલ	ખાલી	મંજુર	ભરેલ	ખાલી
૧	અધિક્ષક વર્ગ–૧	૧	૦	૧	૧	૧	૦	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧
૨	તજજ્ઞ વર્ગ–૧	૭	૧	૬	૦	૦	૦	૭	૩	૪	૦	૦	૦	૦	૦	૦

૩	તબીબી અધિકારી વર્ગ–૨	૩	૩	૦	૩	૨	૧	૩	૨	૧	૩	૧	૨	૪	૩	૧
૪	એકસ–રે ટેકનીશ્યન વર્ગ–૩	૧	૧	૦	૧	૦	૧	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦
૫	લેબોરેટરી ટેકનીશ્યન વર્ગ–૩	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦
૬	જુનીયર ફાર્માસિસ્ટ વર્ગ–૩	૨	૨	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૦	૧
૭	હેડ સ્ટાફનર્સ વર્ગ–૩	૧	૦	૧	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૮	સ્ટાફનર્સ વર્ગ–૩	૧૦	૧૦	૦	૭	૭	૦	૮	૭	૧	૭	૭	૦	૯	૯	૦
૯	ફિજીયોથેરાપિસ્ટ વર્ગ–૩	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦
૧૦	સીનીયર આસીસ્ટન્ટ વર્ગ–૩	૧	૧	૦	૧	૦	૧	૧	૦	૧	૧	૧	૦	૧	૧	૦
૧૧	સીનીયર કલાર્ક વર્ગ–૩	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૦	૦	૦	૧	૦	૧
૧૨	ડ્રાયવર વર્ગ–૩	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૧	૦
૧૩	પટાવાળા વર્ગ–૪	૧	૧	૦	૧	૦	૧	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦
૧૪	વોર્ડબોય વર્ગ–૪	૬	૬	૦	૨	૦	૨	૨	૨	૦	૨	૨	૦	૩	૩	૦
૧૫	આયા વર્ગ–૪	૨	૨	૦	૧	૦	૧	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦
૧૬	ડ્રેસર વર્ગ–૪	૧	૧	૦	૧	૦	૧	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦
૧૭	સ્વીપર વર્ગ–૪	૧૦	૧૦	૦	૧	૦	૧	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦
૧૮	પાર્ટ ટાઇમ સ્વીપર વર્ગ–૪	૦	૦	૦	૨	૦	૨	૨	૨	૦	૧	૧	૦	૨	૧	૧
૧૯	પાર્ટ ટાઇમ વોચમેન વર્ગ–૪	૦	૦	૦	૨	૦	૨	૨	૦	૨	૨	૨	૦	૨	૧	૧
	કુલ	૫૦	૪૧	૯	૨૮	૧૪	૧૪	૩૬	૨૫	૧૧	૨૬	૨૨	૪	૩૨	૨૬	૬

સા.આ.કેન્દ્રનું નામ		પોર			જરોદ			વાઘોડીયા		
અ.નં.	સંવર્ગ	મંજુર	ભરેલ	ખાલી	મંજુર	ભરેલ	ખાલી	મંજુર	ભરેલ	ખાલી
૧	અધિક્ષક વર્ગ–૧	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦
૨	તજજ્ઞ વર્ગ–૧	૦	૦	૦	૫	૪	૧	૦	૦	૦
૩	તબીબી અધિકારી વર્ગ–૨	૩	૧	૨	૩	૧	૨	૩	૩	૦
૪	એકસ–રે ટેકનીશ્યન વર્ગ–૩	૧	૦	૧	૧	૧	૦	૧	૦	૧
૫	લેબોરેટરી ટેકનીશ્યન વર્ગ–૩	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦
૬	જુનીયર ફાર્માસિસ્ટ વર્ગ–૩	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦
૭	હેડ સ્ટાફનર્સ વર્ગ–૩	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૮	સ્ટાફનર્સ વર્ગ–૩	૭	૬	૧	૭	૭	૦	૭	૭	૦
૯	ફિજીયોથેરાપિસ્ટ વર્ગ–૩	૧	૧	૦	૧	૧	૦	૧	૦	૧
૧૦	સીનીયર આસીસ્ટન્ટ વર્ગ–૩	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૦
૧૧	સીનીયર કલાર્ક વર્ગ–૩	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦
૧૨	ડ્રાયવર વર્ગ–૩	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧
૧૩	પટાવાળા વર્ગ–૪	૧	૦	૧	૧	૧	૦	૧	૧	૦

૧૪	વોર્ડબોય વર્ગ–૪	૨	૦	૨	૨	૧	૧	૨	૨	૦
૧૫	આયા વર્ગ–૪	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦
૧૬	ડ્રેસર વર્ગ–૪	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦
૧૭	સ્વીપર વર્ગ–૪	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦
૧૮	પાર્ટ ટાઇમ સ્વીપર વર્ગ–૪	૨	૧	૧	૨	૨	૦	૨	૦	૨
૧૯	પાર્ટ ટાઇમ વોચમેન વર્ગ–૪	૨	૦	૨	૨	૧	૧	૨	૦	૨
	કુલ	૨૮	૧૭	૧૧	૩૨	૨૬	૬	૨૭	૨૦	૭

સમરી			
વર્ગ	મંજુર	ભરેલ	ખાલી
વર્ગ–૧	૨૭	૧૨	૧૫
વર્ગ–૨	૨૫	૧૬	૯
વર્ગ–૩	૧૧૭	૯૯	૧૮
વર્ગ–૪	૯૦	૬૪	૨૬

પત્રક – ૩

વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક નં: ૧૫/૮/૫૭૫

વડોદરા જિલ્લાના તાલુકાવાર પ્રા.આ.કેન્દ્રોની સંવર્ગવાર મંજુર, ભરેલી, ખાલી જગ્યાઓની વિગત દર્શાવતું પત્રક (તા.૧૫/૦૧/૨૦૨૬ ની સ્થિતિએ)

અ.નં.	તાલુકાનુ નામ	અ.નં	પ્રા.આ.કેન્દ્રનુ નામ	તબીબી અધિકારી વર્ગ–૨			આયુર્વેદિક ડૉકટર			જુનીયર ફાર્માસિસ્ટ			લેબોરેટરી ટેકનીશિયન			સ્ટાફ નર્સ			ડ્રાઇવર			વોર્ડ આયા			વોર્ડ બોય			પાર્ટટાઇમ સ્વીપર		
				મંજૂર	ભરેલી	ખાલી	મંજૂર	ભરેલી	ખાલી	મંજૂર	ભરેલી	ખાલી	મંજૂર	ભરેલી	ખાલી	મંજૂર	ભરેલી	ખાલી	મંજૂર	ભરેલી	ખાલી	મંજૂર	ભરેલી	ખાલી	મંજૂર	ભરેલી	ખાલી	મંજૂર	ભરેલી	ખાલી
૧	વડોદરા	૧	રાયપુરા	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૨	૨	૦
		૨	સાંકરદા	૧	૧	૦	૦	૦	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૦	૧	૧	૦	૧	૧	૧	૦	૧	૧	૦	૨	૧	૧
		૩	આસોજ	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૦	૧	૧	૧	૦	૧	૧	૦	૨	૨	૦
		૪	કોયલી	૧	૦	૧	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૨	૨	૦
		૫	અનગઢ	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૦	૧	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૨	૨	૦
		૬	વરણામા	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૦	૧	૧	૧	૦	૧	૧	૦	૨	૨	૦
		૭	રણોલી	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૨	૨	૦
		૮	સોખડા	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૦	૧	૧	૧	૦	૧	૧	૦	૨	૨	૦
		૯	કેલનપુર	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૦	૧	૧	૦	૧	૧	૧	૦	૧	૧	૦	૨	૨	૦
		તાલુકાનું કુલ		૯	૮	૧	૮	૮	૦	૯	૯	૦	૯	૯	૦	૯	૬	૩	૯	૪	૫	૯	૯	૦	૯	૯	૦	૧૮	૧૭	૧
૨	શિનોર	૬	શિનોર	૧	૧	૦	૦	૦	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૨	૨	૦
		૭	સાધલી	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૨	૨	૦
		૮	સીમળી	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૦	૧	૧	૦	૧	૧	૧	૦	૧	૧	૦	૨	૨	૦
		તાલુકાનું કુલ		૩	૩	૦	૨	૨	૦	૩	૩	૦	૩	૩	૦	૩	૨	૧	૩	૨	૧	૩	૩	૦	૩	૩	૦	૬	૬	૦

તા.૨૩મી ફેબ્રુઆરી, ૨૦૨૬
તારાંકિત પ્રશ્નો

અ.નં.	તાલુકાનુ નામ	અ.નં	પ્રા.આ.કેન્દ્રનુ નામ	તબીબી અધિકારી વર્ગ–૨			આયુર્વેદિક ડૉકટર			જુનીયર ફાર્માસિસ્ટ			લેબોરેટરી ટેકનીશિયન			સ્ટાફ નર્સ			ડ્રાઇવર			વોર્ડ આયા			વોર્ડ બોય			પાર્ટટાઇમ સ્વીપર		
				મંજૂર	ભરેલી	ખાલી	મંજૂર	ભરેલી	ખાલી	મંજૂર	ભરેલી	ખાલી	મંજૂર	ભરેલી	ખાલી	મંજૂર	ભરેલી	ખાલી	મંજૂર	ભરેલી	ખાલી	મંજૂર	ભરેલી	ખાલી	મંજૂર	ભરેલી	ખાલી	મંજૂર	ભરેલી	ખાલી
૩	વાઘોડિયા	૯	અલવા	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૦	૧	૧	૧	૦	૧	૧	૦	૨	૨	૦
		૧૦	રૂસ્તમ પુરા	૧	૧	૦	૦	૦	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૦	૧	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૨	૧	૧
		૧૧	ગોરજ	૧	૦	૧	૦	૦	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૦	૧	૧	૦	૧	૧	૧	૦	૧	૧	૦	૨	૧	૧
		૧૨	આસોજ	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૦	૧	૧	૧	૦	૧	૧	૦	૨	૨	૦
		તાલુકાનું કુલ		૪	૩	૧	૨	૨	૦	૪	૪	૦	૪	૪	૦	૪	૨	૨	૪	૧	૩	૪	૪	૦	૪	૪	૦	૮	૬	૨
૪	કરજણ	૧૨	ચોરંદા	૧	૧	૦	૦	૦	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૦	૧	૧	૧	૦	૧	૧	૦	૨	૧	૧
		૧૩	વલણ	૧	૧	૦	૦	૦	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૦	૧	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૨	૨	૦
		૧૪	મેથી	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૨	૨	૦
		૧૫	હાંડોદ	૧	૧	૦	૦	૦	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૨	૧	૧
		૧૬	રારોદ	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૦	૧	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૨	૨	૦
		તાલુકાનું કુલ		૫	૫	૦	૨	૨	૦	૫	૫	૦	૫	૫	૦	૫	૩	૨	૫	૪	૧	૫	૫	૦	૫	૫	૦	૧૦	૮	૨
૫	સાવલી	૨૨	સમલાયા	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૦	૧	૧	૧	૦	૧	૧	૦	૨	૨	૦
		૨૩	ટુંડાવ	૧	૧	૦	૦	૦	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૦	૧	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૨	૨	૦
		૨૪	ભાદરવા	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૦	૧	૧	૧	૦	૧	૧	૦	૨	૨	૦
		૨૫	પોઈચા	૧	૧	૦	૦	૦	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૦	૧	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૨	૨	૦
		૨૬	વડીયા	૧	૧	૦	૦	૦	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૦	૧	૧	૦	૧	૧	૧	૦	૧	૧	૦	૨	૨	૦
		તાલુકાનું કુલ		૫	૫	૦	૨	૨	૦	૫	૫	૦	૫	૫	૦	૫	૨	૩	૫	૨	૩	૫	૫	૦	૫	૫	૦	૧૦	૧૦	૦
૬	ડેસર	૨૬	સાંઢાસાલ	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૦	૧	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૨	૨	૦
		૨૭	પાંડુ	૧	૧	૦	૦	૦	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૨	૨	૦
		૨૮	નવા સિહોર	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૦	૧	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૨	૨	૦
		૨૯	વેજપુર	૧	૧	૦	૧	૦	૧	૧	૧	૦	૧	૧	૦	૧	૦	૧	૧	૦	૧	૧	૧	૦	૧	૧	૦	૨	૨	૦
		તાલુકાનું કુલ		૪	૪	૦	૩	૨	૧	૪	૪	૦	૪	૪	૦	૪	૧	૩	૪	૩	૧	૪	૪	૦	૪	૪	૦	૮	૮	૦
૭	પાદરા	૩૧	ચાણસદ	૧	૧	૦	૦	૦	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૦	૧	૦	૦	૦	૧	૧	૦	૧	૧	૦	૨	૧	૧
		૩૨	ડબકા	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૦	૧	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૨	૧	૧
		૩૩	કણઝટ	૧	૧	૦	૦	૦	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૦	૧	૧	૦	૧	૧	૧	૦	૧	૧	૦	૨	૧	૧
		૩૪	કરખડી	૧	૧	૦	૦	૦	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૦	૧	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૨	૨	૦
		૩૫	મોભા	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૦	૧	૧	૧	૦	૧	૧	૦	૨	૨	૦
		૩૬	મુજપુર	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૦	૧	૧	૧	૦	૧	૧	૦	૨	૨	૦
		૩૭	સાધી	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૦	૧	૧	૦	૧	૧	૧	૦	૧	૧	૦	૨	૧	૧
		તાલુકાનું કુલ		૭	૭	૦	૪	૪	૦	૭	૭	૦	૭	૭	૦	૭	૨	૫	૬	૨	૪	૭	૭	૦	૭	૭	૦	૧૪	૧૦	૪
૮	ડભોઈ		થુવાવી	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૨	૨	૦

તારાંકિત પ્રશ્નો

અ.નં.	તાલુકાનુ નામ	અ.નં	પ્રા.આ.કેન્દ્રનુ નામ	તબીબી અધિકારી વર્ગ–૨			આયુર્વેદિક ડૉકટર			જુનીયર ફાર્માસિસ્ટ			લેબોરેટરી ટેકનીશિયન			સ્ટાફ નર્સ			ડ્રાઇવર			વોર્ડ આયા			વોર્ડ બોય			પાર્ટટાઇમ સ્વીપર		
				મંજૂર	ભરેલી	ખાલી	મંજૂર	ભરેલી	ખાલી	મંજૂર	ભરેલી	ખાલી	મંજૂર	ભરેલી	ખાલી	મંજૂર	ભરેલી	ખાલી	મંજૂર	ભરેલી	ખાલી	મંજૂર	ભરેલી	ખાલી	મંજૂર	ભરેલી	ખાલી	મંજૂર	ભરેલી	ખાલી
			કાયાવ રોહણ	૧	૧	૦	૦	૦	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૨	૨	૦
			સાંઠોઠ	૧	૧	૦	૦	૦	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૦	૧	૧	૦	૧	૧	૧	૦	૧	૧	૦	૨	૧	૧
			ભીલો ડીયા	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૦	૧	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૨	૨	૦
			ચાંદોદ	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૦	૧	૨	૨	૦	૧	૧	૦	૧	૧	૦	૨	૧	૧
		તાલુકાનું કુલ		૫	૫	૦	૩	૩	૦	૫	૫	૦	૫	૫	૦	૫	૨	૩	૬	૫	૧	૫	૫	૦	૫	૫	૦	૧૦	૮	૨
જિલ્લાનું કુલ				૪૨	૪૦	૨	૨૬	૨૫	૧	૪૨	૪૨	૦	૪૨	૪૨	૦	૪૨	૨૦	૨૨	૪૨	૨૩	૧૯	૪૨	૪૨	૦	૪૨	૪૨	૦	૮૪	૭૩	૧૧

સમરી			
વર્ગ	મંજુર	ભરેલી	ખાલી
વર્ગ–૨	૪૨	૪૦	૨
વર્ગ–૩	૧૯૪	૧૫૨	૪૨
વર્ગ–૪	૧૬૮	૧૫૭	૧૧
કુલ	૪૦૪	૩૪૯	૫૫

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન વડોદરા જિલ્લાનો છે પરંતુ આખા ગુજરાતમાં દવાખાનાઓમાં ડૉકટરો અને અન્ય વર્ગની જગ્યાઓ ખાલી છે. ડૉકટરો વગર દવાખાનાની હાલત અત્યારે આત્મા વગરના શરીર જેવી છે. મારા મહીસાગર જિલ્લામાં ચાર ડૉકટરોથી સિવિલ હોસ્પિટલ ચાલે છે. વડોદરા જિલ્લામાં સરકારી દવાખાનામાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર, સરકારી દવાખાના અને પી.એચ.સી.માં જિલ્લામાં કાયમી ડૉકટરો કેટલા છે અને બોન્ડથી ભરાયેલાં ડૉકટરો કેટલા છે? આ દવાખાનામાં ડૉકટરોની ખાલી જગ્યા રહેવાનાં કારણો શાં છે? આ જગ્યાઓ કેટલા સમયમાં ભરવા માગો છો? મારો ત્રીજો પ્રશ્ન છે કે, બોન્ડથી ભરાયેલા ડૉકટરોની કેટલી રકમ બોન્ડ તરીકે વસૂલવામાં આવી અને તેનો દર શું છે?

શ્રી પ્રકુલ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, મહીસાગર જિલ્લાનો પ્રશ્ન છે. હું સભ્યશ્રીને લેખિતમાં આપી દઇશ.

અધ્યક્ષશ્રી : સભ્યશ્રી વડોદરાની વાત કરે છે? તેમની માહિતી વડોદરા જિલ્લા પૂરતી છે.

શ્રી પ્રકુલ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા જિલ્લામાં વર્ગ–૧ અને વર્ગ–૨ની ખાલી જગ્યા કાયમી ધોરણે ભરવા માટે સરકાર દ્વારા તેના માગણાપત્રકો રાજય સરકારમાં મોકલી દેવામાં આવ્યા છે. છેલ્લાં બે વર્ષમાં તજજ્ઞ સેવા વર્ગ–૧ની સીધી ભરતીથી નિમણૂક આપવા માટે ગુજરાત જાહેર સેવા આયોગમાં ૧૧૬૪ જગ્યાનું માંગણાપત્રક મોકલેલ છે. જેમાં ૫૪૧ ઉમેદવારોની ભલામણ જાહેર સેવા આયોગ દ્વારા મળેલ છે. કુલ–૫૨ ઉમેદવારોને નિમણૂક આપવામાં આવેલ છે. કુલ–૪૮૯ ઉમેદવારોનું પોલીસ વેરિફિકેશન અને જાતિ પ્રમાણપત્રોની ચકાસણીની પ્રક્રિયા પ્રગતિમાં છે એટલે પૂર્ણ થયે તેઓને નિમણૂક આપી શકાય. તજજ્ઞ સેવા વર્ગ–૧, ગુજરાત જાહેર સેવા આયોગના મોકલેલા માંગણાપત્રકનું લિસ્ટ લાંબુ છે જે હું આપી રહ્યો છું. માઇક્રોબાયોલોજિસ્ટ જાહેરાત ક્રમાંકઃ ૨૬/૨૦૨૪–૨૫ માગણી પત્રકમાં આવરી લેવાયેલી સંખ્યા–૧૬, ભલામણ મળેલ ઉમેદવારની સંખ્યા–૧૪ અને તારીખ ૨૯–૦૧–૨૦૨૬ના રોજ નિમણૂકનો હુકમ થયેલ છે. જનરલ સર્જન જાહેરાત ક્રમાંકઃ ૮૩/૨૦૨૪–૨૫ માગણીપત્રકમાં આવરી લીધેલી સંખ્યા ૨૦૦, ભલામણ મળેલી ૫૫, પોલીસ વેરિફિકેશનમાં છે. ફિઝિશિયન ૮૪/૨૦૨૪–૨૫ માગણીપત્રકમાં સંખ્યા ૨૨૭ છે. ઉમેદવારની ભલામણ મળેલ ૧૦૧, પોલીસ વેરિફિકેશન અને પ્રમાણપત્રની ચકાસણીમાં છે. રેડિયોલોજિસ્ટ–૮૮/૨૦૨૪–૨૫ના માગણીપત્રકમાં સંખ્યા ૪૭ છે, જેમાં મળેલ ઉમેદવારની સંખ્યા ૨૮, પોલીસ વેરિફિકેશનમાં પ્રમાણપત્ર આપેલ છે. પેથોલોજિસ્ટમાં ૨૪/૨૦૨૪–૨૫ના માગણીપત્રકમાં સંખ્યા ૧૪ છે સામે ૧૪ ઉમેદવારની સંખ્યા છે. તારીખ ૭–૨–૨૦૨૬ના રોજ નિમણૂકનો હુકમ થઇ ચૂક્યો છે. ગાયનેકોલોજીસ્ટમાં ૨૭૩, જાહેરાત ક્રમાંક ૮૫/૨૦૨૪–૨૫ના માગણીપત્રકમાં ૧૪૦ ઉમેદવારોની ભલામણ છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, તેમણે કયા તબક્કે છે એવું નથી માગ્યું તેમણે એવું કહ્યું છે કે, ખાલી કેટલી છે ભરેલી કેટલી છે.

શ્રી પ્રકુલ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, તે લેખિતમાં આપેલું છે.

અધ્યક્ષશ્રી : તે વિગત તમારી પાસે છે તેના સિવાય તમારે કંઈ પૂછવું હોય તો પૂછો.

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, કાયમી ડૉકટરો કેટલા છે અને બોન્ડેડ ડૉકટરો કેટલા છે?

અધ્યક્ષશ્રી : કાયમી અને બોન્ડેડનો મતલબ શું? એ માહિતી તમે માહિતી અધિકારમાં માગી શકો છો. ખાલી હોય અને તકલીફ હોય તો એ માટે આગ્રહ રાખો તો વધારે સારું રહેશે.

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, બોન્ડની રકમ વસૂલવામાં આવે છે કે કેમ?

શ્રી પ્રકુલ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, નિયમ પ્રમાણે એમના બોન્ડની રકમની વસૂલાતની કાર્યવાહી શરૂ કરેલી છે. તમામ પ્રકારની વિગતો લેખિતમાં આપેલ છે.

શ્રી કેયુર ના. રોકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વડોદરા જિલ્લામાં વર્ગ–૧ અને વર્ગ–૨ની જે ખાલી જગ્યાઓ પડેલી છે એમાં સરકાર દ્વારા કાયમી ધોરણે ભરવા માટે શું પગલાં લેવામાં આવ્યાં છે?

શ્રી પ્રકુલ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, તબીબી વર્ગ–૨ની જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે કુલ ૧૯૨૧ જગ્યાઓનું માગણાપત્રક ગુજરાત જાહેર સેવા આયોગને મોકલી આપેલ છે. જે અન્વયે આયોગ દ્વારા જાહેરાત ક્રમાંક–૮૨/૨૦૨૪–૨૫ પ્રસિદ્ધ થયેલ છે. જેની લેખિત હેતુલક્ષી પરીક્ષામાં કુલ ૩૫૯૭ ઉમેદવારો પાસ થયેલ છે અને રુબરુ મુલાકાતની કાર્યવાહી આયોગ દ્વારા પૂર્ણ કરવામાં આવેલ છે અને આગળ મેં જવાબ આપવા માટે વાંચન કરેલ હતું એમાં કુલ ૫૪૧ ઉમેદવારોની ભલામણ મળેલ છે. કુલ ૫૨ ઉમેદવારોને નિમણૂક આપવામાં આવેલ છે. કુલ ૪૮૯ ઉમેદવારોની કાર્યવાહી પોલીસ વેરિફિકેશન અને પ્રમાણપત્રની ચકાસણીમાં છે. તજજ્ઞોની માહિતી છે એ મેં હમણાં વાંચી એ જ છે.

આરોગ્ય વિભાગ દ્વારા નવા ડોક્ટરોની ભરતી

***15/8/ 578 ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી** (ખેડબ્રહ્મા): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આરોગ્ય વિભાગ દ્વારા કેટલા નવા ડોક્ટરોની ભરતી કરવામાં આવી,	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ વર્ષ –૨૦૨૪ માં ૨૬૯૫ ડોકટરો અને ૨૦૨૫ માં ૪૩૯૪ ડોકટરોની ભરતી કરવામાં આવી.
(૨)	ઉક્ત સ્થિતિએ ઉક્ત ડોક્ટરોમાં વીઝીટીંગ ડોક્ટર, પીડીયાટ્રીશીયન અને જનરલ ફીઝીશીયનને પ્રતિ દિન કેટલુ મહેનતાણું ચૂકવામાં આવે છે, અને	(૨)	ઉક્ત સ્થિતિએ સી.એમ.સેતુ યોજના અંતર્ગત વીઝીટીંગ ડોક્ટરોમાં પીડીયાટ્રીશીયન અને જનરલ ફીઝીશીયનને પ્રતિ દિન ૩ ૪૨૦૦/– (દિવસના ત્રણ કલાક ફરજીયાત) મહેનતાણુ ચુકવવામાં આવે છે. તેમજ કામદાર રાજ્ય વિમા યોજના પ્રભાગમાં વીઝીટીંગ ડોક્ટરોમાં પીડીયાટ્રીશીયન અને જનરલ ફીઝીશીયનને પ્રતિ દિન ૩ ૨૧૦૦ થી ૨૭૦૦(દિવસના ત્રણ કલાક ફરજીયાત)મહેનતાણુ ચુકવવામાં આવે છે.
(૩)	તે અંતર્ગત ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવે છે ?	(૩)	ઉક્ત સ્થિતિએ વર્ષ –૨૦૨૪ માં ૩.૪૯,૨૪,૦૮,૧૬૭/- અને વર્ષ –૨૦૨૫ માં ૩। ૧,૦૪,૮૫,૫૨,૫૩૦/–નો ખર્ચ કરવામાં આવેલ છે.

વર્ષ	તબીબી સેવાઓ	કામદાર રાજ્ય વિમા યોજના	કુલ
૨૦૨૪	૪૯,૨૧,૦૦,૦૦૦/–	૩,૦૮,૧૬૭/–	૪૯,૨૪,૦૮,૧૬૭/-
૨૦૨૫	૧,૦૪,૫૭,૮૮,૦૦૦/–	૨૭,૬૪,૫૩૦/–	૧,૦૪,૮૫,૫૨,૫૩૦/-

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, ડૉકટરોની ભરતી પૂરી કરવા માટે એમ.ડી., એમ.એસ. પાસ થયા પછી બોન્ડેડ ડૉકટરોને એક વર્ષની સેવાનું ઓપ્શન આપવામાં આવે છે. એમાં જોવા મળ્યું છે કે દક્ષિણ ગુજરાતના ડૉકટરોને પસંદગી કરવામાં આવે પછી તેની નિયુક્તિ સૌરાષ્ટ્ર કે ઉત્તર ગુજરાતમાં કરવામાં આવે છે. એના કારણે ડૉકટરો ત્યાં હાજર થતા નથી. તો પસંદગીનું ઓપ્શન આપીને જે જિલ્લામાં કામ કરવું હોય ત્યાં જ નિમણૂક આપવા માગો છો કે કેમ? તબીબી શિક્ષણની ૬ સરકારી મેડિકલ કોલેજો માટે કોન્ટ્રાક્ટ બેઝ ઉપર ભરતી માટેની જાહેરાત બહાર પાડવામાં આવે છે એ જાહેરાત એક દિવસ અગાઉ લોન્ચ કરવામાં આવે છે. જેના કારણે ડૉકટરો સુધી માહિતી પહોંચતી નથી અને તેઓ એપ્લાય કરી શકતા

નથી. એમાં સુધારો કરીને આગોતરી જાણ થાય તો એ લોકો એપ્લીકેશન કરી શકે. આ બે કેસોમાં આપ કંઈ કરવા માગો છો કે કેમ?

શ્રી પ્રફુલ પાનશેરીયા :માનનીય અધ્યક્ષશ્રી, પહેલા પ્રશ્નનો જવાબ આપું તો બોન્ડેડ ડૉકટર છે એને ઓલરેડી કોમ્પ્યુટર દ્વારા પસંદગી આપવામાં આવે છે અને બીજું એમનું સૂચન છે જે અંગે અમે વિચારણા કરીશું.

છોટા ઉદેપુર જિલ્લામાં એમ.જી.વી.સી.એલ.ની નવીન પેટાવિભાગ કચેરીઓ બનાવવા બાબત

*** 15/8/158 : શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર)**: માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

પ્રશ્ન		જવાબ	
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જીલ્લામાં એમ.જી.વી.સી.એલ.ની નવીન પેટાવિભાગ કચેરીઓ બનાવવા માટેની માંગણી રાજ્ય સરકારને મળી છે કે કેમ,	(૧)	હા, જી.
(૨)	જો હા, તો ઉકત માંગણી ક્યારે મળી, અને	(૨)	[૦૧] તા.૨૯.૦૮.૨૦૨૪, [૦૨] તા.૦૬.૦૭.૨૦૨૪, [૦૩] તા.૧૪.૧૧.૨૦૨૫ અને [૦૪] તા.૧૭.૦૯.૨૦૨૫ ના રોજ મળેલ છે.
(૩)	ઉકત સ્થિતિએ ઉકત માંગણી અન્વયે છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી હાથ ધરેલ છે ?	(૩)	હાલમાં મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ ખાતે વિચારણા હેઠળ છે.

શ્રી રાજેન્દ્રસિંહ મો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સરકાર હસ્તકની વીજ વિતરણ કંપનીઓમાં ડિવિઝન વિભાજન અને પુનઃગઠનના શું ધારા–ધોરણો છે અને માનનીય ધારાસભ્યશ્રી અને માનનીય સંસદસભ્યશ્રીની રજૂઆતો સંદર્ભે નવીન સબ ડિવિઝનો બનાવવા માટેનું શું આયોજન છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર દ્વારા વીજ વિતરણ કંપનીઓના સબડિવિઝનનું વિભાજન કરવા માટે ચોક્કસ માપદંડો નક્કી કર્યાં છે. નિયત કરેલા માપદંડો પૂરા થાય એટલે સબડિવિઝનનું વિભાજન અથવા તો પુન:ગઠન એકમાંથી બે કરવાના હોય તો પણ કરીએ છીએ અને બે ભેગા કરીને ત્રીજું માપદંડોને આધારિત એનું વિભાજન કરતા હોઈએ છીએ. ગ્રામ્યવિસ્તારમાં ગ્રામીણ ગ્રાહકોની સંખ્યા સબડિવિઝનના કુલ ગ્રાહકોની સંખ્યાથી ૬૦ ટકાથી વધુ હોય, શહેરી વિસ્તારમાં કુલ ગ્રાહકોની સંખ્યાથી ૬૦ ટકાથી વધુ હોય અને ઇન્ડસ્ટ્રીયલમાં સબડિવિઝનના કુલ વપરાશના ૭૦ ટકાથી વધુ હોય તો આપણે એનું વિભાજન કરતા હોઈએ છીએ અને વિભાજન પુન:ગઠન દ્વારા નવા સબ ડિવિઝનની રચના માટે જરૂરી કાર્યભાર એટલે કે જરૂરી નોર્મ્સ ચોરસ કિલોમિટરનો છે, જેમાં ગ્રામ્યમાં ૫૦૦ ચોરસ કિલોમિટરનો છે, શહેરીમાં ૫૦ ચોરસ કિલોમિટરનો છે, ઔધોગિકમાં ૨૫ ચોરસ કિલોમિટરનો છે. ગ્રાહકોની સંખ્યા ગ્રામ્યમાં ૨૨,૦૦૦, શહેરીમાં ૩૦,૦૦૦ અને ઔધોગિકમાં ૧૦,૦૦૦ છે. મહેસૂલી આવક પણ આનો એક ક્રાઈટેરિયા છે એમાં રૂ.૧૦ કરોડ ગ્રામ્યમાં, શહેરીમાં રૂ.૧૫ કરોડ અને ઔધોગિકમાં રૂ.૨૦ કરોડ. ડિસ્ટ્રિબ્યુશન ટ્રાન્સફોર્મર ૬૫૦ અને ૩૦૦ અને એસ.ટી. લાઇન ગ્રામ્યમાં ૬૫૦ અને શહેરમાં ૨૦૦. એલ.ટી. લાઇન ગ્રામ્યમાં ૮૦૦ અને શહેરી વિસ્તારમાં ૩૦૦ સર્કિટ કિલોમિટર. માનનીય અધ્યક્ષશ્રી, વિભાજનમાં મેં પહેલા કહ્યું એમાં નિર્ધારીત ત્રણમાંથી કોઇપણ બે ક્રાઇટેરિયા અને જો ૪થી ૬ થયા એમાંથી બે ક્રાઇટેરિયા નક્કી થતા હોય છે. એટલે ટોટલ ૪, પહેલા ૧થી ૩માં ૨, ૪થી ૬માં બીજા ૨ તો આપણે એનું પુન:ગઠન કરીએ છીએ. ઉપરના માપદંડો ખરા ઉતરતા હોય જૂના સબડિવિઝન અને નવા સબડિવિઝન દ્વારા એ પૂરા થતા હોય તો આપણે કરીએ છીએ. છોટાઉદેપુર જિલ્લાની નવીન સબડિવિઝન કચેરીઓ બનાવવા ધારાસભ્યશ્રી અને સંસદસભ્યશ્રી દ્વારા રજૂઆત કરેલ હતી. માનનીય રાજેન્દ્રસિંહભાઇએ છોટાઉદેપુર શહેર અને છોટાઉદેપુર ગ્રામ્યમાં અલગ અલગ કચેરી કાર્યરત કરવા માટેની રજૂઆત કરી હતી અને આ શક્ય છે. આગામી જ્યારે બોર્ડ મિટિંગ આવે એટલે તમારી આ વાત છોટાઉદેપુર અને તેજગઢમાંથી નવીન છોટાઉદેપુર બનાવી શકાશે. એટલે તમારી માગણી શક્ય છે. એના પછી માનનીય સંસદસભ્યશ્રી જશુભાઇ રાઠવા અને માનનીય ધારાસભ્યશ્રી રાજેન્દ્રસિંહભાઇ એમને કવાંટ સબડિવિઝનનું વિભાજન કરીને નવા બે બનાવવાની વાત કરી હતી એટલે કવાંટમાંથી કવાંટ–૧ અને કવાંટ–૨ એ બની જશે અને માનનીય અભેસિંહભાઇ તડવીની પણ નસવાડી સબડિવિઝન કચેરીનું વિભાજન કરવા માટેની માગણી હતી. એ જે ક્રાઇટેરીઆ વસતિનું ધોરણ ૨૨,૦૦૦ કનેકશનવાળો વિષય છે એમાં ૧૫૦ ટકાથી વધારે હોય તો કરી શકીએ. પરંતુ ૨૨,૦૦૦ જ્યારે હોય ત્યારે બીજું સબડિવિઝન આપણે બનાવીએ એ વખતે પણ સબડિવિઝનનો કાર્યભાર ૨૨,૦૦૦નો હોવો જોઇએ. પરંતુ અહીં ૩૯,૦૦૦ છે એટલે એ શક્ય નથી. પરંતુ મેં ૬ પેરામિટર્સ કહ્યાં એમાં ૬માંથી ૫ માં એ સંતોષાય છે એટલે આ બાબતની વિચારણા કરી શકાય અને યોગ્ય લાગશે તો વિચારણા કરીને એ પણ આપી શકાશે.

તારાંકિત પ્રશ્નો

શ્રી અભેસિંહ મો. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીનો આભાર માનું છું કે મારા સંખેડા વિધાનસભામાં માંકડી અને કોસંબીયા ગઇ સાલના બજેટમાં બંને ટી.સી. મંજૂર કર્યાં છે એનાથી ખેડૂતોને ખૂબ મોટો ફાયદો થયો છે અને બીજા પ્રશ્નમાં મને જવાબ મળી ગયો છે.

ગીર સોમનાથ જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના

*** 15/8/445 : શ્રી કાળુભાઈ ચનાભાઈ રાઠોડ** (ઉના) **: માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

પ્રશ્ન	જવાબ
તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોનો કિસાન સૂર્યોદય યોજના હેઠળ સમાવેશ કરવામાં આવેલ છે ?	

ક્રમ	તાલુકો	ગામોની સંખ્યા
૧	ગીર ગઢડા	૬૫
૨	કોડીનાર	૬૦
૩	પાટણ–વેરાવળ	૫૪
૪	સુત્રાપાડા	૪૬
૫	તાલાલા	૪૭
૬	ઉના	૭૭

શ્રી કાળુભાઇ ચ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, મારા ગીર–સોમનાથ જિલ્લામાં કુલ કેટલા ગામોમાં કિસાન સૂર્યોદય યોજનાનો સમાવેશ થયો? આ યોજના હેઠળ મારા જિલ્લામાં કેટલો ખર્ચ થયો અને કેટલા ખેડૂતોને લાભ મળ્યો છે?

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, ઝવેરચંદ મેઘાણીએ ગીર સોમનાથ જિલ્લાના તુલસીશ્યામ પાસે આવેલ ખજૂરીનેસમાં પોતે સ્વ–અનુભવ કરેલી એક નાનકડી અમથી ચારણ કન્યાનો સિંહ સાથેનો પ્રતિકાર કઇ રીતના હોય એ એમણે પોતે જોયેલું અને એના ઉપરથી પોતે લખેલું કે,

સાવજ ગરજે,
વનરાવનનો રાજા ગરજે
ગીર કાંઠાનો કેસરી ગરજે
બાવળનાં જાળામાં ગરજે
ડુંગરના ગાળામાં ગરજે
કણબીના ખેતરમાં ગરજે
ગામ તણા પાદરમાં ગરજે
થર થર કાંપે
વાડામાં વાછરડાં કાંપે
કૂબામાં બાળકડાં કાંપે
મઘરાતે પંખીડા કાંપે
સૂતાને જાગતા કાંપે
જડને ચેતન સૌએ કાંપે

એ પ્રકારની જયારે કવિતા લખી હશે કે ચારણ કન્યા ૧૬ વર્ષની દીકરી છે. આપણા સભ્યશ્રી દ્વારા એમના વિસ્તારમાં આવી રીતે સિંહ જોવા મળે અને ગર્જના કરે એની સંવેદના આપણા યશસ્વી વડાપ્રધાનશ્રી મોદી સાહેબે અનુભવી છે. આપણા રાજયના આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી સાહેબ દ્વારા સમગ્ર ગીર–સોમનાથ જિલ્લામાં તેમના હસ્તે આ યોજનાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. જે રીતે ગીર–સોમનાથ મતવિસ્તારની વાત કરું તો અમરેલી જેવા વિસ્તારમાં રાત્રે રાની પશુઓ જોવા મળે છે. ઘનઘોર જંગલની અંદર અંધારી રાત્રીએ કડકડતી ઠંડીમાં અનાજ પકાવતા ખેડૂતોની જે રીતની વ્યથા હતી એ વ્યથાને આપણી સરકાર દ્વારા દિવસે વીજળી કઇ રીતે આપી શકાય એનું પ્રથમ ઉદાહરણ ગીર–સોમનાથમાં આપ્યું. એવી જ રીતે ગીર–સોમનાથ જિલ્લામાં ખેતીવાડી વીજ જોડાણની જો વાત કરીએ તો દરેક ગામના ખેતીવાડી વીજ કનેકશન ધરાવતા ગામોનો આ યોજનામાં સમાવેશ કરેલ છે. ગીર–સોમનાથ જિલ્લામાં ૫૫.૭૮ કરોડના ખર્ચે ૩૫૯ ગામોમાં ૮૨,૧૦૨ ખેડૂતને આ યોજનામાં વીજળી પૂરી પાડવાનો લાભ આપવામાં આવેલ છે.

અધ્યક્ષશ્રી : તમે કવિતાને કઇ રીતે જોડી એ મને કંઇ સમજણ ના પડી. આમાંથી જો કોઇએ કહ્યું હોત કે,

ઊભો રહેજે, ગીરના કુત્તા ઊભો રહેજે,
ગા–ગોઝારા ઊભો રહેજે,
પછી ત્યાંથી આગળ ચલાવ્યું હોત તો એમ પણ કહી શકત કે,
ભાગ્યો , નર થઇને તું નારીથી ભાગ્યો,

નાનકડી છોડીથી ભાગ્યો, સિંહણ તારો ભડવીર ભાગ્યો.

આમ કહીને તમે આગળ કહી શકો.

જામનગરની JCCC હોસ્પિટલમા સરકારી નાણાનો દુરુપયોગ

***15/8/581 શ્રી અમિત ચાવડા** (આંકલાવ) : **માનનીય આરોગ્યમંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે,

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર ખાતે આવેલ જામનગર ક્રિટિકલ કેર સેન્ટર (JCCC) હોસ્પિટલમાં પી.એમ.જે.એ.વાય યોજના અંતર્ગત દર્દીઓને જરૂરિયાત ન હોવા છતાં સારવાર કરી સરકારી નાણાંનો દુરુપયોગ કરવામાં આવેલ છે, તે હકીકત સાચી છે,	(૧)	હા, જી.
(૨)	જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલી રકમની ગેરરીતિઓ પકડવામાં આવી,	(૨)	કુલ રકમ રૂ.૮,૬૯,૪૭૦/-(આઠ લાખ ઓગણ સિત્તેર હજાર ચારસો પુરા)રકમની ગેરરીતિ પકડવામાં આવી.
(૩)	ઉક્ત ગેરરીતિઓની રકમ પરત મેળવવા માટે સરકાર દ્વારા શા પગલાં લેવામાં આવ્યા, અને	(૩)	હોસ્પિટલ દ્વારા રૂ.૮,૬૯,૪૭૦/-(આઠ લાખ ઓગણ સિત્તેર હજાર ચારસો પુરા)રકમની ગેરરીતિ પકડાયેલ હોવાથી, હોસ્પિટલને રૂ.૮,૬૯,૪૭૦/-(આઠ લાખ ઓગણ સિત્તેર હજાર ચારસો પુરા)રકમની પેનલ્ટી કરવામાં આવેલ છે. ડો.પાર્શ્વ વ્હોરા(G-28538)ને યોજનામાંથી સસ્પેન્ડ કરવામાં આવે છે. હોસ્પિટલને કાર્ડીઓલોજી (MC) અને કાર્ડિઓવાસક્યુલર થોરાસિક સર્જરી (SV) અંતર્ગત યોજના માંથી સસ્પેન્ડ કરવામાં આવેલ છે.
(૪)	ઉક્ત ઇન્સ્ટીટ્યુટને કાયમી ધોરણે બંધ કરવા શી કાર્યવાહી કરવામાં આવી?	(૪)	સદર હોસ્પિટલને યોજનાની હોસ્પિટલ એમ્પેલમેન્ટ માર્ગદર્શિકાના ભંગ બદલ, ડો.પાર્શ્વ વ્હોરા(G-28538)ને યોજનામાંથી સસ્પેન્ડ કરવામાં આવે છે. હોસ્પિટલને કાર્ડીઓલોજી (MC) અને કાર્ડિઓવાસક્યુલર થોરાસિક સર્જરી (SV) અંતર્ગત યોજના માંથી સસ્પેન્ડ કરવામાં આવેલ છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, પી.એમ.જે.એ.વાય યોજના સામાન્ય લોકો માટે આશીર્વાદરૂપ યોજના છે પણ ખ્યાતિ કાંડ પછી જે રીતે એક પછી એક કૌભાંડો બહાર આવી રહ્યા છે, મેડિકલ માફિયાઓ બેફામ હોય એવી સ્થિતિ આ પ્રશ્નમાંથી દેખાય છે. આ જામનગરની જે.સી.સી.સી. હોસ્પિટલમાં જે રીતે તપાસમાં બહાર આવ્યું કે સો કરતા વધારે દર્દીઓને કોઈપણ જાતની જરૂરિયાત વગર સારવાર કરવામાં આવી અને લાખો રૂપિયાના બિલ ચૂકવવામાં આવ્યા. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જ જાણવું છે કે જામનગરની આ જે.સી.સી.સી. હોસ્પિટલ છે એના સંચાલકો પાસેથી આપણે ખાલી પેનલ્ટી વસૂલી છે એટલે કે જેટલું પેમેન્ટ થયું હતું એટલા પૈસા વસૂલી લીધા. એમની સામે કોઈ ફોજદારી કાર્યવાહી કરવા માગો છો કે કેમ? જામનગરમાં બીજી કોઈ હોસ્પિટલોમાંથી પણ આવા કૌભાંડ પકડાયા છે તો એની સામે શું તપાસ કરવામાં આવી? શું કાર્યવાહી કરવામાં આવી અને ખાસ કરીને આ કૌભાંડ પકડાયા પછી જામનગર અને દ્વારકા વિસ્તારમાં પી.એમ.જે.એ.વાય. યોજનાનો લાભ આજે લોકોને મળતો નથી એના કારણે ત્યાંથી છેક રાજકોટ સુધી દર્દીઓને આવવું પડે છે અને હેરાનગતિ થાય છે તો તાત્કાલિક આ બંન્ને જિલ્લામાં પી.એમ.જે.એ.વાય. યોજનાના લાભ માટે આપ શું આયોજન અને કાર્યવાહી કરવા માગો છો?

શ્રી પ્રકુલભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષ મહોદય, પી.એમ.જે.એ.વાય. યોજના એ ગરીબ અને અંત્યોદય સુધી ગરીબમાં ગરીબ માણસ, પરિવારનો મોભી ગંભીર બીમારીમાં સપડાયા હોય અને એમને બચાવવાનું સરકાર અને સામૂહિક રીતે

ભારતની અંદર અભિયાન છે એ વિશ્વની ગરીબો માટેની મેડિકલ ક્ષેત્રે સૌથી મોટામાં મોટી આ યોજનાઓ છે.જામનગરમાં જે હૉસ્પિટલની સંડોવણી બહાર આવી. એમાં અમારા વિભાગના અધિકારીઓએ એમના પર એક્શન લઈ સરકારના જે વધારાના પૈસા લઈ ગયા અથવા તો ઓપરેશન કરીને લીધા એ પાછા વસૂલી લેવામાં આવ્યા છે. એ ડૉક્ટરને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. તે આ યોજનામાં ક્યાંય પણ ઓપરેશન ન કરી શકે અને કાઉન્સિલમાં પણ પત્ર લખવામાં આવ્યો છે કે ''કાઉન્સિલમાંથી આ ડૉક્ટરને સસ્પેન્ડ કરવામાં આવે.'' ગુજરાતમાં હાલ ૪૯ હૉસ્પિટલોને સસ્પેન્ડ કરી દેવામાં આવી છે અને હાલ ૨૯ હૉસ્પિટલો સસ્પેન્ડ છે. ગુજરાતમાં દાખલારૂપી કાર્યવાહી કરવામાં આવી છે અને હજી પણ કોઇ પણ વ્યક્તિ કે ડૉક્ટરો આવી હૉસ્પિટલો ચલાવતાં હશે અને ક્યાંય પણ ગેરરીતિ કરશે તો એને આ જ રીતે પેનલ્ટી કરી ડૉક્ટરને સસ્પેન્ડ કરી દેવામાં આવશે અને હૉસ્પિટલ બંધ કરી દેવામાં આવશે.

શ્રી ચિરાગકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના યશસ્વી મુખ્યમંત્રીશ્રી આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને લાખો યુવાનોના પ્રેરણાસ્ત્રોત અને ઊર્જાવાન શ્રી હર્ષભાઇ સંઘવી સાહેબના નેતૃત્ત્વમાં જ્યારે ગુજરાતના છેવાડાના માનવી સુધી આરોગ્યલક્ષી સેવાઓ પૂરી પડતી હોય ત્યારે માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે પી.એમ.જે.એ.વાય. યોજના અંતર્ગત છેલ્લા બે નાણાકીય વર્ષમાં કુલ કેટલા આયુષ્યમાન કાર્ડ બન્યા અને તેની સામે કેટલા દાવા અને દાવાની રકમ મંજૂર કરવામાં આવી?

શ્રી પ્રકુલ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, પી.એમ.જે.એ.વાય. યોજના અંતર્ગત આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજના (એ.બી.પી.એમ.જે.એ.વાય.) અંતર્ગત હાલની સ્થિતિએ ૨.૭૩ કરોડ આયુષ્યમાન કાર્ડ એક્ટિવ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૪–૨૫ દરમિયાન નવા ૨૫.૨૪ લાખ કાર્ડ મંજૂર કરવામાં આવેલ છે. જે અંતર્ગત ૧૩.૪૦ લાખ દાવા માટે રૂ.૩૬૬.૫૩ કરોડની રકમ મંજૂર કરવામાં આવી હતી. વર્ષ ૨૦૨૬ દરમિયાન ૩૧.૭૮ કાર્ડ મંજૂર કરવામાં આવેલ અને ૧૪.૧૫ લાખ દાવાઓ માટે રૂ.૩૫૬૮.૯૬ કરોડ મંજૂર કરવામાં આવેલ છે.

શ્રી યોગેશ આર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આણંદ જિલ્લામાં ખૂબ અદ્યતન ૫૧૭ બેડની નવી હૉસ્પિટલ પૂર્ણ થવા આવી રહી છે એના માટે મુખ્યમંત્રીશ્રીનો ખૂબ–ખૂબ આભાર માનું છું. સાથે–સાથે હું માનનીય આરોગ્યમંત્રી પાસે જાણવા માગું છું કે સરકારશ્રી દ્વારા પી.એમ.જે.એ.વાય. યોજના અંતર્ગત ગેરરીતિ રોકવા હેતુસર જે એસ.ઓ.પી. બનાવવામાં આવી છે તેની વિગતો આપે?

શ્રી પ્રકુલ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ યોજના સરકાર ગરીબો માટે બનાવતી હોય છે અને વચેટિયાઓ કે અન્ય લોકો તેમાં ગેરરીતિ ન કરે એટલે સરકારની એક ચોક્કસ ગાઇડલાઇન બનાવવામાં આવેલી છે. દર્દીના હિતમાં શ્રેષ્ઠ નિર્ણય લઇ શકાય તે માટે કાર્ડિયોલોજીસ્ટની સેવા માટે સર્જન સાથે ફુલટાઇમ કામ કરતાં હોય તેવા સેન્ટરોને જ કાર્ડિયોલોજીના કન્સલટન્ટ માટે માન્યતા પ્રાપ્ત ગણવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેથી લાભાર્થીના હિતમાં સંયુક્ત રીતે શ્રેષ્ઠ નિર્ણય લઇ શકાય. આ ઉપરાંત હૉસ્પિટલ ખાતે ફુલટાઇમ કાર્ડિયાક એનેસ્થેટીસ્ટ અને ફિજિયોથેરાપિસ્ટ રાખવાનું આવશ્યક રહેશે. ખાસ કિસ્સામાં ઇમરજન્સી સારવાર અતિઆવશ્યક હોય તેવા સંજોગોમાં ફક્ત કાર્ડિયોલોજીની સેવા આપતાં સેન્ટરમાં એન્જિયોપ્લાસ્ટી કરી શકશે. હૉસ્પિટલે એન્જિયોગ્રાફી અને એન્જિયોપ્લાસ્ટ સ્ટેન્ટ મૂકવાની પ્રક્રિયામાં સી.ડી./વીડિયોગ્રાફી તે જ સમયે અપલોડ કરવાની રહેશે. ઇમરજન્સી કેસમાં સદર સી.ડી./વીડિયોગ્રાફી સારવાર ઓપરેશન કે પ્રક્રિયા કર્યા બાદ અપલોડ કરી શકાશે. હૃદયમાં સ્ટેન્ટ મૂકવા માટે પી.ટી.સી.એ. પ્રક્રિયામાં ત્રણ સ્ટેન્ટ સુધી મર્યાદિત રહેશે. જો કોઇ ખાનગી હૉસ્પિટલમાં ત્રણથી વધુ સ્ટેન્ટ દાખલ કરવાની જરૂરિયાત હોય તો સરકારી અથવા તો કૉર્પોરેશનની કાર્ડિયાલોજીસ્ટ હૉસ્પિટલ પાસેથી સલાહ લેવાની રહેશે. કેન્સરની સારવાર માટે નિષ્ણાંત તબીબોની સૂચના બાદ ઓન્કોલોજી અને કેન્સરની વિવિધ પ્રોસીજર/સારવાર માટેની પણ નવી માર્ગદર્શિકા બનાવવામાં આવેલી છે. કેન્સરના દર્દીને જરૂરિયાત મુજબ યોગ્ય સારવાર માટે પ્લાન નક્કી કરવામાં આવે છે. મેડિકલ ઓન્કોલોજિસ્ટ, સર્જિકલ ઓન્કોલોજિસ્ટ અને રેડિયેશન ઓન્કોલોજિસ્ટ સંયુક્ત મળીને ટ્યુમર બૉર્ડ સર્ટિફિકેટમાં દર્દીના ટ્રીટમેન્ટ પ્લાન નકકી કરશે અને અપલોડ કરવાનું ફરજિયાત રહેશે. દર્દીને કેન્સરની યોગ્ય સારવાર મળી રહે તે માટે ઇમેજ ગાઇડેડ રેડિએશન થેરાપી (આઇ.જી.પી.આર.ટી.) અને સી.બી.સી.ટી....

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, એસ.ઓ.પી. બહુ લાંબી હોય તો રેકર્ડ પર મૂકવામાં આવે.

શ્રી પ્રકુલ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું રેકર્ડ પર મૂકી દઇશ.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન બહુ સ્પેસિફિક હતો. ખાસ કરીને કોઇપણ યોજના પ્રજા માટે હોય છે. તે યોજનાનું બજેટ પ્રજાના પરસેવાના ટેક્સની રકમમાંથી થાય છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, એ બધાને ખબર હોય સીધો પ્રશ્ન પૂછો.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આ એટલા માટે કે અહીંયા વાહવાહી થાય છે પણ તેમાં જે કૌભાંડ થાય છે.....

અધ્યક્ષશ્રી : માનનીય અમિતભાઇ, પોલિટિકલ વાત કરવા કરતાં સીધો પ્રશ્ન પૂછો તો બહુ સરળતાથી જવાબ મળી શકે.

તારાંકિત પ્રશ્નો

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન બહુ સ્પેસિફિક છે કે પ્રજા માટેની અને પ્રજાના પૈસાની યોજનામાં જો કોઇ કૌભાંડ થાય તો ફક્ત પેનલ્ટી વસૂલવાના બદલે તેની સામે ફોજદારી કાર્યવાહી કરવા માગો છો કે કેમ? મારો બીજો પ્રશ્ન એ હતો કે, આ જે.સી.સી.સી. હૉસ્પિટલની જેમ જ રાજકોટમાં બીજી હૉસ્પિટલમાં કૌભાંડ પકડાયું છે તેમાં શું કાર્યવાહી કરી અને મારો ત્રીજો પ્રશ્ન હતો કે, આ યોજનાનો લાભ મળતો નથી તો તાત્કાલિક લાભ આપવા માટેનું આયોજન છે કે કેમ? મારા આ ત્રણ જ પ્રશ્ન હતા. એસ.ઓ.પી. અને બીજી બધી વાતો.....

અધ્યક્ષશ્રી : માનનીય અમિતભાઇ, બીજા માનનીય સભ્યશ્રીઓ પ્રશ્ન પૂછી શકે. આ વિધાનસભામાં બધા સભ્યશ્રીઓનો એકસરખો અધિકાર છે. આપણે માનનીય મંત્રીશ્રીને એવું ન કહી શકીએ કે, આ પ્રમાણે જવાબ આપો. માનનીય સભ્યશ્રીએ પૂછ્યું એટલે એસ.ઓ.પી. આપશે છતાં પણ મેં કહ્યું કે લાંબી એસ.ઓ.પી. હોય તો રેકર્ડ ઉપર મૂકવામાં આવે. આપ આવા પ્રશ્ન નહીં પૂછો અથવા આવા જવાબ આપો તેવું આપ માનનીય મંત્રીશ્રીને નહીં કહી શકો.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન સ્પેસિફિક હૉસ્પિટલનો છે અને મેં સ્પેસિફિક પ્રશ્ન પૂછ્યો એટલે મારો પણ અધિકાર છે કે મારા પ્રશ્નનો જવાબ મને મળવો જોઇએ.

અધ્યક્ષશ્રી : આપની વાત સાચી છે. આપને પ્રશ્ન પૂછવા માટે મેં ફરી એલાઉ કર્યા છે. આપ બીજીવાર પ્રશ્ન પૂછો. આપ આપની વાત કરી શકો.

શ્રી પ્રકુલ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં પહેલાં જ કહ્યું હતું કે, ગુજરાતમાં ૪૯ હૉસ્પિટલ પર સસ્પેન્ડ કરીને કાર્યવાહી કરવામાં આવી છે. જે એસ.ઓ.પી. બનાવી છે તે નિયમોના આધારે છે અને છતાં હજુ આપનું જે સૂચન છે કે રાજકોટના ..

અધ્યક્ષશ્રી : માનનીય અમિતભાઇ, એમણે એક વાત કરી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મારે આખા ગુજરાતનું જાણવું નથી પણ આ હૉસ્પિટલના સંચાલકો સામે ફોજદારી કાર્યવાહી કરવા માગીએ છીએ કે કેમ? જામનગરમાં આ પ્રકારનું બીજું કૌભાંડ થયું છે એની માહિતી આપની પાસે ન હોય તો હું આપું પણ એની સામે શું કાર્યવાહી કરી?

શ્રી પ્રકુલભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સદસ્યશ્રીનું સૂચન આવકાર્ય છે. તેઓશ્રી મને માહિતી આપશે તો ચોક્કસપણે એના પર એક્શન લઇશું. એમણે જે પ્રશ્ન કર્યો કે જામનગરમાં ત્યાં પેશન્ટનો શું પ્રશ્ન છે તો એ અત્યારે રાજકોટ અથવા અમદાવાદમાં સારવાર લે છે અને જે હૉસ્પિટલો છે એ પૂર્તતા કરશે તો એને પણ માન્યતા આપવામાં આવશે.

અધ્યક્ષશ્રી : આપણે હાલ એક પ્રશ્ન પૂછ્યો છે. એનો જવાબ હશે તો માનનીય મંત્રીશ્રી આપશે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, એક જ સમયે તપાસ થઇ, એક જ શહેરની હૉસ્પિટલમાં કૌભાંડ પકડાયું તો માનનીય મંત્રીશ્રી.....

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે વિગતો હોય તો મને આપજો. કમિટમેન્ટની વાત કરી કે વિગતો હોય તો મને આપજો હું તપાસ કરાવીશ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, હૉસ્પિટલમાં થયેલ કૌભાંડ, હૉસ્પિટલને કરેલ દંડ સુધી તો બરાબર છે પણ ત્યાં હાર્ટ ઇન્સ્ટિટ્યૂટમાં જરૂરી ન હોવા છતાં પણ એવા કેટલા કિસ્સાઓમાં કેટલા દર્દીઓની તપાસ કરવામાં આવી અને ઓપરેશનો કરવામાં આવ્યાં?

શ્રી પ્રકુલભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય વિભાગના અધિકારીની ટીમ દ્વારા તમામ તપાસ થઇ છે અને એમાંથી જ આ વિગતો બહાર આવી છે. હવે એસ.ઓ.પી. પ્રમાણે ઓપરેશન કર્યું કે સ્ટેન્ટ મૂક્યું એની સી.ડી.ની પણ ચકાસણી થાય છે. માત્ર જામનગરની હૉસ્પિટલ નહીં, ગુજરાતની તમામ ખાનગી ૯૦૦ ઉપરની હૉસ્પિટલો નક્કી કરી છે એ બધાની તપાસ કરવામાં આવેલ છે. જામનગરમાં પણ તપાસ કર્યા પછી ૮ લાખ ઉપરની પેનલ્ટી સાથેની રીકવરી કરવામાં આવેલ છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એસ.ઓ.પી. પ્રમાણે જ કાર્યવાહી કરી છે એ માટે એમને અભિનંદન. મારો પ્રશ્ન એ છે કે, જે.સી.સી.સી.હૉસ્પિટલમાં જે કૌભાંડ બહાર આવ્યું. જેના લીધે તપાસ થઇ, દંડ થયો, દંડ સુધી બરાબર છે. એવા કેટલા કેસો છે કે જેમાં માણસના જીવન સાથે ચેડાં થયાં છે? આ પ્રકારના હાર્ટના કેટલા કેસો આવ્યા? કેટલા સાચા ઓપરેશનો થયાં? અને કેટલા ખોટા ઓપરેશનો થયા? આ તપાસમાં શું વિગતો બહાર આવી એની માહિતી માનનીય મંત્રીશ્રી જણાવે?

અધ્યક્ષશ્રી : આપે તો ત્યાં સજાગતા રાખી જ હશે. એમણે ત્યાં સુધી કહ્યું કે, આ સરકાર દ્વારા તપાસ કરી છે અને સરકાર દ્વારા રેન્ડમલી તપાસ કરતાં હોય એમાં આ વિગતો બહાર આવી છે. એમાં શું કામગીરી કરી છે એની વિગતો પણ માનનીય મંત્રીશ્રીએ આપી છે. માનનીય મંત્રીશ્રી, એમણે પૂછી એ પ્રકારની કોઇ વધારાના આંકડા અંગેની માહિતી આપની પાસે હોય તો આપો.

શ્રી પ્રકુલભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આંકડાકીય માહિતીમાં ૮ લાખ ઉપરના જે ઓપરેશનો નહોતા કરવાના અને જે કર્યા હતા એમની પેનલ્ટી સાથેની રકમ અને જે જવાબ આપ્યો છે એ લેખિતમાં જવાબ આપેલ છે છતાં ઘટતી માહિતી હું ચોક્કસ આપીશ.

તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી ઘટતી માહિતી રેકર્ડ પર મૂકશે.

નર્મદા જિલ્લામાં પી.એમ.કુસુમ યોજના હેઠળ ખેડૂતોને સોલાર વોટર પંપ

★ **15/8/451** : **ડૉ.દર્શના ચંદુભાઇ દેશમુખ** (નાંદોદ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન	**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પી.એમ.કુસુમ (કોમ્પોનન્ટ–B) યોજના હેઠળ નર્મદા જિલ્લામાં કેટલા ખેડૂત લાભાર્થીઓને ઓફ ગ્રીડ સોલાર વોટરપંપ આપવામાં આવ્યા, અને	(૧) ૩૨૦૭
(૨)	ઉપરોક્ત ખેડૂત લાભાર્થીઓને કુલ કેટલી સબસીડી આપવામાં આવેલ છે?	(૨) રૂ.૧૪૧૦૨.૫૪ લાખ

ડૉ. દર્શના ચં. દેશમુખ : માનનીય અધ્યક્ષશ્રી, મને મારા પ્રશ્નનો જવાબ મળી ગયો છે અને એનાથી હું સંતુષ્ટ છું. માનનીય મંત્રીશ્રીનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ પી.એમ.કુસુમ(કોમ્પોનન્ટ–બી) યોજના હેઠળ નર્મદા જિલ્લામાં કેટલા ખેડૂતોને ઓફ ગ્રીડ સોલાર વોટરપંપ આપવા માટેની કામગીરી પ્રગતિમાં છે? કેટલી અરજીઓ પ્રગતિ હેઠળ છે? અને આ માટે કેટલી સબસિડી આપવામાં આવશે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ભારતના ખેડૂતો સોલારથી ઊર્જાદાતા બને એ માટે આદરણીય પ્રધાનમંત્રીશ્રી મોદી સાહેબે પી.એમ. કુસુમ યોજના મૂકી છે. એના એ, બી અને સી એમ ત્રણ ભાગ છે. એમાંથી બી કોમ્પોનન્ટનો પ્રશ્ન પૂછ્યો છે. બી કોમ્પોનન્ટમાં જ્યાં જંગલ વિસ્તાર હોય અથવા તો ટેકનિકલી અને નાણાકીય રીતે ખૂબ મોટો ખર્ચો થતો હોય એવી જગ્યાઓ ઓફ ગ્રીડ સ્ટેન્ડ એલોન સોલારપંપ આપીએ છીએ. એ બાબતનો પ્રશ્ન છે. એમાં નર્મદા જિલ્લામાં ખેડૂત લાભાર્થીઓને ૮૩૪૧ સોલાર પંપ સેટ આપ્યા છે. જે મૂળભૂત યોજના હતી એમાં ૩૦ ટકા કેન્દ્ર આપે ૩૦ ટકા રાજ્ય આપે તથા ૪૦ ટકા લાભાર્થીને ભોગવવાના હતા. અમારા મુખ્યમંત્રીશ્રીની ઉદારતા તો આપ જુઓ, ૪૦ ટકા રકમ ખેડૂતોને ભરવાની હતી એ રાજ્ય સરકાર હવે ભોગવી રહી છે. એક રૂપિયો ખેડૂત પાસેથી લેવામાં આવતો નથી.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, મુખ્યમંત્રીશ્રી અમારા એવું ના હોય. મુખ્યમંત્રીશ્રી આપણા હોય. આખા રાજ્યના મુખ્યમંત્રી છે. સમગ્ર ગૃહના તો હોય જ.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આખા રાજ્યના મુખ્યમંત્રીશ્રી છે. બિલકુલ, મારી ભૂલ થઇ છે. હવે આપણા મુખ્યમંત્રીશ્રીને અભિનંદન પણ આપશે. આટલી સરસ મજાની યોજના કેન્દ્ર સરકાર તરફથી મૂકાતી હોય જેમાં જંગલમાં વસતા લોકો કે જ્યાં વીજળી આપવાનું શક્ય ના હોય, જંગલના કાયદા નડતા હોય અથવા એવા વિસ્તારો કે જ્યાં આપણે વીજળીના દોરડા પહોંચાડી શકતા ના હોઇએ કારણ કે મોંઘુ પડતું હોય. તો એવા વિસ્તારના લોકો માટેની કમ્પોનન્ટ–બીમાં જોગવાઇ કરી છે. હું ભેગો આંકડો બોલી જાઉં છું. એમાં રાજ્ય સરકારની કુલ સબસિડી રૂ.૪૪૫ કરોડ છે અને કેન્દ્ર અને રાજ્યની બંને ભેગી થઇ કુલ સબસિડી રૂ. ૬૧૮ કરોડની છે. ખૂબ મોટી સબસિડી ખેડૂતોના લાભ આપવામાં આવે છે. રાજ્ય સરકાર આ યોજના બિલકુલ એગ્રેસીવલી લઇ કેવી રીતે લાગુ કરી શકાય તેવા પ્રયાસ કરી રહી છે. હું આખા રાજ્યની વાત કરું તો લગભગ ૨૨૦૦૦ ઉપર અરજીઓ આવી છે. એમાં ૧૨૦૦૦ કનેક્શનો આપી દીધાં છે અને લગભગ ૧૦૦૦૦ જેટલા બાકી છે એ પ્રગતિમાં છે. એ ૧૦૦૦૦ કનેકશનો આપવા માટેની કાર્યવાહી સરકાર ખૂબ ઝડપથી હાથ ધરી રહી છે.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ખેડૂતોને સોલાર પંપસેટની કીટ આપવામાં આવે છે. મેં ગત વિધાનસભાના બજેટ સત્રમાં પણ માનનીય નાણામંત્રીશ્રી/ઊર્જા મંત્રીશ્રીને વાત કરી હતી કે એમાં યુનિવર્સલ સોલાર પંપ કન્ટ્રોલર (યુ.એસ.પી.સી.) આપવા માગો છો કે કેમ? બીજો પ્રશ્ન, ત્યાં ખેડૂતને જે કીટ પૂરી પાડે છે એ વેન્ડરોના તાલુકા કે જિલ્લા કક્ષાએ સર્વિસ સ્ટેશનો હોતા નથી જેના કારણે ખેડૂત એ પંપ કે સ્ટાર્ટર બગડે ત્યારે કંપનીમાં મોકલાવે છે અને તે અઠવાડિયા–દસ દિવસ પછી રિપેર થઇને આવે છે ત્યારે તાલુકા કક્ષાએ આવા સર્વિસ સ્ટેશનો વેન્ડરો થકી ચાલુ કરવા માગો છો કે કેમ? અને ત્રીજો પ્રશ્ન, અગાઉ ખેડૂતોની રજૂઆત હતી કે જે પણ વેન્ડરો આવે છે એ એસ્ટિમેટ પ્રમાણે ૩૦૦ ફૂટ પંપ નીચે ઉતારતા નથી. ૨૧૦ ફૂટ, ૨૨૦ ફૂટ કે વધુમાં વધુ ૨૫૦ ફૂટ જ ઉતારે છે જેના કારણે કલાક કે બે કલાક સિંચાઇ ચાલીને બંધ થઇ જાય છે તો એસ્ટિમેટ પ્રમાણે કામ કરાવવા માગો છો કે કેમ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગઇ વખતે આ યુ.એસ.પી.સી.ની વાત આવી હતી. હાલ ડી.જી.વી.સી.એલ. એ કોન્ટ્રાક્ટના જે ટેન્ડરો મૂક્યા છે તે ઓનલાઇન અને બહોળી પ્રસિદ્ધિ સાથે મૂક્યા છે. જો ખેડૂતે પોતે યુ.એસ.પી.સી. લેવું હોય તો એના માટે યુ.એસ.પી.સી. સાથે એને કનેક્ટ કર્યું છે પરંતુ અત્યારે એ યુ.એસ.પી.સી.ના નાણાં ખેડૂતોએ ચૂકવવા પડે છે. બાકીની જે વાત કરી એ વિષયમાં એમનું સૂચન છે અને કઇ એવો વિષય હશે તો રૂબરૂ બેસીને નિકાલ કરીશું. માનો કે કોન્ટ્રાકટર ખૂબ ઊંડે સુધી મોટર ના ઉતારતો હોય અથવા તો તાલુકા/જિલ્લા કક્ષાએ નિયમ પ્રમાણે એના રિપેરિંગના સેન્ટર્સ ના હોય તો આપણે ચોક્કસ આ કરાવવા માગીએ છીએ કારણ કે ખેડૂતોને કોઇ મુશ્કેલી ના પડવી જોઇએ, સિંચાઇ કરવામાં કોઇ મુશ્કેલી ના પડે એના માટે રાજ્ય સરકાર બિલકુલ જાગૃત છે. આટલો બધો ખર્ચ કર્યા પછી પણ કયાંક એજન્સીની બેદરકારી હોય તો રાજ્ય સરકાર, આદરણીય મુખ્યમંત્રી, આદરણીય નાયબ મુખ્યમંત્રી આ બાબતમાં કયાંય પણ

ચલાવી લેવા માગતા નથી. અલ્ટિમેટલી, આ કનેકશનો આદિવાસી વિસ્તારમાં, જંગલ વિસ્તારમાં અને જ્યાં વીજળી પહોંચાડી શકાતી નથી ત્યાં અમે આપવા માગીએ છીએ. આદિવાસીઓનું ભલુ અને કલ્યાણ કેવી રીતે થાય, એમને ખેતી માટે કેવી રીતે કનેકશનો મળી જાય કે જયાં રાજ્ય સરકાર કોઇને કોઇ કારણોસર પહોંચાડી શકતી નથી એના માટે સરકાર પ્રયાસ કરી રહી છે. ત્રણે સિઝનમાં એ પોતાના સોલાર પંપ થકી ઈરિગેશન કરી શકે એની આ વ્યવસ્થા કરી છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, જો આપી શકાય એવો હોય તો તમારો એક જવાબ બાકી રહી ગયો છે. સભ્યશ્રીએ કહ્યું તમે તાલુકા કક્ષાએ રિપેરિંગ માટે વેન્ડર રાખવા માગો છો કે કેમ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં એ જ વાત કરી કે, નિયમાનુસાર એ જે એજન્સીઓ હોય તો તેના રિપેરિંગ સેન્ટર તાલુકા કક્ષાએ કે જિલ્લા કક્ષાએ કરવાના હોય તો તેનું પોતાનું નેટવર્ક છે રિપેરિંગનું એ સારું હોવુ જ જોઇએ અને કયા નિયમોમાં તેનો વિસ્તાર વધી જતો હોય તો એ બાબત પણ ચોક્કસ વિચારણામાં લઇશું.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીએ પૂછવા માગું છું કે, જે માનનીય ચૈતરભાઇએ વાત કરી તે યુએસપીસી ટેકનોલોજીના ભરતપુર ડિસ્ટ્રિક્ટ, રાજસ્થાનમાં લાગેલા પમ્પનો માનનીય નરેન્દ્રભાઇએ સ્ટડી કરાવી મન કી બાતનો એપિસોડ બનાવી ભારત સરકારે અને માનનીય પ્રધાનમંત્રી બન્નેએ રેકમેન્ડ કરેલું કે ખેડૂતોની આવક ડબલ કરવાનો ભારતનો જે રાષ્ટ્રીય સંકલ્પ છે તે દિશામાં લઇ જતી ટેકનોલોજી છે. ગયા સત્રમાં તેની ડિબેટમાં મેં ભાગ પણ લીધો ત્યારે માનનીય મંત્રીશ્રી કનુભાઇએ બહુ પોઝિટીવલી તેને લીધુ હતું પણ આજે એક વર્ષ દરમિયાન એ ટેકનોલોજીનો એક પણ પમ્પ લાગ્યો નથી અને પમ્પ દીઠ આખા દેશમાં જયાં જયાં ટેકનોલોજી લાગી છે ત્યાં ત્રણ લોકોને રોજગારી મળે છે એટલે મારી મંત્રીશ્રીને વિનંતી પણ છે અને સવાલ પણ છે કે, આવતા એક વર્ષમાં આનું આયોજન કરવા માગો છો કે કેમ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમણે કહ્યું કે અત્યારે તો આપણે પીજીવીસીએલ દ્વારા જે ટેન્ડર કર્યા છે તેની અંદર તેનો ખર્ચ ખેડૂતોએ ભોગવવાનો છે તે વ્યવસ્થા તો કરી છે પરંતુ તેમણે જે સૂચન કર્યું છે તે ચોક્કસ કનુભાઇએ પોઝિટિવ વિચારણામાં લીધુ છે અને અમે તેની વિચારણા કરીશું.

શ્રી ભગાભાઇ ઘા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, જે જંગલની બોર્ડરની અંદર જે જમીન આવેલી છે અને તેમાં ખેડૂતો ખેતી કરે છે, એને હક્ક આપવામાં આવ્યા છે તો ત્યાં આપણે વીજળી પહોંચાડી શકતા નથી અને તે વીજળીનું કનેકશન જો આપવામાં આવે તો ખર્ચ મોટો આવતો હોય છે એટલે ખેડૂત તે ભરી શકતા પણ નથી. આપણે ત્યાં ખેડૂતોને સોલાર પમ્પ આપીએ છીએ અને તે પણ ફ્રીમાં આપીએ છીએ તેના માટે સરકારને અભિનંદન પણ આપું છું પણ પાણીના તળ ઉંડા હોવાને કારણે ૭.૫ હોર્સ પાવરનો જે સોલાર પમ્પ આપીએ છીએ તેને કારણે પાણી ખેંચવામાં ખેડૂતોને મુશ્કેલી થાય છે તો ૧૫ હોર્સ પાવર સુધીના સોલાર પમ્પ આપણે આપવા જોઇએ એવી હું સરકાર પાસે વિનંતી કરું છું અને માગણી કરું છું.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આખી યોજના કેન્દ્ર પુરસ્કૃત છે, કેન્દ્ર દ્વારા મૂકવામાં આવી છે તેમાં ૭.૫ હોર્સ પાવર સુધીના સોલાર પમ્પ આપણે બિલકુલ ફ્રી આપીએ છીએ પરંતુ ૭.૫થી ૧૦ હોર્સ પાવર સુધી જવું હોય તો બાકીનો ઉપરના પોર્સનની જે કિમત આવે તે ખેડૂતે ભોગવવાની હોય છે.

ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં કમળા, ટાઈફોઈડ, મલેરિયા અને પાણીજન્ય રોગોના કેસ

***15/8/584 શ્રી જિગ્નેશ મેવાણી** (વડગામ): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી(રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં કમળા, ટાઇફોઇડ, મલેરિયાના અને પ્રદુષિત પાણી પીવાથી થતા પાણીજન્ય રોગોના કેટલા કેસો નોંધાયા,અને	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં કમળા, ટાઇફોઇડ, મેલેરીયા અને પ્રદુષિત પાણી પીવાથી થતા પાણીજન્ય રોગોની વિગત નીચે મુજબ છે.

રોગનું નામ	૨૦૨૪		૨૦૨૫	
	ગાંધીનગર	અમદાવાદ	ગાંધીનગર	અમદાવાદ
કમળો	૧૦૫	૨૪	૧૮૧	૩૧
ટાઇફોઇડ	૧૩૮	૭૩	૨૬૬	૫૭
મેલેરીયા	૪૫	૦૬	૪૧	૦૪
પાણી જન્ય	૭૪૫૯	૧૨૧૪૧	૬૫૪૨	૧૦૧૨૧

(૨)	ઉક્ત સ્થિતિએ ઉક્ત રોગોના નિયંત્રણ માટે શી કાર્યવાહી કરવામાં આવી?	(૨)	આ રોગને અટકાવવા રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબના પગલા લેવામાં આવ્યા **પાણીજન્ય રોગ નિયંત્રણ અંગેના પગલા:** • આ રોગને અટકાવવા માટે જિલ્લામાં આરોગ્યના તમામ પેરામેડીકલ સ્ટાફ મારફતે હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની કામગીરી કરવામાં આવેલ છે. • ક્લોરીન ગોળીનું વિતરણ તથા ઓ.આર.એસ. પેકેટનું વિતરણ કરવામાં આવેલ છે. • પાણીના સેમ્પલ લઇ લેબોરેટરી તપાસ અર્થે મોકલવમાં આવેલ છે.

			• નગરપાલિકા તથા ગ્રામ પંચાયતમાં પાણીની પાઈપલાઈનના લીકેજીસ/વાલ્વ સત્વરે રીપેર કરવા સુચના આપવામાં આવેલ છે. • કલોરીનેશન કામગીરી કરવામાં આવેલ છે. • લોકોમાં આ રોગની જાગૃતિ આવે તે માટે વિવિધ પ્રકારના આઇ.ઇ.સી.ના માધ્યમો જેવા કે પેમ્પલેટ, જૂથ ચર્ચા ,વિગેરે દ્વારા આરોગ્ય શિક્ષણ આપવામાં આવેલ છે. • રાજ્ય કક્ષા તથા જીલ્લા કક્ષાની મીટીંગમાં રોગ અટકાયત કામગીરી કરવા સુચના આપવામાં આવેલ છે. • અધિક મુખ્ય સચિવશ્રી,આરોગ્ય અને પરિવાર કલ્યાણ દ્વારા દર સોમવારે પાણીજન્ય રોગો વિષે બેઠક યોજી સમીક્ષા કરવામાં આવેલ છે. • કમિશ્નરશ્રી, આરોગ્ય અને મિશન ડાયરેક્ટરશ્રી, એન.એચ.એમ. દ્વારા રાજ્ય કક્ષાએથી રોગચાળાની સમીક્ષા કરી અઠવાડિક એપીડેમીક એલર્ટ બહાર પાડવામાં આવેલ છે. **મેલેરિયા નિયંત્રણ પગલા** • જિલ્લામાં મેલેરિયા રોગને કાબુમાં રાખવા ઘનિષ્ઠ ફીવર સર્વેલન્સ, પોરાનાશક કામગીરી, ફોકલ દવા છંટકાવ, લાબા સમય સુધી ભારી રહેતા પાણીમાં પોરાભક્ષક માછલીઓ મુકવી અને આરોગ્ય શિક્ષણ પ્રવૃત્તિ જેવી વિવિધ કામગીરી હાથ ધરવામાં આવે છે.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, થોડાંક સમય પૂર્વે ઇન્દોરમાં જે પરિસ્થિતિનું નિર્માણ થયું તેનાથી દેશ અવગત છે. કંઇક અંશે એવી સ્થિતિનું નિર્માણ ગાંધીનગરમાં પણ થયું. મારો સવાલ માનનીય મંત્રીશ્રીને એ છે કે, કેગના રિપોર્ટમાં ગુજરાતનું ૪૦ ટકા પાણી એ અયોગ્ય ઠર્યું છે, તેના સેમ્પલ ફેઇલ ગયા છે અને ગાંધીનગર અને અમદાવાદ જિલ્લાની નગરપાલિકાઓમાં એકથી વધારે જગ્યાઓએ સુએઝ ટ્રીટમેન્ટના પ્લાન્ટ જ નથી તો ભવિષ્યમાં અમદાવાદમાં કે ગાંધીનગરમાં, ગુજરાતમાં આવી કોઇ ઘટના ના બને, રોગચાળો ના ફાટે તેના માટે સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ જયાં પણ ખૂટે છે ત્યાં કેટલા સમયમાં આપણે પૂરા કરવા માગીએ છીએ? બીજો સવાલ એ છે કે, અમારા કોંગ્રેસ પક્ષના એક આગેવાન નહેરૂસિંહ ચાવડાએ ૧૬ દિવસ પૂર્વે મ્યુનિસિપલ કમિશનર ગાંધીનગરને લેખિત, મૌખિક રજૂઆત કરેલી કે પાણી અને ગટરની લાઇનો મર્જ થઇ ગઇ છે અને રોગચાળો ફાટી નીકળે તેમ છે તમે પગલાં લો. તંત્ર દ્વારા એકશન નહીં લેવાતા આવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે તો જે અધિકારીઓની ફરજ પરની બેદરકારીના કારણે આ રોગચાળો ફાટયો છે તે અધિકારીઓની જવાબદારી ફિકસ કરી તેમની સામે કોઇ પગલાં ભરવા માગો છો કે કેમ ?

શ્રી પ્રફુલ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયની અંદર મહાનગરપાલિકાઓમાં હું સુરતનું જ ઉદાહરણ આપું. માનનીય સભ્યશ્રી ટોટલી સ્કાડા અમલીકરણ દ્વારા ટ્રીટમેન્ટ પ્લાન શરૂ છે અને એ ટ્રીટમેન્ટ કરેલું પાણી એ પાછું ઉદ્યોગમાં અને પીવાલાયક થાય ત્યાં સુધી એ ટ્રીટમેન્ટ કરી રહ્યા છે. અમદાવાદ જેવી મોટી મહાનગરપાલિકાઓની અંદર જે રિપોર્ટની વાત કરે છે તેની તો મને ખબર નથી પણ આપણે બેસ્ટ કવોલિટીનું પીવાનું પાણી પ્રદાન કરી રહ્યા છીએ અને છતાં તેમનું જે સૂચન છે તે અમે જોઇ લઇશું.

અધ્યક્ષશ્રી : ફરી તમને એલાઉ કરું છું પણ ટૂંકમાં સીધા પ્રશ્ન ઉપર આવો કોઇ પોલિટીકલી ઓબ્ઝર્વેશન ન કરો.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પોલિટીકલ કમેન્ટ નહીં સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાની કેટલી નગરપાલિકામાં નથી અને કયાં સુધીમાં તેની વ્યવસ્થા ઊભી કરવા માગો છો ? અને જેની ફરજ પરની બેદરકારીના કારણે આ રોગચાળો ફાટયો તો એવા અધિકારીની સામે પગલાં ભર્યા કે ભરવા માગો છો કે કેમ ?

શ્રી પ્રફુલ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, જ્યાં આવી ક્ષતિ હશે ત્યાં ચોક્કસ પ્રકારે અધિકારીઓ ઉપર પગલાં લેવામાં આવશે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આવી કોઇ ક્ષતિ દેખાશે તો પગલાં લઇશું એમ કહે છે, પોઝિટીવ જવાબ છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન બહુ સ્પષ્ટ છે કે તા. ૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં પાણીજન્ય રોગો જેવા કે કમળો, ટાઇફોઇડ વગેરેના આંકડા સરકારે આપ્યા છે એ આંકડા જોઇએ તો ....(અંતરાય)

અધ્યક્ષશ્રી : ભૂમિકા બાંધવા કરતાં સીધા પ્રશ્ન ઉપર આવો. તમે અનુભવી ધારાસભ્યશ્રી છો.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, એમને થોડું સમજાવવું પડે.

અધ્યક્ષશ્રી : અત્યારે સીધો મુદ્દો મૂકો. સમજીને મંત્રી બન્યા હોય.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, બાકીના સમજું નથી એવું લાગે છે. એટલે જ પૂછવું છે કે સને ૨૦૨૬ની સરખામણીમાં તા. ૩૧-૧૨-૨૦૨૫ સુધીના આંકડા આપ્યા છે એ ખૂબ વધારે છે. આ એવો વિસ્તાર છે કે જ્યાંથી માનનીય મુખ્યમંત્રીશ્રી આવે છે, જ્યાંથી દેશના ગૃહમંત્રી આવે છે. આપણું પાટનગર છે એવા વિસ્તારમાં પીવાનું શુદ્ધ પાણી મળતું ન હોય એનો પુરાવો આ આંકડા બોલે છે. સને ૨૦૨૬ની સરખામણીમાં સને ૨૦૨૫માં વધારો થયો છે. મારે મંત્રીશ્રીને પૂછવું છે કે

આ વધારો થવાના કારણો શું છે? માનનીય સભ્યશ્રી જિગ્નેશભાઈએ ચિંતા વ્યક્ત કરી કે પહેલાં આગોતરું આયોજન કેમ નથી કરતા?

માનનીય અધ્યક્ષશ્રી, આ "વંદે માતરમ્" ગીતની તાકાત જ એવી છે કે ભલે તે ગુલામીના સમયગાળા દરમિયાન રચાયું પરંતુ તેના શબ્દો અને અર્થ ગુલામીની છાયા સુધી મર્યાદિત નથી. આજે પણ એવા જ સુસંગત અને સબંધિત છે. "વંદે માતરમ્" રાષ્ટ્રભક્તિ અને રાષ્ટ્રચેતનાનું એક એવું પ્રતીક છે જેણે સ્વતંત્રતાનો માર્ગ કંડાર્યો છે. દરેક ગીતનો પોતાનો એક મૂળ ભાવ અને મુખ્ય સંદેશ હોય છે. આ "વંદે માતરમ્"નો મુખ્ય વિષય ભારતમાતા છે. ભારતમાતાની ગુલામીના બંધનો તૂટશે અને તેના બાળકો જ તેનાં ભાગ્યવિધાતા બનશે તેવી કલ્પનાથી મોં ભોમની વંદના આ ગીતમાં કરવામાં આવી છે. એવો કોઇ સંકલ્પ નથી જે પૂર્ણ ન થઇ શકે. એવું કોઇ લક્ષ્ય નથી જે આપણે પ્રાપ્ત ન કરી શકીએ તેવો વિશ્વાસ આ ગીત આપણામાં જગાડે છે. ૧૪૦ કરોડ ભારતીયોના હૃદયનો ધબકાર બની ગયેલા વંદે માતરમ ગીતના ઇતિહાસને આજે પણ આપણે યાદ કરીએ. વર્ષ ૧૮૭૫માં બંકીમચંદ્રજીએ વંદે માતરમ્ ગીતની રચના કરી અને થોડાક જ સમયમાં તે ભારતના સ્વતંત્રતા સંગ્રામનો અવાજ બની ગયું. વર્ષ ૧૮૯૬માં ગુરૂદેવ રવિન્દ્રનાથ ટાગોરે કલકત્તા સંમેલનમાં ''વંદે માતરમ''નું ગાન કર્યું. વર્ષ ૧૯૦૫માં અંગ્રેજોએ બંગાળના વિભાજનથી દેશના ટુકડા કરવાનો પ્રયત્ન કર્યો તેના વિરોધમાં ભારતીયો ''વંદે માતરમ્'' ગાઇને ખડકની જેમ અડગ રહ્યાં. વર્ષ ૧૯૦૭માં ''વંદે માતરમ્'' નામનું અંગ્રેજી અખબાર શરૂ થયું તેના સંપાદક અરવિંદ ઘોષ હતાં. વર્ષ ૧૯૦૭માં મેડમ ભીખાઇજી કામાએ દેશની બહાર બર્લિનમાં પહેલી વાર વંદે માતરમ્ શબ્દ લખેલો ત્રિરંગો ધ્વજ ફરકાવ્યો. વર્ષ ૧૯૦૮માં જ્યારે લોકમાન્ય ટિળકને છ વર્ષની સજા ફરમાવવામાં આવી ત્યારે હજારો લોકોની એકતાની શક્તિથી વંદે માતરમનો

નારો ગુંજી ઉઠ્યો હતો. વર્ષ ૧૯૦૯માં ક્રાંતિકારી મદનલાલ ધીંગરાને ઇંગ્લેન્ડમાં ફાંસી આપવામાં આવી ત્યારે ફાંસીએ ચઢતાં પહેલાં તેમનાં છેલ્લા શબ્દો હતાં 'વંદે માતરમ્'. વર્ષ ૧૯૧૨માં ગોપાલકૃષ્ણ ગોખલેનું દક્ષિણ આફ્રિકાના કેપટાઉનમાં વંદે માતરમનાં નારા સાથે એક ભવ્ય શોભાયાત્રાથી સ્વાગત કરવામાં આવ્યું હતું. વર્ષ ૧૯૩૬માં બર્લિન ઓલમ્પિકમાં આપણી હોકી ટીમે ભાવપૂર્ણ રીતે આ વંદે માતરમ્ સમૂહમાં ગાયું હતું. વર્ષ ૧૯૪૭માં ૧૫ ઓગસ્ટના દિવસે ભારતની સ્વતંત્રતાના પહેલા પ્રભાતે સરદાર સાહેબના આગ્રહથી પંડિત ઓમકારનાથજીએ આકાશવાણી પરથી 'વંદે માતરમ્' ગાઇને આઝાદીના અરૂણ પ્રભાતનું સ્વાગત કર્યું. વર્ષ ૧૯૫૦માં ૨૪ જાન્યુઆરીના રોજ બંધારણસભાની બેઠકમાં ડૉ. રાજેન્દ્રપ્રસાદે રાષ્ટ્રગીત સાથે ''વંદે માતરમ''ને પણ સમાન આદર આપવાની જાહેરાત કરી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, ગુલામીના કાળખંડમાં આપણા ઘણાં મંદિરો, વિશ્વ વિદ્યાલયો, કલા કેન્દ્રો, કૃષિ અને શિક્ષણ વ્યવસ્થા તોડી પાડવામાં આવી પરંતુ આપણી સંસ્કૃતિ અને દેશભક્તિના ભાવને આપણા જનમાનસમાંથી કોઇ મિટાવી શક્યું નહીં અને બંકિમચંદ્રજીએ ''વંદે માતરમ''ની રચના કરીને રાષ્ટ્રના આત્માને જાગૃત કરવાનું કાર્ય કર્યું. એક અર્થમાં જોઇએ તો ''વંદે માતરમ''ની રચના આપણી મૂળ સભ્યતા, સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ અને સ્વતંત્રતાનું રક્ષણ કેવી રીતે કરવું તેની પ્રેરણા માટે થઇ હતી. માતૃભૂમિ તરીકે માઁ ભારતીની આવી શક્તિશાળી ક્ષમતા અને તાકાતથી ભારતીયોમાં આઝાદીનો જુસ્સો ખૂબ વધ્યો હતો. ''વંદે માતરમ્'' માઁ ભારતીને ગુલામીની જંજીરોથી મુક્ત કરવાનું અને આઝાદીના જંગનું એલાન હતું. એનાથી હચમચી ગયેલ બ્રિટીશ સરકારે ''વંદે માતરમ્''પર પ્રતિબંધ લગાવ્યો અને ''વંદે માતરમ્''બોલનારાઓને જેલમાં નાંખી દીધા હતા. તેમના પર કોરડા વરસાવવામાં પણ આવતા હતા. આવા જુલ્મો છતાંપણ ''વંદે માતરમ્''એ માત્ર સ્વતંત્રતાનું ગીત જ નહીં, લાખો દેશવાસીઓના સપનાના સમૃદ્ધ ભારતનો મંત્ર બન્યો, ''સુજલામ્ સુફલામ્ મલયજશીતલામ્ શસ્યશ્યામલામ્ માતરમ્.'' જળ, ફળ અને ધનધાન્યથી છલકતી ભારતભૂમિને વંદન. ભારતમાતા કોઇ જમીનનો ટૂકડો નથી. એ તો આપણી માતાનું રૂપ છે અને ''વંદે માતરમ્''ગીતની દરેક પંક્તિમાં માઁ ભારતીનું અર્થપૂર્ણ ભક્તિગાન થયું છે. ભારતમાતા એ વિદ્યાદાયિની માઁ સરસ્વતી છે, સમૃદ્ધિદાયિની માઁ લક્ષ્મી છે અને અસ્ત્રશસ્ત્રને ધારણ કરનારી માઁ દુર્ગા પણ છે. ભારતમાતા જ વિદ્યા છે, ધર્મ છે. આપણા હૃદયમાં વસતી અને આપણા શરીરનો પ્રાણ પણ ભારતમાતા છે, આપણી ભૂજાઓની શક્તિ અને હૃદયની ભક્તિ પણ મા ભારતી જ છે. રાષ્ટ્ર વિરોધી શક્તિઓ અને દુશ્મનોનો નાશ કરનારી અપાર બળ ધરાવતી બહુબલધારિણી અને રિપુદલવારિણી પણ છે. દુર્ગામાતાની વિરતા આપણને ભારતમાતાની કૃપા અને દેશની માટી જ આપી શકે. જ્યારે દુશ્મનોએ કાંકરીચાળો કર્યો ત્યારે ઓપરેશન સિંદૂરથી જડબાતોડ જવાબ આપીને આપણે વિશ્વ આખાને બતાવી દીધું કે રાષ્ટ્રના પરાક્રમની પરાકાષ્ટા કેવી હોય છે. આવી શક્તિ સ્વરૂપ પાવનકારી માતાને વારંવાર પ્રણામ કરું છું. સ્વતંત્રસંગ્રામના પ્રેરણા ગાન એવા ''વંદે માતરમ્''ગીતે રાષ્ટ્રીયતા અને સાંસ્કૃતિક રાષ્ટ્રવાદનો યુગવર્તી સંદેશ પૂરો પાડ્યો છે. વડાપ્રધાનશ્રીએ આ રાષ્ટ્રવ્યાપી ઉજવણીથી આપણને દેશના મહાન નાયકોનું પુણ્ય સ્મરણ કરવાની તક આપી છે. ''વંદે માતરમ્''ગાતા ગાતા ફાંસીના માંચડે ચઢેલા શહીદોની વંદના કરું છું અને અનેક નામી–અનામી શહીદોને શ્રદ્ધાંજલિ પાઠવું છું. ''વંદે માતરમ્'' ક્યારેય અપ્રાસંગિક નહીં જ થાય. આજેપણ જ્યારે લોકનાયક વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સભાના પ્રારંભમાં '''વંદે માતરમ્''નો જયકાર કરાવે છે ત્યારે આખી સભામાં દેશભક્તિનું મોજું ફરી વળે છે. દેશમાં આઝાદીની ચળવળને વેગ આપવાનું કારણ બનેલું આ ''વંદે માતરમ્''હવે અમૃતકાળમાં પણ એ જ જોમ અને જુસ્સાથી વિકસિત અને આત્મનિર્ભર ભારત બનાવવામાં આજનો આ સંકલ્પ આપણને સહુને વધુ બળ આપશે. આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇએ ''વંદે માતરમ્''ગીતના ૧૫૦ વર્ષની ઉજવણીથી આ રચનાને અમર બનાવી છે. આદરણીય શ્રી મોદી સાહેબે ''વંદે માતરમ્'' પ્રત્યેની શ્રદ્ધા અને રાષ્ટ્રભાવના પોતાની એક કવિતામાં વ્યક્ત કરી છે. તેઓ કહે છે કે, ''વંદે માતરમ્''એ ગાન નથી, આપણી આન, બાન અને શાન છે ''વંદે માતરમ્''. આઝાદીના મહાયજ્ઞની આહુતિ છે વંદે માતરમ્. રાષ્ટ્રભક્તિની આહલેક છે ''વંદે માતરમ્''. વિકાસની સતત ધબકતી અણનમ ઓળખ છે ''વંદે માતરમ્''.સંકલ્પિત રાષ્ટ્રજીવનનો મહામાર્ગ છે ''વંદે માતરમ્''. પ્રજા જીવનની દરેક પ્રભાતની ચેતનાનો સ્વર છે વંદે માતરમ્. વંદે માતરમ્.

શ્રી હર્ષ સંઘવી (નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં ''વંદે માતરમ્''ની ૧૫૦મી વર્ષગાંઠની ઉજવણી અંગે સરકારી સંકલ્પ લાવવા માટે હું ગુજરાતના લોકપ્રિય મુખ્યમંત્રી આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલનો ખૂબ ખૂબ આભાર માનું છું.

''વંદે માતરમ્''એ આપણી દેશભક્તિનું પ્રતિક હોવાથી આ સંકલ્પ પર ચર્ચામાં ભાગે લેવા મળ્યો ત્યારે હું આ ગૃહનો ખૂબ ખૂબ આભારી છું. જ્યારે આ ગૃહમાં ઊભા રહીને ''વંદે માતરમ્''બોલું છું ત્યારે હૃદયમાં એક ગર્વની લાગણી જન્મે છે. ''વંદે માતરમ્''એટલે માત્ર બે શબ્દ નથી પરંતુ આ દેશને માતા માનીને તેની ચરણવંદના કરવાની આ એક આરાધના છે. મારે અફસોસ સાથે કહેવું પડે છે કે આ પવિત્ર ગીત પ્રત્યે પણ કેટલાક ચોક્કસ પાર્ટીના લોકોને નફરત છે, નફરત હતી અને મને લાગે છે કે એમાં કયારેય કોઇ બદલાવ આવી શકે એવી કોઇ ગુંજાઇશ દેખાતી નથી. મારે આ ગૃહના સભ્યશ્રીઓને પૂછવું છે કે જે ગીત ગાઇને આપણા ક્રાંતિવીરો ફાંસીના માંચડે ચડી ગયા એ ગીત ગાવામાં કોઇપણ ભારતીયોને શું વાંધો હોઇ શકે? અમુક ચોક્કસ વર્ગને પહેલેથી જ ''વંદે માતરમ્''થી વિરોધ હતો. અંગ્રેજોને આઝાદી પહેલાંથી જ આ ''વંદે માતરમ્''મંત્ર સાથે જ વિરોધ હતો. અંગ્રેજોની સાથેસાથે ઝીણાને પણ વાંધો હતો. ઝીણા સાથેસાથે ઝીણાના મુન્નાને પણ ''વંદે માતરમ્''થી વાંધો

છે. ઐતિહાસિક સત્ય તો એ છે કે વર્ષ ૧૯૯૨માં જ્યારે ભારતીય જનતા પાર્ટીએ પ્રસ્તાવ મૂક્યો ત્યારે જ દેશની સંસદમાં ''વંદે માતરમ્''ગાનની શરૂઆત થઈ. આ સાબિત કરે છે કે ભા.જ.પ. માટે રાષ્ટ્રભક્તિ એ રાજનીતિનો વિષય નથી પણ અમારા સંસ્કાર છે. ભા.જ.પ.ની સ્થાપના સંસ્કૃતિ અને રાષ્ટ્રવાદના આધાર ઉપર થઈ છે. જે લોકોએ દાયકાઓ સુધી વોટબેંકની રાજનીતિ માટે ''વંદે માતરમ્''નો ઘરાર વિરોધ કર્યો છે, આજે તેમને જનતા ઓળખી ગઈ છે. આ દેશનું સૌભાગ્ય છે કે આપણને એવું નેતૃત્વ મળ્યું કે જે સંસ્કાર અને સુરક્ષા બંનેને સાથે લઈને ચાલે છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીને આજે ગુજરાતની ૬.૫ કરોડ જનતા વતી હું અભિનંદન આપવા માગું છું અને એમનો આભાર માનવા માગું છું. આદરણીય પ્રધાનમંત્રીશ્રીએ તારીખ ૭મી નવેમ્બર ૨૦૨૫ના રોજ ''વંદે માતરમ્''ની ૧૫૦ વર્ષની ઉજવણીનો પ્રારંભ કર્યો.

માનનીય અધ્યક્ષશ્રી, આ જ દિવસે આપશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી, મારા સૌ સાથી મંત્રીઓ અને ગુજરાતના સૌ નાગરિકો વિધાનસભાના પ્રાંગણમાં એક સૂરે ''વંદે માતરમ્''ગાય છે ત્યારે એ ગુજરાતની અસ્મિતાનો હુંકાર બને છે. આ જ વિધાનસભાના પ્રાંગણમાં એ દિવસ કેમ ભૂલાય? એ ઐતિહાસિક ૧૫૦મા વર્ષની ઉજવણી ઐતિહાસિક રીતે કરવામાં આવી. બીજી તરફ મને અને મારા સાથીઓને ભારત પાકિસ્તાનની સરહદ ઉપર કચ્છના ગામડાંઓમાં બી.એસ.એફ. સાથે ''વંદે માતરમ્''ની આ જ ૧૫૦મી વર્ષગાંઠ ઊજવવાનો અવસર પ્રાપ્ત થયો. મેં જોયું છે કે જે પ્રકારે સેનાના, બી.એસ.એફ.ના જવાનોની આંખોમાં જે ખુશી હતી તે રીતે ''વંદે માતરમ્''ની ૧૫૦ વર્ષની ઉજવણી તમામ લોકોને એક નવો જોમ અને નવો જુસ્સો આપી રહ્યો છે. બીજી તરફ રાજ્યભરના લોકોએ આ ઉજવણીમાં હર્ષભેર ભાગ લઈને આ અભિયાનને વધાવ્યું હતું. માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શનમાં આખું રાજ્ય જાણે કે ''વંદે માતરમ્''ના ગાનમાં લાગી ગયું હોય એમ ૩૫૦૦૦થી વધુ સ્થળો ઉપર એકસાથે ''વંદે માતરમ્''નું ગાન કરવામાં આવ્યું હતું. જેમને ''વંદે માતરમ્''સામે વાંધો છે તેમને મારે કહેવું છે કે,

जीसको नहीं नीज गौरव, तथा नहीं देश का अभिमान है,
वह नर नहीं, नरपशु निराह है, और मृतक समान है।

માનનીય અધ્યક્ષશ્રી, અમે એ લોકો છીએ કે જે દેશના સૈનિકો સાથે અડીખમ ઊભા છે. અમારો મંત્ર સ્પષ્ટ છે રાષ્ટ્ર પ્રથમ. જનતા જોઇ રહી છે કે કોણ ભારત માતાના જયકારા કરે છે અને કોણ મૌન રહીને તૃષ્ટિકરણમાં વધારો કરે છે. ''વંદે માતરમ્''તે કોઇ પક્ષનું ગીત નથી એ તો આપણા મહાન ભારત દેશની ચેતના છે. જે ભારત માતાનો આદર કરતા નથી તેમને આ સદન નહીં પરંતુ દેશના નાનાથી લઈને સર્વોચ્ચ સદન સુધી બેસવાનો કોઇ અધિકાર ના જ હોવો જોઇએ. માતૃભૂમિ જ આપનું સર્વસ્વ છે આથી ભારત માતાને વારંવાર વંદન કરવું તે આપણાં સૌની જવાબદારી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી કહે છે કે, ભારત દરેક પડકારનો સામનો કરવાની ક્ષમતા ધરાવે છે અને ''વંદે માતરમ્''ભારતની આ શકિતને મૂર્તિમંત કરે છે. કેન્દ્રીય ગૃહમંત્રી આદરણીય અમીત શાહજી કહે છે કે, ''વંદે માતરમ્''રાષ્ટ્રીય ગીત એ ભારતની સ્વતંત્રતાનું ગીત છે અને ભારતના સાંસ્કૃતિક જાગરણનો આ સૌથી મોટો અને સૌથી પહેલો મંત્ર છે. ૧૫૦ વર્ષની ઉજવણી થઈ આ જ રીતે ઠીક ૫૦ વર્ષ પહેલાં આ દેશના કરોડો નાગરિકો, કરોડો દેશ ભકતો એવી અપેક્ષા રાખતા હતા કે દેશને આઝાદી અપાવવાનું સૌથી મોટું મંત્ર એટલે કે ''વંદે માતરમ્''ગીત અને એ સો વર્ષની ઉજવણી આ દેશની અંદર કેમ ના થાય? ''વંદે માતરમ્''ના સો વર્ષ જ્યારે થાય છે ત્યારે ''વંદે માતરમ્''ગાવાવાળા, ''વંદે માતરમ્''ને મંત્ર માનતા તમામ લોકોને આ દેશના પૂર્વ વડાપ્રધાન શ્રીમતી ઇંદિરા ગાંધીએ જેલ હવાલે બંધ કરીને, કટોકટી લાવીને આ દેશની અંદર સો વર્ષ જે ''વંદે માતરમ્''ના ઉજવવા જોઇતા હતા તે સો વર્ષની ઉજવણી તો ખૂબ દૂર છે પણ ''વંદે માતરમ્''જોડે જોડાયેલા સૌ લોકોને જેલ હવાલે બંધ કરવાનું કામ કર્યું હતું. ''વંદે માતરમ્''ની ૧૫૦મી વર્ષગાંઠની ઉજવણી સમયે આ જ કોંગ્રેસ દ્વારા સંસદમાં કહેવામાં આવ્યુ કે ''વંદે માતરમ્''અંગે હાલ કોઇ ચર્ચા કરવાની જરૂર નથી એમ કહીને વિરોધ કર્યો. જ્યારે લોકસભામાં ''વંદે માતરમ્''નો મહિમા મંથન થતો હતો ત્યારે કોંગ્રેસના ચોક્કસ નેતાઓ જાણી જોઇને ગેરહાજર રહ્યાં. પરિવાર જોડે ટૂર થઈ રહી હતી, આ બધાજ વિષયો ચેનલો ઉપર દર્શાવવામાં આવ્યા છે. જ્યારે લોકસભામાં આ મંથન થઈ રહ્યું હતું ત્યારે અનેક લોકો તેમાં જાણી જોઇને ગેરહાજર રહ્યાં.

માનનીય અધ્યક્ષશ્રી, નહેરૂજીથી લઈને કોંગ્રેસના હાલના નેતાઓને ''વંદે માતરમ્''પ્રત્યેનો અણગમો યથાવત છે તે આ લોકસભામાં દર્શાવેલાં દૃશ્યોથી આપણે સૌ ખૂબ સારી રીતે સમજી શકીએ છીએ. સંસદમાં ''વંદે માતરમ્''નું ગાન ચાલુ હોય ત્યારે કોંગ્રેસના સભ્યો ઉભાં થઈને ચાલ્યાં જાય ત્યારે ભાજપના તમામ સભ્યો ઊભા રહીને ''વંદે માતરમ્''નું ગાન કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ''વંદે માતરમ્''શબ્દ એક મંત્ર છે, એક ઊર્જા છે, એક સુખ છે, એક સંકલ્પ છે. ''વંદે માતરમ્''આ શબ્દ ભારત માતા પ્રત્યેની ભકિત છે, ભારત માતાની આરાધના છે, ''વંદે માતરમ્''આ શબ્દ આપણને ઇતિહાસમાં પાછો લઇ જાય છે. ''વંદે માતરમ્''આ શબ્દ આપણને ઉજ્જ્વળ ભવિષ્યના નિર્માણ માટે ઊર્જા પણ આપે છે. ''વંદે માતરમ્''ગાવાનો અનુભવ એ ખરેખર અભિવ્યકિતથી પર છે. એક જ લય, એક જ સ્વર, એક જ લાગણી, એક જ રોમાંચ, એક જ પ્રવાહ આવી સુસંગતતા જોડે ''વંદે માતરમ્''ગાન જ્યારે થાય છે ત્યારે ભલભલા વ્યક્તિની અંદર દેશભક્તિ જાગી જાય છે. આ ગીત હતાશ, નિરાશ, દુઃખી વ્યક્તિને ફરી ઉત્સાહ અને ઉમંગ સાથે ધબકતું બનાવે છે. દરેક ગીત અને કાવ્યની અંદર એક ચોક્કસ હાર્દ અને સંદેશ હોય છે. ''વંદે માતરમ્''નો મૂળ વિચાર ભારત અને માભારતી છે. ભારતે અનેક

યુગોને એક એક પ્રકરણની જેમ પસાર થતા જોયા છે. દુનિયામાં અનેક રાષ્ટ્રો બન્યા, અનેક સામ્રાજયો ઉદય પામ્યા અને અસ્ત થયા. પરંતુ આનાથી અલગ ભારતનું પોતાનું એક અલગ અને સ્વતંત્ર અસ્તિત્વ રહ્યું છે. આ બધો જ બનતો, બગડતો ઇતિહાસ ભૂગોળે નજરે જોયો છે. આપણા પૂર્વજો, ઋષિઓ, મુનીઓ, આચાર્યો અને દેશવાસીઓને મળીને આપણી એક આગવી સાંસ્કૃત્તિક ઓળખ ઊભી કરી છે. ભારતની આ ઓળખનું માત્ર બે શબ્દમાં વર્ણન કરવું હોય તો બધાના દિલથી એક જ સૂર નીકળે, ''વંદે માતરમ્'', ''વંદે માતરમ્''. આપણા પૂર્વજોના અનુભવોનો નિચોડ હૃદયની ગહનતા અને અસીમ સંવેદનાઓ સાથે લયમાં પરોવાઇએ ત્યારે ''વંદે માતરમ્''જેવી અમર રચનાઓનું સર્જન થાય છે. એટલા માટે જ ગુલામીના એ અંધકારભર્યા કાળમાં ''વંદે માતરમ્''એ માત્ર ગીત ન હતું પરંતુ ભારતની આઝાદીનો એ ગુંજારવ હતો. દેશની આઝાદી માટે દુનિયાના કોઇ પણ ખૂણે ગુપ્ત બેઠક પણ થતી હતી તો તેમાં સૌથી પહેલા ''વંદે માતરમ્''ગવાતું હતું. એક એવો વિશ્વાસ હતો કે આ ધરતીના સંતાનો પોતાની મા ભારતીના હાથોમાંથી ગુલામીની બેડીઓ તોડીને તેને આઝાદ કરશે. જેણે દેશ માટે ભેખ ધર્યો હોય તેને ધર્મ, કર્મ, વિચાર, ધ્યેય તેના પ્રાણ પણ મા ભારતીને સમર્પિત હોય છે. ''વંદે માતરમ્''માં '**तुमि विद्या, तुमि धर्म, तुमि हृदि, तुमि मर्म, त्वं हि प्राणा शरीरे, बाहुते तुमि मा शक्ति, हृदये तुमि मा भक्ति, तोमारई प्रति गड़ि मंदिरे मंदिरे.... मातरम्**।' સંસ્કૃતનો હું તો એટલો બધો જાણકાર નથી. તમે તો ખૂબ સારી રીતે જાણો છો એમ શ્રી જીતુભાઇએ કહ્યું.

અધ્યક્ષશ્રી : હું પણ સંસ્કૃત ભણ્યો નથી. પરંતુ મને સંસ્કૃત બહુ ગમે છે.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, તુમ્હી વિદ્યાનો મતલબ શું છે? જ્ઞાનનો સ્ત્રોત્ર આ માતૃભૂમિ છે. જે શીખીએ છીએ, જે સંસ્કાર મેળવીએ છીએ તે આ ધરતી આપે છે. તુમ્હી ધર્મ, આ ધર્મનો અર્થ પંથ નથી. અહીં ધર્મ એટલે કર્તવ્ય, સત્ય અને નૈતિકતા, આ ધરતી જ અમને કર્તવ્યનો માર્ગ શીખવે છે. તુમ્હી હૃદય, તુમ્હી મર્મ. દેશ માત્ર સરહદોનો નકશો નથી. તે અમારી લાગણીઓનું કેન્દ્ર છે, અમારા અસ્તિત્વનું મૂળ છે. ત્વંમ હિ પ્રાણા શરીરે, જેમ શરીરમાં પ્રાણ વગર જીવન નથી તેમ દેશ વગર આપણી કોઇ ઓળખ નથી. પછી કવિ કહે છે કે બાહુતે તુમ્હી મા શક્તિ, અમારી શક્તિ, હિંમત અને પરાક્રમ દેશમાંથી જ આવે છે. હૃદયે તુમ્હી મા ભક્તિ, દેશપ્રેમ કોઇ રાજકીય સૂત્ર નથી. તે હૃદયમાં ભક્તિ છે. તોમારઇ પ્રતિમા ગડિ મંદિરે મંદિરે, એનો અર્થ થાય છે કે દેશને દેવ તત્ત્વના સ્તરે માન આપવામાં આવ્યું છે. આ પૂજા કોઇ નથી, આ રાષ્ટ્ર પ્રત્યેના આદરની અભિવ્યક્તિ છે. આટલા ઉચ્ચ વિચારો સાથે જે રાષ્ટ્રને જગાડવાનું અદભૂત ગીત લખાયું હતું એ ગીતનો વિરોધ કરવો એટલે દેશદ્રોહથી ઓછું ગણી શકાય નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, તમે જેઓ આ ગીત ભલે ગુલામીના સમયમાં રચાયું પણ તેના શબ્દો ગુલામીના પડછાયામાં કેદ ના રહ્યાં. તે હંમેશાં આઘા અને અમર રહ્યા. તેની પ્રથમ પંક્તિ જુઓ, ''સુજલામ્ સૂફલામ્ મલયજશીતલામ શસ્યશ્યામલામ માતરમ્'' એટલે કે પ્રકૃતિના દિવ્ય વરદાનથી શોભતી આપણી આ માતૃભૂમિને વંદન. આજ તો આપણા ભારતની હજારો વર્ષ જૂની અસલ ઓળખ છે. અહીંની પવિત્ર નદીઓ, અડીખમ પહાડો, ઘટાદાર વનો અને અહીંની ફળદ્રુપ માટી. આ ધરતીમાં હંમેશા સોનું પકવવાની તાકાત રહી છે. જ્યાં પથ્થર પણ પૂજાય છે. જ્યાં નદીઓ માતા કહેવાય છે એવા પાવન ભારત દેશની ગાથા આખી દુનિયા ગાય છે. જ્યારે બંકીમ બાબુએ ''વંદે માતરમ્''ની રચના કરી ત્યારે વિદેશી આક્રમણકારોની લૂંટફાટ અને અંગ્રેજોની શોષણકારી નીતિઓના કારણે તે સમયે આપણો દેશ ગરીબી અને ભૂખમરાની ચૂંગાલમાં હતો. એક તરફ દર્દ, વિનાશ અને શોકનો માહોલ હતો. બધુ જ ડૂબતું નજરે પડતું હતું તેમ છતાં એ બંકીમ બાબુએ એ કપરાકાળમાં સમૃધ્ધ ભારતનું આહવાન કર્યું. કારણ કે તે અતૂટ વિશ્વાસ હતો. મુશ્કેલીઓ ભલે ગમે તેટલી હોય ભારત પોતાના સુવર્ણકાળને પુનર્જીવિત કરવાની તાકાત ધરાવે છે અને એટલે જ તેમણે શંખનાદ કર્યો અને એ શંખનાદ હતો ''વંદે માતરમ્'' ખુમારી જેની નસોમાં છે, હૃદયમાં રાષ્ટ્રભક્તિ છે, ભારતીયો પાસે શૂન્યમાંથી સર્જન કરવાની શક્તિ છે. ગુલામીના એ સમયમાં અંગ્રેજો ભારતને પછાત ગણાવીને પોતાની હકુમતને યોગ્ય ઠેરવતા હતા ત્યારે આ ગીતની પ્રથમ પંક્તિએ એ દુષ્પ્રચાર કરનારાના પાયા હચમચાવી નાંખ્યા. ''વંદે માતરમ્'' માત્ર આઝાદીનું ગીત જ ના બન્યું પણ આઝાદ ભારત કેવું હશે તેનું ''સુજલામ્ સૂફલામ્''જેનું સ્વપ્ન કરોડો દેશવાસીઓની આંખોમાં અંજાયું. અત્યારે આપણને આ ગીતની અસાધારણ યાત્રાને જણાવવાની તક મળી. સન ૧૮૭૫માં જ્યારે બંકીમ બાબુએ ''બંગ દર્શન''માં આ ગીત પ્રકાશિત કર્યું ત્યારે કદાચ કોઇને લાગ્યું હશે કે આ તો માત્ર ગીત છે પણ જોત જોતામાં એ કરોડો જનતાનો અવાજ બની ક્રાંતિકારીઓની જીભ પરનો મંત્ર બની ગયો. આઝાદીની લડાઇમાં ભાગ્યે જ એવો કોઇ આશય હશે જેની સાથે ''વંદે માતરમ્'' જોડાયેલું ના હોય. સન ૧૯૦૫માં જ્યારે અંગ્રેજોએ બંગાળના ભાગલા પાડી દેશને વેચવાનો ખતરનાક પ્રયોગ કર્યો ત્યારે ''વંદે માતરમ્'' એ મનસૂબાઓની સામે ચટ્ટાન બનીને ઊભું રહ્યું અને બંગાળના ભાગલા પડતા રોકી શક્યા ત્યારે રસ્તાઓ ઉપર એક જ અવાજ અને ગૂંજ હતી ''વંદે માતરમ્'' ''વંદે માતરમ્''. વર્ષ ૧૯૨૨ના અધિવેશનમાં જ્યારે આંદોલનકારીઓ પર ગોળીઓ ચાલી ત્યારે પણ તેમના હોઠ પણ એક જ શબ્દ હતો ''વંદેમાતરમ્'' વીર સાવકરકર જેવા સેનાનીઓ વિદેશમાં રહીને આઝાદી માટે લડતા હતા અને પરસ્પર મળતા ત્યારે તેમનું અભિવાદન હતું ''વંદે માતરમ્'' કેટલાય ક્રાંતિકારીઓએ ફાંસીના માચડે ચઢતી વખતે જે નારો લગાવતા હતા એ નારો હતો ''વંદે માતરમ્''. પ્રાંત અલગ હતા. ભાષાઓ અલગ હતી. લોકો અલગ હતા પણ આખા દેશને જે ગીત એક તાંતણે બાંધતું હતું

એ હતું ''વંદે માતરમ્''. ગુજરાતનો પણ ''વંદે માતરમ્'', દેશભક્તિ અને આઝાદીમાં ખૂબ જ મહત્ત્વનો ફાળો રહ્યો છે. ગુજરાતની સિંહણ મેડમ કામા અને ''વંદે માતરમ્'' નો રણટંકાર એ ખાલી દેશ નહીં પણ આખી દુનિયા જાણે છે. આ ગૃહમાં જ્યારે અમુક લોકોને ''વંદે માતરમ્'' ગીત સામે *(xxx) ત્યારે મૂળ આપણા ગુજરાતના નવસારીની પારસી પરિવારની દીકરી મેડમ ભિખાઈજી કામા વર્ષ ૧૯૦૭ તારીખ ૨૨મી ઓગષ્ટ અને સ્થળ હતું જર્મનીનું સ્ટુટગાર્ટ શહેર. ત્યાં ઈન્ટરનેશનલ સોશિયાલિસ્ટ કોન્ફરન્સ ચાલી રહી હતી. દુનિયાભરના દેશો ત્યાં પ્રતિનિધિત્ત્વ કરવા આવ્યા હતા. એ વખતે એ સભા વચ્ચે ગુજરાત અને ભારતની આ સિંહણ ઊભી થાય છે અને અંગ્રેજોની આંખમાં આંખ નાંખીને મેડમ કામાએ આખી દુનિયાને ભારતમાં થતા અંગ્રેજોના અત્યાચારોની હકીકત કહી સંભળાવી. અને પછી એ ઈતિહાસ રચાયો જેની નોંધ દુનિયાએ લેવી પડે છે. લીલા, પીળા અને લાલ રંગના એ તિરંગા, બરાબર વચ્ચે દેવનાગરી લીપીમાં મોટા અક્ષરે લખેલું હતું ''વંદે માતરમ્'',''વંદે માતરમ્''. મેડમ કામાએ જે સભામાં ગર્જના કરી કહ્યું હતું, આ જુઓ, આ ભારતીય સ્વતંત્રતાનો ધ્વજ છે. આ ભારતીય સ્વતંત્રતાનો ધ્વજ એમણે જયારે બતાવ્યો, આ ધ્વજ મારા દેશના શહીદોના રકતથી પવિત્ર થયો છે અને પહેલો ધ્વજ દુનિયાને મેડમ કામાએ ઊભા થઈને કહ્યું કે મારા દેશના રાષ્ટ્ર ધ્વજને સન્માન આપો, સલામી આપો અને દુનિયાની સૌથી મોટી સોશિયાલિસ્ટ ફોરમની મિટીંગમાં દુનિયાભરના અગ્રણીઓ ઊભા થાય છે અને ''વંદે માતરમ્'' જોડેના આપણા પહેલા ધ્વજને સલામી આપે છે. એ જ રીતે શ્રી શ્યામજી કૃષ્ણ વર્માજી, આપણા જ ગુજરાતના કચ્છના, લંડનમાં એમના આવાસ ઉપર દેશના અનેક ક્રાંતિકારી–વીરોને વ્યવસ્થાઓ આપવી, ક્રાંતિકારીઓને આગળ વધારવા અને પોતાની આખી સંપત્તિ એ દેશની આઝાદી માટે આપી દેનાર શ્યામજી કૃષ્ણ વર્માજીને હું વંદન કરું છું. આપણા કચ્છમાં આવેલું ''વંદે માતરમ્'' મ્યુઝિયમ આજે પણ જોવા જેવું છે. આ મ્યુઝિયમ આબેહૂબ પાર્લામેન્ટ જેવું બનાવેલું છે. આજે પણ ગુજરાતમાં વંદે નામની અનેક યોજનાઓ ચાલી રહી છે. ગુજરાતમાં બંકિમચંદ્રજીએ જે આ ગીત લખ્યું પરંતુ ''વંદે માતરમ્'ને ક્રાંતિનું ગીત બનાવવામાં અને તેને અંગ્રેજીમાં અનુવાદ કરીને આખા દેશને, દુનિયા સુધી પહોંચાડવામાં મહર્ષિ અરવિંદ ઘોષનું બહુ મોટું યોગદાન છે. અરવિંદ ઘોષે પોતાના જીવનના અત્યંત મહત્ત્વના ૧૩ વર્ષ એ ગુજરાતના વડોદરામાં વિતાવ્યા અને ત્યાં તેમણે ''વંદે માતરમ્'' નામનું અખબાર પણ ચાલુ કરેલું હતું. આપણો રાષ્ટ્ર ધ્વજ સમય સાથે અનેક પરિવર્તનમાંથી પસાર થયો છે પણ આજે જયારે તિરંગો લહેરાય છે ત્યારે મોઢામાંથી અનાયસે નીકળે છે કે ''ભારત માતા કી જય'', ''વંદે માતરમ્''. આ ગૃહે એક પ્રયાસ કરવો જોઈએ કે આપણે સૌ લોકો હમણાં એક સાથે પ્રયાસ કરીએ '' ભારત માતા કી જય '', હવે એક બીજો પ્રયાસ કરીએ '' ઇન્ડિયા માતા કી ....માનનીય અધ્યક્ષશ્રી, આમાં ફીલિંગ જ ના આવી શકે.. 'ભારત માતા કી જય' ''વંદે માતરમ્'', આ આપણા લાખો ક્રાંતિકારીઓ જે મંત્રથી, જે નારાથી આ દેશને આઝાદ કરાવ્યો છે એની ફીલિંગ હજી પણ જેના આત્મામાં હોય એનો સૂર જરૂરથી નીકળે. હમણાં આપણે ગૃહમાં જોયું કે ભારત માતા કી જય એ ભારતીય જનતા પાર્ટીનો નારો નથી. આપણે પોતે એનાથી કિનારો કર્યો માટે એ માત્ર દેશભકતોનો નારો રહ્યો. ''ભારત માતા કી જય'' એ આપણો અધિકાર છે અને આ જયકારનો આ નારો એ જો કોઇ ભારતીય માતા કી જયનો નારો બોલેને તો એ ઉંઘમાંથી જાગી જાય. રુંવાડા ઊભા થઇ જાય. જેના પેટનું પાણી ના હલે એના માટેનો આ નારો નથી. ૧૪૦ કરોડ દેશવાસીઓ એવા તમામ નામી, અનામી અને ગુમનામ રાષ્ટ્રભકતોને શ્રદ્ધાંજલિ અર્પે છે. જેમના નામ ઇતિહાસના પાનાઓમાં કયારેય નોંધાયા નથી. આ ''વંદે માતરમ્''ની ૧૫૦ વર્ષની ઉજવણી છે એ કદાચ અનેક લોકોના નામ સાંભળ્યા હશે પણ અનેક ક્રાંતિકારી વીરો એવા હતા કે જેનું નામ ઇતિહાસના પાનાઓમાંથી ટેકસબુકમાંથી કયાંકને કયાંક નીકળી ગયું છે એ બધા જ ક્રાંતિકારી વીરો માટે આ ''વંદે માતરમ્''ની ૧૫૦ વર્ષની ઉજવણી કરીએ છીએ. કોંગ્રેસના નેતાઓએ તો ઇતિહાસના પાના સાથે છેડછાડ કરી લીધો પણ અમારી સરકાર ગુમનામ શહીદોના સન્માનમાં ''વંદે માતરમ્'' @ ૧૫૦ની ભવ્ય ઉજવણી કરી રહ્યું છે. આઝાદીની લડાઇમાં ''વંદે માતરમ્''એ સમગ્ર રાષ્ટ્રને પથ પ્રકાશિત કરવાનું કામ કર્યું હતું, પરંતુ કમનસીબે હું સભાગૃહનું ધ્યાન દોરવા માગું છું કે ૧૯૩૭માં મુસ્લિમ લીગના દબાણવશ કોંગ્રેસે અને તેમના નેતા નહેરુજી દ્વારા આ અમર ગીતના ટુકડા કરવામાં આવ્યા. જેમાં કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠકમાં મુસ્લિમ લીગના દબાણના કારણે ''વંદે માતરમ''ની ફકત પ્રથમ બે જ કડી ગાવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો. કોંગ્રેસની આ તૃષ્ટિકરણની રાજનીતિ હતી. ઇતિહાસ ગવાહ છે કે કોંગ્રેસ ત્યારથી જ તૃષ્ટિકરણ કરી રહી છે. ''વંદે માતરમ''નું આ વિભાજન માત્ર એક ગીતનું વિભાજન નહોતું પણ તે દેશના ભાગલાના બીજ હતા. દેશમાં તૃષ્ટિકરણની રાજનીતિના પાયા ત્યારથી જ નંખાયા હતા. તમે આંગળી આપી તો એમણે બાવડું પકડ્યું. ''વંદે માતરમ''ના ટુકડા થવા દીધા એટલે દેશ તોડવાની માગણી સામે આવી. તુષ્ટિકરણની કોંગેસની નીતિએ મુસ્લિમ લીગની ભાગલાવાદી માનસિકતાને પ્રોત્સાહન આપ્યું અને અંતે આપણે અખંડ ભારતનો એક હિસ્સો ગુમાવવો પડ્યો. જો કોંગ્રેસ અને નહેરુજીએ એ સમયે છાતી કાઢીને ના કહેવાની હિંમત બતાવી હોત તો કદાચ આપણા દેશના ભાગલા સુધીની નોબત ક્યારેય ના આવી હોત. નહેરુજીએ સુભાષચંદ્ર બોઝને લખેલા પત્રમાં સ્પષ્ટ લખાયું હતું કે ''આ ગીતથી મુસ્લિમો નારાજ થશે અને તેથી ''વંદે માતરમ''રાષ્ટ્રગાન માટે યોગ્ય નથી.'' માત્રને માત્ર એક સમાજ નારાજ થશે, વોટબેંકને નુકસાન થશે, તૃષ્ટિકરણનો વધારો

* આ શબ્દ અસંસદીય હોઇ અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

કરવા માટે જાણી જોઇને ''વંદે માતરમ''ને માત્ર ૨ ફકરામાં પૂર્ણ કરવાનું આ કાવતરું રચનાર બીજું કોઇ નહિ પરંતુ કૉંગ્રેસ, કૉંગ્રેસ અને કૉંગ્રેસ છે.

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, આપનો બોલવાનો સમય કેટલો છે?

શ્રી શૈલેષ મ. પરમાર : કામકાજ સલાહકાર સમિતિમાં કૉંગ્રેસ પાર્ટીને જે મિનિટ આપવાનું નક્કી કર્યું હતું. એમાંથી ૧૦ મિનિટ હું બોલીશ.

અધ્યક્ષશ્રી : માનનીય દંડકશ્રી આપ કહો.

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ : માનનીય અધ્યક્ષશ્રી, નિયમ પ્રમાણે ૬ મિનિટ થાય છે. માનનીય શૈલેષભાઇએ વાત કરી હતી અને ચર્ચા થઇ હતી તો ૬ મિનિટના બદલે ૧૦ મિનિટ કરીએ.

અધ્યક્ષશ્રી : કૉંગ્રેસ પક્ષને ૧૦ મિનિટનો સમય ફાળવીએ છીએ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, કામકાજ સલાહકાર સમિતિની મીટિંગમાં હું હાજર હતો. સરકાર ૬૦ મિનિટમાંથી ૯૦ મિનિટ કરવાની દરખાસ્ત લઇને આવી. એ દરખાસ્તને ''વંદે માતરમ''ગીતનો સંકલ્પ હતો એટલે હા પણ પાડી પણ એ હા પાડવા સાથે ૧૫ મિનિટ કૉંગ્રેસ પાર્ટીને ફાળવવી પડશે એ વાત પણ મૂકી હતી અને સરકાર એમાં સંમત થઇ હતી.

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ : માનનીય અધ્યક્ષશ્રી, જો શૈલેષભાઇ સાહેબને વધારાનો સમય જોઇએ તો પ્રસ્તાવનો સમય પાંચ મિનિટ લંબાવીએ.

શ્રી શૈલેષ મ. પરમાર : કામકાજ સલાહકાર સમિતિમાં જે નિયમ નક્કી થયો હોય, સર્વાનુમતે સંમતિ થઇ હોય એમાં સમય વધારવાની વાત ના હોય. સમય તો ૬૦ મિનિટમાંથી ૯૦ મિનિટ કરેલો જ છે.

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ : કામકાજ સલાહકાર સમિતિમાં વાત થઇ હતી. સંમતિ નહોતી થઇ.

અધ્યક્ષશ્રી : કામકાજ સલાહકાર સમિતિમાં કોને કેટલી મિનિટ આપવી એ નક્કી ના કરવાનું હોય. એ સભાગૃહનો વિષય છે.

શ્રી હર્ષ ર. સંઘવી : ''વંદે માતરમ''ની ચર્ચા કરવાની છે. એમાં ૫ મિનિટ વધારીને ૯૫ મિનિટ ચર્ચા કરી દઇએ તો શું વાંધો છે?

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, આપ બોલવાનું ચાલુ કરો. જો જરૂર પડે તો સમય લંબાવવાનો પ્રયત્ન કરીશું. અત્યારે આપ ચાલુ કરો.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી જે સંકલ્પ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

ना पुछो जमाने को, क्या हमारी कहानी है,

हमारी पहचान तो सिर्फ इतनी है, कि हम सिर्फ हिन्दुस्तानी हैं।

માનનીય અધ્યશ્રી, દેશભક્તિની ભાવના હિંદુસ્તાનીઓના લોહીમાં વહે છે. તેને યાદ કરાવવાની જરૂર નથી. તેની નસેનસમાં વહેતા રક્તના લીધે માનનીય મુખ્યમંત્રીશ્રીના "વંદે માતરમ્" ગીતને ૧૫૦ વર્ષ પૂર્ણ થયાના સંકલ્પના અનુસંધાનમાં હું ચોક્કસ કહીશ કે "વંદે માતરમ્"ની શરૂઆત એ બ્રિટિશ સામ્રાજ્યના શાસનને હલાવવા માટેનું એક ક્રાંતિકારી સૂત્ર હતું. વીસમી સદીની શરૂઆતના સ્વાતંત્ર્ય સંગ્રામનું આ સૂત્ર દેશવાસીઓની ભાવના સાથે જોડાઇ ગયેલું હતું. તે વખતના સ્વાતંત્ર્ય સેનાનીઓ, દેશવાસીઓએ ''વંદે માતરમ''ના આ સૂત્રને પોતાની આત્માનો એક અવાજ સમજીને એ અવાજ બુલંદ કેવી રીતે થાય તે ભાવના સાથે લોકો આગળ નીકળ્યા હતા. એ ગુલામ ભારતમાં ગુલામી સાથે સંકળાયેલો આપણો ભારતીય જેને જગાડવા માટે, જેને હિંમત આપવા માટે, જેનો હોંસલો વધારવા માટે આ સૂત્રનો તે વખતે ઉપયોગ કરવામાં આવતો હતો. સ્વાતંત્ર્ય સંગ્રામમાં "વંદે માતરમ્"નું આ સૂત્ર દેશવાસીઓમાં દેશભક્તિ પેદા કરવાનું મુખ્ય સૂત્ર બની ગયું હતું. બ્રિટિશ સામ્રાજ્યના એ શાસનને યાદ કરીએ તો દેશવાસીઓમાં દેશ આઝાદ થાય તે માટે સત્ય, અહિંસા, અનૈતિક અત્યાચારો સામે નૈતિક સામનો કરવાનું એક શસ્ત્ર "વંદે માતરમ્" સૂત્ર બની ગયું હતું. "વંદે માતરમ્" એટલે બ્રિટિશ સામ્રાજ્ય સામે તેની ગુલામી, પીડા, સંઘર્ષ, હિંમત, સાહસિક નૈતિક બળ પૂરું પાડનારું આ સૂત્ર. "વંદે માતરમ્" એ ભારતના લોકોની રાષ્ટ્રવાદની અભિવ્યક્તિને રાજકીય નૈતિક આશંકાઓને જોડનારું સૂત્ર બની ગયું હતું. ભારતવાસીઓને એક રહીને, એકસૂત્રમાં, એક તાંતણે, એક મણકાના માળા બનવા માટેનું "વંદે માતરમ્" સૂત્ર બની ગયું હતું. આ સૂત્રએ ભારતના લોકોના ઉત્તરાધિકાર ભારતના નિર્મળતાના રૂપમાં જોતા હતા અને આ સૂત્ર સાથે આ દેશમાં લોકો એ સૂત્રોનો અહંકાર સાથે સૂત્રનો ઉચ્ચાર કરતા હતાં. દેશને આઝાદ થયાને આજે ૭૬ વર્ષ પૂર્ણ થયા ત્યારે દેશ આઝાદ હિન્દુસ્તાનની આગવી ઓળખ બની રહ્યું છે ત્યારે આજે ૧૫૦મી જન્મજયંતીની ઉજવણીના સ્વરૂપમાં લોકસભા અને પાર્લામમેન્ટમાં આ બાબતની ચર્ચા થઇ અને એ અનુસંધાનમાં માનનીય મુખ્યમંત્રીશ્રી સંકલ્પ લઇને આવ્યા છે ત્યારે આ સંકલ્પને અમે એટલા માટે વધાવીએ છીએ કારણ કે હમણાં કહ્યું તેમ "વંદે માતરમ્" સૂત્ર એ કોઇ રાજકીય પાર્ટીનું સૂત્ર નથી. તે વખતે આઝાદી લેવા માટે દેશના નાગરિકોમાં એક દેશભાવના પેદા થાય, આંદોલન કરવા માટે તાકાત મળે તે માટેનું આ સૂત્ર હતું. આ સૂત્રના અનુસંધાનમાં "વંદે માતરમ્"ની

થોડી ક્રોનોલોજી હું આ વિધાનસભા ગૃહ સમક્ષ મૂકવા માગું છું. માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ એમના પ્રવચનમાં ઉત્સાહ અને ઉલ્લાસ સાથે કૉંગ્રેસ પાર્ટીનો ઉલ્લેખ કર્યો છે. હું ચોક્કસ માનું છું કે, જો રાજકીય અવલોકન કરશો તો રાજકીય અવલોકનના અનુસંધાનમાં તમે ઇતિહાસને ભૂલાવી નહીં શકો. ઇતિહાસમાં લખેલા પાના તમે કોઇ વ્યક્તિ કે સૂત્ર કે સરકારે આપેલા વચનથી આઘાપાછા થઇ શકશે પણ ઇતિહાસના પાનાઓમાં જે લખેલું છે તે પાનાઓને કોઇ સંજોગોમાં મિટાવી નહીં શકો. વર્ષ ૧૮૭૫માં મહાકવિ બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયજીએ વંદે માતરમના પહેલા બે અંતરા લખ્યા હતા. વર્ષ ૧૮૮૨માં મહાકવિ બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયજીએ એક ઉપન્યાસ લખ્યું હતું. જેનું નામ હતું 'આનંદમઠ.' આ આનંદમઠમાં એમણે ''વંદે માતરમ''માં બીજા ચાર અંતરાઓનો ઉમેરો કર્યો હતો. ''વંદે માતરમ''ના ચાર અંતરા લખાયા ત્યારે એનું લેખન હિન્દીમાં નહીં પણ સંસ્કૃત અને બંગાળી ભાષાના મિશ્રણ સાથે એ વખતે કરવામાં આવ્યું હતું. ૧૯૦૫માં બંગાળના વિભાજનની વાત આવ્યા પછી બંગાળમાં જે આંદોલન થયું એ આંદોલનમાં ડૉ. રવિન્દ્રનાથ ટાગોરજીએ ''વંદે માતરમ''સૂત્રની શરૂઆત કરી. આ સૂત્ર એ સૂત્ર નહીં એક શસ્ત્ર તરીકે બાંગ્લાદેશના તમામ નાગરિકોએ હાથમાં લીધું. ભલે એ વિદ્યાર્થી હોય, ખેડૂત હોય, ડૉકટર હોય કે અન્ય કાસ્ટ કે ધર્મ સાથે જોડાયેલો હોય. તમામ ધર્મના લોકોએ શસ્ત્ર તરીકે એનો ઉપયોગ કર્યો. જે સૂત્ર હતું એ શસ્ત્ર તરીકે સમગ્ર દેશમાં પ્રચલિત થયું. એ વખતે લોકોના દિલોમાં એમ થયું કે આ સૂત્રને શસ્ત્રના સ્વરૂપમાં લઇએ અને લોકોમાં માતૃભૂમિ માટે મરી મટવાની ભાવના પેદા થઇ. જે રીતે રાજ્યના નાયબ મુખ્યમંત્રીશ્રીએ મુસ્લિમ લીગની પણ વાત કરી. આ ''વંદે માતરમ્''ગીત આવ્યા પછી સાંપ્રદાયિક રાજનીતિ ૧૯૩૦માં ઉત્પન્ન થઇ. વર્ષ ૧૯૪૨માં 'ભારત છોડો' આંદોલનની શરૂઆત થઇ ત્યારે ''વંદે માતરમ્''સૂત્રની આ ચાર લાઇનો આખા દેશમાં ગુંજી. માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ કૉંગ્રેસ પર ટકોર કરી છે. હું એમને યાદ કરાવવા માગું છું કે, ૧૯૪૬માં કલકત્તામાં કૉંગ્રેસનું રાષ્ટ્રીય અધિવેશન થયું અને આ અધિવેશનમાં ''વંદે માતરમ્''ગીતનો પ્રસ્તાવ લાવવામાં આવ્યો. ૨૮ ઓક્ટોબર, ૧૯૪૬ના દિવસે કૉંગ્રેસના અધિવેશનમાં જે ઠરાવ કરવામાં આવ્યો હતો એ ''વંદે માતરમ્''ગીતને રાષ્ટ્રીય ગીત તરીકે માન્યતા આપવામાં આવી હતી. કૉંગ્રેસનું અધિવેશન મળ્યું ત્યારે આ અધિવેશનમાં મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઇ પટેલ, જવાહરલાલ નહેરુ, રવિન્દ્રનાથ ટાગોરજી અને નેતા સુભાષચંદ્ર બોઝ હાજર હતા. ત્યારબાદ રાષ્ટ્રીય ગીતનું સ્વરૂપ આપવામાં આવ્યું. દેશ આઝાદ થયા પછી ૧૯૫૦માં ભારતદેશની પ્રથમ સંવિધાન સભા મળી અને ''વંદે માતરમ્''ગીતને રાષ્ટ્રીય ગીત તરીકે જાહેર કરવામાં આવ્યું. ડૉ. રાજેન્દ્ર પ્રસાદજી એ વખતે રાષ્ટ્રપતિ હતા. ડૉ. બાબાસાહેબ આંબેડકર, મૌલાના આઝાદ, મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઇ પટેલ, સુભાષચંદ્ર બોઝ આ તમામ નેતાઓ હાજર હતા અને રાષ્ટ્રીય ગીત તરીકે આ ગીતને માન્યતા આપવામાં આવી અને રાષ્ટ્રીય ગીત તરીકે ઘોષિત કરવામાં આવ્યું. ભારતીય જનતા પાર્ટીના એ વખતના જનસંઘના નેતા શ્યામાપ્રસાદ મુખરજી પણ સંવિધાન સભામાં ઉપસ્થિત હતા અને માન્યતા આપવામાં આવી હતી. આમ જે રીતની રાજકીય વાત કરીને ગેરમાર્ગે દોરવાની વાત છે. ''વંદે માતરમ્''એ શસ્ત્ર છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા સભ્યશ્રીઓની મિનિટમાંથી એક મિનિટ કાપી લેજો. વંદે માતરમ સૂત્ર એ શસ્ત્ર બન્યું એ શસ્ત્રનો જો તમે ઉપયોગ કર્યો હોત તો અક્ષરધામ ઉપર હુમલો ના થયો હોત, એ શસ્ત્રનો જો તમે ઉપયોગ કર્યો હોત તો પાર્લામેન્ટ ઉપર હુમલો ના થયો હોત, એ શસ્ત્રનો જો તમે ઉપયોગ કર્યો હોત તો મુંબઇ તાજ ઉપર હુમલો ના થયો હોત, પુલવામામાં હુમલો ના થયો હોત, બાલાકોટમાં હુમલો ના થયો હોત, પહેલગામમાં હુમલો ના થયો હોત, એ શસ્ત્રનો જો ઉપયોગ કર્યો હોત તો ભારત–પાકિસ્તાનનું થયેલું યુદ્ધ અમેરિકાના કહેવાથી અટકી ગયું ન હોત. એ વાત કહેવા માગું છું અને એ શસ્ત્રનો ઉપયોગ...

અધ્યક્ષશ્રી : માનનીય ચૈતરભાઇ,

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મને એક મિનિટ આપો. અમારા સમયમાંથી લઇ લેજો.

અધ્યક્ષશ્રી : મેં તમને આપી દીધી છે. મેં આપેલા સમયમાંથી જ કહ્યું છેને?

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એક જ મિનિટમાં મારી વાત પૂરી કરું છું.

અધ્યક્ષશ્રી : હવે ના થઇ શકે. હવે માનનીય ચૈતરભાઇને આપો.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા(ડેડિયાપાડા) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના સન્માનનીય નેતા માનનીય મુખ્યમંત્રીશ્રી ''વંદે માતરમ્''નો સંકલ્પ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. જયારે દેશમાં બહારના લોકો એ ચાહે હુણ હોય કે મુગલો હોય...

અધ્યક્ષશ્રી : માનનીય ચૈતરભાઇ, આપને બે મિનિટ જ ફાળવેલ છે. આપે બે મિનિટમાં વાત કરી લેવાની છે.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, જયારે બહારના લોકોના અતિક્રમણો થયા, અંગ્રેજોએ આપણા દેશ ઉપર ૨૦૦ વર્ષ શાસન કર્યું અને અંગ્રેજો સામે જે તે વખતે સંઘર્ષો થયા એમાં ૧૮૫૭નો વિપ્લવ હોય કે એ બીજી અનેક ક્રાંતિઓ થઇ ત્યારે એ ક્રાંતિઓ પાછળ દેશના ઘણા યોદ્ધાઓએ પોતાનું યોગદાન આપ્યું હતું. માનનીય મુખ્યમંત્રીશ્રી આજે ''વંદે માતરમ્''નો સંકલ્પ લઇને આવ્યા છે ત્યારે ''વંદે માતરમ્''એ દેશના હરેક નાગરિક અને દેશના કણેકણમાં છે. આ એક ભાવના છે. આ સ્વતંત્રતાનું એક સાધન હતું, શસ્ત્ર હતું કે જેનાથી જે વખતે ગુલામી હતી ત્યારે અંગ્રેજોની સામે આખા દેશના લોકોમાં જોમ, જુસ્સો અને તાકાત વધારવાનું એક સૂત્ર હતું. જયારે દેશ આઝાદ થયો ત્યારે મધ્યરાત્રિએ તિરંગો લહેરાયો અને

ત્યાં જેટલી જનમેદની હતી એમાં ''વંદે માતરમ્''ના ગગનચૂંબી નારા ગુંજ્યા. ''વંદે માતરમ્''આખા દેશનું ગૌરવ છે. એમાં બીજી પંક્તિ "**सुजलाम सुफलाम मलयज शीतलाम**" છે એનો અર્થ એવો થાય છે કે સ્વચ્છ હવા, સ્વચ્છ પાણી, સ્વચ્છ પ્રકૃત્તિ અને સંવિધાન. દેશ આઝાદ થયા પછી લોકતાંત્રિક રીતે દેશ ચાલે એના માટે લોકતાંત્રિક સરકાર આવી, સંવિધાન બન્યું અને સંવિધાનમાં સમાનતા, બંધુતા, સ્વતંત્રતા અને બિનસાંપ્રદાયિક દેશ તરીકે નક્કી થયો. દેશમાં તમામ પ્રકારના ધર્મ નિરપેક્ષતાની વાત થઇ અને આજે પણ આપણે જોઇએ છીએ છતાં સંવિધાનનો જે ચૂસ્ત રીતે અમલ થવો જોઇએ, સંવિધાનમાં જે જોગવાઇઓ છે એ ચાહે સમાનતાની હોય, સ્વતંત્રતાની હોય કે બંધુતાની હોય, આપણું આમુખ પણ એવું કહે છે કે અમે ભારતના લોકો, આ દેશને 'અમે' તરીકે સંબોધન કરવામાં આવ્યું છે ત્યારે સંવિધાનનો અમલ થાય એ જ આજે સન્માનનીય ગૃહને હું કહું છું.

અધ્યક્ષશ્રી : માનનીય જિજ્ઞેશભાઇ, તમારી પાસે ચાર મિનિટ છે.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી(વડગામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ''વંદે માતરમ્''નો જે સંકલ્પ લઇને આવ્યા છે એમાં ''વંદે માતરમ્''ગીત ઉપરના મારા વિચારો રજૂ કરું છું.

દેશના તમામ જ્ઞાતિ અને ધર્મના લોકોએ સાથે મળી અને કોંગ્રેસ પાર્ટીના નેતૃત્વમાં આપણા સ્વતંત્રતાના આંદોલનનો પાયો નંખાયો. સ્વતંત્રતાના આંદોલનનો એક બહું ઐતિહાસિક નારો હતો– '**हिन्दु, मुस्लिम सिख, ईसाई, भारत माँ के चार सिपाई**।' આ સ્વતંત્રતાના આંદોલનમાં ભારત માતાના આ ચારેય સિપાઇઓ, હિંદુ, મુસ્લિમ, શીખ, ઇસાઇ અને બુદ્ધિસ્ટ આ તમામ જ્ઞાતિ અને ધર્મના લોકોએ અંગ્રેજ સલ્તનતની લાઠી ખાધી, છાતી ઉપર ગોળી ખાધી, કાળા પાણીની સજા ભોગવી, ૨૩ વર્ષની ઉંમરે શહિદ–એ–આઝમ ભગતસિંહે, સુખદેવ અને રાજગુરુની સાથોસાથ બલિદાન આપ્યું. આ દરેકે દરેક જ્ઞાતિ અને ધર્મના લોકોની જીભ ઉપર આ ''વંદે માતરમ્''નારો હતો. કોઇ એક સમુદાયના લોકો આ નારો લગાવ્યો નથી. હું સેલ્યુટ કરું છું, હું વંદન કરું છું અબ્દુલ રસૂલને, પંડિત જવાહરલાલ નહેરુંને, શ્રી રવીન્દ્રનાથ ટાગોરને કે દેશની સામાન્ય જનતાની કંઠે તો નારો હતો જ પણ આ એવા ત્રણ મહાપુરુષો અને નેતાઓ થઇ ગયા જે સ્વતંત્રતાના આંદોલનની એકએક રેલીમાં અને પોતાની પાર્ટીના અધિવેશનમાં પોતે નારો લગાવતાઅને પોતાની પાર્ટીની કેડરને કહેતા કે બોલો ''વંદે માતરમ્''એટલે રવિન્દ્રનાથ ટાગોરને પણ આ ક્ષણે યાદ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એક પુસ્તક થોડાંક વર્ષોમાં તૈયાર થયું છે " लहु बोलता भी है." આ પુસ્તક આ દેશની માટી માટે મુસ્લિમ સમાજે આપેલા બલિદાનોના ઇતિહાસથી તૈયાર થયેલું છે. એવા જ પુસ્તકો ખ્રિસ્તી, શીખ, ઇસાઇ અન્ય ધર્મોના લોકોએ જે જંગની આઝાદીમાં બલિદાન આપ્યા તેના માટેનું પણ છે. એટલે ''વંદે માતરમ્''ના નારા ઉપરનો અધિકાર પ્રત્યેક ભારતવાસીનો છે અને મને એ વાતનું ગૌરવ છે કે હું એ પાર્ટીનો કાર્યકર્તા અને સદસ્ય છું જે કોંગ્રેસ પાર્ટીના સિપાઇ હસતા મોઢે ''વંદે માતરમ્''નો નારો લગાવતા લગાવતા અંગ્રેજો લાઠી પણ ખાતા, ગોળી પણ ખાતા અને જેલમાં પણ જતા હું એ કોંગ્રેસ પાર્ટીનો હિસ્સો છું.

માનનીય અધ્યક્ષશ્રી, પંડિત જવાહરલાલ નહેરૂ વિશે કોમેન્ટ તો કોઇ પણ કરી શકે. ડેમોક્રેસી છે પણ પંડિત જવાહરલાલ નહેરૂ એ શખ્સ છે કે જે આઝાદીની ચળવળમાં આ દેશ માટે, મા ભોમ માટે, આ માટી માટે ટોટલ સાડા અગિયારથી બાર વર્ષ સુધી જેલમાં રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, અને છેલ્લે હું આ ગૃહ સમક્ષ એક સવાલ પૂછવા માગું છું કે, આ નારો આપણે બધા લગાવી શકીએ આ નારો કોણ ના લગાવી શકે? મારી દ્રષ્ટિએ કોઇક વ્યકિતએ સ્ત્રીઓ ઉપર બળાત્કાર ગુજાર્યો હોય તો તેનો અધિકાર ખરો આ નારો લગાવવાનો? મારી દ્રષ્ટિએ નથી. અને એ જ પ્રમાણે કહેવા માગું છું કે, *(xxx) જેનું નામ આવ્યું હોય તેનો પણ ''વંદે માતરમ્''નો નારો લગાવવાનો અધિકાર નથી. વંદે માતરમનો નારો લગાવવા માટે માતૃભૂમિ માટે સાચી તમારી નિષ્ઠા અને કમિટમેન્ટ હોવું જોઇએ. એ માણસો આ દેશની જે શંસાધન પૂંજીપતિઓ લૂંટી રહ્યા છે હું નથી માનતો તેમનો પણ વંદે માતરમનો અધિકાર છે. ''વંદે માતરમ્''નો નારો લગાવવાનો સાચો અધિકાર આ દેશના ખેડૂતો અને શ્રમજીવીઓનો છે.

શ્રી જગદીશ વિશ્વકર્મા(નિકોલ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ ''વંદે માતરમ્''ના ૧૫૦મી વર્ષગાંઠ નિમિત્તે જે અંગે જે સંકલ્પ લઇને આવ્યા છે તેમાં હું મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતના રાષ્ટ્રગીત ''વંદે માતરમ્''ના નિર્માણને જયારે દોઢસો વર્ષ પૂર્ણ થયા છે તે નિમિત્તે દેશના યશસ્વી પ્રધાનમંત્રી માનનીય મોદી સાહેબના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્ર વ્યાપી આ ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે તે બદલ એમને લાખ લાખ અભિનંદન આપું છું. ''વંદે માતરમ્''એ માત્ર બે શબ્દો નથી કે સામાન્ય નારો નથી તે દેશની આત્મા અને ભારતની એક ઓળખ છે. આજે ''વંદે માતરમ્''નું ૧૫૦મું વર્ષ અને તેના રચયિતા બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયના જન્મનું ૧૮૮મું વર્ષ ચાલી રહ્યું છે ત્યારે આજના દિવસે આ ''વંદે માતરમ્''ના રચયિતા બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયને સ્મરણ કરી અને તેમને વંદન કરીએ.

---

* આ શબ્દો આક્ષેપાત્મક હોઇ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગીત એક એવા સમયે રચાયું કે જયારે ૧૮૫૭માં સ્વતંત્ર સંગ્રામ પછી જયારે આખા દેશમાં બ્રિટિશ સામ્રાજય હતું. ભારતીયો ઉપર વિવિધ દબાણો, અન્યાય લાવી રહ્યું હતું અને તે સમયગાળા દરમિયાન આ બ્રિટિશ રાષ્ટ્રગીત, ''ગોડ સેવ ધ ક્વિન'' ભારતના દરેક ઘરમાં ફેલાવવાનું જયારે ષડયંત્ર ચાલી રહ્યું હતું ત્યારે બ્રિટિશરોએ ૧૮૫૭માં પછી અનુભવ્યું કે તેમના માટે ભારતની અંદર તે લાંબા સમય સુધી રહેવું તે મુશ્કેલ બનશે અને અંગ્રેજોને લાગ્યું કે જયાં સુધી ભારતનું વિભાજન ન થાય ત્યાં સુધી ત્યાંના લોકોને અંદરો અંદર લડાવવામાં ના આવે ત્યાં સુધી શાસન કરવું અશકય છે અને બ્રિટિશરોએ ભાગલા પાડી અને રાજ કરોની નીતિ અપનાવી અને માર્ગ પસંદ કર્યો અને બંગાળમાં એની પ્રયોગશાળા બનાવી. ૧૮૫૭ની એ અક્ષય નોમના દિવસે ગીતકાર બંકીમ બાબુએ ''વંદે માતરમ્''ના ગીતની રચના કરી અને આ શબ્દો એ આઝાદ ભારતનો મંત્ર બની ગયો. ''વંદે માતરમ્'', ''વંદે માતરમ્''. ૧૫૦ વર્ષ પહેલાં પ્રગટેલા આ પવિત્ર શબ્દોએ એ ભારતની સૌથી ઉંડી, એ હિમાલયની પણ ઉંચી સનાતન ધર્મની એ સભ્યતાના મૂળમાંથી પ્રગટેલ એ વંદે મંત્ર જ હતો. આપણા અર્થવેદની એક ઉકિત ગાય છે " માતા ભારત હે મા, હું ધરતીનો પુત્ર છું. ૧૮૫૭માં જ્યારે એક દીકરીએ જયારે બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયજીને એક પ્રશ્ન પૂછયો કે આ ભારત માતા એટલે શું છે ? અને ત્યારે બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયજીએ જે જવાબ આપ્યો હતો ભારત માતા એટલે સુજલામ્ સુફલામ્ મલયજ શીતલામ્, શસ્ય શ્યામલામ્ માતરમ્ એ છે ''વંદે માતરમ્''અર્થાત ભારત માતા. અર્થાંત ભારત માતા. આપણે જાણીએ છીએ અને આશ્ચર્ય છે કે ''વંદે માતરમ્'' રચાયું એ પહેલા આ ભારત માતાનું કોઇ ચિત્ર ન હતું. ''વંદે માતરમ્''ગીતમાં ભારત માતાનું જે વર્ણન થયું છે. એવુ સુંદર શબ્દચિત્ર આલેખાયેલું છે અને ચિત્રકારોએ આ ગીત ઉપરથી ભારત માતાનું ચિત્ર બનાવવાની પ્રેરણા મળી. ''વંદે માતરમ્''થી પ્રેરિત થઇ ગુજરાતી ચિત્રકાર શ્રી મદનલાલ ત્રિવેદીએ હિન્દુસ્તાનના નકશાને હિન્દની દેવી કલ્પી અને એક સુંદર ચિત્ર તૈયાર કર્યું. જેની લાખો નકલો દેશભરમાં પ્રસરતા ''વંદે માતરમ્''દેશમાં અત્ર તત્ર સર્વત્ર પ્રજાના હૃદયમાં સ્થાન પામ્યું છે એ કલાકાર પણ ગુજરાતી હતા. ''વંદે માતરમ્''માં સુજલામ્ સુફલામ્ મલયજ શીતલામ્, શસ્ય શ્યામલામ્ વંદે માતરમ્ અર્થાત હે ભારતમાતા હું તને વંદન કરું છું. પાણીથી ભરપૂર, ફળદ્રુપ, મલય પર્વતમાંથી આવતા ઠંડા અને શીતળ પવન, લીલા ખેતરોથી ભરપૂર, શ્યામ વર્ણવાળી માતા હું તને વંદન કરું છું. આપણી ભારત માતા હોય એનું વર્ણન દર્શાવવામાં આવ્યું છે. વિશ્વ માતાનું આહવાન કરીને જ્યારે ''વંદે માતરમ્''ગાનમાં શબ્દશઃ કરવામાં આવ્યું. બંકિમ બાબુએ મંત્રરૂપી ભવિષ્યવાણી પણ સાચી પાડી. ''વંદે માતરમ્''એ ભારતનું રાષ્ટ્રગીત નહીં સ્વતંત્રતા ચળવળનો આત્મા બની રહેશે. ''વંદે માતરમ્''ની મજબૂત રાષ્ટ્રવાદી ભાવના અને પ્રેરણાવાદી અસરને બ્રિટિશ સરકારે આ ગીતના ઉપયોગ ઉપર પ્રતિબંધ મૂક્યો ત્યારે ખુદીરામ બોઝ, રામપ્રસાદ બિસ્મિલ્લા, રોશનસિંહ, મદનલાલ ઢીંગરા, અશરફઉલ્લાખાન જેવા અસંખ્ય લોકોએ આ ''વંદે માતરમ્''ને હોઠ પર રાખીને ફાંસીના માંચડે ફંદાને સ્વીકારી લીધો હતો. આ ઘટનાને ક્યારેય ભૂલી શકાય નહીં. દેશની ૧૪૦ કરોડ જનતા અને યુવાનો ક્યારેય આ બલિદાનને નહીં ભૂલી શકે. આવા અસંખ્ય લોકોએ, શ્રી અરવિંદ ઘોષ બરોડા રાજ્યની નોકરી છોડી બંગાળ ગયા અને વંદે માતરમના એક સામયિકના સંપાદક થયા. આ ગીતના પધમાં અને ગધમાં અંગ્રેજી અનુવાદ શ્રી અરવિંદ ઘોષે કર્યો અને યુવાનોને વંદે માતરમ્ ગાવાની પ્રેરણા આપી હતી ત્યારે હું ચોક્કસ કહીશ કે,

शुभ्र–ज्योत्स्ना पुलकित–यामिनीम्,
फुल्ल–कुसुमित द्रुम–दल–शोभिनीम्,
सुहासिनीम् सुमधुर–भाषिणीम्,
सुखदाम् वरदाम् मातरम्।
वन्दे मातरम्।

અર્થાંત શુભ્ર ચાંદનીની પ્રકાશિત રાત્રિઓમાં આનંદિત થતી ખીલેલા ફૂલો અને વૃક્ષોના પાનથી શોભિત મધુર હાસ્યવાળી મીઠી વાણીવાળી સુખ અને વરદાન આપનારી માતા હું તને વંદન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માતૃભૂમિની સુંદરતા, માતૃભૂમિના વર્ણનના આ શબ્દો દેશભક્તિ, માતૃભૂમિ પ્રત્યેનો રાષ્ટ્રપ્રેમ જગાવવા માટે આખું વંદે માતરમ્ લખાયું હતું. શાસ્ત્ર એ બહુ સાચી વાત કરી છે કે ત્રણ બાબતો જીવનમાં ક્યારેય ન ભૂલવી જોઇએ: આપણી પોતાની માતા, જનેતા કે જેણે આપણને જન્મ આપ્યો, બીજી ભારતમાતા, માતૃભૂમિ અને ત્રીજું આપણી માતૃભાષા. આપણી રાષ્ટ્રભાષા જેનું આપણને સૌને ગૌરવ હોવું જોઇએ. વિશ્વમાં ભારત એક માત્ર દેશ છે કે જેને ભારતમાતા કહીએ છીએ. વૈદિક કાળથી ભારતમાતાના લોકો માતૃત્વના સ્વરૂપમાં આ રાષ્ટ્રની જ્યારે પૂજા કરે છે ત્યારે આપણે એનાં બાળકો છીએ. આપણે એના સંતાનો છીએ. આ ભૂમિ જ એના જન્મ પછી એનું પાલન–પોષણ કરે છે અને આજે આપણે ભારતમાતાને માતૃભૂમિ કહી અને નમન કરીએ છીએ. જ્યારે દેશના યશસ્વી પ્રધાનમંત્રી પહેલી વખત ચૂંટાઇ અને દિલ્હી ગયા ત્યારે લોકસભામાં જતાં પહેલાં ત્યારે ત્યાં માથુ નમાવીને એના ચરણોમાં વંદન કર્યા હતાં . આજે ભારતમાં કોઇ રાજકીય પક્ષનું નેતૃત્વ કરતાં હોય એને પણ શીખવું જોઇએ કે ભલે આજે ભારતની અંદર કોઇ પણ રાજકીય પક્ષમાં જે નેતૃત્વ કરે છે, શ્રી શૈલેષભાઇ, એમણે શીખવું જોઇએ કે ભલે પોતાના માતા વિદેશી કૂળના હોય, જે ધરતી પર પગ મૂકે છે એ માતૃભૂમિ આપણી છે. તમે એના ઉપર પગ મૂકીને ઊભા થાઓ છો. અહીંનું ખાનારા તમામ ભારતવાસીઓએ સ્વીકારવું જોઇએ કે આ દેશ આપણા

ફાલ્ગુન ૦૪, ૧૯૪૭ શાકે

માન.મુખ્યમંત્રીશ્રીનો સરકારી સંકલ્પ (નિયમ–૧૨૦)

સૌના માટે એક માતા છે. હું આ સમયે સૌને પ્રાર્થના કરું છું કે, માઁ પ્રત્યે નફરત અને તિરસ્કાર, કોઇ ખોટો તર્ક કે જૂઠ્ઠી બુદ્ધિમાં પણ હોય તો એ છોડી દેજો. વંદે માતરમ્ ગાનનો સ્વીકાર કરી તમે મુક્ત મને ગાજો. માઁ માટે બીજું કશું જ ન કહી શકું. **કોટિ–**

કોટિ કણ્ઠ કલ–કલ નિનાદ–કરાલે,

કોટિ–કોટિ ભુજૈર્ધૃત ખર–કરવાલે,

કે બોલે માઁ તુમિ અબલે?

બહુ–બલ–ધારિણીં નમામિ તારિણીમ્,

રિપુ–દલ–વારિણીં માતરમ્।

વન્દે માતરમ્।

''વંદે માતરમ્'' અર્થાત્ કરોડો કંઠોમાંથી ગુંજરાવ કરતી કરોડો ભાવમાં તિક્ષ્ણ તલવાર ધરાવીને નિર્મળ લાગણી ધરાવીને અપાર બળ ધારણ કરનારી દુશ્મનના સમૂહને ડરાવનારી તારણહારી માતા હું તને નમન કરું છું, નમન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં શ્રી શૈલેષભાઇ કહેતા હતા કે આ મુંબઇનો હુમલો ના થયો હોત. આ મુંબઇનો હુમલો જે થયો એ આતંકવાદીઓએ અને એ વખતે કસાબને માફીના પ્રયાસ કોણે કર્યા હતા? એ વખતે કોંગ્રેસનું રાજ હતું. એ તમારે ભૂલવું ના જોઇએ. આપણા યુવાનોમાં જોશ પૂરતી આપણી સરહદોના રક્ષકોને આશીર્વાદ પૂરા પાડે છે ત્યારે એટલે જ કહેવાયું છે કે,

''इस मिट्टी को तिलक करो, ये धरती है बलिदान कि।''

કોંગ્રેસ અને અન્ય વિપક્ષ દ્વારા વર્ષ ૧૯૨૩માં કાકીનાડામાં યોજાયેલા કોંગ્રેસ અધિવેશનમાં પંડિત વિષ્ણુ દિગંબર પુરસ્કૃતને એ ''વંદે માતરમ્'' ગાવા માટે જ્યારે આમંત્રણ આપવામાં આવ્યું હતું. પરંતુ તે સમયના કોંગ્રેસના પ્રમુખ મૌલાનાઅલી અહેમદે ધાર્મિક આધાર પર વાંધો ઉઠાવતા કહ્યું કે, ઇસ્લામમાં સંગીત પર પ્રતિબંધ છે. જે ''વંદે માતરમ્'' મહાત્મા ગાંધીએ સને ૧૯૦૫માં રાષ્ટ્રગીત તરીકે જોયું હતું. દેશ અને વિદેશમાં એક ભારતીય માટે અપાર શક્તિનો સ્ત્રોત હતું. પછી છેલ્લી સદીમાં ગંભીર અન્યાય સહન કરવો પડ્યો. ''વંદે માતરમ્''સાથે આવો વિશ્વાસઘાત શેના માટે થયો? આવો અન્યાય શેના માટે કરવામાં આવ્યો? કઇ શક્તિઓ એવી પ્રબળ હતી કે તેઓ પૂજ્ય બાપુની લાગણીઓ ઉપર હાવી થઇ ગઇ? આ કોંગ્રેસના મિત્રોને આજે પૂછવા માગું છું. આપણે ''વંદે માતરમ્''ના ૧૫૦મી વર્ષની જ્યારે ઉજવણી કરીએ છીએ ત્યારે આ યુવા પેઢીને ઇતિહાસ સમજવો પડશે કે કોંગ્રેસ પાર્ટીએ ''વંદે માતરમ્''નો વિરોધ કેટકેટલો આજદિન સુધી કર્યો છે. ''વંદે માતરમ્''ના વિરોધથી મુસ્લિમ લીગની રાજનીતી તીવ્ર બની હતી ત્યારે મહંમદઅલી ઝીણાએ તા.૧૫મી ઓકટોબર ૧૯૩૭ના રોજ લખનઉથી ''વંદે માતરમ્'' વિરુદ્ધ નારા લગાવ્યા હતા. ઝીણાના વિરોધમાં માત્ર પાંચ દિવસ પછી તા.૨૦મી ઓક્ટોબર ૧૯૩૭ના રોજ નેહરુએ નેતાજી સુભાષચંદ્ર બોઝને પત્ર લખ્યો હતો જેમાં ઝીણાની લાગણી સાથે સંમતિ વ્યક્ત કરી હતી. આજના વિધાનસભાના તમામ સભ્યોને હું કહેવા માગું છું કે, નીચે ઉતરીને પ્રજા વચ્ચે જાવ ત્યારે ચોક્કસ કહેજો કે ''વંદે માતરમ્'' ગીતનો વિરોધ નહેરુએ કેટલો કર્યો હતો. ''વંદે માતરમ્'' આનંદમઠની પૃષ્ઠભૂમિ મુસ્લિમોને ચીડવી શકે છે. આ પત્ર નહેરુજીએ રાઇટિંગમાં લખ્યો હતો. નહેરુના એ શબ્દો ટાંકુ તો ''વંદે માતરમ્'' ગીતની પૃષ્ઠભૂમિ મેં વાંચી છે મને લાગે છે કે પૃષ્ઠભૂમિએ મુસ્લિમોને ઉશ્કેરી શકે છે. આ પછી કોંગ્રેસ તરફથી એક નિવેદન આવ્યું કે તા.૨૬મી ઓક્ટોબર, ૧૯૩૭ના દિવસે કોંગ્રેસ વર્કિંગ કમિટીએ ''વંદે માતરમ્'' ગીતના ઉપયોગની સમીક્ષા કરવા તાત્કાલિક કલકત્તામાં મળશે. સમગ્ર રાષ્ટ્ર સ્તબ્ધ અને આઘાતમાં હતું અને દેશના વડાપ્રધાન નહેરુજી આ કેવો પત્ર લખી રહ્યા છે? દેશભરના ભક્તોએ સવારના સરઘસનું આયોજન કરીને ''વંદે માતરમ્'' ગાઇને આ પ્રસ્તાવનો વિરોધ કર્યો હતો. દુર્ભાગ્યવશ તા.૨૬મી ઓક્ટોબર, ૧૯૩૭ના રોજ મુસ્લિમ લીગના નેતાને ખૂશ કરવા માટે ૧૯૩૭ ''વંદે માતરમ્'' સુવર્ણ જયંતી પર જવાહરલાલ નહેરુએ આ બંને અંતરાઓમાં એ મર્યાદિત કર્યું હતું. આ ''વંદે માતરમ્'' ની મહિમાને રોકવાની શરૂઆત કરી હતી. આ કાર્યક્રમ તૃષ્ટિકરણની રાજનીતિ સુધી પહોંચ્યો છે જેણે આ દેશના વિભાજનનો માર્ગ મોકળો કર્યો હતો. ''વંદે માતરમ્'' ને મર્યાદિત કરવાનો નિર્ણય જો ના લીધો હોત તો દેશનું વિભાજન પણ થયું ના હોત. આવા એનક પ્રસંગો થકી કોંગ્રેસ પક્ષ અને નેતાઓની ''વંદે માતરમ્'' પ્રત્યેની અસહિષ્ણુતા સ્પષ્ટ થાય છે. ૫૦ વર્ષ પછી પણ ''વંદે માતરમ્'' ના ૧૦૦ વર્ષ પૂરાં થયાં હતાં, ત્યારે કોંગ્રેસને સૂઝ ના પડી કે ૧૦૦ વર્ષ પૂરાં થયાં છે ત્યારે લાવો એની સન્માનપૂર્વક વાત હોય, કારણ કે એ વખતે એમના વડાપ્રધાન દ્વારા કટોકટી સ્થાપી દેવામાં આવી હતી. એમના જ વડાપ્રધાન દ્વારા લાખો વિપક્ષી કાર્યકર્તા અને સમાજના સેવકોને જેલમાં બંધ કરી દેવામાં આવ્યા હતા. અખબારો ઉપર તાળાં મારી દેવામાં આવ્યાં હતાં. આકાશવાણીમાં ઘણા બધા કલાકારોના અવાજ બંધ કરી દેવામાં આવ્યા હતા. ''વંદે માતરમ્''ના સો વર્ષ જ્યારે થયા ત્યારે આખો દેશ એક એક બંદી શિબિર બની ગયો હોય, દુઃખની વાત એ છે કે કોંગ્રેસની નીતિઓ આજે પણ બદલાઇ નથી. સન ૨૦૧૭માં એ.આઇ.એમ.આઇ.એમ. ના નેતા અકબર ઔવેસીએ શાળાના વિદ્યાર્થીઓ માટે ''વંદે માતરમ્'' ગાવાનું ફરિજયાત બનાવતા આ પરિપત્રને રદ કરવાની માગણી કરી. તેલંગાણામાં કોંગ્રેસ સરકારે જણાવ્યું કે શાળાઓની અંદર ''વંદે માતરમ્''ગાવાનું

ફરજિયાત બનાવવામાં આવશે નહીં. સન ૨૦૧૯માં મધ્યપ્રદેશની કોંગ્રેસ સરકારે સચિવાલયની અંદર આ ''વંદે માતરમ્'' ગાવા ઉપર પ્રતિબંધ મૂકયો. જે કોંગ્રેસ પાર્ટીના અધિવેશનની શરૂઆત ગુરુદેવ ટાગોરે ''વંદે માતરમ્'' ગાઇ કરાવવામાં આવતી તે જ ''વંદે માતરમ્''ની જયારે લોકસભામાં ચર્ચા થઇ ત્યારે ગાંધી પરિવારના સભ્યો ત્યાંથી ગાયબ હતા. કેટલાક મુસ્લિમ નેતાઓ કહે છે કે માતાની સ્તુતિ છે એ એટલે અમે આ ગાન નહીં ગાઇએ. આજે આ લોકોને મારે એટલો જવાબ આપવો છે કે શું તમને તમારી માતા માટે કોઇ લાગણી નથી? તમારી જીવનદાતા માટે કોઇ ભાવના નથી? તમારું લાલન પાલન કર્યું એના માટે તમારા મનમાં કોઇ પ્રેમ નથી? અમને અમારી મોં માટે લાગણી છે, અ ભૂમિ પણ અમારા સૌની છે. એણે આપણું લાલન પાલન કર્યું છે. મોંની સ્તુતિ ''વંદે માતરમ્'' કેમ આપણે ના કરીએ? જગતનો કોઇ ધર્મ પોતાની મોંની વંદના કરવાની ના નથી પાડતો. હું કહીશ.

तुमि विद्या तुमि धर्म, तुमि हृदि तुमि मर्म।
त्वं हि प्राणाः शरीरे, बाहुते तुमि मा शक्ति।
हृदये तुमि माँ भक्ति,
तोमारेई प्रतिमा गढ़ि मन्दिरे–मन्दिरे।
वन्दे मातरम्।

''વંદે માતરમ્'' અર્થાત તું જ જ્ઞાન છે, તું જ ધર્મ છે, તું જ હૃદય છે, તું જ આત્મા, તું જ મરહમ છે. તું જ શરીરમાં પ્રાણ છે, બાહોમાં તું જ શકિત છે, હૃદયમાં તું જ ભકિત છે, તારી પ્રતિમા દરેક મંદિરમાં બનેલી છે. માં ભારતીની સર્વવ્યાપક સર્વશકિત અને સર્વજ્ઞતા સ્થાપેલી છે ત્યારે રવિન્દ્રનાથ ઠાકુરે તેમના લાગણીસભર પ્રવચનમાં કહ્યું હતું કે ''વંદે માતરમ્'' દરેક કંઠમાંથી ઉચ્ચારીત થઇ અને દેશના ખૂણે ખૂણે તેનો પ્રતિઘોષ થયો, ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડો. રાજેન્દ્રપ્રસાદે સન ૧૯૫૦માં ''વંદે માતરમ્''ને રાષ્ટ્રગીતનો જયારે દરજ્જો આપ્યો અને મારે કહેવું છે કે ખાદ્ય સંકટ દરમિયાન ''વંદે માતરમ્''ની ભાવના હતી એટલે ખેડૂત રાષ્ટ્રના અનાજના ભંડાર ભરવા માટે પ્રેરીત હતા. જયારે ભારતે સ્વતંત્રતાને કચડી નાખવાનો પ્રયાસ કર્યો અને ત્યારે ''વંદે માતરમ્''નું જોમ હતું. જયારે કટોકટી લાદવામાં આવી ત્યારે ''વંદે માતરમ્''ની શકિત હતી. આ રાષ્ટ્રને ઊભા કરવા અને બહાર લાવવા માટે સક્ષમ શકિત હતી. જયારે પણ દેશ ઉપર યુદ્ધ થયા અને ત્યારે આ ''વંદે માતરમ્''ની ભાવનાએ સૈનિકોને સરહદ ઉપર મક્કમ રાખવા માટેની એક પ્રેરક શકિત હતી. ''વંદે માતરમ્''એ આ રાષ્ટ્રની શકિત છે. એ ઊર્જાનો શકિતશાળી પ્રવાસ છે અને દેશને લાગણી સાથે જોડે છે. ચેતનાનો પ્રવાહ છે, અખંડ સંસ્કૃતિના પ્રવાહનું પ્રતિબિંબ છે અને પ્રગતિને આગળ ધપાવે છે. આ ''વંદે માતરમ્'' એ એક જ શબ્દમાં કેટલો ભાવ છે, કેટલી ઊર્જા છે, સહજભાવે આપણે મોં ભારતીનો વાત્સલ્ય અનુભવ કરાવે છે. આપણને મા ભારતીના સંતાનો તરીકે જવાબદારીનો બોજ કરાવે છે. જો કઠણાઇનો સમય હોય ત્યારે ''વંદે માતરમ્''નો ઘોષ ૧૪૦ કરોડ ભારતીઓને એકતાના ઊર્જાનો સંચાર કરાવે છે.

त्वं हि दुर्गा दशप्रहरणधारिणी, कमला कमलदलविहारिणी,
वाणी विद्यादायिनी, नमामि त्वाम्।

અર્થાત તું જ દુર્ગા છે, દશ પ્રકારના શસ્ત્રો ધારણ કરનારી, તું જ કમળા લક્ષ્મી છે, કમળના પાંદડા ઉપર વિહરનારી, તું જ વાણી સરસ્વતી છે, વિદ્યા આપનારી હું તને નમન કરું છું. તને નમન કરું છું. પવિત્ર અતુલ્ય પાણીથી ફળદ્રુપ માતા છે, ''વંદે માતરમ્'' અર્થાત્ મોં સરસ્વતિ, મોં લક્ષ્મી, મોં દુર્ગાના સ્વરૂપ ભારત માતા છે. સશસ્ત્ર સજ્જનોનું રક્ષણ કરે છે અને દુર્જનોનો નાશ કરે છે. જે દુર્જનોનો નાશ અત્યાર સુધીમાં ૧૪૦ કરોડ જનતા કરતી આવી છે. સ્વદેશી અને ''વંદે માતરમ્''નો સીધો સંબંધ. અત્યારે સમગ્ર દેશમાં સ્વદેશી અભિયાન જયારે ચાલી રહ્યું છે. સ્વદેશીથી ''વંદે માતરમ્''નો સીધો સંબંધ છે. સ્વદેશી વસ્તુથી માતૃભૂમિના વિકાસ માટેનું સંસાધન ગુજરાતની આ પાવન ભૂમી ઉપર જયારે રચાયેલું છે. ૧૯૦૬માં માતૃભૂમિ ગુજરાતમાં અમદાવાદ ખાતે સ્વદેશી ચીજ–વસ્તુઓનું જ્યારે પ્રદર્શન યોજાયું ત્યારે આ ગુજરાતની ધરતી પર સૌ પ્રથમ વખત વંદે માતરમ્ ગવાયું હતું અને જ્યારે આજે આત્મનિર્ભર ભારતનું વિઝન જે દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ માનનીય શ્રી મોદી સાહેબે જોયું છે, તે આપણે સૌ સાકાર થતું જોઇ રહ્યા છીએ. રાષ્ટ્ર મેક ઇન ઇન્ડિયાના સંકલ્પ સાથે આગળ વધી રહ્યું છે ત્યારે આપણે વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતનું જે લક્ષ્યાંક દેશના યશસ્વી પ્રધાનમંત્રી માનનીય મોદી સાહેબે આપ્યું છે તેમાં સતત આપણે સૌ આગળ વધી રહ્યા છીએ. આ બધી પ્રેરણાનું બળ છે વંદે માતરમ્ , વંદે માતરમ્. ભારત ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર પહોંચનાર પ્રથમ દેશ બનેલ ત્યારે દરેક નાગરિક ગર્વથી બોલે છે, ''વંદે માતરમ્ , વંદે માતરમ્''. જ્યારે આપણે આપણી દીકરીને અંતરિક્ષમાં ટૉકનૉલૉજીથી લઇ રમત–ગમતના સુધીના ક્ષેત્રમાં સફળતાના શિખરો પર પહોંચે છે ગુંજતો મંત્ર એક જ હોય છે, ''વંદે માતરમ્, વંદે માતરમ્'' અને હમણાં શ્રી શૈલેષભાઇ આખા આતંકવાદીઓનું લિસ્ટ ગણાવતા હતા, એમાં કહું તો જ્યારે દેશના જવામર્દ સૈનિકો ઓપરેશન સિંદૂર કરતા હોય, દેશના આતંકવાદીઓને નેસ્ત નાબૂદ કરતા હોય ત્યારે દેશની ૧૪૦ કરોડ જનતા બોલે છે, ''વંદે માતરમ્, વંદે માતરમ્, વંદે માતરમ્''. સરદાર પટેલ તેમના દરેક પત્રની પાછળ લખતા હતા ''વંદે માતરમ્, વંદે માતરમ્, વંદે માતરમ્''. આ જ સરદાર સાહેબને તમે વડાપ્રધાન બનતા રોક્યા હતા અને આજે

ફાલ્ગુન ૦૪, ૧૯૪૭ શાકે

માન.મુખ્યમંત્રીશ્રીનો સરકારી સંકલ્પ (નિયમ–૧૨૦)

દુનિયાનું સૌથી મોટું સ્ટેચ્યૂ એ ભારતીય જનતા પાર્ટીની સરકારે બનાવ્યું છે. અંતમાં એવું કહીશ કે, જ્યારે અંગ્રેજોએ ''વંદે માતરમ્''પર અનેક પ્રતિબંધો લાદ્યા હતા, ત્યારે બંકિમ બાબુએ પત્રમાં લખ્યું હતું ''તમને કોઇ વાંધો નથી ને, જો આખું સાહિત્ય નદીમાં વહાવી દો કારણ કે, વંદે માતરમ્ અનંત કાળ સુધી, આજે નહીં, અનંત અનંત કાળ સુધી ''વંદે માતરમ્''સમગ્ર વિશ્વમાં ગુંજતું રહેવાનું છે. આ ગીત લોકોના હૃદયમાં સ્થાન પામ્યું છે. ભારતના પૂર્ણ નિર્માણનો મંત્ર બનશે માત્ર ''વંદે માતરમ્, વંદે માતરમ્'' આજે સ્પષ્ટ દેખાઇ રહ્યું છે. બંકિમ બાબુના શબ્દો એ સત્ય સાબિત થઇ રહ્યા છે. આજે દેશની સંસ્કૃતિ રાષ્ટ્રવાદની ભાવના સ્વીકારી આગળ વધી રહ્યું છે ત્યારે આ ''વંદે માતરમ્''નો ઉદ્ઘોષ એ ભારત માતાને વંદન છે. ભારત માતા કી જય ''વંદે માતરમ્''આ રાષ્ટ્રના સ્વની અભિવ્યક્તિ છે. વિશ્વગુરૂ પદે ભારત વિશ્વ કલ્યાણને માર્ગદર્શન આપતા જોવાનું સ્વપ્ન સાકાર થવાનો જ્યારે સમય નજીક આવી રહ્યો છે ત્યારે દેશના યશસ્વી પ્રધાનમંત્રી માનનીય મોદીજીએ કરેલ સંકલ્પ વિકસિત ભારતના સંકલ્પને આપણે સૌએ સાકાર કરવાનો છે અને રાષ્ટ્રીય શાયર ઝવેરચંદજી મેઘાણી એ કહ્યું છે કે,

''અમોને શી ખબર છે, અમારે પંથ શી આફત પડી છે.
ખબર એક છે, એટલી કે માતની હાકલ પડી છે.''

અંતમાં એટલું કહીશ કે માનનીય મુખ્યમંત્રીશ્રી સંકલ્પ લઇને આવ્યા છે. માનનીય હર્ષભાઇ પણ એમાં સૂર પૂરાવે છે એમાં મારું સમર્થન આપું છું અને અંતમાં ઋષિતુલ્ય ભારતરત્ન શ્રદ્ધેય અટલજીના શબ્દો આજે યાદ આવે છે.

भारत कोई भूमिका टूकडा नहीं, यह जीता–जागता राष्ट्रपुरुष है,
यह वंदन की धरती है, यह अभिनंदन की धरती है,
ये अर्पण की भूमि है, ये तर्पण की भूमि है,
इसकी नदी नदी में हमारे लिए गंगा है,
इस का कंकर कंकर हमारे लिए शंकर है,
हम जिएंगे तो भारत के लिए, मरेंगे तो भारत के लिए।
और मरने के बाद भी गंगा जल में बहती हुई,
हमारी अस्थियों को कान लगा कर सुनोगे,
तो एक ही आवाज़ आएगी, भारत माता की जय, वंदे मातरम् , वंदे मातरम्, वंदे मारतरम्।

અધ્યક્ષશ્રી : માનનીય મુખ્યમંત્રીશ્રી સંકલ્પમાં આપે કાંઇ કહેવું છે?

શ્રી ભૂપેન્દ્રભાઇ ર. પટેલ (મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, વંદે માતરમનો જે સંકલ્પ છે એમાં મારા સાથી નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ, શ્રી શૈલેષભાઇ, શ્રી ચૈતરભાઇ અને અમારા પ્રદેશ પ્રમુખશ્રી જગદીશભાઇએ પોતપોતાના વંદે માતરમ ઉપરના વિચારો રજૂ કર્યા છે. હું એવું કહીશ કે આ જે સંકલ્પ છે એ સર્વાનુમતે મંજૂર થાય એવી મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : સંકલ્પને મત ઉપર મૂકતાં પહેલાં હું મારી વાત કરીશ. એક તો બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયજી, સન્માનનીય ઘોષનું જે સ્વપ્ન હતું અને રવિન્દ્રનાથ ટાગોરના મુખેથી ગવાયેલું મોં ભારતીનું ગાન આ વિધાનસભા ગૃહમાં પહેલી વખત ગવાયું અને આ ગીત આઝાદીનાં આટલાં વર્ષો પછી પ્રથમવાર આપણી આ વખતની વિધાનસભાનું સત્ર ચાલુ થયું ત્યારે રાષ્ટ્રગીતથી શરૂઆત કરી એટલે આપણે સૌ આ સભાગૃહના સભ્યશ્રીઓ આ બાબતે ગૌરવ અનુભવીએ છીએ અને એ એટલા માટે શક્ય બન્યું કે તા.૭મી નવેમ્બર, ૨૦૨૫ના રોજ આપણા દેશના પ્રધાનમંત્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદીએ ''વંદે માતરમ્''રચનાની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે આખા દેશમાં કાર્યક્રમ ઉજવ્યો અને તે પછી ભારત સરકારે દરેક સરકારી કાર્યક્રમની શરૂઆત પહેલાં રાષ્ટ્રગીત તરીકે ''વંદે માતરમ્''ની શરૂઆત કરીને તેનું પૂર્ણ ફકરા સાથે સામૂહિક ગાન થાય તે પ્રમાણેનો પરિપત્ર કર્યો. આ દેશભક્તિ દેશમાં જાગૃત કરવા માટે દેશના પ્રધાનમંત્રી મોદી સાહેબે એક ઐતિહાસિક કામ કર્યું. આજે મારે એટલા માટે ઉલ્લેખ કરવો પડે કે એક સમયે તેઓ આ વિધાનસભા ગૃહના સન્માનનીય નેતા હતા અને તેમણે આ દેશના જનજનમાં દેશભક્તિ જગાડવા માટેનું જે કામ કર્યું છે તે માટે હું આ વિધાનસભા ગૃહ વતી તેમનો હૃદયપૂર્વક આભાર માનીશ અને તેમને હૃદયથી અભિનંદન પણ આપીશ. ''વંદે માતરમ્''ની રચના ત્યારે થઇ જ્યારે ટાગોરજીએ ગાયું અને સાર્વજનિક થયું પરંતુ જે સમયે લંકા વિજય કરીને જ્યારે આવવાનું હતું ત્યારે ભગવાન શ્રીરામચંદ્રજીએ **"जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी"** કહીને આપણી માતૃભૂમિ માટે વંદન કર્યું હતું. છત્રપતિ શિવાજી મહારાજે પણ મરાઠા સામ્રાજ્યની સ્થાપના કરી ત્યારે પણ એ જ મોં ભારતીને મોં ભવાની તરીકેનું વર્ણન કર્યું હતું. આઝાદી વખતે આંદામાન નિકોબારની જેલમાં વીર સાવરકરજીએ લખેલા કાવ્યોમાં પણ એ જ મોં ભારતીનું વર્ણન કર્યું છે. આટલું જ નહીં વીર ભગતસિંહ, ચંદ્રશેખર આઝાદ અને જલિયાવાલા બાગમાં અંગ્રેજોની ગોળીઓ સામે પ્રાણોની આહુતિ આપતાં આપતાં પણ વંદે માતરમ્ ,વંદે માતરમ્ એ ભારતવાસીઓ અને દરેક ક્રાંતિકારીઓ જેમણે પોતાના પ્રાણોનું બલિદાન આપ્યું છે તે બધાનો ભાવ આ જ હતો.

પૂજ્ય મહાત્મા ગાંધીજીનો સ્વદેશીનો જે ભાવ હતો તે પણ એ જ ''વંદે માતરમ્''ની વાત હતી. ''વંદે માતરમ્''એટલે એક પ્રાણશક્તિ છે. દરેકે દરેક તમે જોશો તો પણ તમને,

तुमि विद्या तुमि धर्म, तुमि हृदि तुमि मर्म।
त्वं हि प्राणाः शरीरे, बाहुते तुमि मा शक्ति।

પ્રાણ આ શરીરિ એટલે અમારા શરીરમાં રહેલો પ્રાણ માઁ તું છે. તું અમારી ભારતમાતા છે. એક એક કડીમાં જોશો તો પણ આપણને એ જ ભારતમાતા દેખાય છે. મારે સાથે સાથે બાબત પણ આજે કહેવી પડે કે શું કહી શકાય? મેઘાણીની રચનામાં પણ તમે જોશો તો ''રક્ત ટપકતી સો સો ઝોળી સમરાંગણથી આવે તો....'' તેમાં પણ એ જ વાત હતી અને નર્મદની ''યા હોમ કરીને પડો ફતેહ છે આગે...'' તેમાં પણ એ જ સ્વદેશીપણાનો પ્રાણ હતો. એ જ માતૃભૂમિનો પ્રાણ હતો અને ''વંદે માતરમ્''ગાઈએ ત્યારે રાષ્ટ્રની જય ચેતનાનું ગાન વંદે માતરમ્, રાષ્ટ્રભક્તિ પ્રેરણાનું ગાન વંદે માતરમ્, અંદરથી વાત કરતાંની સાથે વંદે માતરમ્... વંદે માતરમ્.... બોલીએ ત્યારે પણ કેવું થાય અને ક્યારેક તો ગીત ગાવાનું પણ મન થાય. બંસીના વહેતાં સ્વરોનો પ્રાણ વંદે માતરમ્, જલ્લરી જણકાર જણકે નાદ વંદે માતરમ્, શંખનો સંઘોષ ચહુદિશ વ્યાપ્ત વંદે માતરમ્, રાષ્ટ્ર ભક્તિ પ્રેરણાનું ગાન વંદે માતરમ્, વીરોના બલિદાનનો સિંહનાદ વંદે માતરમ્, રાષ્ટ્ર ભક્તિ પ્રેરણાનું ગાન વંદે માતરમ્, રાષ્ટ્ર ભક્તિ પ્રેરણાનું ગાન વંદે માતરમ્. આજે માનનીય મુખ્યમંત્રીશ્રી આ રાષ્ટ્ર ભક્તિનું ગાન અને તેના માટેનો સંકલ્પ લઈને આવ્યા છે ત્યારે હું પણ હૃદયથી ખૂબ ખૂબ રાજીપો વ્યક્ત કરું છું. તમામ સભ્યશ્રીઓએ વંદે માતરમની બાબતમાં સંમતિ બતાવી છે. આ રાષ્ટ્રીય એકતા અને દેશભક્તિ માટેનો સંકલ્પ છે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : સંકલ્પનો સ્વીકાર કરવામાં આવે છે.

(વિરામ : ૨.૩૧ થી ૩.૦૦)

માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષ સ્થાને

રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)

ઉપાધ્યક્ષશ્રી : રાજ્યપાલશ્રીના સંબોધન માટે તારીખ ૧૬મી ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ માનનીય સભ્ય શ્રી ઈશ્વરભાઇ પરમાર તરફથી જે આભાર પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે અને જેને માનનીય સભ્ય શ્રી સરદારભાઈ ચૌધરીએ અનુમોદન આપ્યું છે તે આ પ્રમાણે છે.

રાજ્યપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો–

'' અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.''

સભાગૃહ સમક્ષ તા.૧૬/૦૨/૨૦૨૬ના રોજ રજૂ કરવામાં આવેલો પ્રસ્તાવ અને તેના ઉપરના સુધારા ઉપરની ચર્ચા હવે આગળ ચાલશે.

શ્રી રમણલાલ ઇ. વોરા(ઇડર) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીએ પ્રવચન કર્યું એમાં સભ્યશ્રી ઈશ્વરભાઇ પરમારે રજૂ કરેલા આભાર પ્રસ્તાવના સમર્થનમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ખેતી, પશુપાલન અને બાગાયત ખેતી થઇ રહી છે. ભારત ગામડાંઓનો બનેલો દેશ છે અને વિશેષ કરીને, આપણું અર્થતંત્ર ખેતી આધારિત છે. અત્યારની આ પ્રક્રિયામાં આપણે જોઇએ છીએ એ પ્રમાણે, વધારે પ્રમાણમાં રાસાયણિક ખાતરો અને કયાંકને કયાંક જમીનની ઉત્પાદન ક્ષમતામાં થયેલો ઘટાડો દૂર કરવા માટે ગુજરાતના મહામહિમ રાજ્યપાલશ્રીએ સમગ્ર દેશમાં પહેલ કરીને, પ્રાકૃતિક ખેતીની પ્રાધાન્ય આપવાનો પૂરો પ્રયાસ કર્યો છે, જે અભિનંદનને પાત્ર છે. માત્ર પ્રાકૃતિક ખેતી અને એના માટેની વાત કરવી એટલેથી અટકતું નથી. આ રાજ્ય સરકાર દ્વારા માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં પ્રાકૃતિક ખેતી માટેનું વિકાસ બોર્ડ બનાવવામાં આવ્યું છે અને વિશ્વની પહેલી કૃષિ યુનિવર્સિટીની સ્થાપના આ પ્રાકૃતિક ખેતીને લઇને કરવામાં આવી છે. અત્યાર સુધીમાં ૧૯ લાખ જેટલા ખેડૂતોને આ અંગેની તાલીમ આપવામાં આવી છે. મેં પશુપાલનની વાત કરી. આપણે ગાયને માતા કહીએ છીએ. આ રાજ્ય સરકાર ગાયોના નિભાવ માટે રોજના રૂ.૩૦/– એટલે માસિક રૂ.૯૦૦/– લેખે રૂ. ૫૮.૭૭ કરોડની સહાય કરી રહી છે. પ્રાકૃતિક ખેતીમાં અત્યાર સુધીમાં ૭૧૦૦ કરતાં વધારે મોડલ ફાર્મનું નિર્માણ કરવામાં આવ્યું છે. એ સાથેસાથે આપણે જેને આદિવાસી જિલ્લો કહીએ છીએ એવા ડાંગ જિલ્લામાં સંપૂર્ણ રસાયણ મુક્ત ખેતી કરવા માટે ૧૦,૦૦૦ કરતાં વધારે આદિવાસી ભાઇઓ–બહેનોને રૂ. ૨૫ કરોડથી વધારે સહાય આ પ્રાકૃતિક ખેતી માટે આપવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અગાઉના પ્રવચનમાં બે–ત્રણ મિત્રોએ એમની વાત કરી છે. એમણે એવી વાત કરી છે કે ખેડૂતોનું દેવું માફ કરો. આપત્તિના સમયે સરકારે શું કર્યું છે, એવા પ્રશ્નો આવ્યા છે. મારે બે–ત્રણ બાબતો ઉપર આપનું ધ્યાન દોરવું છે. મિનિસ્ટ્રી ઓફ સ્ટેટેસ્ટિક એન્ડ પ્રોગ્રામ ઈમ્પ્લિમેન્ટેશન અનુસાર વર્ષ ૨૦૧૨–૧૩માં ગુજરાતમાં કૃષિ પરિવારોની માથાદીઠ આવક રૂ. ૭૯૨૬/– હતી અને એ વખતે રાષ્ટ્રીય આવક રૂ. ૬૪૨૬/– હતી. મતલબ રાષ્ટ્રીય આવક છે એના કરતાં ગુજરાત આગળ છે. એ જ પ્રમાણે વર્ષ ૨૦૧૮–૧૯માં ભારતીય જનતા પાર્ટીની સરકારમાં, આદરણીય નરેન્દ્રભાઇ મોદીના

નેતૃત્વમાં ખેડૂતોની રાષ્ટ્રીય સરેરાશ આવક રૂ. ૧૦,૧૨૮/– હતી એની જગ્યાએ રૂ. ૧૨,૬૩૧/– છે. આ મિનિસ્ટ્રી ઓફ સેન્ટ્રલ ગવર્મેન્ટના આંકડા છે. અહીંયા એ પણ વાત કરવામાં આવી છે કે ખેડૂતોના દેવા માફ કરો. આ અગાઉ એક વખત દેવા માફ કરવાનો પ્રયોગ થયો છે પણ આ દેવા કેવી રીતે માફ થયા? હું વર્ષ ૧૯૯૫માં ઊર્જા, પેટ્રોકેમિકલ્સ અને સહકાર વિભાગનો મિનિસ્ટર હતો. એ વખતે ખેડૂતોનો સેવા સહકારી મંડળીમાં વ્યાજનો દર ૧૮ ટકા હતો. આજે રાજ્ય સરકાર ખેડૂતોને વગર વ્યાજે વ્યાજ માફી સાથે ૫ લાખ રૂપિયાની જાહેરાત કરી તેનો મતલબ એવો થયો કે ૧–૮ ટકાના બદલે વગર વ્યાજે આપવાના કારણે દર વર્ષે ખેડૂતોને ૯૦ હજાર રૂપિયાનો સીધે સીધો ફાયદો થયો અને દેશના વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદીની કિસાન સમૃદ્ધિ યોજના અંતર્ગત ૬ હજાર રૂપિયા દર વર્ષે આ ખેડૂતોને તેમના ખાતાની અંદર મળવા માંડયા. મેં પહેલાં કહ્યું તે પ્રમાણે તે વખતે ૩૧મી માર્ચે, તમારી સેવા સહકારી મંડળીનું લહેણું પૂરું કરવુ પડે. સારો ખેડૂત હોય, પોતાની આબરું બચાવવી હોય એટલે ઘરમાં જે કંઇ નાની મોટી બચત કરી હોય તે સેવા સહકારી મંડળીમાં ભરે, પત્નીના દાગીના ગીરવે મૂકીને સેવા સહકારી મંડળી પૂરી કરે અથવા શાહુકાર પાસે વ્યાજેથી લાવીને કરે કારણ કે તેને ખબર છે કે ૩૧મી માર્ચે, આ દેવુ પૂરું થયા પછી એપ્રિલમાં મને ઘીરાણ મળવાનું છે. પોતાની પત્નીના દાગીના મૂકીને અથવા શાહુકાર પાસેથી લઇને જે ખેડૂતો કામ કરતા હતા આ સારા ખેડૂતો જેણે પોતાની આબરૂ સાચવવા માટે સેવા સહકારી મંડળીના નિયમ મુજબ જેમણે કામ કર્યું તેમાં એક પણ ખેડૂતનું દેવું માફ થયું નહીં. કોનું દેવું માફ થયું ? દરેક ગામના ચોરા ઉપર ચાર જણાં તો બેઠાં હોય કે તમે શું ભડાકા કરી લેશો ? અને કોંગ્રેસના શાસનમાં જે દેવું માફ થયું આ તમે કોના ભડાકા કરી લેશો આવા ખેડૂતોનું દેવું માફ થયું જેને સારા ખેડૂતો મેં જેમ અગાઉ કહ્યું તેમ પત્નીના દાગીના ગીરવે મૂકયા, શાહુકારો પાસેથી લાવ્યા એને એક પણ નોવા પૈસાનો ફાયદો થયો નથી. એ સિવાય મેં અગાઉ વાત કરી છે તે પ્રમાણે આ રાજય સરકાર આપણે કહીએ છીએ કે તમે રાસાયણિક ખાતર મોંઘુ આપો છો અને મોંઘુ આપો તો આ ખેડૂતોનું શું થાય? રાજય સરકાર જયારે ખેડૂતોની આવક બમણી કરવાની વાત કરે છે ત્યારે મારે આ ગૃહના ધ્યાન ઉપર મૂકવું છે. યુરિયા ખાતરની થેલી એ આ સરકાર ખેડૂતોને રૂપિયા ૨૬૬.૫૦ પૈસા એટલે ૨૬૬ રૂપિયામાં આપે છે જેની મૂળ કિમત ૧૯૬૬ છે એટલે ૧૭૦૦ રૂપિયાની સબસિડી યુરિયા ખાતરની થેલી ઉપર આ રાજય સરકાર આપે છે. ડી.એ.પી.જેનો મૂળ ભાવ ૨૮૪૦ રૂપિયા છે આ રાજય સરકાર ૧૩૫૦ રૂપિયે આ થેલી આપે છે એટલે ૧૪૯૦ રૂપિયા સબસિડી આ રાજય સરકાર આપે છે. એ જ પ્રમાણે એમોનિયમ સલ્ફેટ રૂપિયા ૧૪૨૩ની બેગ છે તે ૯૫૦ રૂપિયામાં આપે છે એટલે તેમાં પણ રૂ.૪૭૩ની સબસિડી રાજય સરકાર આપે છે. કહેવાનો મતલબ એ કે તમારે જે પણ રાસાયણિક ખાતરો જોઇએ છીએ તે તમામ રાસાયણિક ખાતરો રાજય સરકાર તેમાંથી ઓછું કરીને સબસિડીના ભાવે આપે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોના દેવા માફીની વાત થઇ અને તેની સાથે સાથે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર માટે આ ગૃહમાં તે વખતે હું પણ નહોતો કોઇ પણ નહીં હોય. તારીખ ૧૯મી માર્ચ, ૧૯૮૭નો કાળો દિવસ. એ દિવસે ભારતીય કિસાન સંઘે વીજળી માટે ગાંધીનગરમાં આંદોલન કર્યું અને આંદોલનના દિવસે સામી છાતીએ ખેડૂતોને ગોળીઓ મારીને ૧૯–૧૯ ખેડૂતોને મોતને ઘાટ ઉતારવામાં આવ્યા. એ લોકો આજે ખેડૂતોની વાત કરે છે, આ દેવા માફીની વાત કરે છે. આ ૧૯–૧૯ ખેડૂતો કે જેને મોતને ઘાટ ઉતારવામાં આવ્યા તેમાં મારા મતવિસ્તારના બે શહીદો છે જેને આજે પણ દર વર્ષે કિસાનો તેમની શહાદતના માનમાં તેમને શ્રદ્ધાંજલિ આપે છે. એ સમયે સન–૧૯૯૫માં પહેલી વખત ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી. મેં એટલે કહ્યું કે હું તે વખતે ઊર્જા વિભાગનો મંત્રી હતો. વર્ષ–૧૯૯૫ થી શરૂ કરીને ૨૦૨૬નું વર્ષ. વર્ષ–૧૯૯૫માં જેટલો વીજળીનો ભાવ હતો બધુ મોંઘુ થયું, રેલ્વેનું નૂર મોંઘુ થયું, કોલસો મોંઘો થયો પણ સન–૧૯૯૫માં જે ખેડૂતોને જે ભાવે અમે વીજળી આપતા હતા આ વર્ષ–૨૦૨૬માં એ જ ભાવે આપીએ છીએ. ૩૨ વર્ષ પછી એક પણ નયા પૈસાનો વધારો આ રાજ્ય સરકારે ગુજરાતના ખેડૂતો માટે કર્યો નથી. જ્યારે બજેટ આવે છે ત્યારે સૌથી પહેલા એ પૂછવામાં આવે છે કે ખેડૂતો માટે શું? રૂપિયા ૯૩૨૪ કરોડ જેટલી રકમ ખેડૂતોના વીજળીકરણમાં માફ કરી છે. પહેલાં ગામડામાં વારિગૃહોમાં કોઇ પાણી લેવા જતું ન હતું કારણ કે વીજળી મોંઘી પડતી હતી. આ ભારતીય જનતા પાર્ટીની સરકારે વારિગૃહોના વીજળી બિલ માફ કરવાના કારણે ગામડામાં રહેતા ખેડૂતો અને પશુપાલકોને સીધેસીધો ફાયદો કરાવવાનું કામ આ સરકારે કર્યું છે. એ સાથે સાથે જ્યારે ખેડૂતોને કમોસમી વરસાદ સમયે જે તકલીફ થઇ તો એ તકલીફને દૂર કરવા માટે આ રાજ્ય સરકારે રૂપિયા ૧૧ હજાર કરોડનું પેકેજ, આ વિધાનસભામાં આજદિન સુધી ખેડૂતોએ આવી પરિસ્થિતિમાં કોઇએ જો મદદ કરી હોય તો શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારે કરી છે. એ સિવાય તમે અનાજ વાવો અને કમોસમી વરસાદ પડ્યો અને બધું ગયું તો પછી બાકી શું રહે? અમને ટેકાનો ભાવ આપો. આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદી અને શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારે કહ્યું ઠીક છે, તમને ટેકાનો ભાવ આપીશું. મગફળી, કઠોળ, સોયાબીન જેવી ખેતપેદાશો માટે રૂપિયા ૮.૩૨ લાખ ખેડૂતો પાસેથી રૂપિયા ૧૩ હજાર ૧૦૦ કરોડના મૂલ્યના ૧૮.૨૪ લાખ મેટ્રિક ટન જથ્થાની ખરીદી કરી. તમે વાવેતર કર્યું ત્યારે બધું નાશ પામી ગયું હતું તો આ ૧૮.૨૪ લાખ મેટ્રિક ટન સરકારે કેવી રીતે ખરીદી કરી? એ વખતે પણ ટેકાના ભાવ સાથે આજે પણ ખરીદી કરીએ છીએ. પહેલા કહ્યું એમ કિસાન સન્માન નિધિ હેઠળ ૬૯ લાખ ખેડૂતોને ૨૨ હજાર કરોડ રૂપિયાની સહાય એક જ મિનિટમાં સમગ્ર દેશના ખેડૂતોને પોતાના ખાતામાં કોઇ વચેટિયા વગર ડી.બી.ટી.ના માધ્યમથી આપવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું. ટ્રેકટરમાં પહેલાં રૂપિયા ૬૫ હજારની સબસિડી હતી તેમાં વધારો કરીને આ રાજ્ય સરકારે રૂપિયા એક લાખ આપવાનો પ્રયાસ કર્યો છે. ટ્રેકટરની સાથે બીજાં વાહનો હતાં એ વાહનો માટે રૂપિયા ૧૪૦૦ કરોડની જોગવાઇ કરી છે. આ ખેડૂતોને સહાય આપવાનું કામ કર્યું છે.

આ બધાની સાથે આપણી વંશપરંપરાગત ગીરની કેસર કેરી, વલસાડની હાફૂસ કેરી, ચીકુ આ બધી બાગાયતી ખેતીમાં પણ રાજ્ય સરકારે પૂરેપૂરી સહાય આપવાનું કામ કર્યું. છેલ્લી વાત મારા સાબરકાંઠા જિલ્લાની કહું તો સાબરમતી નદી ઉપર ઘરોઈ ડેમ અને ઉપરવાસમાં વહી જતાં પાણીમાંથી રૂપિયા ૨ હજાર કરોડની યોજના, ક્યારેય આટલી મોટી યોજના અમને મળી નથી. જુદાં જુદાં ૧૪ સ્થળોએ સીરિઝ ઓફ બેરેજ કરવાનું કામ હાથ પર લીધું અને આજે ૫ બેરેજ પૂરા થયા છે. બીજાની કામગીરી ચાલુ છે. સાબરકાંઠા અને મહેસાણા જિલ્લાના ખેડૂતોને ખૂબ મોટો ફાયદો થશે. આ રાજ્ય સરકાર ખેડૂતો માટે, પશુપાલકો માટે,બાગાયત ખેતી માટે જેને આપણે જગતનો તાત કહીએ છીએ એને પૂરેપૂરી સહાય આપવાનો પ્રયાસ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યો છે અને એટલા માટે મહામહીમ રાજ્યપાલશ્રીએ આ વિધાનસભા ગૃહમાં કરેલ પ્રવચનમાં હું મારો સૂર પુરાવું છું અને આદરણીય મુખ્યમંત્રીશ્રી અને કૃષિમંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. ધન્યવાદ.

શ્રી બળવંતસિંહ રાજપૂત(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહીમ રાજ્યપાલશ્રીએ ગૃહ સમક્ષ કરેલા પ્રવચન બદલ માનનીય સભ્યશ્રી ઈશ્વરભાઈ પરમાર આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે અને માનનીય સભ્યશ્રી સરદારભાઈ ચૌધરીએ જેને સમર્થન આપ્યું છે તેમાં હું મારું સમર્થન આપવા ઉપસ્થિત થયો છું.

આ સંકલ્પની અંદર આદરણીય રાજ્યપાલશ્રીએ સરકારે કરેલાં કામો અને પ્રવચનને સુંદર રીતે રજૂ કર્યું હતું. જ્યારે રાજ્યપાલશ્રી અહીંયા આવીને પ્રવચન રજૂ કરતા હતા અને જે રીતે સરકારે કરેલી કામગીરીને અહીંયા આગળ ગૃહના સભ્યો સમક્ષ મૂકતા હતા ત્યારે વિપક્ષના મિત્રોએ ''પાછા જાવ, પાછા જાવ'' એમ કહીને એમને અટકાવતા હતા. ખરેખર એ ખેડૂતોના હામી, ખેડૂતો માટે ચિંતન કરવાવાળા રાજ્યપાલશ્રી માટે જ્યારે આ રીતનું વર્તન મેં જોયું ત્યારે ખરેખર મને દુ:ખ થયું. મને એ વાતનું દુ:ખ એટલા માટે થયું કે, રાજ્યપાલશ્રીએ સરકારે જે કામો કર્યાં હતાં તે કામો સભાગૃહના માનનીય સભ્યશ્રીઓ લોકો સમક્ષ મૂકી શકે એ રીતે કહેતા હતા. મારે કહેવું છે કે આ સરકારે કરેલાં કામો અને આદરણીય નરેન્દ્રભાઈ મોદી સાહેબ છેલ્લા ૨૫ વર્ષથી ગુજરાત અને દિલ્હીમાં જે પ્રકારે કામ કર્યાં છે, ત્યારે હું ડંકાની ચોટ પર ચોક્કસ એવું કહી શકું કે અમારી સરકારે આ વિકાસનાં કામ કરેલાં છે. જ્યારે ડંકાની ચોટ પર કામ કર્યાં હોય ત્યારે સાડા છ કરોડની જનતા આ વિકાસનાં કામોને જોતી હોય છે ત્યારે લોકો પાસે તેને વ્યક્ત કરવા માટે એક જ હથિયાર છે પોતાનો મત, અને જ્યારે ચૂંટણીઓ આવે ત્યારે એનો જવાબ પોતાના મતથી આપતા હોય છે. મારે એ કહેવું છે કે જ્યારે તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, નગરપાલિકા કે મહાનગરપાલિકાઓમાં થયેલાં વિકાસનાં કામના લીધે સમગ્ર ગુજરાતમાં ૯૮થી ૯૯ ટકા જગ્યાએ ભારતીય જનતા પાર્ટીનું શાસન ચાલે છે. મારે ખાસ કરીને એ કહેવું છે કે આ પ્રકારનો વિકાસ થતો હોય ત્યારે આ વિધાનસભાનો કોઇએ રેકર્ડ તોડ્યો હોય તો ૧૫૬ સીટ સાથે અને આજની તારીખમાં ૧૬૨ સીટો આ વિધાનસભામાં ભારતીય જનતા પાર્ટીની છે એ જ બતાવે છે કે આ વિકાસનાં કામોના લીધે આ થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય નરેન્દ્રભાઈ મોદી સાહેબે પહેલા ''સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ'' અને હવે ''સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ'' આ મંત્રને આપણી સરકાર અઢી દાયકાથી સાકાર કરી રહી છે. ગુજરાત સરકાર શહેરથી સરહદ અને ગલીથી ગામ સુધીના સર્વાંગી વિકાસની કલ્પના સાકાર કરી છે. આરોગ્ય, શિક્ષણની સુવિધા હોય કે ઔદ્યોગિક નીતિગત હોય, સામાજિક યોજનાઓ થકી અનેક ઐતિહાસિક પરિવર્તનની કામગીરી ગુજરાત સરકારના શાસન દ્વારા જનકલ્યાણની યોજનાઓ લોકોના હિત માટે કરી છે. આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે મુખ્યમંત્રીશ્રી તરીકે ધુરા સંભાળીને અઢી દાયકામાં લોકહિતના અનેક કામો કર્યાં છે ત્યારે મને ઉદ્યોગ વિશેની વાત કરવાનું મન થાય કે વર્ષ ૨૦૦૩માં વાયબ્રન્ટ ગુજરાતની શરૂઆત કરી. આ ગુજરાતમાં ૧૦ વાયબ્રન્ટ સમિટો થઈ, એના કારણે અનેક ઉદ્યોગમાં ક્રાંતિ આવી. કહેવાય છે કે ક્યા રાજ્યમાં ક્યા પ્રકારની વ્યવસ્થાઓ છે એ જ્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી તરીકે હતા ત્યારે પશ્ચિમ બંગાળમાં ટાટાને સરકાર તરફથી જે પ્રકારે તકલીફો પડીને ત્યારે મુખ્યમંત્રીશ્રીએ ''વેલકમ ટુ ગુજરાત'' બહુ ટૂંકા મેસેજથી સંદેશ આપ્યો અને આજે આપણે જોઇ શકીએ છીએ કે ટાટાએ ૧૦ લાખ ગાડીઓની સાથે બીજી ૧૦ લાખ ગાડીઓનું ઉત્પાદન આપણા ગુજરાતમાં થાય તે પ્રકારની વ્યવસ્થા કરી છે. છેલ્લા ૨૫ વર્ષથી ગુજરાતમાં ડેવપલપમેન્ટ થયું છે ત્યારે મારે ખાસ એટલા માટે કહેવું છે કે વિકાસ શું હોઇ શકે? વિકાસ ભૂતકાળમાં કઇ પરિસ્થિતિમાં હતો? અને આજે વિકાસ કઇ પરિસ્થિતિમાં છે? તે વખતે માથાદીઠ આવક રૂ.૧૮,૩૯૨/- હતી અને આજે વધીને રૂ.૩ લાખ થઇ છે. જ્યારે નાના ઉદ્યોગોની સંખ્યા ૧,૪૦,૦૦૦ હતી. આજે વધીને સમગ્ર ગુજરાતમાં આપણે ગૌરવ લઇ શકીએ કે ૨૯ લાખથી વધારે નાના નાના ઉદ્યોગકારો આજે ગુજરાતમાં સ્થાયી છે.ગુજરાતનો વિકાસ દર વધ્યો છે, ઉત્પાદન ક્ષેત્રે સમગ્ર ભારતની અંદર આજે ૧૯ ટકાથી વધારે ઉત્પાદન થયું છે. એની સાથેસાથે મારે કહેવું છે કે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી આદરણીય ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબે જે પ્રકારે વ્યવસ્થા ગુજરાતની અંદર કરી અને જયારથી એમણે ધુરા સંભાળી ત્યારે માત્ર રુ. ૨ લાખ ૨૫ હજાર કરોડ રૂપિયાનું બજેટ હતું. આજે આપણે ગૌરવ સાથે કહી શકાય કે રુ. ૪ લાખ ૦૮ હજાર કરોડ એટલે લગભગ ડબલ થયું છે. છેલ્લા ચાર વર્ષની અંદર ગુજરાતનો અદ્ભભૂત વિકાસ થયો છે. બજેટની દ્રષ્ટિએ, આવકની દ્રષ્ટિએ, અહીં ઉદ્યોગો આવ્યા અને તેમાં ક્રાંતિ થઇ છે. ગુજરાત સરકારની અંદર એવી અનેક પ્રકારની વ્યવસ્થા કરવી હોય, આપણે ગુજરાતને આગળ લઇ જવું હોય તો સ્વાભાવિક રીતે આપણે તેના માટે ચોક્કસ નીતિ બનાવવી પડે અને ૨૦થી વધારે સ્પેશિયલ પૉલિસીઓ બનાવીને ગુજરાતને કઇ રીતે આગળ લઇ જઇ શકાય એ રીતની વ્યવસ્થા આજે થઇ છે. સ્ટાર્ટઅપની પૉલિસી હોય, ગારમેન્ટ પૉલિસી હોય,

એપરલ પૉલિસી હોય, ડીફેન્સ પૉલિસી, ડ્રોન–ઇલેકટ્રોનિક્સ પૉલિસી હોય, બાયોટેકનોલોજી પૉલિસી હોય, સોલાર પૉલિસી હોય, સેમીકન્ડકટર પૉલિસી હોય તેમાં સિંગલ વિન્ડો સિસ્ટમ દ્વારા ઓનલાઇન કામગીરી થઇ રહી છે. આપણે સમજી શકીએ છીએ કે દુનિયામાં કોઇપણ જગ્યાએ બેઠેલો માણસ એ સિંગલ વિન્ડો સિસ્ટમથી જોઇ શકે. ત્યાં આગળ બેસીને એક અરજી કરે અને પારદર્શકતાથી એને તમામ પૉલિસીનો લાભ મળી શકે છે અને તેના થકી સારું ડેવલપમેન્ટ થઇ શકે છે. આજે મને એ વાત કહેતા આનંદ છે કે આજે આપણા ગુજરાતમાં ઇલેકટ્રોનિક્સમાં કલસ્ટર સાથે અહીંયા ઉદ્યોગકારો આવ્યા અને આજે સમગ્ર ભારતની અંદર ૮ ટકાથી વધારે ડેવલપમેન્ટ કર્યું છે. સન ૨૦૨૩માં મારી પાસે આજે નિકાસના આંકડા છે. ૧૨૫૯ મીલીયન યુ.એસ. ડોલર, આપણા વ્હીકલ અહીંથી ફોરેન જઇ રહ્યા છે, એ દક્ષિણ આફ્રિકા હોય, યુ.એસ. હોય, સાઉદી અરેબિયા હોય, જર્મની હોય, અનેક દેશોની અંદર આજે આપણે નિકાસ કરી રહ્યા છે, આ એક ક્રાંતિ એવી છે, હરિયાળી ક્રાંતિ, ટકાઉ ક્રાંતિ માટે વ્હીકલની યોજના આજે ડેવલપ થઇ છે. હું સ્ટાર્ટઅપની વાત કરું, ગુજરાતના મુખ્યમંત્રીશ્રી તરીકે આદરણીય મુખ્યમંત્રીશ્રી મોદી સાહેબ જયારે હતા ત્યારે એમને સન ૨૦૧૪માં એક વિચાર આવ્યો અને એમણે નક્કી કર્યું કે ગુજરાતની અંદર વિદ્યાર્થી ભણે અને ભણવા સાથે અનેક પ્રકારની તકો લઇને માત્ર નોકરી નહીં પણ નોકરી આપવા માટેનું કામ કરે એ પ્રકારની સ્ટાર્ટઅપની યોજનાનો વિચાર કર્યો અને આપણું ગુજરાત રાજય પહેલું એવું રાજય હતું કે જેણે સન ૨૦૧૫ની અંદર સ્ટાર્ટઅપ પૉલિસી નક્કી કરી અને એ પૉલિસીના માધ્યમથી સન ૨૦૧૫ અને ૨૦૨૦ની બે પૉલિસીથી સ્ટાર્ટઅપનો અનેક લોકોને લાભ મળ્યો છે. બંન્ને પૉલિસીમાં જે પ્રકારે વ્યવસ્થા હતી એમાં રકમ ડબલ કરવામાં આવી અને આ યોજના અત્યારે આગળ ચાલી રહી છે. આજે આપણા જે યુવાનો છે એ નોકરી આપવા બાબતમાં આગળ વધી રહ્યા છે. મારે ખાસ સેમીકન્ડકટરના વિષયમાં વાત કરવી છે, દુનિયાના માત્ર પાંચ દેશોની અંદર સેમીકન્ડકટરનું પ્રોડક્શન હતું. આ એકવીસમી સદી છે, ટેકનૉલૉજીની દુનિયા છે અને ટેકનૉલૉજી સાથે ભારતને કઇ રીતે જોડી શકાય અને અનેક ક્ષેત્રમાં જયારે ભારત આગળ વધતું હોય ત્યારે આપણે પણ કયાંય પાછળ ના રહીએ એટલે આદરણીય પ્રધાનમંત્રીશ્રી મોદી સાહેબે સેમીકન્ડકટર માટેની એક સરસ પૉલિસી બનાવી અને પૉલિસીના માધ્યમથી સેમીકન્ડક્ટર પૉલિસી ગુજરાતમાં આવે, ભારતમાં આવે અને અનેક દેશોમાં જાય એ પ્રકારની વ્યવસ્થા થઇ રહી છે. આ ગુજરાત એવું રાજય છે કે આદરણીય મુખ્યમંત્રીશ્રી દ્વારા કે માત્ર અને માત્ર છ દિવસની અંદર જમીન આપી હોય,૯૦ દિવસની અંદર ખાતમુહૂર્ત થયું હોય, એનો હું સાક્ષી રહ્યો છું અને ૧૮ મહિનાની અંદર ઉત્પાદન કરીને વિશ્વમાં સેમીકન્ડકટર મોકલતા થયા હોઇએ એવું આ ગુજરાત રાજય અને આદરણીય આપણા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આ પ્રકારની વ્યવસ્થા સેમીકન્ડક્ટર ક્ષેત્રમાં કરી છે. આજે હું વાઇબ્રન્ટની વાત કરું તો ગુજરાતની અંદર દસ વાઇબ્રન્ટના કારણે ઔદ્યોગિક ક્ષેત્રે વિકાસ થયો છે. ગુજરાતના દરેક જિલ્લાના લોકોને પણ લાભ થાય એ પ્રકારની વ્યવસ્થા થાય એના માટે પણ આદરણીય મુખ્યમંત્રીશ્રીએ વિચાર કર્યો અને નક્કી કર્યું કે ગુજરાતનો દરેક જિલ્લા વાઇબ્રન્ટ થાય એ પ્રકારની ગયા વર્ષે વ્યવસ્થા કરી હતી ત્યારે ૨૬૦૦ એમ.ઓ.યુ. થયા હતા અને ૩.૪૫,૦૦૦ કરોડથી વધારેનું મૂડીરોકાણ આવ્યું હતું. એના કારણે દોઢ લાખથી વધારે લોકોને રોજગારી પ્રાપ્ત થઇ હતી. આ વર્ષે પણ મહેસાણા અને રાજકોટમાં બે રિજિયોનલ વાઇબ્રન્ટ સમિટ થઇ ગઇ છે. આવનાર સમયમાં મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં થવાની છે. મારે કહેવું છે કે મહેસાણામાં ૩.૩,૨૪,૦૦૦ કરોડના કુલ ૧૨૧૨ એમ.ઓ.યુ. થયા છે અને રાજકોટમાં ૫૪૯૨ એમ.ઓ.યુ. થયા છે. એના કારણે ગુજરાતમાં દિન–પ્રતિદિન રોજગારી ડેવલપ થવા લાગી છે. સમગ્ર ભારતમાં બેરોજગારીનો દર ૨.૭ છે જ્યારે ગુજરાતમાં બેરોજગારીનો દર ૧.૧ છે. તમે હમણાં શ્રમ અને રોજગારના આંકડા જોયા હશે કે ૩૦ લાખથી વધારે લોકોને શ્રમિકથી માંડીને ટેકનિકલ લોકોની જરૂરિયાત ઊભી થાય એ પ્રકારની વ્યવસ્થા થઇ રહી છે. આવનાર સમયમાં ગુજરાત સક્ષમ રહે એ પ્રકારની વ્યવસ્થા ગુજરાતના મુખ્યમંત્રીશ્રી અને નાબય મુખ્યમંત્રીશ્રી બંને સાથે મળીને કરી રહ્યા છે ત્યારે મારે કહેવું છે કે ગુજરાત સરકાર પહેલેથી જાગૃત હતી. આવનાર સમયમાં મારૂતિ, હોન્ડા, એમ.જી. મોટર્સના રોકાણ આવે એ પ્રકારની વ્યવસ્થા થઇ છે. કોમન ફેસિલિટી ઊભી થાય, લોકો સારી રીતે હરિફાઇ કરી શકીએ એ માટે બલ્ક પાર્ક અપગ્રેડેશન, મેડિકલ પાર્ક, ધોલેરા ગ્રીન રોડ પ્રોજેક્ટ બનાવવામાં આવ્યા છે. એના કારણે એ ફેસિલિટીમાં ૩૦ ટકા રકમ બચે એ પ્રકારની વ્યવસ્થા થઇ છે. જી.આઇ.ડી.સી. માં સિંગલ વિન્ડોના કારણે ૨૦ લાખથી વધારે લોકોને રોજગારી પ્રાપ્ત થાય છે અને આડકતરી રીતે ૭૦ લાખથી વધારે લોકો એમાં જોડાઇ શકે એ પ્રકારની વ્યવસ્થા હોય છે. માનનીય અધ્યક્ષશ્રી મારે કહેવું છે કે આ દેશમાં ચોથી ક્રાંતિ આવી રહી છે ત્યારે ગ્રીન એનર્જી, રોબોટ અને લોજિસ્ટીક સુવિધા કરવા જઇ રહ્યા છીએ ત્યારે મારી આપ સૌને એક વિનંતી છે કે આદરણીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ વર્ષ ૨૦૪૭માં આપણો દેશ આત્મનિર્ભર બને, મહાસત્તા બને અને આપણો દેશ પહેલાં સોનાની ચિડીયા કહેવાતો હતો, વિશ્વનો ૨૫ ટકા વ્યાપાર આ દેશમાં થતો હતો એ પ્રકારે ફરીથી વ્યાપાર થાય એ પ્રકારે કામગીરી કરી રહ્યા છે ત્યારે આપણે બધા સાથે મળીને આપણો દેશ ફરીથી એ પ્રકારે વ્યાપાર કરે એ પ્રકારની વ્યવસ્થા થવી જોઇએ. હું બીજી એક નાનકડી વાત કરું કે વિશ્વના બધાં દેશો અહીં ભેગા થયા ત્યારે ૮૬ દેશોએ આપણા પ્રધાનમંત્રી મોદી સાહેબની વાત સ્વીકારી એ બતાવે છે કે ભારત એક મહાશકિત તરીકે આગળ વધી રહ્યું છે. આજે સભ્યશ્રી ઇશ્વરભાઇ જે પ્રસ્તાવ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

શ્રીમતી નિમિષાબેન મ. સુથાર(મોરવા હડફ) : માનનીય અધ્યક્ષશ્રી, હું મહામહિમ રાજ્યપાલશ્રીના અભિભાષણ પર આ સન્માનનીય ગૃહમાં મારા વિચારો રજૂ કરું છું.

તા.૨૩મી ફેબ્રુઆરી, ૨૦૨૬

રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)

મહામહિમ રાજ્યપાલશ્રીએ પોતાના અભિભાષણમાં જે વાત કરી તેમાં આરોગ્ય ક્ષેત્રે રાજ્ય સરકારે કરેલા સુવ્યસ્થિત, દૂરંદેશી અને માનવ કેન્દ્રિત પ્રયત્નોનો ઉલ્લેખ કર્યો છે. રાજ્ય સરકાર દ્વારા જ્યારે આરોગ્ય ક્ષેત્રમાં એક કટિબદ્ધતા અને સંવેદનશીલતાથી જે કામ કર્યું છે ત્યારે એક નવી દૃષ્ટિ અને નવા સંકલ્પ સાથે આ અભિભાષણને હું મારું સમર્થન આપું છું. આરોગ્ય એ માત્ર એક વિભાગ નથી આરોગ્ય એ માનવ વિકાસનો આધાર સ્તંભ છે. 'સ્વસ્થ ગુજરાત' એ માત્ર નારો નથી પરંતુ એક કાર્યયોજના, એક પ્રણાલી અને એક પ્રગતિશીલ વિચારધારા છે. જ્યારે કોઇપણ ગરીબ/મધ્યમ કુટુંબમાંથી આવતી વ્યક્તિની આર્થિક સુરક્ષાની વાત આવે ત્યારે દરેક ગરીબ/મધ્યમ કુટુંબના હૃદયમાં જો એક વાત હોય તો આદરણીય નરેન્દ્ર મોદી સાહેબ, લોકલાડીલા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઇ સંઘવી સાહેબના નેતૃત્વ હેઠળ માત્ર સમગ્ર ગુજરાત નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં તેમના સ્વાસ્થ્ય માટેની એક સંવેદનશીલ યોજના આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજનાની વાત આવે છે. છેલ્લા સમયમાં આ યોજનાથી ગુજરાતના ૨.૭૩ કરોડથી વધારે લાભાર્થીઓને આરોગ્ય કાર્ડ કાઢી આપવામાં આવેલાં છે અને અંદાજે ૩૩,૭૬૩ કરોડથી પણ વધારે સારવાર આપણા ગુજરાત રાજ્યના મધ્યમ અને ગરીબ કુટુંબને આપવામાં આવેલી છે એટલે આ યોજના એક વરદાન સમાન છે. થોડા વર્ષો પહેલાં કોઇ ગરીબ કુટુંબને કદાચ હૉસ્પિટલનું પગથિયું ચઢવાનું હોય ત્યારે વિચાર કરવો પડે કે આ હૉસ્પિટલનું પગથિયું ચઢીશ ત્યારે ડૉક્ટર મને કેવી સારવાર આપશે અને તેની દવાનું બિલ કેટલું હશે? જો સારવાર દરમિયાન ઓપરેશન કરવાનું થશે તો તેનું બિલ હું ચૂકવી શકીશ કે નહીં? ત્યારે આ પરિવારની વેદના અને સંવેદના જો કોઇએ હૃદયમાં રાખી હોય તો કમળના ફૂલવાળી ભારતીય જનતા પાર્ટીની સરકારે રાખી છે. આજે મને કહેતાં આનંદ થાય છે કે ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારને સરકારી હૉસ્પિટલ, સુપર સ્પેશિયાલિસ્ટ હૉસ્પિટલ કે મલ્ટી સ્પેશિયાલિસ્ટ હૉસ્પિટલનું પગથિયું ચઢવા માટે પીઠબળ પૂરું પાડવા માટે આરોગ્ય વિભાગ થકી મા વાત્સલ્ય યોજનાની શરૂઆત કરી હતી અને આજે સામાન્યમાં સામાન્ય સમાજમાં સામાન્ય સમાજમાં રહેતા છેવાડાના વ્યક્તિને આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજનાનો લાભ મળે અને ૧૦ લાખ રૂપિયા સુધીની દુનિયાની સૌથી મોટી વીમા કવચ યોજના એટલે આયુષ્માન ભારત કાર્ડ. આ યોજનામાં રાજ્યના સીનિયર સીટિઝન એટલે કે ૭૦ વર્ષથી ઉપરના નાગરિકોનો પણ સમાવેશ કરવામાં આવેલો છે. મેં હમણાં જે આંકડા કહ્યા તે સંખ્યાઓમાં છે પરંતુ એક ગરીબ અને મધ્યમ પરિવારની આર્થિક સ્થિતિની સુરક્ષાનું એક જીવંત પ્રતિબિંબ એ આંકડા છે. આજે ગંભીર બીમારી હોય અને ગરીબ પરિવાર માટે કોઇ આર્થિક ઉપાધિ આવી જાય ત્યારે આ કાર્ડ ખિસ્સામાં હોય તો પૂરી તાકાતથી હૉસ્પિટલનું પગથિયું ચઢીને ડૉક્ટરને પણ કહી શકે કે મારી પાસે આયુષ્માન ભારત કાર્ડ છે. આ બળ અને આ હામ હૃદયમાં રાખીને ગુજરાત રાજ્યનો નાનામાં નાનો નાગરિક માથું ઊંચું કરીને ગર્વથી પોતાની સારવાર કરાવી શકે છે.

માનનીય અધ્યક્ષશ્રી, માત્ર આપણા ગુજરાત રાજ્યમાં જ નહીં પરંતુ સમગ્ર દેશમાં માતા અને બાળકના આરોગ્યની સંભાળ રાજ્યની પહેલી પ્રાથમિકતા હોય છે અને જ્યારે પ્રાથમિકતા હોય છે, કટિબદ્ધતા હોય છે ત્યારે સરકાર કટિબદ્ધતાથી કામ કરવા માટે પ્રેરણા લઈને આગળ વધે છે ત્યારે અલગ-અલગ યોજનાઓ થકી મારી બહેનો માટે નમો શ્રી યોજના જે કુપોષણ અને એનીમિયાથી પીડાતી હોય એ બહેનો માટે બાળ મૃત્યુદર અને માતા મૃત્યુદરમાં ઘટાડો કરવા માટે એપ્રિલ-૨૦૨૬થી નમો શ્રી યોજનાની રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા શરૂઆત કરવામાં આવી. આ યોજના થકી માતા મૃત્યુદર હોય અને બાળ મૃત્યુદરનો આંકડો ઘટાડવા માટે સરકાર વિવિધ પ્રકારના પગલાં લઈ રહી છે. એમાનું પગલું એટલે નમો શ્રી યોજના. નમો શ્રી યોજના અંતર્ગત સગર્ભા અને ધાત્રી માતા માટે રૂ.૧૨ હજારની સહાય ચાર તબક્કામાં ડી.બી.ટી.ના માધ્યમથી સીધા એના ખાતામાં જમા થાય છે. આ યોજના થકી આપણી માતા અને બાળકોના આરોગ્યમાં આ પ્રકારની સીધી સહાય રાજ્ય સરકારની સંવેદના અને રાજ્ય સરકારની જવાબદારી દર્શાવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્યક્ષેત્રે મજબૂતાઇનો જો સૌથી મજબૂત આધારસ્તંભ હોય તો એ વૅક્સિનેશન છે. આ વૅક્સિનેશન એટલે સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ. આ કાર્યક્રમ રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા રસી આપવાનો ઉપક્રમ નથી પરંતુ તે સસ્ટેઇનેબલ ડેવલપમેન્ટ ગોલ ૩.૨-નવજાત અને નાના બાળકો એટલે કે, ૦થી ૫ વર્ષની ઉંમરનાં બાળકોનો મૃત્યુદર કેવી રીતે ઘટે અને જે લક્ષ્ય છે એને સિદ્ધ કરવાની દિશામાં વૅક્સિનેશન કાર્યક્રમ એ શક્તિશાળી સાધન છે. હું ગ્રામીણ વિસ્તારમાંથી આવું છું ત્યારે નાના બાળકો હોય છે એમની સાર-સંભાળ લેવા માટે નીચે પાયામાંથી જ એક સુદ્રઢતાભર્યું કામ કરવાનું શરૂ કરેલ છે. નાનાં બાળકો અગિયાર પ્રકારના જીવલેણ રોગોથી પીડાય છે અને બાળમૃત્યુ દર વધે નહીં એ માટે સરકારે કામ કર્યું છે. આ વૅક્સિનેશનનો કાર્યક્રમ એટલે રાજ્યના નાનાં બાળકોને ઝેરી કમળો, ક્ષય, ડિપ્થેરિયા, ધનુર, રોટાવાઇરસ, ઓરી ન થઇ જાય અને સૌથી ઘાતક રોગ એટલે ન્યુમોનિયા ન થઇ જાય એ માટે સરકારનાં પગલાં એટલે મોટાં પગલાં કહેવાય. બાળક જન્મે ત્યારથી માંડીને બી.સી.જી. એટલે કે ટી.બી. જેવા ગંભીર રોગો સામે રક્ષણ માટે વૅક્સિન આપવામાં આવે છે, હિપેટાઇટીસ-બી, પોલિયોમુક્ત વૅક્સિન, પેન્ટાવેલેન્ટ, રોટાવાઇરસ, પી.વી.સી. જેવી વૅક્સિન આપવામાં આવે છે. પી.વી.સી. એટલે ન્યુમોકોકલ કોન્જ્યુકેટ વૅક્સિન. આ વૅક્સિન મગજના તાવ અને ફેફસાંની બિમારીથી પીડાતાં બાળકો માટે છે. આવાં બાળકો ટ્રાયબલ વિસ્તારમાં વધારે બાળકો જોવા મળે છે. આ બાળકોના જીવનને બચાવવા માટે આ વૅક્સિન નિઃશુલ્ક આપવામાં આવે છે. ટી.બી. વૅક્સિન હોય, વિટામીન-એ વૅક્સિન હોય અને એમ.આર. વૅક્સિન હોય આ તમામ વૅક્સિનો થકી રાજ્યના બાળકોના જીવનને સુરક્ષિત બનાવવા કટિબદ્ધતાથી રાજ્ય સરકાર કામ કરી રહી છે. તમામ

પી.એચ.સી., સી.એચ.સી., સબ ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલ હોય કે જિલ્લાના હૉસ્પિટલમાં મમતા સેશનનું આયોજન દર સોમવારે કરવામાં આવે છે. આપણા રાજ્યના બાળકો માટે છ લાખ જેટલા મમતા સેશનનું આયોજન કરીને બાળકોના જીવનને સુરક્ષિત કરવાનું કામ કરેલ છે. આ સુવ્યવસ્થિત માળખું બનાવવામાં આવેલ છે. જન્મથી લઇને તરુણાવસ્થા સુધી દરેક બાળક, દરેક સગર્ભા માતા સુધી રસીકરણની સેવા પહોંચે એ માટે રાજ્ય સરકાર કામ કરી રહી છે. આ ગુજરાત માટે ગૌરવની વાત છે. હું ચોક્કસ કહેવા માગું છું. ૧૮ વર્ષથી રાજ્યમાં પોલીયોનો એકપણ કેસ નોંધાયો નથી. આ પલ્સ પોલીયો અભિયાન અને નિયમિત રસીકરણના સંકલિત પ્રયાસોના લીધે જ ગુજરાત રાજ્ય બાળ લકવા મુક્ત બન્યું છે. એટલા માટે જ આજે ગુજરાત રાજ્ય પ્રથમ હરોળમાં છે. યુનાઇટેડ નેશન્સ અને વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા ગુજરાતની આ કામગીરીને બહુમાન મળ્યું છે. હું મોરવા હડફ ટ્રાયબલ વિસ્તારમાંથી આવું છું ત્યારે મારા વિસ્તારની એક વાત કરું છું.મેં જયારે મારા વિસ્તારની સબ ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલની મુલાકાત કરી ત્યારે મને યાદ આવે છે કે ગરીબ પરિવારના એક વડીલ એમના દીકરાને ડાયાલિસિસ કરાવવા માટે આવ્યા ત્યારે મેં પૂછયું કે તમે શેના માટે આવ્યા છો? ત્યારે એમણે મને કહ્યું બહેન, હું ડાયાલિસિસ કરાવવા માટે આવ્યો છું. મેં પૂછયુ પહેલાં કયાં ડાયાલિસિસ કરાવતા હતા? ત્યારે એમણે કહ્યું કે પહેલાં હું પ્રાઇવેટમાં કરાવતો હતો. મેં કહ્યું કે કેટલો ખર્ચો થતો હતો? ત્યારે એમણે કહ્યું કે બહેન, વાત જવા દો. મારે ખેતર પણ ગીરવે મૂકવું પડેલું હતું. એના જેટલા સેશન હોય એના રૂપિયા ત્રણ થી સાડા ત્રણ હજાર થતા હતા. એ રૂપિયાની ચૂકવણીમાં મારે ખેતર પણ વેચવું પડ્યું. મારે ગુજરાત રાજ્યના આરોગ્ય વિભાગને અભિનંદન પાઠવવા છે કે ગુજરાત રાજ્યના ટ્રાયબલ વિસ્તારમાં દરેક સી.એચ.સી. સેન્ટર ઉપર કિડની રિલેટેડ જેટલા દર્દીઓ છે એમની સેવા કરવાનું ભગીરથ કામ કર્યું હોય તો આ સરકારે કર્યું છે. ''વન નેશન, વન ડાયાલિસિસ'' ગુજરાતનું મૉડલ છે અને પ્રેરણાદાયી છે. દરેક આદરણીય સભ્યશ્રીએ પોતાના વિસ્તારમાં સબ ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલ અને સી.એચ.સી.ની મુલાકાત લેવી જોઇએ કારણ કે જ્યારે ડાયાલિસિસ થતું હોય ત્યારે દર્દીને નવું જીવન મળતું હોય છે. દર્દીને નિઃશુલ્ક સારવાર મળી રહે તથા એનું જીવન સુરક્ષિત રહે એના માટે આપણી સરકાર જે રીતે કામગીરી કરી રહી છે તે સરાહનીય છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું ટ્રાયબલ વિસ્તારની વાત કરું તો આપણા નાના–નાના કુટુંબોમાં આવી બીમારીઓ થતી હોય એના માટે ટ્રાયબલ વિસ્તારના મહત્ત્વાકાંક્ષી જિલ્લાઓ જેવા કે નર્મદા અને દાહોદમાં પણ ડાયાલિસિસ સેન્ટરો સ્થાપ્યા છે અને લોકો એનો ઉપયોગ નીચે સુધી કરી રહ્યા છે. જયારે હૃદયરોગ હોય, કેન્સર હોય, મગજના રોગો હોય, કરોડરજ્જુના રોગો હોય, એવા તમામ રોગોના નામ જ્યારે સામાન્ય વ્યકિત સાંભળે ત્યારે એનું હૃદય બેસી જાય છે કારણ કે સામાન્ય અને મધ્યમ વર્ગના લોકો એના નામથી ડરી જાય છે કે આવા રોગો મારા પરિવારમાં કયાંથી આવ્યા. ત્યારે એમને એમ થાય કે પરિવારના આ સદસ્યને ગંભીર બીમારીમાંથી કેવી રીતે બહાર કાઢીશું? આવી પરિસ્થિતિમાં પરિવાર આર્થિક રીતે ડૂબતો જાય છે, આર્થિક રીતે ભાંગતો જાય છે, એમનું મનોબળ તૂટી જતું હોય છે. પરિવારમાં એક વ્યક્તિને ભલે ગંભીર બીમારી થતી હોય પણ એના લીધે આખો પરિવાર તૂટી જતો હોય છે ત્યારે હું ગર્વથી કહું છું કે આજે ગુજરાત રાજ્યમાં ગરીબમાં ગરીબ પરિવારને મેડિસિટી જેવી સુવિધાઓ મારફત સરકારી માળખાની બધી જ સેવાઓ વિનામૂલ્યે તથા સુપર સ્પેશિયાલિટી હૉસ્પિટલ જેવી મળે છે. ગુજરાતની જાહેર જનતા માટે અમદાવાદની મેડિસિટી વરદાનસ્વરૂપ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું જ્યારે અમદાવાદની કેન્સર કૅરની વાત કરું ત્યારે અમદાવાદની ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટ દેશની અગ્રણી સંસ્થાઓમાં એક મોટું નામ ધરાવે છે. જ્યારે પાંચ દિવસ પહેલાં જી.સી.આર.આઇ.માં મારી મુલાકાત થઇ ત્યારે મેં જોયું કે સરકારશ્રી દ્વારા ત્યાં આધુનિક ટેકનોલોજી સાથેના સાધનો વસાવાયેલા છે. મહેસાણાથી એક મોટી ઉંમરના દાદા ત્યાં આવ્યા હતા એમને ગળામાં તાળવાનું કેન્સર થયું હતું અને વ્હીલ ચેર ઉપર એમનો નાનો દીકરી ખેંચીને લઇ જતો હતો. તેઓ મને રસ્તામાં મળ્યાં. એમને પટ્ટી બાંધેલી હતી. બોલી શકાય એવી એમની પરિસ્થિતિ ન હતી પરંતુ મેં એમને પૂછ્યું કે તમને અહીંયા કેન્સરની ટ્રિટમેન્ટ કેવી લાગી? તમને શું સુવિધા મળી?

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી આપની પાસે એક મિનિટ છે.

શ્રીમતી નિમિષાબેન મ. સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, ત્યારે એમણે એક એવી નજરથી મારી સામે જોઇને કહ્યું કે મને અહીંયા સારું થઇ ગયું છે. આ સારું થઇ ગયાનો ભાવ કોણ આપી શકે છે? કમળના ફૂલ વાળી સરકારે આપ્યું છે. જે પગથિયું ચડે છે, ગંભીરમાં ગંભીર બીમારીમાં સપડાય એ પરિવારને બીમારીમાંથી બહાર કાઢવાનું કામ આપણી ભારતીય જનતા પાર્ટીની સરકાર અને કમળના ફૂલવાળી સરકારે કર્યું છે. મેં જ્યારે જી.સી.આર.આઇ.ની મુલાકાત લીધી ત્યારે મારે કહેવું જોઇએ કે ત્યાં આધુનિક સાધનો છે. સર્જિકલ રોબોટને આપણે જોઇએ ત્યારે આપણને ખબર પડે કે આ રોબોટ શું કરી શકે છે? રોબોટના માધ્યમથી વધારે કુશળતાથી અને સારામાં સારી રીતે કેન્સરની સર્જરી કરી, ચોકસાઇપૂર્વક કામ કરી, પેશન્ટની રીકવરી ઝડપથી કેવી રીતે થાય એના માટે કામગીરી કરે છે. ભારત ગવર્મેન્ટ સેકટરમાં સૌથી પહેલાં વસાવેલું હોય તો આ સાયબર નાઇફ મશીન છે. આ રોબર્ટિક સિસ્ટમથી છે. નાનામાં નાની ગાંઠને પોતે ડાયરેકશન આપી, પોતે ટ્રેક કરી, ચોકસાઇથી, ઓછું કાપકૂપ થાય, ઓછું બ્લીડિંગ થાય તેમજ મગજની અંદરનું ઓપરેશન હોય, મગજના હાડકાંનું ઓપરેશન હોય, આંખનું ઓપરેશન હોય, કાનનું ઓપરેશન હોય, સેન્સેટીવ અવયવોના ઓપરેશનની સારવાર આ મશીનથી ગરીબમાં ગરીબ વ્યકિતને મળે છે. મહામહિમ રાજ્યપાલશ્રીએ જે અભિભાષણ કર્યું છે એને હું મારું સમર્થન આપું છું.

રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)

ડૉ. તુષાર અ. ચૌધરી(ખેડબ્રહ્મા): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રી ઈશ્વરભાઈ પરમાર જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૬૨ બેઠકની પ્રચંડ બહુમતિ ધરાવતી આ સરકાર અને એ ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રમુખ જ્યારે આભાર પ્રસ્તાવમાં તેમના વિચારો રજૂ કરતા હોય ત્યારે જન આક્રોશ યાત્રાનો ઉલ્લેખ કરતા હોય તો મને લાગે છે કે, મારી શરૂઆત પણ જન આક્રોશ યાત્રાથી કરીશ. અમારી જન આક્રોશ યાત્રા તે કોઈ મત માગવા માટેની યાત્રા નહોતી પણ ગુજરાતની જનતાની શું સમસ્યા છે, ગુજરાતની જનતા સરકાર સુધી શું અવાજ પહોંચાડવા માગે છે તે જાણવા માટેની અમારી યાત્રા હતી અને એ યાત્રામાં તેમણે ઉલ્લેખ કર્યો કે ખુરશીઓ ખાલી રહેતી હતી કદાચ રહે ખુરશીઓ ખાલી રહે અમે તો પદયાત્રા પણ કરી છે, ખેતરમાં બેસીને પણ મિટિંગ કરી છે, જાહેર ચોકમાં પણ મિટિંગ કરી છે અને ખુલ્લા બજારમાં પણ મિટિંગ કરી છે પણ અમારી યાત્રામાં અમે સામાન્ય સવાલો જનતાને પૂછેલા હતા. અને તેમને કહેવામાં આવેલું હતું કે અમારા સવાલનો જવાબ તમારો હા માં હોય તો તમે બે હાથ ઉંચા કરીને જવાબ આપજો. અમે જન આક્રોશ યાત્રામાં બહુ સામાન્ય સવાલો પૂછ્યા હતા. અમે એટલું જ પૂછતાં હતાં કે ભાઇ, મોંઘવારી વધી છે ?

ઉપાધ્યક્ષશ્રી : માનનીય તુષારભાઇ, હવે પોલિટિકલ ઓબ્ઝર્વેશન કરતા સીધા રાજ્યપાલશ્રીના પ્રસ્તાવ ઉપર બોલો.

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, એ વાત પોલિટિકલ થઇ તો તે વાત છોડી દઇએ અને બીજી વાતો કરીએ. અમે બાલાસિનોર તાલુકાના જમિયતપુરા ગામે ગયેલાં જ્યાં કેમિકલ વેસ્ટની ડમ્પિંગ સાઇટ છે તે સાઇટ બે દિવસથી બંધ હતી કારણ કે અમારી યાત્રા પસાર થવાની હતી. એ માત્ર જમિયતપુરા ગામ નહીં પણ ૨૯ જેટલાં ગામોમાં માથું ફાડી નાંખે એવી દુર્ગંધ આવતી હતી. ત્યાંના અમે પાંચથી છ ખેતરોની મુલાકાત લીધી. બોરના પાણીમાં કેમિકલયુકત દુર્ગંધ મારતું લાલ કલરનું પાણી આવતું હતું. ખેતીલાયક જમીન બિન ખેતીલાયક થઇ ગઇ હતી. લોકો ચામડીના રોગનો શિકાર થઇ રહ્યા હતા, લોકોના વાળ ખરી રહ્યાં હતા, લોકોને કેન્સરની બીમારીઓ વધી ગઇ હતી. આ બધુ જ હોવા છતાં અને પ્રશ્નની ગંભીરતા સમજીને મેં પોતે વિધાનસભામાં પ્રશ્ન પૂછ્યો તો *(xxx)

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, જ્યારે મંત્રીશ્રીનો જે જવાબ હોય તેની ઉપર હવે કોઇ ટીકા કરવાનો મતલબ નથી.

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, ટીકાનો સવાલ નથી અમે એટલુ જ કહીએ છીએ કે *(xxx)

પોઇન્ટ ઓફ ક્લેરિફિકેશન

સબજયુડિસ મેટર અંગે

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારનો પ્રશ્ન છે હું ખૂબ જ જાગૃત છું અને લોકોને જાગૃત કર્યા છે. એટલું બધુ એ નથી પણ જે લોકો સોલીડ નાંખે છે.

ઉપાધ્યક્ષશ્રી : જે પણ પોઇન્ટ ઓફ ક્લેરિફિકેશન હોય તે ટૂંકમાં કહો. બહુ લાંબી વાત નહીં કરો. હું તમને સમય આપીશ.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીને પત્ર લખ્યો હતો અને તેમણે બંધ કરાવેલું છે પણ સામેની કંપની હાઇકોર્ટમાં ગયેલી છે એટલે આ કોર્ટ મેટર છે.

ઉપાધ્યક્ષશ્રી : સબજયુડિશ મેટરની વાત છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ માનનીય તુષારભાઇ જે વાત કરે છે તેનો જવાબ અપાઇ ગયો છે. *(xxx) માનનીય મુખ્યમંત્રીશ્રીને જે લોકો મળ્યાં હતા અને મુખ્યમંત્રીશ્રીના ટેલિફોન મેસેજથી પ્રાંત અધિકારીએ તેને પહેલાં ટેમ્પરરી કલોઝર આપ્યું પછી કાયમી કલોઝર આપેલું છે અને તેના પછી હાઇકોર્ટમાં ગયા છે. હવે એ જ્યારે ઓગસ્ટ,૨૦૨૬માં તેનું જે ઇ.સી.છે તે પૂર્ણ થવામાં છે ત્યારે જેણે ફરિયાદ કરી છે તે સરકાર જરૂર ધ્યાનમાં લેશે, રીપિટ કરવાની કોઇ જરૂર નથી કારણ ત્યારે આ બધી વાત થઇ છે હવે પાછી ફરી ગોળ ગોળ ફેરવીને વાત કરીએ તે બરાબર નહીં.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય તુષારભાઇએ વાત કરી એમાં શ્રી માનસિંહભાઇ અને માનનીય શ્રી અર્જુનભાઇએ કહ્યું એમા હું પોઇન્ટ ઓફ ઓર્ડર તરીકે ન લઇ શકું. કારણ કે માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચેર ઉપર હતા ત્યારે *(xxx) ઉપર ચર્ચા થઇ અને એનું રુલિંગ પણ માનનીય અધ્યક્ષશ્રીએ આપી દીધું. એના ઉપર ફરી ચર્ચા થાય એ માનનીય અધ્યક્ષશ્રીનું અપમાન છે. એ બાબત રેકર્ડ ઉપરથી દૂર થવી જોઇએ. મારા મિત્ર લેન્ડલોર્ડ માણસ છે, સંસદીય બાબતના જાણકાર છે, ખૂબ જૂના પ્રતિનિધિ પણ રહી ચૂક્યા છે. રેકર્ડ ઉપર ખોટું ન જાય એટલા માટે કરેકશન આપની પાસે કરું છું કે, જે તે વખતે શૈલેષભાઇએ મુદ્દો ઉપસ્થિત કર્યો ત્યારે માનનીય મંત્રીશ્રીએ કહ્યું હતું કે ત્યાં કાંઇ થયું નથી, થતું નથી, તમારી પાસે કોઇ માહિતી હોય તો મંત્રીશ્રી, મુખ્યમંત્રીશ્રી કાર્યવાહી કરવા માટે તત્પર છે. આવી પણ વાત થઇ હતી. આથી વાતને રીપિટ કરીને વાત રેકર્ડ ઉપર ન રહે એવું મારી વિનંતી છે.

---

* આ શબ્દો અધ્યક્ષસ્થાનેથી માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

* આ શબ્દો અધ્યક્ષસ્થાનેથી માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ઉપાધ્યક્ષશ્રી : એક વખત *(xxx) વાત બાબતે માનનીય અધ્યક્ષશ્રીએ રુલિંગ આપી દીધું હતું અને માનનીય મંત્રીશ્રીએ જવાબ આપી દીધો છે એટલે *(xxx) કોઇ વાત અહીંયા કરવી નહીં. જે કાંઇ વાત થઇ છે એ રેકર્ડ પરથી દૂર કરું છું. વિભાગની માગણી સમયે સ્થાનિક રજૂઆત કે ફરિયાદની વાત થઇ શકે.

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું એટલો સંસદીય પ્રણાલિઓનો જાણકાર પણ નથી અને મને એટલો અનુભવ પણ નથી. મારી લાગણી એટલી જ છે કે જે પ્રશ્ન ગામનો છે એ પ્રશ્નનું સોલ્યુશન આવે. ગૃહમાંથી મારો રેકર્ડ અને બધું કાઢી નાખો મને કોઇ વાંધો નથી. હું જાતે જોઇને આવ્યો છું એટલે મારી વ્યથા તમારી સમક્ષ રજૂ કરું છું. બાકી એમાં મારો બીજો કોઇ આશય નથી.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા ઘણા બધા સભ્યોએ વાત કરી કે ગુજરાતની માથાદીઠ આવક ત્રણ લાખ એક હજાર પર પહોંચી છે. ખૂબ સારી વાત છે. તેનો અમે સ્વીકાર કરીએ છીએ. તેની સાથે કોઇ એવું કેમ કહેતું નથી કે ગુજરાતનું માથાદીઠ દેવું પણ રૂપિયા ૬૬ હજારે પહોંચ્યું છે. જે પહેલા ૧૬ અને ૧૮ હજાર હતું. ૩ લાખ ૧ હજાર માથાદીઠ આવક હોય તેમ છતાં ગુજરાત સરકારે એમ કેમ કહેવું પડે, રાજ્યપાલશ્રીએ એમના અભિભાષણમાં એમ કેમ કહેવું પડે છે કે અમારી સરકાર ૩ કરોડ ૬૫ લાખ લોકોને ૧ કરોડ ૨૨ લાખ ટન અનાજ મફત આપે છે. આજે રૂપિયા ૩ લાખની માથાદીઠ આવક થઇ ગઇ હોય તો તમારે અનાજ કેમ આપવું પડે છે? ગુજરાતનો એવો કયો તખ્તો છે કે હજી ૫૦ ટકા પ્રજા ગરીબાઇમાં જ જીવે છે અને હજી મફત અનાજ પર નિર્ભર છે. આ બાબતે પણ સરકારે વિચારવું પડશે. હાલમાં સુરત જિલ્લાના નવનિયુક્ત અરેઠ તાલુકામાં રૂપિયા ૨૧ કરોડના ખર્ચે એક પાણીની ટાંકીનું નિર્માણ થયેલ હતું. નિર્માણ થયેલ ટાંકીનું ટેસ્ટિંગ કરવા માટે પાણી ભરવાની શરૂઆત કરી અને અડધું પાણી ભરાય એ પહેલાં ટાંકી જમીનદોસ્ત થઇ ગઇ. જે પરિસ્થિતિ બતાવવામાં આવે છે એના કરતાં વાસ્તવિકતા જુદી છે. નલ સે જલ યોજના હેઠળની વાત કરું તો અમે ગામડે ગામડે ફર્યા, કેટલીક જગ્યાએ નળ જોયા પણ નીચેની પાઇપ ન હતી. સંપ જોયા પણ સંપમાં પાણી ભર્યું નથી. આજે જ્યારે રાજ્યપાલશ્રીના અભિભાષણમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે આટલા લોકોને પાણી આપી દીધું છે પણ વાસ્તવિક રીતે પાણી પહોંચ્યું નથી. દર વખતે રાજ્યપાલશ્રી જંગલ જમીનના દાવાઓનો ઉલ્લેખ કરતા હતા કે આ વર્ષે કેટલી કામગીરી કરી. ત્રણ વર્ષના ઉલ્લેખ પછી ગયા વર્ષે મેં એમને પકડ્યા કે તમે આંકડાઓ તો રજૂ કરો છો પણ તમારી કામગીરી તો પોણા બે ટકા જ છે. આથી આ વખતે એમણે ઉલ્લેખ કરવાનું જ ટાળી દીધું. એ કામગીરી હજુ સુધી આગળ વધી નથી. ગીર ફાઉન્ડેશનને જે સરવે કરવાની કામગીરી સોંપવામાં આવી છે, વન અધિકાર અધિનિયમ મુજબ જંગલ જમીનના જે દાવા હોય એને રદ કરવાનો અધિકાર માત્ર ગ્રામ, તાલુકા અને જિલ્લા સમિતિને છે. ગીર ફાઉન્ડેશનનો કોઇ અધિકાર બનતો નથી તેમ છતાં ગીર ફાઉન્ડેશનના રીજેક્શનના સિક્કાઓ લાગી રહ્યા છે અને એ રીતે આદિવાસીઓને મોટો અન્યાય થઇ રહ્યો છે. આ વ્યવસ્થામાં સુધારો લાવી ગીર ફાઉન્ડેશન પાસેથી આ કાર્યવાહી પરત લઇ લેવામાં આવે એવી અમારી માગણી છે. તાજેતરમાં એસ.ટી. ભરતી માટે ૩૫ ટકાની મર્યાદા હતી એમાં ૪૦ ટકાનો પરિપત્ર બહાર પાડીને જે વધારો કરવામાં આવ્યો છે એના કારણે અત્યારે જે પોલીસ કોન્સ્ટેબલની ભરતી છે એમાં ૨૫૦૦ જેટલા આદિવાસીઓ પોલીસ કોન્સ્ટેબલ બની શક્યા નથી. એ વધારો ૫ ટકા પાછો ખેંચી ૩૫ ટકા કરવો જોઇએ એવી પણ અમારી માંગ છે.

આજે જ્યારે જંગલની જમીનની વાત થતી હોય ત્યારે આજે ગુજરાતમાં વાત કરીએ તો લગભગ ૬૮૫૦ હેકટર જેટલી વન વિભાગની જમીન ૧૫૬૦ જેટલા ખાનગી લોકોને આપવામાં આવી છે અને એ ગુજરાતમાં હાઇએસ્ટ રેકોર્ડ છે. એલોકેશન ઓફ ફોરેસ્ટ લેન્ડ ઇન ઇન્ડિયામાં ગુજરાતના કેન્દ્ર સરકારના આંકડા છે તો તમે ઉદ્યોગકારોને આટલી જમીન આપી શકતા હોય તો આદિવાસીઓને તમારે બે–પાંચ ગૂંઠામાં જ જમીન આપવાની છે તો શા માટે એમાં એ કાર્યવાહી થતી નથી એવો મારે સરકારને પ્રશ્ન છે. જે પ્રકારે બજેટમાં જે વાત થઇ રહી છે કે ૩.૪ લાખ કરોડ કરતાં વધારે બજેટ છે ત્યારે સાથેસાથે એનું દેવું પણ પેરેલલ ચાલી રહ્યું છે. અત્યારનું સરકારનું અંદાજીત દેવું ૩.૪ લાખ ૪૫ હજાર કરોડ થવા જઇ રહ્યું છે તો એ દેવું ભરપાઇ કરવા માટે સરકારનું શું આયોજન છે? અને જે પ્રકારે તમે અત્યારે ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ આધારીત જ ગ્રાન્ટની ફાળવણી કરી છે. ખાસ કરીને મહાનગરપાલિકાઓમાં ઇન્ફ્રાસ્ટ્રાકચર માટે વધારેમાં વધારે નાણાં ફાળવ્યાં છે. સામાજિક ન્યાયની વાત હોય કે જેમાં મહિલા–બાળ વિકાસ મંત્રાલય હોય, આદિજાતિ વિકાસ મંત્રાલય હોય, અનુસૂચિત જાતિ મંત્રાલય હોય એવા સામાજિક ન્યાયને લગતા તમારા સ્તંભો છે તેમાં માત્ર નજીવો વધારો કર્યો છે ત્યારે આ બક્ષીપંચ સમાજના લોકો કેવી રીતે ઉત્થાન કરીને કઇ રીતે આગળ વધી શકશે? એ બાબતે બજેટમાં ધ્યાન આપવામાં આવ્યું નથી એટલે એના પર પણ પૂરતી વિચારણા કરવામાં આવે એવી માગી માગણી છે. ધન્યવાદ.

ડૉ. સી.જે. ચાવડા(વિજાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહીમ રાજ્યપાલે ગુજરાતના વિકાસની વાતો ગૃહ સમક્ષ રજૂ કરી એના આભાર પ્રસ્તાવમાં હું મારું સંપૂર્ણ સમર્થન આપું છું.

આ ગુજરાત રાજ્ય ગૌરવંતુ છે. ગુજરાત ૨૦૪૭ ભારતનો આર્થિક વિકાસ અને સમગ્ર વિશ્વમાં વિકાસની દ્રષ્ટિએ ત્રીજી ઇકોનોમી બને એ માટેના પ્રયત્નો આ ગૃહના એક વખતના નેતા અને ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ જ્યારે કરી રહ્યા છે ત્યારે ગુજરાત ગ્રોથ એન્જિન બનીને એની કેડીએ કેડીએ સમગ્ર દેશ અને ગુજરાતની આર્થિક સદ્ધરતા વધે. ગુજરાતમાં વસતા તમામ લોકો એ ચાહે ખેડૂત હોય, ખેત મજૂર હોય, પશુપાલક–માલધારી હોય કે ગ્રામીણ કારીગર હોય,

નાનો–મોટો વેપારી હોય, ઉદ્યોગપતિ હોય કે કર્મચારી હોય દરેક વ્યક્તિના વિકાસની વાત એમના પ્રવચનમાં લઈને આવ્યા છે ત્યારે હું એને સંપૂર્ણ ટેકો આપું છું. આ ગુજરાત રાજ્ય છે કે જયાં દ્વારિકાના નાથ કૃષ્ણ ભગવાન ઉત્તરપ્રદેશથી આવીને ગુજરાતમાં સામ્રાજ્ય સ્થાપીને ગુજરાતનું શાસન ચલાવ્યું હતું. આ એ ગુજરાત છે કે જે ગુજરાતમાં આઝાદીની લડતમાં રાષ્ટ્રાપિતા મહાત્મા મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઇ પટેલ લોખંડી પુરુષે સમગ્ર દેશને સુકાન આપ્યું હતું અને ભારતને આઝાદી અપાવવામાં અગ્રેસર ફાળો આપ્યો હતો. આ એ ગુજરાત છે કે જે ગુજરાતના સપૂત અને ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને ભારતના ગૃહ પ્રધાનશ્રી અમિતભાઇ શાહ સાહેબ આ બંનેની દિશા અને દ્રષ્ટિથી સમગ્ર દેશ અને ગુજરાત રાજ્ય પ્રગતિના પંથે જઇ રહ્યું છે અને પ્રગતિની હરણફાળ ભરી રહ્યું છે અને તેનું પ્રવચન લઇને જ્યારે રાજ્યપાલશ્રી આવ્યાં હોય ત્યારે એક એક શબ્દ અને એક એક વિકાસની વાતને હું મારું સંપૂર્ણ સમર્થન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, હમણાં ગૃહમાં ખેડૂતોની અને ઉદ્યોગપતિની વાતો થતી હતી. પાણીના પ્રશ્નોની વાત થતી હતી. કોઇપણ વિકાસ ચાહે ઔદ્યોગિક વિકાસ કરવો હોય, શૈક્ષણિક વિકાસ કરવો હોય, આરોગ્યની દ્રષ્ટિએ પી.એચ.સી., સી.એચ.સી. અને હૉસ્પિટલો બનાવવી હોય, કોઇપણ વિકાસ જમીન ઉપર થાય છે અને જમીન છે એ ખેડૂતની છે. ખેડૂતની જમીન અને જમીનનો વહીવટ મહેસૂલી કાયદાઓ છે એ ખેડૂત માટે અને સમગ્ર પ્રજા માટે ગીતા છે એમ કહીએ તો પણ ખોટું નથી. એના એક એક શ્લોક જેમ અગત્યના છે એમ મહેસૂલી કાયદાની એક–એક કલમ અને એક–એક લીટી ખૂબ અગત્યની છે અને એનું આખું વ્યવસ્થાપન ગુજરાત સરકારે ખૂબ સુંદર રીતે કર્યું છે. દાદાની સરકારે એટલે કે ભૂપેન્દ્રભાઇની સરકારે જયારે જમીન મહેસૂલના કાયદાઓમાં સુધારાઓ કરીને સમગ્ર ગુજરાતની પ્રજા ખેડૂત હોય કે ખેતમજૂર હોય કે ઉદ્યોગપતિ હોય કે કોઇપણ વ્યકિત એના ઉપર વિકાસ કરી શકે, પોતાની આવક ડબલ કરી શકે એના પ્રયત્ન કરવામાં શું નડતરરૂપ છે, તેમાં શું ઉમેરવાની જરૂર છે, શું દૂર કરવાની જરૂર છે એનો ઝીણવટભર્યો અભ્યાસ કરીને રાજયમાં મુખ્યમંત્રીશ્રી કે જેમની પાસે મહેસૂલ ખાતું પણ છે, મહેસૂલ ખાતાના અધિકારીઓ એક થઇને કમિટી રચીને સુધારા વધારાઓ કરીને સમગ્ર રાજયના ખેડૂતોની આવક ડબલ થાય એ દિશામાં પ્રયત્ન કરી રહ્યા છે. સમગ્ર રાજયના ખેડૂતોને, કોઇપણ વ્યકિતને જમીનને લગતી બાબતમાં કોઇપણ મુશ્કેલી ન પડે એવા સતત પ્રયત્નો આ સરકાર દ્વારા થઇ રહ્યા છે. ગુજરાતનો નકશો એટલે ગુજરાતની ભૂમિ, ગુજરાતની ભૂમિમાં કયાંક સફેદ રણ હોય, કયાંક પહાડો, પર્વતો હોય, કયાંક નદીઓની ખીણો હોય, કયાંક સમતળ જમીન હોય, કયાંક બંજર જમીન હોય અને એ સમગ્ર મળીને જયારે જમીનનો નકશો, ગુજરાતનો નકશો કે ગુજરાત બનતું હોય ત્યારે એક એક જિલ્લાની જુદી જુદી જમીનોની તાસીરો લઇને જુદા જુદા જમીનના કાયદાઓને એકરૂપ કરીને આ સરકારે ખૂબ સારા પ્રયત્નો કરીને સમગ્ર રાજયનો એક પણ વ્યકિત જમીનને લગતી બાબતમાં હેરાન ન થાય એવા પ્રયત્નો કર્યા છે માટે ભારતીય જનતા પક્ષની માનનીય ભૂપેન્દ્રભાઇની સરકારને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. એક સમય હતો કે જ્યારે ખેડૂતને પોતાની જમીન માલિકીના જમીનના ૭/૧૨ના ઉતારા લેવા હોય તો અનેક ધક્કા ખાવા પડતા હતા. તલાટીને શોધવો પડે, તલાટી હાથમાં આવે ત્યારે સરપંચ ના હોય, સરપંચ અને તલાટી બંન્ને હાથમાં આવે ત્યારે રેકર્ડ હાથમાં ના આવે એવી પરિસ્થિતિ હતી એ પરિસ્થિતિને જુદી જુદી રીતે સંકલિત કરીને આજે ગુગલ દ્વારા સરવે કરીને ૭/૧૨, ૮–અના ઉતારા અને ગુજરાતના ખેડૂતનું રેકર્ડ એટલું અદ્યતન કરવામાં આવ્યું છે નકશા સાથે કે નકશો જોઇને ખબર પડે કે મારી જમીન કયાં છે, કેટલી છે, આજુબાજુ કોણ છે? આવા નકશાઓ તૈયાર કરીને સમગ્ર ગુજરાતની જમીનનું મૂલ્યાંકન આ સરકાર દ્વારા કરવામાં આવ્યું છે. આ કરવામાં કયાંક એક ટકો કે અડધો ટકા લોકોને મુશ્કેલી પણ પડી હશે, કયાંક આકૃતિમાં ફેર હશે, કયાંક ક્ષેત્રફળમાં વધઘટ થઇ હશે તો એના માટે સતત જાગૃત રહીને આ સરકાર એક એક પ્રશ્નનો નિકાલ કરે એવું આયોજન, તાલીમબદ્ધ રીતે હાથ ધરેલ છે. પહેલાં એક મુશ્કેલી થતી હતી કે, ખેડૂત હોય એને પોતાનું ખેડૂત તરીકેનું પ્રમાણપત્ર જોઇએ તો ખેડૂતનું પ્રમાણપત્ર મેળવવા માટે જયારે મામલતદારશ્રીને અરજી કરે ત્યારે ૧૯૫૧–૫૨થી એના ઉતારા જોવામાં આવતા હતા. સન ૧૯૫૧–૫૨ થી ૨૦૨૬ સુધીના જમીનના ઉતારાઓ એને એકત્ર કરીને મામલતદાર કચેરીમાં ખેડૂત પોતે પહોંચાડે પછી એને ખેડૂતનું પ્રમાણપત્ર મળતું. મહેસૂલી રેકર્ડની નોંધમાં ઝીણવટભરી તપાસ કરવામાં આવે, કયાંક નાની ક્ષતિ હોય તો પણ ખેડૂતને પ્રમાણપત્ર આપવામાં આવતું ન હતું. માનનીય ભૂપેન્દ્રભાઇની સરકારે વિચાર્યું કે ૩૦ વર્ષ પહેલાંનું રેકર્ડ જોઇને શું કરવું છે? સન ૧૯૫૧–૫૨ થી ૧૯૯૫ સુધીમાં જે ફેરફારો થયા હોય એના અંતે સન ૧૯૯૫માં જે ફેરફાર થઇને ૭/૧૨ના ઉતારામાં જેનું નામ ચાલતું હોય એ વ્યકિત અરજી કરે તો ૨૪ કલાકમાં સન ૧૯૯૫ થી ૨૦૨૫ના ૭/૧૨ના ઉતારા જોઇને તેને ખેડૂતનું પ્રમાણપત્ર આપવામાં આવે એવો અહીંથી સુધારો કરવામાં આવ્યો. ખેડૂતનું પ્રમાણપત્ર મેળવવામાં આજે કોઇપણ ખેડૂતને કોઇ મુશ્કેલી પડતી નથી. ખેડૂતનું પ્રમાણપત્ર પહેલાં મેળવતા પછી છ મહિના પછી ફરીથી ખેડૂતને કંઇ કામ પડે, એને લોન માટે, પેશગી માટે કયાંક ગીરો મૂકવા માટે, કયાંક ભાઇઓની વહેંચણી કરવા માટે, ૭/૧૨માં કયાંક જરૂર પડે તો છ મહિના પહેલાનું ખેડૂતનું પ્રમાણપત્ર ફરીથી કઢાવવાનું , ફરીથી ઉતારા લાવો, ફરીથી ચકાસો, એક મામલતદાર બદલાઇ ગયા, બીજા આવ્યા એ પાછા આપે, ન આપે એ બધામાં સંગઠિત કરીને એક પરિપત્ર બહાર પાડયો અને જે પ્રમાણપત્ર આપવામાં આવે તે ઉપયોગમાં લે કે ન લે, ત્રણ વર્ષ સુધી એનો અમલ ચાલુ રહે અને ત્રણ વર્ષ સુધી એ પ્રમાણપત્ર ચાલે. કોઇ ખેડૂત પોતાની જમીન બિનખેતી કરાવે અને એને શરતચૂકથી નિયમોનું જ્ઞાન ન હોય એના કારણે બધી જમીન ખેતીમાંથી બિનખેતીમાં ફેરવાઇ જાય અને પછી ખેડૂત જમીન ખરીદવા જાય તો ખરીદી શકતો નહોતો કારણ કે એ ખેડૂત મટી ગયો છે. તેના માટે સરકારે એ પરિપત્રમાં પણ સુધારો કર્યો કે ખેડૂત એ ખેડૂત છે. જન્મથી મૃત્યુ પામે ત્યાં સુધી

ખેડૂત છે. એની બધી જ જમીન એન.એ. થઈ ગઈ હોય તો પણ એના ઉતારા લઈને એ જમીન ખરીદે અને ખેડૂતનું પ્રમાણપત્ર મેળવવા જાય તો એને આપવું પડે એવો આ સરકારે પરિપત્ર કર્યો છે એના માટે આ સરકારને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું.આવા અનેક સુધારા કર્યા છે. જમીન મહેસૂલ કાયદો ૧૯૭૯, ગણોતનો કાયદો ૧૯૪૮, સૌરાષ્ટ્રનો ઘર ખેડ કાયદો ૧૯૪૯, કચ્છ અને વિદર્ભનો કાયદો ૧૯૫૭ જેવા તમામ કાયદાઓની આંટીઘૂંટીમાંથી ખેડૂતને, ખેતમજૂરને, પશુપાલકને, માલધારીને કે નાના–મોટા વેપારીને કે જેમણે જમીન ખરીદી છે એમને કોઇ પ્રશ્ન ઉપસ્થિત ન થાય એના માટે વિવેકબુદ્ધિ વાપરીને એક–એક મિનિટનો ઉપયોગ એની પાછળ થાય એ રીતનું આયોજન કરીને ૭/૧૨ અને ૬ નંબરમાં એન્ટ્રી પડે. પહેલાં એન્ટ્રી પડે એટલે લેનાર અને વેચનાર બે માણસો જુદા હોય અને ગુજરાતમાંથી કોઇ ત્રીજો વ્યક્તિ કૂદી પડે કે 'આ જમીન સાથે મારે લેવા–દેવા છે' અને પછી તે જમીનમાં તકરાર થાય અને વર્ષો સુધી એ કેસ ચાલ્યા કરે. આ સરકારે ત્રાહિત વ્યક્તિ કે જેને જમીન સાથે કોઇ લેવા–દેવા નથી એવા વ્યક્તિની અરજીથી કોઇ તકરાર ઊભી થશે નહિ એવો પરિપત્ર કર્યો અને લેનાર કે વેચનાર પણ તકરાર ઊભી કરે તો પણ 'મામલતદારશ્રીએ ૩૫ દિવસમાં એનો નિકાલ કરવો' એવો પરિપત્ર કરીને લોકોને હેરાનગતિમાંથી અને કાયદાની ગૂંચમાંથી બહાર કાઢવાનું કામ આ સરકારે કર્યું છે. એક ઇનામી નાબૂદી ધારો હતો. જેના કારણે ગ્રામ્ય વિસ્તારના લોકો હેરાન થતા હતા. એ ધારામાં કબજા હક્કની રકમ વર્ષો અગાઉ ન ભરી હોય તો એ સરકારી પડતરે દાખલ કરેલી હતી અને જમીન ઉપર કબજો તો આજે પણ ખેડૂતનો છે પણ જ્યારે લોન લેવા જાય અને બેંકમાં એના કાગળો મૂકે ત્યારે સરકારી પડતરે હોવાના કારણે મુશ્કેલી પડતી હતી. સરકારે પરિપત્રમાં સુધારો કર્યો કે કબજા હક્કની રકમ ન ભરી હોય અને વર્ષોથી સરકારી પડતરે હોય તો ૨૦ ટકા જંત્રીનું પ્રીમિયમ ભરી અને ખેડૂતના ખાતે આ જમીન કરી દેવી. એના કારણે બનાસકાંઠા જિલ્લાના અનેક તાલુકાઓમાં અને સૌરાષ્ટ્રના ખેડૂતોનો જે વર્ષો જૂનો પ્રશ્ન હતો એ દૂર કરીને ખેડૂતોના આશીર્વાદ પ્રાપ્ત કર્યા છે. એવી સરકારને હું હૃદયપૂર્વક અભિનંદન આપું છું. કાયદાના સુધારાની એક–એક કલમ સમજાવવા જાઉં તો ખૂબ સમય જાય પણ સરવાળે ખેડૂતને પડતી તમામ મુશ્કેલીઓ દૂર કરવાનું કામ આ સરકારે કર્યું છે. જ્યારે દરેક વિભાગની પ્રગતિ થાય અને એક વિભાગની પ્રગતિમાં બીજો વિભાગ અડચણરૂપ ન બને એટલા માટે જમીન ઉપર ઉદ્યોગ નાંખવો હોય, ગૌશાળા બનાવવી હોય, હૉસ્પિટલ બનાવવી હોય, શાળા બનાવવી હોય કે યુનિવર્સિટી બનાવવી હોય તો આ બધા જ વિભાગોએ સંકલિત થઈને કોઈને પણ મુશ્કેલી ન પડે અને વિકાસના કાર્યોમાં કોઈ પણ આડખીલી ઊભી ન થાય એવા સતત પ્રયત્નો કરીને ભાજપની સરકારે જે સુધારા કર્યા છે અને માનનીય રાજ્યપાલશ્રીના પ્રવચનમાં જે ઉલ્લેખ કર્યો છે એને હું હૃદયપૂર્વક સંપૂર્ણ ટેકો આપું છું. મહામહિમ રાજ્યપાલ જે પ્રવચન લઈને આવ્યા છે એમાં હું મારું સમર્થન આપું છું.

શ્રી ઉદયભાઈ પ્ર. કાનગડ(રાજકોટ –પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહામહિમ રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપર સભ્યશ્રી ઈશ્વરભાઈ પરમાર જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબની આ સરકારે ગુજરાતમાં જે રીતે ગેરકાયદેસર અતિક્રમણો દૂર કરવા માટે મક્કમ રીતે પગલાં લીધાં છે એના માટે હું અભિનંદન આપું છું. એ સોમનાથ ખાતેના અતિક્રમણ હોય, ચંડોળા તળાવ હોય, કચ્છના અતિક્રમણ હોય, હરસિદ્ધિ માતાના અતિક્રમણો હોય કે બેટ દ્વારકાના અતિક્રમણો હોય. રાજકોટમાં મારી વિધાનસભા–૫૯માં જંગલેશ્વર નામનો વિસ્તાર છે. ત્યાં નદીકાંઠો અને ટી.પી.ના રોડનું અતિક્રમણ હતું એના માટે હું માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીનો ખૂબ–ખૂબ આભાર માનું છું કે, રાજકોટના જંગલેશ્વર વિસ્તારમાં નદીકાંઠાના મકાનોને કૉર્પોરેશનના ૭૦૦ આવાસો આપ્યા પછી પણ દબાણો દૂર થયા ન હતા. તે વિસ્તારમાં ૫૦ ફૂટના ટી.પી.ના રસ્તામાં એટલી ગીચતા કે ત્યાં એમ્બ્યુલન્સ, પોલીસ કે ફાયરબ્રિગેડ પણ ન જઈ શકે અને આ ગીચતાનો લાભ ગુનેગારો લેતા હતા. જંગલેશ્વરનું નામ પડે એટલે રાજકોટની જનતાને ધ્રાસ્કો પડી જાય કારણ કે તે ગુનેગારોનું એ.પી. સેન્ટર બની ગયું હતું. જંગલેશ્વરમાં કોઇ માફિયાઓની ૧૦૦ ઓરડી હોય, કોઇની ૫૦ ઓરડી હોય તો કોઇની ૧૫૦ ઓરડી હોય તે લોકો ગરીબ માણસોને ભાડે આપીને એ જ વિસ્તારમાં પોતાના ત્રણ–ચાર માળના એ.સી. બંગલાઓ બનાવીને રહેતા હતા. હું ગુનેગારોની વાત કરું તો રાજકોટમાં ૧૮૬ પાસાના હુકમો થાય તેમાંથી ૫૮ માત્ર જંગલેશ્વર વિસ્તારના, થોડા જ વર્ષોમાં ૬૧ આર્મ્સ એક્ટના કેસો, દારુના ૩૦૦ આરોપી, ઘોડી/પાસા/જુગારના ૧૮૫ આરોપી, હથિયારના ૬૧ કેસમાં ૬૪ આરોપી, ગાંજો/ચરસ/અફીણનું એ.પી. સેન્ટર, ચોરી–લૂંટના ૩૭ કેસમાં ૭૧ આરોપી, દુષ્કર્મ–અપહરણના ૧૫ બનાવોમાં ૧૯ આરોપી, મર્ડર/હાફ મર્ડર/મારામારીના ૩૮ બનાવોમાં ૬૬ આરોપીને પકડવામાં આવ્યા. જંગલેશ્વર ગુનેગારોનું કેન્દ્ર બની ગયું હતું. આખા વિસ્તારની ડેમોગ્રાફી બદલાતી હતી અને એવો ક્રિટિકલ એરિયા કે ત્રણ ફૂટની શેરી એક રૂમમાં જાય અને પાંચમી શેરીમાં બીજા રૂમમાંથી આરોપી નદીમાં નીકળી જાય એ ખબર પડતી ન હતી ત્યારે હું રાજકોટની જનતા વતી આભાર માનું છું. ૧૬ નંબરમાં જંગલેશ્વર સિવાયની પ્રજા સતત ભયના ઓથાર નીચે રહેતી હતી તેને આજે મુક્તિ મળી છે. બીજીવાર ફક્ત રાજકોટમાં નહીં પણ ગુજરાતમાં ક્યાંય પણ આવો ક્રિમિનલ એરિયા બને, ક્રાઇમનું એ.પી. સેન્ટર બને તેવી કોઇ હિંમત નહીં કરે અને જો હિંમત કરશે તો આ જ પ્રકારનાં પગલાં લઈ આ સરકારે જે રીતે ખૂબ જ મજબૂતાઇથી કાર્યવાહી કરી છે તેવી રીતે આગળ પણ કરશે, કારણ કે આ બોલવું અને કરવું ખૂબ અઘરું હોય છે. ઘણા ગરીબ અને નાના માણસો વિરોધ કરવા નીકળ્યા હતા પરંતુ તે લોકોને કહું છું કે, તમે જો એ વિસ્તારમાં રહેતા હોય તો ત્યાંની બહેન/દીકરી/માતાઓની દશા શું છે? સામાન્ય મજૂર માણસની દશા શું છે તે પૂછજો. માત્ર ખોટી લાગણીઓ કે મતોના

રાજકારણ માટે આવું ન કરવું જોઈએ. રાજકોટ માટે આ વિસ્તાર કાયદેસર એક અભિશાપ હતો અને તેમાંથી મુક્તિ અપાવી છે અને સાથે સાથે રાજકોટ સહિત સૌરાષ્ટ્ર અને સમગ્ર ગુજરાતમાં એક મેસેજ જશે. ત્યાંના સ્થાનિક વિસ્તારના બાળકોનો ૧૦ કે ૨૦ રૂપિયા વાપરવા માટે આપીને ગાંજા અને ચરસના સપ્લાયર તરીકે ઉપયોગ થતો હતો. આ ન્યુસન્સને દૂર કરવા બદલ હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને માનનીય સભ્યશ્રી ઈશ્વરભાઈ પરમાર રાજ્યપાલશ્રીના સંબોધન પર આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે તેને મારું સમર્થન આપું છું.

શ્રી ભગાભાઈ ઘા. બારડ(તલાલા) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીએ ગૃહ સમક્ષ જે અભિભાષણ કર્યું છે અને તેમાં સભ્યશ્રી ઈશ્વરભાઈ પરમાર જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે તેમાં મારું સમર્થન આપવા માટે ઊભો થયો છું.

એક રાજ્યપાલની સરળતા, કામ કરવાની નિષ્ઠા અને પોતાની પાસે જે સમય છે તેનો સદુપયોગ કરવાની જેમનામાં આવડત છે તેવા આપણા મહામહિમ રાજ્યપાલશ્રી જ્યારે આ ગૃહને સંબોધિત કરવા માટે આવ્યા હોય ત્યારે તેમની પાસેથી આપણે પણ ઘણું શીખવા જેવું છે. થોડા સમય પહેલાં જ્યારે રાજ્યપાલશ્રીએ મારા વિસ્તારમાં ઉમરેઠી ગામમાં રાત્રિ રોકાણ કર્યું હતું ત્યારે મારે તેમને બહુ નજીકથી મળવાનું થયું હતું. પાંચ-છ કલાક એમની સાથે રહેવાનું થયું ત્યારે એમની સરળતા, કામ કરવાનું વિઝન અને ગુજરાત રાજ્ય માટે દેશ માટે કંઈક કરવું છે એવા જેમની પાસે વિચારો છે એવા મહામહિમ રાજ્યપાલશ્રી દલિતના ત્યાં રાત્રિનું ભોજન લે. અમે વૃક્ષારોપણ કરવા માટે ગયા ત્યારે વૃક્ષારોપણના ખાડાઓ તૈયાર હતા. એમની નજર એ ખાડા પર પડી ત્યારે એમણે ફોરેસ્ટ વિભાગના કર્મચારીઓ અને અધિકારીઓ બોલાવીને કીધું કે, 'આ ખાડા તમે બરાબર સાઇઝના કર્યા નથી. આમાં અમે વૃક્ષારોપણ કરીશું તો આ વૃક્ષો કદાચ સૂકાઇ પણ જાશે. તો એકપણ વૃક્ષ સૂકાય નહીં એ માટે યોગ્ય રીતે ખાડા કરો. હું આજે એક વૃક્ષનું ખાતમુહૂર્ત કરું છું. બાકીના ખાડા તૈયાર કરી ફોટો અને વીડિયો ઉતારીને મોકલજો.' આવી દીર્ઘદૃષ્ટિ ધરાવતા રાજ્યપાલ ગુજરાત રાજ્યને મળ્યા છે. સરકારના કરેલા કામો હાઉસમાં આવીને આપણી સૌ સમક્ષ ચિતાર રજૂ કરતાં હોય ત્યારે એની પર બોલવાનો મને મોકો મળ્યો છે ત્યારે હું આ ગૃહનો, દંડકશ્રીનો અને સરકારશ્રીનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ વિરોધપક્ષના મારા સાથી ધારાસભ્યશ્રીઓએ ખેડૂતો બાબતની ઘણી વાતો કરી. થોડાક સમય પહેલાં ચોમાસું ગયા પછી કમોસમી વરસાદ પડ્યો. મારા વિસ્તારમાં વધારે વરસાદ હતો. પહેલાં દિવસે પાંચ ઇંચ પડ્યો, બીજા દિવસે સાત ઇંચ પડ્યો, ખેડૂતોના ખેતરોમાં પાણી ભરાઇ ગયા, અમુક ખેડૂતોની મગફળી ખેતરમાં પડી હતી, અમુક ખેડૂતોની મગફળી કાઢવાની બાકી હતી, અમુક ખેડૂતોએ મગફળી કાઢીને પોતાના ઘરમાં લઇ લીધી હતી. સવારે ઊઠીને જોયું તો એટલો બધો વરસાદ પડ્યો હતો કે ચારેકોર પાણી જ દેખાય. સવારમાં સાત વાગ્યે હું અને મારી સાથેના ભા.જ.પ. સંગઠનના તમામ હોદ્દેદારોએ સ્થળનું નિરીક્ષણ કર્યું. ગામ સુધી જઇને ખેડૂતોના ખેતર સુધી ગયા. ખેતરમાં ચાલુ વરસાદમાં જઇને તપાસ કરીને સરકારશ્રીને જાણ કરીએ અને અઠવાડિયા પછી વરસાદ રહી ગયો, પાણી સૂકાઇ ગયા, સરકારશ્રીએ જાહેરાત કરી દીધી અને પછી વિપક્ષના લોકો ખેડૂતોની પાસે ઉશ્કેરવા માટે આંદોલન કરવા માટે મારા વિસ્તારમાં ગયા. ખેડૂતોએ જવાબ ના આપ્યો, કોઇ જગ્યાએ ખેડૂતો ભેગાં ન થયા, ખેડૂતોએ એમની વાત સાંભળી જ નહીં. કારણ કે, બીજે જ દિવસે સવારે માનનીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની અધ્યક્ષતામાં અમારી સરકારે હુકમ કર્યો અને બધા મંત્રીશ્રીઓને એક-એક જિલ્લામાં એક-એક તાલુકામાં વિઝિટ માટે મોકલ્યા. એમણે રજૂઆત કરી કે, 'ખેડૂતો તમને જે મુશ્કેલી પડી છે એમાં સરકાર તમારી સાથે જ છે.' કારણ કે સરકાર છે એ મોં-બાપ છે. હું પણ ખેડૂતનો દીકરો છું. કેટલું નુકસાન થયું એ મને પણ ખબર છે. આજની તારીખ સુધીની મારી રાજનીતિમાં સરકારે વિશાળ દિલ રાખીને આટલી મોટી ૩.૧૧ હજાર કરોડની સહાય ડિક્લેર કરી છે. વિપક્ષના મિત્રો કહે છે કે ખેડૂતોને અન્યાય થયો છે. મારે ભૂતકાળની વાત યાદ અપાવવી છે. જ્યારે તમારું શાસન હતું. હું પણ એક ખેડૂતનો દીકરો છું, ત્યારે મને ખબર છે કે વીજળીકરણ આવ્યા પછી ખેડૂતને વીજળીનું એક કનેકશન જોઈતું હોય તો એ અરજી કરે, ૩. ૫૦/- ની પહોંચ ફડાવે અને હું નાનો હતો ત્યારે મને યાદ છે કે પાંચ વર્ષ, સાત વર્ષ, દસ વર્ષ, પંદર વર્ષ સુધી ખેડૂતને કનેકશન ના મળે આ પરિસ્થિતિ તમારી સરકારમાં હતી. આ યાદ કરવું પડે. આજે અમારી સરકાર ૨૪ કલાક વીજળી આપી રહી છે. માગે ત્યારે કનેકશન આપી રહી છે. શ્રી વિમલભાઇ, આજે અમારી સરકારે ખેડૂતોને આઠ કલાક, દસ કલાક પૂરતો વીજળી પુરવઠો મળી રહે એના માટે વાયરો બદલીને એમ.વી.સી.સી. કન્ડકટર કેબલનું કામ જ્યોતિગ્રામ યોજનામાં પૂર્ણ કર્યું છે અને ખેડૂતો માટેની કામગીરી સમગ્ર વિસ્તારમાં ચાલુ છે, એ આપે યાદ રાખવું જોઇએ.

ઉપાધ્યક્ષશ્રી : શ્રી વિમલભાઇ, બેસીને વાત નહીં કરો.

શ્રી ભગાભાઇ ઘા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, ૬૬ કે.વી.ના અન્ડર ગ્રાઉન્ડ કેબલનું કામ દરિયાકાંઠે ચાલુ થઇ જવાનું છે. મારી ધારાસભ્ય તરીકેની આ ત્રીજી ટર્મ છે. હું જ્યારે મારી ઓફિસમાં બેઠો હોઉં અને મારા વિસ્તારમાંથી કોઇ ગરીબ દર્દી મારા ત્યાં આવે અને મને રજૂઆત કરે કે મારા દીકરા-દીકરીનું ઓપરેશન કરવાનું છે પણ ૩. ૫૦ હજારનો ખર્ચ ડોકટર કહે છે. મારી પરિસ્થિતિ નથી. હું મજૂરી કરીને મારા દીકરા-દીકરીઓનું પાલનપોષણ કરું છું. શ્રી ભગાભાઇ, મને મદદ કરો. મેં આવા દિવસો જોયા છે કે એમના પોતાના નાકમાં પહેરવાનો નાનો એવો દાણો હોય કે કાનની બુટ્ટી હોય એ મારી ઓફિસમાં લઇને આવે તથા મારી સામે મૂકે અને કહે કે તમે આ રાખો પણ મને પૈસા આપો ત્યારે હું એમને કહું કે બહેન, તું આ લેતી જા. હું તને પૈસા આપું છું. પાછા આપવા ના આવે તો પણ ચાલશે. તમારા વખતમાં પહેલાં આવી પરિસ્થિતિ હતી. આજે એમને કોઇ

જગ્યાએ આજીજી કરવા માટે જવું પડતું નથી. કારણ કે અમારા દેશના વિઝન સાથેના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી, અમારા ગુજરાત રાજ્યના વિઝન સાથેના મુખ્યમંત્રીશ્રી, અમારા નાયબ મુખ્યમંત્રીશ્રી અને આપણી સરકારે ૩.૧૦ લાખ સુધીનો માનનીય નરેન્દ્રભાઇ અને માનનીય ભૂપેન્દ્રભાઇની સહીવાળો કોરો ચેક ગરીબ માણસોને આપી દીધો અને કહ્યું કે જયારે બીમાર પડો ત્યારે હૉસ્પિટલમાં જાઓ તમને પૂરેપૂરી સારવાર મળશે. કોઇની જરૂર નહીં પડે, આ વાત અમારી સરકાર લઇ આવી છે. શ્રી વિમલભાઇ, વધારે બોલશો તો સાંભળવાની તૈયારી રાખવી પડે. હું તાજનો સાક્ષી છું. તમારા વખતમાં કોઇ બીમાર પડે તો એમ્બયુલન્સ ના મળે, કોઇ બીમાર પડે ત્યારે દસ ગામની વચ્ચે એક ગાડી હોય અને ગાડી લેવા જવું પડે. એક ગામમાં પાંચ ટેક્સી હોય તો ટેકસીવાળાને શોધવા જવું પડે. બીમાર દર્દીને સિવિલ હૉસ્પિટલ અમદાવાદ લઇને આવવા માટે પાંચ–સાત કલાક ગાડી શોધવામાં નીકળી જાય. અમદાવાદ લઇને આવવા માટે પંદર કલાક લાગે. માનનીય વિમલભાઇ, આજે અમારી સરકારમાં એક ફોન કરીએ તો પાંચ મિનિટમાં ૧૦૮ એમ્બયુલન્સ એમના ઘરના ઉંબરા સુધી આવે, એમની વાડી સુધી આવે અને હૉસ્પિટલ સુધી લઇ જાય એવું કામ અમારી સરકાર કરી રહી છે.

ઉપાધ્યક્ષશ્રી : શ્રી ભગાભાઇ, આપ અહીંયા જોઇને વાત કરો. શ્રી વિમલભાઇ જોડે આપ વાત નહીં કરો. માનનીય વિમલભાઇ, બેઠા બેઠા વાત નહીં કરો.

શ્રી ભગાભાઇ ઘા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો જવાબ આપું છું. શ્રી વિમલભાઇએ મને ડિસ્ટર્બ કરવાની કોશિશ કરી છે એટલે હું વિમલભાઇને કહું છું. ખેડૂતોની વાત કરવી એ અમુક વ્યક્તિઓને શોભા દેતી નથી. હમણાં માનનીય રમણભાઇએ કહ્યું કે, પહેલાં ખેડૂતો માગવા જાય, આંદોલન કરે, એમની વાજબી વાત લઇને સરકારમાં રજૂઆત કરવા જાય તો એમને ગોળીઓ મળે, ૧૮–૧૮ ખેડૂતોના મૃત્યુ થાય. આ બાબતનો વર્ષ ૧૯૮૨નો તાજનો સાક્ષી હું પણ છું. કારણ કે અમારા પરિવારના સભ્યો, મારા પિતાશ્રી પણ ખેડૂતો માટે, સહકારી ક્ષેત્ર માટે તમારી સરકારમાં ખેડૂતોની વાજબી માગણીઓ માટે જ્યારે સંમેલન કરી રહ્યા હતા ત્યારે તમારી સરકારે ગોળીબાર કરીને એક જ પરિવારના પાંચ–પાંચ સભ્યોને શહીદ કર્યા હતા. એ દિવસો પણ આજે યાદ છે. આજે તમને ખેડૂતોની વાત કરવાનો અધિકાર નથી. (અંતરાય) શૈલેષભાઇ, ભૂતકાળની વાત તમે કરી છે, ખેડૂતોની વાત કરીએ છીએ એટલે કહીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આજે મારે મારા ગીર વિશે પણ કહેવું પડે. એક દિન ગુજારો ગીર મેં, આવો સાસણ. ભૂતકાળમાં જયારે ગીરની કોઇને ખબર જ હતી નહીં. ગીરની અંદર શું છે તેની કોઇને ખબર નહોતી આજે ઓછામાં ઓછાં સાત લાખ લોકો ખાલી ગીર, સાસણની વિઝિટ માટે આવે છે, ગીર જોવા માટે આવે છે. અને આ વિઝન કોનું છે? આ વિઝન નેરેન્દ્રભાઇ મોદી સાહેબનું છે. તેઓ જ્યારે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી હતા ત્યારે ગીર માટેનું તેનું વિઝન છે અને ગીર માટે ગીર પ્રોજેકટ–૨૦૪૭નો મેપ લઇને આખો લાયન પ્રોજેકટ તૈયાર કરીને કરોડો રૂપિયા એ ગીરના ડેવલપમેન્ટ માટે સરકારે આપ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, સોમનાથની વાત કરીએ તો થોડા દિવસ પહેલાં અમારા નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ, અમારા શ્રી કૌશિકભાઇ સોમનાથ ઉત્સવ ઉજવવાની જ્યારે તૈયારી કરવા માટે ત્યાં સોમનાથ આવ્યા. ભોળાદાદાની કૃપા કેવી છે વડાપ્રધાનશ્રીનો પ્રોગ્રામ બને, પાંચ દિવસની તૈયારી કરવાની. અમે બધા ચિંતા કરીએ કે સાહેબ આવે છે.

ઉપાધ્યક્ષશ્રી : આપની પાસે એક મિનિટ છે.

શ્રી ભગાભાઇ ઘા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રોગ્રામની તૈયારીની ચિંતા કરતા હોઇએ ત્યારે અને કદાચ અમે પણ નહોતા ધારતા, અમને પણ ખબર નહોતી કે કદાચ આવો મોટો ભવ્ય ઉત્સવ થશે અને એ દાદાની મહેરબાનીથી, તેમના આશીર્વાદથી, તેમની શકિતથી ના ભૂતો ના ભવિષ્યતે તે સોમનાથનો પ્રોગ્રામ તે ભારતીય જનતા પાર્ટીની સરકારના શાસનમાં થઇ રહ્યો છે. કોઇને ખબર નહોતી કે હજારો વર્ષ પહેલાં આ ઘટના અહીંયા ઘટી હશે. હજાર વર્ષ પહેલાં બહારના આકાઓ આવીને આજે અહીંયા બેઠેલાં કોઇ હોય તો એવા આકાઓ આવીને ત્યાં તેને નષ્ટ કરવાના પ્રયત્નો કર્યા હોય તેને યાદ કરવાનું કામ તે નરેન્દ્રભાઇ મોદી અને અમારી ભૂપેન્દ્રભાઇ પટેલના વડપણ હેઠળની સરકારે કર્યું છે. એકે એક ધર્મસ્થાનો,

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી ભગાભાઇ ઘા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આપ સૌનો આભાર.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા(સોમનાથ) : માનનીય અધ્યક્ષશ્રી, હું રાજયપાલશ્રીના સંબોધન ઉપર મારી વાત રજૂ કરવા માગું છું. જયારે સોમનાથથી સ્વાભિમાન યાત્રાની શરૂઆત થઇ અને ત્યારે બધા આવ્યા અને પૂરા ગુજરાતમાંથી મુખ્યમંત્રીથી લઇ અને તમામ મંત્રીમંડળ અઠવાડિયાથી ત્યાં હતું. મોટાભાગના ધારાસભ્યો પણ ત્યાં હતા અને મને એમ થયું કે ત્યાં સોમનાથ દાદાના સાનિધ્યમાં આવે, દર્શન કરે અને વિસ્તાર પણ જુએ. અમારો ગીર સોમનાથ જિલ્લો હોય, મારી ૯૦–સોમનાથ વિધાનસભા હોય ત્યારે આટલા દિવસથી બધા ફરતા હતા અને જયારે ફરતા હતા ત્યારે મને એવુ લાગતું હતું કે આજુબાજુમાં કયાંક જોશે કે ભાઇ ત્યાંથી એક જ રસ્તો છે કે જવા માટે બાયપાસ અને એક જ રસ્તો છે જે ૮૦ ફૂટ ઉપર જે ફલાય ઓવર બનાવવામાં આવે છે અને રેલ્વે ફાટક ઉપર અને તાલાલા ચોકડીથી જે બીજુ ફાટક બનાવવામાં આવે છે તે ત્રણ ત્રણ વર્ષથી જે ગોકળ ગતિએ ચાલે છે અને લોકો ત્રાહિમામ્ છે. જેમને વેરાવળ આવવું પડે ત્યાં મુખ્ય સિવિલ હૉસ્પિટલ છે અને બીજી બાજુ જે રસ્તો છે તે બંદરમાંથી જ જાય છે. જે રસ્તો બંદરમાંથી જાય છે તો બીજી બાજુના જે ગીર સોમનાથના બાકીનાં ગામડાંઓ હોય કે શહેર હોય તેને આવવું હોય તો આ રસ્તા ઉપરથી સીંગલ પટ્ટી ઉપરથી જ આવવું પડે અને ફલાય ઓવરનું

કામ ધીમી ગતિએ ચાલે છે તેથી જો તેને તાત્કાલિક ધોરણે બનાવવામાં આવે તો વેરાવળ સિટીના લોકોને હૉસ્પિટલ જવામાં સરળતા પડે. ત્યારે આપના માધ્યમથી હું કહેવા માગું છું કે, આની પહેલાં હું કમિશનરશ્રીને પણ મળેલો, રીજિયોનલ કમિશનરશ્રીને પણ મળેલો પણ તે ગતિમાં કોઇ વધારો થયો નથી. આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું, મને વિશ્વાસ છે કે સ્પીડમાં કામ ચાલુ કરાવશે. ખાસ કરીને સ્વાભિમાન યાત્રાની વાત થતી હોય, ખેડૂતોને કમોસમી વરસાદ છતાં ૯૦-સોમનાથ વિસ્તારના ખેડૂતોને મારા દ્વારા અપીલ કરવામાં આવેલ અને ૨૫૧ ટ્રેકટરો પોતાના ખર્ચે લઇને અમારા દ્વારા સ્વાભિમાન યાત્રા કાઢવામાં આવેલી અને સોમનાથ દાદાના સાનિધ્યમાં એમના દર્શન કરી વિનંતી કરી કે *(xxx) અને સંપૂર્ણ દેવું માફ કરે. બીજી વાત કરીશ કે આખું મંત્રીમંડળ આજુબાજુમાં ફરતું હતું પણ આજુબાજુમાં કેટલી ગટરો ઉભરાયેલી હતી, ત્યાંના રસ્તા ખરાબ હતા, ત્યાં લાઇટની સુવિધા ન હતી. ત્યારે તાત્કાલિક નવી લાઇટો તો નાખવામાં આવેલી પણ નગરપાલિકાના અનેક પ્રશ્નો હતા. લોકો મારી પાસે આવ્યા અને ૧૧ વોર્ડમાં હું પોતે મુલાકાતે ગયો અને સ્થળની મુલાકાત લઇ અને ફોર્મ ભરી સહી કરી નગરપાલિકાના પ્રમુખશ્રી અને ચીફ ઓફિસરને ૬૩૧ ફોર્મ આપવામાં આવેલા અને વિનંતી કરી હતી કે તાત્કાલિક ધોરણે ફરિયાદોનો નિકાલ કરવામાં આવે.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિમલભાઇએ જે શબ્દપ્રયોગ કર્યો કે *(xxx) એ અસંસદીય શબ્દ છે. રાજ્યની જનતાને સદબુદ્ધિ આપી છે એટલે છેલ્લાં ૩૦ વર્ષથી સરકારની બહાર છે અને સને ૨૦૨૭માં પણ રહેવાના છે. સદબુદ્ધિ તો ઇશ્વર પ્રજાને આપે છે કારણ કે અમે કામ કરીએ છીએ.

ઉપાધ્યક્ષશ્રી : અસંસદીય શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે. આપની એક જ મિનિટ બાકી છે.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, વેરાવળ-પાટણ-ભેડિયામાં ભારતીય જનતા પાર્ટીની સરકાર છે. એક કોપી રીજિયોનલ કમિશનરને પણ મોકલી એમને રજૂઆત કરી છે. કમિશનરને પણ રજૂઆત કરી પણ આજદિન સુધીમાં ૬૩૧ માંથી માત્ર ૭ અરજીનો નિકાલ થયો છે. આપના મારફત મંત્રીશ્રીને કહેવા માગું છું કે એમને પણ લેખિતમાં આપું અને આ સમસ્યાનો તાકિદે નિકાલ આવે અને મારી વેરાવળ-પાટણ-ભેડિયાની જનતા માટે ગટરનું ગંદુ પાણી અને પીવાનું પાણી મિક્સ થઇ રહ્યું છે અને રસ્તા અને લાઇટની તકલીફ છે એ દૂર કરવામાં આવે

શ્રી અભેસિંહ મો. તડવી(સંખેડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ તા. ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ ગુજરાત વિધાનસભા સમક્ષ જે પ્રેરણાદાયી અભિભાષણ કર્યું, જેનો આભાર પ્રસ્તાવ ગૃહના સભ્યશ્રી ઇશ્વરભાઇ પરમાર દ્વારા રજૂ થયો અને આ ગૃહના સભ્યશ્રી સરદારભાઇ ચૌધરી દ્વારા જેને ટેકો આપવામાં આવ્યો એના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અંબાજીથી ઉમરગામ સુધી અમારા તાબાના ૧૪ જિલ્લા અને ૫૭૭૨ ગામડા આવે. અત્યારે લગભગ ૧ કરોડ ઉપરની વસ્તી આદિવાસીઓની પહોંચી છે. મારે કહેવું છે કે કોંગ્રેસની સરકારે પહેલા આદિવાસી સમાજની ચિંતા કરી ન હતી. (અંતરાય) અમારી ચિંતા સન ૧૯૯૫માં અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી થઇ છે અને અમારા આદિવાસીઓની સતત પ્રગતિ થતી રહી છે. આજે વનબંધુ કલ્યાણ યોજના હોય, પહેલાં આદિવાસીઓની ચિંતા કોઇએ કરી ન હતી. તે વખતના માનનીય મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ચિંતા કરી છે. સાચું કહું છું કે આદિવાસીઓના દીકરાને ભણાવતા ન હતા ત્યારે અમારા સમાજની ચિંતા કરી હોય તો ભારતીય જનતા પાર્ટીએ કરી છે. ભૂતકાળમાં આદિવાસી સમાજનો વોટ બેન્ક તરીકે ઉપયોગ કરતા હતા. હાલના યશસ્વી વડાપ્રધાનશ્રી મોદી સાહેબે અમારી ખૂબ ચિંતા કરી અને અમારા વિસ્તારમાં વિકાસના કામો થાય, આદિવાસીઓને પીવાનું શુદ્ધ પાણી મળે, એને આવાસો મળે, બારમાસી રસ્તાઓ મળે એના માટે કલમ-૭૭ હેઠળ આ ગૃહમાં રૂપિયા ૧૫ હજાર કરોડની વનબંધુ કલ્યાણ યોજના દાખલ કરી ત્યારથી આવાસ અને આ બધું મળતું થયું. આજે અમારા વિસ્તારમાં બાળકો ત્યાં ભણે છે અને ઐતિહાસિક નાગરિકલક્ષી નિર્ણયો લીધા છે. મારે કહેવું છે કોંગ્રેસે કોઇ ચિંતા કરી નથી. સરદાર સાહેબને પણ યાદ કર્યા નથી અને અમારી સરકારે બિરસા મુંડા ભગવાનને યાદ કર્યા અને એમની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તેની યાત્રા અંબાજીથી શરૂ કરીને સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધી લઇ ગયા અને ત્યાં ડેડિયાપાડામાં દોઢથી બે લાખ લોકોની વચ્ચે માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ હાજર રહ્યાં અને આદિવાસીઓ માટે માતા દેવમોગરાની પાસે રજા લઇને આદિવાસી વિસ્તારમાં કામ સારું થયું છે. ખરેખર આદિવાસી વિસ્તારમાં ચેકડેમો બધા બહુ સારા બન્યાં છે એના લીધે પાણી વ્યવસ્થા ખૂબ સારી થઇ છે. તત્કાલીન મુખ્યમંત્રશ્રીએ ૧૦ મુદ્દાનો કાર્યક્રમ કર્યો અને અમારી હાલની સરકારના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે અને માનનીય કનુભાઇ દેસાઇ સાહેબે અમારા છોટાઉદેપુર , પંચમહાલ, દાહોદ ત્રણ જિલ્લામાં રૂ.૫૪૦૦ કરોડનું બજેટ ના ભૂતો ના ભવિષ્યતે આપ્યું છે. આદિવાસી સમાજને કેનાલની જમણી બાજુ અને અમારી કેનાલમાં કચ્છ સુધી પાણી જાય છે. કોંગ્રેસના શાસનમાં જમણી બાજુના વિસ્તાર માટે પાણીની વર્ષોથી માગણી કરતા હતા. આ વખતે ૫૧,૦૦૦ ખેડૂતોને સિંચાઇનું પાણી મળવાનું છે. સાહેબ, અમે અને માનનીય શૈલેષભાઇ ગામડામાં ગયા ત્યારે ટોળાને ટોળા મળવા આવ્યાં અને કહ્યું કે અમારે મુખ્યમંત્રીશ્રીને મળવા આવવું છે, અમને લઇ જાવ અમારે એમનો આભાર માનવો છે. આ છે કામ કરતી સરકાર અને આટલું કામ થયું છે. રૂ.૧૯૫૫ કરોડ ૧૨

* આ શબ્દો અધ્યક્ષસ્થાનેથી માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

* આ શબ્દો અધ્યક્ષસ્થાનેથી માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તાલુકામાં ૩૦૦ ગામોમાં ચેકડેમ બનાવવા અને ૪૩,૦૦૦ લોકોને જમીનમાં સિંચાઇનો લાભ આપવાનું કામ દક્ષિણ ગુજરાતમાં કર્યું છે. મારા મતવિસ્તાર નસવાડીમાં આઝાદી પછી શ્રી શૈલેષભાઇ સાંભળજો, આ સત્ય હકીકત છે. સાહેબ, મારે એટલુ કહેવું છે કે આઝાદી પછી અમારા વિસ્તારમાં રસ્તા બન્યા ન હતા. ઘનિયાબારી, સાંકડીબારી અને બોરકુંડા મહારાષ્ટ્રની બોર્ડરને અડીને અમારો વિસ્તાર આવેલો છે. ત્યાં પહાડો પર હિમાચલ પ્રદેશમાં જે પરિસ્થિતિ છે ડુંગર કાપીને રોડ કર્યા છે. શ્રી ચૈતરભાઇએ જોયા છે. બોરકુંડા, ઘનિયાબારી, ઘડુલીબોરી અને ત્યાં અમારી સરકારે રસ્તા બનાવ્યા છે અને મારા બોલીવડીયા, ચંદનપુરા (અંતરાય) આ તો સાહેબ, વહેલું પૂરું થઇ જાય. સમય છે ને સાહેબ?

ઉપાધ્યક્ષશ્રી : શ્રી અભેસિંહભાઇ, આપ આરામથી બોલો વાંધો નથી. (અંતરાય) આપ પ્રવચન પર આવો.

શ્રી અભેસિંહ મો. તડવી : સાહેબ, મારું બ્લડ પ્રેશર વધ્યું નથી. મને બ્લડ પ્રેશરની તકલીફ નથી. હું સામેવાળાનું બ્લડ પ્રેશર વધારું છું. ખૂબ મારા નસવાડીમાં કોળી, બોળીયાદ, ચંદનપુરા, કુકાવટી, પોથલીપુરા, રાજપુરા ગામો પાસેથી મેઇન અશ્વિની નદી ઉપર આઝાદી પછી રૂ. ૩૬ કરોડના ખર્ચે પુલ બની ગયા છે. એટલા માટે અમારી પ્રજા વતી આભાર માનીએ છીએ. આદિવાસી વિસ્તારમાં ઘટબોરીયાવ સામૂહિક આરોગ્ય કેન્દ્ર આવેલું છે. મેં ગઇ વખતે અમારા માનનીયશ્રી ઋષિકેશભાઇ પટેલ સાહેબને છેલ્લા દિવસે વાત કરી હતી કે સાહેબ, આદિવાસી વિસ્તારમાં દવાખાનું છે એને મંજૂરી આપો અને સાડા છ કરોડ રૂપિયાના ખર્ચે એક વર્ષ દવાખાનું પૂરું થઇ ગયું છે. આ દવાખાનાની અંદર ૪૦ ગામના લોકો સારવાર લે છે. (અંતરાય) બીજું અમારા છોટાઉદેપુર જિલ્લામાં ગયા વખતે કોંગ્રેસના સભ્યો આજે નથી એ કહેતા હતા કે શાળાના ઓરડા ક્યારે બનશે? તો મારે આજે ગૃહના માધ્યમથી કહેવું છે, અમે તે વખતે માનનીય મુખ્યમંત્રી સાહેબને વાત કરી અને સાહેબે ૬૭૮ ઓરડા છોટાઉદેપુર જિલ્લામાં પ્રાથમિક શાળાના મંજૂર કરી આપ્યા. ગયા અઠવાડિયે અમે ૧૭ કરોડના ઓરડાનું લોકાર્પણ કર્યું. આને કહેવાય સંવેદનશીલ સરકાર. જે બોલે એ કરી બતાવે. હવે કોઇનો વારો લાગવાનો નથી. હજી પણ મારે કહેવું છે કે આદિવાસી વિસ્તારમાં શિક્ષણની ભૂખ જાગી છે. અમારી પહેલાં કોંગ્રેસના સમયમાં મેડિકલની જગ્યાઓ ભરાતી નહોતી, ત્યાર પછી તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ આવ્યા અને ત્યાર પછી જે પરીક્ષાઓ શરૂ થઇ આજે એકલવ્ય મૉડેલ શાળાઓ હોય, અમારા છાત્રાલય હોય એમાં વિદ્યાર્થીઓ ખૂબ સારું ભણે છે અને બીજું મારે કહેવું છે કે ધોરણ–૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૮૨ ટકા પરિણામ આવ્યું છે. ધોરણ– ૧૨ વાણિજ્ય પ્રવાહનું ૯૮ ટકા પરિણામ આવ્યું છે. આ પૂરાવો છે. ન ભૂતો ન ભવિષ્યતિ. આ વિસ્તારમાં ખૂબ સારું કામ થયું છે. અમારા છોટાઉદેપુર જિલ્લાનું નાની જેડુલી અને મોટી જેડુલી, અમે બે મહિના પહેલાં માનનીય મુખ્યમંત્રીશ્રીને મળ્યા હતા, તાલુકાથી તાલુકાને જોડતો રસ્તો એમાં ૧૪ કરોડની રકમ માનનીય મુખ્યમંત્રીશ્રીએ મંજૂર કરી છે અને એનું કામ પણ હવે ટૂંક સમયમાં શરૂ થશે.

મારે બીજી વાત કરવી છે, આ લોકો અમારા વિસ્તારમાં ડુંગરમાં ગયા હતા, કડુલી–મહુડી ત્યાં જઇને બે સભ્યો આજે નથી એટલે એમનું નામ હું બોલતો નથી. (અંતરાય) અમારા અનંતભાઇ પટેલ સાહેબ કહેતા હતા કે અહીંયા બધું આવી જશે, આ થશે, તે થશે, મારે કહેવું છે સાડા આઠ કરોડના ખર્ચે કડુલી – મહુડી એ લોકો ગયા હતા ત્યાં ૬થી ૧૨ ધોરણની શાળા આજે બની રહી છે. આટલું મોટું કામ આ વિસ્તારમાં થાય છે. ચૈતરભાઇને ખબર હશે, આ હકીકત છે પણ પહેલાં જે નહોતું થયું એ તો સ્વીકારવું પડે, એમાં ચાલે એવું નથી. અમે તો જોયું છે હું ૧૫ વર્ષથી આ ગૃહમાં બેસું છું. મોદી સાહેબને અમે જોયા છે, એમણે જે કામ કર્યું છે, થેલો લઇને શાળા પ્રવેશોત્સવની અંદર જતા હતા અને એના લીધે શિક્ષણની ભૂખ જાગી, હમણાં મોદી સાહેબ જ્યારે આવ્યા ત્યારે જે દીકરીઓ ડૉકટર બની હતી એ જ દીકરીઓએ એમનું સન્માન કર્યું હતું એટલા માટે અમે વાત કરીએ છીએ, આ વિસ્તારમાં ખૂબ સારું કામ થયું છે. પીવાના પાણીની વાત હોય, અમારા વિસ્તારની અંદર પાણી પુરવઠા મંત્રીશ્રી ઇશ્વરભાઇ પટેલને મારે અભિનંદન આપવા છે. અમારી ડુંગરની યોજના માનનીય કુંવરજીભાઇ બાવળિયા સાહેબે શરૂ કરી હતી અને અમારા ઇશ્વરભાઇ પટેલ સવારે છ વાગે નસવાડીથી ૪૦ કિલોમીટર પહોંચી ગયા હતા અને પૂછ્યું કે આ યોજનામાં શું શું ખામી છે એ ધારાસભ્યશ્રી મને જણાવો, તો મેં કહ્યું કે સાહેબ મોટી મોટી પાઇપોની જરૂર છે અને કહેતાંની સાથે ૧૦ કરોડનો ઓર્ડર આપી દીધો અને પાણીની રૂ. ૯૮ કરોડની યોજના, ડુંગરના ૭૧ ગામ, કવાંટના ૨ ગામ અને મારા વિસ્તારના ૬૯ ગામ.બોડેલીમાં પાણી આપો તો અહીં કેમ પાણી નથી આપતા? ત્યારે મેં રજૂઆત કરી હતી અને પાંચ વર્ષથી આ યોજના ચાલે છે અને એનું કામ પૂર્ણ થવાને આરે છે. અમારા વિસ્તારમાં ખૂબ સારાં કામ થયાં છે. અમારે ત્યાં પુલો બન્યાં છે, મેડિકલ કૉલેજ પણ આપી છે અને રાજપીપળામાં બિરસા મુંડા યુનિવર્સિટી પણ બનાવી. આદિવાસીની ચિંતા ભૂતકાળમાં નથી થઇ એટલે અમારે બોલવું પડે છે. માનનીય અમરસિંહભાઇ ચૌધરી હતા. એ પણ આદિવાસી નેતા હતા પણ એમણે વિસ્તારની જે ચિંતા કરવી જોઇએ એ નથી કરી એટલા માટે અમારી ભાજપની સરકારના શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને શ્રી હર્ષભાઇ ઉંમરમાં ભલે નાના છે પણ કામ ખૂબ સારું કરે છે. મોટો ચમરબંધી હોય તો પણ એને છોડતા નથી. મારે કિસાનોની વાત કરવી છે.

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : સભ્યશ્રી સંજયભાઇ કોરડિયાની બે મિનિટ અભેસિંહ ભાઇને આપો એવી અમારી વિનંતી છે.

ઉપાધ્યક્ષશ્રી : શ્રી અભેસિંહભાઇ તમને માત્ર બે મિનિટ આપવામાં આવે છે.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : સભ્યશ્રી ઇશ્વરભાઇ પરમાર કહે છે કે એમની પાંચ મિનિટ એમને આપી દો.

ઉપાધ્યક્ષશ્રી : તમને બે મિનિટ આપી છે.

શ્રી અભેસિંહ મો. તડવી : માનનીય અધ્યક્ષશ્રી મારે કહેવું છે કે અમારા કૃષિમંત્રી અને અમારા મુખ્યમંત્રી સાહેબને મેં રજૂઆત કરી હતી કે અને મેં ટેલિફોનિક વાત કરી હતી કે ''અમારો વિસ્તાર પણ જોઇ લેજો.'' અને મારે આનંદ સાથે કહેવું પડે કે ૭૪,૦૦૦ ખેડૂતોના ખાતામાં રૂ.૨૧૬ કરોડ પડ્યા છે. એ લોકો દેવા નાબૂદીની વાત કરતા હતા પણ કોઇના ખાતામાં રૂ.૪૪,૦૦૦, કોઇના ખાતામાં રૂ.૩૮,૦૦૦, કોઇના ખાતામાં રૂ.૩૦,૦૦૦ પડ્યા છે. ભૂતકાળમાં આટલું બધું નહોતું થયું પણ અમારી આ સરકારને અભિનંદન આપું છું અને શ્રી ભૂપેન્દ્રભાઇને ખાસ અભિનંદન આપું છું કે અમારા વિસ્તારની આટલી ચિંતા કરી. આદિવાસીઓ આજે ખૂબ આનંદમાં છે અને મે-જૂનમાં જવાબ આપવા પણ તૈયાર છે. મારે વનબંધુ કલ્યાણ યોજના, કૃષિ વહીવટીકરણ યોજનાની વાત કરવી છે. આદિવાસી ખેડૂતોને સુધારેલા બિયારણ, ખાતર કીટ અને કૃષિ અંગેની તાલીમ આપવામાં આવે છે અને રૂ.૪૨ કરોડના ખર્ચે કુલ ૮૬,૧૩૧ ખેડૂતોને મકાઈનું બિયારણ આપવામાં આવે છે. અમારા વિસ્તારમાં મુખ્ય પાક મકાઇ, અડદ અને કપાસ છે. અમારી બહેનો પશુપાલનનો ઉધોગ કરે છે. અમારા જિલ્લાના છ તાલુકાઓમાંથી ૪ લાખ લિટર દૂધ વડોદરા ડેરીમાં આવે છે. અમારે ત્યાં સખી મંડળની બહેનો પણ લોન લઇને પશુપાલનનો ઉધોગ કરે છે. સંખેડા તાલુકામાં અત્યારે રૂ.૩૮૦ લાખના ખર્ચે ૨૦ ઓરડાઓનું અમે લોકાર્પણ કર્યું છે. મારે શ્રી કનુભાઇ દેસાઇનો પણ આભાર માનવો છે કેમ કે એ વીજમંત્રી હતા અને મારા સંખેડા તાલુકામાં ખેડૂતો મુશ્કેલીમાં હતા ત્યારે એમણે કામ કર્યું. અમારે ત્યાં વીજ લોડ વધારે પડે છે અને ગામોની સંખ્યા વધારે હતી તો માંકડી અને નસવાડી તાલુકાના બે વીજ સબ સ્ટેશન આપ્યા. એના માટે એમનો આભાર માનું છું.

શ્રી અમિત ઠાકર(વેજલપુર) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીના સંબોધન પર માનનીય સભ્યશ્રી ઇશ્વરભાઇ પરમાર જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે તેના સમર્થન માટે હું ઊભો થયો છું.

કાનૂન અને વ્યવસ્થા આ વિષય ઉપર રાજ્યપાલજીએ તેમના ભાષણમાં ત્રણ વિષયને લઇને વાત કરી. (૧) સાઇબર ક્રાઇમ (૨) ડાયલ ૧૧૨ અને (૩) વિવિધ ત્રણ કાયદાઓ જે ક્રિમિનલ લૉઝ લોકસભામાં પસાર થયા. ડૉક્ટર આંબેડકરજી કહેતા હતા કે સંવિધાનિક નૈતિકતા એ સ્વાભાવિક નથી, તેને વિકસાવવી પડે છે. લોકશાહીને જીવંત રાખવા માટે કાયદાકીય માર્ગોને તમારે વાપરવા જ પડે. માનનીય નરેન્દ્રભાઇ મોદી હંમેશા કહે કે સારા શાસનનો આધાર એ ન્યાય અને પારદર્શિતા છે. વિકાસ અને સુરક્ષા એકસાથે જાય છે અને એકબીજાના પૂરક છે. માનનીય મોદી સાહેબને આજે જે ગુજરાત હતું એવું ગુજરાત એમના શાસનના વારસામાં મળ્યું ન હતું. એમણે જે પ્રકારના ગુજરાતનું અત્યારે નિર્માણ કર્યું અને ત્યારે જ આજે આપણે ૧૯૩૦ કે ૧૧૨ જેવી હાઇટેક વાતો કરી શકીએ છીએ. પહેલાં અહીંથી દરેક વખતે ભાષણમાં અમુક જે નામો લેવાય એ જ ગુજરાત હતું. કૉંગ્રેસના મિત્રોને તે નામો હંમેશા ચૂભે છે પરંતુ આ પૃથ્વી પર એ હોય નહીં પણ એમની જે આત્મા ભટકતી હશે તે કૉંગ્રેસને ક્યારેય પણ ગુજરાતમાં ઊભી નહીં થવા દે. કારણ કે ગુજરાતને એ લોકોના સબંધોને કારણે જે પ્રકારે ઇનસ્ટેબલ રાખ્યું હતું તેને ઊભરતા ઊભરતા ૩૦ વર્ષ થઇ ગયા. ગુજરાતના દરિયાકિનારા અસુરક્ષિત હતા. વર્ષ ૧૯૯૩માં મુંબઇના બોમ્બ કાંડનું કન્સાઇનમેન્ટ ઉતારવા માટે પોરબંદરનો દરિયાકિનારો પસંદ કરવામાં આવ્યો હતો. કચ્છની બોર્ડરના સિરક્રિકનો ઉપયોગ આખા દેશને અસુરક્ષિત કરવામાં આવતો હતો તેને આજ સુધી કોઇ ભૂલ્યું નથી. વડોદરા, સુરત, અમદાવાદ કે પોરબંદરમાં ઓર્ગેનાઇઝ ક્રાઇમ ગેંગના મોટાં મોટાં નામો ૩૦-૩૦ વર્ષ પછી આજે પણ નાનાં બાળકને કોઇ પૂછે સડસડાટ બોલી શકે તે પ્રકારનાં નામો કૉંગ્રેસનો પીછો તેની જિંદગીમાં ક્યારેય છોડશે નહીં. જે પ્રકારે એન.સી.આર.બી.ના ડેટામાં ભારતીય જનતા પાર્ટી શાસિત ગુજરાત આજે ટોપ પર છે, જે પ્રકારે ક્રાઇમના ડેટામાં ગુજરાત આજે દેશમાં સૌથી સારી રીતે કવન થતું સ્ટેટ બનીને ઊભર્યું છે તો તેની પાછળ માનનીય નરેન્દ્રભાઇ મોદી, માનનીય અમિતભાઇ શાહ અને આજની તારીખમાં માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ અને માનનીય હર્ષભાઇ સંઘવીના નેતૃત્વમાં ગુજરાતનું શાસન જે રીતે ચાલે છે તેના કારણે આજે ગુજરાતમાં તેનો વિકાસ દેખાય છે. એવું કહેવાય છે કે તમારા મિત્રોથી તમારા શોખ ખબર પડે અને તમારા દુશ્મનથી તમારું ચારિત્ર ખબર પડે. કૉંગ્રેસના મિત્રોની વાત કરું તો, જે પ્રકારે કૉંગ્રેસના રાજમાં અમે જ્યારે અહીંયા કોઇ વિદ્યાર્થી આંદોલનને લઇને વિરોધ કરવા આવતા હતા તો મોટા મોટા ગુંડાઓને અમારી આંખે મિનિસ્ટરની ઓફિસમાંથી નીકળતા જોતા હતા. આ પ્રકારના નેતા અને ગુંડાઓનું એક નેકસસ હતું તે શ્રી નરેન્દ્રભાઇના રાજમાં ખૂબ મોટા પાયે તૂટ્યું. ગુજરાતમાં આજે જે રીતે પ્રગતિ અને શાંતિ આગળ વધી છે તેના ઉપર આજે ગુજરાત એક સારી રીતે આગળ વધ્યું છે. ગુજરાત વિશેષરૂપે દરિયાકિનારે આવેલું રાજ્ય છે.હમણાં જ મારા મતવિસ્તારમાં બાજુમાં એ.ટી.એસ.નું હર્ષભાઇ સંઘવીના હાથે ભવનનું ઉદઘાટન થયું. આ ભવન રૂ.૫૦ કરોડના ખર્ચે બન્યું. રૂ.૨૦૨ કરોડની ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે ગ્રાન્ટ આપવામાં આવી. આ જ બતાવે છે કે ગુજરાતના દરિયાકિનારાને કેવી રીતે ગુજરાત સરકાર સુરક્ષિત કરી રહી છે. માનનીય અમિતભાઇ શાહ આજે ગુજરાતની ચિંતા કરતાં-કરતાં દેશને સુરક્ષિત બનાવી રહ્યા છે. તેઓ ગૃહમંત્રી બન્યા એ પહેલાં ૩૬ જિલ્લાઓ નકસલથી પ્રભાવિત હતા. આખું કાશ્મીર પથ્થરબાજોના કબજામાં હતું. આજે કાશ્મીરમાં પથ્થરબાજ ક્યાંય દેખાતો નથી. આપણને કાશ્મીરમાં વિકાસ દેખાય છે. આજે ૩૬ જિલ્લાઓમાંથી માત્ર ત્રણ કે છ જિલ્લા જ નકસલવાદી એક્ટિવિટીથી પ્રવૃત્ત દેખાય છે. ૯૧ ટકા મૃત્યુ નકસલવાદના કારણે થતા હતા એ બંધ થયા. વર્ષમાં એવરેજ બહુ જ મોટાપાયે ૩૬૦૦ મૃત્યુ થતા હતા. જે આંકડો આજે ૧૫૦ થી ૨૦૦ પર આવ્યો છે. આ નેતાગીરીના કારણે સુરક્ષિત થયું. મહામહિમ રાજ્યપાલજીએ સાયબર ક્રાઇમ ૧૯૩૦ની વાત કરી. ભારતીય ન્યાય સુરક્ષા

સંહિતાની પ૦૩ની કલમ હેઠળ ૧ લાખ ૩૨ હજાર ૭૬૫ લોકોએ જે કેસો નોંધ્યા હતો એ કેસોમાં રૂ.૨૦૨ કરોડ 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ હેઠળ લોકોને પાછા મળ્યા. આ ૧૯૩૦ના ડાયલમાં ગુજરાત રાજ્ય દેશમાં બીજા નંબરે આવે છે. જેનું આપણને સૌને ગૌરવ હોવું જોઇએ. લોકજાગૃતિ અખબારોમાં, રેડિયોમાં, ટી.વી.માં, એસ.ટી.ની પેનલોમાં, સોશિયલ મીડિયામાં જોવા મળે, શાળા–કોલેજોમાં સ્ટુડન્ટને આ માટે વાત કરવામાં આવે. આ બધા જનજાગૃતિના કારણે જે ડેડીકેટેડ ક્રાઇમ નંબર છે. આ નંબરના કારણે લોકોને ભરોસો બેઠો છે. આ ભરોસાના કારણે લોકોને એક ડેડીકેટેડ સાયબર ક્રાઇમ નંબર મળ્યો છે. ફર્સ્ટ પોઇન્ટ રીસ્પોન્સ એ બેંક હોય, સાયબર સેલ હોય, એજન્સી હોય આ બધા લોકોનું કો–ઓર્ડિનેશન વધવાના કારણે રેપીડ રીસ્પોન્સ મિકેનીઝમ શરૂ થયું છે. આ ક્વીક એક્શન ફાઇનાન્શિયલ ફ્રોડમાં તાત્કાલિક એનો રિપોર્ટ લેવાય છે. જરાપણ વાર કર્યા વગર એમાં કમ્પલેઇન રજિસ્ટર્ડ થાય, ફોન કરતાંની સાથે બેંકનું ટ્રાન્ઝેક્શન રોકી દેવામાં આવે. સાયબર સેલ તાત્કાલિક ઇન્વેસ્ટિગેશન કરે, એનું તાત્કાલિક ફોલોઅપ ચાલુ થાય. આના કારણે આજે ગુજરાત આ વિષયમાં સૌથી અગ્રેસર બનીને ઉભરી આવ્યું છે. દરેક ડિસ્ટ્રિક્ટમાં સાયબર રિપોર્ટિંગ સેન્ટરો ઊભાં કરવામાં આવ્યાં. દરેક જિલ્લામાં ઓફિસરોને ટ્રેઇન કરવામાં આવ્યા, પબ્લિક અવેરનેસ કેમ્પેઇન દરેક નાનામાં નાના આદિવાસી જિલ્લામાં જઇ ૩૬૦ ડિગ્રી સ્ટ્રેટેજીમાં ખાલી એન્ફોર્સમેન્ટ નહીં, પરંતુ પ્રિવેન્શન. આ દિશામાં કામ શરૂ થયું. જનતા ટ્રાન્ઝેક્શન કરતાં ડરે નહીં, કેસ ફાસ્ટ રજિસ્ટર્ડ થઇને કામ ચાલુ થાય, સાયબર ક્રાઇમ ક્રિમિનલો એની તાકાત ગુમાવે અને પબ્લિકનો ટ્રસ્ટ વધે એ માટે બધા ધારાસભ્ય મિત્રોએ પોતાના વિસ્તારમાં ૧૯૩૦ની જનજાગૃતિ માટે લાગવું જોઇએ. વડોદરામાં શ્રી યોગેશ દેસાઇ નામના એક વૃદ્ધને ખબર પડી કે એમની રૂ.૪.૯૧ કરોડની વિમા પૉલિસી ઉપર ફ્રોડ કરવામાં આવ્યો છે. તેઓ ૮૧ વર્ષના સિનિયર સિટિઝન હતા. એમની આખી જિંદગીની કમાણી જતી રહેતી પણ આપણા ગૃહ મંત્રી શ્રી હર્ષભાઇ સંઘવીના હાથે શરૂ કરવામાં આવેલી સાયબર ક્રાઇમ ૧૯૩૦ની એમને મદદ લીધી જેના કારણે રૂ. ૪. ૯૧ કરોડ તાત્કાલિક પાછા મળ્યા. આખા દેશમાં સૌથી મોટી રકમ ''તેરા તુઝકો અર્પણ'' ના નામે શ્રી યોગેશ દેસાઇને પાછી આપવામાં એ લોકો સફળ થયા. આ પ્રકારે અત્યાર સુધીમાં લગભગ રૂ. પ૭ કરોડ ૫૦ લાખ પાછા અપાયા. ટોટલ રૂ. ૨૦૨ કરોડ પાછા અપાવી આપણે અત્યારે સાયબર ક્રાઇમની દૃષ્ટિએ એક સારું કામ કરી રહ્યાં છીએ. પહેલાં આપણે પોલીસ માટે, એમ્બયુલન્સ માટે, ફાયર માટે, અભયમ્ માટે અને ચાઇલ્ડ હેલ્પલાઇન માટે અલગ–અલગ નંબર ડાયલ કરતા હતા એની જગ્યાએ ૧૧૨ નંબર ડાયલ કરીએ ત્યારે પી.સી.આર. વાન આવે છે. એ વાન તાત્કાલિક તૈયાર ઊભી જ હોય છે. લોકોને ટ્રેઇન કરેલા હોય છે. સ્ટેટ માત્ર કડક કાયદાથી જ ના ચાલે તેના માટે નાગરિકને ઝડપથી રીસ્પોન્સ મળવો જોઇએ તો એમને ભરોસો જાગે. આ વાતને પકડીને ૯૬૨ વાહનોના માધ્યમથી ગ્રામ્ય લેવલે કોઇ ૧૧૨ ડાયલ કરે તો મિનિમમ ૧૧ મિનિટ અને પ૬ સેકન્ડમાં ગાડી એના ઘરે પહોંચી જાય છે. શહેરમાં માત્ર ૮ મિનિટમાં ગાડી એના ઘરે ઊભી હોય. આ દરેક ગાડી કયાં જાય છે, શું કરે છે એનો કન્ટ્રોલ જી.પી.એસ. બેઝ મારફત નીચે સુધી દેખાતો હોય છે. જો મહિલા ૧૧૨ નંબરની એપ ડાઉનલોડ કરે તો ઇમરજન્સી બટન એમાં દબાવી...માનનીય અધ્યક્ષશ્રી, મને પંદર મિનિટ મળી છે. મારું ધ્યાન એના ઉપર છે.

ઉપાધ્યક્ષશ્રી : આપની બે મિનિટ બાકી છે.

શ્રી અમિત ઠાકર : માનનીય અધ્યક્ષશ્રી, આ ડિજિટલી કોલ રેકર્ડ થાય છે. રીયલ મોનિટરિંગ થાય છે. સેન્ટ્રલાઇઝ એકાઉન્ટિબિલિટી રહેવાના કારણે બે ડિપાર્ટમેન્ટ વચ્ચે કો–ઓર્ડિનેશન કરી તાત્કાલિક પ્રિવેન્ટિંગ પૉલિસીની દિશામાં કામ થઇ રહ્યું છે. માનનીય અમિતભાઇ શાહે ત્રણ ક્રિમિનલ કાયદામાં સુધારા કર્યો. આ દેશ ઉપર દોઢસો વર્ષ પહેલાં અંગ્રેજો આપણા નેતા અને ક્રાંતિકારીઓને દંડ આપવા માટે જે કાયદા લાવ્યા હતા એ કાયદા આટલા વર્ષ સુધી ગુલામીની માનસિકતા સાથે જ ચાલ્યા. જેનો માત્ર આશય દંડ હતો પરંતુ જૂના કાયદાઓનો ભાર સજા ઉપરથી હવે ન્યાય ઉપર જાય એ દિશામાં કામ ચાલુ કર્યું છે. ઝડપી ન્યાય મળે, તપાસ અને ચાર્જશીટ માટે સમયમર્યાદા નક્કી થાય, પહેલાં ડિજિટલ પુરાવા કોઇ રીતે સ્વીકૃત ન હતા ત્યારે નવા કાયદામાં ડિજિટલ કાયદાને સ્વીકાર્ય કર્યા. પહેલાં વીડિયો કોન્ફરન્સિંગ થતી ન હતી. કોઇ દિલ્હીમાં બેઠું હોય અને કાશ્મીરમાં કોઇ ઘટના ઘટે તો કોઇ અધિકારીશ્રીને પહોંચવું ત્યાં સંભવ ના હોય, કોઇ સાક્ષીને ત્યાંથી દિલ્હી લાવવો સંભવ ન હોય, કોઇ તિહાર જેલમાં બેઠો હોય એને બહાર કાઢવો સંભવ ના હોય, વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી આ બધુ સંભવ બન્યું. મહિલા અને બાળકોની સુરક્ષામાં નવા કાયદામાં માત્ર ત્રણ વર્ષમાં કોઇપણ ચુકાદો આવે છે. સંગઠિત ગુનાઓ હોય, આતંકવાદ હોય આ બધા ઉપર આ કાયદાઓ બહુ એગ્રેસિવલી આગળ વધી રહ્યા છે. થેંકયું.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી સંજય સુ. કોરડિયા(જૂનાગઢ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ઇશ્વરભાઇ પરમાર માનનીય રાજ્યપાલશ્રીના સંબોધન ઉપર જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે અને સરદારભાઇ ચૌધરીએ જે પ્રસ્તાવને ટેકો આપ્યો છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે રાજ્યપાલશ્રી પોતાનું સંબોધન આ ગૃહને કરી રહ્યા હતા ત્યારે આ સભાગૃહના વિરોધપક્ષના સાથી મિત્રો જે રીતે રાજ્યપાલશ્રીના સંબોધન વખતે જયારે તેમનો વિરોધ કરી રહ્યા હતા અને તેમના સંબોધનને રોકવાની કોશિશ કરી રહ્યા હતા ત્યારે મારે એ મિત્રોને યાદ કરાવવું છે કે, આ રાજ્યપાલ તે દેશ અને દુનિયાને એક પ્રાકૃતિક ખેતી અભિયાનથી અને વિશ્વને ગૌવંશને બચાવવા માટેના અભિયાન માટે જે રીતે કામ કરી રહ્યાં છે અને તે પહેલાંની કૉંગ્રેસની

સરકાર હતી અને ભારતીય જનતા પાર્ટીની સરકાર નહોતી ત્યારે એ વખતના રાજ્યપાલો કેવા હતા અને રાજભવનની અંદર શું કરતા હતા, અને રાજભવન કઈ રીતે ચાલતા હતા તેમનો તેમણે વિચાર કરવો જોઈએ. આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની સરકારની અંદર, સમગ્ર દેશની અંદર રાજ્યપાલશ્રીઓ જે રીતે કામ કરી રહ્યાં છે તે રાજ્યપાલશ્રીઓ દેશહિતની વાત કરી રહ્યા છે ત્યારે તેના અભિવાદનની અંદર તે વિરોધ કરતા હતા. ત્યારે તેમણે એક વખત વિચારવું જોઈએ કે આપણે કઈ રીતે કરીએ છીએ. એક ગૌવંશનો વિરોધ કરી રહ્યા હતા કે ગાયો આધારિત ખેતી કરવાની વાત જયારે રાજ્યપાલશ્રી કરતા હોય ત્યારે તેઓ ગાયોનો વિરોધ કરી રહ્યા હતા. આ માનસિકતાવાળી કૉંગ્રેસ તે રાજ્યપાલનો વિરોધ કરી રહ્યા છે ત્યારે તેમણે તે વાતને યાદ કરવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, જૂનાગઢથી આવું છું અને અમારે ત્યાં ગરવો ગિરનાર આવેલો છે તો એ ગરવા ગિરનારથી મારે મારી વાતની શરૂઆત કરવી જોઈએ.

" ગિરનાર ગિરિ તું ગૌરવ ભારતનું, સૌરાષ્ટ્રનો શણગાર.
તારા શિખરે ધ્વજ લહેરે, વંદે માતરમનો ઉછળે ઝંકાર.
પગથિયાં તારા ચઢી ભકતો, શ્રદ્ધાથી થાય નિહાલ
દત્તાત્રેય ધામે આશીર્વાદ, મીટે મનને બધો જ જંજાલ,
જંગલ ગાયે શૌર્ય ગાથા, સંતોની પવિત્ર વાણી,
વીરોની આ ભૂમિ પાવન, ભારતની અમર કહાણી,
સવારની પહેલી કિરણ પડે, શિખરે ચમકે સોનાં સમ,
દેશપ્રેમની જયોત પ્રગટે, હૃદય બને વીરધામ,
ગિરનાર તું શકિત પ્રેરણા, રાષ્ટ્ર ભકિતનો આધાર,
તારા ચરણોમાં નમન કરી, ગર્વ કરે ગુજરાત સાર."

માનનીય અધ્યક્ષશ્રી, આ ગરવા ગિરનારની ગોદમાં આ રાજ્યના મુખ્યમંત્રી આદરણીય ભૂપેન્દ્રભાઈ પટેલ અને ઉપ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીના એક વિચારથી જે મહાશિવરાત્રીનો મેળો કે જેને આપણે મેળાના સ્વરૂપમાં ખાલી સામાન્ય રીતે જોઈ રહ્યાં હતા તે મહાશિવરાત્રીનો મેળો 'મીનીકુંભ' તરીકે ઉજવાયો. જે રીતે ભકતો આવતા અને આદરણીય ઉપ મુખ્યમંત્રીશ્રીએ જાહેરાત કરી હતી કે એક વી.આઇ.પી.કલ્ચરને નાબૂદ કરી સનાતન ધર્મને સાર્થક કરવાનું કામ એ આ શિવરાત્રીના મેળાની અંદર કર્યું અને એમણે જે રીતે મેળાનું આયોજન કર્યું અને પ્રભારી મંત્રીશ્રીઓ અમારા ડો.પ્રદ્યુમનભાઇ વાજા અને સહ પ્રભારી મંત્રી આદરણીય અમારા ભાઇશ્રી કૌશિકભાઈએ ત્યાં રહી આદરણીય ઉપ મુખ્યમંત્રીશ્રીની સલાહથી મેળાનું આયોજન કર્યું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું પડે કે આ ગિરનારની ભૂમિ તે પવિત્ર ભૂમિ છે તેમની અંદર આ રાજ્યના નાયબ મુખ્યમંત્રી હોય, આ રાજ્યના મંત્રી હોય તે ખુલ્લાં પગે જયાંથી લોકો ચાલીને જતા હતા ત્યાંથી આ પવિત્ર ભૂમિ ઉપર ચાલીને છેક ગિરનાર ભવનાથ મહાદેવના દર્શન કરવા આવ્યા છે તે એક સૌથી મોટી શકિત આ દેશને અને આ રાજ્યને બતાવી છે. આ રાજ્યના નાયબ મુખ્યમંત્રી શું કરી શકે, આ રાજ્યના મંત્રી શું કરી શકે છે? મારી વાત એ છે કે આ સ્પિરિચ્યુઅલ ટૂરિઝમ છે સાથે સ્પિરિચ્યુઅલ રોજગારીની વાત પણ ઊભી થઇ છે. ઘણા લોકોને થતું હોય છે કે મેળાઓ કરવાની શું જરૂરિયાત છે. મારે કહેવું પડે છે કે આ મેળાઓની અંદર ૫૦ ટકાથી વધારે યુવાનોએ ભાગ લીધો હતો અને એ યુવાનો ફક્ત મેળો માણવા માટે નહીં પણ રસ્તામાં ચાલીને જતા હોય, શિવની મૂર્તિ આવતી હોય, શિવના પિકચર આવતા હોય તો પરિવાર સાથે સેલ્ફી લઇ એક સદભાવના, એમની અંદર એક નવા વિચાર સાથે એક નવી સનાતન પરંપરા સાથે એમના વિચારો આવતા હતા અને એમની સાથે ૩.૧ કિલોમિટરનો આખો રૂટ ચાલવાનો હતો. એમાં ૩ થી ૪ હજાર ફેરિયાઓ કે જે ફેરિયાઓ પાથરણા પાથરીને મેળાઓ થતા હોય ત્યારે રોજગારી માટે ત્યાં બેસતા હોય છે. દરરોજનું કમાઇને ખાતા પરિવારો આવા મેળાઓ મારફત ૧૫ દિવસ કે અઠવાડિયાના રોટલા એમાંથી કમાતા હોય છે. મારે કહેવું છે કે આ મેળાની અંદર આ જે ૩ થી ૪ હજાર ફેરિયાઓ પાથરણા પાથરીને બેઠા હતા એનો આ મેળાની અંદર ૨૫ લાખથી વધુ લોકો સમગ્ર દેશ અને દુનિયામાંથી આવ્યા અને એના મારફત એમને રોજગારી મળી છે. અમે બધા ચાલીને જતા હતા, માનનીય મંત્રીશ્રી કમલેશભાઇ પણ ચાલીને આવ્યા હતા. અમારી પાર્ટીના પ્રદેશ પ્રમુખશ્રી જગદીશભાઇ વિશ્વકર્મા પણ ચાલીને મેળામાં આવ્યા હતા. એ બતાવે છે કે આ વિધાનસભાના તમામ સભ્યો ચાલીને આવ્યા હતા અને ચાલીને જતા હતા ત્યારે લોકો સાથે વાત કરતા હતા. એમની આંખમાંથી આંસુ આવી જતા હતા. કહેતા હતા કે અમને એમ હતું કે મેળામાં આવીને થોડો ધંધો કરીશું તો ૫-૧૫ દિવસની રોજી મળશે. પણ એને ૫-૬ દિવસની અંદર એક વર્ષ સુધી એનું ઘર ચાલે એટલી રોજી આ મેળામાંથી મળી છે. આ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર એ સ્પિરિચ્યુઅલ રોજગારનું કામ પણ કરી રહી છે. આવા મેળાઓ કરીને એની અંદર કેટલાય પરિવારોને રોજગારી મળે છે અને એના માટે આ રાજ્યની સરકાર, આદરણીય મુખ્યમંત્રી અને આદરણીય નાયબ મુખ્યમંત્રીશ્રીનો આભાર વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જૂનાગઢની પવિત્ર ભૂમિમાંથી નવો અધ્યાય શરૂ કર્યો છે. મારે કહેવું છે કે રાજ્ય અને રાષ્ટ્રના વિવિધ ક્ષેત્રોમાં વર્તમાન સમયમાં આ દેશના વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીના શાસનમાં ઔદ્યોગીકરણનો વ્યાપ

વધી રહ્યો છે. આ ઔદ્યોગીકરણના હિસાબે આપ જોઇ રહ્યા છો કે સમગ્ર દેશમાં અને દુનિયામાં એક નવો ઉદ્યોગ થઇ રહ્યો છે એમાંથી નવી રોજગારીની તકો અલગ અલગ રીતે ઊભી થઇ છે. પહેલાના સમયમાં એવું હતું કે અમુક એજ્યુકેશન લીધું હોય તો જ નોકરી મળતી અને એ નોકરી અમુક સિલેક્ટેડ લોકોને જ મળતી. પરંતુ ભારતીય જનતા પાર્ટીની સરકાર જ્યારથી આવી છે, એક પણ જગ્યાએ ભ્રષ્ટાચાર વગર મેરિટ પ્રમાણે નોકરી મળે અને દેશના યુવાનોને સાક્ષર કરવા, એમની તાકાત વધારવા, એનો પરિવાર મજબૂત થાય એના માટે આ ક્ષેત્રમાં નોકરીઓનું એક પ્રદાન ઉભું કર્યું છે. જે રીતે રોજગારીની વાત છે તો આખા દેશની અંદર બેરોજગારીનો દર ૩.૨ ટકા છે જ્યારે ગુજરાતની અંદર બેરોજગારીનો દર ૧.૧ ટકા છે. અભિનંદન આપીએ કે એમની વ્યવસ્થા અને એમના આયોજનથી આ રાજ્યના યુવાનોને નોકરીની તકો મળી રહી છે. અલગ અલગ રીતે રોજગારી વિનિમય કચેરીઓ દ્વારા દર વર્ષે અલગ અલગ તકો પૂરી પાડવામાં આવે છે. ગત વર્ષે ૧૨૬૮ જેટલા ઔદ્યોગિક ભરતી મેળા કરીને ૨ લાખ ૯૨ હજાર ૫૩૮ જેટલા લોકોને રોજગારી આપવાનું કામ આ રોજગાર કચેરીઓ દ્વારા ગુજરાતમાં કરવામાં આવ્યું છે. એ જ રીતે યુવાનોને સંરક્ષણ ક્ષેત્રમાં ઉજ્જ્વળ કારકિર્દીનું નિર્માણ થાય એના માટે રોજગાર વિનિમય કચેરી દ્વારા શારીરિક, લેખિત કસોટીના હેતુસર ૩૦ દિવસની નિવાસી તાલીમ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. મને કહેતા આનંદ થાય છે કે કુલ ૪૭ જેટલા તાલીમ વર્ગો આ વર્ષે યોજવામાં આવ્યા છે. ૧૩૯૪ જેટલા વિદ્યાર્થીઓને એમાં ભાગ લઇ અને તાલીમ લીધી છે. એનાથી એક નવું અર્થતંત્ર ઊભું થવાનું મોટું કામ રાજ્ય સરકાર કરે છે. આપણને ખબર છે કે આઇ.ટી.આઇ. કોલેજો એ ખાલી ફરવા માટેની કોલેજો જ હતી. એ કોલેજોમાં ખાલી લોકો જાય. આઇ.ટી.આઇ. કરી છે એટલે ખાલી લગ્ન કરવા બાયોડેટા બનાવતા હોય કે મારા દીકરા કે દીકરીએ આઇ.ટી.આઇ. કરી છે. દીકરીઓ તો આઇ.ટી.આઇ. કરતી નથી. દીકરાઓ આઇ.ટી.આઇ. કરતા હતા એ માટે આઇ.ટી.આઇ. ચાલતી હતી. આજે સમગ્ર રાજ્યમાં જે રીતે આઇ.ટી.આઇ. ચાલી રહી છે અને આજે આપણે ગૌરવ સાથે કહી શકીએ કે આ દેશના વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી જ્યારે આ રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારથી એમણે અભિયાન શરૂ કર્યું છે કે મારા રાજ્યની નારીશક્તિ, માતૃશક્તિ દરેક ક્ષેત્રમાં આગળ વધે અને એ રીતે દેશની અંદર કર્યું હતું. માતૃશક્તિ આઇ.ટી.આઇ.માં ભાગ લઇને કરી રહી છે અને આઇ.ટી.આઇ.માં આપ જોઇ રહ્યાં છો કે કેટલા લોકોને રોજગારી મળી રહી છે. અલગ અલગ ક્ષેત્રમાં એને તાલીમ મળી રહી છે અને તાલીમ દ્વારા એ પોતાના કુટુંબનું ભરણપોષણ કરી રહી છે. ઘણી જગ્યાએ એવી પરિસ્થિતિ આવે છે કે આ મહિલાઓ આઇ.ટી.આઇ. થકી કામ કરે છે ત્યારે ઘરનું સિંદૂર બચાવવાનું કામ આ આઇ.ટી.આઇ. થકી રોજગારી મેળવીને કર્યું છે એ રાજ્ય સરકારની પદ્ધતિને ખરેખર વંદન છે. હાલની બજાર માગ છે કે અદ્યતન ટેકનોલોજી સોલાર ટેકનોલોજી, ટેકનિશિયન, મિકેનિક, મેટ્રોનિકસ, ઇલેક્ટ્રિક વ્હિકલ ટેકનોલોજી, મેડિકલ ટેકનોલોજી, સિવિલ એન્જિનિયર આસિસ્ટન્ટ, આઇ.ઓ.ટી. ટેકનિક્લ આ રીતે અલગ અલગ ટેકનિકલ ક્ષેત્રો ચાલી રહ્યાં છે, એની અંદર આઇ.ટી.આઇ. તાલીમ લેતા તાલીમાર્થીઓને આ બધી ઇન્ડસ્ટ્રીઝની તાલીમ આપવાનું કામ કર્યું છે. ખાલી તાલીમ આપવાનું નહીં પણ અલગ અલગ કંપનીઓ સાથે એમ. ઓ.યુ. કરીને એમની તાલીમ પૂરી થાય છે પછી એક માસથી લઇને ૧૨ માસ સુધી આવા વિદ્યાર્થીઓને એ કંપનીઓની અંદર મોકલવામાં આવે છે અને એ કંપનીઓની અંદર એને એક્સપિરિયન્સ આપવામાં આવે છે એન એ એક્સપિરિયન્સ કરીને સારી સારી નોકરી મેળવીને પોતાની રોજગારી મેળવી શકે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીનું સપનું હતું એ માતૃશક્તિ અને મહિલાઓ દરેક ક્ષેત્રની અંદર આગળ વધે તે આપણે જોઇ રહ્યાં છીએ. માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે એક વર્ષ પહેલા કહ્યું હતું કે લખપતિ દીદી મારે બનાવવી છે. રોજગારીની વાત હતી ત્યારે આપણે ગૌરવ સાથે કહી શકીએ છીએ કે દેશની અંદર લાખો મહિલાઓને લખપતિ દીદી બનાવવાનું કામ એ રોજગારી આપીને માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે કર્યું છે અને એ જ રીતે આપણે જોઇએ છીએ કે મહિલાઓ માટે સખી મંડળ હોય, સ્વ-સહાય જૂથ હોય આ બધી મહિલાઓ એક સાથે મળીને અલગ અલગ ક્ષેત્રની અંદર જે રીતે કામ કરી રહી છે. આજે જૂનાગઢના મેળાની વાત કરી. પછી કચ્છનો રણોત્સવ હોય કે સ્ટેચ્યૂ ઓફ યુનિટી હોય, કચ્છના કારીગરોને કોઇ ઓળખતું ન હતું પણ કચ્છના રણોત્સવથી કચ્છની કલા અને સંસ્કૃતિ દુનિયા સુધી પહોંચી છે. એ રીતે સ્ટેચ્યૂ ઓફ યુનિટીમાં પહેલા કાંઇ ન હતું એ વખતે એ વિસ્તારના આદિવાસી ભાઇ-બહેનોએ મિલેટની વાત કરી હતી એ આદરણીય નરેન્દ્રભાઇએ મિલેટ થર ઊજવીને એ વિસ્તારના આદિવાસી ભાઇ-બહેનોએ મિલટ્સની વાનગીઓ જ્યારે લોકો એ સ્ટેચ્યૂ ઓફ યુનિટી વિસ્તારમાં જાય છે ત્યારે મહિલાઓ મિલેટની વાનગીઓ બનાવી એનું ઘર મજબૂત કરે છે. ખાસ કરીને મહિલાઓની શક્તિઓને બહાર કાઢવાનું કામ આવી યોજનાઓ થકી થઇ રહ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણને કહેતા આનંદ થાય છે કે, છેલ્લાં બે વર્ષમાં કેળવણીની સ્કીલ ટ્રેનિંગો થાય છે એ સ્કીલ ટ્રેનિંગોમાં વર્ષમાં અંદાજિત દોઢ લાખથી વધુ તાલીમાર્થીઓએ ભાગ લીધો છે. એ રીતે અલગ અલગ નવી એ.આઇ. ટેકનોલોજી અને નવા વિચારો આવ્યાં છે અને નવી વાતો આવી છે એની સાથે આ રાજ્ય સરકારના આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલ અને આદરણીય નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી દ્વારા જે કામો જે પદ્ધતિથી થઇ રહ્યાં છે ત્યારે ખરેખર યુવાનોની અંદર એક નવો વિચાર, નવી જોમ અને નવી તાકાત પૂરી રહ્યાં છે. રોજગારીની વાત છે ત્યારે મારી એક કવિતાની પંક્તિ કહીને મારી વાત પૂરી કરી રાજ્યપાલશ્રીના સંબોધનમાં મારો સૂર પુરાવું છું અને મારો ટેકો આપું છું.

રોજગાર એ આશાનો દીવો જીવનમાં પ્રકાશ ફેલાવે,

મહેનતની દરેક બૂંદે સપનાઓ સાકાર બનાવે
હાથમાં કૌશલ્ય, દિલમાં હિંમત, માથા પર વિશ્વાસનો તાજ,
રોજગારથી મજબૂત બને પરિવાર અને આખો સમાજ
નાનું કામ હોય કે મોટું, કોઈ કાર્ય ના હોય નાનું
ઈમાનદારીથી કરેલું કામ બનાવે જીવનને સુંવાળું
યુવાનો આગળ વધે હિંમતથી, મહેનત રાખે સાચી
રોજગારથી ખુશાલ બને દરેક ઘર અને ગાથા.

માનનીય અધ્યક્ષશ્રી, આપે મને સમય આપ્યોએ બદલ આપનો આભાર.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી.

શ્રી હર્ષ સંઘવી (નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના રાજ્યપાલશ્રી આદરણીય આચાર્ય દેવવ્રતજીએ પંદરમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રના મંગળ પ્રારંભે આ પવિત્ર સદનમાં પોતાનું અભિભાષણ આપીને સૌને માર્ગદર્શન આપ્યું છે. તેમના અભિભાષણ બદલ આ સદનમાં આભાર પ્રસ્તાવ રજૂ થયો તેને મારું સમર્થન આપવા હું અત્રે ઉપસ્થિત થયો છું.

હું આ તકે ખાસ નોંધ લેવા માગું છું કે આ ગૃહના જાગૃત સદસ્યશ્રીઓએ અલગ અલગ વિભાગની સિદ્ધિઓને આંકડાકીય હકીકતો સાથે ખૂબ સારી રીતે ઉજાગર કરી છે. રાજ્યપાલશ્રીનું વિધાનસભા ગૃહને સંબોધન એ રાજ્ય સરકાર તેમજ ગૃહના દરેક સદસ્યો માટે દિશાસૂચક છે. રાજ્યપાલશ્રીનું અભિભાષણ આ સદન અને સરકાર માટે પાસ્ટનો ફીડબેક અને ફ્યુચરનો રોડમેપ છે. વિશ્વના સૌથી લોકપ્રિય નેતાશ્રી નરેન્દ્રભાઈ મોદી જેના સારથી છે એવા ભારતનો વિકાસ રથ એક પછી એક મુકામ પાર કરી ગયો છે. મહામહિમ રાજ્યપાલશ્રીના અભિભાષણમાં ગુજરાતની વિકાસયાત્રાનો અદભુત્ આ લેખ મેં વાંચ્યો છે. ગુજરાતના વિકાસને સમજવો હોય તો તેને બે ભાગમાં સમજવો પડે. ગુજરાતના વિકાસના બે અધ્યાય છે, એક વીસમી સદીનું ગુજરાત અને બીજું એકવીસમી સદીનું ગુજરાત જે ગુજરાત સરકાર અને ગુજરાતના પ્રત્યેક નાગરિકોને સાથે મળીને ટીમ ગુજરાત તરીકે કામગીરી કરીને દેશમાં મોખરાનું સ્થાન પ્રાપ્ત થયું એવું આપણું ગુજરાત રાજ્ય છે. આ ગુજરાત રાજ્ય જે દેશનું પ્રથમ રાજ્ય બન્યું, આજે તો અલગ અલગ રાજ્યોમાં જયારે પણ કોઈ વિષયો આવે તો લોકોને એવું લાગે કે આ ગુજરાત જ કેમ? પરંતુ આજે આપણે જોઈએ છીએ એ ગુજરાત કઈ રીતે બન્યું? એ ગુજરાત પાછળ કેટલાક ગુજરાતીઓએ રાત દિવસ એક કરીને મહેનત કરી, પોતાના પરિવાર જોડે તહેવારો ત્યાં કર્યા, કોઈ એક વ્યકિત એ આ યાત્રાની એવી શરૂઆત કરી કે આખું જીવન જાણે કે તપમાં તપી ગયું હોય એ પ્રકારે આદરણીય નરેન્દ્રભાઈ મોદી અને ગુજરાતની જનતાએ ગુજરાતના વિકાસની શરૂઆત એ પ્રકારે, એ ઝડપથી કરી કે આજે આપણું ગુજરાત આપણા સૌનું ગુજરાત, બધાજ ક્ષેત્રમાં દેશમાં નંબર વન તરીકે આગળ વધી રહ્યું છે. વીસમી સદીના ગુજરાતમાં કોંગ્રેસનું શાસન હતું. રાજ્યની ઓળખ માત્ર કર્ફ્યું, કોમી રમખાણો અને અશાંતિ પૂરતી સિમીત થઈ ગઈ હતી. વર્ષના ૩૬૫ દિવસમાંથી ૨૦૦-૨૦૦ દિવસ તો ગુજરાતના શહેરોમાં કર્ફ્યું રહેતો. સામાન્ય નાગરિકો અને વેપારીઓ ભયના ઓથાર હેઠળ જીવતા હતા. રથયાત્રાઓ ઉપર અનેકવાર હુમલાઓ થતા હતા અને વિકાસ તો જાણે કોઈ ખૂણે ડૂસકા ભરતો હતો. પીવાના પાણી માટે સૌરાષ્ટ્ર હોય, ઉત્તર ગુજરાત હોય મારા આ સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતની માતાઓને બે-બે કિલોમીટર સુધી માથે બેડા લઈને ભટકવું પડતું હતું. પરિવારના બે સંતાન હોય તો એક દીકરો કે દીકરીનું જીવન તો પાણી ભરવામાં જ પૂરું થઈ જતું હતું. ટ્રેનો મારફત પાણી પહોંચાડવું પડતું હતું. ટેન્કર રાજયની ભ્રષ્ટ નીતિઓ અને વીજળી કયારે આવશે એની રાહ જોતું એ અંધકારમય ગુજરાત એ વીસમી સદીનું ગુજરાત હતું. પરંતુ એકવીસમી સદીના પ્રારંભે વર્ષ ૨૦૦૧માં જયારે આપણા યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતનું સુકાન સંભાળ્યું ત્યારે ગુજરાતના ઇતિહાસનો એક નવો અધ્યાય શરૂ થયો અને એ અધ્યાય ગુજરાતના પ્રત્યેક ક્ષેત્રના, પ્રત્યેક સમાજના બધા જ નાગરિકો, નાના-નાના દીકરા-દીકરીઓ હોય, યુવાનો હોય, વડીલો હોય બહેન હોય કે ભાઈઓ હોય બધા જ આ વિકાસની યાત્રામાં જોડાઈ ગયા અને એ કારણે આજે આપણું ગુજરાત નં-૧ પર પહોંચ્યું છે. પહેલાં જે દીકરીઓનું જીવન પાણી ભરવામાં નીકળી જતું હતું એ જ દીકરીઓ આજે નિર્ભય રીતે ફરે છે અને ૨૧મી સદીની એ જ દીકરીઓ આજે આપણી તાકાત બની છે. જે પથ્થરો ક્યારેક રમખાણોમાં ફેંકાતા હતા એ જ પથ્થરોનો ઉપયોગ કરીને વિશ્વકક્ષાની યુનિવર્સિટીઓ, અદ્યતન હૉસ્પિટલો અને ગગનચુંબી ઈમારતોનું નિર્માણ આપણા જ ગુજરાતમાં થયું છે. આજે નર્મદાના નીર માત્ર કાગળ પર નથી રહ્યા. મા નર્મદાનું પવિત્ર જળ છેક કચ્છના રણ અને સૌની યોજના થકી સૌરાષ્ટ્રના છેવાડાના ખેતરો સુધી પહોંચ્યા છે. એ ટેન્કર રાજ ચલાવનારાઓને આ નર્મદાનું નીર કેમ પચે? આજે ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે. વિપક્ષ અનેકવાર હોબાળો કરતો હોય છે પણ હકીકત એ છે કે દેશની કુલ નિકાસ, અહીંયા બેઠેલા ૧૮૨ લોકો અલગ-અલગ વિસ્તારનું પ્રતિનિધિત્વ કરે છે આ જ ૧૮૨ વિસ્તારોમાંથી ભારત દેશની ૩૦ ટકા નિકાસ ગુજરાતની ધરતી પરથી થાય છે. જેમના પોતાના પક્ષના ભવિષ્યનું કોઈ ઠેકાણું નથી, જેમના પોતાના નેતૃત્વમાં કોઈ દમ નથી. તે લોકો આજે ગુજરાતના ભવિષ્ય પર સવાલ ઉઠાવી રહ્યા છે. કોંગ્રેસનું કાર્યસૂત્ર બની ગયું છે કે ''જેમાં દેશનું ભલું થવાનું હોય તેનો વિરોધ કરવાનો એટલે કરવાનો

જ.'' દેશ હિત સમજવામાં કૉંગ્રેસ હંમેશા થાપ ખાઇ જાય છે અને ઇતિહાસ સાક્ષી છે કે જ્યારે પણ મોદી સરકારે દેશ માટે કોઇ મોટો નિર્ણય લીધો ત્યારે કૉંગ્રેસે આડો પગ કર્યો, કર્યો અને કર્યો જ છે.

માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

માનનીય અધ્યક્ષશ્રી, સિટિઝન એમેન્ડમેન્ટ એક્ટ એટલે કે પાકિસ્તાન, બાંગ્લાદેશ જેવા દેશોમાં આપણા હિંદુ, શીખ, જૈન કે જે એ દેશોના લઘુમતી છે, એ દેશમાં એ લોકો પર જે પ્રકારનો અત્યાચાર થતો હતો એવા લોકો સન્માનપૂર્વક એમના સપનાં સાકાર કરી શકે તે માટે આદરણીય પ્રધાનમંત્રીજી દ્વારા સી.એ.એ. લાવીને આવા લાખો પરિવારના આશીર્વાદ લેવાનું કામ કર્યું છે. આપણા ભાઇઓ જે બીજા દેશમાં લઘુમતી છે જેમની નાની દીકરીઓ ઘરની બહાર નહોતી જઇ શકતી એવી પરિસ્થિતિમાંથી એમને નવું જીવન આપવાનું કામ કર્યું એમાં પણ કૉંગ્રેસે વિરોધ કર્યો. કલમ–૩૭૦ હટાવીને કાશ્મીરને ભારતનું અભિન્ન અંગ બનાવવાની વાત આવી તો કૉંગ્રેસે એનો પણ વિરોધ કર્યો. ત્રિપલ તલાક રોકીને મુસ્લિમ બહેનોને ન્યાય અપાવવાની વાત હતી ત્યાં પણ કૉંગ્રેસ આડી ફાટી. સર્જિકલ સ્ટ્રાઇક હોય કે એર સ્ટ્રાઇક હોય આપણી સેનાએ પાકિસ્તાનમાં ઘૂસીને આતંકવાદીઓનો ખાતમો બોલાવ્યો ત્યારે સેનાની હિંમત વધારવાને બદલે કૉંગ્રેસ પુરાવા માગી રહી હતી. કરોડો હિંદુઓની આસ્થાના પ્રતીક સમાન રામ મંદિરના નિર્માણમાં પણ કૉંગ્રેસે વિરોધ કર્યો. પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આમંત્રણ પણ ઠુકરાવી દીધું. જ્યારે આખી દુનિયા કોરોના વૅક્સિન અને મેનેજમેન્ટના વખાણ કરી રહી હતી ત્યારે કૉંગ્રેસ ભારતના વૈજ્ઞાનિકો અને સરકારના પ્રયાસો પર શંકા કરી હતી અને દુનિયાભરમાં દેશને બદનામ કરવાનો પ્રયત્ન કર્યો. જી.એસ.ટી. હોય, ડિજિટલ ઇન્ડિયા હોય, મેક ઇન ઇન્ડિયાના અભિયાનો હોય કૉંગ્રેસે હંમેશા નકારાત્મકતા જ ફેલાવી છે. દેશને જ્યારે નવી સંસદ મળી ત્યારે પણ કૉંગ્રેસે બહિષ્કાર કર્યો અને સેંગોલ એટલે કે રાજદંડનું પણ અપમાન કર્યું. દેશના સંશાધનો બચાવવા માટે 'વન નેશન વન ઇલેક્શન'માં પણ અંધ વિરોધ કર્યો. વંદે માતરમ ગીતનો વિરોધ, સ્ટેચ્યૂ ઓફ યુનિટીનો વિરોધ, ઇ.વી.એમ.નો વિરોધ, એસ.આઇ.આર. મતદાર યાદી સુધારણાનો વિરોધ, વીબી–જી રામજી કાયદાનો વિરોધ, આધુનિક રાફેલ વિમાન દેશમાં આવે એનો વિરોધ, અગ્નિપથ યોજનાનો વિરોધ. કૉંગ્રેસ માત્ર વિરોધની રાજનીતિ કરતી આવી છે. અમને વિકાસની રાજનીતિની દિશામાં ભારતીય જનતા પાર્ટીની શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર કામ કરી રહી છે. લોકહિતના નિર્ણયનો વિરોધ કરવો એ પ્રજા સાથે સીધો અન્યાય છે. કૉંગ્રેસનો પરિવારવાદ પણ એટલો જ ઘાતક છે. હું અહીંયા ઘણા પાયાના કાર્યકર્તાઓને જોઉં છું. ખૂબ સારા નેતાઓ છે છતાં તેઓ પણ ક્યાંકને ક્યાંક ભોગ બનતા આવ્યા છે. કૉંગ્રેસમાં એક પરિવાર કહે એટલું જ થાય. દિવસ કહે તો દિવસ અને રાત કહે તો રાત. એમ કહેવાય છે કે, **राजा बोला रात है, रानी बोली रात है, मंत्री बोला रात है, संत्री बोला रात है, यह सुबह–सुबह की बात है।** ધારો કે કોઇ પ્રોડક્ટ ફેલ થઇ ગયું હોય તો તેને અલગ અલગ રેપિંગમાં બદલીને વેચવાનો પ્રયાસ કરીએ પણ તેવી રીતે પ્રોડક્ટ ચાલે નહીં. તૃષ્ટિકરણની વારસાઇ રાજનીતિ કરતાં કૉંગ્રેસના નેતા ભલે સો–સો પદયાત્રાઓ કરી લે તો પણ ભારતીયના હૃદયમાં બિરાજતા રામને રાજી નહીં કરી શકે. કોઇકે આ આદરણીય સો કોલ્ડ યુથ લીડર વિશે એમ કહ્યું છે કે,

सियासत में जरूरी है, रवादारी समझता है,
वो रोज़ा तो नहीं रखता, मगर इफ्तारी समझता है।

માનનીય અધ્યક્ષશ્રી, જરૂર પડે તો ટોપી પહેરી લેવી, જરૂર પડે તો જનોઇધારી બની જવું. રાહુલબાબાને હિન્દુસ્તાનનું દિલ જીતવા માટે શોર્ટકટ સિવાય બીજો કોઇ રસ્તો કૉંગ્રેસના સીનિયર લીડરે આજ સુધી બતાવ્યો નહીં. (અંતરાય) રાત્રે ઊંઘતા સમયે પણ ટોપી પહેરી રાખે તો આપણને કોઇ વાંધો નથી પણ કાયમી પહેરી રાખે. બહાર નીકળીને કૅમેરા જોઇને ઉતારી લે છે તેમાં વાંધો પડે છે. માનનીય શૈલેષભાઇ અને તુષારભાઇ અહીંયા બેઠાં છે ત્યારે મારે બીજું કંઇ કહેવું નથી પણ જે લોકો ત્યાં જઇને ઊંધી ટોપી પહેરાવી આવે છે તેને ભગવાન સદ્બુદ્ધિ આપે. આ તેની ટોપી પહેરતા નથી ને તે જોઇ લેજો. નહિતર, તેના જેવો હાલ તેમનો પણ થશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ભારતીય જનતા પાર્ટીની સરકાર માટે ગરીબ એ માત્ર વોટબેંક નથી પરંતુ અમારા માટે ગરીબ એ દરિદ્ર નારાયણ છે. આ જ ગૃહમાં બેઠેલાં મારા વિપક્ષના મિત્રો દાયકાઓ સુધી દેશમાં માત્ર એક જ નારો આપ્યો– ''ગરીબી હટાવો'' પણ અફસોસ છે કે એ નારાઓ માત્ર કાગળ પર જ રહ્યા. ૬૦ વર્ષના એમના શાસનમાં ગરીબી તો ન હટી પણ બિચારો ગરીબ જરૂરથી હટી ગયો.

तुम्हारी फाईलों में गांव का मोसम गुलाबी था,
मगर वो आंकडे जूठे थे, वो दावा किताबी था।

તે સમયે ગરીબ માણસને રેશન કાર્ડ માટે સરકારી ઓફિસમાં ધક્કાઓ ખાવા પડતા હતા. આજે જ મારા સાથી ધારાસભ્યશ્રીએ વાત કરી કે એક રેશન કાર્ડ કઢાવવું હોય તો વર્ષો સુધી સરકારી કચેરી સુધી ધક્કા જ ખાવાના હોય પરંતુ આદરણીય મોદી સાહેબે ગરીબોની વાત નહીં પણ ગરીબોના બધા જ દુ:ખ સમજ્યા અને સારી વ્યવસ્થાઓ આપીને ઓછામાં ઓછા ધક્કા ખાવા પડે અથવા શક્ય હોય તો ધક્કા જ ન ખાવા પડે તે રીતે વ્યવસ્થાઓ ગોઠવી. હવે વન નેશન વન રેશન કાર્ડ

આવી ગયું. પ્રધાનમંત્રીશ્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ આજે ગુજરાતના ૭૫ લાખ કુટુંબોને ૩.૧૮ કરોડ જનસંખ્યાને અન્ન સુરક્ષા પૂરી પાડવામાં આવી રહી છે. ગુજરાતની ૫૦ ટકા આસપાસની વસતીને માનનીય મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનથી ગુજરાત સરકાર દ્વારા આ બધું અન્ન પહોંચાડવામાં આવે છે. જેથી મારા રાજ્યનો કોઇપણ ગરીબ ભૂખ્યો ન સૂવે. ગરીબોની વાત નહીં પણ ગરીબોને પગભર કરવાના છે. તેને જે વ્યવસ્થા આપવાની છે તે વ્યવસ્થા તરફ અમારી સરકાર દ્વારા કામગીરી કરવામાં આવી. અંત્યોદય કુટુંબોને માસિક ૩૫ કિલો અને અગ્રતા ઘરાવતા કુટુંબોને માસિક વ્યક્તિદીઠ પાંચ કિલો અનાજ વિનામૂલ્યે આપવામાં આવી રહ્યું છે. પહેલાં કોઇ મજૂર રોજગારી માટે પોતાનો જિલ્લો બદલે તો નવું કાર્ડ કઢાવવામાં આવતું હતું. હવે કોઇપણ મજૂર હોય, નાનો માણસ હોય કે કોઇપણ હોય. લાભાર્થીએ ઘર, ગામ કે રાજ્ય બદલ્યું હોય તો કોઇ ચિંતા કરવાની જરૂર નથી. આ કોઇ રાજ્યના ભાગલા નહોતા પાડવાના. આ એક દેશનું એક રાશન કાર્ડ આ દેશમાં કાશ્મીરથી લઇને કન્યાકુમારી સુધી મારા દેશનો કોઇપણ ગરીબ ગુજરાતમાં આવ્યો હોય તો એને રાશન આપવાની જવાબદારી રાજ્ય સરકારની છે. રાજ્ય સરકાર આ માટે ખૂબ સારી રીતે કામગીરી કરી રહી છે. ગત વર્ષની સરખામણીએ ચાલુ વર્ષે ૫.૨૯ લાખ જેટલા વધુ એટલે કે, કુલ મળીને ૩૭.૯૧ લાખ જેટલા કાર્ડધારકોએ આ પોર્ટેબિલિટીનો લાભ લીધો છે. ખૂબ મોટો વિષય છે. રાજ્ય સરકાર દ્વારા આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શનમાં ખૂબ અદભૂત પ્રયાસ કરવામાં આવ્યો છે. નાના અને ગરીબ માણસોએ નોકરી વચ્ચે રાશન લેવા માટે લાઇનમાં ઊભું રહેવું પડતું હતું. અનેક જગ્યાએથી અવારનવાર અનેક ફરિયાદો સાંભળી હશે કે આ ગરીબ માણસ પોતાના હક્કનું રાશન લેવા રાશનની દુકાને જાય છે તો ક્યાંક તોલમાપમાં ફેરફાર થાય છે, પાંચ, પચ્ચીસ, પચાસ કે સો ગ્રામ જેટલી સામગ્રી ઓછી આપવામાં આવે છે. આ બધી ફરિયાદો આજની નથી. આઝાદી મળી ગઇ પણ આ જ ફરિયાદો આપણે સૌ સાંભળતા આવ્યા છીએ. વિધાનસભા ગૃહમાં લાઇબ્રેરીમાં જો આઝાદી પછીના બે, પાંચ, દસ કે પંદર વર્ષ પછીના ડોક્યુમેન્ટેશન કાઢશો તો સેઇમ પ્રશ્ન મળશે પણ આ સમસ્યામાંથી બહાર કઇ રીતે આવવું? આ સમસ્યામાંથી બહાર આવવા માટે આદરણીય મોદીજી દ્વારા અને રાજ્ય સરકાર દ્વારા પહેલીવાર ભાવનગરમાં એ.ટી.એમ. મૂકવામાં આવ્યું. સામાન્ય રીતે એ.ટી.એમ.ની ટેકનોલોજી ઘનિક પરિવાર માટે હોય કે એ.ટી.એમ. લઇને જાય, કાર્ડ લઇને જાય અને રૂપિયા બહાર નીકળી જાય. હવે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા ફૂડ કૂપન ડિજિટલ અને આ કૂપન કઇ રીતે વપરાશે એની સંપૂર્ણરીતે ટેકનોલોજીના આધારે ચોરી ન થાય એટલે માત્ર ક્યૂઆર કોડ જોડે એની ફૂડ કૂપન આવે, એને માત્ર સ્કેન કરવાની છે. સામે ઘઉં, ચોખા, ખાંડ જે જોઇએ એની વિગતો નાંખવાની અને નીચે એના પેકેજિંગવાળું એની ક્વોલિટી સો ટકા ટોપ ક્વોલિટી કઇ રીતે બને તે પ્રકારે માનનીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શનમાં અમારા શ્રી રમણભાઇ સોલંકીએ ખૂબ મહેનત કરી છે. અનેક દિવસ સુધી રાત-દિવસ કામ કર્યું. પેકેજિંગ પણ અદભૂત બનાવ્યું છે કે હવે કોઇ પ્રાઇવેટ મોટા સ્ટોરમાંથી ખાંડ લાવે એના કરતાં પણ સારી ખાંડ રાજ્યના નાગરિકો સુધી આપવાનો નિર્ણય લેવામાં આવ્યો. હમણાં બે પ્રોડક્ટ પેકેજિંગમાં આપવાની ચાલુ કરી છે. કોઇ પચાસ ગ્રામની પણ ચોરી ન કરી શકે એ પ્રકારની વ્યવસ્થા કરી છે. આ ચોરી કેમ અટકાવી શકાય? કારણ કે કોઇ પ્રકારની વચ્ચે કટકીબાજી નથી. ચોરી અટકાવવા માટે નીતિ જોઇએ અને આ નીતિ સાથે આ કામગીરી ચાલી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણને આઝાદી તો મળી ગઇ. આઝાદીના લડવૈયાઓની વાત પણ ઘણી થઇ. આઝાદી મળ્યા પછી આ દેશના લાખો-કરોડો પરિવારોએ મનમાં એક સપનું જોયું કે મારો દેશ આઝાદ થઇ ગયો છે. હવે હું ઝૂંપડામાંથી પાકા મકાન સુધી પહોંચીશ. મારો દેશ હવે સોને કી ચીડિયા તરફ આગળ વધી રહ્યો છે. ગરીબોના મનમાં પણ એક સપનું હતું. આઝાદીના લડવૈયાઓનું પણ સપનું તો આ જ હતું. એણે એક સપનું જોયું કે આ ટપકતાં પાણીવાળા ઝૂંપડામાં મારા દીકરા-દીકરીના ભવિષ્યનું શું થશે? આઝાદીનાં વર્ષોવર્ષ વીતી ગયા અને આ બધા આપણા દેશની ભોળીભાળી જનતા ગરીબોના નામે વર્ષોવર્ષ સુધી વોટ લેતા રહ્યા. પરંતુ એનું ઝૂંપડું પણ જતું રહ્યું, સપનું પણ તૂટી ગયું. આ દેશના લોકોએ વર્ષ ૨૦૧૪માં આઝાદીનાં સપનાં સાકાર કરવા માટે શ્રી નરેન્દ્રભાઇ મોદીને દેશના વડાપ્રધાન બનાવ્યા. આઝાદીનાં વર્ષોવર્ષ વીતી ગયા. વર્ષ ૨૦૧૪માં શ્રી નરેન્દ્રભાઇ દેશના પ્રધાનમંત્રી બને છે અને પ્રધાનમંત્રી આવાસ યોજના આવે છે. હવે લોકો ઝૂંપડાથી પાકા મકાન સુધી પહોંચ્યા. ફક્ત ગુજરાત રાજ્યની વાત કરું તો માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શનમાં ગુજરાતમાં ૧૦ લાખ ગરીબોને પાકા મકાનો આપવાની કામગીરી થઇ છે. શ્રી શૈલેષભાઇ, ઘણાં લોકો મીડિયાની પ્રેઝન્સ હોય ત્યારે ગરીબો અને અંત્યોદયની વાત કરશે. આદિવાસી સમાજની વાત કરશે. મારા ભોળા દલિત સમાજની વાત કરશે. જો કયારેક ચાન્સ મળે તો વિધાનસભામાં એક દિવસ બધા નિયમો બાજુએ મૂકીને બધા ડિજિટલ ડેટા મૂકવા જોઇએ. આઝાદી મળી અને ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યાં સુધી કઇ સરકાર દ્વારા આદિવાસી સમાજ માટે શું કામ કરવામાં આવ્યું? મારા દલિત સમાજના મિત્રો માટે શું કામ કરવામાં આવ્યું? માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારે ડૉ. બાબા સાહેબ આંબેડકર આવાસ યોજના થકી ૩,૧૫,૦૦૦થી વધુ આવાસો પૂરા પાડ્યા.

અધ્યક્ષશ્રી : તમારે આવી યોજનાઓ વિશે જો કંઇ પ્લાનિંગ કરવું હોય તો હું હૉલમાં સરસ વ્યવસ્થા કરાવી આપીશ. બધા ધારાસભ્યશ્રીઓ અને બાકીના લોકો પણ હાજર રહે. સારું પ્રેઝન્ટેશન કરજો. મેં અગાઉ માનનીય મંત્રીશ્રીને પ્રાકૃતિક કૃષિ માટેની વાત કરી હતી. આજે માનનીય મંત્રીશ્રીએ કહ્યું છે. અમે એ બાબતે વર્કઆઉટ કરી રહ્યા છીએ કે પ્રાકૃતિક કૃષિ બાબતે

એક પ્રશ્નોત્તરી કાળ રહે અને માનનીય ગવર્નરશ્રીને પણ વિનંતી કરીએ. જો આવું કંઇ હોય અને અલગ પ્રેઝન્ટેશન કરવું હોય તો માનનીય ધારાસભ્યશ્રીઓ અને બાકી લોકોને હાજર રાખીને તમે તેના ઉપર જાણકારી આપી શકશો. આ બહું સારો વિષય છે.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આ કરવું જ જોઇએ. ઘણા લોકો એવા હોય છે કે જેમને માત્ર સ્ટેટમેન્ટ આપવું કે પ્રશ્નો ઊભો કરવા હોય છે. રાજનીતિમાં ટીકા-ટિપ્પણી અને આ બધું બરાબર હોય પણ આપણે સૌ પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ પણ છીએ? આપણી પણ કોઇ ફરજ તો હોયને? માત્રને માત્ર સમાજના ભાગલાઓ પાડવા, સમાજને ભડકાવવા કરતાં કયારેક ડૉ. બાબાસાહેબ આંબેડકર આવાસ યોજના થકી કેટલા લોકોને ઘર મળ્યા એ વિશે પોતાના મતવિસ્તારમાં જશો તો ખબર પડશે ને? તેઓ પોતાના વિસ્તારમાં જાય, ફોર્મ ભરાવે, તેમેણે ૫૦ના બદલે ૫૦૦ ફોર્મ પોતાના વિસ્તારમાં પાસ કરાવવા જોઇએ. આપણી એ જવાબદારી છે. લોકો આપણને ચૂંટીને ગુજરાત વિધાનસભા સુધી શેના માટે મોકલે છે? આપણા સૌ શ્રમ-રોજગારો તથા શ્રમયોગીઓને, શ્રમયોગી અન્નપૂર્ણા કેન્દ્રમાં પૌષ્ટિક આહાર મળી રહે એ માટે ૧૨૧ જેટલા કેન્દ્રો ચાલુ કરવામાં આવ્યા છે. તેઓની આરોગ્યની ચિંતા કરતા બાંધકામના સ્થળે પ્રાથમિક સેવા આપતા કુલ ૧૫૪ ધન્વંતરી આરોગ્ય રથ ચાલુ કરવામાં આવ્યા છે અને નવા ૫૦ હમણાં જ ચાલુ કરવામાં આવ્યા. મેં હમણાં આઝાદીની વાત કરી. ખરેખર આપણે જોવા જઇએ તો આઝાદી પછીના એક વર્ષના શાસનમાં અંગ્રેજોને તો આઝાદીના લડવૈયાઓએ અહીંયાથી ભગાડ્યા પરંતુ એના પછી જે માનસિકતા હતી તે જે ઝડપથી બદલાવી જોઇતી હતી તે ના બદલાઇ. આજે માનનીય નિમિષાબેન જ્યારે હેલ્થ ઉપર વાત કરી રહ્યાં હતાં ત્યારે એમણે ખૂબ સરસ વાત કરી. એમણે એમના પોતાના વિસ્તારનો વિષય ખૂબ સરસ રીતે મૂક્યો. નીચે સુધી વધુમાં વધુ લાભ કઇ રીતે લઇ શકાય તે માટેની વાત કરી. આયુષ્યમાન ભારત યોજનાનો વિષય એ રાજકારણનો નથી. રાજકારણમાં બે -પાંચ-પચીસ-પચાસ વોટ વધારવા કે ઘટાડવા એના માટે બહું બધો સમય અને ચાન્સ મળી જાય. કોઇ નાના પરિવારમાં જઇને પૂછશો ત્યારે આયુષ્યમાન ભારત યોજના અને મા-અમૃતમ યોજનાનો અંદાજો આવશે. આજે હૉસ્પિટલોની વાત ચાલતી હતી. ગુજરાત એક જ એવુ રાજય હશે કે જેમાં યોજનાઓ જોડે છેડછાડ કરી એવા લોકોને જેલના હવાલે બંધ તો કર્યા પણ કેટલાય મહિનાઓ સુધી ધક્કા ખાધા તો પણ કોર્ટની અંદરથી જામીન ના મળી શકે એવા કેસ કરનાર બીજુ કોઇ નહીં આપણી ગુજરાત સરકાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનાને આપણે સમજવી પડશે. કોઇ સામાન્ય, મધ્યમ, ગરીબ વર્ગના પરિવારમાં જશો તો અંદાજો આવશે કે કોઇના ઘરમાં નાની મોટી બીમારી આવે તે પહેલાં શું પરિસ્થિતિ હતી. એક નાની બીમારી આવે તો ઘરના વર્ષો વર્ષની બચત પૂરી થઇ જતી હતી. કોઇને કિડનીની બીમારી આવે અને ડાયાલીસીસ કરવાનું હોય તો એ વ્યકિત મરી જવાનું પસંદ કરે પણ ટ્રીટમેન્ટ નહોતો કરાવતો. કારણ કે તેના પોતાના પરિવારની વર્ષોવર્ષની બચત અને આખું ઘર ખલાસ થઇ જતું હતું પરંતુ આ ભારતીય જનતા પાર્ટીની સરકાર એ આવા લોકોનો વિચાર કરે છે. દસ લાખ સુધીની વ્યવસ્થા કરી છે. તમે હોવ, હું હોઉં કે શ્રી તુષારભાઇ હોય કે શ્રી શૈલેષભાઇ હોય કે શ્રી ઋષિકેશભાઇ હોય કોઇ મોટી હૉસ્પિટલમાં જઇને કોઇ ઘનિક પરિવારનો વ્યકિત મર્સીડિસ ગાડીમાંથી ઉતરે તેના કરતા મા અમૃતમ કાર્ડ લઇને ગયો હોય તો તેની વધારે કેર થાય કારણ કે તે એક રૂપિયો ડિસ્કાઉન્ટ માગવા નથી જવાનો.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણાં યુવાનો માત્ર રોજગાર માગનારા નથી રહ્યા. ગુજરાતના યુવાનો તે રોજગાર આપનારા એટલે કે જોબ ક્રિએટર્સ બનેલા છે. આ ગૃહને જણાવતા મારી છાતી ગર્વથી ફૂલે છે કે હજુ બે-ત્રણ દિવસ પહેલાં જ ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ આપણા ગુજરાતને એમ.એસ.એમ.ઇ.સેકટરમાં એક નવો ઐતિહાસિક વિક્રમ નોંધાવ્યો છે. આજે આપણા ગુજરાતમાં ૧,૦૧,૧૩૫ એમ.એસ.એમ.ઇ.યુનિટ સર્ટિફાઇડ થઇ ચૂકયા છે. જેમાં ૯૯ હજાર બ્રોન્ઝ, ૬૪૪ સિલ્વર, ૪૭૬ ગોલ્ડ સર્ટિફિકેટ સાથે આ આંકડો સાબિત કરે છે કે ગુજરાતનો ઉદ્યોગકાર આજે બેસ્ટ ક્વોલિટી સાથે દુનિયા પર રાજ કરવા નીકળ્યો છે. સંશોધન અને ઇનોવેશનને પ્રોત્સાહન આપવા માટે આઇ.આઇ.ટી.ના મોડલ પર એલ.ડી.એન્જિનિયરિંગ કોલેજમાં, અમદાવાદ ખાતે ૫૧ કરોડના ખર્ચે રીસર્ચ પાર્કની સ્થાપના કરવી એ હું એવુ માનું છું કે મારી પછીના ઉંમરના સૌ નવયુવાનો માટે આ એક એટલી અદભૂત શરૂઆત છે કે આ દર્શાવે છે કે આવનારા દિવસોમાં ગુજરાતની આઇ.ટી.આઇ.ની અંદર આઇ.આઇ.ટી.નહીં પરંતુ આઇ.આઇ.ટી.ની બરોબરીનું વિઝનનું ટેલેન્ટ, ટ્રેનર તે મારા રાજયના યુવાનોની સ્કીલ ટ્રેનિંગ માટે ઉપલબ્ધ થશે. તમે કલ્પના કરો કે આ સ્કીલ્ડ યુવાનને જે આજે ૨૫ હજાર, ૩૦ હજાર રૂપિયાની નોકરી મળતી હોય તેમને સીધા દોઢા રૂપિયાની અંદર ઓફર આવશે તે દિશાની અંદર આ ભારતીય જનતા પાર્ટીની સરકાર કામ કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં હું એક ઇન્ટર્વ્યૂ સાંભળી રહ્યો હતો. એમાં આ દેશના એક મોટા ગજાના ઉદ્યોગપતિ એટલે કે મુકેશ અંબાણી એ ઇન્ટર્વ્યૂમાં કહી રહ્યાં હતા કે આ દેશમાં જે રીતે સ્ટાર્ટઅપનો ગ્રોથ થઇ રહ્યો છે. સ્ટાર્ટઅપ જે રીતે નવી દિશામાં આગળ વધી રહ્યું છે તે જોતાં મને એવું લાગે છે કે, આવનારા પાંચ દશ વર્ષમાં રિલાયન્સ જેવી બીજી ૧૦-૧૫ નવી રિલાયન્સ હશે. આપણાં દેશનું ભવિષ્ય કેટલું ઉજ્જવળ છે કે આ પ્રકારનું વિઝન ધરાવતાં લોકો આપણી સ્ટાર્ટઅપ પોલિસી માટેનો વ્યૂહ તેમનો આટલો મોટો આવી રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ સ્ટાર્ટઅપમાં સળંગ પાંચ વર્ષમાં, પાંચે પાંચ વર્ષ આખા દેશમાં આપણા સૌનું ગુજરાત રાજય નંબર વન રહ્યું છે.

તા.૨૩મી ફેબ્રુઆરી, ૨૦૨૬

રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)

परिंदों को मंजिल मिलेगी यकीनन, ये फैले हुए उनके पर बोलते हैं,

वो लोग रहते हैं खामोश अक्सर, जमाने में जिनके हुनर बोलते हैं।

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની કુલ વસ્તીના ૩૬ ટકા કરતા વધારે યુવાનો છે. આજે પૈસાના અભાવે, કોલેજના અભાવે કોઇ તેજસ્વી યુવાનનું ભણતર અટકતું નથી. વર્ષ ૨૦૨૫-૨૬ અંતર્ગત જાન્યુઆરી સુધીમાં ૯૨,૦૩૪ વિદ્યાર્થીઓને રૂપિયા ૩૮૭.૩ કરોડની સહાય સીધી એમના બેન્ક ખાતામાં ચૂકવી દેવાઇ છે. આજ સુધીમાં ૬ લાખ ૨૩ હજાર ૮૯૧ તેજસ્વી વિદ્યાર્થીઓને કુલ ૨૮૦૦ કરોડ રૂપિયાથી વધારે સહાય ચૂકવવામાં આવી છે. આ બજેટમાં એમ.વાય.એસ.વાય. અંતર્ગત ૯૦ હજાર વિદ્યાર્થીઓને સહાય માટે રૂપિયા ૪૦૦ કરોડની નવી જોગવાઇ કરવામાં આવી છે. ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં કુલ ૧૨૬૮ ઔદ્યોગિક ભરતી મેળાઓ યોજીને ૭૨,૧૨૮ યુવાનોને નોકરીના ઓર્ડર હાથોહાથ આપ્યા છે. રોજગાર વિનિમય કચેરીઓ દ્વારા ૨ લાખ ૯૨ હજાર ૫૩૮ ઉમેદવારોને ખાનગી ક્ષેત્રમાં રોજગારી પૂરી પાડવામાં આવી છે. જે લોકો સરકારી નોકરી વિશે જૂઠાણાં ફેલાવે છે તે લોકો માટે સરકારની કામગીરી મોટો તમાચો છે. પારદર્શી રીતે ૩૦ હજારથી વધારે લોકોને સરકારી નોકરી આપી છે અને આ યુવાનો કોઇ નેતાની ચિઠ્ઠીથી નહીં પણ રાત-દિવસ મહેનતથી પાસ થયા છે. રાજ્ય સરકારે મેન પાવર પ્લાનિંગ માટે આવનારા ૧૦ વર્ષનું ભરતી કેલેન્ડર તૈયાર કર્યું છે. સને ૨૦૨૬ થી ૨૦૩૬ સુધીમાં ૨ લાખથી વધુ સરકારી જગ્યાઓ આપણે તબક્કાવાર ઊભી કરવાનું આયોજન કરી લીધું છે. આપણો દેશ સદીઓથી કૃષિ અને ઋષિની સંસ્કૃત્તિનો દેશ રહ્યો છે. કૃષિ એ માત્ર વ્યવસાય નથી પણ માનવ જીવનને ટકાવી રાખતી આખી જીવનશૈલી છે. એટલે જ આપણે ખેડૂતોને અન્નદાતા કહીએ છીએ. આ અન્નદાતા પોતાના પરસેવાથી દેશના કોઠારો ભરે છે અને જગતની ભૂખ ભાંગે છે. અચાનક ખેડૂતોના મસીહા બનવાનો પ્રયાસ કરતા લોકો જેની ભૂતકાળમાં ગુજરાતમાં સરકાર રહી હશે, બીજા લોકોની સરકાર રહી હશે. અમારા અનેક વડીલો બેઠા છે. શ્રી ભગાબાપા બેઠા છે એ સારી રીતે કહી શકે. ખેડૂતોને એ સમયે વીજળી મળતી ન હતી, પાણી પણ મળતું ન હતું.

માનનીય અધ્યક્ષશ્રી, તમારાથી મોટા કોઇ સાક્ષી ન હોઇ શકે. કારણ કે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર શ્રી નરેન્દ્રભાઇ મોદીના વિઝનથી સૌથી મોટી જો એશિયાની રુરલ એરિયામાં રિવર્સ માઇગ્રેશન થયું હોય તો એ બનાસકાંઠા છે. મારી પોતાની સાથે કામ કરતાં હજારો લોકો કે જે હીરાના વેપારમાં જોડાયેલા હતા, કારીગર હતા એ બધા લોકો પાછા જતા રહ્યા છે. ડેરી અને પશુપાલનમાં જે કમાણી થાય છે એને શહેરમાં રહીને હીરા ઘસવાની જરૂર નથી. એ પ્રકારની વ્યવસ્થા ૩૬૦ ડિગ્રીમાં રિવોલ્યુશન આવ્યું અને એ રિવોલ્યુશન કેવું? નર્મદાના પાણી પહોંચ્યા, ડેરીમાં વાહવાહી થઇ ગઇ. હું પણ બનાસકાંઠાનો છું, શ્રી પ્રવિણભાઇ માળી છે, શ્રી માવજીભાઇ દેસાઇ બેઠા છે એ બધા લોકો એના સાક્ષી છે. બીજા એક સાથી જતા રહ્યા છે નહીં તો કહેતા. (અંતરાય) પરંતુ એ સત્ય હકીકત છે. કોઇ પોલિટિકલ પોઇન્ટ નથી. આપણે ખરેખર તમામ લોકો બનાસકાંઠામાં જે ૩૬૦ ડિગ્રી રુરલ એરિયામાં રિવર્સ માઇગ્રેશન થયું છે એ માત્ર દેશ માટે નહીં પરંતુ એશિયન કન્ટ્રી માટે ખૂબ મોટું ઉદાહરણ છે. એનું કારણ હોય તો નર્મદાનું પાણી અને ડેરી. હું પોતે સાક્ષી છું. મારા બનાસકાંઠામાં ક્યારેય અમે વિચારેલું નહીં કે દાડમ આવશે, ખારેક આવશે કે પછી કમલમ આવશે. ખેડૂતોની પરિસ્થિતિ કેવી હતી? ૧૮ ટકા ઉંચા અને જીવલેણ વ્યાજે ધિરાણ લેવું પડતું હતું. હું આજે એક વ્યથા રજૂ કરું છું. કુદરત અચાનક આપણા ઉપર રુઠી જાય અને અતિભારે અતિવૃષ્ટિ આવે જેનાથી રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં પાકનો બગાડ થાય. અમારા કૃષિ મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણી સીધા જ ગાંધીનગર છોડીને ખેતરોમાં પહોંચે. માનનીય મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં બીજા મારા સાથી મંત્રીશ્રીઓ ત્યાં જાય. રૂ.૧૧ હજાર કરોડનું ઐતિહાસિક પેકેજ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે આપ્યું હતું. આ રૂ.૧૧ હજાર કરોડનું પેકેજ આપવું એટલું જ પૂરતું નહીં, આજ તકના રેકર્ડ બ્રેકિંગ ટાઇમમાં સરવે પૂરું કર્યું. આજ તકના રેકર્ડ બ્રેકિંગ ટાઇમમાં તમામ લોકોને આ સહાય ચૂકવવામાં આવી. એટલું જ નહીં, ટેકાના ભાવે રેકર્ડ બ્રેકિંગ ખરીદી પણ આ વર્ષે કરવામાં આવી. હું સભાના મારા સૌ સાથીઓ વતી માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને શ્રી જીતુભાઇ વાઘાણીને અભિનંદન આપું છું. ટીમ ગુજરાતે આના માટે ખૂબ મહેનત કરી. ખેડૂતોના મસિહાઓને ફક્ત એટલું જ કહેવા માગું છું...

અધ્યક્ષશ્રી : મારે ઉલ્લેખ કરવો જોઇએ કે દિવાળીના દિવસે પણ માનનીય મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણી અને એમનું તંત્ર રજા રાખીને ઘરે નહોતા ગયા. એ દિવાળીના દિવસે, રજાના દિવસે પણ અહીંયા કામ કરતાં હતા. હું એનો સાક્ષી છું. મેં જોયું છે અને અનુભવ્યું છે એટલા માટે મારે કહેવું પડ્યું.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, મને દુ:ખ છે. કેટલાયે લોકોએ દિવાળીના ફટાકડા લાવી દીધેલા હતા. એમને બધાના ફટાકડાઓ હવાઇ નાંખ્યા. આમાં ગરીબો અને ખેડૂતોનું બધા દુ:ખ ભૂલી ગયા. મોકા આયા, મોકા આયા, મોકા આયા અને બધા ભાગવા માંડ્યા. ભાઇ, એ મોકો નહતો. લોકો જોડે ઊભા રહેવાની આપણી જવાબદારી છે. એ મોકો ન હતો. મારે ગરીબોના મસીહાઓને પૂછવું છે કે દેશમાં કેટલા વર્ષ સુધી સરકાર ચલાવી? ખેડૂતોના નેતા તરીકે તમે કેટલા વર્ષો સુધી ખેડૂતોના મત લેતા ગયા? કોઇ દિવસ ખેડૂતોના બેંકના ખાતામાં એક રૂપિયો એ લોકોને જમા કરાવ્યો છે? કટકી મરાઇ જતી હતી. બધી યોજનાઓની સામે સીધી કટકી જ મરાઇ જતી હતી. આ દેશના ઇતિહાસમાં પહેલીવાર સીધા ખાતામાં સન્માનપૂર્વક દર વર્ષે રૂ. ૬૦૦૦/-આપવાનું કામ કોઇએ કર્યું હોય તો એ કેવળને કેવળ આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ કર્યું છે. ઇતિહાસમાં એક દાખલો નહીં મળે. જયારે વરસાદ આવ્યો કે નાની મોટી કોઇ સમસ્યા આવી ગઇ ત્યારે સીધે

સીધું કઇ રીતે ભાગલાઓ પાડવા કે એ દિશામાં કામગીરી કરવી એ યોગ્ય નથી. રાજનીતિની પરાકાષ્ઠા કયા લેવલ સુધી પહોંચે છે. આજે અમે લોંજમાં બહાર બેઠા હતા. અમારા શ્રી કિરીટભાઇ રાણા સાહેબને તો પેટમાં ડોકટરને બતાવવા જવું પડ્યું હતું.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, એ અત્યારની વાત હતી કે જૂની સરકારની? એ મંત્રીશ્રી હતા ને? એક વખત પશુપાલન મંત્રી હતા.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આજની જ વાત છે. દવા લઇને આવ્યા છે. એમાં એવું થયું કે ન્યૂઝ ચાલતા હતા અને એક મહામહિમ નેતાનું ભાષણ ચાલતું હતું. અમે ભાષણ સાંભળતા હતા. બાપુ જોરજોરથી હસવા માંડ્યા અને અચાનક એમ કહે કે મને હવે પેટ દુઃખવા માંડ્યું. નીચેથી ડોકટર બોલાવ્યો. એક નેતા આજકાલ કોઇ સામાજિક ઘટના બને તો મોકા આયા, મોકા આયા કરીને એક બીજા નેતા દોડીને આવ્યા અને એમને તો બધી જ હદ પાર કરી નાંખી. શ્રી વિરાટ કોહલીને કોળી સમાજના કહી દે તો પછી અમારા બાપુને પેટમાં ના દુખે તો શું થાય? એટલે રાજનીતિની પરાકાષ્ઠા કયા લેવલ સુધી લઇ જવા માગે છે? અમારા શ્રી ચૈતરભાઇ વસાવા અહીંયા બેઠા છે. હું ઘણીવાર એમને સાંભળતો હોઉં છું. પોતે સારા નેતા છે. ઘણીવાર કેવું હોય કે પાર્ટીના જે નિર્ણયો આવ્યા હોય એ તો બોલવું જ પડે. બિચારા શું કરે? ઘણીવાર મને એવું લાગે છે. હું શ્રી ચૈતરભાઇને કહેવા માગું છે કે જો તમારા ઘરમાં ૭૦ કે ૮૦ વર્ષના વડીલ હોય તો એકવાર એમની જોડે દિલથી બાજુમાં બેસજો.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, ઘરે નથી જવા દેતા..

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, ઘરે તમને હું લઇ જઉં, મારી વાત સાંભળો, આટલા વખત સુધી તમે ઘરે હતા અને એ વડીલોએ તમને ના કહ્યું એટલે જ તમે ઘરે નથી જઇ શકતા. અગર જો વડીલોએ સાચી સલાહ આપી હોત તો વાંધો જ ના આવતો.

અધ્યક્ષશ્રી : ચૈતરભાઇનું દર્દ પણ સમજવા જેવું છે.

શ્રી હર્ષ સંઘવી : હા સાહેબ, એકદમ. હું સાહેબ એમને મિત્ર તરીકે કહું છું. કોઇ રાજકીય ટિપ્પણી નથી. હું એવું માનું છું કે મને મારા વિસ્તારના લોકોએ ચૂંટીને અહીં સુધી મોકલ્યો, મેં કયાંક વાંચેલું હતું કે લગ્નના ફેરા અને મત એ બેઉ માણસ અને માણસની સંપૂર્ણ ડીટેઇલ જોઇને જ આપવું જોઇએ એટલે લગનના ફેરા આપણે ફરતા હોઇએ ને તો એમને પણ જોઇએ, એમના કુળને પણ જોઇએ અને બધું જોઇએ એટલે આમાં ખાલી માણસ જોઇ લઇએ તો પછી પ્રોબ્લેમ થાય પછી પાર્ટીના ઇશારે જ કામ કરવું પડે છે. હું મારા મિત્ર ચૈતરભાઇને ખાલી એટલું કહેતો હતો કે કોઇ વડીલોને જઇને ખાલી એટલું પૂછજો, તમારી અને મારી ઉંમર એવી છે કે આપણે ખાલી મોદી સાહેબનું જ શાસન જોયું છે એટલે આપણને બધું ગુડી ગુડી દેખાય છે પણ તમે કોઇ વડીલોને પૂછશો તો ખબર પડશે એ *(xxx) (અંતરાય) તમે કોઇ દિવસ ચૈતરભાઇ (અંતરાય) બે મિનિટ વાત તો સાંભળો તમે.

શ્રી શૈલેષ મ. પરમાર : ના ચાલે સાહેબ, (અંતરાય)

શ્રી હર્ષ સંઘવી : અરે, તમે બેસો તો ખરા, અરે રાજનીતિની વાત નથી શું ના ચાલે? મારી વાત તો સાંભળો .. (અંતરાય) બેસો..બેસો..પાંચ મિનિટમાં પૂરું કરવાનું છે.

શ્રી શૈલેષ મ. પરમાર : કોંગ્રેસની સરકાર હતી અને જે બજેટ હતું એ બજેટને આધીન દરેક સમાજને ઉપયોગી થયા જ છીએ..

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, કયાં પણ સાહેબ નીચે કયાં જતું હતું, છોડોને હમણાં એ કયાં વાત કરવી? (અંતરાય)

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, તમે કહો એટલે છોડી દેવાનું?

શ્રી હર્ષ સંઘવી : આ બધા કહે છે, એટલે જ મારો (અંતરાય) શૈલેષભાઇ, એટલી મહત્વની વાત ચાલતી હતી તમે આખી તોડી દીધી, તમારી વાત નથી, આ બે જણાને છોડી દો, પેલી બાજુ વિચારજો. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી હવે ટાઇમ થઇ ગયો.

શ્રી હર્ષ સંઘવી : એક અડધી મિનીટ..અમારી બહુ ઇમોશનલ વાત છે અને આ વાત કોઇ રાજનીતિ માટે નથી.

અધ્યક્ષશ્રી : શૈલેષભાઇ પણ રાજનીતિ નથી કરતા. તમારી જેમ એ પણ પોઝિટિવ છે.

શ્રી હર્ષ સંઘવી : એ પણ નથી કરતા, એમના ઉપર વિશ્વાસ છે. આમાં એવું છે યે પાપી પેટ કા સવાલ હૈ એમાં આપણે એવું ના કહી શકાય. (અંતરાય) નોકરી અને પેટનો સવાલ હોય એમાં આપણે કંઇ બોલવું પણ ના જોઇએ.

શ્રી શૈલેષ મ. પરમાર : દરેકમાં પોઝિટિવ નહીં સાહેબ, (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ આપ બેસો. માનનીય હર્ષભાઇ હવે તમારી વાત પૂરી કરો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારા નામથી બોલ્યા છે...(અંતરાય)

અધ્યક્ષશ્રી : હું એ દૂર કરું છું, નામ સાથેનો કોઇપણ અસંસદીય શબ્દ હોય તો એને દૂર કરીએ.

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

શ્રી હર્ષ સંઘવી : મારી તમામ યુવાન સાથીઓને માત્ર એક જ વિનંતી છે કે આ રાજય એ રાજયના કરોડો નાગરિકોની મહેનતથી બનેલું છે, આ કરોડો નાગરિકોએ રાતદિવસ મહેનત કરી છે, કાળી મજૂરી કરી છે ત્યારે આપણું રાજય દેશમાં નંબર વન બન્યું છે. હું તો લોકોનું કહું છું, (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી તમે મારી જોઈને બોલશો તો પ્રશ્ન નહીં થાય.

શ્રી હર્ષ સંઘવી : તુષારભાઈ સાહેબ કયારેક કયારેક જ બોલે છે.

અધ્યક્ષશ્રી : એ સજ્જન વ્યકિત છે અને ભણેલા ડોકટર છે.'

શ્રી હર્ષ સંઘવી : મારા મતવિસ્તારના છે એટલે એટલું તો રાખેને? મારે માત્ર એટલું જ કહેવું છે આ રાજય બહુ મહેનતથી બનેલું છે. આ રાજયમાં મીડિયામાં ચમકવા માટે ,વોટની અંદર નાની મોટી આમ તેમ કરવા માટે આપણે સમાજના ભાગલા પાડવા માટેનો પ્રયત્ન કયારેય પણ ના કરવો જોઈએ. આપણે સૌ યુવાન નેતૃત્વ છીએ, લોકોએ સમાજને એક કરવાની જવાબદારી આપણી છે. અહીંયા બેઠેલા ૧૮૨ લોકોએ માત્ર અને માત્ર રાજનીતિ માટે સમાજના ભાગલા પાડવા માટેનો પ્રયાસ કયારેય ન કરવો જોઈએ આ હું દિલથી, મનથી કહું છું. આપ સૌ લોકોનો આભાર અને માનનીય ઈશ્વરભાઈ પરમાર જે આભાર પ્રસ્તાવ લાવ્યા છે તેમને હું ટેકો આપું છું.

શ્રી ઈશ્વરભાઈ ૨. પરમાર(બારડોલી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યપાલશ્રીએ આ સભાગૃહને કરેલ સંબોધન બદલ મારા તરફથી તા.૧૬/૨/૨૦૨૬ના રોજ થયેલ આભાર પ્રસ્તાવ અને આ આભાર પ્રસ્તાવને માનનીય સભ્યશ્રી સરદારભાઈ ચૌધરીએ જે અનુમોદન આપ્યું છે એમાં ત્રણ દિવસ ચાલેલ આભાર પ્રસ્તાવ પરની ચર્ચામાં માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી, માનનીય મંત્રીશ્રી નરેશભાઈ પટેલ, માનનીય મંત્રીશ્રી પ્રદ્યુમન વાજા સહિત ભારતીય જનતા પાર્ટીના ૧૮ સભ્યો, કોંગ્રેસના ૪ સભ્યો, આપના ૩ સભ્યોએ જે સૂર પૂરાવ્યો છે અને એનો પ્રતિભાવ મારે ફક્ત પાંચ મિનિટમાં આપવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું ખૂબ ટૂંકમાં આપના માધ્યમથી ચર્ચામાં ભાગ લેનાર તમામ સભ્યશ્રીઓનો આભાર વ્યક્ત કરું છું. સાથે-સાથે વિપક્ષના સભ્યશ્રીએ રજૂ કરેલ સુધારા પરત ખેંચવા માટે વિનંતી કરું છું અને આ પ્રસ્તાવ સર્વાનુમતે પસાર કરવામાં આવે એવી લાગણી વ્યક્ત કરું છું. માનનીય મહામહિમ રાજ્યપાલશ્રીને જે સંદેશો પહોંચાડવાનો છે એ આપના માધ્યમથી ગૃહના તમામ સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે મારા આભાર પ્રસ્તાવને સર્વાનુમતે મંજૂર કરે એવી વિનંતી છે.

સુધારા ક્રમાંક - ૧, ૨, ૩, ૪, ૬, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮ અને ૧૯ મત માટે મૂકવામાં આવ્યા અને નામંજૂર કરવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : હવે હું પ્રસ્તાવ મત માટે મૂકીશ. પ્રસ્તાવ એ છે કે રાજયપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો.

"અમો આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો માનનીય રાજયપાલશ્રીએ આ સભાગૃહને કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ. "

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

સભાગૃહનું કામકાજ સાંજના ૬-૦૮ વાગ્યે પૂરું થતાં સભાગૃહ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સવારના ૯-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

ગુજરાત વિધાનસભા

મંગળવાર, તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૨૬

ફાલ્ગુન ૦૫, ૧૯૪૭ શાકે

(પહેલી બેઠક)

સભાગૃહ સવારના ૯–૦૦ વાગ્યે મળ્યું.

માનનીય ઉપાધ્યક્ષશ્રી પૂર્ણેશ મોદી અધ્યક્ષસ્થાને

પૂરક *માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

મહેસૂલ વિભાગ

પૂરક માગણી ક્રમાંકઃ૭૯

શ્રી કનુભાઇ મો. દેસાઇ (નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું કુદરતી આફતો અંગે રાહત સેવાને લગતી મહેસૂલ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૧,૧૩,૫૮,૧૪,૦૦,૦૦૦/–ની પૂરક માગણી ક્રમાંક–૭૯ રજૂ કરું છું.

પૂરક માગણી ક્રમાંક–૭૯ રજૂ કરવામાં આવી.

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪ રજૂ કરવામાં આવી.

માર્ગ અને મકાન વિભાગ

પૂરક માગણી ક્રમાંકઃ ૮૬

શ્રી કનુભાઇ મો. દેસાઇ (નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું માર્ગ અને પુલ સેવાને લગતી માર્ગ અને મકાન વિભાગની મૂડી ખર્ચ માટેની રૂ.૧૯,૮૮,૦૦,૦૦૦/–ની પૂરક માગણી ક્રમાંક–૮૬ રજૂ કરું છું.

પૂરક માગણી ક્રમાંક– ૮૬ રજૂ કરવામાં આવી .

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

પૂરક માગણી ક્રમાંક –૨

શ્રી કનુભાઇ મો. દેસાઇ (નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું કૃષિ સેવાને લગતી કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૧૨,૧૮,૪૮,૦૦,૦૦૦/–ની પૂરક માગણી ક્રમાંક–૨ રજૂ કરું છું.

પૂરક માગણી ક્રમાંક– ૨ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરવામાં આવી.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

પૂરક માગણી ક્રમાંક–૩૯

શ્રી કનુભાઇ મો. દેસાઇ (નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું તબીબી અને જાહેર આરોગ્ય સેવાને લગતી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૨,૦૦,૦૦૦/– અને મૂડી ખર્ચ માટે રૂ. ૧૧,૩૯,૬૨,૦૦,૦૦૦/–ની પૂરક માગણી ક્રમાંક–૩૯ રજૂ કરું છું.

પૂરક માગણી ક્રમાંક– ૩૯ રજૂ કરવામાં આવી .

---

* પહેલા દિવસની પૂરક માગણીઓ રજૂ કરવામાં આવી તે પહેલાં નાણામંત્રીશ્રીએ વર્ષ ૨૦૨૫–૨૬ના વર્ષ માટેની ખર્ચના પૂરક પત્રક માટેની બધી માગણીઓની ગુજરાત વિધાનસભાએ વિચારણા કરવા બાબતની રાજ્યપાલશ્રીની ભલામણ વાંચી સંભળાવી.

પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરવામાં આવી.

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

પૂરક માગણી ક્રમાંક–૬૭

શ્રી કનુભાઇ મો. દેસાઇ (નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પાણી પુરવઠો સેવાને લગતી નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની ૩.૫,૩૫,૦૦,૦૦૦/– ની પૂરક માગણી ક્રમાંક–૬૭ રજૂ કરું છું.

પૂરક માગણી ક્રમાંક–૬૭ રજૂ કરવામાં આવી.

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરવામાં આવી.

સન ૨૦૨૫–૨૦૨૬ના વર્ષ માટેની પૂરક માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત ચાદી (મંગળવાર, તા.૨૪–૦૨–૨૦૨૬(પહેલી બેઠક)(પહેલો દિવસ)

અ.નં.	મુખ્ય સદર અને સંદર્ભ	કાપ દરખાસ્ત રૂ.	વિષય	પ્રભારી સભ્યશ્રી
૧	૨	૩	૪	૫
			મહેસુલ વિભાગ **માગણી નં. ૭૯**	
૧	૨૨૪૫-કુદરતી...રાહત ૦૨– પૂર...વગેરે ૧૦૧–મફત રાહત ૦૪–જેમના...વાસણો રૂ. ૬,૦૦,૦૦,૦૦૦ પાના નં. ૧૦૮ અને ૧૦૯	૧૦૦	પૂર, વાવાઝોડાથી અસરગ્રસ્તોને મકાન નુકસાની પેટે રાહત આપવામાં તંત્રની નિષ્ફળતા.	ડૉ.તુષાર ચૌધરી
*૨	૨૨૪૫-કુદરતી...રાહત ૦૨–પૂર...વગેરે ૧૦૪–ઘાસચારાનો પુરવઠો ૦૧–ઘાસ...ખર્ચ રૂ. ૩૯,૯૯,૦૦,૦૦૦ પાના નં. ૧૦૮ અને ૧૦૯	૧૦૦	કુદરતી આફત સમયે પશુઓ માટે ઘાસચારાની વ્યવસ્થા/સગવડ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અનંતકુમાર પટેલ
*૩	૨૨૪૫-કુદરતી...રાહત ૦૨–પૂર...વગેરે ૧૧૧–વંચિત...ચૂકવણી ૦૧–રોકડ સહાય રૂ. ૧૨,૦૦,૦૦,૦૦૦ પાના નં. ૧૦૮ અને ૧૦૯	૧૦૦	કુદરતી આફતોના અસરગ્રસ્તોને નાણાકીય સહાય આપવામાં થઈ રહેલ ગેરરીતિઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી વિમલભાઈ ચુડાસમા
૪	---"----	૧૦૦	વિસાવદર મત વિસ્તારમાં માવઠાથી થયેલ નુકસાની પરત્વે પૂરતી નાણાકીય સહાય ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગોપાલભાઈ ઈટાલીયા
*૫	૨૨૪૫-કુદરતી...રાહત ૦૨–પૂર...વગેરે ૧૯૬–જિલ્લા...સહાય ૦૧–નાના...સહાય રૂ. ૬૮,૦૯,૮૩,૦૦,૦૦૦	૧૦૦	પૂર વાવાઝોડાના કારણે જમીન ધોવાણ પરત્વે ખેડૂતોને જમીન સુધારણા માટે પૂરતી રકમ ફાળવવામાં તંત્રની નિષ્ફળતા.	ડૉ.કિરીટકુમાર પટેલ

	પાના નં. ૧૦૮ અને ૧૦૯			
*૬	---"----	૧૦૦	માવઠા અને કમોસમી વરસાદથી થયેલ કૃષિ પાક નુકસાની પરત્વે ભાગમાં ખેતી કરતાં ભાગીયાઓને સહાય ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ચૈતરભાઈ વસાવા
	માર્ગ અને મકાન વિભાગ **માગણી નં. ૮૬**			
*૭	૫૦૫૪–માર્ગ...જોગવાઈ ૦૩–રાજ્ય...માર્ગ ૩૩૭–માર્ગ કામો ૧૭–પ્રવાસી પથ રૂ. ૧૯,૮૮,૦૦,૦૦૦ પાના નં. ૧૨૨ અને ૧૨૩	૧૦૦	પ્રવાસી પથના બાંધકામ સમયે પ્રવાસીઓને થઈ રહેલા અકસ્માતો અટકે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અનંતકુમાર પટેલ
	કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ **માગણી નં. ૨**			
*૮	૨૪૦૧–પાક...વ્યવસ્થા ૧૧૦–પાક વિમો ૦૮–કુદરતી...સહાય રૂ. ૧૨,૧૮,૪૪,૦૦,૦૦૦ પાના નં. ૩ અને ૪	૧૦૦	કૃષિ રાહત પેકેજની જાહેરાત બાદ સહાયની ચૂકવણીમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમીત ચાવડા
*૯	---"----	૧૦૦	પાક નુકસાનીની ખેડૂતોની અરજીઓમાં નુકસાનીના વિસ્તારમાં ઘટાડો કરી રકમ ઓછી ચૂકવાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી શૈલેષ પરમાર
*૧૦	---"----	૧૦૦	બનાસકાંઠા જિલ્લામાં ખેત જમીનના ધોવાણ, પાક નુકસાની તેમજ તેની સામે અપાયેલ રાહતની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી જીગ્નેશ મેવાણી
૧૧	---"----	૧૦૦	રાજ્યમાં મુખ્યમંત્રી કિસાન સહાય યોજનાનું સુચારુ અમલીકરણ કરાવવામાં અને યોજના હેઠળ જૂનાગઢ જીલ્લાના ખેડૂતોને પાક નુકસાનીની સહાય આપવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગોપાલભાઈ ઈટાલીયા
૧૨	---"----	૧૦૦	ભાવનગર જીલ્લાના ખેડૂતોને કૃષિ પાક નુકસાનીની સહાયની ચૂકવણીમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ઉમેશભાઈ મકવાણા
	આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ **માગણી નં. ૩૯**			
*૧૩	૪૨૧૦–તબીબી...જોગવાઈ ૦૧–ગ્રામીણ...સેવાઓ ૧૧૦–હોસ્પિટલો અને દવાખાના ૫૧–હયાત...સ્થાપના રૂ. ૧,૩૧,૩૮,૦૦,૦૦૦ પાના નં. ૫૭ અને ૫૮	૧૦૦	રેફરલ હોસ્પિટલ સંલગ્ન નવી મેડીકલ કોલેજોની સ્થાપના અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં નવી મેડીકલ કોલેજ ફાળવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી કાન્તીભાઈ ખરાડી
*૧૪	૪૨૧૦–તબીબી...જોગવાઈ ૦૨–ગ્રામીણ...સેવાઓ ૧૦૧–આરોગ્ય...કેન્દ્રો ૪૩–નિદાન...કેન્દ્રો રૂ. ૭૪,૪૧,૦૦,૦૦૦ પાના નં. ૫૭ થી ૫૯	૧૦૦	જર્જરિત ગ્રામીણ આરોગ્ય કેન્દ્રોની મરામત કરાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી દિનેશભાઈ ઠાકોર
૧૫	---"----	૧૦૦	નર્મદા જિલ્લામાં જર્જરિત ગ્રામીણ આરોગ્ય કેન્દ્રોની મરામત કરાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ચૈતરભાઈ વસાવા
૧૬	---"----	૧૦૦	વિસાવદર અને ભેંસાણ તાલુકામાં સરકારી દવાખાનાના ગુણવત્તાયુક્ત બાંધકામ કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગોપાલભાઈ ઈટાલીયા
	નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ **માગણી નં. ૬૭**			

*૧૭	૨૨૧૫–પાણી...સ્વચ્છતા ૦૧–પાણી પુરવઠો ૧૦૨–ગ્રામીણ...કાર્યક્રમ ૦૧–નિભાવ અને મરામત ૩. ૫,૩૫,૦૦,૦૦૦ પાના નં. ૯૧ અને ૯૨	૧૦૦	તાજેતરમાં નવી બનાવેલ પાણીની ટાંકીઓ ઘરાશયી થતાં સર્જાયેલ પાણી વિતરણની મુશ્કેલીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ઈમરાન ખેડાવાલા
૧૮	૨૨૧૫–પાણી...સ્વચ્છતા ૦૧–પાણી પુરવઠો ૧૦૨–ગ્રામીણ...કાર્યક્રમ ૦૧–નિભાવ અને મરામત ૩. ૫,૩૫,૦૦,૦૦૦ પાના નં. ૯૧ અને ૯૨	૧૦૦	ગ્રામીણ વિસ્તારોમાં દર વર્ષે ઉનાળામાં સર્જાતી પીવાના પાણીની સમસ્યાઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગુલાબસિંહ ચૌહાણ
૧૯	---"----	૧૦૦	નિમ્ન ગુણવત્તાની પાઈપલાઈનો નાખવાથી તેના મરામત ખર્ચમાં થતો વધારો અને ખોરવાતા પાણી પુરવઠાની સમસ્યા નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમૃતજી ઠાકોર
*૨૦	---"----	૧૦૦	જામનગર જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં નિયમિત પાણી પુરવઠો મળે તેવી કાયમી વ્યવસ્થા કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી હેમંતભાઈ આહીર
૨૧	---"----	૧૦૦	વિસાવદર મત વિસ્તારના કરિયા, છેલણકા, મોટી, મોણપરી, છાલકા, જામકા સહિતના ગામડાઓમાં જર્જરીત પાણીની ટાંકી તોડી નવી ટાંકી બનાવવામાં તંત્રની ઉદાસીનતા.	શ્રી ગોપાલભાઈ ઈટાલીયા

* આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થયેલ નથી.

અધ્યક્ષશ્રી : પૂરક માગણીઓ પર સભાગૃહમાં ચર્ચા કરવા માટે બે દિવસ ફાળવવામાં આવ્યા છે. ચર્ચા દરમ્યાન માનનીય સભ્યશ્રીઓએ ચર્ચાની મર્યાદાનો ખ્યાલ રાખવો જરૂરી છે. આ વિશે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૪(૩) તરફ માનનીય સભ્યશ્રીઓનું હું ધ્યાન દોરું છું. આ જોગવાઇ મુજબ પૂરક માગણી પર ચર્ચા કરતી વખતે મૂળ ગ્રાન્ટને લગતી નીતિ પર ચર્ચા ન કરતાં જે બાબતોને લગતી પૂરક માગણીઓ હોય તે બાબતો પૂરતી જ ચર્ચા મર્યાદિત રાખવી. નવી સેવાઓ બાબતે ધ્યાન દોરવાનું કે, તે અંગેની અનુસૂચિ માનનીય સભ્યશ્રીઓને પૂરી પાડવામાં આવી છે. નવી સેવાઓને લગતી માગણીઓના સંબંધમાં નીતિનો પ્રશ્ન ઉપસ્થિત કરી શકાય પરંતુ આ પ્રશ્ન જે બાબત ઉપર સભાગૃહનો મત લેવાનો છે તે બાબત પૂરતી મર્યાદિત રાખવી. માનનીય સભ્યશ્રીઓ તેમના મંતવ્યો રજૂ કરતી વખતે આ મુદ્દાઓ ખાસ ધ્યાનમાં રાખશે તેવી હું આશા રાખું છું

શ્રી મુળુભાઇ હ. બેરા(આયર) (ખંભાળીયા): માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલા માનનીય મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીએ વિકસિત ગુજરાત થકી વિકસિત ભારત માટે બજેટ રજૂ કર્યું છે એના માટે અભિનંદન આપું છું. હું આજની જે પૂરક માગણીઓ છે એમાં માગણી નંબર ૭૯ 'કુદરતી આફતો અંગે રાહત' હેઠળની પૂરક માગણીમાં મારા વિચારો રજૂ કરવા માગું છું. ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળને રાજ્યમાં તથા સમગ્ર દેશમાં આપત્તિ વ્યવસ્થાપનની બાબતમાં અગ્રેસર વૈધાનિક સંસ્થા તરીકેનું સ્થાન આપવામાં આવેલ છે. રાજ્યની કુદરતી અને માનવસર્જિત આપત્તિ, જોખમની સંભવિતતાઓને ઘટાડવા માટેના રાજ્યવ્યાપી કાર્યક્રમના અમલીકરણનો પ્રારંભ કર્યો છે. આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળની સહાયની વાત કરું તો માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના સક્ષમ નેતૃત્વમાં નાણાકીય વર્ષ ૨૦૨૫–૨૬ દરમ્યાન આપત્તિ વ્યવસ્થાપન તંત્રને સહાય હેઠળ હાથ ધરવામાં આવનાર પ્રવૃત્તિઓમાં માળખાગત સુવિધાઓનું સુદ્ધઢીકરણ અને ચૂકવવા માટે આપત્તિ વ્યવસ્થાપન સાધનોની ખરીદી, મોરબી જિલ્લામાં ઇમરજન્સી ઓપરેશન સેન્ટરની સ્થાપના, ઇમરજન્સી રિસ્પોન્સ સેન્ટર એ.આર.સી.ની નિભવાણી અને જાળવણી, જામનગર ખાતે નવા ઇમરજન્સી રિસ્પોન્સ સેન્ટર એ.આર.સી.ની સ્થાપના, ભૂજ ખાતે સ્મૃતિવન પ્રોજેકટ ભાગ–૨, રાજ્ય આપત્તિ જોખમ વ્યસ્થાપન કાર્યક્રમ, આપત્તિ વ્યવસ્થાપન પ્રવૃત્તિઓ, શાળા સલામતી પ્રોજેક્ટ, મીડિયાની લોકશિક્ષણ પ્રવૃત્તિઓ, આપદા અને ઔધોગિક વિસ્તારની મીની ફાયર સ્ટેશન, જી.આઇ.ડી.સી. તથા ઔધોગિક ગૃહોની સ્થાપના, કન્સલ્ટન્સી ઇવોલ્યુશન વગેરેનો સમાવેશ થાય છે. આપત્તિ જોખમ વ્યવસ્થાપન કાર્યક્રમ સંદર્ભે મને જણાવતાં આનંદ થાય છે કે આપણા લોકપ્રિય પ્રધાનમંત્રીશ્રી અને તત્કાલીન મુખ્યમંત્રીશ્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબની દીર્ઘદ્રષ્ટિ અને એમના માર્ગદર્શન નીચે આપત્તિ જોખમ વ્યવસ્થાપન કાર્યક્રમ ડી.આર. એમ. સન ૨૦૦૯–૧૦ના બજેટમાં નવી જોગવાઇ તરીકે સ્વીકારવામાં આવ્યો. જે ગુજરાત રાજ્ય આપત્તિ જોખમ વ્યવસ્થાપન સત્તામંડળના સીધા માર્ગદર્શન હેઠળ છે. ડી.આર.એમ. પ્રોગ્રામનો મૂળભૂત અભિગમ સામૂહિક આપત્તિ જાગૃતિનો છે. જેમાં જે મુખ્ય બાબતો છે એ અલગ અલગ સ્તર ઉપર આપત્તિ જોખમ વ્યવસ્થાપન યોજના તૈયાર કરવાની, આપત્તિ જોખમ વ્યવસ્થાપનની કામગીરી સાથે જોડાયેલ ગામ, શહેર, જિલ્લા કક્ષાની વિવિધ સ્તરના

જુદા જુદા જૂથોને આવરી લઈ તેઓની ક્ષમતાવર્ધન અને તાલીમ અંગેના કાર્યક્રમનું આયોજન કરવાનું છે. આપત્તિઓના જોખમમાં ઘટાડો કરી શકાય એના માટે પૂર્વ તૈયારીના સ્તર વધારવાના પ્રયાસો હાથ ધરવા, લોકસમુદાયને આફતો સામેના જોખમોમાં ઘટાડો કરી શકાય, જાનહાનિ તથા સંપત્તિના નુકસાનમાં ઘટાડો કરી શકાય તેવી પ્રવૃત્તિઓ માટેનું આયોજન કરે છે. વધુમાં આ ગૃહને જણાવું તો પ્રાદેશિક ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર ઈ.આર.સી. એ પ્રગતિશીલ રાજય સરકારની એક ઉમદા પહેલ છે. રાજય સરકારે વ્યૂહાત્મક સ્થળો ઉપર પાંચ જગ્યાએ પ્રાદેશિક ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર ઈ.આર.સી. ઊભા કરેલ છે, જેના કારણે આપત્તિના સમયમાં તાત્કાલિક ઝડપથી કાર્યવાહી હાથ ધરી શકાય છે. ગાંધીનગર, સુરત, વડોદરા, રાજકોટ અને ગાંધીધામ ખાતે આવા ઈમરજન્સી રિસ્પોન્સ કેન્દ્રો ઊભાં કરવામાં આવ્યાં છે. ગુજરાત સરકારની નાણાકીય મદદથી આ કેન્દ્રોનો રોજબરોજનો વહીવટી ખર્ચ જી.એસ.ડી.એમ. દ્વારા કરવામાં આવી રહેલ છે. ઉપરોકત પ્રાદેશિક ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર છે એની સાથે સાથે આપણી સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર એસ.ઈ.ઓ.સી. પણ કાર્યરત છે અને એમાં વાત કરું તો સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરનો મુખ્ય ઉદ્દેશ આપત્તિની સૂચનાઓ મળ્યા પછી ટૂંક સમયમાં જ સમય બચાવી અને તાત્કાલિક જરૂરી નિર્ણયની પ્રક્રિયા ત્વરિત ગતિથી લાવી શકાય એના માટે માહિતી અને સંપૂર્ણ વ્યવસ્થા સાથે જી.એસ.ડી.એમ. દ્વારા ૨૪ x ૭ના ધોરણે સંપર્ક વ્યવસ્થા ઊભી કરી સૂચિત સંપર્ક વ્યવસ્થાથી આપત્તિના સમયમાં કોમ્યુનિકેશન, સિસ્ટમનો ઉપયોગ કરી રાજય કક્ષાના, જિલ્લા કક્ષાના અને તાલુકા કક્ષાના ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ઈ.ઓ.સી. વચ્ચે અસરકારક સતત જાળવવાનો પ્રયાસ કરે છે. એક બાબતથી આપણે સૌ સુપેરે અવગત છીએ કે, ભૂજમાં આપણા યશસ્વી વડાપ્રધાનશ્રી મોદી સાહેબના સ્વપ્ન સમાન જે મેમોરીયલ સ્મૃતિવન છે એની ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીને સ્મૃતિવન મેમોરિયલ પ્રોજેકટ વિકસાવવાની જવાબદારી સોંપવામાં આવી હતી. એ પ્રોજેકટનું પ્રથમ તબક્કાનું રૂ. ૩૭૫ કરોડના ખર્ચે પૂર્ણ કરીને તા. ૨૮ ઓગસ્ટ, ૨૦૨૨ના દિવસે માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના કરકમલોથી તેનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રોજેકટના વિવિધ ઘટકોનો જેમાં સમાવેશ થયો એની વાત કરીએ તો ૩ નંગ એમિનિટી બ્લોક, મિયાવાકી ફોરેસ્ટ, પાથ-વે, ચેકડેમ, એક મેગાવોટનો સોલાર પાવર પ્લાન્ટ, ત્રણ હજાર મુલાકાતીઓ માટેનું પાર્કિંગ, સંગ્રહાલય કે જે સાત બ્લોકમાં એ વહેંચાયેલું છે. સન ૨૦૦૧ના ભૂકંપ પછી ગુજરાતની ભૂગોળ, પુનઃનિર્માણની પહેલ અને સફળતાની વાર્તા એમાં દર્શાવવામાં આવેલ છે. વિવિધ પ્રકારની આફતોમાં અને કોઇપણ પ્રકારની આપત્તિ માટેની ભાવિ તૈયારીઓ પણ એમાં દર્શાવવામાં આવેલ છે. ભૂકંપના અનુભવ પણ એમાં થાય છે. કચ્છ ભૂકંપ સન ૨૦૦૧ના જે દિવંગતો છે એમને ડિજિટલ શ્રદ્ધાંજલિ આપવા માટેનો બ્લોક પણ એમાં છે. સ્મૃતિવન ભૂકંપ સ્મારક અને સંગ્રહાલય તા. ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૨૨થી જાહેર જનતા માટે ખૂલ્લું મૂકયું. અત્યાર સુધી સપ્ટેમ્બર ૨૦૨૪ સુધીમાં ૧૫ લાખથી વધારે લોકોએ એની મુલાકાત લીધી છે અને કચ્છ માટે એ પ્રવાસનું સ્થળ બન્યું છે. સ્મૃતિવનમાં બીજા તબક્કાના કામની સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. અને એનું કામ પ્રગતિ હેઠળ છે. ચાલુ વર્ષના બજેટમાં પણ એની જોગવાઇ કરવામાં આવી છે. ૩૦૦ એકરમાં ફેલાયેલા ભુજિયા ડુંગરમાં એડવેન્ચર સ્પોર્ટ ઝોન, ગ્રાઉન્ડ ઇવેન્ટ ઝોન, લેકફ્રન્ટ ડેવલપમેન્ટ, પબ્લિક પાર્કિંગ કન્વેન્શન સેન્ટર, હૉસ્પિટાલિટી ઝોન વગેરેનું નિર્માણ કરવામાં આવ્યું છે. પ્રોજેક્ટ-૨માં માનનીય મુખ્યમંત્રીશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ આ કામગીરી તાત્કાલિક કરવાની કાર્યવાહી શરૂ કરી છે અને એમાં રૂ.૫૭૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. મને જણાવતાં આનંદ થાય છે કે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના નેતૃત્વમાં ડિઝાસ્ટર રિસ્ક રિડક્શનને ધ્યાનમાં રાખી સ્થાનિક સમુદાયમાંથી સ્વયં સેવકોને પ્રશિક્ષિત કરવા માટે સરકાર અને સમાજ સાથે મળીને આપત્તિ વ્યવસ્થાપનની ક્ષમતાને મજબૂત બનાવી શકે એ માટે કૌશલ્ય વિકાસ વિકસાવીએ જેથી કરીને વ્યૂહાત્મક રીતે આપણે આપત્તિનો સામનો કરી શકીએ. એ માટે એસ.ડી.આર.એફ.ના ૧૧ જેટલાં તાલીમ કેન્દ્રો છે અને એમાં ૮૯ જેટલી તાલીમ હાથ ધરવામાં આવી છે. મીડિયા અને પ્રચાર પ્રસાર દ્વારા જાગરૂકતા માટે પણ કામ થાય છે. એમાં વર્ષ દરમિયાન વિવિધ મોસમી જોખમો અને વિશિષ્ટ અભિયાનો હાથ ધરવામાં આવે છે. વર્ષ ૨૦૨૫-૨૬માં ચોમાસાના સમયે જાગૃતિ અભિયાન દરમિયાન પૂર, વાવાઝોડા જેવી સ્થિતિ સામે તૈયાર થવા, પ્રતિકાર કરવા અને પૂર્વ સાવચેતીનાં પગલાંનું વર્ણન કરતી સૂચના તમામ સ્થાનિક રેડિયો ચેનલો પર પ્રસારિત કરવામાં આવે છે. દિવાળી દરમિયાન દિવાળી સલામતી અભિયાનનું આયોજન પણ કરવામાં આવે છે. લોકોમાં સલામતી માટે જાગરૂકતા નિર્માણ કરવા ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ દ્વારા પ્રચાર પ્રસાર અંગેનું આયોજન કરવા માટે આ વર્ષના બજેટમાં પણ જોગવાઇ કરવામાં આવી છે. આપણી સરકાર સર્વાંગી વિકાસ સાથે સર્વાંગી સલામતી ઉપર ભાર આપે છે અને શાળા સલામતી પણ એમાં મોખરે છે. વર્ષ ૨૦૨૫-૨૬માં તા.૨૭થી ૩૧ જાન્યુઆરી સુધી જી.એસ.ડી.એમ. દ્વારા શાળા સલામતી સપ્તાહ ઉજવવામાં આવ્યું હતું અને આ વર્ષે પણ શાળા સલામતી સપ્તાહ ઉજવવા માટેની બજેટ જોગવાઇ છે. આપત્તિ વ્યવસ્થાપન પ્લાન અપડેશનની વાત કરું તો ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાનની જાણકારી આપવામાં આવી હતી અને રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન પ્લાન અપડેટ કરી તૈયાર કરવામાં આવ્યો છે. રાજ્યના દરેક વિભાગોને આ પ્લાન વિતરીત કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટમાં પણ એની જોગવાઇ સૂચવવામાં આવી છે. ઔદ્યોગિક કેમિકલ હોનારત સુરક્ષા માટે પણ જે કામગીરી થઇ રહી છે એમાં જી.એસ.ડી.એમ.એ. દ્વારા ગુજરાત રાજ્યના તમામ જિલ્લાઓમાં વિવિધ એજન્સીઓ, હિસ્સેદારોને સજ્જ કરી સજ્જતા ચકાસવા માટે ઔદ્યોગિક એકમો, રાજ્ય કક્ષાના મેગા એક્સરસાઇઝ તાલીમ અને ક્ષમતાના નિર્માણ કાર્યક્રમો યોજવામાં આવે છે. ચાલુ વર્ષમાં કાકરાપાર અણુવિદ્યુત મથક,

તા.૨૪મી ફેબ્રુઆરી, ૨૦૨૬

પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

સુરત ખાતે તા.૨૬, ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ વૉક્ડ એક્સરસાઇઝનું આયોજન કરવામાં આવેલ છે. આજે માનનીય નાણામંત્રીશ્રીએ જે કુદરતી આપત્તિ અંગે રાહત હેઠળની પૂરક માગણી રજૂ કરી છે એને સન્માનનીય ગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી છે એમાં હું મારું સમર્થન આપું છું અને ફરીથી માનનીય મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીને અભિનંદન આપીને મારી વાત પૂરી કરું છું.

શ્રી અમૃતજી મો. ઠાકોર(કાંકરેજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

મારા મતવિસ્તારમાં થરાદથી હારીજ રાજ્ય માર્ગ પસાર થાય છે. જ્યાં થારિયા ગામ પાસે નદીના વહેણમાં ડીપ આવેલી છે. એ ડીપને હાઇ લેવલનો બ્રિજ બનાવવામાં આવે જેથી કરીને ચોમાસા દરમિયાન અવરજવર કરતાં વેપારીઓ અને ખેડૂતોને જે મુશ્કેલીનો સામનો કરવો પડે છે એ ન કરવો પડે. ખેડૂતો મોટા ભાગે પોતાના ખેતરોમાં વસવાટ કરતા હોય છે. કુદરતી આફતના સમયે જ્યારે સરવે કરવામાં આવે છે ત્યારે ખેડૂતને એવું કહેવામાં આવે છે કે જ્યાં ખેડૂત વસવાટ કરે છે તે ખેતરનું સરવે નહીં થાય. ઉત્તર ગુજરાતમાં ખાસ કરીને મોટાભાગના લોકો ખેતી અને પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલા છે. આવી કુદરતી આફતના સમયે તબેલા, નાના મોટા શેડ કે ખેડૂતોના મકાનો ઉપર જે પતરાં હોય તે ઊડી જાય છે. આવા પ્રકારના નુકસાનમાં પણ ખેડૂતોને સહાય મળવી જોઇએ. કુદરતી આફતના સમયે ખેતીમાં નુકસાન થાય ત્યારે ગ્રામસેવક મારફતે સરવે કરવામાં આવે છે ત્યારે ખેડૂતની ચાર મહિનાની મજૂરી કરતાં ભાગિયાની પણ નોંધ લેવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં ત્રણ મોટા ગામો ડુગરાસણ, ચેખલા અને ખોડલાને જોડતો નેશનલ હાઇવે નં. ૨૭ સામખિયાળી–પાલનપુર પસાર થાય છે. ડુગરાસણમાં આખો યુ–ટર્ન આપીને આ નેશનલ હાઇવે નીકળ્યો છે. છેલ્લા ૧૫ દિવસમાં ત્યાં ત્રણ એક્સિડન્ટ થયા છે. ત્યાં તેલ અને પાઇપ ભરેલા હેવી ટેન્કરો પલટી ખાઇ ગયા છે. વારંવાર એક્સિડન્ટ થવાના લીધે નિર્દોષ લોકોને તેમનો જીવ ગુમાવવાનો વારો આવે છે. આ ડુગરાસણ ગામ બે ભાગમાં વહેંચાયેલું છે. શાળાએ જતાં વિદ્યાર્થીઓ અને દૂધ ભરાવવા જતાં ખેડૂતો અને પશુપાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે ત્યારે ડુગરાસણ, ચેખલા અને ખોડલા હાઇવે ઉપર પણ એક બ્રિજ બનાવવામાં આવે. આ નેશનલ હાઇવેની બંને બાજુ જાળી મૂકવામાં આવતી નથી. તેના લીધે ઢોર–ઢાંખર હાઇવે પર આવી જવાથી ભયંકર અકસ્માત થાય છે અને નિર્દોષ લોકોએ પણ જીવ ગુમાવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છે કે, ખેડૂતોને સિંચાઇ માટે જે તળાવો ભરવામાં આવે છે તે માટે પસાર થતી પાઇપલાઇનથી ત્રણ કિ.મી.ની રેન્જમાં જ તળાવ ભરવા માટેની મંજૂરી આપવામાં આવે છે તેની મર્યાદા ચાર કિ.મી. કરવામાં આવે. જેથી કરીને ગામના ખેડૂતોને સિંચાઇના પાણી માટે તકલીફ ભોગવવી ન પડે અને તેમને પાણી મળી રહે. આવા ગામના તળાવો દાંતીવાડા કેનાલ કે નર્મદા કેનાલ મારફતે ભરવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં લોકો ખેતરમાં વસાવટ કરે છે. આ ખેતરોના પરા વિસ્તારમાં આંગણવાડી અને પ્રાથમિક શાળાઓ આવેલી છે. વર્ષોથી આ આંગણવાડી અને પ્રાથમિક શાળાઓ રોડ રસ્તાથી વંચિત છે તો આવા ગામોના નોન પ્લાન રસ્તાઓની મંજૂરી આપવી જોઇએ. માનનીય મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે તેમાં મારા મતવિસ્તારમાં ચાલુ વર્ષના જોબ નંબર હજુ ફાળવવાના બાકી છે તે વહેલી તકે ફાળવવામાં આવે. આ બાબતની માનનીય મંત્રીશ્રી નોંધ લે તેવી મારી વિનંતી છે.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ(ઓલપાડ) : માનનીય અધ્યક્ષશ્રી, પૂરક માગણી ક્રમાંક–૮૬ જે માર્ગ અને પુલો માટે રજૂ થયેલ છે તેમાં હું મારું સમર્થન આપું છું.

માર્ગ અને મકાન વિભાગ દ્વારા રાજ્યના ઘોરીમાર્ગો તથા પુલોનું બાંધકામ અને જાળવણી કરવામાં આવે છે. માર્ગ અને પુલોની વાત કરીઓ તો પુલો બાંધીને આજે તમામ રેલવે ક્રોસિંગ ફાટક રહિત કરવામાં આવી રહી છે. આ માર્ગ અને મકાન વિભાગ દ્વારા અન્ય વિભાગની પણ કામગીરી કરવામાં આવે છે. હૉસ્પિટલો, સેવા સદન જેવા તમામ પ્રકારના કામો માર્ગ અને મકાન વિભાગ દ્વારા કરવામાં આવે છે. વિભાગ દ્વારા હાઇસ્પીડ કોરીડોર હોય, બંદરોને જોડતા રસ્તા હોય, ઔદ્યોગિક વિસ્તારને જોડતા રસ્તા હોય, ક્વોરીને જોડતા રસ્તા હોય, ટૂરિસ્ટ સર્કિટને જોડતા રસ્તા હોય, ગ્રામ્ય માળખું ઊભું કરવા માટેના રસ્તા હોય અને ખાસ કરીને મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હોય, આ મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના સમગ્ર ગુજરાતની સાડા છ કરોડની જનતા માટે આશીર્વાદરૂપ બની છે. માનનીય સભ્યશ્રી નોન પ્લાન રસ્તા અંગે વાત કરતા હતા. પહેલાં નોન પ્લાન રસ્તા પર કોઇ ધ્યાન આપતું નહોતું પરંતુ, મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના આપી ત્યારથી માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબને અભિનંદન આપવા પડે કે બે ગામને જોડતા રસ્તા હોય તો એકબીજાના દિલને જોડવાનું કામ આ મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનાથી કર્યું છે. આપણે જોયું કે આ વખતે કમોસમી વરસાદ પડ્યો હતો. ખેડૂતોના ખેતરમાં ડાંગરનો પાક હતો ત્યારે આ મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનાથી ખેડૂતોએ ડાંગર બચાવવાનું કામ કર્યું છે. વર્ષ ૧૯૮૮–૮૯ની કૉંગ્રેસ સરકારની વાત કરું તો, માર્ગ અને મકાન વિભાગનું બજેટ ફક્ત રૂ.૯૬.૫૦ કરોડ હતું. આજે આપણે જોયું છે કે, માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારમાં માર્ગ અને મકાન વિભાગમાં રૂ.૨૯ હજાર ૭૦૯ કરોડનું બજેટ ફાળવ્યું છે. અત્યાર સુધીમાં ક્યારેય આટલું મોટું બજેટ ફાળવ્યું નથી. સુરતને આર્થિક ક્ષેત્રે એ.સી.આર. અંતર્ગત રોડ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપ માટે વર્ષ ૨૦૨૫–૨૬માં નવી બાબત તરીકે સમાવેશ કરીને રૂ.૫૦૦ કરોડની જોગવાઇ રાખેલ છે. આપણને બધાને ખબર છે કે વર્ષ ૨૦૦૦ પહેલાં સુરતથી ગાંધીનગર

આવતા હતા તો એક દિવસ અગાઉ નીકળવું પડતું હતું અને બીજા દિવસે કામ કરતા હતા. આજે આપણે જોઈએ છીએ કે, સુરતથી ગાંધીનગર આવવું હોય તો ભારતમાલા સાથે જોડાણ થવાથી સવા ત્રણ કલાકમાં આવી જવાય છે. આટલી સરસ સગવડ આ ભારતીય જનતા પાર્ટીની સરકાર ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારે કરી છે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા જરૂરિયાત હોય એવા લગભગ રૂ.૧૭૪૯.૧૦ કરોડના કામો આયોજન હેઠળ છે. પ્રવાસીપથ અંતર્ગત ૨૦૨૫-૨૬માં લગભગ રૂ.૪૦૦ કરોડની જોગવાઇ રાખેલ છે. પ્રિ-કન્સ્ટ્રક્શન કામો માટે વધતાં જતા વાહનવ્યવહારના કારણે રસ્તાઓને પહોળા કરવા માટે અને મજબૂતીકરણ માટે પણ રૂ.૧૭૩૦.૧૮ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. ગુજરાતના દરેક ખૂણે રોડ-રસ્તાના કામો ચાલુ છે. આજે પણ આપણે જોઇએ છીએ કે, દરરોજના લગભગ વીસ લેન કિલોમિટરના રસ્તા ગુજરાતમાં આ માર્ગ અને મકાન વિભાગ બનાવી રહ્યું છે. ગુજરાતમાં જુઓ છો કે તમામ પ્રકારના ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં આ માર્ગ અને મકાન વિભાગનો ખૂબ ફાળો રહ્યો છે. હું મારા મતવિસ્તારની વાત કરું તો આપણે કયારેય વિચાર્યું ન હતું કે દરિયાકિનારે કોસ્ટલ હાઇવે બને. અમારે કંટીયાઝાલ, ભરુચ જવું હોય તો લગભગ ૭૦, ૮૦ કે ૯૦ કિલોમિટર ફરીને જવું પડતું હતું પરંતુ માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારે આ કોસ્ટલ હાઇવે ડેવલપ કરવા માટે, નવી લીંક માટે રૂ.૩૫૩ કરોડ મંજૂર કરીને આ રસ્તો મંજૂર કર્યો છે. અમારે દાંડીમોર, પાડીઝાંખરી અને કંટીયાઝાલ જવું હોય તો લગભગ ૧૯ કિ.મી.માં પહોંચી જઇએ છીએ એના માટે હું મારી ઓલપાડની પ્રજા વતી માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબનો આભાર માનું છું. જે ગામ દરિયાકિનારે હતા, જે ગામ છેલ્લા હતા એ ગામ આજે પહેલાં થઇ ગયા છે. મારા વિસ્તારમાં સોનલા, ખારા, નગોઇ, કમોઇ રોડ માટે લગભગ રૂ.૧૧.૫ કરોડ ફાળવી આપ્યા છે. મહાનગરને જોડતા રસ્તાની વાત કરીએ તો આજે ઓલપાડ, સુરત મહાનગરપાલિકાની નજીક આવી ગયું છે. એમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબે મહાનગરને જોડવા માટે લગભગ રૂ. ૧૭ કરોડ રૂપિયાની અમને મંજૂરી આપી છે. વિકાસ પથ જેવી સુવિધા માટે રૂ.૧૩ કરોડની મંજૂરી આપી છે. વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન પંચાયત માર્ગ મકાન દ્વારા લગભગ ૪૨ કિલોમિટરના રસ્તા માટે રૂ. ૨૮.૧૭ કરોડની જોગવાઇ આ વિસ્તારમાં કરી આપી છે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા ઉત્તરોત્તર પ્રશંસનીય કામગીરી કરવામાં આવી રહી છે. જે રીતે રોડના કામ થાય છે તે ખૂબ સરસ રીતે થઇ રહ્યાં છે. આ વર્ષે ગમે એટલો વરસાદ થયો પણ મારા વિસ્તારનો એકપણ રસ્તો તૂટ્યો નથી એટલી સરસ કામગીરી થઇ છે.

ઉપાધ્યક્ષશ્રી : આપની પાસે બે મિનિટ છે.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ સરસ કામગીરી થઇ રહી છે ત્યારે વર્ષ ૨૦૨૬ની વિભાગની પૂરક માગણી નંબર-૮૬ને હું મારું સમર્થન આપું છું. ધન્યવાદ.

શ્રી ભીખાભાઇ ૨. બારૈયા :(પાલીતાણા): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રી શ્રી કનુભાઇ દેસાઇ સાહેબે વર્ષ ૨૦૨૬-૨૭માં રૂ.૪ લાખ ૮ હજાર ૫૩ કરોડનું બજેટ રજૂ કર્યું છે તેને હું આવકારું છું અને મારું સમર્થન આપું છું.

હું ગુજરાતના મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી અને શ્રી કનુભાઇ દેસાઇ સાહેબને અભિનંદન આપું છું કે ગુજરાતનો સર્વાંગી વિકાસ આ બજેટમાં સમાયેલો છે. નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબ વર્ષ ૨૦૨૫-૨૬ના સુધારેલા અંદાજપત્રની પૂરક માગણીઓ લઇને આવ્યા છે એને મારું સમર્થન આપું છું. પાણી પુરવઠા વિભાગની માગણી નંબર- ૬૭ના સમર્થનમાં હું આજે મારી વાત રજૂ કરું છું. જળ એ જીવન સમાન છે. કારણ કે પૃથ્વી ઉપર જેટલા સજીવો અને જીવ વસતા હોય, રહેતા હોય એમને જીવવા માટે જળની જરૂરિયાત પડે છે. પાણીને ભગવાનનો પ્રસાદ સમજીને અમારી સરકારે આ તમામ જીવને પ્રસાદ મળી રહે એના માટે સુદૃઢ આયોજન કર્યું છે. હું કહેવા માગું છું કે આ પાણીરૂપી પ્રસાદ તમામ ગામડાં અને શહેરમાં પહોંચાડવા માટે રાજ્ય સરકારે પ્રાથમિક જવાબદારીમાંથી એક જવાબદારી સ્વીકારી છે અને પૂરી પાડી છે જેથી તમામ પશુ-પક્ષીઓ તેમજ પર્યાવરણમાં ઓક્સિજન પૂરો પાડતા વૃક્ષો તેમજ તમામ નાગરિકોને બચાવવા માટે આ રાજ્ય સરકાર દ્વારા પૂરેપૂરા પ્રયત્નો કરવામાં આવ્યા છે અને ગામડા અને શહેરોમાં પૂરેપૂરી પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે. જેથી અમારી ભા.જ.પ. સરકારને રાજ્યની જનતાએ આશીર્વાદ આપેલ છે અને ત્રીસ વર્ષથી અમારી સરકાર ગુજરાત રાજ્યનું શાસન કરી રહી છે. ગુજરાતની જનતા પીવાના પાણીની સમસ્યામાંથી લાંબાગાળાના આયોજન અને અમલીકરણ થકી મહદ્અંશે મુક્ત થઇ છે. અમારા સૌરાષ્ટ્રમાં તો પીવાના પાણીની મોટી મુશ્કેલી હતી અને મને યાદ છે કે પીવાના પાણી શહેરોમાં પહેલાં ટ્રેન દ્વારા આપતા હતા અને ગામડામાં ટેન્કર દ્વારા પાણી આપવામાં આવતું હતું. મને યાદ છે કે એ સમયમાં ગામડામાં ટેન્કર આવે અને ટેન્કર આવ્યા પછી ગામડામાં બેડા યુદ્ધ થતાં જોયાં છે. અત્યારે પરિસ્થિતિ ઉલટી થઇ ગઇ. અમારા સૌરાષ્ટ્રમાં ''સૌની યોજના'' રૂપિયા ૬ હજાર કરોડના ખર્ચે બનાવી છે ત્યારે અહીંયાથી વાલ્વ ખોલવામાં આવે તો ટ્રેન અને ટેન્કર એમાં તણાઇ જાય એવી પરિસ્થિતિ થઇ છે. સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં આવનારા વર્ષોમાં પીવાના પાણીની જરૂરિયાતને પહોંચી વળવા તથા નર્મદા કેનાલનું અવલંબન ઘટાડવા માટે કેનાલને સમાંતર ઢાંકીથી નાવડા, ઘરોઇથી ભેંસાણ અને ઢાંકીથી માળિયા સુધીની બલ્ક પાઇપલાઇનનું અમલીકરણ કરવામાં આવેલ છે અને આ બલ્ક પાઇપલાઇન થકી સૌરાષ્ટ્ર અને કચ્છના અંદાજિત ૨ કરોડ લોકોને દૈનિક ૧૧૧ કરોડ લિટર પ્રતિદિન વધારાનું પાણી ઉપલબ્ધ થવાનું છે. ચાલુ વર્ષે રૂપિયા ૧૦૯૮ કરોડની યોજનાઓનાં કામો પૂર્ણ થયેલાં છે જે થકી રાજ્યના ૮.૫૦ લાખ લાભાર્થીઓને આ યોજનાનો લાભ મળેલ છે. બીજા રૂપિયા ૬૫૦ કરોડની યોજનાનાં કામો હાથ ધરવામાં આવેલ છે. જે કામો પૂર્ણ થતાં અંદાજે ૪ લાખ લાભાર્થીઓને આ યોજનાનો લાભ મળતો થશે. જનતાને શુદ્ધ પાણી મળી રહે તેના માટે રાજ્ય સરકારે હાલમાં ગુજરાત રાજ્યમાં પાણીની ગુણવત્તાની ચકાસણી માટે કુલ ૮૦

લેબોરેટરીઓની સ્થાપના કરી છે. એમાં એક રાજ્ય કક્ષાની અને ૩૩ જિલ્લા કક્ષાની તેમજ ૪૬ તાલુકા કક્ષાની લેબોરેટરીઓ અત્યારે કાર્યરત છે. એમાંથી ૫ લાખ પાણીના નમૂનાઓનું પરિક્ષણ કરવામાં આવેલ છે. વિકસિત ગુજરાત–૨૦૪૭ના ભાગરૂપે હવે પછી તાલુકા કક્ષાની બીજી ૪૦ નવી લેબોરેટરીઓ સ્થાપિત કરવાનું આયોજન કરેલ છે. ગ્રામ્ય કક્ષાની અને તાલુકા પાણી પુરવઠા યોજનાની મરામત અને નિભાવણી અંગે ગ્રામ પંચાયતોમાં માલિકીપણાનો ભાવ ઊભો થાય, મજબૂત વિકાસ થાય, ફરિયાદોનું પ્રમાણ ઘટે અને પાણી પુરવઠા યોજનાઓનું યોગ્ય સંચાલન થાય તે હેતુથી આદિજાતિ વિસ્તારના ૧૪ જિલ્લાના ૫૩ તાલુકાઓના ગામો માટે મરામત અને નિભાવણી પ્રોત્સાહન પુરસ્કાર યોજના વિભાગ દ્વારા અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના હેઠળ હાલ ૨૫૮ જેટલી ગ્રામ પંચાયતોને રૂપિયા ૫.૧૬ કરોડના પુરસ્કાર ઇનામો આપેલા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું જે વિસ્તારમાંથી આવું છું તેની પીવાના પાણીની વ્યવસ્થા બાબતે વાત કરું તો ભાવનગર જિલ્લામાં કુલ ૧૦ તાલુકા અને ૧૬ શહેરોનો સમાવેશ થાય છે. આ જિલ્લાની કુલ વસ્તી ૨૩.૬૨ લાખ છે અને ભાવનગર જિલ્લાના ૬૬૧ ગામો પૈકી તમામ ગામોને નર્મદા તથા અન્ય યોજના આધારિત ૧૨ જૂથ યોજના હેઠળ જોડવામાં આવેલ છે. આ તમામ ગામોને નવી સુધારણા જૂથ યોજના હેઠળ આવરી લઈને રાજ્ય સરકાર દ્વારા વિવિધ કામોનું અમલીકરણ હાથ ધરવામાં આવેલ છે. મારા ૧૦૨–પાલીતાણા મતવિસ્તારની વાત કરું તો પાલીતાણા તાલુકાના ગામોના કુલ ૮૧ ગામો પૈકી તમામ ગામોનો નર્મદા તથા અન્ય યોજના આધારિત વિવિધ જૂથ યોજનાઓ હેઠળ સમાવેશ કરવામાં આવેલ છે. મારા મતવિસ્તારમાં પાલીતાણા તાલુકામાં ૧૧ ગામોનો સમાવેશ કરીને પાલીતાણા ભાગ–૨ સુધારણા જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ અંદાજિત રૂપિયા ૨૩.૨૫ કરોડના કામો હાલમાં પ્રગતિ હેઠળ છે. પાલીતાણા તાલુકાની બીજી જૂથ યોજના ૧૧ ગામોનો સમાવેશ કરતી જૂથ યોજના ભાગ–૨ સુધારણા જૂથ પાણી પુરવઠા યોજનામાં રૂપિયા ૨૩.૨૫ કરોડના કામો હાલ પ્રગતિ હેઠળ છે. પાલીતાણા તાલુકાના ૫૭ ગામોનો સમાવેશ કરતી સ્વજલ જૂથ યોજના સુધારણાના અંદાજિત રૂ.૫૪.૪૭ કરોડનાં કામો હાલ પ્રગતિ હેઠળ છે. આમ, રાજ્ય સરકાર દ્વારા પીવાના પાણીના ક્ષેત્રે વિશાળ માળખાકીય સુવિધાઓનું નિર્માણ કરવામાં આવેલ છે, જેના પરિણામે રાજ્યના દરેક ગામોમાં ગુણવત્તાયુક્ત પાણીનો જથ્થો પૂરો પાડવામાં આવી રહેલ છે. મારી વાત પૂરી કરતા પહેલા જે કહેવત છે ''ઘર્મ કરે ઘન ના ઘટે, ઘટે ના સરીતાના નીર, મોદી સાહેબકે ગુજરાત મે નળ સે આયે નીર''

શ્રી કેશુભાઇ શિ. પટેલ(ભૂજ) : માનનીય અધ્યક્ષશ્રી, હું બજેટ પછી જે પૂરક માગણીઓ હોય એ પૂરક માગણીઓ નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબ લઇને આવ્યા છે તેમાં હું મારો સૂર પુરાવું છું અને સમર્થન કરું છું.

ગુજરાતમાં કમોસમી વરસાદ છેલ્લાં ત્રણ–ચાર વર્ષથી ખેડૂતો ખેતી ખેત મજૂર વાતાવરણના બદલે અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, કમોસમી વરસાદથી ખેડૂતો અનેક મુશ્કેલીઓનો સામનો કરતો હતો ત્યારે આ સરકાર ખેડૂતોની પડખે ઊભી રહીને આદરણી મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ, ઉપમુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી, નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ અને કૃષિમંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલ અને હાલમાં માનનીયશ્રી જીતુભાઇ વાઘાણી એ સૌએ અને આખી સરકારે ખુલ્લા દિલે ખેડૂતોને મદદ કરવા માટે રાહત પેકેજ લઇ આવ્યા છે એ બદલ તેમનો આભાર માનું છું. ભારત એક ખેતીપ્રધાન દેશ છે અને ૬૦ ટકા લોકો ખેતી આધારિત જીવન જીવે છે ત્યારે રાજ્યમાં તા.૨૩/૧૦/૨૦૨૫ થી તા. ૪/૧૧/૨૦૨૫ દરમિયાન આખા ગુજરાતમાં ૧ ઇંચથી લઇને ૧૫ ઇંચ સાર્વત્રિક કમોસમી વરસાદ પડ્યો. છેલ્લા ૨૦–૩૦ વર્ષમાં નહીં, પરંતુ ૮૦ વર્ષમાં આટલો વ્યાપક વરસાદ ક્યારેય થયો નથી. આ સમયે વર્ષ ૨૦૨૫માં રાજ્યમાં ખરીફ ઋતુમાં ૮૪.૯૪ લાખ હેકટર વિસ્તારમાં વાવેતર થયેલું હતું. જે પૈકી મુખ્ય પાકોમાં કપાસ, મગફળી, દિવેલા, ડાંગર, તુવેર અને સોયાબીનનો સમાવેશ થાય છે. આ સાર્વત્રિક કમોસમી વરસાદ ખરીફ ઋતુમાં મોટાભાગના પાકો પુખ્તવયના કાપણીની અવસ્થામાં પહોંચેલા હતા અને ખેડૂતોના પાક લેવાના સમયે જ્યારે આ કમોસમી વરસાદ પડ્યો ત્યારે મોટાપાયે ખેડૂતોને નુકસાની થઇ. મગફળી પાકમાં મગફળી ઉખડીને તૈયાર થવાની તૈયારી હતી ત્યારે આ વરસાદથી હજારો ખેડૂતોને મોટું નુકસાન થયું. ડાંગર હોય કે અન્ય પાક હોય આવા અનેક પાકોના કાયમી દાણા ખરી પડવાના કારણે મોટાપાયે નુકસાન થયું ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહેલું કે આ મદદથી ખેડૂત ફરી બેઠો થાય અને પાછો તે કામે લાગે. હું વાત કરીશ કે કચ્છમાં પણ આજે સરકારી સહાયથી ડ્રીપ ઇરીગેશનથી કેરી, ખારેક, ડ્રેગન ફ્રુટ, દ્રાક્ષ, સ્ટ્રોબેરી અને દાડમ જેવી ખેતી થાય છે ત્યારે આ સરકાર હું માનું છું ત્યાં સુધી હંમેશા ખેડૂતોની પડખે ઊભી રહી છે. એ ખેડૂત હોય, ખેતમજૂર હોય, સ્વાભાવિક છે કે ખેતી જયાં સુધી જીવંત હશે ત્યાં સુધી મોટાપાયે અર્થતંત્રથી લોકોમાં આવકનું નવું સર્જન એકમાત્ર ખેતી જ કરતી હોય છે ત્યારે આવા સરકારના એક ઉમદા નિર્ણયથી જે રીતે ૩૩ જિલ્લાઓના વહીવટીતંત્રની આ બાબતે તાત્કાલિક પંચરોજકામ કરીને પાક નુકસાનનું આંકલન કર્યું અને જેમાં ઉકત તમામ ૩૩ જિલ્લાઓમાં ખેતીપાકોમાં નોંધપાત્ર નુકસાન જણાઇ આવેલ હતું. આ અન્વયે ૩૩ જિલ્લાઓમાં ૨૫૧ તાલુકાઓમાં ૧૬,૫૦૦ થી વધુ અસરગ્રસ્ત ગામોમાં ૫૧૦૦થી પણ વધુ સરવે ટીમોની તાત્કાલિક રચના કરીને ટૂંકાગાળામાં દિન–૩માં કામગીરી પૂર્ણ કરવામાં આવેલ. સર્વે માટે સાત દિવસ આપેલ પરંતુ વ્યાપકતા જોતાં પંચ રોજકામ કરાવી રિપોર્ટ કરેલ જેમાં ૩૩ જિલ્લાઓમાં ૨૫૧ તાલુકાઓમાં અંદાજિત ૪૪.૬૧ લાખ વિસ્તારમાં નુકસાન થવાના આંકડા પ્રાપ્ત થયા, જયારે સરકારે માત્ર અને માત્ર સરવેના નામે કેટલાક દિવસો નીકળે, સરવે કરાવે, સરવેના નામે સમય નીકળે પણ સરકારે એમ કહ્યું કે સરવે કરવામાં સમય જશે અને જે નુકસાન થયું છે પ્રથમ દ્રષ્ટિએ એ આખી વાત દેખાતી હતી ત્યારે સરકારે વગર સરવેએ અંદાજ કરી રોજકામ કરી ખેડૂતોને સહાય ચૂકવવા માટેના જે નિર્ણય લીધા. રાજય સરકાર અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ કુદરતી આપદાના સમયમાં ત્વરિત

સહાય મદદ થઈ શકે તે માટે ઉચ્ચ કક્ષાની બેઠકો યોજી. આ બેઠકોમાં રૂપિયા દસ હજાર કરોડ જેટલી માતબર રકમનું કૃષિ રાહત પેકેજ જાહેર કર્યું. ઈતિહાસમાં ગ્રામ્ય વિસ્તારના ખેડૂતો અને ખેતી માટે પ્રથમ વખત આટલી ઉદાર દિલે સહાય આપી છે. જયારે ખરીફ ૨૦૨૫-૨૬ની ઋતુમાં વાવેતર કરી બિન પિયત ખેતી પાકોમાં ૩૩ ટકા કે તેથી વધુ નુકસાન માટે એસ.ડી.આર.એફ.ના નોર્મ્સ મુજબ વાવેતર વિસ્તારની મર્યાદામાં પ્રતિ હેકટર મળવાપાત્ર ૮૫૦૦ ની સહાય તેમજ રાજય બજેટ હેઠળ રુ. ૧૩૫૦૦ એમ કુલ ૨૨ હજાર પ્રતિ હેકટર લેખે ખાતાદીઠ મહત્તમ ૨ હેકટરની મર્યાદામાં સહાય ચૂકવવાનો આ નિર્ણય લીધો છે. આ નિર્ણય એ માત્રને માત્ર જશ લેવા માટે નહીં પણ વાસ્તવિકતામાં ખેડૂતોને મદદ કરવા માટે નાણામંત્રીએ જે નિર્ણય લીધો એ આખા ગુજરાત માટે ઈતિહાસ બન્યો છે. તેમજ વર્ષાયુ પિયત પાકોના ૩૩ ટકા તેથી વધુ એસ.ડી.આર.એફ.ના નોર્મ્સ મુજબ વાવેતર વિસ્તારની માર્યાદામાં મળવાપત્ર રૂપિયા ૧૭ હજારની સહાય તેમજ રાજય બજેટ હેઠળ રૂપિયા ૫ હજાર એમ મળી કુલ રૂપિયા ૨૨ હજાર પ્રતિ હેકટર લેખે ખાતાદીઠ મહત્તમ ૨ હેકટરની મર્યાદામાં સહાય ચૂકવવાનો સરકારે ઉદાર અભિગમ રાખી પિયત અને બિન પિયત એમ બંન્ને પ્રકારના પાકો માટે રૂ. ૨૨ હજાર પ્રતિ હેકટરની સહાય જાહેર કરેલ છે. આ કૃષિ રાહત પેકેજનો ઠરાવ જાહેર કર્યાના બીજા જ દિવસથી તા.૧૪/૧૧/૨૦૨૫થી ૧૫ દિવસ માટે પોર્ટલ ઓનલાઇન અરજીઓ મેળવવા માટે ખુલ્લું મૂકવામાં આવેલ હતું તેમાં કદાચ ખેડૂત રહી ગયા હોય તો એમાં મુદત વધારો કરીને પણ કોઇ સાચો ખેડૂત હોય, કોઇ અસરકર્તા રહી ના જાય એના માટે સરકારે સાત દિવસનો વધારો કરી તા.૫/૧૨/૨૦૨૫ સુધી પોર્ટલ ખુલ્લું મૂક્યું અને આમ, ફકત ૨૨ દિવસના સમયગાળામાં ૩૦.૭૧ લાખથી વધુ અરજીઓ ખેડૂતો તરફથી મળેલ હતી. આ એક મોટામાં મોટો ઈતિહાસમાં દાખલો છે કે ખેતી માટે આટલી અરજીઓ આવી અને આટલી મોટી રાહત આપવાનો પણ આ સરકારે મનથી નિર્ણય લીધો. કોઇપણ કામ કરવું હોય તો એનો મનસૂબો હોવો જોઇએ, એની નીતિ હોવી જોઇએ, નિયત હોવી જોઇએ ત્યારે રાજકીય લાભ માટે નહીં પણ હકીકતમાં જે નુકસાન થયું છે, એ લોકોને સાચા અર્થમાં ઉપયોગી કેમ થવાય એવું કાર્ય કર્યું છે. ઈતિહાસમાં માત્ર વાતો નહીં પણ ગ્રામ્ય સ્તર સુધી પહોંચવાનો પ્રયત્ન કર્યો છે. કૃષિ રાહત પેકેજ પોર્ટલ પર ઓનલાઇન કુલ ૩૦ લાખ ૭૧ હજાર ૮૨૩ અરજીઓ મળેલ હતી, આટલું મોટું બજેટ કરોડોમાં જે ખર્ચ થયો એ માટે હું સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. જે રીતે આવા આપદાના સમયમાં બેઠા કર્યા તે માટે પૂર્વ કૃષિમંત્રી, હાલના કૃષિમંત્રી, નાણામંત્રી, મુખ્યમંત્રીને પણ હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું કે જે પોતાનો વિભાગ છે, એ વિભાગને આવતા દિવસોમાં જે સારું થઇ શકે એવું કામ કરે છે. કોઇપણ મંત્રી હોય તો વિચારે કે આ કામ થઇ શકે, જે રીતે હું વાત કરતો હતો કે આ ભારતીય જનતા પાર્ટીની સરકારે ખેડૂતોની સરળતા મુજબ જે નિર્ણયો લીધા છે એ ખૂબ સારા નિર્ણય છે. ટ્રેક્ટર એ ખેડૂતોને સારા-નરસા પ્રસંગે જવા માટે હતું. એ પરિવહન માટે નહોતું. બીજું કે જે "Ceiling Act" હતો કે ખેડૂત ૮ કિ.મી.થી વધારે જમીન ના લઇ શકે. આ સરકાર આવ્યા પછી "Ceiling Act" દૂર કરીને ઉધોગો જો ગમે તે જગ્યાએ જમીન લઇ શકે તો ખેડૂત પણ ગમે તે જગ્યાએ જમીન લઇ શકે એવો નિર્ણય આ સરકારે લીધો છે. બીજું કે સતત ૧૫ વર્ષ કબજો હોય અને માલિકીની શરતભંગ ના થઇ હોય તો આવી જમીનોને નવી શરતની જમીન ખેડૂત અરજી કરે કે ન કરે પણ મામલતદારે એને જૂની શરતમાં ફેરવી આપવાનો નિર્ણય આ સરકારે લીધો છે. આ સરકારે સૂર્યોદય યોજના લાવી ખેડૂતોને ઉપયોગી થવા માટે જે નિર્ણયો લીધા છે એ પણ ઘણા ઉપયોગી છે. આ સરકારે ખેડૂતોના હિત માટે ટેકાના ભાવે અનેક પ્રકારની ચીજો ખરીદી કરી એ પણ ખેડૂતોના હિતમાં છે ત્યારે માત્ર વાતો નહિ પણ વાસ્તવિકતામાં જે નિર્ણયો લીધા છે એના માટે આ સરકારને ખૂબ-ખૂબ અભિનંદન આપું છું.

શ્રી લવિંગજી મુ. સોલંકી(રાધનપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કનુભાઇ અને અમારા કૃષિ મંત્રી આ ગૃહમાં જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

આજે આ પવિત્ર ગૃહના માધ્યમથી નવરચિત વાવ-થરાદ જિલ્લામાં લાખો ખેડૂતો વતી માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી, નાણામંત્રીશ્રી અને માનનીય કૃષિ મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણીનો અંત:કરણપૂર્વક આભાર માનવા ઊભો થયો છું કારણ કે, ભારતમાં કૃષિ એ માત્ર વ્યવસાય નથી પરંતુ આજીવિકાની સુરક્ષાની સૌથી મોટી ચાવી છે. રાજ્ય સરકાર હંમેશા પરંપરાગત ખેતીમાં આધુનિકતા લાવી ખેડૂતોના જીવન-ધોરણ સુધારવા માટે કટિબદ્ધ રહી છે. તા.૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૫ના ઐતિહાસિક જાહેરનામાથી બનાસકાંઠા જિલ્લાનું વિભાજન કરીને નવરચિત વાવ-થરાદ જિલ્લાનું નિર્માણ કરવામાં આવ્યું છે. તેના સર્વાંગી વિકાસ માટે સરકારે ખૂબ ટૂંકા સમયમાં નવીન મહેકમ મંજૂર કરીને પ્રજાલક્ષી શાસનનો ઉત્તમ નમૂનો પૂરો પાડ્યો છે. વાવ-થરાદ સીમાવર્તી વિસ્તાર છે. જ્યાં આગળ નર્મદા કેનાલ કમાન્ડ એરિયાના કારણે પિયતની સગવડો વધતાં હરિયાળી ક્રાંતિ આવી છે. અહીંના ખેડૂતો હવે જીરૂ, ઇસબગુલ, રાયડો અને દાડમ જેવા રોકડિયા પાકો તરફ વળ્યા છે અને ટપક તથા ફુવારા પદ્ધતિ જેવી આધુનિક ટેકનોલોજી અપનાવી રહ્યો છે. પરંતુ ગ્લોબલ વોર્મિંગ અને અતિવૃષ્ટિ જેવા પડકારો સામે ખેડૂતોને રક્ષણ મળે તે માટે ભૌગોલિક માર્ગદર્શન મળવું અનિવાર્ય છે. આ જરૂરિયાતને સમજીને સરકારે દરેક જિલ્લામાં ખેડૂત તાલીમ કેન્દ્રની વ્યવસ્થા કરી છે તેના ભાગરૂપે વાવ-થરાદ માટે પણ નવીન મકાનની દરખાસ્ત અને કચેરીઓના સુચારું સંચાલન માટે જે મહેકમ પૂરું કર્યું છે તે આ વિસ્તારના ૩ લાખ ૫૦ હજાર ખેડૂતોના સશક્તિકરણનું કેન્દ્ર બનશે. આ મંજૂર થયેલા મહેકમમાં જિલ્લા ખેતીવાડી અધિકારીને અને નાયબ ખેતી નિયામક વિસ્તારની કચેરી માટે વર્ગ - ૧થી ૩ની કુલ ૧૨ જગ્યાઓ તેમજ ખેડૂત તાલીમ કેન્દ્ર માટે વર્ગ - ૧થી ૩ની કુલ ૩ જગ્યાઓનો સમાવેશ થાય છે. આ વહીવટી

માળખું કાર્યરત થવાથી ખેડૂતોને ગુણવત્તાસભર બિયારણ, ખાતર અને પાક સંરક્ષણની દવાઓનું સચોટ મોનિટરિંગ મળશે. સાથે સાથે આ કચેરી હેઠળ તમામ પ્રોજેક્ટના માધ્યમથી ખેડૂત ભાઈઓ અને બહેનો માટે જે માસિક તાલીમનું આયોજન થશે તેનાથી તેઓ આધુનિક કૃષિ વ્યવસાયિક બનશે. માનનીય રાજ્યપાલશ્રીએ જેનું આહવાન કર્યું છે તેવી પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા અને આબોહવા સ્થિત સ્થાપક ખેતી પદ્ધતિઓ અપનાવવા માટે હવે ખેડૂતોને છેક છેવાડા વિસ્તારમાં ઘર આંગણે માર્ગદર્શન ઉપલબ્ધ થશે. સીમાવર્તી જિલ્લાની જરૂરિયાતોને ધ્યાને રાખી વહીવટી પ્રક્રિયાને વધુ ઝડપી બનાવવા અને ખેડૂતોને યાંત્રિકીકરણની નવી ટેક્નોલોજીથી સજ્જ કરવા માટે આ નવીન મહેકમની મંજૂરી એક વિરાટ ડગલું છે. આ સુવિધા થકી વાવ–થરાદનો ખેડૂત વધુ કુશળ, સમૃદ્ધ અને આત્મનિર્ભર બનશે તેવો મને સંપૂર્ણ વિશ્વાસ છે. ખેડૂત હિતલક્ષી આ સંવેદનશીલ નિર્ણય બદલ હું ફરી એકવાર સરકારશ્રીનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી આ ગૃહને જણાવવા માગું છું કે બનાસકાંઠા હોય કે મારા પાટણ જિલ્લામાં પીવાનું પાણી મળતું ન હતું અને લોકોને તકલીફનો પાર ન હતો પણ આપણા તત્કાલીન મુખ્યમંત્રી આદરણીય મોદી સાહેબે શાસન સંભાળ્યું ત્યારે સમગ્ર ગુજરાતમાં બનાસકાંઠાથી પાટણ સુધી નર્મદાના નીર પહોંચાડવા બદલ શ્રી મોદી સાહેબનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે. સાચા અર્થમાં જે સરકારને મા–બાપ કહેવાય, ગરીબોની બેલી, નોંધારાનો આધાર કહેવાય તેવી ભારતીય જનતા પાર્ટીની સરકાર છે. હું આદરણીય મુખ્યમંત્રીશ્રી, નાણામંત્રીશ્રી અને કૃષિમંત્રીશ્રી જીતુભાઇ વાઘાણીનો વારંવાર આભાર માનું છું. કારણ કે મારા વિસ્તારમાં કમોસમી વરસાદ થયો ત્યારે મેં રજૂઆત કરી કે આ જગતનો તાત એટલે કે ખેડૂત મુશ્કેલીમાં છે. મારી વાત સાંભળીને દરેક ખેડૂતના ખાતામાં ૩.૪૪ હજાર આપ્યા છે. સાથે સાથે ખેતી ધોવાણની રકમ પણ તે ખેડૂતોને આપી છે. મારા વિસ્તારના છેવાડાના ગામોમાં જે ગામો સિંચાઇના કમાન્ડ બહાર છે તેમાં સિંચાઇનો લાભ મળે તેવી વ્યવસ્થા ગોઠવવા મારી વિનંતી છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ ૧૧ ગામોને ૩.૧૨૧ કરોડની સહાય માટે હમણાં જ મંજૂરી આપી છે. મારા સમી–સાંતલપુર તાલુકાના છેવાડાના ગામમાં મધ્યમ વર્ગના ખેડૂતો રહે છે. આ વિસ્તારના કમાન્ડ બહારના વિસ્તારોને કમાન્ડમાં લેવામાં આવે તો સિંચાઇનો લાભ મળી રહે તેવી વિનંતી છે. માનનીય મુખ્યમંત્રીશ્રી ખૂબ ઉમદા અને સરળ સ્વભાવના છે. એમનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે. કારણ કે ''સરલ સ્વભાવ ન મન કુટિલાઇ. યથા લાભ સંતોષ સદાહી.'' અમને તો સંતોષ છે છતાં પણ મારી વિનંતી ધ્યાનમાં રાખીને આ કાર્ય કરશે તો કાયમ માટે અમે સરકારના ઋણી રહીશું. છેવાડાના ગામોના જે કમાન્ડ બહારના વિસ્તાર છે તેને કમાન્ડમાં લઇ સિંચાઇનો લાભ મળે તેવી વિનંતી સાથે આ ગૃહમાં માનનીય નાણામંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેને હું હૃદયથી ખૂબ ખૂબ સમર્થન કરું છું.

શ્રી રમેશભાઇ ના. મિસ્ત્રી(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના નાણામંત્રી શ્રી કનુભાઇ દેસાઇ જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે એના સમર્થનમાં મારી વાત કરવા માટે ઊભો થયો છું.

માગણી નં. ૩૯–તબીબી અને જાહેર આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા રજૂ કરવામાં આવી છે એને હું સમર્થન કરું છું. ઇન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડિસીઝ એન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદ આઇ.કે.ડી.આર.સી. કિડની રોગોની સારવાર માટે એક સુપર સ્પેશિયાલિટી હૉસ્પિટલ છે. વર્ષ ૧૯૮૬થી સિવિલ હૉસ્પિટલ કમ્પાઉન્ડ અસારવા, અમદાવાદ ખાતે કાર્યરત છે. છેલ્લા ચાર દાયકાથી દેશમાં કિડની રોગોની આધુનિક અને સુપર સ્પેશિયાલિટી સારવાર પૂરી પાડવામાં આવે છે. વર્ષ ૨૦૨૫ એક જ વર્ષમાં આ આઇ.કે.ડી.આર.સી. અને આઇ.ટી.એસ. ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટ્રાન્સપ્લાન્ટ સાયન્સ દ્વારા ૫૦૨ કિડની ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. ઇન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડિસીઝ એન્ડ રિસર્ચ સેન્ટર અમદાવાદ સિવિલ મેડિસિટી ખાતે સ્થિત છે. વર્ષ ૨૦૨૫ દરમિયાન અંગ પ્રત્યારોપણ અને કિડની સારવાર ક્ષેત્રે નોંધપાત્ર તથા ઐતિહાસિક સિદ્ધિઓ હાંસલ કરી છે. સંસ્થાએ વર્ષ ૨૦૨૫ દરમિયાન કુલ ૫૦૨ કિડની ટ્રાન્સપ્લાન્ટ સફળતાપૂર્વક કર્યા હતા. જેમાંથી ૩૪૩ જીવનદાતાઓ દ્વારા અને ૧૫૯ મૃતકદાતાઓના દાન દ્વારા ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. આ ટ્રાન્સપ્લાન્ટમાં સેઇફ ટ્રાન્સપ્લાન્ટ એ.બી.ઓ. ઇન કોમ્પિટિબલ ટ્રાન્સપ્લાન્ટ, પીડિયાટ્રિક ટ્રાન્સપ્લાન્ટ તથા રોબોટિક કિડની ટ્રાન્સપ્લાન્ટનો પણ સમાવેશ થાય છે. લગભગ ૫૦ જેટલી પીડિયાટ્રિક ટ્રાન્સપ્લાન્ટ અને ૬૧ રોબોટિક ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. માત્ર ઓક્ટોબર–૨૦૨૫ સુધીમાં ટ્રાન્સપ્લાન્ટની સંખ્યા ૪૦૦ને પાર કરી ગઇ હતી. વર્ષના અંત સુધીમાં ૫૦૦થી વધારે ટ્રાન્સપ્લાન્ટ કરીને સંસ્થાએ નવો ઇતિહાસ રચ્યો છે. આમાં ૩૬૭ જેટલા પુરૂષો અને ૧૩૩ જેટલી મહિલાઓની કિડની ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. આ સંસ્થામાં કિડનીની સાથે–સાથે લીવર ટ્રાન્સપ્લાન્ટની પણ કામગીરી કરવામાં આવે છે. કિડની ટ્રાન્સપ્લાન્ટ ઉપરાંત સંસ્થાએ વર્ષ દરમિયાન કુલ ૮૬ લીવર ટ્રાન્સપ્લાન્ટ ૧૦ જીવનદાતાઓ અને ૭૬ મૃતકદાતાઓના ડોનેશનના માધ્યમથી કરવામાં સફળતા મેળવી છે. ૯ પેન્ક્રિયાઝ ટ્રાન્સપ્લાન્ટ તમામ મૃતકદાતાઓ દ્વારા સફળતાપૂર્વક કરીને બહુઅંગ પ્રત્યારોપણ ક્ષેત્રે પણ પોતાની અદ્યતન ક્ષમતાનો પરિચય આ સંસ્થાએ આપ્યો છે. પંદરમાં ઇન્ડિયન ઓર્ગન ડોનેશનના દિવસે આ બંને સંસ્થા આઇ.કે.ડી.આર.સી. અને આઇ.ટી.એસ.ને રાષ્ટ્રીય સન્માન પ્રાપ્ત થયું છે. ૨જી ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ આયોજિત પંદરમા 'ઇન્ડિયન ઓર્ગન ડોનેશન ડે' પ્રસંગે કેન્દ્ર સરકાર દ્વારા આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા આ સંસ્થાને બેસ્ટ ટ્રાન્સપ્લાન્ટ ઇન્સ્ટિટ્યૂટ તરીકે પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય સન્માન પ્રાપ્ત થયેલ છે. વધુમાં રાજ્યના સોટો એટલે કે સ્ટેટ ઓર્ગન એન્ડ ટીસ્યુ ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગેનાઇઝેશન સાથે અંગદાન અને અંગ પ્રત્યારોપણ ક્ષેત્રે શ્રેષ્ઠતા માટે પણ એવોર્ડ મેળવેલ છે. આ સંસ્થા આ ક્ષેત્રમાં જાગૃતિ લાવવા માટે પોલીસ વિભાગને પોતાની સાથે જોડીને બ્રેઇન ડેડ કોન્સેપ્ટ સેમિનારનું આયોજન કરી રહી છે.

સંસ્થા દ્વારા વિશેષ જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. પોલીસ વિભાગને સાથે જોડી, બ્રેઇન ડેડ વિશે સેમિનાર યોજીને પોલીસ કર્મચારીઓને બ્રેઇન ડેડની વ્યાખ્યા, એનું મહત્ત્વ અને અંગદાન પ્રક્રિયામાં તેમની ભૂમિકા અંગે માર્ગદર્શન આપવામાં આવે છે. સંસ્થા દ્વારા આ બંને કામની સાથે ડાયાલિસિસની કામગીરી ખૂબ શ્રેષ્ઠ રીતે કરવામાં આવે છે. સંસ્થાના કેમ્પસ –૧ ખાતે દરરોજ અંદાજે ૧૨૨ દર્દીઓને અને કેમ્પસ–૨ ખાતે અંદાજે ૨૮૨ દર્દીઓને કુલ ત્રણ શિફ્ટમાં નિયમિત રીતે હેમો ડાયાલિસિસ આપવામાં આવે છે. બંને કેમ્પસમાં મળીને વર્ષ દરમિયાન અંદાજે ૧,૧૩,૦૯૦ દર્દીઓને ડાયાલિસિસની સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડિસિઝ એન્ડ રિસર્ચ સેન્ટરની સિદ્ધિઓ, તમામ સ્ટાફની પ્રતિબદ્ધતા, મહેનત અને સંઘર્ષાત્મક પ્રયાસોનું પરિણામ છે. સંસ્થા સાથે કાર્યરત કર્મચારીઓ, અધિકારીઓની સંખ્યામાં વધારો થતા તેમના પગાર ભથ્થા, વહીવટી ખર્ચ, આઉટસોર્સ સેવાઓ અને વિદ્યાર્થીઓના સ્ટાઇપેન્ડ વિગેરેના ચૂકવણા પેટે વધારાના ખર્ચની જે વિગતો અને માગણીઓ લઇને માનનીય નાણામંત્રી શ્રી કનુભાઇ દેસાઇ આવ્યા છે એનું હું સમર્થન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા રાજ્યનો આરોગ્ય વિભાગ અત્યંત સાહસિક, સંવેદનશીલ અને સેવાભાવી છે. આપણે બધાએ કોરોનાના સમયમાં એમની સાહસિકતાના દર્શન કર્યા છે. જ્યારે જીવન–મરણનો ખેલ ચાલી રહ્યો હતો ત્યારે સમગ્ર જનતા કોરોનાના ભયથી વ્યાપ્ત હતી તેવા સમયે ગુજરાતનો આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, આપણા ડોકટરો, નર્સિંગ સ્ટાફ, પેરામેડિકલ સ્ટાફ દ્વારા ગુજરાતની જનતા સાથે રહીને એમના જીવન બચાવ્યા છે. વિશેષ કરીને, રાજ્ય સરકાર અને આરોગ્ય વિભાગના જુદા જુદા ડ્રાઇવ/ અભિયાનો છે એ ટી.બી.ના ક્ષેત્રમાં હોય, સિકલસેલ માટેનો હોય કે હમણાં વન ટાઇપ ડાયાબિટીસ માટે રાજ્ય સરકારે બાળકોને એમાંથી મુક્ત કરાવવા માટેના અભિયાનો લીધા હોય, આ તમામ અભિયાનોના કારણે ગુજરાત રાજ્યના આરોગ્ય વિભાગની પ્રતિષ્ઠતા વધી રહી છે અને એના કારણે ગુજરાતમાં સામાજિક આગેવાનો, સામાજિક સંસ્થાઓ તથા અનેક એન.જી.ઓ. રાજ્ય સરકારના આરોગ્ય વિભાગની સાથે રહીને પોતાને એમના કામની સાથે જોડી રહી છે. ગુજરાતના દરેક જિલ્લાઓમાં સરકારની વિવિધ પ્રકારની ડ્રાઇવને મજબૂતી આપવા માટે આ પ્રકારની એન.જી.ઓ. સરકારના આરોગ્ય વિભાગની સાથે કામ કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા ભરુચ જિલ્લામાં પણ સંકલ્પ ફાઉન્ડેશન વર્ષ ૨૦૧૧થી કાર્યરત છે. એ છેલ્લાં ૧૪–૧૫ વર્ષથી અંગદાન ક્ષેત્રે, દેહદાન ક્ષેત્રે અને ચક્ષુદાન ક્ષેત્રે હજારો લોકો અને દાતાઓ પાસેથી દાન મેળવીને, રાજ્યની 'સોટો' આરોગ્ય સંસ્થા સાથે સંલગ્ન થઈને મદદરૂપ થવાના પ્રયાસો કરે છે. હું એનો પ્રત્યક્ષ સાક્ષી છું. એના તમામ પ્રકારના કાર્યક્રમોમાં હું જાતે ઉપસ્થિત રહું છું. આ ફાઉન્ડેશનની શરૂઆત પાંચ વ્યકિતઓથી કરી હતી. આજે હજારો લોકો સંકલ્પ ફાઉન્ડેશન સાથે જોડાઇને આખી પ્રક્રિયાને મદદરૂપ થવા માટે રાજ્ય સરકાર અને આરોગ્ય વિભાગની મદદ કરી રહ્યા છે. ગુજરાતમાં આપણો આરોગ્ય વિભાગ એટલો બધો સંવેદનશીલ અને સેવાભાવી છે કે જેના કારણે રાજ્ય સરકારે બજેટમાં વિભાગ માટે ફાળવાયેલી રકમ ઉપરાંત, એક દિવસ માટે કે એક મિનિટ માટે ગુજરાતનો કોઇપણ વ્યકિત આ બધી સેવાઓથી વંચિત ના રહે એના માટે બધી સેવાઓ ૨૪x ૭ ચાલુ રાખીને રાજ્યના તમામ વ્યકિતઓની પડખે ઊભા રહેવાનો સફળતાપૂર્વક પ્રયાસ કર્યો છે એને ધ્યાનમાં લેતાં આ રાજ્યના નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ માગણી નંબર–૩૯ લઇને આવ્યા છે એનું હું સમર્થન કરું છું અને ગૃહના તમામ સભ્યશ્રીઓને પણ સમર્થન કરવા માટે અનુરોધ કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : આપે જે અંગદાન બાબતે વાત કરી તો અંગદાન ક્ષેત્રે આજે સમગ્ર ભારતમાં ગુજરાત ખૂબ અગ્રેસર છે. તા. ૨૬મી જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ભારત સરકારે અંગદાન ક્ષેત્રે છેલ્લાં ૨૦ વર્ષથી કામ કરતાં અને સતત કાર્યશીલ 'ડોનેટ લાઇફ' ના આપણા ગુજરાતના શ્રી નિલેશભાઇ માંડલેવાલાને પદ્મશ્રી એનાયત કરવામાં આવ્યો છે. આપણા ગુજરાત માટે ગૌરવની વાત છે.

શ્રી મનુભાઇ એમ.પટેલ(ઉધના) : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગૃહમાં માનનીય નાણામંત્રીશ્રી પૂરક માગણીઓ લઇને આવ્યા છે એને મારું સમર્થન કરું છું અને એના માટે બે શબ્દો બોલવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટની કામગીરી અંગે મારા વિચારો સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું કારણ એ જ છે કે આપત્તિ અને જોખમમાં ઘટાડો. મારે અભિનંદન આપવા છે આપણા સૌના માર્ગદર્શક મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબને, મારે અભિનંદન આપવા છે નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવીજીને અને મારે અભિનંદન આપવા છે આપણા કૃષિમંત્રીશ્રી જીતુભાઇ વાઘાણીજીને સાથોસાથ સભાગૃહમાં બેઠેલા સર્વે આપણા મંત્રીશ્રીઓ અને સૌ આપણા ધારાસભ્યશ્રીઓને. દિવાળી પહેલાં જ્યારે કુદરતની કહેર આપણા રાજ્યની અંદર વરસાદના રૂપમાં વરસી રહી હતી ત્યારે મને કહેતા આનંદ થાય છે કે ક્ષણભરનો પણ વિલંબ કર્યા વગર આપણા મુખ્યમંત્રીશ્રીની એક હાકલ એની સાથે નાયબ મુખ્યમંત્રીશ્રી તેમજ શ્રી જીતુભાઇ વાઘાણીજી, આપણા શ્રી કૌશિકભાઇ આ બાજુ શ્રી નરેશભાઇ અને એમની સાથે સાથે ધારાસભ્યશ્રીઓ દરેક સીમાડાના ખેતરોની વચ્ચે પહોંચી ગયા હતા. એમણે ખુલ્લા પગે ખેડૂતોની સાથે એ જ દિવસે, એ જ ક્ષણે ચર્ચાઓ કરીને એમને સાંત્વના આપીને એમ કહ્યું હતું કે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર છે. આપને ક્યાંય પણ તકલીફ નહીં આવવા દે. મારે એ વાતને યાદ કરવી જોઇએ કે આપણા મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી, કૃષિ મંત્રીશ્રીએ તાત્કાલિક અસરથી એક નિર્ણય લઇને સરકારની એજન્સીઓ જે સરવે કરતી હતી એમને ટૂંકી નોટિસ, ફકત ૫ કે ૭ દિવસની નોટિસમાં ગુજરાતના તમામ વિસ્તારોમાં જ્યાં જ્યાં વરસાદનું તાંડવ હતું, જ્યાં જ્યાં ખેડૂતોને નુકસાન થયું હતું એ દરેક

ખેડૂતને સીધા મળીને રિપોર્ટ સરકાર સમક્ષ રજૂ કરવાની વાત કરી. માત્ર ૫ થી ૭ દિવસમાં આનો સરવે પણ પૂરો થાય અને રૂપિયા ૧૧ હજાર કરોડ જેવી માતબર રકમ આ જગતના તાત, ગુજરાતના ખેડૂતોના ખાતામાં સીધા પૈસા જાય. આપણો આ જગતનો તાત આપણા સૌના દિલ જીતનારા મુખ્યમંત્રીશ્રીનો આભાર માનવા માટે આ જ પટાંગણની અંદર આવે આવું મેં ક્યારેય જોયું નથી. વર્ષ ૨૦૦૨ પછીની આફતો આપણે ઘણી બધી જોઇ હશે અને સૌ સદનના મિત્રોએ જોઇ હશે. આફત ક્યારે અને કેવી રીતે આવે છે? એ કુદરતી છે. જ્યારે દક્ષિણ ગુજરાતમાં વર્ષ ૨૦૦૬ની આફત આવી સુરતમાં તાપી મૈયાએ રુદ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું ત્યારે સતત ચાર દિવસ સુરતમાં બેસીને પાંચમાં દિવસે આખા સુરતને ક્લિઅર, ચોખ્ખું અને શાંતિપૂર્ણ સુરત કરવાનું કોઇએ કામ કર્યું હોય તો તે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને આજના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ કર્યું હતું. મને યાદ છે કે એ વખતે આપણા વિપક્ષના મિત્રો જેમ ફાવે તેમ પેપર, મીડિયા અને ચેનલોમાં નિવેદનો કરતા હતા પણ વડાપ્રધાનશ્રીએ એક શબ્દ નહોતો ઉચ્ચાર્યો અને પાંચમા દિવસે આખા સુરતને એક ખૂબસૂરત, એક સારું સુરત જેથી પોતાના ધંધામાં મગ્ન થઇને રૂટિન થઇ જાય એ પ્રકારેનું સુરત બનાવી આપ્યું હતું. મારે વાત કરવી છે આપત્તિ અને જોખમમાં ઘટાડો કઇ રીતે થાય? આફતો આવે એમાં ઘટાડો કરવા માટે આપણી સરકારશ્રીના મુખ્યમંત્રીશ્રીએ જી.આઇ.ડી.એમ. દ્વારા વર્ષ દરમ્યાન હાથ ધરાયેલી સર્વગ્રાહી પ્રવૃત્તિઓ અને તેમની સિદ્ધીઓ વર્ષ ૨૦૧૩માં સ્થાપિત થયેલ આ સંસ્થા આજે માત્ર ગુજરાત જ નહીં પણ સમગ્ર રાષ્ટ્ર માટે આપત્તિ વ્યવસ્થાપન ક્ષેત્રે જ્ઞાન, તાલીમ અને નીતિ નિર્માણનો આગ્રહ કરીને કેન્દ્રબિંદુ બની રહ્યું છે. જી.આઇ.ડી.એમ. દ્વારા અપનાવવામાં આવેલ સમગ્ર સમાજના સહભાગી અભિગમના પરિણામે તાલીમ, સંશોધન, દસ્તાવેજીકરણ અને વ્યૂહાત્મક ભાગીદારી જેવા તમામ સ્તંભોમાં પ્રશંસનીય પ્રગતિ નોંધાવી છે. મને જણાવતા આનંદ થાય છે કે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમ્યાન જી.આઇ.ડી.એમ. એ રેકોર્ડ બ્રેક ૧૪૭ સંસ્થાઓ દ્વારા તાલીમ કાર્યક્રમ યોજીને અત્યાર સુધીનો સર્વોચ્ચ વાર્ષિક આંક એક વર્ષમાં નોંધાવ્યો છે. આવનારા વાવાઝોડા અને કુદરતી આફતોને નાથવા માટે, એની સામે પ્રજાને રક્ષણ આપવા માટે એક વર્ષમાં ૧૪૭ કાર્યક્રમો યોજીને અત્યાર સુધીનો સર્વોચ્ચ આંક નોંધાવ્યો હતો. આ સફળતાની ગતિ જાળવી રાખવા અને રાજ્યના ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના ૩૧મી ડિસેમ્બર સુધીમાં ૧૧૦ કાર્યક્રમો દ્વારા આશરે ૨૩,૮૩૦ જેટલા ભાગીદારોને પ્રશિક્ષિત કર્યા છે. સંસ્થાની સ્થાપનાના પ્રારંભિક વર્ષોના માત્ર ૩૨ કાર્યક્રમોની સરખામણીએ આ વૃદ્ધી જી.આઇ.ડી.એમ.ની ગતિશીલ દિશા અને કાર્યક્ષમતાનો પુરાવો છે. રાજ્યમાં સંસ્થાને વધુ સુદ્ધઢ કરવા માટે જી.આઇ.ડી.એમ. દ્વારા કેટલીક અનન્ય પહેલ કરવામાં આવેલ છે. આપત્તિ વ્યવસ્થાપનના ક્ષેત્રે માત્ર તાલીમ જ નહીં પરંતુ ઉચ્ચ સ્તરીય સંશોધન પણ અનિવાર્ય છે. મને જણાવતાં આનંદ અને ગૌરવ થાય છે કે, જી.આઇ.ડી.એમ. દ્વારા Postdoctoral Fellowship and Doctoral Fellowship પ્રોગ્રામ સફળતાપૂર્વક અમલી બનાવવામાં આવે છે જેનો મુખ્ય ઉદ્દેશ કલાઇમેટ રિલિજિયન્સ અને ઇન્ડસ્ટ્રીયલ સેફ્ટી જેવા જટીલ વિષયોમાં પુરાવા આધારિત નીતિ નિર્માણને બળ આપવાનો છે. સાથે જ સંસ્થાના ઇન્ટરશીપ પ્રોગ્રામ દ્વારા વિદ્યાર્થીઓને પ્રાયોગિક અનુભવ પૂરો પાડીને ભવિષ્ય માટે એક સુસજ્જ અને કુશળ માનવબળ તૈયાર કરવામાં આવી રહ્યું છે. સંશોધન અને નીતિ નિર્માણ ક્ષેત્રે સંસ્થાએ વિવિધ આપત્તિઓના અનુભવને દસ્તાવેજકૃત કરી અમૂલ્ય જ્ઞાન ભંડાર ઊભો કર્યો છે. મને કહેતાં આનંદ થાય છે કે, આ ૧૧ હજાર કરોડ રૂપિયા ભારતીય જનતા પાર્ટીની સરકારે આપણા ગુજરાતના ખેડૂતોને જે એમને થયેલા નુકસાનની ભરપાઇ કરવા માટે જયારે આપ્યા ત્યારે એમની ખુશાલી, એમની દિવાળી સુધરી ગઇ.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી ચૈતન્યભાઇ મ. દેસાઇ(અકોટા) : માનનીય અધ્યક્ષશ્રી, હું આ ગૃહ સમક્ષ માર્ગ અને મકાન વિભાગની પૂરક માગણી નં.૮૬ના સમર્થન માટે મારા વિચારો રજૂ કરું છું.

ગુજરાતના રસ્તાઓ અને પુલો આપણા રાજ્યની પ્રગતિ માટે મૂળભૂત જરૂરીયાત છે જેમાં પ્રવાસી પથનો પણ સમાવેશ થાય છે. માળખાગત સુવિધા એ કોઇપણ વિકસિત સમાજની કરોડરજ્જુ છે. તે ફકત ભૌતિક માળખા વિશે જ નહીં પરંતુ જોડાણ, સલામતી, આર્થિક વિકાસ, સામાજિક સમાવેશ અને સુશાસનની પણ તેટલી જ જરૂરત છે. ભારતના અગ્રણી રાજ્યોમાંના એક રાજ્ય તરીકે ગુજરાતની સફર તેના મજબૂત અને ભવિષ્યલક્ષી માળખાગત વિકાસમાં ઉંડાણપૂર્વક મૂળ ધરાવે છે. રસ્તાઓનું મહત્ત્વ વિકાસની નસો સમાન છે. ગ્રામીણ અંતરિયાળ વિસ્તારોથી શહેરી કેન્દ્રો સુધી રસ્તાઓ લોકોને તકો પ્રદાન કરે છે. જે બજારો શિક્ષણ, આરોગ્ય સંભાળ અને રોજગાર સાથે જોડે છે. ગરવી ગુજરાત હાઇસ્પીડ કોરીડોર અંતર્ગત ગુજરાત રાજ્ય દ્વારા ૧૨ કામોની અંદાજિત રૂ. ૭૨૦૬.૧૮ કરોડના ખર્ચે રાજ્ય સરકાર દ્વારા વિકાસની મંજૂરી આપેલ છે. જેમાં હાલમાં બાંધકામ પહેલાંની પ્રવૃત્તિઓની કામગીરી પ્રગતિ હેઠળ છે. રાજ્ય અને જિલ્લા ધોરીમાર્ગ માટે ગુજરાત સરકાર અવિરત રોકાણ કરી રહી છે. જેમાં મુખ્ય રસ્તાઓ અને આંતરિક નેટવર્ક છેવાડાના ગામો સુધીનું જોડાણ સુનિશ્ચિત કરે છે. આજે સુવિકસિત માળખાગત સુવિધાઓથી મુસાફરોનો સમય અને પરિવહન ખર્ચ ઘટે છે. વેપાર ઉદ્યોગ અને કૃષિને મજબૂત બનાવે છે. ઝડપી કટોકટી અને આપત્તિ પ્રતિભાવને સક્ષમ બનાવે છે. માર્ગ સલામતી અને જીવનની એકંદર ગુણવત્તામાં સુધારો લાવે છે. રાજ્યના ઔદ્યોગિક અને કવોરી વિસ્તારોને જોડતા કુલ ૧૧૫ જેટલા રસ્તાઓની સુધારણા અપગ્રેડેશન તેમને પહોળા કરવા અને રસ્તાઓના મજબૂતીકરણની કામગીરી માટે અંદાજિત રૂ.૨૫૯૧ કરોડની મંજૂરી આપવામાં આવેલ છે. જે પૈકી ૨૦ રસ્તાઓના કામો રૂ. ૧૯૬.૩૭ કરોડના ખર્ચે પૂર્ણ કરેલ છે અને રૂ.૧૫૬૮.૫૯ કરોડના ખર્ચે ૬૩ રસ્તાઓનાં કામો હાથ ધરેલ

છે. પુલો અને ફલાય ઓવર ખૂબ મોટી ભૂમિકા ભજવે છે. નદીઓ, નહેરો, રેલ્વે લાઈન અને ભીડભાડવાળા જંકશન જેવી કુદરતી અને માનવસર્જિત અવરોધોને દૂર કરવામાં પુલો અને ફલાય ઓવર મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ફલાય ઓવર નદી, પુલો અને એલિવેટેડ કોરીડોરના નિર્માણથી સમગ્ર ગુજરાતમાં ટ્રાફીક ભીડમાં નોંધપાત્ર ઘટાડો થયો છે અને શહેરી ગતિશીલતામાં પણ સુધારો થયો છે. પ્રવાસી પથ પર થનાર ખર્ચ માટે માર્ગ અને મકાન દ્વારા રજૂ કરાયેલ પૂરક માગણી જેમાં ચાલુ નાણાકીય વર્ષમાં પ્રવાસી પથના બાંધકામ અને સંબંધિત માળખાકીય કાર્યો માટે વધારાની નાણાકીય જરૂરિયાત ઊભી થઈ છે. આ જરૂરિયાત ૮ મહિનાના ખરેખર થયેલ ખર્ચના આંકડાઓ, સ્થળ પરની વાસ્તવિક પરિસ્થિતિ તથા સંદર્ભમાં થયેલ ખર્ચના પુનરાવલોકનના આધારે સામે આવી છે. પ્રવાસી પથ માટેની આ પૂરક માગણી અનાવશ્યક ખર્ચ માટે નથી પરંતુ મંજૂર થયેલ યોજનાઓની સમયસર પૂર્તતા, ગુણવત્તાયુક્ત બાંધકામ અને જાહેર સુવિધાના હિતમાં રજૂ કરવામાં આવી છે. ચાલુ વર્ષના અંદાજપત્રમાં સદર માગણી માટે રૂ.૨૬૦ કરોડની મતપાત્ર જોગવાઈની સામે ૮ મહિનાની ખરેખર ખર્ચના આંકડાના સુધારેલા ખર્ચ આધારે પ્રવાસી પથના બાંધકામ માટેના ખર્ચમાં થયેલ વધારાના સંદર્ભમાં પરિસ્થિતિનું પુનરાવલોકન કરતાં એવો અંદાજ છે કે રૂ.૪૦ કરોડની વધારાની જરૂરિયાત રહેશે. આમ છતાં મંજૂર થયેલા અનુદાન હેઠળની આંતરિક બચતમાંથી રૂ.૨૦.૧૨ કરોડની બચત ઉપલબ્ધ છે તેથી ફક્ત રૂ.૧૯.૮૮ કરોડની જરૂરિયાત છે તે માટે કરીને ફક્ત રૂ.૧૯.૮૮ કરોડની પૂરક માંગણી રજૂ કરવામાં આવેલ છે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા રજૂ કરાયેલ પૂરક માગણી નં.૮૬ પ્રવાસી પથના વિકાસ માટે યોગ્ય, આવશ્યક અને નાણાકીય રીતે જવાબદાર પગલું છે. હું આ ગૃહને વિનંતી કરું છું કે, આ પૂરક માગણીને મંજૂરી આપી અને રાજ્યના માર્ગ અને કુલ માળખાના વિકાસને સહયોગ આપે. આભાર. જય જય ગરવી ગુજરાત. ભારત માતા કી જય.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના નાણામંત્રીશ્રી વર્ષ ૨૦૨૫-૨૬ના ખર્ચ માટેની પૂરક માગણીઓ લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. નાણામંત્રીશ્રી વર્ષ ૨૦૨૫-૨૬માં જે બજેટ રજૂ કર્યું એ રજૂ કર્યા પછી આ પૂરક માગણીઓ લઈને આવ્યા છે ત્યારે માગણી ક્રમાંક - ૭૯, ૮૬, ૨, ૩૯ અને ૬૭ પર ચર્ચા કરવા માગું છું.

સરકાર જ્યારે પોતાનું બજેટ રજૂ કરે છે ત્યારે એ બજેટના અનુસંધાનમાં દરેક વિભાગમાં આવનારા વર્ષમાં સરકાર કયા-કયા આયોજનના ભાગરૂપે શું-શું ખર્ચ કરવા માગે છે એ અંગેની વિસ્તૃત માહિતી, એની ચર્ચા, બજેટમાં એનું વિવરણ, એનો ખર્ચ એ તમામ પ્રકારનું સરકાર દ્વારા આયોજન થતું હોય છે અને એ વિધાનસભા ગૃહમાં કહેવામાં આવતું હોય છે. મારે દુ:ખ સાથે કહેવું પડે કે દર વર્ષે રાજ્ય સરકાર પોતે બજેટ રજૂ કર્યા પછી પણ, બજેટનું કદ ખૂબ મોટું હોય છે. બજેટનું કદ એટલું વધી ગયું છે કે રાજ્યનું દેવું અને રાજ્યનું બજેટ એ બંને હરિફાઈમાં આવી ગયા છે. દેવું કહે કે ''હું વધારે થઈશ'' અને બજેટ કહે કે ''હું વધારે થઈશ.'' દેવા અને બજેટ બંનેનો વિકાસ થઈ રહ્યો છે. આ ગુજરાત રાજ્યની હાલની પરિસ્થિતિ છે. રાજ્ય સરકાર જ્યારે બજેટ રજૂ કરે છે ત્યારે બજેટના બે પહેલું હોય છે, સિક્કાની બે બાજુ હોય છે. પહેલું વિકાસલક્ષી ખર્ચ અને બીજું, બિનવિકાસલક્ષી ખર્ચ. અંદાજપત્રની ચર્ચા આવશે ત્યારે આંકડાકીય માહિતી આપીશ પણ હાલ મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે રાજ્ય સરકાર બિનસરકારી ખર્ચ ઉપર વધુ પડતું ધ્યાન આપે છે. આ પૂરક માગણીઓમાં મહેસૂલ ખર્ચ માટે રૂ.૧૬,૭૦૪.૧૧ કરોડ અને મૂડી ખર્ચ માટે રૂ.૧૯૦૯.૧૩ કરોડ મળીને કુલ રૂ.૧૮,૬૧૩.૫૪ કરોડની મતદાનપાત્ર અને રૂ.૭૩૦૦ કરોડની બિન મતદાનપાત્ર પૂરક માગણીઓ છે. આમ કુલ રૂ.૧૯,૩૧૬.૫૪ કરોડની પૂરક માગણીઓ લઈને રાજ્યના નાણામંત્રીશ્રી આવ્યા છે. કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ અને હિસાબોની સરભરાની રકમ બાદ કરીએ તો પૂરક માગણીઓને કારણે રાજ્ય સરકારને આવતા વર્ષનું રૂ.૧૫,૭૯૮.૬૯ કરોડ જેટલું ચોખ્ખું ભારણ જવા થઈ રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગની પૂરક માગણી ક્રમાંક-૭૯ વિશે વાત કરું તો, જે રીતે કુદરતી આફતના લીધે રાજ્ય સરકાર દ્વારા રૂ.૧૧ હજાર કરોડના કૃષિ પેકેજની જાહેરાત કરવામાં આવી. સરકારના બજેટની જોગવાઈના અનુસંધાને એમને જે રકમ ખૂટતી હતી તે રકમ રૂ.૬,૮૦૯.૮૩ કરોડની હતી. મારે દુ:ખ સાથે કહેવું પડે કે કોઈપણ જગ્યાએ આવી સ્થતિ થતી હોય છે ત્યારે કેન્દ્ર સરકાર પાસે કોઈપણ રાજ્ય પોતાનો હક/અધિકાર/હિસ્સાની માગણી કરે છે. મેં જે રીતે વિકાસલક્ષી ખર્ચ અને બિન વિકાસલક્ષી ખર્ચની વાત કરી તેમાં વર્ષ ૨૦૨૫-૨૬માં રૂ.૨,૩૬,૩૩૨ કરોડના વિકાસલક્ષી ખર્ચ સામે બિન વિકાસલક્ષી ખર્ચ રૂ.૧,૧૪,૮૮૨ કરોડ એટલે રૂ.૧૨ કરોડ જેટલો થયો. આમ સરકાર જ્યારે પૂરક માગણી લઈને આવે છે પણ સામે બિન વિકાસલક્ષી ખર્ચમાં દિવસેને દિવસે વધારો થાય છે. સામાજિક/આર્થિક સમીક્ષાના રિપોર્ટના આધારે આપણે જોઈએ કે વર્ષ ૨૦૨૩-૨૪માં રાજ્યનો વિકાસ દર ૯.૨ ટકા હતો તે ઘટીને વર્ષ ૨૦૨૫-૨૬માં ૮.૩ ટકા થયો છે. આમ વિકાસ દરમાં ૧ ટકાનો ઘટાડો સ્પષ્ટપણે દેખાઈ આવે છે. ખાસ કરીને પૂરની પરિસ્થિતિના અનુસંધાનમાં કેન્દ્ર સરકાર તરફથી મળેલી સહાય હોય. હું રાજ્યના નાણામંત્રીશ્રીને હું ચોક્કસ કહીશ કે આપના પ્રવચનમાં પૂરક માગણીઓ લઈને આવ્યા છો ત્યારે જરૂરથી એવું કહો કે છેલ્લાં ત્રણ વર્ષમાં રાજ્યમાં આવેલા પૂર, વાવાઝોડાં, વરસાદના લીધે ગુજરાતના ખેડૂતો/મતદારોને જે નુકસાન થયું તે માટે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને કેટલીવાર પત્ર લખવામાં આવ્યા? કેટલા કરોડ રૂપિયાની માગણી કરી અને તે માગણીના અનુસંધાનમાં કેન્દ્ર સરકારે ગુજરાત સરકારને કેટલી રકમની સહાય કરી તે પણ આ ગૃહમાં માનનીય નાણા મંત્રીશ્રી જણાવે? કારણ કે, સૌથી મોટી રૂ.૧૫ હજાર કરોડની જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે એમાં સૌથી મોટી માગણી છે એ પૂરગ્રસ્ત લોકોને સહાય માટેની છે. મારે કહેવું છે કે, વર્ષ ૨૦૨૧-૨૨માં ''તૌકતે'' વાવાઝોડું આવ્યું. મારી પાસે જે આંકડાઓ છે એના આધારે કહું છું. આ વાવાઝોડામાં રાજ્ય સરકારે રૂ.૩૨૭૭ કરોડની માગણી કરી અને

કેન્દ્ર સરકારે રૂ.૧૧૧૩ કરોડ આપ્યા. વર્ષ ૨૦૨૨–૨૩માં ગુજરાતમાં પૂર આવ્યું. રાજ્ય સરકારે કરેલ માગણી સામે ફક્ત રૂ.૮૨ કરોડ મળ્યા. વર્ષ ૨૦૨૩–૨૪માં ''બીપરજોય'' વાવાઝોડા વખતે રૂ.૭૦૪ કરોડની માગણી કરી અને એની સામે રૂ.૩૩૮ કરોડ મળ્યા. હું માનું છું ત્યાં સુધી આ આંકડા સાચા છે. પણ માનનીય નાણામંત્રીશ્રી આ આંકડા વિધાનસભા ગૃહમાં રજૂ કરે કે માંગેલ રકમ કરતાં સૌથી ઓછી રકમ કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને ફાળવવામાં આવી છે.

એન.ડી.આર.એફ.ની વાત કરીએ તો, જ્યારે પણ જરૂર પડે ત્યારે આપણે એન.ડી.આર.એફ.નો ઉપયોગ કરીએ છીએ. એન.ડી.આર.એફ.નું પોતાનું આગવું ફંડ છે. આ ફંડના આધારે રાજ્ય સરકારે રૂ.૧૫૫૩ કરોડની માગણી કરેલ હતી. આ માગણી સામે એકપણ રૂપિયો એન.ડી.આર.એફ. દ્વારા ગુજરાત સરકારને આપવામાં આવ્યો નથી. કેન્દ્રમાં ભા.જ.પ.ની. સરકાર, ગુજરાતમાં ભા.જ.પ.ની સરકાર, મોસાળમાં લગન છે, મા પીરસનાર છે અને મા એ આ ભાણિયાઓની જે હાલત કરી છે એ હાલત વિધાનસભા ગૃહમાં કહેવા માગું છું. કેન્દ્ર સરકાર તરફથી વિવિધ યોજનાઓ હેઠળ જે ગ્રાન્ટ માંગી હતી એ ગ્રાન્ટ વર્ષ ૨૦૨૩–૨૪માં રૂ.૨૫,૫૭૭ કરોડની હતી, જે વર્ષ ૨૦૨૪–૨૫માં રૂ.૧૪,૧૨૭ કરોડની જ મળી. આમ, ૨૦૨૩–૨૪ના પ્રમાણમાં વર્ષ ૨૦૨૪–૨૫ની ગ્રાન્ટ રૂ.૧૧,૪૬૦ કરોડ ઓછી મળી છે. માનનીય નાણામંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે એમાં જે માહિતી મેં વિધાનસભાના ફ્લોર પર માગી છે એ માનનીય નાણામંત્રીશ્રી આપે તો એમની પૂરક માગણીઓને સમર્થન કે ટેકો આપવો એ અંગે અમે પછી વિચારીશું.

શ્રી કલ્પેશભાઈ આ. પરમાર(માતર) : માનનીય અધ્યક્ષશ્રી, પાણી પુરવઠા વિભાગની માગણી નંબર–૬૭ના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું છું.

મને જણાવતાં આનંદ થાય છે કે, લોકોના આરોગ્ય અને જીવન ધોરણ સુધારા માટે પૂરતા પ્રમાણમાં ગુણવત્તાયુકત પીવાનું પાણી નિયમિત મળી રહે તે માટે રાજ્ય સરકારે ભગીરથ પ્રયત્ન કરેલ છે. રાજ્ય સરકારના તમામ જિલ્લાઓ, તાલુકાઓ અને ગામોને સરફેસ વોટર આધારિત નિયમિત પૂરતું પાણી મળે છે. પીવાના પાણીનું માળખું સક્ષમ રીતે ચાલે અને યોગ્ય ગુણવત્તાયુકત પાણીનું સમયસર વિતરણ થાય એ ઉદ્દેશથી પાણીના ગુણવત્તાના પ્રોજેક્ટનું અમલીકરણ હાથ ધરવામાં આવેલ છે. જેમાં લીકિજ, ચોરી અને વેડફાટ પર નિયંત્રણ નેટવર્કના કાર્યક્ષમતા પાણીના જથ્થાનું અને ગુણવત્તાનું ગાંધીનગર સેન્ટર મોનિટરીંગ સ્ટેશન દ્વારા આ રીયલ ટાઇમ મોનિટરીંગ કરવામાં આવે છે. સરકારશ્રીએ પાણીના જથ્થાની સાથે–સાથે પાણીની ગુણવત્તા જળવાઇ રહે એ માટેની કામગીરી કરી છે. લોકોને શુદ્ધ પીવાનું પાણી મળી રહે તે માટે રાજ્ય સરકાર નિરંતર પ્રયત્નશીલ છે. પાણીની ગુણવત્તાનું યોગ્ય રીતે મોનિટરીંગ થાય એ માટે રાજ્યમાં પાણીની ગુણવત્તાની ચકાસણી માટે રાજ્યમાં ૮૦ લેબોરેટરી કાર્યરત છે. ચાલુ વર્ષે રૂ.૫ લાખથી વધુ પાણીના નમૂનાઓની ચકાસણી કરવામાં આવેલ છે. પાણીની ગુણવત્તાની ચકાસણી તાલુકા સ્તરે થઇ શકે તે માટે ચાલુ વર્ષે આગામી નાણાકીય વર્ષમાં તથા ત્યારબાદ આવનારા વર્ષોમાં પણ તાલુકા કક્ષાએ નવી લેબોરેટરીઓ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. જેના માટે બજેટમાં અલગથી જોગવાઇ કરવામાં આવેલ છે. હું જે વિસ્તારમાંથી આવું છું એ વિસ્તારના પીવાના પાણીની વ્યવસ્થા બાબતે વાત કરું તો, આજથી પચ્ચીસ–ત્રીસ વર્ષ પહેલાંની વાત છે. અમારો વિસ્તાર ખારોપટ વિસ્તાર ગણાય. અમારો માતર અને ખેડા વિસ્તાર છે. મારી માતર વિધાનસભા છે. એ જગ્યા ઉપર અમારે પંદર, વીસ કે દસ ફૂટ ખાડા કરીને પાણી પીવું પડતું હતું એના કારણે પથરી અને કમળાની બીમારીઓ થતી હતી. પહેલાં ટેન્કરોથી પાણી આપવામાં આવતું હતું. અમારા ખેડા જિલ્લામાં દસ તાલુકાઓ આવેલા છે. દસ શહેરો આવેલા છે. અમારા જિલ્લાની કુલ વસતિ ૨૫ લાખ માણસોની હોઇ ખેડા જિલ્લાના ૫૨૪ ગામો પૈકી ૪૩૦ ગામોને સરફેસ સ્ત્રોત આધારિત ૧૬ જૂથ યોજના હેઠળ જોડવામાં આવેલ છે અને અન્ય ૯૪ ગામો હાલ સ્વતંત્ર સ્ત્રોત આધારિત જૂથ પાણી પુરવઠા યોજનામાંથી પાણી મેળવે છે. બાકી રહેતા આ તમામ ગામોને નવીન/સુધારણા જૂથ યોજના હેઠળ આવરી લેવા માટેનાં કામોનું આયોજન કરીને અમલીકરણ હાથ ધરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું માતર તાલુકાના ગામોની વાત કરું તો આ તાલુકામાં ૪૯ ગામો પૈકી તમામ ગામોનો કડાણા ડેમ આધારિત કેનાલના છેવાડે આવેલ પરીએજ તળાવ અને નગરામા જૂથ યોજના હેઠળ સમાવેશ કરવામાં આવેલ છે. મારા વિસ્તાર માટે હાથ ધરવામાં આવેલ વિવિધ જૂથ યોજનાઓની વાત કરું તો માતર અને વસો તાલુકાના ૨૭ ગામોનો સમાવેશ કરતી હાલ કડાણા ડેમ આધારિત કેનાલના છેવાડે આવેલ અમારા ગામથી નજીક પરીએજ તળાવ આધારિત નગરામા સુધારણા જૂથ પાણી પુરવઠા યોજનાના અંદાજિત રૂ. ૧૧૭ કરોડનાં કામો હાલ પ્રગતિમાં છે અને જેમાં માતર તાલુકાના ૨૩ ગામો જે બાકી રહેલા છે એનો સમાવેશ કરવામાં આવેલ છે. પરીએજ તળાવથી પાણી પુરવઠો પૂરો પાડવામાં આવે છે એવા સૌરાષ્ટ્ર જેવા કાયમી અછતવાળા અને દુર્ગમ વિસ્તારમાં પીવાના પાણીની કાયમી સમસ્યા નિવારવા માટે કડાણા ડેમથી સીધું કેનાલ મારફતે પરીએજ તળાવમાં પાણીનો સ્ટોક કરી, કનેવાલ તળાવ આધારિત પરીએજ અને કનેવાલ બંને તળાવો સંયુક્ત પાણી માટે નાવડા સુધીની બલ્ક પાઇપલાઇનથી નિર્માણ કરવામાં આવેલ. હાલમાં આ બંને તળાવોમાં સરેરાશ ૨૫૦ એમ.એલ.ડી. પાણી ઉપાડી કાર્યરત બલ્ક પાઇપલાઇન મારફત બોટાદ તાલુકાના નાવડા પમ્પિંગ સ્ટેશન ખાતે સપ્લાય કરી ત્યાંથી સૌરાષ્ટ્રના ભાવનગર, બોટાદ, ગીર સોમનાથ, જૂનાગઢ, રાજકોટ, પોરબંદર, અમરેલી જિલ્લાના ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં પાણી પહોંચાડવામાં આવે છે જેનાથી આ વિસ્તારમાં પીવાના પાણીનો કાયમી ઉકેલ મળેલ છે.

ફાલ્ગુન ૦૫, ૧૯૪૭ શાકે

પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં સૌરાષ્ટ્રમાં પાણીની મુશ્કેલી હતી. આ પરીએજ તળાવથી સૌરાષ્ટ્રના તમામ જિલ્લાઓને પાણી પૂરું પાડવામાં આવવાથી ઘણી બધી રાહત મળી છે. આજે પણે ત્યાં નવી યોજનાઓ ચાલુ કરેલી છે. ભાલ પ્રદેશની યોજનાનું પણ અત્યારે કામ ચાલુ છે. પાણી પુરવઠા વિભાગ હસ્તક પમ્પિંગ સ્ટેશન કે જ્યાં ગ્રાઉન્ડ માઉન્ટેડ સોલાર/ બિનપરંપરાગત ઊર્જા માટેના પાવર પ્લાન્ટ સ્થાપિત કરી શકાય અને વાર્ષિક વીજ બિલમાં ઘટાડો કરી શકાય તે માટે સોલરાઇઝેશનનાં કામો માટે બજેટમાં અલગથી જોગવાઇ કરવામાં આવી છે. આ કામગીરીનો સમાવેશ વિકસિત ગુજરાત ૨૦૪૭ના લક્ષ્યાંકને સિદ્ધ કરવા માટે કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજથી ૨૫–૩૦ વર્ષ પહેલાં શરૂઆતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર રચાઇ તે સમયે સૌરાષ્ટ્રમાં પાણીની સમસ્યા હતી ત્યારે પરીએજથી લાઇન નાંખી છેક બોટાદ સુધી અને આખા સૌરાષ્ટ્રને પાણી આપવાનું કામ આ સરકારે કર્યું હતું. તે વખતે કોંગ્રેસના મિત્રો એમ કહેતા હતા કે આ પાણી કઇ રીતે પહોંચશે? આજે મારે વિરોધ પક્ષના તમામ સભ્યશ્રીઓને કહેવું છે કે સૌરાષ્ટ્રમાં પરીએજથી મહી કેનાલ મારફત પાણી આપવામાં આવે છે. ગુજરાતમાં પાણી પુરવઠા વિભાગ દ્વારા એકપણ ગામ પાણી વગર બાકી ના રહે એવા પ્રયત્ન કરી ગુજરાતના છેવાડાનાં ગામડાં સુધી, પરાઓ સુધી પાણી પહોંચાડવાનું કામ કરવામાં આવી રહ્યું છે. મારી માતાઓ અને બહેનો ગામડાંમાં રહેતી હતી અને તેઓ બે–ત્રણ કિલોમીટર દૂરથી માથે પાણી ઉપાડી લાવતી હતી એ પાણી આજે ગામડાઓ અને પરાઓ સુધી પહોંડાવામાં આવી રહ્યું છે. જે તે વખતના માનનીય મુખ્યમંત્રીશ્રી અને આજના વડાપ્રધાનશ્રી મોદી સાહેબે ગુજરાતમાં 'નલ સે જલ' યોજના મારફત ગામેગામ અને પરાઓ સુધી પાણી પહોંચાડવાનો પ્રયત્ન કર્યો છે એટલે માનનીય વડાપ્રધાનશ્રી, ગુજરાતના મુખ્યમંત્રીશ્રી અને આજે પૂરક માગણી લઇને આવ્યા છે એવા શ્રી કનુભાઇ દેસાઇ સાહેબ, પૂર્વ પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઇ બાવળીયા સાહેબ અને આજના પાણી પુરવઠા મંત્રી શ્રી ઇશ્વરસિંહ પટેલ સાહેબનો હું ખૂબ ખૂબ આભાર માનું છું, કારણ કે જે ગુજરાત માટે પાણીની સમસ્યાઓ હતી અને ગુજરાતના દરેક વિસ્તારમાં પાણીની ફરિયાદો હતી એના નિવારણ માટે શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ વડાપ્રધાન બન્યા પછી તરત જ મંજૂરી આપી ગુજરાતના છેવાડાનાં ગામડાં સુધી અને છેક કચ્છ સુધી અને સાબરકાંઠા, બનાસકાંઠા વિસ્તારના તળાવો ભરવા માટે, ખેતી માટે, નર્મદાનું પાણી આપી અને સિંચાઇ માટે પાણી આપીને ખેડા જિલ્લાની કેનાલો પાકી કરી ખેડૂતોને પાણી આપ્યું એના માટે ખૂબ ખૂબ આભાર માનું છું. માનનીય મંત્રીશ્રી પૂરક માગણી લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

શ્રી દુર્લભભાઇ હ. દેથરિયા **M#>(**ટંકારા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ તેમજ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી સાહેબના માર્ગદર્શન નીચે માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબ જે વર્ષ ૨૦૨૬–૨૭નું રૂપિયા ૪ લાખ ૮ હજાર ૫૩ કરોડનું બજેટ લઇને આવ્યા છે એને હું આવકારું છું. કૃષિ અંગેની પૂરક માગણી નં. ૨ લઇને માનનીય નાણામંત્રીશ્રી આવ્યા છે એના ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૦ પ્રકારની કુદરતી આફતો જેવી કે ભારે વરસાદ, પૂર, વાદળો ફાટવા, વાવાઝોડું, દુષ્કાળ, ભૂકંપ, જમીન ધસી જવી, હીમ, કરાવૃષ્ટિ અને ઠાર, શીતળ લહેરો, જીવાતનું આક્રમણ વગેરેમાં ખેડૂતોને થતાં નુકસાનને એસ.ડી.આર.એફ.ના ધોરણો મુજબ સહાય ચૂકવવાની જોગવાઇ છે. રાજ્ય સરકાર તરફથી વિવિધ કુદરતી આફત સમયે તેની વ્યાપકતાને ધ્યાને લઇ એસ.ડી.આર.એફ.ના ધોરણો ઉપરાંત રાજ્યના બજેટમાંથી વધારાની સહાય માટે કૃષિ રાહત પેકેજની જાહેરાત કરવામાં આવે છે. આ કૃષિ રાહત પેકેજમાં ખેડૂતોને સરળતાથી લાભ મળી રહે અને ખેડૂતોને ઓછામાં ઓછી અગવડતા પડે તે માટે રાજ્ય સરકાર તરફથી અરજીથી લઇને ચૂકવણી સુધીની તમામ પ્રક્રિયા કૃષિ રાહત પોર્ટલ ઉપર ઓનલાઇન કરવામાં આવેલ છે. જ્યારે કૃષિ રાહત પેકેજ જાહેર કરવામાં આવે છે ત્યારે ખેડૂતોએ ઓનલાઇન અરજી માટે કૃષિ રાહત પોર્ટલ નિયત સમયમર્યાદા માટે ખુલ્લું મૂકવામાં આવે છે. ખેડૂતોએ પોતાના ગામના ઇ–ગ્રામ સેન્ટરમાં વી.સી.ઇ. પાસે જરૂરી સાધનિક કાગળો જેવા કે ૭/૧૨, ૮–અ, તલાટીનો વાવેતરનો દાખલો, આધાર કાર્ડ, મોબાઇલ નંબર, બેન્ક એકાઉન્ટ નંબર, આઇ.એફ.એસ. કોડ, નામ ધરાવતી બેન્કની પાસબુકની નકલ, સંયુક્ત ખાતાના કિસ્સામાં એક જ ખાતેદારને રાહત મળે છે ત્યારે બાકીના સંયુક્ત ખાતાના ખાતેદારે પોતાની સહીવાળો ના–વાંધા સંમતિ પત્ર વગેરે સાધનિક કાગળો સાથે વી.સી.ઇ. પાસે જઇ ઓનલાઇન અરજી કરી શકે છે. વી.સી.ઇ. તરફથી લાભાર્થીના સાધનિક કાગળો મેળવીને લાભાર્થી ખેડૂતની ઓનલાઇન અરજી વિનામૂલ્યે કરવામાં આવે છે. વી.સી.ઇ. તરફથી ઓનલાઇન કરાયેલ અરજીની પ્રિન્ટ કરીને અરજીની નકલ ખેડૂતની સહી અને જરૂરી સાધનિક કાગળો સાથેની અરજી ઉપર પોતાની સહી કરી અરજી ગ્રામ સેવકને આપવાની રહે છે. વી.સી.ઇ. તરફથી ઓનલાઇન કરેલ અરજીઓને વેબપોર્ટલમાં ફાઇનલ સબમિટ કરીને, સેન્ડ કરી ગ્રામસેવકને રૂટિનમાં મોકલવામાં આવે છે. વી.સી.ઇ. તરફથી મળેલ ઓનલાઇન અરજીઓને વી.સી.ઇ.એ રજૂ કરેલ સાધનિક કાગળો સાથે અરજીઓના ડોક્યુમેન્ટની ગ્રામસેવક ચકાસણી કરશે અને ચકાસણી બાદ અરજીઓ ઓનલાઇન વેબપોર્ટલ પર રજૂ કરશે. ગ્રામસેવક તરફથી ઓનલાઇન અરજી મંજૂર કરેલ અરજીઓને તાલુકા વિકાસ અધિકારીશ્રીને તેના લોગઇનમાં ઓનલાઇન જોવા મળે છે અને તાલુકા વિકાસ અધિકારીશ્રી તરફથી અરજીઓની ચકાસણી કરીને તેને પણ વેબપોર્ટલ પર ઓનલાઇન મંજૂરી આપવામાં આવે છે. તાલુકા વિકાસ અધિકારીશ્રી તરફથી ઓનલાઇન મંજૂર કરેલ અરજીઓને ખેતીવાડી અધિકારીઓના લોગઇનમાં મંજૂરી માટે જોવા મળે છે. જિલ્લા ખેતીવાડી અધિકારી તરફથી આ ઓઇનલાઇન અરજીની મંજૂરી

આપવામાં આવે છે. જિલ્લા ખેતીવાડી અધિકારી તરફથી આ ઓઇનલાઇન થયેલ અરજીઓને પ્રથમ લેવલના વેરીફિકેશનમાં ટી.એસ.એમ.એસ. વેબપોર્ટલ ઉપર એન.એસ.આઇ.સી. તરફથી અપલોડ કરવામાં આવે છે. ટી.એસ.એમ.એસ. વેબપોર્ટલ ઉપર અપલોડ કરેલા પ્રથમ લેવલના બેંક એકાઉન્ટ વેરીફિકેશન થશે અને ડેટાઓને ઓનલાઇન પ્રેસ કરીને જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીના લોગઇનમાં કરવામાં આવે છે, તેમજ બેંક એકાઉન્ટમાં ક્ષતિ જણાય તો અરજીઓની જરૂરી ક્ષતિ પૂર્તતા કરવા માટે વી.સી.ઇ.ને લોગઇનમાં પરત મોકલીને ઓનલાઇન વેબપોર્ટલ ઉપર મંજૂરીની પ્રોસેસ પૂર્ણ કરીને ફરી કરવામાં આવે છે. જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી દ્વારા ઓનલાઇન તૈયાર કરેલા બિલો ખેતીવાડી અધિકારીશ્રીઓ તરફથી જિલ્લા હિસાબી શાખામાં ઓનલાઇન સેન્ડ કરવામાં આવે છે અને અધિકારીશ્રી દ્વારા ચૂકવવા માટેની મંજૂરી આપવામાં આવે છે. આ યોજનામાં લાભાર્થીને આધારિત બેઇઝ ઉપર પેમેન્ટ કરવામાં આવે છે અને સહાયની રકમ સીધી ખેડૂતોના ખાતામાં જમા થાય છે. કૃષિ રાહત પેકેજ વેબપોર્ટલ ટી.એમ.એફ.આઇ.એસ.ને પોર્ટલ માટે સંકલિત કરવામાં આવે છે જેના થકી મોટી સંખ્યાના ટૂંકાગાળામાં લાભાર્થીને ચૂકવણું કરવામાં ખૂબજ સરળતા રહે છે અને ખૂબજ ટૂંક સમયમાં ખેડૂતોના સીધા બેંક એકાઉન્ટમાં પૈસા જમા થાય છે. રાજ્ય સરકારે કૃષિ વિભાગ દ્વારા રાત-દિવસ મહેનત કરીને તમામ વહીવટી પ્રક્રિયા ખૂબજ ટૂંકા સમયમાં ઝડપથી પૂરી કરીને રાહત પેકેજ ઓગષ્ટ-સપ્ટેમ્બર ૨૦૨૫ અને ઓકટોબર-૨૫ બંને પેકેજોને મળીને કુલ ૩૩.૨૧ લાખથી વધુ લાભાર્થીઓને રૂ.૯,૬૬૨.૨૮ કરોડથી વધુ સહાય ડી.બી.ટી. ના માધ્યમથી ખેડૂતોના સીધા ખાતામાં ચૂકવવાનું ભગીરથ કાર્ય કરેલ છે તે બદલ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને કૃષિમંત્રીશ્રી જીતુભાઇ વાઘાણીનો હૃદયપૂર્વક આભાર માનું છું. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી, નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબ અને કૃષિમંત્રીશ્રી જીતુભાઇ વાઘાણી સાહેબને હું ધન્યવાદ આપું છું. ખાસ કરીને ખેડૂતોની સરકાર સાબિત કરી છે ત્યારે એમનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું. ઉપરોક્ત તમામ બાબતોને ધ્યાને રાખીને પૂરક માગણીઓ પર દરખાસ્ત મંજૂર કરવા મારી વિનંતી કરું છું, અસ્તુ.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા(ડેડિયાપાડા) : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનીય ગૃહમાં માનનીય મંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઇને આવ્યાં છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માર્ગ અને મકાન વિભાગની હું વાત કરું તો અમારો વિસ્તાર એ અંતરિયાળ અને જંગલનો વિસ્તાર છે, અભ્યારણ્યનો વિસ્તાર છે. જ્યારે પણ મુખ્યમંત્રીશ્રી સડક યોજના અંતર્ગત રોડ મંજૂર થઇને આવે છે ત્યારે વન વિભાગ દ્વારા એ રોડની એફ.સી.આઇ. અને પર્યાવરણ વિભાગની પરવાનગીના નામે અટકાવવામાં આવે છે. આમ, જોવા જઇએ તો મારી શુદ્ધ જાણકારી મુજબ સન ૧૮૬૪-૬૫માં વન સંરક્ષણ ધારો બન્યો, સન ૧૯૨૭માં જંગલ ખાતાનો વિભાગ અસ્તિત્વમાં આવ્યો અને જે પણ ગામ માનો કે નાંદોદ તાલુકાના મારા જિતગઢથી જુનારાજ ગામની વાત કરું એ ગામ ૭૦૦ વર્ષથી ત્યાં વસેલું છે. પૌરાણિક ગામ હોય ત્યાં દેવયાત્રાનું ધામ હોઇ અને ત્યાં કૌટિલ્ય રાજાની ગાદી પણ છે, ત્યાં ગોહિલ વંશનો આખો દરબાર છે, આજે પણ ત્યાં મહેલો અને સન ૧૮૩૪માં બનેલું નિલકંઠેશ્વર મહાદેવનું મંદિર સાક્ષાત છે. જયારે કરજણ ડેમ ત્યાં બન્યો અને ગામનો જે હયાત રસ્તો હતી તે થોડો ડૂબાણમાં ગયો અને એ જ રોડને જયારે ડામર સપાટીમાં જયારે બનાવવાની વાત આવી તો સન ૨૦૨૦-૨૧ના નાણાકીય વર્ષમાં મુખ્યમંત્રી સડક યોજનાની અંદર મંજૂર થયો છે એને આજે ૪-૪ વર્ષ થયાં છતાં પણ વન વિભાગ દ્વારા ત્યાં કામ કરવા દેવામાં નથી આવતું. અમારા માનનીય સાંસદશ્રીનું પણ પોતાનું ગામ છે, મારા પોતાના મામાનું ગામ હોવા છતાં અમે અનેક જિલ્લા સંકલનોમાં રજૂઆત કરીએ છીએ, સરકાર સાથે સંકલન કરીએ છીએ, મૂલ્યાંકન સમિતિ જે રાજયની બની છે એમાં પણ રજૂઆત કરીએ છીએ એમાં અમને જણાવવામાં આવે છે તો મારી આપની રજૂઆત છે કે એ રોડનું કામ સત્વરે ચાલુ કરવામાં આવે. અમારે અંકલેશ્વરથી ડેડિયાપાડા, સાગબારા, નંદુરબાર અને છેક મધ્યપ્રદેશના બુરહાનપુરને જોડતો નેશનલ હાઇવે છે અને વચ્ચે કરજણ નદી આવે છે, એ બ્રિજ છે એ બ્રિજને આઠ મહિના પહેલાં જર્જરીત હોવાનું માર્ગ અને મકાન વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું અને ત્યારથી એ બ્રિજને બંધ કરવામાં આવ્યો છે, ત્યાં બેરીકેટ લગાવવામાં આવ્યા છે, ત્યાં એંગલ લગાડવામાં આવ્યા છે અને માત્ર ફોર વ્હીલરને ત્યાં પ્રવેશ આપવામાં આવે છે જેના કારણે મારા વિસ્તારના ખેડૂતો કોઇ શાકભાજી લઇને જતા હોય, કોઇ કાચોમાલ લઇને જતા હોય તો એને ખૂબ હાલાકીનો સામનો કરવો પડે છે. હાલમાં નીંગરથી ભૂતબેડાના ગ્રામ્ય રોડ ઉપર થઇને નેત્રંગ નીકળવું પડે છે જેના કારણે ૨૮થી ૩૦ કિલોમીટર વાયા જવું પડે છે અને ખૂબ જ હાલાકીનો સામનો કરવો પડે છે. મારી રજૂઆત છે કે કયાં તો એ બ્રિજને નવી મંજૂરી આપવામાં આવે અથવા તો એને ડાયવર્ઝન આપવામાં આવે જેથી કરીને આ ખૂબ વ્યસ્ત હાઇવે છે એ પુનઃ કાર્યરત થઇ જાય.

અમે જે વિસ્તારમાં રહીએ છીએ એ વિસ્તાર શૂલપાણેશ્વર અભ્યારણ્ય છે, જંગલ એરિયા છે અને ત્યાંનો આખો સમાજ એ જંગલ બચાવવા માટે, હવાને શુદ્ધ રાખવા માટે, પાણી શુદ્ધ રહે અને પર્યાવરણ તથા પ્રકૃતિને બચાવવા માટે, વન ઔષધિને બચાવવા માટે અને વન્ય પ્રાણીઓ જે પણ છે એને બચાવવા માટે ત્યાંના લોકોનો હેતુ છે. હમણાં જ બે વર્ષ પહેલાં ગુજરાત સરકાર દ્વારા સાપુતારાથી સ્ટેચ્યૂ ઓફ યુનિટીને જોડતો ગ્રીન કોરીડોર મંજૂર કરવામાં આવ્યો છે. ગૃહના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે, અગાઉ કલેકટર સાહેબ, ડી.ડી.ઓ. સાહેબ અને તમામ વર્ગ-૧ અધિકારીઓ, ટી.ડી.ઓ.ની અધ્યક્ષતામાં ચાર-ચાર વખત ત્યાં ગ્રામસભાઓ મળેલી છે. ચારે ચાર વખત આ ૨૧ જેટલા ગામોની જમીન જાય છે એ તમામ ગ્રામસભાઓએ અસહમતીનો ઠરાવ આપ્યા છે છતાં ત્યાં એ પ્રોજેકટ લાવવા માટેની ખૂબ તજવીજ ચાલે છે એ અટકાવવામાં

આવે. પાણી પુરવઠાના મંત્રીશ્રી પણ અહીંયા બેઠા છે. ઝરવાણી પ્રોજેકટમાં પ૪ ગામોને પીવાના પાણી આપવાની જોગવાઇ છે. છેલ્લાં ચાર વર્ષથી આ પ્રોજેકટ ચાલે છે, આજદિન સુધી એક પણ ગામના સમ્પમાં હજી પાણી આવ્યું નથી. ૯૦ ટકા રકમનાં ચૂકવણાં થયાં છે એનું પણ ધ્યાન દોરવામાં આવે. અમારા વિસ્તાર માટે ગઇકાલે જ આ સન્માનનીય ગૃહમાં મારો સવાલ હતો કે આરોગ્ય વિભાગના જેટલા પણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હોય, સામૂહિક કેન્દ્રો હોય, સબ ડિસ્ટ્રિકટ હેલ્થ સેન્ટરો હોય કે જિલ્લા હૉસ્પિટલ હોય ત્યાં કેટલી શબવાહિની છે? એક પણ શબવાહિની નથી. જયાં સ્ટેચ્યૂ ઓફ યુનિટી જેવી દુનિયાની સૌથી ઊંચી પ્રતિમા હોય અને દેશવિદેશના પ્રવાસીઓ આવતા હોય તો ત્યાં પણ સીટી સ્કેન મશીન, સોનોગ્રાફી મશીન અને શબવાહિની જેવી સુવિધાઓ પૂરી પાડવામાં આવે એવી મારી વિનંતી છે. આ નર્મદા યોજના છે તેના માટે પણ પૂરક માગણીઓ અહીં લાવવામાં આવી છે. સન્માનનીય ગૃહમાં મારે દુ:ખ સાથે કહેવું પડે છે, જે નર્મદા ડેમ જે જિલ્લામાં બન્યો છે એ જિલ્લામાં એક બાજુ તાપી મૈયા છે, એક બાજુ નર્મદા મૈયા છે અને અમને સિંચાઇનું પાણી આજદિન સુધી, આઝાદીનાં ૭૮ વર્ષ થયા છતાં પણ આજદિન સુધી અમને સિંચાઇનું પાણી મળ્યું નથી અને એક પ્રકારે સ્ટેચ્યૂ ઓફ યુનિટીની આજુબાજુના વિસ્તારમાં છ જેટલા ગામોની જમીન ત્યાં સ્ટેચ્યૂ ઓફ યુનિટીમાં સંપાદન થયેલ છે એમને પણ આજદિન સુધી વળતર આપવામાં આવ્યું નથી.

કુદરતી આફતોની વાત કરું તો હમણાં ૧૧ હજાર કરોડનું કૃષિ પેકેજ માનનીય કૃષિમંત્રીશ્રી જીતુભાઇ વાઘાણી દ્વારા જાહેર કરવામાં આવ્યું હતું, એ માટે એમને અમે અભિનંદન આપીએ છીએ પણ જે લોકો ભાગિયા તરીકે ખેતી કરે છે, ખેડૂતોની ભાગમાં ખેતી કરે છે એમને પણ આ સરકાર વળતર આપવામાં એવી મારી આપના માધ્યમથી રજૂઆત છે. મારા વિસ્તારમાં આગજન્ય ઘટનાઓ અવારનવાર ઘટે છે જેમાં ઘરો અને ઘરવખરી બળી જાય છે.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. વિરામનો સમય થયો છે. સભાગૃહ ૧૧–૩૦ કલાકે ફરી મળશે.

(વિરામ– સવારના ૧૧–૦૦ થી ૧૧–૩૦)

માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

ઉપાધ્યક્ષશ્રીની જાહેરાત

ઉપાધ્યક્ષશ્રી : મારે સૌ સદસ્યોનું એક ગંભીર પ્રકારનું ધ્યાન દોરવું છે. વિધાનસભામાં સભાગૃહની કાર્યવાહી લાઇવ દર્શાવતા ટી.વી. આ બિલ્ડિંગમાં છે અને તે સુવિધા માટે આપવામાં આવેલ છે. આ ટી.વી. ઉપરથી પ્રસારિત થતી લાઇવ કાર્યવાહીને મોબાઇલ ઉપર રેકર્ડ કરવી અને તેને સોશિયલ મીડિયા પર મૂકવાના પ્રતિબંધ અંગે અગાઉ પણ માનનીય અધ્યક્ષસ્થાનેથી ટકોર કરવામાં આવી છે. રેકોર્ડિંગ અને સોશિયલ મીડિયા પર વીડિયોની બાબત પુન: મારા ધ્યાને આવી છે. આથી હું પુન: આ બાબતે સૌ સદસ્યોને કાળજી રાખવા જણાવું છું.

શ્રી કિરીટસિંહ સ. ડાભી(ધોળકા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે તેને મંજૂર કરવા માટે મારા વિચારો રજૂ કરું છું.

ગુજરાત કેન્સર અને રિસર્ચ ઇન્સ્ટિટ્યુટ (જી.સી.આર.આઇ.), અમદાવાદ એ સ્ટેટ કેન્સર સંસ્થા છે. આ કેન્દ્ર નિદાન અને સારવાર માટે આધુનિક કેન્સર સંસ્થાઓ સાથે દેશના સૌથી મોટા કેન્સર સંભાળ કેન્દ્રમાંનું એક છે. તે સર્જીકલ ઓન્કોલોજી, મેડિકલ ઓન્કોલોજી, રેડિએશન ઓન્કોલોજી, પ્રિવેન્ટિવ ઓન્કોલોજી, પીડિયાટ્રિક ઓન્કોલોજી, ન્યૂરો ઓન્કોલોજી, ગાયનેક ઓન્કોલોજી, રેડિયો નિદાન અને ન્યુકિલઅર મેડિસિન, પેલિએટિવ મેડિસિન, લેબોરેટરી અને ટ્રાન્સફ્યુઝન મેડિસિન, પેથોલોજી અને માઇક્રોબાયોલોજીની બાજુમાં વિશેષતાનું મિશ્રણ છે. ગુજરાત કેન્સર અને રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ હોમ સ્પાઇક કેર, સ્પીચ થેરાપી, કેન્સર હેલ્થ ચેક–અપ, પ્રોસ્થેસિસ અને રિહેબિલિટેશન જેવી અન્ય સંબંધિત સેવાઓ પણ પૂરી પાડે છે. તેમની પાસે કેન્સર બાયોલોજીની એક સમર્પિત સંશોધન પાંખ પણ છે. જે ફક્ત મૂળભૂત અને તબીબી સંશોધન, સંસાધન તાલીમ, શિક્ષણ, દર્દીના સંચાલન માટેના આંતરમાળખાકીય અદ્યતન નિદાન સેવાઓમાં પણ સામેલ છે. ગુજરાત કેન્સર અને રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ સારી ગુણવત્તા, દર્દીની સાર–સંભાળ, અદ્યતન ડાયગ્નોસિસ ઇન્ટરનેશનલ સાધનોથી સજ્જ છે. સંસ્થા પાસે આધુનિક ચાર મોડ્યુલર, ઓપરેશન થિયેટરો, ૧૫ નવા ઓપરેશન થિયેટરો સાથે નાના ઓપરેશન થિયેટરો જે કેન્સરના દર્દીઓ માટે તમામ પ્રકારની મોટી અને નાની સર્જરી માટે જરૂરી અદ્યતન ગેઝેટ્સથી સજ્જ છે. સરકારની પહેલ હેઠળ એવોર્ડ અને માન્યતા પામેલ જી.સી.આર.આઇ. એ પી.એમ.જે.વાય. યોજના હેઠળ લાર્જ સ્ટેટ તરીકે સ્થાન પ્રાપ્ત કર્યું છે. જે આપણા આયુષ્યમાન ભારત, પ્રધાનમંત્રી જન ધન યોજના હેઠળ સસ્તી કેન્સર સારવાર પ્રદાન કરે છે. ટોપ ઓન્કોલોજી ઇન્સ્ટિટ્યૂટ તરીકે માન્યતા પામેલ જી.સી.આર.આઇ.ને વર્ષ ૨૦૨૧, ૨૦૨૨ અને ૨૦૨૩માં ઘ વીક મેગેઝિન દ્વારા ટોપ–૧૦ ઓન્કોલોજી હૉસ્પિટલ તરીકે પણ માન્યતા પ્રાપ્ત થઇ છે. જેમાં સરકારી અને ખાનગી સંસ્થાઓ બંનેનો સમાવેશ થાય છે. કેન્સર પ્રતિબંધિત સ્ક્રીનિંગમાં સુધારણા માટે પ્રારંભિક નિદાન પર ભાર મૂકીને ઓક્ટોબર–૨૦૨૧માં એક વિશિષ્ટ કેન્સર સ્ક્રીનિંગ ઓ.પી.ડી. કરીને દર્દીઓને મોઢા, સ્તન અને સર્વાઇકલ કેન્સર જેવાં સામાન્ય કેન્સર માટે નિ:શુલ્ક સ્ક્રીનિંગ સેવા આપે છે. સેટેલાઇટ કેન્દ્રોનો વિકાસ કરી ગુજરાત સરકારે શૈક્ષણિક પહોંચ વધારીને વર્ષ ૨૦૨૩માં રાજકોટ કેન્દ્ર પર એમ.ડી., રેડિયો એન્કોલોજી કોર્સ શરૂ કર્યો છે અને હવે સરકારે ત્રણ સેટેલાઇટ સેન્ટર રાજકોટ, ભાવનગર અને સિદ્ધપુર ખાતે વ્યાપક કેન્સર કાળજી પ્રદાન કરવાનું પણ શરૂ કર્યું છે. જેમાં મોટા ઓપરેશન, કિમોથેરાપી અને રેડિયોથેરાપીનો પણ

સમાવેશ થાય છે. વર્ષ ૨૦૨૫ દરમિયાન ગુજરાત કેન્સર અને રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ ખાતે નવા કેસો જે રજિસ્ટર થયા છે તે ૨૬૮૩૬ દર્દીઓ, કુલ ઓ.પી.ડી. ૨,૮૬,૬૬૭ દર્દીઓ, આઇ.પી.ડી. ૩૨૮૨૧ દર્દીઓ, કિમોથેરાપીના ૫૦૧૩૦ દર્દીઓ, રેડિયો થેરાપીના ૫૮૫૨ દર્દીઓ, સર્જરી ૧૭૮૦૧ દર્દીઓ અને સાથે ઇમેજિંગ અને રેડિયોલોજિકલ ઇન્વેસ્ટિગેશન એક્સ–રે તપાસ માટે ૫૯૮૧૦ દર્દીઓ, સીટી સ્કેન ઇન્વેસ્ટિગેશન માટે ૨૯૭૦૯ દર્દીઓ, એમ.આર.આઇ. ૬૪૬૦ દર્દીઓ, મેમોગ્રામ ૫૪૮૫ દર્દીઓ, કલર ડોપલર ૧૫૧૨ એમ કુલ મળીને ૧,૨૭,૯૮૪ દર્દીઓને તેનો લાભ મળેલો છે. ગુજરાત કેન્સર અને રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા સંચાલિત સેટેલાઇટ સેન્ટર ખાતે આવેલાં દર્દીઓ જેવા કે, નવા કેસ રાજકોટ ખાતે ૧૭૩૬, ભાવનગર ખાતે ૧૨૭૯, સિદ્ધપુર ખાતે ૯૦૫, ફોલો–અપ કેસો રાજકોટ ખાતે ૨૦૬૪૨, ભાવનગર ખાતે ૧૨૪૦૧, સિદ્ધપુર ખાતે ૧૩૬૭૦, કીમોથેરાપીના રાજકોટ ખાતે ૫૪૪૬ દર્દીઓ, ભાવનગર ખાતે ૨૨૯૮ દર્દીઓ, સિદ્ધપુર ખાતે ૨૨૯૦ દર્દીઓ, રેડિયોથેરાપી રાજકોટ ખાતે ૫૬૫ દર્દીઓ, ભાવનગર ખાતે ૪૯૨ દર્દીઓ, સિદ્ધપુર ખાતે ૫૪૬ દર્દીઓ અને સર્જરી થઇ છે તેવા રાજકોટ ખાતે ૨૮૩ દર્દીઓ, ભાવનગર ખાતે ૬૨૮ દર્દીઓ, સિદ્ધપુર ખાતે ૬૩ દર્દીઓને લાભ મળ્યો છે. સાથ સાથે મિઝોરમ, લદાખ, મણિપુર અને આપણા દેશના અન્ય રાજ્યો તથા વિદેશમાંથી પણ અમદાવાદ કેન્સર રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટમાં દર્દીઓ સારવાર અર્થે આવે છે. આમ, ગુજરાત કેન્સર અને રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ કાળજી, સંશોધન અને પ્રતિબંધના લક્ષ્યાંક પર છેલ્લા પાંચ દાયકાઓથી અગ્રણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઇન્સ્ટિટ્યૂટની સિદ્ધિઓ, ત્યાંના તમામ સ્ટાફની પ્રતિબદ્ધતા અને મહેનતનું પરિણામ છે. સંસ્થા ખાતે કાર્યરત કર્મચારી/અધિકારીશ્રીઓની સંખ્યામાં વધારો થતાં તેમના પગાર–ભથ્થાં, વહીવટી ખર્ચ, આઉટસોર્સ સેવાઓ અને વિદ્યાર્થીઓના સ્ટાઇપેન્ડ વગેરેના ચૂકવણા પેટે પડનાર ઘટને ધ્યાનમાં રાખી રૂ.૧૫ કરોડ ૮૩ લાખની પૂરક માગણી માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે તેમાં સભાગૃહને અને વિરોધ પક્ષના મિત્રોને મારી વિનંતી છે કે, સર્વાનુમતે આ પૂરક માગણીઓ મંજૂર કરે.

શ્રી ગૌતમભાઇ ગો. ચૌહાણ(તળાજા) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય મંત્રીશ્રી જે પૂરક માગણી લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

ગૌરવવંતી ગુર્જર ધરાના બહુમૂલ્ય ધારાગૃહમાં આજ રોજ હાથ ધરાનાર પૂરક માગણીઓ પરની ચર્ચામાં ભાગ લેવાનો અને મારા વિચારો મૂકવાનો અવસર મળ્યો છે તે બદલ આપ સૌનો આભારી છું. હું ગુજરાત રાજ્યના તળાજા વિસ્તારનું પ્રતિનિધિત્વ કરું છું ત્યારે મારા વિસ્તારના તળાજાનો ટૂંકો પરિચય આપીને મારી વાત શરૂ કરીશ. ગુર્જર ધરાના બહુગુણા અને ચરિત્રવાન કરોડો નરનારીઓનાં કમરતોડ પ્રયાસોથી ગુજરાત આ મુકામ સુધી પહોંચ્યું છે. ''ઘસાઈને ઊજળા થઈએ'' એવા જીવનમંત્રના દ્રષ્ટપૂર્ણ શ્લોક રવિશંકર મહારાજના કરકમળોથી આ ગુજરાત રાજ્યનું મંગળાચરણ થયું. આવી ગરવી ગુર્જર ધરાના તળાજા વિસ્તારનું હું આ ગૃહમાં પ્રતિનિધિત્વ કરી રહ્યો છું. તળાજા એટલે જ્યાં અરબસાગરના નીર નિત્ય મહાદેવ ગોપનાથના ચરણ પખાળે છે. ભક્તકવિ નરસિંહ મહેતા અને પ્રજાવત્સલ નેક રાજવી હેમલજી વાળાના સુશાસનની સુગંધ તળાજાના વાયુમાં આજે પણ વિહરે છે. તળાજાના અલંગ યાર્ડે વિશ્વના નકશામાં એક અલાયદું સ્થાન સુનિશ્ચિત કર્યું છે. તળાજાનું એક સમયના સરતાનપર બંદર પર તે સમયે ભાવનગર ઠાકોરના વહાણવટીઓના દોઢસો જેટલા વાવટા એકસામટા ફરકતા હતા. તળાજાના મહેનતકશ કૃષિકારોની કૃષિ નિપજો ગુજરાત અને દેશના અનેક રાજ્યોમાં નિકાસ કરવામાં આવે છે. ગિરનારની ચોટી પરથી વહેતી ચેતકગંગા શેત્રુંજી ગુરૂદત્ત, ગુરૂ ગોરખનાથ અને મા અંબા ભવાનીની પવિત્ર ચરણરજ તળાજાના પાદરે આવે છે. ગિરનારના સાવજના એઠાં પાણી પીધેલા તળાજાના નર–નારીઓ પણ સાવજ જેવા છાતીકંટા છે. આવા ગૌરવવંતા તળાજાના પ્રતિનિધિ તરીકે હું મહેસૂલ વિભાગની પૂરક માગણી સંદર્ભે મારા વિચારો રજૂ કરું છું. કુદરતી આફત અંગે રાહત એ વિષય ખૂબ મહત્ત્વનો વિષય છે. કુદરની આફતો એ પૃથ્વીની ભૌગોલિક કે વાતાવરણીય પ્રક્રિયાઓને કારણે સર્જાતી વિનાશક ઘટનાઓ છે. જે જાનમાલનું ભારે નુકસાન કરે છે. મુખ્ય આપત્તિઓમાં ભૂકંપ, પૂર, વાવાઝોડું, દુષ્કાળ, સુનામી, જવાળામુખીઓ વગેરેનો સમાવેશ થાય છે. આ ઘટનાઓ માનવીય દખલગીરી વિના કુદરતી રીતે થાય છે. વિકસિત દેશોમાં એ અતિભારે નુકસાન કરે છે. વર્ષ ૨૦૦૧માં ભૂકંપે ગુજરાતની ધરાને ધ્રુજાવીને તારાજી વેરેલી. તે સમયે આખું ગુજરાત સ્તબ્ધ બની ગયેલું. ઉક્ત ભૂકંપના કારણે વ્યાપેલી તારાજીમાંથી બેઠાં થવા માટે વર્તમાન ભારત સરકારના સ્વપ્નદ્રષ્ટા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે પોતાની કરૂણા અને શક્તિ કામે લગાડેલી. તે સમયની ગુજરાત સરકારની સમગ્ર મશીનરી અને સેવાભાવી સંસ્થાઓએ ગુજરાતને મિશન મોડમાં લાવીને બેઠું કરી દીધું. તારાજ થયેલા કચ્છ સહિત ગુજરાતમાં નવો પ્રાણ ફૂંકાયો. માનનીય નરેન્દ્રભાઇની કરુણા અને ચિંતનમાંથી એક વિચાર ઉદભવ્યો અને વર્ષ ૨૦૦૩માં ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ વિધાનસભામાં પસાર કરવામાં આવ્યો. મેનેજમેન્ટ ઓથોરિટીની રચના કરવામાં આવી. સદર ઓથોરિટી રાજ્યમાં આવતી કુદરતી હોનારતો જેવી કે, પૂર, અતિવૃષ્ટિ, વરસાદની અછત, વાવાઝોડું, વીજળી પડવી, ભૂકંપ જેવી આપત્તિઓના સમયે અસરકારક અને નિર્ણાયક સંચાલન તેમજ રાહત સુવિધા અને આપત્તિ પછી પુનઃ નિર્માણ, પુનઃ વસવાટની અમલીકરણ અને દેખરેખ સંકલન માટે તેમજ કુદરતી આફતોમાં અસરગ્રસ્ત થયેલા રાજ્યના નાગરિકોને સંકટમાંથી ઊગારવાનું કામ આ ઓથોરિટી કરે છે. ગત વર્ષ ૨૦૨૫માં અતિવૃષ્ટિ થઇ. આપણે સૌ જાણીએ છીએ તેમ અતિવૃષ્ટિમાં ગુજરાતનો ખેડૂત પાયમાલ થયો. એમના ખેતરમાં પાકેલો પાક ધોવાઇ ગયો. આપણે બધા જાણીએ છીએ ત્યારે ખેડૂતોએ એક

માંગ કરેલી, જુવાળ ઉઠેલો ત્યારે મારો ભાવનગર જિલ્લો પણ અતિવૃષ્ટિમાં ખૂબ મોખરે હતો અને ખૂબ નુકસાન થયેલું ત્યારે ખેડૂતો, આગેવાનોના સતત ફોન રણકતા હતા અને એવું કહેતા હતા કે ખેડૂતોનો પાક ધોવાઈ ગયો છે. આખું વર્ષ ફેઈલ ગયું છે અને હવે આમાં સરકાર કંઈ સહાય આપે. અમારા જિલ્લાના આદરણીય કૃષિ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીને હું ફોન દ્વારા અવારનવાર વાત કરતો હતો અને જે કઈ પરિસ્થિતિ હતી તેની જાણ કરતો હતો. એમને મને વાત કરી કે આદરણીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, આદરણીય નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઇ સંઘવી, નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈની ટીમે નક્કી કર્યું કે બધા જ મંત્રીશ્રીઓ પોતપોતાના જિલ્લામાં જાય અને ખેડૂતો સુધી પહોંચે અને જે કઈ નુકસાન થયું હોય તેનો તાગ મેળવે. આદરણીય જીતુભાઈ વાઘાણી ભાવનગર જિલ્લામાં આવ્યા. અમારા તળાજા તાલુકામાં આવ્યા. તંત્રને સાથે રાખીને એમની સાથે બેઠકો કરી, ખેડૂતોના ખેતર સુધી ગયા. ખેડૂતોની સિંગ પલળેલી પડી હતી. તેઓએ પાણીમાં કૂદતા કૂદતા ખેડૂતોની વચ્ચે જઇ એમને સાંત્વના આપી. ખેડૂતોને રૂ.૧૧ હજાર કરોડથી વધારેનું માતબર પેકેજ જાહેર કરી ખેડૂતોને સાંત્વના આપવાનું કામ આદરણીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, શ્રી હર્ષભાઇ સંઘવી અને શ્રી જીતુભાઇ વાઘાણીએ કર્યું છે. એટલું જ નહીં, આ સહાય ખેડૂતોના ખાતામાં આવે એ માટે રેન્ડમલી પિયત અને બીનપિયત બંનેનો સરવે કરાવી નુકસાન પેટે એક હેકટર દીઠ રૂ. ૨૨૦૦૦/– એટલે બે હેકટરના દાયજામાં રૂ. ૪૪,૦૦૦/– એમના ખાતામાં સીધા પહોંચે તેવી વ્યવસ્થા કરી હતી. ખેડૂતોએ અમને ફોન કરી ચહેરા ઉપર સ્મિત બતાવી કહ્યું કે અમારી નુકસાનીના પૈસા અમારા ખાતામાં આવે છે સાથેસાથે અમે ટેકાના ભાવે જે સિંગ વેચી છે એના પૈસા પણ અમારા ખાતામાં આવ્યા છે. આ બધુ ગુજરાત સરકાર જાણતી હતી કે ખેડૂતોને પગભર કરવા માટે, ખેડૂતોને બેઠા કરવા માટે આપણે ખેડૂતો માટે પેકેજ જાહેર કરવું પડે અને અંદાજિત રૂ. ૧૫ હજાર કરોડની ટેકાના ભાવે ખરીદી કરી, સી.સી.આઇ.ના ભાવે કપાસની ખરીદી કરી. આ સરકાર ખેડૂતોની પડખે ઊભી રહી છે. ખેડૂતોની આવક બમણી થાય એ માટે ખેડૂતોને સહાયરૂપે આ સરકારે એમની પડખે ઊભી રહી આશ્વાસન આપ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનો દરિયાકિનારો ખૂબ લાંબો છે. આ દરિયાકિનારાનો લાભ લઇ ઘણા માછીમાર ભાઇઓ માછીમારીનો ધંધો કરતા હોય છે. તેઓ હોડી લઇ દૂરદૂર સુધી દરિયામાં જતા હોય ત્યારે ત્યાં વાવાઝોડું આવે, ચક્રવાત આવે અને હોડી કયારેક બંધ પડી જાય અથવા લાપતા થાય, કયારેક માછીમાર ભાઇઓ લાપતા થાય ત્યારે એવા કિસ્સામાં પણ સરકાર એમને સહાય આપે છે. એટલું જ નહીં, ખેતરમાં ખેતી કરતા ખેત મજૂરો જયારે ચોમાસામાં ખુલ્લા આકાશની નીચે ખેતી કરતા હોય, ખેતકામ કરતા હોય ત્યારે અચાનક વીજળી પડે અને ખેતમજૂરનું મૃત્યુ થાય, ખેડૂતનું મૃત્યુ થાય કે ઢોરનું મૃત્યુ થાય ત્યારે પણ આ સરકાર એમને યોગ્ય સહાય અને વળતર આપતી હોય છે. આ રીતે વિકસિત ભારતનું સપનું સાકાર કરવા માટે ગુજરાત પાછળ ના રહે એના માટે સરકારશ્રી દ્વારા તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. માનનીય મંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે એને હું સમર્થન આપું છું.

શ્રી રાજેન્દ્રકુમાર ચાવડા(કડી) : માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભા ગૃહમાં મને ચૂંટાયા પછી પ્રથમ વખત બોલવાની તક આપવા બદલ હું માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રી તેમજ માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઇ સંઘવી સાહેબનો આભાર માનું છું. માનનીય નાણામંત્રી શ્રી કનુભાઇ દેસાઇ સાહેબ માર્ગ અને પુલો અંગેની પૂરક માગણી નંબર ૮૬, રૂ.૧૯.૮૮ કરોડની સભાગૃહ સમક્ષ લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ વર્ષના અંદાજપત્રમાં પેટા સદર માટે રૂપિયા ૨૬૦ કરોડની મતપાત્ર જોગવાઇ સામે ૮ મહિનાના ખરેખર ખર્ચના આંકડાના આધારે સુધારેલ ખર્ચ તથા પ્રવાસી પથના બાંધકામ માટેના થયેલા વધારાના ખર્ચના સંદર્ભમાં પરિસ્થિતિની પુનઃવિચારણા કરતાં એક અંદાજ છે કે રૂપિયા ૪૦ કરોડની વધારાની જરૂરિયાત રહેવાની છે. તેમાં ચાલુ વર્ષના અંદાજપત્રમાં મંજૂર થયેલ અનુદાનોની આંતરિક બચતમાંથી રૂપિયા ૨૦.૧૨ કરોડની બચત થવા પામેલ છે. આથી બાકીની રૂપિયા ૧૯.૮૮ કરોડની રકમ જરૂર હોવાથી તેટલી રકમની પૂરક માગણી રજૂ કરી છે. પ્રવાસી પથના બાંધકામ હેતુ માટે વપરાનાર રકમ પૂરક માગણીથી મંજૂર થવાના કારણે સાર્વજનિક રીતે લોકોને તેનો લાભ થવાનો છે. આથી આ પૂરક માગણી તદ્દન વાજબી રીતે અને લોકહિતમાં હોવાથી હું તેનું સમર્થન કરું છું અને મંજૂર કરવા ગૃહને વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગ દ્વારા રાજ્યના ધોરીમાર્ગોનું બાંધકામ અને જાળવણી કરવામાં આવે છે. આ વિભાગ દ્વારા વિભાગના અને અન્ય વિભાગોના મકાનોના બાંધકામની કામગીરી પણ હાથ ધરવામાં આવે છે. વિભાગ દ્વારા વિભાગના હાઇસ્પીડ કોરીડોર, બંદરોને જોડતા રસ્તા, ઔદ્યોગિક વિસ્તારોને જોડતા રસ્તા, ક્વોરીને જોડતા રસ્તા, ટૂરિસ્ટ સરકીટ તેમજ મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના વગેરે યોજનાઓ થકી સમગ્ર ગુજરાતનો વિકાસ થઇ રહેલ છે. જે દેશમાં ગણનાપાત્ર છે. તત્કાલીન મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ રાજ્યના માર્ગોને યોજનાકીય રીતે વિકાસ હાથ ધરવાની દૂરંદેશીના અનુસંધાને ભારે ટ્રાફિક ધરાવતા હાઇ–વેને હાઇસ્પીડ કોરીડોર તરીકે રૂપિયા ૧૦,૭૩૧ કરોડના ખર્ચે વિકસાવવા રાજ્ય સરકારે નિર્ણય કરેલ છે. આ નિર્ણયના ભાગરૂપે વટામણ–પીપળી, સુરત–સચિન–નવસારી, અમદાવાદ–ડાકોર, ભૂજ–ભચાઉ, રાજકોટ–ભાવનગર, મહેસાણા–પાલનપુર સહિત ૭ હાઇસ્પીડ કોરીડોર વિકસાવવા રૂપિયા ૭૭૯૨.૩૦ કરોડની કામગીરી પ્રગતિ હેઠળ તથા ૩ હાઇસ્પીડ કોરીડોર વિકસાવવા રૂપિયા ૨૯૩૮.૭૦ નાં કામો શરૂ થનાર છે. આબોહવા, સ્થિતિસ્થાપક અને નવીન ટેકનોલોજી થકી રાજ્ય સરકાર દ્વારા રસ્તાઓના નિર્માણનાં ૨૦ કામો માટે રૂપિયા ૧૧૪૭.૦૮ કરોડની મંજૂરી આપેલ છે. રાજ્યના બંદરોને જોડતા ૨૮ હયાત રસ્તાઓની સુધારણા, વાઇડનિંગ, મજબૂતીકરણ તથા સ્ટ્રકચર અને રોડની

સેફ્ટી સંબંધિત કામગીરી અંદાજિત રૂપિયા ૧૮૯૫ કરોડના ખર્ચની મંજૂરી આપવામાં આવેલ છે. જે પૈકી રૂપિયા ૭૮ કરોડના કામો પૂર્ણ થયા છે. રૂપિયા ૫૫.૬૫ કરોડના ૧૪ કામો પ્રગતિમાં છે. રૂપિયા ૯૬૧.૩૫ કરોડનાં ૧૧ કામો ટૂંક સમયમાં શરૂ થનાર છે.

મારા મતવિસ્તારની વાત કરું તો કડી મતવિસ્તારમાં વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન રાજ્ય પ્રભાગના કુલ રૂપિયા ૨૧૯.૬૫ કરોડના કુલ ૮ કામો મંજૂર થયેલ છે. જે પૈકી મોટા કામોમાં નાની કડી-ચંદ્રાસણ-ખોડાનો ઢાળનો રોડ જે ૭ મીટરમાંથી ૧૦ મીટર પહોળાઈમાં રીકન્સ્ટ્રકશન તથા વાઈડનિંગની કામગીરી માટે રૂપિયા ૧૨૮.૨૮ કરોડની મંજૂરી મળેલ છે. પાલડી-ખાવડ-ધરમપુરનો રોડ હયાત ૩.૭૫ મીટરમાંથી ૭ મીટર પહોળો કરવાની કામગીરી માટે રૂપિયા ૧૬.૨૯ કરોડની મંજૂરી મળેલ તેમજ કડી-જાસલપુર-મોકાસણ-સુરજ રોડને રી-સરફેસિંગ તથા મજબૂતીકરણની કામગીરી માટે રૂપિયા ૧૫.૫૦ કરોડની મંજૂરી મળેલ છે. આ તમામ કામો હાલ પ્રગતિમાં છે. કડી મત વિસ્તારમાં માર્ગ અને મકાન પંચાયત પ્રભાગના સને ૨૦૨૫-૨૬માં ૧૦૪.૯૫ કિલોમિટર લંબાઈના રૂપિયા ૮૦.૬૦ કરોડના ૬૬ કામો પણ મંજૂર થયેલ છે. આમ, રાજ્ય અને પંચાયતના એકંદરે ૧૫૨.૧૬ કિલોમિટરના રૂપિયા ૩૨૫ કરોડનાં ૭૪ કામો મંજૂર થયાં છે. આથી હું ખૂબ જ આનંદની લાગણી અનુભવું છું. અમદાવાદ-મહેસાણા હાઇ-વે ને આઠ માર્ગીય કરવાની મેગા પ્રોજેક્ટની મંજૂરી સરકાર દ્વારા આપવામાં આવેલ છે. તેની લંબાઇ ૫૧.૬૦ કિલોમિટર જે અડાલજથી પાલાવાસણા સર્કલ મહેસાણા સુધી મંજૂર થયેલો છે, જેના પ્રોજેકટની રકમ કુલ રૂ.૨,૬૩૦ કરોડ છે. અમદાવાદ અને ઉત્તર ગુજરાતને જોડતા અને મહત્ત્વના અમદાવાદ-મહેસાણા ટોલરોડની ૫૧.૬૦ કિલોમિટરની લંબાઇને વર્ષ ૧૯૯૯માં ચાર માર્ગીય બનાવવામાં આવેલ હતો, જેમા રસ્તાની સળંગ લંબાઇમાં રસ્તાની બંને બાજુ સર્વિસ રોડ પણ બનાવવામાં આવેલ હતા. સદર રસ્તા પરના હાલના ટ્રાફિક સરવે એક દિવસમાં કુલ અંદાજે ૧ લાખથી વધુ વાહનો આ માર્ગ ઉપર અવર-જવર કરે છે. હાલમાં રસ્તા પરના ટ્રાફિકના ભારણને ધ્યાનમાં રાખીને હયાત ચાર માર્ગીય રસ્તાને આઠ માર્ગીયકરણ કરવાની માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબે રૂ.૨,૬૩૦ કરોડની મંજૂરી આપેલ છે, જેમાં મુખ્ય રસ્તાને આઠ માર્ગીય તથા રસ્તાની બંને બાજુ ૭ મીટર પહોળા સર્વિસ રોડ પણ બનાવામાં આવશે. કલોલ શહેરના ટ્રાફિકનું ભારણ વધુ હોય શહેરમાંથી પસાર થતી લંબાઇમાં સમાવિષ્ટ પાંચ ઓવરબ્રિજ ફ્લાયઓવરને જોડતા કુલ ૬.૧૦ કિલોમિટર લંબાઇનો એલીવેટેડ કોરીડોર પણ સમાવેશ કરેલ છે, જેથી સ્થાનિક શહેરના આંતરિક ટ્રાફિકને કોઇપણ અવરોધ વગર હાઇવે પરનો ટ્રાફિક પસાર થઇ શકે. રસ્તા પરના તમામ બ્રિજ સ્ટ્રકચર, પાઇપ કન્વર્ટર, બોક્ષ કન્વર્ટરને આઠ માર્ગીય કરવાની કામગીરી પણ થવાની છે. આ ઉપરાંત આઠ ફ્લાય ઓવર મુખ્યત્વે શેરથા ખાતે બે, રાજપુર, બાસુયા, જગુદણ, મેવડ ખાતે કુલ છ નવા ફ્લાયઓવર. જ્યારે કલોલ અને છત્રાલ ખાતે વધારાના ચાર માર્ગીય ફ્લાય ઓવર પણ બનવાના છે. આ ઉપરાંત આઠ સ્થળોએ અંડરપાસ પણ બનાવવામાં આવશે, જે શેરથા ખાતે બે, ઇફ્કો કલોલ પાસે એક, કલોલ શહેર ખાતે બે, છત્રાલ પાસે એક, નંદાસણ-ગણેશપુરા પાસે એક એક બનશે. આ ઉપરાંત હયાત કલોલ આર.ઓ.બી.ની બાજુમાં નવો વધારાનો ચાર માર્ગીય આર.ઓ.બી. પણ બનવાનો છે. આ કામગીરીના ટેન્ડર ટૂંક સમયમાં બહાર પાડવામાં આવશે અને ટેન્ડર મંજૂરી બાદ બે વર્ષમાં કામગીરી પૂર્ણ કરવાનું સરકારશ્રીનું આયોજન છે. રાજ્ય સરકાર ઇન્ફ્રાસ્ટ્રકચરના વિકાસ માટે કટીબદ્ધ છે. ઉત્તર ગુજરાતના મહેસાણા, પાટણ તથા બનાસકાંઠા જિલ્લાઓને આ સુવિધાઓનો લાભ મળશે. આ આઠ માર્ગીય કામગીરી થવાથી ઉત્તર ગુજરાત અને મહેસાણા જિલ્લાની માંગ સંતોષાશે. વાહનવ્યવહાર ઝડપી, સલામત અને સુગમ્ય બનશે અને આ આઠ માર્ગીય માર્ગ મારા મતવિસ્તારમાં આવતો હોવાથી મારા વિસ્તારના તમામ લોકો આનંદની લાગણી અનુભવે છે. આમ, આ વિભાગ દ્વારા ઉત્તરોત્તર પ્રશંસનીય કામગીરી કરવામાં આવી રહી છે. જ્યારે રાજ્યના માર્ગો ઉત્તરોત્તર વધુ ને વધુ અપગ્રેડ થઇ રહેલ છે અને તે પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા પૂરતી નાણાકીય ઉપલબ્ધતા પણ કરવામાં આવી રહેલ છે તેને ધ્યાને લેતાં વર્ષ ૨૦૨૫-૨૬ની વિભાગની પૂરક માગણીને હું સમર્થન કરું છું. અસ્તુ.

ઉપાધ્યક્ષશ્રી: માનનીય શ્રીરાજેન્દ્રભાઇ ચાવડા ગૃહમાં પહેલી વખત બોલ્યાં છો, સરસ બોલો છો. તમને અભિનંદન. માનનીય અનિકેતભાઇ ઠાકર.

શ્રી અનિકેત ગિ. ઠાકર(પાલનપુર) : માનનીય અધ્યક્ષશ્રી, અંદાજપત્રની પૂરક માગણીઓમાં પાણી પુરવઠા વિભાગની પૂરક માગણી નં.૬૭ના સમર્થનમાં આજે હું મારા વિચારો વ્યકત કરું છું.

સંસ્કૃત્તમાં એક શ્લોક છે કે - ''યથા દેશે તથા દેશે, જલમ્ જીવન કારીણી'' જેટલું આ જીવનમાં જળનું મહત્ત્વ છે એટલું જ આખા વિસ્તારમાં પાણીનું મહત્ત્વ છે. મને એક વાત કહેતા ખૂબજ આનંદ થાય છે કે ગુજરાતની સરકાર એ માટે કટીબદ્ધ છે. જરા આપણે ભૂતકાળમાં જોઇએ તો અત્યારે આપણા વડાપ્રધાન માનનીયશ્રી નરેન્દ્રભાઇ મોદી એ જે વ્યવસ્થાઓ આખા ગુજરાતના દરેકે દરેક ખૂણાઓમાં અને આ દેશના દરેરે દરેક ખૂણાઓમાં પાણી કે અન્ય બાબતની પણ ખૂબ ચિંતા કરીને કરી છે.જે ચિંતા જોઇ, જયાં અછત હોય ત્યાં પાણીની કિમત આપણને દેખાય, આવા તમામ વિસ્તારોની અંદર પીવાનું શુદ્ધ પાણી મળી રહે, સિંચાઇનું પાણી મળી રહે એની જે યોજનાઓ મૂકી છે. આપણે ગઇકાલના અને આજના અલગ અલગ વકતવ્યમાં જોઇએ તો અમારા તડવી સાહેબ વાત કરતા હોય કે અમારા લવિંગજી વાત કરતા હોય, તેઓ ગર્વથી આ સરકારને અભિનંદન આપી રહ્યા છે. એમના ઘરના ફળીયા સુધી પાણી પહોંચ્યા છે એના માટે પ્રજાનો જે રાજીપો છે એ રાજીપો આ સરકાર માટે આ તમામ સદસ્યો વ્યકત કરી રહ્યા છે, એટલે જ આપણે કહીએ છીએ કે '' મોદી હે તો મુમકીન હૈ'' અને એટલે

જ આપણે કહીએ છીએ કે ભા.જ.પ. એ ભરોસાની સરકાર છે. હું મારી વાત કરું તો મારા વિસ્તારમાં ૯૨ તળાવો ભરાવાની કસડા–દાંતીવાડા અને આમ તો ૨૫૧ તળાવો જેમાંથી ભરાશે એ યોજના પૂર્ણ થવાને આરે છે, ટેસ્ટીંગ ચાલી રહ્યું છે, તમે વિચાર કરો કે જયારે આ ૯૨ તળાવ ભરાઇ જશે ત્યારે મારા વિસ્તારની કાયાપલટ બદલાઇ જશે. અમારો આ વિસ્તાર જે રીતે ડેવલપ થશે એની કલ્પના એ પ્રજાનો ભારતીય જનતા પાર્ટીની સરકાર ઉપરનો ભરોસો વ્યકત કરે છે. યોજનાઓ અંગે કેટલી ડેપ્થ સુધી, કેટલી ઝીણવટભરી રીતે આ પાણી પુરવઠા વિભાગ કામ કરે છે એની વાત કરીએ તો યોજનાઓ બને પરંતુ યોજનાઓ બન્યા પછીની વિતરણ વ્યવસ્થા તો ગ્રામ પંચાયત હોય એના પછી પાણી સમિતિ હોય તે આ ગ્રામ પંચાયત અને પાણી સમિતિની સાથે જે ચાવીરૂપ ભૂમિકાનું કામ કરે છે તેવા ઓપરેટર મિત્રો, આ ઓપરેટર મિત્રોને યોગ્ય તાલીમ મળી રહે એની મરામત અને નિભાવણી માટે સીધી સંપર્ક, રોજબરોજ જે પ્રશ્નો ઉપસ્થિત થાય છે એના સોલ્યુશન માટે આ વિભાગ દર મહિને દરેક તાલુકાના ઓપરેટરને ફિલ્ટર પ્લાન્ટ ઘરાવતા હેડવર્ક સાથે તાલીમ આપવાનું આયોજન સુદ્ધા કરે છે. આપણે વિચાર કરીએ કે આદિવાસી વિસ્તારના ૧૪ જિલ્લા અને એના ૫૩ તાલુકાના ગામો અને એની જે આંતરિક પાણી પુરવઠાની યોજનાઓ છે એના સુચારુ મરામત અને નિભાવણી માટે પ્રોત્સાહન પુરસ્કાર, ગ્રામ પંચાયતો દ્વારા પાણી વેરાની મહત્તમ વસૂલાત કરવામાં આવે તે માટે પ્રોત્સાહનની રકમ આ બધું જ આયોજન આ બજેટની અમારી પૂરક માગણીઓમાં કરેલ છે. ગ્રામ પંચાયતોની આંતરિક પાણી પુરવઠાની યોજનાથી ઓનરશીપની ભાવના વધુમાં વધુ પ્રગટ થશે. ગઇકાલે આપણા નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવીએ અમારા બનાસકાંઠા યોજનાની રીવર્સ માઇગ્રેશનની વાત કરી, અમે એના સાક્ષી છીએ, બનાસકાંઠાના દરેકે દરેક જનપ્રતિનિધિ એનો સાક્ષી છે. પાણી આવવાથી જે લોકો મજૂરી માટે બહાર ગયા હતા, નોકરી માટે ગયા હતા એ બધા જ લોકો હવે પોતાના વિસ્તારમાં પરત આવ્યા છે. અમારો વિસ્તાર હરિયાળો બનવા લાગ્યો છે. આ બનાસકાંઠા કે જયાં માત્ર રેતી હતી એ જગ્યાએ અત્યારે પાણી છે. આ જે રીવર્સ માઇગ્રેશન અમે જોઇએ છીએ, મારા બનાસકાંઠા જિલ્લાના કુલ ૮૨૧ ગામ છે અને તે પૈકી ૭૮૨ ગામોને નર્મદા તથા અન્ય સરફેસ સ્ત્રોત આધારિત ૧૧ જૂથ યોજના હેઠળ જોડવામાં આવેલ છે. જયારે અન્ય ગામો હાલ સ્વતંત્ર સ્ત્રોત આધારિત પાણી પુરવઠા યોજનામાંથી પાણી મેળવે છે. આ તમામ ગામોને નવીન સુધારણા જૂથ યોજના હેઠળ આવરી લેવા માટેના કામોનું અમલીકરણ અત્યારે હાથ ધરવામાં આવ્યું છે. મારા મતવિસ્તાર પાલનપુરની વાત કરું તો કુલ ૧૧૫ ગામો પૈકી ૧૧૩ ગામોને નર્મદા તથા અન્ય સરફેસ સ્ત્રોત આધારિત વિવિધ જૂથ યોજનાઓ હેઠળ આવરી લેવામાં આવેલ છે. બાકી રહેતા ગામો હાલ સ્વતંત્ર જૂથ આધારિત પાણી પુરવઠા યોજનાથી પાણી મેળવે છે. બનાસકાંઠા જિલ્લામાં દાંતા અને અમીરગઢ તાલુકાના ૩૩ ગામો જ્યાં ડુંગરાળ અને ખડકાળ વિસ્તાર છે અને અંબાજી શહેરની આજુબાજુ આવેલા ગામો, અંબાજી એટલે આપણી બધાંની આસ્થાનું કેન્દ્ર જ્યાં દિવસના લાખો પ્રવાસીઓ આવે છે. આ ગામોનો હજી સુધી જૂથ યોજનામાં સમાવેશ નથી થયો. અંબાજી પવિત્ર યાત્રાધામ હોઇ, અંબાજીમાં ભવિષ્યમાં ડેવલપમેન્ટ થવાનું હોવાથી ત્યાં સરફેસ સ્ત્રોત આધારિત પીવાના પાણીની વ્યવસ્થા કરવા માટે આયોજન કરવામાં આવેલ છે. અંબાજી શહેરનો સમાવેશ કરતી અંબાજી જૂથ પાણી પુરવઠા યોજનામાં અંદાજિત રૂ.૧૫૩ કરોડના કામોનું અમલીકરણ હાથ ધરવામાં આવેલ છે અને તે પ્રગતિ હેઠળ છે. આ યોજના પૂર્ણ થતાં ૩૩ ગામો અને અંબાજી શહેરમાં પીવાનું શુદ્ધ પાણી મળી રહેશે અને અંબાજી શહેર અને આજુબાજુના વિસ્તારના વિકાસને વેગ મળશે. પાણી પુરવઠા વિભાગ સુદ્રઢ વ્યવસ્થા ઊભી કરવા માટે સતત કાર્ય કરી રહ્યું છે. રાજ્યના ગામ જ નહિ છેવાડાના ફળિયા સુધી પાણીની સુવિધા બાકી ન રહે તે માટે મક્કમ નિર્ધાર સાથે અમારા મુખ્યમંત્રીશ્રી અને આખી સરકાર કાર્યશીલ છે. હું માગણી ક્રમાંક–૬૭ને મારું સમર્થન જાહેર કરું છું. આભાર.

શ્રી ચૈતન્યસિંહ પ્ર. ઝાલા(પાદરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ પૂરક માગણી નં–૨ લઇને આવ્યા છે એમાં મારું સમર્થન જાહેર કરું છું અને આ ચર્ચામાં મારા વિચારો રજૂ કરું છું.

આપણો ભારત દેશ એક કૃષિ પ્રધાન દેશ છે અને જગતનો તાત આપણો ખેડૂત વિવિધ પ્રકારની ખેતી, જૈવિક ખેતી, બાગાયત ખેતી, વેપારી ખેતી જેવી વિવિધ પ્રકારની ખેતી કરીને આપણને ખોરાક પૂરો પાડે છે સાથે પોતાની આજીવિકા પણ મેળવે છે અને એના આધારે આપણા ભારત દેશની જી.ડી.પી.માં ૧૬ ટકા હિસ્સો આ કૃષિ વિભાગનો અને ખેડૂતોનો છે. મારા પાદરા તાલુકાના શાકભાજી ખૂબ જ પ્રખ્યાત છે. ભારત દેશના મુખ્ય શહેરો મુંબઇ અને દિલ્હી સુધી મારા પાદરા તાલુકાની શાકભાજી પહોંચાડવામાં આવે છે. એ મારા પાદરા તાલુકા માટે ખૂબ જ ગૌરવની વાત છે. ખેડૂત માનવસર્જિત આફત સામે તો લડી શકે છે પણ કુદરતી આફત સામે લાચાર બની જાય છે. ગયા વર્ષે જ દિવાળીના સમયમાં એક બાજુ દિવાળીની ખરીદી ચાલતી હોય, દિવાળી બાદ ખેડૂતોએ લગ્ન લીધા હોય અને આવા સમયમાં કુદરતી આફત વરસાદના સ્વરૂપમાં આવી અને ખેડૂતોની તમામ ખેતી નિષ્ફળ જવા પામી હતી.આવા સમયે ખેડૂતોની સાથે ઊભા રહેવાને બદલે કેટલાંક લોકો આફતમાં અવસર શોધતા હોય છે અને જેવી રીતે વરસાદમાં દેડકા ડ્રાઉં ડ્રાઉં કરતા હોય તેવી જ રીતે કુદરતી આફતનો દોષ આપણી સરકાર ઉપર નાખવા માટેના પ્રયત્નો કરતા હોય છે. પરંતુ એમને ખબર નથી કે આ સરકાર મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકાર છે. આફતના સમયમાં પણ ખેડૂતોની સાથે ઊભી રહેલી સરકાર છે. મારી સરકારે આફતને અવસરમાં ફેરવીને ખેડૂતોની સાથે, ખેડૂતોની વ્હારે આવીને એમને મદદ કરી છે. (અંતરાય) મેં કૂવામાંના દેડકાની વાત કરી નથી. વરસાદી દેડકાની વાત કરી છે. મને ખબર નહીં તમે તેમાંય આવો છો.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય સભ્યશ્રી બોલતી વખતે અહીંયા બેઠેલાં સભ્યશ્રી તરફ ઇશારો કરીને એવું કહ્યું કે, તમે પણ એવા દેડકામાં આવતા હશો. કોઇ સભ્ય માટે દેડકા શબ્દ વાપરી શકાય નહીં. એમના તરફ જોઇને કહ્યું.

ઉપાધ્યક્ષશ્રી : કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત થતો નથી. (અંતરાય) આપનું પ્રવચન ચાલુ રાખો.

શ્રી ચૈતન્યસિંહ પ્ર. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, મેં કોઇ સભ્યને દેડકા કહ્યું નથી પણ વરસાદમાં દેડકા બહાર આવી જાય તો અમે શું કરીએ? (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપનું પ્રવચન ચાલુ રાખો.

શ્રી ચૈતન્યસિંહ પ્ર. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, આવા આફતના સમયે માનનીય મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણીને વિનંતી કરી હતી કે મારા વિસ્તારમાં પણ ખેડૂતોની પરિસ્થિતિ ખૂબ જ ખરાબ છે, સરવે માટે ત્યાં જઇ શકાય તેવી પણ પરિસ્થિતિ નથી ત્યારે માનનીય મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણીએ મને વિશ્વાસ અપાવ્યો કે, ''તમે ખેડૂતોની વ્હારે જઇને તેને હિંમત આપો, એમની સાથે ઊભા રહો.'' આ સરકાર ખેડૂતો માટે કામ કરતી સરકાર છે અને જે કરશે તે સારું કરશે. એમણે કૃષિ રાહત પેકેજ ઓનલાઇન કર્યું અને તેમાં સરવે વગર ખેડૂત સીધી પોતાની અરજી કરી શકે છે. આ કૃષિ રાહત પેકેજ હેઠળ રૂ.૧૦ હજાર કરોડની સહાય ખેડૂતોને પહોંચાડી છે. આફતને અવસરમાં ફેરવીને મારી સરકારે કામ કર્યું છે અને સાબિત કરી બતાવ્યું છે કે, આ સરકાર ખેડૂતો માટે કામ કરતી સરકાર છે પરંતુ જ્યારે પેકેજ જાહેર થયું એટલે દેડકા પાછા આવી ગયા કે, આ તો તમે દેવું વધારી દીધું. તમે સરકારના દેવામાં વધારો કરો છો અને જેટલું બજેટ છે તેટલું તો તમે દેવું કરી દીધું છે. હું આ સભાગૃહને કહેવા માગીશ કે મારી સરકાર પર મને ભરોસો છે. મારી સરકારના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ કે જેમણે આ ગુજરાતની જનતાએ ચૂંટીને મોકલ્યા છે, સરકાર બનાવી છે, આ સરકાર એટલી મજબૂત પરિસ્થિતિમાં છે કે રૂ.૪ લાખ કરોડનું દેવું માત્ર ૨૪ કલાકમાં ચૂકવવાની મજબૂત આર્થિક પરિસ્થિતિ ધરાવે છે. દરેક વખતે મારી સરકાર એ ખેડૂતોની સાથે, ગુજરાતની જનતાની સાથે ઊભી રહીને તેમના માટે કામ કરતી સરકાર છે. એવી જ રીતે મારી સરકારે (અંતરાય) મારી, આપણી બધાની, આખા ગુજરાતની સરકાર છે. આપણી સરકારે (અંતરાય) દેડકાંની નહીં.....

ઉપાધ્યક્ષશ્રી : બેઠા બેઠા કોમેન્ટ નહીં.

શ્રી ચૈતન્યસિંહ પ્ર. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, એવી જ રીતે ઓગસ્ટ મહિનામાં જ્યારે ભારે વરસાદના કારણે જૂનાગઢ જિલ્લાના માંગરોળ, કેશોદ, માણાવદર, વંથલી, મેંદરડા અને માળીયા તાલુકામાં પણ પૂરની પરિસ્થિતિ સર્જાઇ હતી ત્યારે પણ તાત્કાલિક સરવે કરાવીને મારી સરકારે તેઓ માટે પણ રાહત પેકેજ આપ્યું છે અને ખેડૂત કેવી રીતે પોતાની સ્થિતિ મજબૂત કરી શકે? કેવી રીતે પોતાની આજીવિકા સારી રીતે મેળવી શકે એના માટે કામ કર્યું છે. માનનીય મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબ જે માગણીઓ લઇને આવ્યા છે એને મારું સમર્થન જાહેર કરું છું.

શ્રી સંદીપ દેસાઇ(ચોર્યાસી) : માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ તો ગુજરાતના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી અને નાણા મંત્રીશ્રી કનુભાઇએ જે રૂ.૪ લાખ ૮ હજાર કરોડનું ઐતિહાસિક બજેટ રજૂ કર્યું છે એ માટે મારા ખૂબ ખૂબ અભિનંદન. માનનીય નાણામંત્રીશ્રી જે પૂરક માગણી લઇને આવ્યા છે એમા હું મારી વાત કરવા ઊભો થયો છું. આપશ્રીના માધ્યમથી આ સદનને હું જણાવું છું કે, ગુજરાત સરકાર દ્વારા નિર્માણ પામેલ યુ.એન.મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદ એક ઇમરજન્સી સંબંધિત ટર્સરી કાર્ડિયાક કેર સુપર સ્પેશિયાલિટી ટીચિંગ હૉસ્પિટલ છે. જે એન.એ.બી.એચ. માન્યતા પ્રાપ્ત નર્સિંગ એક્સલન્સ, ઇમરજન્સી ડિપાર્ટમેન્ટ છે. આ ઇન્સ્ટિટ્યૂટ દેશમાં સૌથી મોટી અને દુનિયામાં સૌથી મોટી પૈકીની એક સિંગલ સુપર સ્પેશ્યાલિટી કાર્ડિયાક ટીચિંગ ઇન્સ્ટિટ્યૂટ છે. જેમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ઉચ્ચ તકનીકી અત્યંત આધુનિક તબીબી સાધનો સાથે સજ્જ છે. આ સંસ્થા એ એક શિક્ષણ, સંશોધન, શૈક્ષણિક, તાલીમ ક્ષેત્રે અનન્ય(યુનિક) ચેરિટેબલ ઇન્સ્ટિટ્યૂટ છે. જેમાં સુપર સ્પેશિયાલિટી રેસીડેન્સી કોર્સીસ ચલાવવામાં આવે છે. હૃદયરોગના સુપર સ્પેશ્યાલિટી કોર્સ જેવા કે, ડી.એમ. કાર્ડિયોલોજી, ડી.એમ., કાર્ડિયાક એનેસ્થેસિયા અને એમ.સી.એચ., સી.વી.ટી.એસ. કાર્યરત છે. જેનાથી દેશમાં કાર્ડિયાક સુપર સ્પેશિયાલિટી તબીબી નિષ્ણાતો વધારેમાં વધારે ઉપલબ્ધ થઇ શકે છે. તદઉપરાંત અન્ય પેરામેડિકલ કોર્સીસ પણ કાર્યરત છે તેમજ ઇન્સ્ટિટ્યૂટ દેશ તેમજ બીજા દેશોના ડોકટર્સ પણ ઓબઝર્વશીપ પ્રોગ્રામ દ્વારા હૉસ્પિટલમાં આધુનિક તબીબી સાધનો દ્વારા કરવામાં આવતા ઓપરેશન શીખવા અને તાલીમ લેવા માટે આવતા હોય છે. ડી.એમ. કાર્ડિયોલોજી, એમ.સી.એચ.(કાર્ડિયો વેસ્ક્યુલર થોરાસિક સર્જરી) અને ડી.એમ.(કાર્ડિયાક એનેસ્થેસિયા) એમ કુલ ૪૨ જેટલી સીટોનું આયોજન થયેલ છે. યુ.એન. મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ, અમદાવાદ દ્વારા ગાંધીનગરમાં કાર્ડિયાક અને ન્યુરોલોજીની સુવિધા ધરાવતું તથા રાજકોટ ખાતે કાર્ડિયાકની સુવિધા ધરાવતું સેટેલાઇટ સેન્ટર ચાલુ કરવામાં આવેલ છે અને સુરતમાં પણ સદર સેવાઓ ચાલુ કરવામાં આવનાર છે. હૃદયરોગના દર્દીઓને હાર્ટએટેકમાં પહેલા કલાકમાં અપાતી સારવાર અતિ મહત્ત્વની હોય છે. અત્રેની કાર્ડિયોલોજી સંસ્થામાં આવા દર્દીઓને પ્રથમ ૨૪ કલાકની સારવાર કે જેમાં હૃદયરોગને લગતી તમામ તપાસ જેવી કે, ઇ.સી.જી., ઓક્સિજન, ઇકો કાર્ડિયોગ્રામ, પેથોલોજી, રેડિયોલોજી, દવાઓ, વેન્ટીલેટર, મલ્ટી પેરા મોનિટરિંગ વગેરે તાત્કાલિક પૂરી પાડવામાં આવે છે. ઇમરજન્સી એન્જીયોગ્રાફી, એન્જીયોપ્લાસ્ટી તેમજ ટેમ્પરરી કાર્ડિયાક પેસમેકરની સારવાર આપવામાં આવે

છે તથા હોલ્ટર મશીન દ્વારા હૃદયના અનિયમિત ધબકારાની ૨૪ કલાક તપાસ કરીને નિદાન કરવામાં આવે છે અને ઇમરજન્સીમાં પેરીકાર્ડિયાલ ટેપીંગ હૃદયની ફરતે આવેલ આવરણમાંથી પાણી કાઢવાની પ્રક્રિયા તથા હાર્ટ એટેકવાળા દર્દીને મહત્ત્વના પહેલા કલાકમાં લોહી પાતળું કરવાનું ઇન્જેક્શન પણ આપવામાં આવે છે. બેથી ત્રણ કલાક સુધીમાં દર્દીની જિંદગી બચાવવા અત્યંત અસરકારક હોય તેવી સારવાર પ્રાયમરી એન્જિયોપ્લાસ્ટી ઇન એક્યુટ માયોકાર્ડ્રિયલ ઇન્ફેક્શન પી.એ.એમ.આઇ. કોઇપણ જાતના એડવાન્સ પેમેન્ટ વગર પૂરી પાડવામાં આવે છે. યુ.એન.મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટરની ગુજરાત રાજ્ય અને દેશના સામાન્યમાં સામાન્ય નાગરિક વિવિધ યોજનનો લાભ લઇ રહેલ છે. જેમ કે આપણી આયુષ્યમાન ભારત–પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજનામાં રૂ. ૧૦ લાખ સુધીની સારવાર ફ્રીમાં આપીએ છીએ. રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ (સ્કૂલ હેલ્થ પ્રોગ્રામ), અનુસૂચિત જાતિ, જનજાતિ વિગેરેની યોજના પણ અમલી છે. વધુમાં જણાવવાનું કે હાલની સ્થિતિએ અમદાવાદમાં આવેલ યુ.એન.મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટરમાં હૃદય રોગને લગતા તમામ નિદાન કરી શકાય તે માટે કાર્ડિયોલોજી ઓ.પી.ડી., કાર્ડિયાક સર્જિકલ ઓ.પી.ડી., પિડિયાટ્રીક કાર્ડિયોલોજી ઓ.પી.ડી. તથા હૃદયરોગને લગતી ઇન્ડોર સારવાર જેવી કે ચોવીસ કલાક ઇન્ડોર કેસ, ઇમરજન્સી કાર્ડિયાક મેડિકલ સર્વિસિસ (ઇએમસીએસ), કાર્ડિયાક પ્રોસિઝર જેવી કે એન્જિયોગ્રાફી, એન્જિયોપ્લાસ્ટી, પેસમેકર તથા હાર્ટ સર્જરી જેવી સુવિધાઓ પણ ત્યાં ઉપલબ્ધ છે. હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ, રોબોટિક સર્જરી વિગેરે તથા બાળકોના હૃદયની જન્મજાત ખામીઓ માટેની કાર્ડિયાક પ્રોસિઝર અને કાર્ડિયાક સર્જરી તેમજ હૃદયરોગને લગતા તમામ પ્રકારના ઇન્વેસ્ટિગેશન જેવા કે, પેથોલોજી, રેડિયોલોજી, 2 ડી ઇકો, ઇસીજી, ટ્રેડમીલ, સીટી સ્કેન તથા કાર્ડિયાક એમ.આર.આઇ., ન્યુક્લિયર મેડિસિન, કાર્ડિયાક ફિઝિયોથેરાપી, કાર્ડિયાક રિહેબીલિટેશન, બ્લડ બેન્કની સુવિધા, ટેલિ મેડિસન તથા અન્ય આનુષંગિક તબીબી સેવાઓ આપવામાં આવે છે તેમજ મધર મિલ્ક બેન્કની સુવિધા અને ક્રિટિકલ કેર માટે વેન્ટિલેટર્સ તેમજ ઇકમોની સુવિધા ઉપલબ્ધ છે.૧૫ કાર્ડિયાક ઓપરેશન થિયેટર્સ છે જેમાં ૧૨ પૂર્ણ ઇન્ટિગ્રેટેડ હાઇ એન્ડ મોડ્યુલર કાર્ડિયાક ઓપરેશન થિયેટર્સ, એડલ્ટ અને પિડિયાટ્રીક કાર્ડિયાક સર્જરી, કોમ્પલેક્ષ કાર્ડિયાક સર્જરી અને કોમ્પ્લિકેટેડ કોમ્પલેક્ષ કાર્ડિયાક સર્જરીની પણ સુવિધા આપવામાં આવેલી છે. રોબેટિક હાર્ટ સર્જરી, મિનિમલી ઇન્વેઝીવ કાર્ડિયાક સર્જરી (MICS) અને હાર્ટ અને લંગ ટ્રાન્સપ્લાન્ટ, થોરાસિક સર્જરી અને વાસ્ક્યુલર સર્જરીનો પણ સમાવેશ થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૬ કાર્ડિયાક કેથલેબ જેમાં એડલ્ટ અને પિડિયાટ્રીક કાર્ડિયાક પ્રોસિઝર્સ, હાઇબ્રિડ કાર્ડિયાક, વર્ચ્યુઅલ સિમ્યુલેશન કાર્ડિયાક કેથલેબ, ઇલેકટ્રોફિઝિયોલોજી તેમજ અન્ય અદ્યતન સુવિધાઓ આપવામાં આવેલ છે. આ કાર્ડિયાક સંસ્થા દ્વારા પ્રશંસનીય સુપર સ્પેશિયાલિટીની સેવાઓ પ્રદાન થઇ છે. જેમ કે અત્યાર સુધી કુલ ૬૬ હૃદય પ્રત્યારોપણ કરવામાં આવ્યા છે. રોબોટિક પ્રક્રિયા દ્વારા દર્દીઓની જટિલમાં જટિલ સર્જરી, જેમાં અત્યાર સુધી ૧૭૧ રોબોટિક સર્જરી કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ક્ષતિગ્રસ્ત વાલ્વને કૃત્રિમ વાલ્વથી બદલવાની પ્રક્રિયાની કુલ ૪૫ સર્જરી કરવામાં આવી છે. હોમોગ્રાફ્ટ વાલ્વ બેંક, વાલ્વ રિપ્લેસમેન્ટ અથવા વાલ્વ પુનઃનિર્માણ સર્જરીમાં ઉપયોગ માટે યોગ્ય દાતાઓ પાસેથી માનવ હૃદયના વાલ્વ મેળવી, હોમો ગ્રાફ્ટવાલ્વ બેંકમાં સંગ્રહ કરી જરૂરિયાતમંદ દર્દીઓને તેનો લાભ આપવામાં આવ્યો છે. જેમાં અત્યાર સુધીમાં કુલ ૩૯ જેટલા કેસો થયેલ છે. ઇન્સ્ટિટ્યૂટમાં અદ્યતન કાર્ડિયાક એમ.આર.આઇ. સેન્ટરની સુવિધા છે જેમાં તારીખ ૩૧/૦૧/૨૦૨૬ સુધીમાં કુલ ૩૩૪૬ એમ.આર.આઇ. થયેલ છે અને તા.૩૧/૦૧/૨૦૨૬ સુધીમાં ૨૪ જેટલી લેઝર કોરોનરી એન્જિયોપ્લાસ્ટી થયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજું ખાસ જણાવવાનું કે આ વર્ષના બજેટમાં ગુજરાતના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીજી, નાણામંત્રી શ્રી કનુભાઇ દેસાઇ સાહેબ અને આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલભાઇ દ્વારા દક્ષિણ ગુજરાતમાં ૩૦ હેકટર જમીનમાં ૧૫૦૦ બેડની હૉસ્પિટલ રૂ. ૧૪૫૦ કરોડના ખર્ચે બનવા જઇ રહી છે એના માટે હું એમને ખૂબ–ખૂબ અભિનંદન આપું છું અને આ વખતના બજેટમાં રૂ. ૨૨૭ કરોડની જોગવાઇ કરી છે તે બદલ તેમનો આભાર માનું છું. આ સિવાય ખાસ કરીને, યુ.એન. મહેતા ઇન્સ્ટિટ્યૂટમાં કન્ટ્રોલ રૂમ, પેશન્ટ ફિડબેક એટલે કે જયારે પેશન્ટ દાખલ થાય ત્યારે એને કેવી સુવિધા મળી એની પણ દેખરેખ રાખવામાં આવે છે. ખાસ કરીને ૩૬૫ દિવસ સમગ્ર કામગીરીની દેખરેખ રાખવામાં આવે છે. મેઇન્ટેનન્સ અને સર્વિસની જાળવણી માટે સેન્ટ્રલ કોર સિસ્ટમ, સિવિલ પ્લમબિંગ, ઇલેક્ટ્રિકલ, સુથારી કામ, બાયોમેડિકલ અને આઇ.ટી.ની કામગીરી માટે પણ પૂરા સ્ટાફની વ્યવસ્થા છે. આમ, યુ.એન. મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ, અમદાવાદ સેન્ટરની સિદ્ધિઓ તેના તમામ સ્ટાફની પ્રતિબદ્ધતા, મહેનત અને સંગ્રહાત્મક પ્રયાસોનું પરિણામ છે. સંસ્થા ખાતે કાર્યરત કર્મચારી/અધિકારીશ્રીઓની સંખ્યામાં વધારો થતાં તેમના પગારભથ્થાં, વહીવટી ખર્ચ, આઉટ સોર્સ સેવાઓ અને વિદ્યાર્થીઓના સ્ટાઇપેન્ડ વિગેરેના ચૂકવણા પેટે પડનાર ઘટ ધ્યાને લઇ રૂ. ૩.૩૫ કરોડની પૂરક માગણી માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબે કરેલ છે જેને હું સમર્થન આપું છું અને ખાસ કરીને જે મેં પહેલા વાત કરી એ પ્રમાણે દક્ષિણ ગુજરાતના આદિવાસી જિલ્લાઓ છે. ખાસ કરીને વલસાડ, તાપી, નર્મદા, ભરુચ, સુરત એમાં સુરતના કામરેજ ખાતે આરોગ્યનું હબ થાય છે, એના માટે ખાસ કરીને ગુજરાતના મુખ્યમંત્રીશ્રી, નાયબ

મુખ્યમંત્રીશ્રી, નાણામંત્રીશ્રીને ખાસ એટલા માટે અભિનંદન આપું છું કે એમણે બજેટમાં જોગવાઇ કરી છે. ખાસ કરીને પ્રફુલભાઇ પાનસેરિયા જે અમારા જિલ્લાના ધારાસભ્ય અને મંત્રીશ્રી પણ છે એમનો ખૂબ ખૂબ આભાર માનું છું.

શ્રી દિવ્યેશભાઇ ૨. અકબરી(જામનગર-દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, ગૌરવવંતા ગૃહમાં નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ પૂરક માગણી ક્રમાંક-૭૯ લાવ્યા છે એમાં ''કુદરતી આફતો અંગે રાહત'' પર બોલવા અને મારા મંતવ્યો રજૂ કરવાની મને તક આપી છે એ માટે હું આભારી છું. માનનીય અધ્યક્ષશ્રી, કુદરતી આફતો અને રાહતની માગણી સંદર્ભમાં મારા વિચારો ગૃહમાં રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગના રાહત પ્રભાગ દ્વારા કુદરતી આફતો જેવી કે પૂર, અછત, વાવાઝોડું, વીજળી પડવા જેવી આફતમાં અસરગ્રસ્ત થયેલ નાગરિકોને આર્થિક સહાય આપવામાં આવે છે. માગણી ક્રમાંક-૭૯ મુખ્ય સદર ૨૨૪૫ હેઠળ કુદરતી આફતોના અસરગ્રસ્ત વ્યક્તિઓને માનવ મૃત્યુ, માનવ ઈજા-સહાય, પશુ મૃત્યુ સહાય, મકાન-ઝૂંપડા સહાય, ઘરવખરી સહાય, બચાવની કામગીરી, નાના ખેડૂતોને પાક નુકસાનીની સહાય, જમીન ધોવાણ સહાય તેમજ કુદરતી આફતોના કારણે રસ્તા, પુલ અને અન્ય જાહેર મિલકતોને થયેલ નુકસાનની ચૂકવણી કરવામાં આવે છે. ચાલુ વર્ષની સહાયની વાત કરું તો તા. ૧૮-૨-૨૦૨૬ની સ્થિતિએ ઘરવખરી સહાય માટે રૂપિયા ૧૨.૭૮ કરોડ, પશુ મૃત્યુ સહાય માટે રૂપિયા ૫.૪૨ કરોડ, કેશડોલ્સ સહાય માટે રૂપિયા ૧૪.૬૦ કરોડ, માનવ મૃત્યુ અને ઈજા સહાય માટે રૂપિયા ૪.૨૩ કરોડ, મકાન-ઝુંપડા સહાય માટે ૯.૨૮ કરોડ, વાપીમાં ડિઝાસ્ટર સેન્ટર સ્થાપવા માટે રૂપિયા ૪૮ કરોડ, ઝઘડિયામાં ડિઝાસ્ટર સેન્ટર સ્થાપવા માટે ૪૮.૫૫ કરોડ મંજૂર કરવામાં આવેલ છે. જ્યારે ગુજરાતમાં કોઇ સંકટ આવ્યું હોય ત્યારે દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને કેન્દ્ર સરકારે ગુજરાતને ક્યારેય એકલું નથી છોડ્યું. તાજેતરમાં ગુજરાતમાં આવેલ વાવાઝોડાઓ જેમ કે બિપરજોય, તૌક્તે વાવાઝોડા દરમિયાન કેન્દ્ર સરકાર દ્વારા જે ઝડપથી આર્થિક સહાય અને એન.ડી.આર.એફ.ની ટુકડી મોકલવામાં આવી હતી. એના કારણે જાનહાનિ શૂન્ય કરી શક્યા છીએ. એસ.ડી.આર.એફ.માં માતબર રકમની ફાળવણી કરવામાં આવી છે. જેના કારણે રાજ્ય સરકાર રાહત કાર્ય વધુ ઝડપી કરી શકે છે.

માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની ભૌગોલિક સ્થિતિ એવી છે કે આજે આપણે ત્યાં સમયાંતરે વાવાઝોડાં, અતિવૃષ્ટિ જેવી આપત્તિઓનો સામનો કરવો પડે છે. ગુજરાતે આફતોને અવસરમાં બદલવાનો અને દરેક વિપરિત પરિસ્થિતિમાંથી બેઠું થવાનો નવો રાહ દુનિયાને ચીંધ્યો છે એ વાતનું મને ગૌરવ છે. આ માટે મને તા. ૧૩-૯-૨૦૨૧નો એ દિવસ યાદ છે કે આ દિવસે જામનગરમાં વહેલી સવારે માત્ર પથી ૬ કલાકમાં ૧૫થી ૨૦ ઇંચ જેટલો વરસાદ થયો અને આ જ તારીખે આપણા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે મુખ્યમંત્રીશ્રી તરીકેના શપથ લીધા હતા. તો પણ તાત્કાલિક બીજા દિવસે જામનગર આવેલા અને અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લીધી. વહીવટીતંત્ર સાથે નાગરિકોને જરૂરી સહાય અને મદદ અને જાનમાલના નુકસાનનો તાત્કાલિક સરવે કરવામાં આવ્યો અને તાત્કાલિક ચૂકવણું થાય એ દિશામાં સૂચનો આપવામાં આવેલ. તે જ રીતે ઓગષ્ટ-૨૦૨૪માં જામનગરમાં પૂર આવેલું અને બાઢ જેવી પરિસ્થિતિ હતી. જામનગરની સાથોસાથ વડોદરામાં પણ હતું. ત્યાં પણ મુખ્યમંત્રીશ્રી તાત્કાલિક અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાતે ગયા હતા. જામનગર એરપોર્ટ ઉપર જ વહીવટી તંત્ર સાથે મિટિંગ કરેલ અને લોકોની સાથે મુલાકાત કરીને તાત્કાલિક વળતર ચૂકવવામાં આવે તે માટે સૂચના આપેલ. જ્યારે પણ ગુજરાતમાં વાવાઝોડું કે કુદરતી આફતો આવતી હોય ત્યારે સરકાર અગાઉથી એકશન મોડમાં આવી જતી હોય છે. આપત્તિના સમયે માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી, સરકારના મંત્રીશ્રીઓ, સંસદ સભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ તેમજ વહીવટી તંત્ર દ્વારા એકશન પ્લાન બનાવી આવનાર આફતોને અવસરમાં કેમ બદલવી તેનું પ્લાનિંગ અગાઉથી જ કરવામાં આવતું હોય છે, જેના ફળસ્વરૂપે જાનહાની અને માલ મિલકતને ઓછું નુકસાન થતું હોય છે. વાવાઝોડાગ્રસ્ત કચ્છમાં જ્યારે છેલ્લે વાવાઝોડું આવ્યું ત્યારે ત્યાં આપણા મંત્રીશ્રીઓ, પ્રભારી મંત્રીશ્રીઓની હાજરીમાં આ વસ્તુ બની હતી. ૨૪ કલાકમાં કચ્છમાં વીજળી પુરવઠો ચાલુ કરવામાં આવેલ હતો. દિવાળીના સમયે કમોસમી વરસાદ થવાથી ખેડૂતોની ચિંતા વધી હતી અને ત્યારબાદ મોટા પ્રમાણમાં નુકસાન થયું ત્યારે સંવેદનશીલ સરકારના માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી, માનનીય કૃષિ મંત્રીશ્રી અને માનનીય નાણા મંત્રીશ્રી દ્વારા અન્નદાતાની ચિંતા કરી ગુજરાતના તમામ મંત્રીશ્રીઓને અલગ અલગ જિલ્લાઓમાં મોકલી ખેડૂતોને રાહત સામગ્રી મળે તેની ચિંતા કરી. કૃષિ, ખેડૂત કલ્યાણ વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલ કૃષિ રાહત પેકેજ ડાંગર, કપાસ ઓકટોબર-૨૦૨૪ હેઠળ ચાલુ નાણાકીય વર્ષ દરમ્યાન મહેસૂલ વિભાગ દ્વારા કુલ રૂ.૫૨૧.૮૩ કરોડ ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ. જેથી પશુપાલકો માટે ઘાસચારો અને પશુઓના મૃત્યુના કિસ્સામાં ઉદાર હાથે સહાય આપીને આ સરકારે ગુજરાતના નાગરિકો પ્રત્યે સંવેદનશીલતા અને પારદર્શિતા બતાવેલ છે. આ ઉપરાંત ચોમાસા દરમ્યાન એટલે કે, ઓગસ્ટ-સપ્ટેમ્બર માસ દરમ્યાન પણ ગુજરાતમાં ભારે વરસાદ નોંધાયેલ, જેમાં વાવ, થરાદ, પાટણ, કચ્છ, જૂનાગઢ અને પંચમહાલ જિલ્લાના ખેતીના પાકોને વહીવટી તંત્ર તરફથી પાકના નુકસાન સરવેમાં ખરીફ પાકને નુકસાન થયેલ હતું. રવી પાકોનું વાવેતર થઇ શકે તેવી પરિસ્થિતિ નહતી. આ સ્થિતિને ધ્યાનમાં લઇને રાજ્ય સરકાર તરફથી પાંચ જિલ્લાઓ માટે મહેસૂલ વિભાગ દ્વારા ખરીફ પાક અને રવી પાક બંને માટે અલગ અલગ રૂ.૫૬૨.૯૨ કરોડ ગ્રાન્ટની ફાળવણી કૃષિ, ખેડૂત કલ્યાણ વિભાગમાં કરવામાં આવેલ છે. રાજ્યના બનાસકાંઠા, પાટણ, ગીર-સોમનાથ,

ભાવનગર જિલ્લામાં માલધારીઓ અને પશુપાલકોને પશુધન માટે વિનામૂલ્યે ૪.૬૨ કિલોગ્રામ ઘાસનું વિતરણ વિનામૂલ્યે કરવામાં આવેલ છે. આપણા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના નેતૃત્વમાં રાજ્ય સરકાર પંચામૃત શક્તિ સાથે કામ કરી રહી છે. રાહત અને બચાવ કામગીરીમાં પૈસાની કમી ના આવવી જોઇએ તેવી માનનીય મુખ્યમંત્રીશ્રીની પ્રાથમિકતા રહેલ છે. મારો વિસ્તાર જામનગર દરિયાકાંઠાની નજીક હોવાથી વાવાઝોડા અને ભારે વરસાદનો ભોગ બનતો રહ્યો છે. હું સરકારનો આભાર માનું છું કે, પાછલા વર્ષોમાં ભારે વરસાદ બાદ જામનગર શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં રોડ-રસ્તા રિપેરિંગ અને ઘરવખરીની સહાય માટે સરકારે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવેલ છે. ઓકટોબર-૨૦૨૫માં કમોસમી વરસાદના સમય દરમ્યાન મોટાભાગના ખેડૂતોના પાકો કાપણી અવસ્થામાં હતા ત્યારે ૩૩ જિલ્લાઓમાં ખેતીના પાકોને નોંધપાત્ર નુકસાન થઇ ગયું અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ કુદરતી આફતમાં ઝડપથી સહાય અને મદદ થઇ શકે એ માટે ઉચ્ચ કક્ષાની બેઠકો યોજીને ઐતિહાસિક રૂ.૧૦,૦૦૦ કરોડથી વધારે રકમનું કૃષિ રાહત પેકેજ જાહેર કર્યું. તે અન્વયે મહેસૂલ વિભાગ દ્વારા રૂ.૫૭૨૬.૮ કરોડ ગ્રાન્ટની ફાળવણી ખેડૂત કલ્યાણ વિભાગમાં કરવામાં આવેલ. પૂરક માગણી ૭૯ અંતર્ગત જે જોગવાઇઓ છે એ સાબિત કરે છે કે આ સરકાર માત્ર વાતો કરતી નથી પણ જ્યાં પ્રજાની મુશ્કેલી હોય છે ત્યાં તેમની પડખે પહાડની જેમ ઊભી રહી છે ત્યારે હું આ પૂરક માગણી પર મારું સમર્થન આપુ છું.

શ્રી કનુભાઇ મો. દેસાઇ (નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજ રોજ પૂરક માગણીઓની ચર્ચામાં ગૃહના સન્માનીય ધારાસભ્યશ્રીઓમાં અમારા પક્ષના પૂર્વ મંત્રીશ્રી મુળુભાઇ, પૂર્વ મંત્રીશ્રી મુકેશભાઇ, શ્રી ભીખાભાઇ બારૈયા, શ્રી કેશુભાઇ પટેલ, શ્રી લવિંગજી ઠાકોર, શ્રી રમેશભાઇ મિસ્ત્રી, શ્રી મનુભાઇ પટેલ, શ્રી ચૈતન્ય દેસાઇ, શ્રી કલ્પેશભાઇ પરમાર, શ્રી દુર્લભજીભાઇ દેથરીયા, શ્રી કિરીટસિંહ ડાભી, શ્રી ગૌતમભાઇ ચૌહાણ, શ્રી રાજેન્દ્રકુમાર ચાવડા, શ્રી અનિકેતભાઇ ઠાકર, શ્રી ચૈતન્યસિંહ ઝાલા, શ્રી સંદીપભાઇ દેસાઇ, શ્રી દિવ્યેશભાઇ અકબરી અને સાથીપક્ષના ધારાસભ્ય અને મારા મિત્ર શ્રી શૈલેષભાઇ પરમાર, શ્રી અમૃતજી ઠાકોર અને શ્રી ચૈતરભાઇ વસાવાએ પોતાના વિચારો રજૂ કરેલ છે. જેની મેં ઝીણવટપૂર્વક નોંધ લીધી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં વર્ષ ૨૦૨૫-૨૬ ના ખર્ચના પૂરક પત્રકમાં સમાવિષ્ટ માંગણીઓ પૈકી આજે ચર્ચા માટે હાથ ધરાયેલ માંગણી નં. ૭૯, ૮૬, ૦૨, ૩૯ અને ૬૭ એમ પાંચ માંગણીઓ સાથે સંબંધિત બાબતો અંગે હું વિગતવાર હકીકતલક્ષી વિગતો રજૂ કરું છું. પૂરક માંગણીઓ રજૂ કરવાની જરૂરિયાત ત્યારે ઊભી થાય છે જ્યારે વર્ષ દરમિયાન અમુક નવી યોજનાઓ અમલમાં મૂકવાની હોય, ચાલી રહેલી યોજનાઓને વેગ આપવા માટે વધારાની જોગવાઈ કરવાની હોય અથવા અનિવાર્ય પરિસ્થિતિઓને પહોંચી વળવા માટે વધારાના ખર્ચની આવશ્યકતા ઊભી થાય. રાજ્યના સર્વાંગી વિકાસ, જનહિત અને કલ્યાણકારી અભિગમને ધ્યાનમાં રાખીને આ માંગણીઓ રજૂ કરવામાં આવી છે. હું આ સન્માનીય ગૃહને જણાવવા માંગું છું કે, રાજ્યની વિશાળ જનસંખ્યા, કુદરતી આપત્તિઓ, બદલાતી જતી વૈશ્વિક પરિસ્થિતિ અને આકસ્મિક માનવ સહજ જરૂરીયાતોને ધ્યાને લેતાં બજેટના અંદાજો મુજબ સો ટકા ખર્ચ થાય તે શકય નથી. આપણા બંધારણના ઘડવૈયાઓને આનું પૂર્વાનુમાન હતું અને તેથી તેમણે બંધારણમાં પૂરક માગણીઓની જોગવાઇ રાખેલ છે. મને જણાવતાં આનંદ થાય છે કે ગયા વર્ષે કુલ રૂ. ૩,૭૦,૨૫૦.૩૫ કરોડનું બજેટ રજૂ થયેલ જેની સામે પૂરક માગણી માત્ર રૂ. ૧૯,૩૧૬.૫૪ કરોડની રજૂ કરવામાં આવી છે. જે કુલ બજેટના ૫.૨૨ ટકા થાય છે. જેમાં સૌથી વધુ પૂરક માગણી રૂ.૧૨,૫૭૭.૪૪ કરોડ એટલે કે ૬૫.૧૧ ટકા કુદરતી આફતો અંગે કૃષિ રાહત અને ભારે વરસાદને લીધે જ છે એટલે આમ જોઇએ તો બજેટની બધી ધારણાઓ એકંદરે સાચી જ પડી છે. માગણી નં. ૭૯ કુદરતી આફતો અંગે રાહત બાબતની છે. વર્ષ દરમિયાન મહેસૂલ વિભાગ દ્વારા કુદરતી આફતોથી અસરગ્રસ્ત ખેડૂતોને સહાય આપવા કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગને ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે તે માટે વધારાની જોગવાઇ સૂચવવામાં આવી છે. માંગણી નં. ૮૬, 'માર્ગ અને પુલ' અંતર્ગત પ્રવાસી પથના બાંધકામ માટેના ખર્ચમાં થયેલ વધારાના સંદર્ભમાં કરવામાં આવેલ છે. માંગણી નં. ૦૨, કુદરતી આફત જેવી કે પૂર અને ભારે વરસાદના કારણે ખેતીના પાકોને નુકસાન થતા ખેડૂતોને રાજ્ય બજેટમાંથી સહાય ચૂકવવા માટે, નવરચિત વાવ-થરાદ જિલ્લા ખાતે કૃષિ નિયામકની કચેરી તથા નાયબ બાગાયત નિયામકની કચેરી હેઠળ વિવિધ સંવર્ગના મહેકમ માટે કરવામાં આવેલ છે. માંગણી નં. ૩૯, વિવિધ આરોગ્ય વિષયક સેવાઓ પૂરી પાડવા માળખાકીય સુવિધાઓના વિસ્તરણ માટે કરવામાં આવેલ છે. માંગણી નં. ૬૭, ગ્રામ્ય વિસ્તારના લોકોને પીવાનું પાણી મળી રહે તે હેતુસર પાણીપુરવઠા યોજનાના થયેલા કામોની મરામત અને નિભાવણીનો ખર્ચ પેટે પૂરક માંગણી મુકવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીઓએ સૂચવેલ મુદ્દાઓ- ખર્ચમાં પારદર્શિતા, સમયબદ્ધ અમલીકરણ, પ્રાદેશિક સમતોલ વિકાસ અને લાભાર્થીઓ સુધી સીધી પહોંચ બાબતે સરકાર કટિબદ્ધ છે. દરેક રૂપિયાનું યોગ્ય આયોજન અને જવાબદારીપૂર્વક વપરાશ થાય તે માટે જરૂરી માર્ગદર્શિકા અને નિયંત્રણ વ્યવસ્થા અમલમાં છે. બધા સભ્યોએ પોતાની લાગણીઓ વ્યકત કરી, કુદરતી આફતો અંગે રાહત માટે કુલ રૂ.૧૧૩૫૮.૧૪ કરોડની પૂરક માંગણી આ સભાગૃહ સમક્ષ રજૂ કરવા માંગુ છું. ચોમાસા દરમિયાન રાજ્યના નાગરીકોને ઘરવખરી સહાય, પશુ મૃત્યુ સહાય, કેશ ડોલ્સ સહાય, માનવ મૃત્યુ સહાય તથા ઇજા સહાય વગેરે જેવી વ્યકિતગત સહાય, State Emergency Operation Centre ખાતે આધુનિક ટેકનોલોજી મુજબ Integrated Command and Control Centre બનાવવામાટે, Expansion on

Modernization of Fire Services હેઠળ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને ફાળવવા પેટે, G.I.D.C ઝઘડિયા–ભરૂચ ખાતે ડિઝાસ્ટર પ્રિવેન્શન એન્ડ મીટીગેશન સેન્ટર સ્થાપવા માટે તથા આપત્તિથી અસરગ્રસ્ત પશુધનને વિનામૂલ્યે પૂરો પાડેલ ઘાસચારાના પરિવહન ખર્ચ વગેરે જેવા હેતુઓ માટે વધારાના ૧૯૦.૪૩ કરોડની જરૂરિયાત ઊભી થયેલ છે. રાજયમાં ચોમાસા દરમિયાન ભારે વરસાદથી પ્રભાવિત થયેલ રાજ્યના ૨૨,૫૩,૦૭૦ પશુધન માટે વિનામૂલ્યે કુલ ૪૮૨૦૦ મેટ્રિક ટન ઘાસનું વિતરણ કરવામાં આવેલ છે. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલ કૃષિ રાહત પેકેજ(ડાંગર) અને કૃષિ રાહત પેકેજ(કપાસ) ઓક્ટોબર–૨૦૨૪ હેઠળ ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન વધારાના કુલ રૂ.૫૨૧.૮૩ કરોડની જરૂરિયાત ઊભી થયેલ છે. ચાલુ વર્ષે ચોમાસા દરમિયાન ઓગસ્ટ–સપ્ટેમ્બર માસમાં ભારે વરસાદ નોંધાયેલ હતો. જેમાં વાવ–થરાદ, પાટણ, કચ્છ, જૂનાગઢ અને પંચમહાલ જિલ્લાઓમાં ખેતી પાકોમાં જિલ્લા વહીવટીતંત્ર તરફથી પ્રાથમિક સર્વે દરમિયાન નોંધપાત્ર નુકસાન જણાઈ આવેલ. આથી રાજ્ય સરકારશ્રી તરફથી આ પાંચ જિલ્લાઓ માટે કૃષિ રાહત પેકેજ ઓગષ્ટ–સપ્ટેમ્બર–૨૦૨૫ જાહેર કરેલ છે. આ પેકેજ અંતર્ગત વધારાના રૂ.૫૬૨.૯૨ કરોડની જરૂરિયાત ઊભી થયેલ છે.

ઓક્ટોબર–૨૦૨૫ માસમાં રાજ્યમાં સાર્વત્રિક કમોસમી વરસાદની ઘટના નોંધાયેલ હતી. જેમાં રાજ્યના ૩૩ જિલ્લાઓમાં ખેતી પાકોમાં નોંધપાત્ર નુકસાન જણાઈ આવેલ હતું. રાજ્ય સરકાર અને માન. મુખ્યમંત્રીશ્રીએ આ કુદરતી આપદાના સમયમાં ત્વરિત સહાય અને મદદ થઈ શકે તે માટે ઉચ્ચકક્ષાની બેઠકો યોજી ખેડૂતોને રૂ.૧૦ હજાર કરોડની માતબર રકમનું કૃષિ રાહત પેકેજ ઓક્ટોબર–૨૦૨૫ જાહેર કરેલ. તે અન્વયે વધારાના કુલ રૂ.૫૭૨૬.૦૮ કરોડની જરૂરિયાત ઊભી થયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય આપત્તિ પ્રતિભાવ નિધિ (State Disaster Response Fund) અને રાજ્ય આપત્તિ શમન નિધિ (State Disaster Mitigation Fund)ની વાત કરું તો આ બંને પ્રકારના ફંડમાં ૧૫મા નાણા પંચની ભલામણ મુજબના અગાઉના વર્ષોના બાકી લેણાં થતાં હપ્તાઓ ચાલું નાણાકીય વર્ષમાં રીલીઝ કરવામાં આવતાં, State Disaster Response Fund અને State Disaster Mitigation Fund ના બજેટ સદરે અનુક્રમે રૂ.૧૭૫૪.૪૯ કરોડ અને રૂ.૭૯૮.૦૦ કરોડની વધારાની જરૂરિયાત ઊભી થયેલ છે. ૧૫મા નાણા પંચ દ્વારા State Disaster Mitigation Fund માટે ૫ વર્ષનું સળંગ આયોજન કરવામાં આવ્યું છે. ચાલુ નાણાકીય વર્ષ એ ૧૫મા નાણાપંચનું અંતિમ વર્ષ હોઇ, ઉપલબ્ધ થયેલી ગ્રાન્ટનો પૂરેપૂરો ઉપયોગ કરવો જરૂરી હોઇ,આ પૂરક માગણી દ્વારા જોગવાઈ કરીને રાજ્યના હિતમાં આ ભંડોળનો મહત્તમ ઉપયોગ કરવા સરકાર કટિબદ્ધ છે. અંડર ગ્રાઉન્ડ વીજ કેબલ નેટવર્ક, દરિયાકાંઠાના વિસ્તારોમાં મેન્ગ્રુવ પ્લાન્ટેશન પ્રોજેક્ટ, શોધ અને બચાવ કામગીરી માટે ગ્રામ્ય અને તાલુકા કક્ષાએ રેસ્ક્યુ કીટ આપવા વિવિધ હેતુસર ખર્ચ થનાર હોઈ,વધારે રૂ.૧૮૦૪.૩૯ કરોડની જરૂરિયાત ઊભી થયેલ છે.આમ, ઉક્ત બાબતે ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન કુદરતી આફતો અંગે રાહત માટે કુલ રૂ.૧૧૩૫૮.૧૪ કરોડની પૂરક માગણી રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગ દ્વારા રાજયના માર્ગો અને પુલોનું બાંધકામ અને જાળવણી કરવામાં આવે છે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા સરકારી મકાનોના બાંધકામની કામગીરી હાથ ધરવામાં આવે છે. વિભાગ દ્વારા વિવિધ યોજનાઓ થકી સમગ્ર ગુજરાતમાં માળખાકીય સુવિધાઓનો વિકાસ થઇ રહેલ છે. જે દેશમાં ગણનાપાત્ર છે. વિભાગ દ્વારા પ્રવાસી પથ હેઠળ મહત્ત્વના પ્રવાસન સ્થળોને જોડતા માર્ગોની સુધારણાની કામગીરી કરવામાં આવે છે. તેમજ મુસાફરી વધુ સલામત અને સુગમ બનશે. પ્રવાસી પથ યોજના હેઠળ રૂ.૧૯૦.૪૫ કરોડનો ખર્ચ થયેલ છે. મૂળ બજેટ જોગવાઇ રૂ.૨૬૦ કરોડ ઉપરાંત સુધારેલ ખર્ચ અને પ્રવાસી પથના બાંધકામ માટેના ખર્ચમાં થયેલ વધારાના સંદર્ભમાં રૂ.૪૦ કરોડની વધારાની માંગણી કરી છે. મંજૂર થયેલ અનુદાન હેઠળ આંતરિક બચતમાંથી રૂ.૨૦.૧૨ કરોડની બચત ઉપલબ્ધ છે. જેથી વધારાના રૂ.૧૯.૮૮ કરોડની વધારાની જરૂરિયાત અંદાજવામાં આવી છે. તદ્અનુસાર રૂ.૧૯.૮૮ કરોડની પૂરક માંગણી રજૂ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ વર્ષે ખરીફ ઋતુમાં ઓગસ્ટ–સપ્ટેમ્બર માસમાં ભારે વરસાદની ઘટનાના કારણે તેમજ ઓક્ટોબર માસમાં રાજ્યમાં સાર્વત્રિક કમોસમી વરસાદના કારણે ખેડૂતોને ખેતી પાકમાં થયેલ નુકસાન માટે રાજ્ય સરકાર તરફથી કૃષિ રાહત પેકેજ જાહેર કરવામાં આવેલું. ઉપર્યુક્ત કુદરતી આફતોના કારણે થતાં પાક નુકસાન માટે ખેડૂતોને સહાય આપવા માટે વધારાની રજૂઆતો આવેલી. ચાલુ વર્ષના અંદાજપત્રમાં કુદરતી આફતો માટેના પેટા સદર હેઠળ રૂ.૪૦૫ કરોડની જોગવાઇ સામે વર્ષ દરમિયાન કુદરતી આફત જેવી કે, પૂર અને ભારે વરસાદના કારણે ખેતીના પાકોને નુકસાન થતાં ખેડૂતોને સહાય આપવા માટે રૂ.૩૬૮૨.૧૭ કરોડની વધારાની જરૂરિયાત સામે સમાન માગણીના અન્ય સદરોની બચતમાંથી રૂ.૨૪૬૩.૭૩ કરોડની રકમ ઉપલબ્ધ છે. તેથી રૂ.૧૨૧૮.૪૪ કરોડની પૂરક માગણી રજૂ કરી છે. ચાલુ વર્ષ ૨૦૨૫–૨૬માં ખરીફ ઋતુમાં ઓગસ્ટ–સપ્ટેમ્બર માસમાં ભારે વરસાદ નોંધાયેલ હતો. જેમાં વાવ–થરાદ, પાટણ, કચ્છ, જૂનાગઢ અને પંચમહાલ આ પાંચ જિલ્લાઓમાં ખેડૂતોને ખરીફ ઋતુના પાકોમાં નુકસાન થયેલ તેમજ પાણી ભરાઇ રહેવાને કારણે વાવ–થરાદ અને પાટણ જિલ્લામાં રવી સીઝનના પાકોનું વાવેતર થઇ શકેલ ન હતું. આ સમગ્ર પરિસ્થિતિ ધ્યાનમાં રાખી રાજ્ય સરકાર માટે આ પાંચ જિલ્લાઓ માટે કૃષિ રાહત પેકેજ ઓગસ્ટ–સપ્ટેમ્બર–૨૦૨૫માં જાહેર કરેલ છે. આ પેકેજ અંતર્ગત વાવ–થરાદ અને પાટણ જિલ્લામાં જમીન સુધારણા માટે પાક

નુકસાનની સહાય ઉપરાંત વધારાની ૨૦ હજાર પ્રતિ હેક્ટરની વિશેષ જોગવાઈ કરવામાં આવેલ. જેમાં આપશ્રીનાં પણ ઘણાં સલાહ સૂચનો હતાં. આ પેકેજ અંતર્ગત આજની સ્થિતિએ કુલ ૨,૬૪,૮૯૬ ખેડૂતોને એસ.ડી.આર.એફ.માંથી રૂ.૪૯૬.૬૪ કરોડ અને કૃષિ વિભાગ અંતર્ગત પાક નુકસાન માટે ખેડૂતોને સહાય માટે રૂ.૪૨૮.૬૯ કરોડ મળી કુલ રૂ.૯૨૫.૩૪ કરોડની સહાયની ચૂકવણી કરવામાં આવેલ છે. ઓક્ટોબર–૨૦૨૫ માસમાં સાર્વત્રિક વરસાદની ઘટના નોંધાઈ હતી. જેમાં રાજ્યના ખેતી પાકોમાં નુકસાન જણાયું હતું. રાજ્ય સરકાર અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ કુદરતી આપદાના સમયમાં ત્વરિત સહાય માટે ઉચ્ચકક્ષાની બેઠકો યોજી માનનીય કૃષિ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી અને અન્ય મંત્રીશ્રીઓની સાથે મળીને ખેડૂતોને રૂ.૧૦ હજાર કરોડથી વધુ રકમનું કૃષિ રાહત પેકેજ ઓક્ટોબર–૨૦૨૫માં જાહેર કરેલ હતું. આ પેકેજ અંતર્ગત આજની સ્થિતિએ કુલ ૩૦,૫૬,૨૬૪ ખેડૂતોને એસ.ડી.આર.એફ.માંથી રૂ.૫૭૨૩.૫૪ કરોડ અને કૃષિ વિભાગ હેઠળ પાક નુકસાન પેટે ખેડૂતોને રૂ.૩૦૧૩.૩૬ કરોડ એમ કુલ રૂ.૮૭૩૬.૯૦ કરોડની ચૂકવણી કરવામાં આવેલ છે. આ ચૂકવણી પણ એકદમ રેકોર્ડ સમયમાં કરવામાં આવેલ છે. દરેક ખેડૂતોના ખાતામાં ડી.બી.ટી.થી જમા કરવામાં આવેલ છે. આ ઉપરાંત ઓક્ટોબર ૨૦૨૪માં કમોસમી વરસાદના કારણે ૭ જિલ્લાઓ માટે કૃષિ રાહત પેકેજ ડાંગર અને ૬ જિલ્લા માટે કૃષિ રાહત પેકેજ કપાસ માટે જાહેર કરવામાં આવેલ છે. જે અંતર્ગત કુલ ૩,૪૮,૧૦૬ ખેડૂતોને એસ.ડી.આર.એફ.માંથી રૂ.૪૦૨.૮૮ કરોડની અને કૃષિ વિભાગ હેઠળ પાક નુકસાન માટે રૂ.૧૧૯.૭૯ કરોડ મળી કુલ રૂ.૫૨૨.૬૮ લાખની સહાય ચૂકવવામાં આવેલ છે. આમ, વિવિધ કુદરતી આપત્તિમાંથી થયેલ પાક નુકસાનના કિસ્સામાં ચાલુ વર્ષ દરમિયાન સરકાર તરફથી રાજ્યના અસરગ્રસ્ત જિલ્લાઓમાં કુલ ૩૬ લાખ ૬૯ હજાર ૨૬૬ ખેડૂતોને એસ.ડી.આર.એફ.માંથી કુલ રૂ.૬૬૨૩.૦૮ કરોડની અને કૃષિ વિભાગ હેઠળ પ્રાપ્ત નુકસાન માટે ખેડૂતોને સહાય રૂ. ૩૫૬૧.૮૪ કરોડ એમ કુલ ૧૦૧૮૪.૯૨ કરોડની સહાય ચૂકવવામાં આવેલ છે. આ બધી સહાય ચૂકવાઈ ગયેલ છે. ચાલુ વર્ષમાં નવરચિત વાવ–થરાદ જિલ્લામાં ખેતી અને બાગાયત ખાતાના નવીન મહેકમ માટે એટલે કે નવી ઓફિસો માટે પ્રતિક જોગવાઈ રૂ.૪ લાખની કરવામાં આવેલ છે. કુદરતી આફતો જેવી કે, કમોસમી વરસાદ અને ભારે પૂરના કારણે ખેડૂતોને સહાય ચૂકવવા રૂ.૩૬૮૨ કરોડ તથા નવરચિત વાવ–થરાદ જિલ્લાના નવા મહેકમ માટે રૂ.૪ લાખ મળી રૂ.૩૬૮૨.૨૧ કરોડની વધારાની જરૂરિયાત રહેશે. પરંતુ અન્ય સદરોની બચતોમાંથી રૂ.૩૨૪૬.૭૩ કરોડની રકમ ઉપલબ્ધ હોઇ રૂ.૧૨૧૮.૪૮ કરોડની પૂરક માગણી રજૂ કરેલ છે. માગણી ક્રમાંક–૩૯માં તબીબી અને જાહેર આરોગ્ય રાજ્યના ગ્રામીણ અને શહેરી વિસ્તારના તમામ નાગરિકોને ગુણવત્તાસભર આરોગ્ય વિષયક સેવાઓ ઉપલબ્ધ થાય છે અને રાજ્યનો છેવાડાનો નાગરિક પણ આરોગ્ય સુવિધાથી વંચિત ન રહે તે માટે રાજ્ય સરકાર હંમેશા પ્રયત્નશીલ છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ હેઠળ વર્ષ ૨૦૨૫–૨૬ માટે મહેસૂલ હેઠળ રૂ.૬૮૯૫.૫૧ કરોડ તથા મૂડી સદરે રૂ.૪૬૪૭.૩૩ કરોડ મળી કુલ રૂ.૧૪૬૪૨.૮૪ કરોડ સામે વર્ષ ૨૦૨૫–૨૬ માટે મહેસૂલી હેઠળ રૂ.૨ લાખ તથા મૂડી સદર રૂ.૧૧૩૯.૬૪ કરોડ મળી કુલ રૂ.૧૧૩૯.૬૪ કરોડની પૂરક માગણી રજૂ કરેલ છે. મુખ્યત્વે વાવ–થરાદ જિલ્લાની રચના થતાં જિલ્લા આરોગ્ય અધિકારીની કચેરીના પગાર–ભથ્થાંના ખર્ચનો સમાવેશ થાય છે. આ ઉપરાંત રાષ્ટ્રીય આરોગ્ય મિશન એન.એચ.એમ. અંતર્ગત આરોગ્યલક્ષી વિવિધ પ્રવૃત્તિઓનો ખર્ચ, મેડિકલ કૉલેજના બાંધકામનો ખર્ચ તેમજ ૧૫મા નાણાપંચ હેઠળ આરોગ્ય સેવાઓના સુદ્દઢીકરણ માટે માળખાકીય સુવિધાનો સમાવેશ થાય છે. રાજ્યમાં નવા વાવ–થરાદ જિલ્લાની રચના થતાં ત્યાં આરોગ્યલક્ષી સેવાઓ પૂરી પાડવા માટે જિલ્લા આરોગ્ય અધિકારીની નવી જગ્યા સેવા તરીકે સમાવેશ કરતાં એના માટે રૂ.૧ લાખની પૂરક માગણી રજૂ કરેલ છે. રાષ્ટ્રીય આરોગ્ય એન.એચ.એમ. ભારત સરકારના ૬૦ ટકા અને રાજ્ય સરકારના ૪૦ ટકા મેચીંગ શેરથી અમલમાં છે. ભારતસરકાર દ્વારા ૬૦ ટકા ફાળા સામે રાજ્ય સરકારના હિસ્સાની રકમ મેળવવા માટે રૂ.૧ લાખની પ્રતિક જોગવાઈ કરેલ છે. ભારત સરકારશ્રીની કેન્દ્રીય પુરસ્કૃત યોજના એસ્ટાબ્લિસમેન્ટ ઓફ ન્યૂ મેડિકલ કૉજીસ એટેચ વીથ ડિસ્ટ્રિક્ટ એન્ડ રેફરલ હૉસ્પિટલ અંતર્ગત નવસારી, રાજપીપળા, નર્મદા, ગોધરા, પંચમહાલ, મોરબી તથા પોરબંદર સાથે પાંચ નવી મેડિકલ કૉલેજો, હૉસ્પિટલો, હૉસ્ટેલ અને ક્વાર્ટસના બાંધકામ માટે વર્ષ ૨૦૨૦માં કેન્દ્ર સરકાર દ્વારા પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવેલ તેમજ આ માટે રૂ.૨૮૭૨ કરોડની વહીવટી મંજૂરી મળેલ હતી. જેમાં કેન્દ્ર સરકાર દ્વારા મંજૂર કરવામાં આવેલ રૂ.૧૬૨૫ કરોડ પૈકી બાકી રકમ રૂ.૧૯૭.૦૭ કરોડ આ વર્ષે ફાળવવામાં આવેલ છે. જેની સામે રાજ્યફાળા માટે રૂ.૧૩૧.૩૮ કરોડની વધારાની જરૂરિયાત છે. આ માટે પ્રોજેક્ટ પૂર્ણ કરવા માટે વધારાનાં નાણાં માટે રૂ.૪૪૭.૧૮ કરોડની વધારાની જરૂરિયાત હોઇ કુલ રૂ.૭૭૫.૬૩ કરોડની પૂરક માંગણી રજૂ કરેલ છે. ૧૫મા નાણાપંચ હેઠળ આરોગ્ય વ્યવસ્થા માટે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. આ બાબતે ચાલુ નાણાકીય વર્ષમાં રૂ.૩૫૬.૩૪ કરોડની જોગવાઈ રાખવામાં આવેલ. જે હેઠળ પેટા આરોગ્ય કેન્દ્રો ખાતે નિદાન માટે માળખાકીય સુવિધા ઊભી કરવા, સ્થાયી મકાન સિવાયના પેટા આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો માટે તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે નિદાન માટે માળખાકીય સુવિધા ઊભી કરવા બજેટ જોગવાઇ ઉપરાંત કુલ રૂ.૩૬૩.૯૯ કરોડ મળનાર હોઇ, તે મુજબની પૂરક માંગણી રજૂ કરેલ છે.આમ, મહેસૂલ સદર હેઠળ તબીબી અને જાહેર આરોગ્ય હેઠળ મૂળ જોગવાઇ રૂ.૬૮૯૫.૫૧ કરોડ સામે નવી સેવાનો સમાવેશ થતા આંતરિક બચત ઉપલબ્ધ હોવાથી રૂ.૨ કરોડની વધુ જરૂરિયાત રહે છે. જે માટે રૂ.૨ કરોડની ટોકન જોગવાઇ પૂરક માંગણીમાં રજૂ કરેલ છે.આમ, રાજયના આરોગ્ય વિષયક વિશાળ માળખાને ઉચ્ચ ગણવત્તાયુક્ત આરોગ્યલક્ષી સેવાઓ પૂરી પાડવા માટે અંદાજો કરતાં વધુ ખર્ચ થાય તે સ્વાભાવિક છે. જે માટે કુલ રૂ. ૧૧૩૯.૬૪ કરોડની પૂરક માંગણી રજૂ કરવામાં આવેલ છે.

તા.૨૪મી ફેબ્રુઆરી, ૨૦૨૬

પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, સરકારે રાજ્યના તમામ ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં સલામત અને પર્યાપ્ત પીવાનું પાણી આપવા અથાગ પ્રયત્નો કર્યા છે. જેમાં રાજયમાં પીવાના પાણીની મુશ્કેલીઓ દૂર કરવામાં રાજય સરકારે હંમેશા અગ્રતા આપી વિવિધ યોજનાઓ હાથ ધરીને, ગુજરાતની જનતાને પીવાના પાણીની સમસ્યાઓમાંથી લાંબા ગાળાના આયોજન અને અમલીકરણ થકી મહદ્અંશે મુક્તિ અપાવી છે. મરામત અને નિભાવણી હેઠળની ગ્રાન્ટની પૂરક માંગણીના કારણો જણાવું તો, ચાલુ વર્ષે કુલ ૧૬ જૂથ પાણી પુરવઠા યોજનાઓનાં કામો પૂર્ણ કરવામાં આવેલ છે. આમ, દર વર્ષે અમલીકરણ હેઠળની યોજનાઓ પૂર્ણ થતાં પૂર્ણ થયેલ યોજનાઓની યાદીમાં ઉત્તરોતર વધારો થાય છે અને પૂર્ણ થયેલ ગામોની યાદીમાં પણ ઉત્તરોતર વધારો થાય છે. ચાલુ વર્ષના અંદાજપત્રમાં મરામત નિભાવણીના પેટા સદર હેઠળ રાખેલ જોગવાઇ રૂ.૨૨૫.૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે. ચાલુ નાણાકીય વર્ષના બાકી સમય માટે મરામત નિભાવણીના ખર્ચને લક્ષમાં લેતા, કુલ રૂ. ૨૮.૦૦ કરોડની વધારાની માંગણી સાથે રૂ. ૨૫૩.૦૦ કરોડની જોગવાઈની જરૂરિયાત છે. જેની સામે સમાન અનુદાન હેઠળના અન્ય મહેસૂલી સદરો હેઠળ રૂ.૨૨.૬૫ કરોડની બચત ઉપલબ્ધ છે. જેથી રૂ.૫.૩૫ કરોડની ચોખ્ખી પૂરક માંગણી રજૂ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહ સમક્ષ રજૂ કરવામાં આવેલી પૂરક માંગણીઓમાં મોટાભાગની જોગવાઈ વર્ષ દરમિયાન ઊભી થયેલ વધારાની આવશ્યકતાઓ અને અનિવાર્ય ખર્ચને પહોંચી વળવા માટે જરૂરી હોવાથી રજૂ કરવામાં આવી છે. રાજ્યના વિકાસકાર્યો અવરોધરહિત રીતે આગળ વધે, ચાલુ યોજનાઓ સમયસર પૂર્ણ થાય અને જનહિતના કાર્યોને ગતિ મળે તે હેતુસર આ વધારાની રકમ માંગવામાં આવી છે. માનનીય ધારાસભ્યશ્રીઓ રજૂ કરેલ કાપ દરખાસ્તો પાછી ખેંચે અને રાજયના સર્વાંગી વિકાસમાં સહભાગી થાય તેવી મારી લાગણી છે.આથી, રજૂ થયેલ પૂરક માંગણીઓ રાજ્યના વિકાસને ગતિ આપવા અને જનહિતના કાર્યોને મજબૂત બનાવવા માટે આવશ્યક છે. હું આ ગૃહને વિનંતી કરું છું કે રજૂ થયેલ માંગણીઓને મંજૂરી આપે અને રાજ્યની વિકાસયાત્રામાં સહકાર આપે. આમ, ચર્ચા માટે હાથ ધરાયેલ માંગણી ક્રમાંકઃ ૭૯, ૮૬, ૨, ૩૯ અને ૬૭ સર્વાનુમતે પસાર કરવા હું વિનંતી કરું છું. ખાસ કરીને શ્રી શૈલેષભાઇના બે-ત્રણ ઓબ્જર્વેશન છે એના માટે હું વાત કરીશ. શ્રી શૈલેષભાઇ, આપણી ગુજરાત સરકારે માનનીય મોદી સાહેબે સુકાન સંભાળ્યા પછી વર્ષ ૨૦૦૬થી એકપણ દિવસ પેશગી લીધેલી નથી. આપણા જે ખર્ચા કે સેલેરી હોય તે માટે આપણે બજેટ પૂરું થાય એટલે તારીખ ૧લી એપ્રિલે જ દરેક ડિપાર્ટમેન્ટને પૈસા આપી રહ્યા છીએ એટલે સરકારની નાણાકીય પરિસ્થિતિ સૌથી સુંદર છે. આપણે આપણા જી.એસ.ડી.પી.ના ૨૭.૧૦ ટકા દેવું મેળવી શકીએ છીએ અને અત્યારે આપણે ફક્ત ૧૪ ટકા ઉપર જ છીએ. એટલે કે વિકાસ માટે જે દેવું છે એના કરતાં આપણે ડબલ દેવું કરી શકીએ એવી આપણી પરિસ્થિતિ છે. તમે વિકાસ ખર્ચની વાત કરી તો વર્ષ ૨૦૨૫-૨૬નો આપણો વિકાસ ખર્ચ ૬૭ ટકા છે અને સને ૨૦૨૬-૨૭નું આ બજેટ રજૂ કર્યું છે એમાં વિકાસ ખર્ચ ૬૫ ટકા છે. શ્રી ચૈતરભાઇએ પ્રશ્ન ઊભો કર્યો હતો. શ્રી ચૈતરભાઇ, તમને ખાતરી આપું છું કે આમાં જે પ્રશ્ન હશે એની તપાસ કરાવી જો યોગ્ય હશે તો ચોક્કસ રીતે કરીશું.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીઓ એ બાબતમાં સુવિદિત હશે કે એક વખત આપણે પુનઃવિનિયોગ દ્વારા નાણા વાપરવા માટેનો અધિકાર કેબિનેટને, રાજ્ય સરકારને આપતા હોઇએ છીએ અને તે સિવાય ઇમરજન્સી બાકી કોઇ કામ માટે સરકાર સપ્લીમેન્ટરી ખર્ચ વધારાના ખર્ચ તરીકે એમને જરૂર ઊભી થાય અને ખર્ચની મંજૂરી આપે તો તે નાણાં વાપરવા માટે એટલે સપ્લીમેન્ટરી ખર્ચની મંજૂરી માટે વિધાનસભા પાસે ફરી આવવું પડતું હોય છે. તેના ભાગરૂપે આજે મંત્રીશ્રી આ વિષય લઇને આવ્યા છે. જેને આપણે પૂરક વિનિયોગ પણ કહીએ છીએ. તેઓએ કારણો બતાવ્યા છે કે ખેડૂતોને આફતમાં મદદ કરવાનું કારણ હતું. આજે જે માગણીઓ મંજૂર કરીશું અને મંજૂરી આપ્યા પછી વાપરવા માટે મંજૂરી આપવી પડશે. તેના માટે ૨૮ તારીખે ફરી પૂરક વિનિયોગ વિધેયક દાખલ કરીને અહીંથી મંજૂરી આપીશું પછી જ આ નાણાનો ખર્ચ કરી શકાય છે. આજે માગણીઓ લઇને આવ્યા છે તેમાં પ્રતિપક્ષ તરફથી કેટલીક કાપ દરખાસ્તો આવી છે. જો એ પરત ખેંચે તો એને મંજૂરી આપવી પડશે અને માગણીઓ મતદાન ઉપર મૂકીએ. માનનીય શૈલેષભાઇ, આપને કંઇ કહેવું છે?

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રીએ જે પૂરક માગણીઓ રજૂ કરી હતી એ પૂરક માગણીઓના અનુસંધાનમાં મહેસૂલ વિભાગની ૭૯ નંબરની માગણી છે જે કુદરતી આફતમાં રાહત માટે છે. જ્યારે પૂર આવ્યું ત્યારે કોંગ્રેસ પાર્ટી દ્વારા પણ રાહત પેકેજ જાહેર કરો એવી માગણી કરવામાં આવી હતી અને રાજ્ય સરકાર દ્વારા જે રૂપિયા ૧૧ હજાર ૩૫૬.૧૪ કરોડ રૂપિયાની મહેસૂલ વિભાગની માગણી ક્રમાંક-૭૯ લઇને આવ્યા છે એ ઉપરની તમામ કાપ દરખાસ્તો કોંગ્રેસ પક્ષ પાછી ખેંચે છે અને સંપૂર્ણપણે બિન શરતી ટેકો પણ આપીએ છીએ. એવી જ રીતે કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની માગણી ક્રમાંક-૨ જે ભારે પૂર અને વરસાદને કારણે નોર્થ ગુજરાતના અનુસંધાનમાં માગણીઓ લઇને આવ્યા છે જેમાં રૂપિયા ૧૨૧૮.૪૮ કરોડ રૂપિયાનો ખર્ચ થયેલ છે જે અનુસંધાને કોંગ્રેસ પક્ષ દ્વારા અમારી કાપ દરખાસ્તો હતી, લોકોને રાહત આપી છે, ખેડૂતોને રાહત આપી છે એટલે એ કાપ દરખાસ્તો પણ અમે પાછી ખેંચીએ છીએ અને બિન શરતી માગણી ક્રમાંક-૨ માં ટેકો આપીએ છીએ.

પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે પૂરક માગણી નં. ૨ લઇને આવ્યા હતા એમાં મારી કાપ દરખાસ્ત રજૂ કરી હતી. જે રાજ્યના ખેડૂતોના હિતને ધ્યાનમાં રાખી હું મારી કાપ દરખાસ્ત પાછી ખેંચું છું અને સાથોસાથ માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી
અને કૃષિ મંત્રીશ્રીનો આભાર માનું છું કે મારા બોટાદ જિલ્લામાં ન ભૂતો ન ભવિષ્યતિ એ રીતે રૂપિયા ૨૫૨ કરોડ સીધા ૭૬ હજાર ખેડૂતોના ખાતામાં પ્રથમ વખત ગયા . આ પહેલી વખત ઘટના બની છે. સાથોસાથ એ પણ આભાર માનું છું કે છેલ્લા બે વર્ષમાં બોટાદ જિલ્લાના દરેક ખેડૂતોને દરેક ગામમાં દિવસે વીજળી મળતી થઇ ગઇ એના માટે પણ આભાર માનું છું. એક નાનું સૂચન કરું છું કે જ્યારે આવડું મોટું ખેડૂતોનું વિશાળ હિત જોતા હોય આપણે ખેતીની સાથે જોડાયેલા ખેતમજૂર અને ભાગીયા છે એની ચિંતા કરીએ અને એને સહાય આપીએ એવું કાંઇક આયોજન સરકાર દ્વારા થાય એવી વિનંતી કરવા માગું છું.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ પરત ખેંચી લેવાની સભાગૃહની અનુમતિ માગું છું.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું પૂરક માગણી નં.૨ ઉપરની મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ પરત ખેંચી લઉં છું.

અધ્યક્ષશ્રી : **કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૨ પરત ખેંચવામાં આવે છે.**

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી પૂરક માગણીઓ લઇને આવ્યાં તે તેમાં માગણી નં.૭૯, ૮૬, ૨, ૩૯ અને ૬૭ માં અમારી પાર્ટી વતી અમારી જે કાપ દરખાસ્તો હતી. એ બાબતોને લઇને અમે થોડી રજૂઆતો અને સૂચનો કર્યાં છે. માનનીય મંત્રીશ્રીએ એ સૂચનો પર આગળ કાર્યવાહી કરવાની અને પૂર્ણ કરવાની બાંહેધરી આપી છે ત્યારે અમે અમારી કાપ દરખાસ્તો પરત લઇએ છીએ.

અધ્યક્ષશ્રી : માનનીયશ્રી ચૈતરભાઇ, કદાચ તમે કાપ દરખાસ્ત વખતે હાજર ન હતા.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : જી, સર.

અધ્યક્ષશ્રી : તમે અહીંયા ઉપસ્થિત હતા.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : હા.

અધ્યક્ષશ્રી : શ્રી ગોપાલભાઇ હતા તો શ્રી ગોપાલભાઇ વતી તમે કાપ દરખાસ્તો પાછી નહીં ખેંચી શકો.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : સાહેબ, પાર્ટી તરફથી હું ગૃહનો નેતા છું.

અધ્યક્ષશ્રી : નેતા તરીકે તમે એવું કહો છો કે મારે પરત ખેંચવી છે. શ્રી ગોપાલભાઇ હાજર નથી?

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : આજે પૂરક માગણીઓમાં મેં જ ૬ મિનિટ રજૂઆત કરી છે. સ્પીચ પણ મારી જ હતી.

અધ્યક્ષશ્રી : તો બાકી કોઇને વાંધો નથીને?

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : ના, સર.

અધ્યક્ષશ્રી : હવે કોઇ કાપ દરખાસ્ત રહેતી નથીને? (માનનીય કૃષિ મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણી ઊભા થતાં) આપને કાંઇ કહેવું છે?

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું અમારા પક્ષની પૂરક માગણી નં.૭૯, ૨ અને ૩૯ ઉપર રજૂ થયેલ કાપ દરખાસ્ત ક્રમાંક- ૪, ૧૧, ૧૫, ૧૬ અને ૨૧ પરત ખેંચવાની અનુમતિ માગું છું.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું અમારા પક્ષની રજૂ થયેલ કાપ દરખાસ્ત ક્રમાંક–૪, ૧૧, ૧૫, ૧૬ અને ૨૧ પરત ખેંચી લઉં છું.

અધ્યક્ષશ્રી : **કાપ દરખાસ્ત ક્રમાંક ૪, ૧૧, ૧૫, ૧૬ અને ૨૧ પરત ખેંચવામાં આવે છે.**

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપે મારો ઉલ્લેખ કર્યો હતો ત્યારે મારે આપનો પણ વિશેષ ઉલ્લેખ કરવો જોઇએ કે માનનીય નાણામંત્રીશ્રી મારા વિભાગની પૂરક માગણીઓ લઇને આવ્યાં છે. કદાચ આ વિધાનસભા ગૃહના ઇતિહાસની અંદર ૩.૧૨,૫૭૭.૪૪ કરોડની અલગ અલગ પ્રકારની કમોસમી સહિતની વિવિધ માગણીઓ એ અહીંયા લઇને આવ્યાં છે. કદાચ આ ગૃહની અંદર આ ઇતિહાસ છે. આ સરકારનું કમિટમેન્ટ છે, ખેડૂતો માટે અલગ અલગ પ્રકારની મુશ્કેલીઓ માટે એમના પરિવાર માટે, ઘર વખરી માટેની જે મદદ કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, આપે ઉલ્લેખ કર્યો હતો ત્યારે મારે સભાગૃહના ધ્યાનમાં મૂકવું છે કે હું અને મારો વિભાગ નહીં, માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય ઉપમુખ્યમંત્રીશ્રી, માનનીય નાણામંત્રીશ્રી નહીં અધ્યક્ષશ્રી તરીકે માનનીય શંકરભાઇ આપનો આભાર માનું છું કે દિવાળીના દિવસે પણ તમે મારી સાથે બેઠા હતા. આપ કિસાનના પણ નેતા છો. સરકારી ક્ષેત્રના પણ આગેવાન છો અને સારી રીતે આપ જાણો છો. હું આ ગૃહની અંદર માત્ર આપની વાત કરવા કે વખાણ કરવા માટે નહીં. મેં એ સંવેદના જોઇ છે. અધિકારીઓને લઇને અમે આપને ત્યાં આવ્યાં હતા. આપે અમને સૂચનો કર્યાં હતાં એ વિશેષ સૂચનોનો મારે ઉલ્લેખ કરવો છે. ખાસ કરીને ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં જ્યારે પાંચ જિલ્લાઓમાં વરસાદ, પૂરની સ્થિતિ હતી એવા વખતે શિયાળુ પાક ના લઇ શકાય. પાણી ભરાયેલ હતું

અને આપે કહ્યું કે સેટેલાઇટમાં પણ ચેક કરો. ચેક કર્યું તો એમાં પાણી ભરાયેલું. ગુજરાતના ઇતિહાસમાં પહેલી વખત બીજી સિઝન પણ ખેડૂત ના લઇ શક્યા એના માટે ૩.૨૦,૦૦૦ બે હેકટરની મર્યાદામાં આપની સૂચનાથી નાણા વિભાગે માનનીય મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન નીચે મંજૂર કર્યાં છે. બીજું, એક વિશેષ મુખ્યમંત્રીશ્રીની લાગણી હતી ત્યારે આ સન્માનીય સભાગૃહ સમક્ષ મૂકવી છે કે ૩.૨૫૦૦ કરોડ ખાસ કરીને વરસાદ વધારે આવે ત્યારે વાવ, થરાદ, પાટણના એરિયામાં દર વર્ષે પાણી ભરાય છે. આખી ટોપોગ્રાફી એવી છે તો એ કુદરતી આપદાની સામે લડાઇ કરવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ૩.૨૫૦૦ કરોડની વ્યવસ્થાઓ કરવા માટેની પહેલી વખત આ પ્રકારની યોજના અને એના દ્વારા જ્યાં જ્યાં ભવિષ્યમાં આવશે આનો જે પ્રયોગ સફળ થશે તો જ્યાં જ્યાં પણ આ પ્રકારે પાણી ભરાય તો ખેડૂતોના હિતમાં મને સન્માનીય સભાગૃહને જણાવતા મને આનંદ થાય છે કે જે પણ અહીંયા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને માનનીયશ્રી હર્ષભાઇ સંઘવીના નેતૃત્વમાં અમે લઇશું. વિશેષ ૩.૫,૦૦૦ કરોડથી વધારે પૂરક માગણી એ માત્ર કમોસમી વરસાદમાં ગુજરાત રાજ્યના ઇતિહાસમાં થઇ હોય તો પહેલી વખત છે. હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીને ગુજરાતના ખેડૂતો વતી સમગ્ર સભાગૃહ વતી ખૂબ આભાર માનું છું અને અભિનંદન આપું છું. આમાં વિપક્ષના મિત્રોએ ટીકા કરી હશે. મારો આ વિષય નથી પણ કૃષિ મંત્રી તરીકે એમનો પણ સ્વીકાર કરીએ છીએ. એમણે પણ આ સંવેદના બતાવી છે અને રાજ્યના કૃષિના કિસાનોના હિતમાં આપણે સૌ આગળ વધીએ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપનો આદેશ સર્વમાન્ય છે સર, પણ અમે જે પર્ટીકયુલરલી વાત કરેલી છે એટલે કાપ દરખાસ્ત આપ જે પણ મૂકી રહ્યા છો તો મહેસૂલ વિભાગની કાપ દરખાસ્ત ૭૯ની જે કાપ દરખાસ્તો છે અને કૃષિ ખેડૂતની માગણી નં. ૨ની જે કાપ દરખાસ્તો છે એ કાપ દરખાસ્તો જ અમે પાછી ખેંચીએ છીએ બાકીની માગણીઓમાં અમારો સંપૂર્ણ વિરોધ છે. માગણી ક્રમાંકઃ ૭૯ ની કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧ પાછી ખેંચી લેવાની સભાગૃહની અનુમતિ માગું છું.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું અમારી પૂરક માગણી નં.૭૯ ઉપર રજૂ થયેલ કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧ પાછી ખેંચી લઉં છું.

અધ્યક્ષશ્રી : **કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧ પાછી ખેંચવામાં આવે છે**. બીજી માગણીઓ તમારી ચાલુ છે?

શ્રી શૈલેષ મ. પરમાર : યસ સર. માગણી નં. ૭૯ અને માગણી નં. ૨ સર્વાનુમતે મંજૂર કરીએ બાકીની માગણીમાં વિરોધ છે.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૮ અને ૧૯ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

પૂરક માગણી ક્રમાંકઃ ૭૯ અને ૨ મત માટે મૂકવામાં આવી અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.

પૂરક માગણી ક્રમાંકઃ ૮૬, ૩૯ અને ૬૭ મત ઉપર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૧.૧૨ વાગ્યે પૂરું થતા સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બીજી બેઠક માટે બપોરના ૨–૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

ફાલ્ગુન ૦૫, ૧૯૪૭ શાકે

તારાંકિત પ્રશ્નો

ગુજરાત વિધાનસભા

મંગળવાર, તા.૨૪મી ફેબ્રુઆરી, ૨૦૨૬

ફાલ્ગુન ૦૫, ૧૯૪૭ શાકે

(બીજી બેઠક)

સભાગૃહ બપોરના ૨-૩૦ વાગ્યે મળ્યું.

માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી અધ્યક્ષસ્થાને

તારાંકિત પ્રશ્નો

ભાવનગર જિલ્લામાં ચોરવડલા ફેઝ-૦૨ સુધારણા જુથ પાણી પુરવઠા યોજના

***15/8/624 શ્રી ગૌતમભાઈ ગોપાભાઈ ચૌહાણ (તળાજા): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ભાવનગર જીલ્લામાં ચોરવડલા ફેઝ-૦૨ સુધારણા જુથ પાણી પુરવઠા યોજનાની કામગીરી કયારે શરૂ કરવામાં આવેલ છે, અને	(૧)	તા.૨૯/૦૮/૨૦૨૪ ના રોજ શરૂ કરવામાં આવેલ છે.
(૨)	સદરહુ યોજનામાં કેટલા તાલુકા અને ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે?	(૨)	નીચેની વિગતે,

અનું	તાલુકાનું નામ	ગામો
૧	પાલીતાણા	૫૭
૨	ગારીયાધાર	૧૪
૩	શિહોર	૦૭
૪	ઉમરાળા	૦૩
	કુલ	૮૧

શ્રી ગૌતમભાઈ ગો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ભાવનગર જિલ્લાની ચોરવડલા ફેઝ-૨ સુધારણા જૂથ પાણી પુરવઠા યોજનાથી કુલ કેટલી વસતિને લાભ થનાર છે? એનો સ્ત્રોત શું છે અને યોજનાની અંદાજિત કિંમત કેટલી છે?

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લાની ચોરવડલા ફેઝ-૨ સુધારણા જૂથ પાણી પુરવઠા યોજનાથી હાલ અંદાજિત લાખની વસતિને લાભ મળનાર છે તેમજ આ યોજનાનો સ્ત્રોત શેત્રુંજી ડેમ તેમજ નર્મદા કેનાલ આધારિત બલ્ક પાઇપલાઇનમાંથી પાણી મળવાનું છે. આ યોજનાની અંદાજિત કિંમત રૂ. ૬૨.૫૬ કરોડ થાય છે.

શ્રીમતી સેજલબેન રા. પંડ્યા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ચોરવડલા ફેઝ-૨ સુધારણા જૂથ પાણી પુરવઠા યોજનાના ગામો હાલ ક્યાંથી પાણી મેળવી રહ્યા છે?

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ચોરવડલા ફેઝ-૨ સુધારણા જૂથ પાણી પુરવઠા યોજનામાં હાલમાં ગારિયાધાર તાલુકાના ૧૪ ગામો નર્મદા આધારિત એન.સી.-૧ બલ્ક પાઇપલાઇનમાંથી પાણી મેળવે છે. પાલિતાણા તાલુકાના ૫૭ ગામોમાં નર્મદા આધારિત એન.સી. - ૩ તથા શેત્રુંજી ડેમમાંથી પાણી મેળવે છે. શિહોર તાલુકામાં ૭ ગામ નર્મદા આધારિત એન.સી.-૩માંથી પાણી મેળવે છે. ઉમરાળા તાલુકાના ૩ ગામો નર્મદા આધારિત એન.સી.-૩ તથા સ્થાનિક બોરમાંથી પાણી મેળવે છે.

શ્રી શિવાભાઈ જે. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં અન્ય કઈ-કઈ રિફોર્મ યોજનાઓની કામગીરી ચાલુ છે? એમની અંદાજિત કિંમત કેટલી છે અને કેટલા લાભાર્થી ગામો છે?

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લામાં હાલમાં ૧૨ જેટલી જૂથ યોજનાઓ પ્રગતિ હેઠળ છે. એમાં (૧) પસવી જૂથ પાણી પુરવઠા સુધારણા યોજના (ભાગ-૨)ની અંદાજિત કિંમત રૂ.૧૧૧.૯૪ કરોડ છે. (૨) બુઢેલ જૂથ પાણી પુરવઠા સુધારણા યોજના (ભાગ-૨)ની અંદાજિત કિંમત રૂ.૨૫.૧૬ કરોડ છે. (૩) તણસા જૂથ પાણી પુરવઠા સુધારણા યોજના (ભાગ-૨)ની અંદાજિત કિંમત રૂ.૬૫.૭૨ કરોડ છે. (૪) પાલિતાણા જૂથ પાણી પુરવઠા સુધારણા યોજના (ભાગ-૨)ની અંદાજિત કિંમત રૂ.૨૪.૫૭ કરોડ છે. (૫) પાંદેરિયા જૂથ પાણી પુરવઠા સુધારણા યોજના (ભાગ-૨)ની

અંદાજિત કિંમત રૂ.૨૦.૮૬ કરોડ છે. (૬) ગારિયાધાર જૂથ પાણી પુરવઠા સુધારણા યોજનાની અંદાજિત કિંમત રૂ.૨૯.૭૭ કરોડ છે. (૭) પાતરા જૂથ પાણી પુરવઠા સુધારણા યોજનાની અંદાજિત કિંમત રૂ.૧૬.૫૧ કરોડ છે. (૮) વલ્લભીપુર જૂથ પાણી પુરવઠા સુધારણા યોજના (ભાગ-૨)ની અંદાજિત કિંમત રૂ.૨૪.૮૭ કરોડ છે. (૯) ઉમરાળા જૂથ પાણી પુરવઠા સુધારણા યોજના (ભાગ-૨)ની અંદાજિત કિંમત રૂ.૨૯.૭૭ કરોડ છે. (૧૦) જેસર જૂથ પાણી પુરવઠા સુધારણા યોજનાની અંદાજિત કિંમત રૂ.૬૫.૭૭ કરોડ છે. (૧૧) બોરડી રિફોર્મેશન જૂથ પાણી પુરવઠા સુધારણા યોજનાની અંદાજિત કિંમત રૂ.૧૦.૩૫ કરોડ છે અને (૧૨) શિહોર ઝોન એર ઓઇલ ટેકનિક રિમુવલના રૂ.૧૩.૩૪ કરોડ. આમ, કુલ મળીને રૂ.૪૩૮.૬૩ કરોડનો ખર્ચ થયેલ છે.

શ્રી કાળુભાઇ રૂ. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો હું આપણા મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્રભાઇ પટેલ, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી, નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ અને શિક્ષણ મંત્રીશ્રી પ્રદ્યુમન વાજા સાહેબનો મારા મતવિસ્તાર રાણપુર ખાતે આ વર્ષના બજેટમાં આર્ટ્સ, કોમર્સ અને સાયન્સ કૉલેજની મંજૂરી આપી તે બદલ રાણપુરની જનતા વતી પણ હું આભાર માનું છું.માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, ભાવનગર જિલ્લાની ચોરવડલા જૂથ પાણી પુરવઠા યોજનાને સુધારણા યોજના કરવાનું કારણ શું છે?

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ચોરવડલા જૂથ પાણી પુરવઠા યોજનામાં તાંત્રિક રીતે પાણી મેળવતા ગામોને નિયમિત રીતે પાણી પૂરું પાડવા તેમજ જૂથ યોજનામાં સમાવિષ્ટ ગામોને સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણ મુજબ ૭૦ એલ.પી.સી.ડી.માંથી ૧૦૦ એલ.પી.સી.ડી. મુજબ પાણીનો જથ્થો પૂરો પાડવા માટે આ સુધારણા યોજનાનું અમલીકરણ કરવાની જરૂરિયાત ઉપસ્થિત થયેલ છે.

શ્રી શંભુપ્રસાદ ટુંડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, પ્રત્યેક જૂથ યોજનાઓમાં કેટલા ગામોનો સમાવેશ કરવામાં આવે છે?

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, ગામના નામ નહીં પણ ફક્ત આંકડો જણાવો.

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લામાં કુલ ૧૨ જૂથ યોજનાઓ કાર્યરત છે. આ યોજનાઓમાં કુલ ૬૬૧ ગામોનો સમાવેશ થયેલ છે.

બનાસકાંઠા જિલ્લાના ઇકબાલગઢથી સુરેલા-ધનપુર-વિરમપુરને જોડતો રસ્તો બનાવવા

*** 15/8/704 શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી** (દાંતા) **: માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)** જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ તાલુકામાં ઇકબાલગઢથી સુરેલા-ધનપુર-વિરમપુરને જોડતો રસ્તો છેલ્લે કયારે મંજુર કરવામાં આવ્યો,	(૧)	વર્ષ ૨૦૧૯-૨૦
(૨)	ઉકત સ્થિતિએ ઉકત રસ્તા બનાવવાની કાર્યવાહી કયા તબક્કે છે, અને	(૨)	પ્રથમ ઈજારદારશ્રી દ્વારા કામ અધૂરું છોડી દેવાતા, તેઓની સામે ટેન્ડર ક્લોઝ મુજબ કાર્યવાહી કરેલ. ત્યારબાદ, સદર રસ્તાની બાકી કામગીરી માટે નવેસરથી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરતા ચાર પ્રયત્નો કરેલ. જેમાં અત્યંત ઉંચા ભાવો આવતા સદર ટેન્ડરો નામંજુર થયેલ હતાપ્રસ્તુત કામગીરી માટે નવીન . .જોબ નંબર મેળવવા માટેની દરખાસ્ત વિચારણા હેઠળ છે
(૩)	ઉકત રસ્તો કેટલા સમયમાં પુર્ણ કરવામાં આવશે?	(૩)	નવીન જોબ નંબર મંજુર થયેથી બનતી ત્વરાએ

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, મારે ખરેખર માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપવા જોઇએ અને આભાર પણ માનવો જોઇએ. વર્ષ ૨૦૨૨-૨૩, ૨૦૨૩-૨૪, ૨૦૨૪-૨૫ અને ૨૦૨૫-૨૬ સુધી ચાર વર્ષથી મારા ઇકબાલગઢથી સુરેલા-ધનપુરાના રસ્તાઓનું કામ ચાલુ હતું. હવે તો ત્યાંની જનતા એમ કહે છે કે ત્યાંના મેટલ કોણ ખાઇ ગયું? ડસ્ટ કોણ ખાઇ ગયું? અને ત્યાંનો સિમેન્ટ અને ડામર પણ કોણ ખાઇ ગયું? ૪-૪ વર્ષ સુધી જો કામ ન થતાં હોય તો તે બદલ હું તેમને અભિનંદન આપું છું. મારા વિસ્તારમાં કાકવાડામાં ચાર વખત ખાતમુહૂર્ત કરો છો.....

અધ્યક્ષશ્રી : માનનીય કાન્તિભાઇ, આપ સીધો પ્રશ્ન પૂછી લો તમને સરળ રહે.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, ચાર વખત ખાતમુહૂર્ત કર્યા બાદ આજે પણ કામ ચાલુ થયું નથી તો આવા તો તમારા કેવા ખાતમુહૂર્ત કે ૪ વર્ષથી કામ પૂરાં થતાં નથી. તેવાં તો તમારાં કેવાં કામ છે? એટલે હું આપના મારફતે માનનીય મંત્રીશ્રીને એ કહેવા માગું છું કે વર્ષ ૨૦૨૨-૨૩માં મંજૂર થયેલા રસ્તાનું આજની તારીખ સુધી કામ થયું નથી....

તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, તમે વર્ણન કરો તેના કરતાં એવું કહો કે હવે ટેન્ડર બહાર પાડીને ઝડપથી ક્યારે કરવા માગો છો? એટલું પૂછી લો તો તમારું કામ થઇ જાય.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જ વાત ઉપર આવું છું કે, આટલો સમય છતાં કામ પૂરું કરી શકતા નથી તો સૌથી વહેલી તકે આ કામ ક્યારે ચાલુ કરવાના છો અને ક્યારે પૂરું કરવાના છો? આ બાબતમાં આપ કોઇ ખાતરી આપવા માગો છો કે કેમ? અને મારો બીજો મુદ્દો એ છે કે કીડોતર થી કાકવાડાનું ૪ વાર ખાતમુહૂર્ત કરવા છતાં હજુ કામ ચાલુ કર્યું નથી તે કામ સંપૂર્ણ રીતે ક્યારે ચાલુ કરવા માગો છો?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણા આદરણીય મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતનો કોઇ પણ વિસ્તાર હોય, આ પક્ષ હોય કે પેલો પક્ષ ક્યારેય ભેદભાવ કર્યો નથી. છેલ્લાં ત્રણ વર્ષમાં આદરણીય મુખ્યમંત્રીશ્રીએ ૧૪૮ કિ.મી.ના રસ્તા રૂ.૨૪૬ કરોડના ખર્ચે મંજૂર કર્યા છે. માનનીય સભ્યશ્રીએ જે રોડની વાત કરી તેની વિગત હાલ મારી પાસે નથી પરંતુ એટલું તો નક્કી જ છે કે તે રોડ બનતો નહીં હોય તો તેની પાછળનાં કારણોની વિગત તો હું એમને આપીશ જ. પરંતુ અમીરગઢ તાલુકાના ઇકબાલગઢથી વિરમપુર થઇને અંબાજીને જોડતો રસ્તો જોબ નંબર ૨૦૨૦માં રૂ.૫ કરોડના ખર્ચે તૈયાર કર્યો હતો.

અધ્યક્ષશ્રી : આપ જે બોલી રહ્યા છો એ બધું લેખિત જવાબમાં આપેલ છે. એક વખત ટેન્ડર આપ્યું, મંજૂર કર્યું, મંજૂર કર્યા પછી છોડીને નીકળી ગયો. પછી ફરીથી રી–ટેન્ડર કર્યું ત્યારે કિંમત વધી ગઇ. કિંમત વધી ગયા પછી ફરીથી કર્યું તો પણ એને મંજૂરી ન મળી. આ બધું લેખિતમાં છે જ. આ સિવાયનો જવાબ આપો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ત્રણ વખત ટેન્ડર કર્યું. ખૂબ ઊંચા ભાવે કોન્ટ્રાક્ટરો આવ્યા. પરંતુ વર્ષ ૨૦૧૩માં રોડ બન્યો હતો એટલે એની સરફેસને ફરીથી રીકાર્પેટ કરવાની જરૂરિયાત ઊભી થઇ. એના કારણે તા.૧૯/૦૨/૨૬ના રોજ આ નવી ટ્રીટમેન્ટ સાથેના રોડને રૂ.૯.૮૦ કરોડના ખર્ચે જોબ નંબર આપી દીધો છે. આ રોડ છે એ પી.એસ.યુ. પેસેન્જર કાર યુનિટ મુજબના ધારાધોરણ મુજબ થતો નથી. છતાં પણ માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ રોડ ફરીથી રૂ.૯.૮૦ કરોડના ખર્ચે સ્પેશયલ ટ્રીટમેન્ટ સાથે મંજૂર કર્યો છે.

અધ્યક્ષશ્રી : માનનીય શ્રી કાન્તિભાઇ, સીધા પ્રશ્ન પર આવજો. જો પોલિટિકલ બોલશો તો માનનીય મંત્રીશ્રી એવો જ જવાબ આપશે.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું સીધો પ્રશ્ન પર આવું છું. માનનીય મંત્રીશ્રી આપ મને ખાતરી આપવા માગો છો કે કેમ? ૪ વર્ષનો સમય થઇ ગયો છે.

અધ્યક્ષશ્રી : એમણે એવું કહ્યું કે મેં એ કામની મંજૂરી આપી દીધી છે. કામ થઇ ગયું એવું કહ્યું છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ના સાહેબ. આ રોડને નવો જોબ નંબર આપ્યો છે. તા.૧૯/૦૨/૨૬ના રોજ રૂ.૯ કરોડ ૮૦ લાખના ખર્ચે નવો જોબ નંબર આપ્યો છે. એટલે જે કારણોસર એ ટેન્ડર રીજેક્ટ થતું હતું એ આ નવું ટેન્ડર.....(અંતરાય) આ પ્રશ્ન તો આજે આવે છે પરંતુ તા.૧૯/૦૨/૨૬ના રોજ એનો જોબ નંબર આપી દીધો છે. હવે આગળની પ્રક્રિયા થશે અને ટેન્ડરિંગ થશે. એટલે હવે આ વર્ષે આ રોડ બનશે એ બિલકુલ નક્કી છે.

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ ઇકબાલગઢ–સુરીલા–ધનપુરા–વિરમગામ રસ્તો પહોળો થવાથી શું ફાયદો થશે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રી બનાસકાંઠાના દિયોદરના છે. સ્વાભાવિક છે કે બનાસકાંઠામાં કોઇપણ રોડ મંજૂર થતો હોય તો આ રોડ બનવાથી શું ફાયદો થશે એ જાણવાની ઉત્કંઠા હોય. આ રોડ અંબાજી યાત્રાધામને જોડતો ટૂંકો રોડ બને છે. એટલે એમની ઇચ્છા તો હોય જ કે બનાસકાંઠામાં વધુમાં વધુ રોડ બને અને માર્ગો ટૂંકા થાય. જેથી લોકોની સુવિધા વધે, અંતર ઘટે અને સડસડાટ પસાર થઇ શકાય. ઇકબાલગઢમાં માર્કેટયાર્ડ આવેલ છે એટલે રસ્તો સારો હોય તો ખેતપેદાશો લઇને માર્કેટયાર્ડમાં જવાનું સુગમ બની રહે. એ સિવાય આ રોડ પર ત્રણ પ્રાથમિક શાળાઓ અને એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આવેલ છે. આનાથી ૪ ગામોના ૧૩,૭૩૯ લોકોને ફાયદો થવાનો છે. પોતાના જિલ્લામાં વધુમાં વધુ કામો થાય અને દરેક વિધાનસભા ક્ષેત્રમાં છેલ્લાં ત્રણ વર્ષમાં એવરેજ રૂ.૨૫૦થી ૩૦૦ કરોડનાં કામો માનનીય મુખ્યમંત્રીશ્રીએ આપ્યાં છે.

શ્રી અનિકેત ગિ. ઠાકર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે,રસ્તાઓના વાઇડનિંગ કરવાના તાંત્રિક માપદંડો શું છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રસ્તાઓના વાઇડનિંગ કરવા માટે આઇ.આર.સી.–૬૪ કોડ મુજબ એટલે કે, ઇન્ડિયન રોડ કૉંગ્રેસ તે વિસ્તારના ભૂ–પ્રદેશ મુજબ ટ્રાફિક ડેટાની વિગતો એટલે કે, પેસેન્જર કાર યુનિટને ધ્યાને લેવામાં આવે છે અને ૩.૭૫ મીટરમાંથી ૫.૫૦ મીટરની પહોળાઇનો રોડ કરવો હોય અને ૫.૫૦ મીટર પહોળાઇમાંથી ૭ મીટર પહોળો કરવા માટે અલગ–અલગ માપદંડો છે.૩.૭૫ મીટરથી ૫.૫ મીટરનો કરવો હોય તો સમતળ વિસ્તારમાં પી.એસ.યુ. ૧૯૦૦ થી ૨૦૦૦ જોઇએ. ઢોળાવ વિસ્તારમાં ૧૭૦૦ થી ૧૮૦૦ જોઇએ અને પર્વતીય વિસ્તાર હોય તો ૧૪૦૦ થી ૧૬૦૦ જોઇએ. ૫.૫ થી ૭ મીટર પહોળાઇ કરવી હોય તો સમતળ વિસ્તારમાં ૫૮૦૦ થી ૬૦૦૦, ઢોળાવ વિસ્તારમાં ૫૬૦૦ થી ૫૭૦૦ અને પર્વતીય વિસ્તાર હોય તો ૪૫૦૦ થી ૫૨૦૦ પી.એસ.યુ.ની એવરેજ હોવી જોઇએ.

તારાંકિત પ્રશ્નો

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયા પછી વર્ક ઓર્ડર આપવામાં આવે છે. વર્ક ઓર્ડરમાં જે સમયમર્યાદા નક્કી કરવામાં આવે છે એ સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ ન થાય તો એવી એજન્સીઓ ઉપર કેવા અને કયા પ્રકારની કાર્યવાહી કરવામાં આવે છે? મારો બીજો પ્રશ્ન છે કે વર્ષ ૨૦૨૬–૨૭નું નવીન બજેટ રજૂ થયું એમાં ધારાસભ્યશ્રીઓ માટે જોબ નંબરનો વધારો કરવા માગો છો કે કેમ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કોઈ ટેન્ડર પડ્યું હોય અને કોન્ટ્રાકટર એ કામ શરૂ ના કરે અથવા સમયમર્યાદામાં પૂરું ના કરે તો એનાં કારણો જોવાય છે. કયા કારણોસર એ વિલંબ થયો છે. માનો કે, કોઈ જમીન સંપાદનનો વિષય હોય અથવા કોઈ લાઈન ખસેડવાનો વિષય હોય અથવા ત્યાં રેલવેની કોઈ લાઈન પસાર થતી હોય એવા ઘણાં બધાં કારણો એમાં હોય છે એના કારણે આપણે કોન્ટ્રાકટરને કોઈ પેનલ્ટાઈઝ કરતા નથી, પરંતુ એ કામ વધારો એના સમયની મર્યાદામાં એ કરવા માગતો હોય તો એને છૂટ આપીએ છીએ. એવા કોઈ ફિઝિકલ કારણો સિવાય કોન્ટ્રાકટર પોતે પોતાની રીતે મોડું કરતો હોય તો એને ટર્મિનેટ કરીએ છીએ, પેનલ્ટી કરીએ છીએ અને જરૂર પડે આપણે બ્લેકલિસ્ટ પણ કરીએ છીએ. રૂ. ૫૬૦૦ કરોડ જેવી રકમ રોડ અને રસ્તા માટે ફાળવી છે. કોઈપણ પ્રકારનો ક્રાઈટેરિયા રાખ્યા વગર જેમ જરૂરિયાત હોય એમ જોબ નંબર આપવામાં આવે છે.

શ્રી માવજીભાઈ મ. દેસાઈ : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તાર ઘાનેરામાં આ બજેટમાં આર્ટ્સ, કોમર્સ અને સાયન્સ કૉલેજ મંજૂર કરી એ બદલ હું માનનીય મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી, નાણામંત્રીશ્રી અને શિક્ષણ મંત્રીશ્રીનો આભાર માનું છું. મારા મતવિસ્તારના દાંતીવાડા તાલુકામાં સીપુ જળાશય યોજનામાં દસ ગામો હતા. એ રસ્તાઓ ઘણા બિસ્માર થયેલા છે. એમાં ભંડોળ પણ નથી. અમે દરખાસ્ત મોકલી હતી અને સરકારશ્રીમાં વર્ષ ૨૦૨૩માં એ રસ્તાઓ પંચાયતમાં લઈ લીધા છે, પરંતુ અત્યારે કામ ચાલુ થયું નથી. હું આપના માધ્યમથી પૂછવા માગું છું કે આ કામ કયારે ચાલુ થશે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમણે પૂછયુ કે સીપુમાં દસ ગામ અને એના રસ્તા આવતા હતા. સીપુમાં કોઈ ભંડોળ નથી એટલે કામ થતા નથી. સીપુ જળાશય વિસ્તારના જે દસ ગામના રસ્તાઓ અથવા એ દસ ગામને હવે પંચાયતમાં લેવામાં આવ્યા છે અને પંચાયતમાં લીધા છે એટલે રાજ્ય સરકાર આગામી સમયમાં જેમ જેમ જરૂરિયાત હશે એમ ચોક્કસ કામ કરવામાં આવશે.

ગીર સોમનાથ જિલ્લાના એન.એચ.ટૂ ઉંબરી–છગિયા મોરાસા વાવડી રોડને પહોળો કરવા બાબત

*** 15/8/631 શ્રી ભગાભાઈ ઘાનાભાઈ બારડ** (તાલાલા) **: માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)** જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ જીલ્લાના સુત્રાપાડા તાલુકાના નેશનલ હાઈવેથી ઉંબરી છગિયા મોરાસા વાવડી રસ્તાના કામને પહોળો કરવાના કામને મંજુરી આપવા કોઈ કાર્યવાહી હાથ ધરેલ છે કે કેમ,	(૧)	હા, જી.
(૨)	જો હા, તો આ કામ માટે કેટલી રકમ મંજુર કરવામાં આવેલ છે, અને	(૨)	રૂ.૧૧૭૦ લાખ.
(૩)	ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરી કયા તબક્કે છે?	(૩)	ટેન્ડર પ્રક્રિયા હેઠળ.

શ્રી ભગાભાઇ ઘા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારના ઉંબરી–છગિયા, મોરાસા–વાવડી રોડ અતિ જરૂરિયાતનો રોડ હતો અને એમાં બે જોબ નંબર ફાળવવામાં આવ્યા હતા. એકમાં ૫.૫. મીટર અને એકમાં ૩.૭૫ મીટરનો રસ્તો હતો. બંને જોબ નંબરોને ભેગા કરીને રૂ.૧૧ કરોડ ૭૦ લાખ જેટલી રકમ ફાળવવા બદલ હું માનનીય મુખ્યમંત્રીશ્રીનો આભાર માનું છું. હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ રોડ કઇ તારીખે મંજૂર કરવામાં આવ્યો અને કામ કયારે પૂર્ણ કરવાનું આયોજન છે? હમણાં વિપક્ષના માનનીય સભ્યશ્રી જ્યારે જોબ નંબરોની માગણી કરતા હતા.એક બાજુથી જોબ નંબર પણ જોઈએ છે અને બીજી બાજુથી સરકાર પૂરક માગણી લઇને આવે છે, વધારાના ખર્ચની રજૂઆતો માટેની એમાં કાપ દરખાસ્તો રજૂ કરે છે. *(xxx) આ હાઉસમાં થતી હોય તો જોબ નંબરો માગવાની પણ જરૂર નથી.

અધ્યક્ષશ્રી : *(xxx) એ શબ્દ રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસ ગમે તે કહેતી હોય, વિપક્ષના સભ્યો પણ ગમે તે કહેતા હોય પરંતુ ગુજરાતની વાત આવે, ગુજરાતની પ્રજાની વાત આવે એટલે કોણે વાત કરી છે એ મહત્ત્વનું નથી. માનનીય મુખ્યમંત્રીશ્રી એ બાબતે ચોક્કસ એ વિષય ધ્યાને લઈને ચાહે કોંગ્રેસ પક્ષના કોઇ ધારાસભ્યશ્રી એમને મળવા જતા હોય અને વાત થતી હોય કે અહીંયા વાત થતી હોય એમાં ડિફરન્સ દેખાય છે. એ ડિફરન્સને ગળી જઇને ગુજરાતની પ્રજાને ધ્યાનમાં રાખીએ છીએ, નહીં

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

કે ત્યાં કોંગ્રેસના ધારાસભ્ય ચૂંટાયા છે. પ્રજાએ મત આપ્યા છે અને ધારાસભ્ય થયા છે. પ્રજાની વેદનાની વાત હોય છે. અહીંયા કોઈપણ વાત થતી હોય, બિલકૂલ સાચી વાત છે કે પૂરક માગણી શેના માટે છે? જે વધારાની માગણી આવી હોય....

અધ્યક્ષશ્રી : પૂરક માગણીનો વિષય આવે ત્યારે લેજો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ :માનનીય અધ્યક્ષશ્રી, એમણે પૂછ્યું છે કે નેશનલ હાઈવે ટુ ઉંબરી–છગિયા મોરાસા–વાવડી રોડ ૧૨.૬૫ કિલોમિટરનો રસ્તો છે. જે પૈકી ક્વોરી વિસ્તારને જોડતા રસ્તા તરીકે મોરાસા–વાવડી સેકશન પૂરતો ૪.૨૦ કિલોમિટર લંબાઈમાં વાઇડનિંગની કામગીરી માટે પહેલા રૂપિયા ૭.૨૦ કરોડની તા. ૨૦–૧–૨૦૨૫થી બીજી ગ્રાન્ટમાં એટલે કે ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ વિભાગની ગ્રાન્ટમાંથી મંજૂરી આપવામાં આવેલી. તેમજ સમગ્ર લંબાઈમાં રીસર્ફેસિંગની કામગીરી માટે ૪.૫૦ કરોડ રૂપિયાની મંજૂરી આપેલ હતી. એમાં બે જુદા જુદા જોબ નંબરો હતા. જે નેશનલ હાઈવે છે ત્યાંથી ઉંબરી છગિયા અને મોરાસા–વાવડી જ્યાં આગળ સિદ્ધિ સિમેન્ટની માઈનિંગની લીઝો વગેરે આવેલ છે. ત્યાં ટ્રાફિક વધારે હોય એટલે સ્વભાવિક છે કે ત્યાં વાઇડનિંગ કરતાં આખો રોડ અને આપણે રીસર્ફેસિંગ કરતાં હતા. પરંતુ માનનીય ધારાસભ્યશ્રીની માગણી એવી હતી કે અમને તમે સળંગ વાઇડનિંગ સાથેની રીસર્ફેસિંગ આપો. એ આપણે આપી છે. તા. ૧૯–૫–૨૦૨૫ના રોજ રૂપિયા ૧૧.૭૦ કરોડના ખર્ચે આખેઆખું વાઇડનિંગ અને રીસર્ફેસિંગ આપી દીધું છે.

શ્રી વિમલભાઈ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, તા. ૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકાના ગ્રામ્ય વિસ્તારને જોડતા મુખ્ય રસ્તાઓ અથવા સ્ટેટ હાઈવેનું સમારકામ કે પૂર્ણ કરવા કોઈ દરખાસ્ત સરકારની વિચારણા હેઠળ છે કે કેમ? વેરાવળ તાલુકાના જે રસ્તાઓ બનાવવામાં આવ્યા છે એમાં જે બ્રિજ અથવા નાળાનાં કામો અધૂરાં છે એ પૂર્ણ કરવા માટે સરકાર દ્વારા શું સમયમર્યાદા નક્કી કરવામાં આવી છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : આ પર્ટીક્યુલર રોડનું પૂછ્યું હતું છતાં પણ એમણે જે માહિતી માગી છે એ રૂબરુ મળે તો એમને ઓક્ક્સ મળી જાય. નાની મોટી મુશ્કેલીઓ હશે તો ક્યારેય માનનીય મુખ્યમંત્રીશ્રીએ કોઈપણ ધારાસભ્યને એ મુશ્કેલી સોલ્વ ન થાય એના માટે કદી પણ એવું નથી કહ્યું કે આ પ્રશ્ન સોલ્વ નહીં થાય. પરંતુ એનો રસ્તો કઇ રીતે નીકળશે એના માટેનો પ્રયાસ કર્યો છે. આ વગર નોટિસે પ્રશ્ન પૂછવાની જરૂર નથી. રૂબરૂ આવીને જવાબ મેળવી શકો છો.

ગુજરાત મુલ્કી સેવા વર્ગ–૧ અને વર્ગ–૨ની જગ્યાઓના માંગણાપત્રક

***15/8/713 શ્રી દિનેશભાઇ આતાજી ઠાકોર (ચાણસ્મા): માનનીય મુખ્યમંત્રીશ્રી(સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે,**

	પ્રશ્ન	જવાબ
	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સામાન્ય વહીવટ વિભાગ દ્વારા ગુજરાત મુલ્કી સેવા વર્ગ–૧ અને વર્ગ–૨ની કેટલી જગ્યાઓની ભરતી પ્રક્રિયા માટે ગુજરાત જાહેર સેવા આયોગ સમક્ષ માંગણાપત્રક ક્યારે મોકલવામાં આવેલ?	વર્ષ: ૨૦૨૪ – ૭૩ જગ્યાઓ વર્ષ: ૨૦૨૫ – ૨૩૩ જગ્યાઓ કુલ: ૩૦૬ જગ્યાઓ

શ્રી દિનેશભાઇ આ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે તા. ૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ મોકલેલ માંગણાપત્રક અન્વયે કેટલી જગ્યાઓ ઉપર ગુજરાત જાહેર સેવા આયોગની ભલામણોના આધારે સરકારશ્રી દ્વારા નિમણૂક આપવામાં આવી છે. ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મોકલવામાં આવેલ માંગણાપત્રકો અન્વયે કેટલી જગ્યાઓ માટેની ભરતી પ્રક્રિયામાં જાહેરાતથી લઈને નિમણૂક સુધી કયા કયા તબક્કે પેન્ડિંગ છે. આ પ્રક્રિયામાં ઇન્ટર્વ્યુ પૂર્ણ કરવા માટે જરૂરી ગુજરાત જાહેર સેવા આયોગના નિયામક મંડળના સભ્ય સંખ્યાની ઘટના કારણે અથવા નિયમોના અર્થઘટન અંગેના સંકલનના અભાવે અટકેલી છે એ વાત સાચી છે?

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન કર્યો છે તેમાં ગુજરાત જાહેર સેવા આયોગને વર્ષ ૨૦૨૪માં ૭૩ જગ્યાઓ અને વર્ષ ૨૦૨૫માં ૨૩૩ જગ્યાઓ આમ, કુલ ૩૦૬ જગ્યાઓના માંગણાપત્રક મોકલી આપવામાં આવેલ છે. ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા આ તમામ જગ્યાઓની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે અને ૨૪૦ જગ્યાઓની પ્રાથમિક પરીક્ષા પૂર્ણ કરીને તેમાંથી લાયક ઉમેદવારોની મુખ્ય પરીક્ષા પણ પૂર્ણ કરવામાં આવેલ છે. ગુજરાત જાહેર સેવા આયોગ ટૂંક સમયમાં મુખ્ય પરીક્ષાનું પરીણામ જાહેર કરીને લાયક ઉમેદવારોના ઇન્ટર્વ્યુની પ્રક્રિયા હાથ ધરશે. રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪થી વર્ષ ૨૦૩૩નું ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, જેમાં વર્ષ ૨૦૨૪ થી ૨૦૩૦ દરમ્યાન કુલ ૨,૧૦,૫૮૨ સીધી ભરતી ભરવાનું આયોજન પણ કરવામાં આવેલ છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે જેને ડેમોગ્રાફી કહી છે એવી યુવા શક્તિને લોકોની સેવા કરવાની તક પ્રાપ્ત કરાવવા ગત વર્ષમાં ૩૦,૦૦૦થી વધુ ઉમેદવારોને સરકારશ્રી દ્વારા નિમણૂકપત્રો એનાયત કરવામાં આવ્યાં છે. આ પ્રક્રિયા અવિરત તેમજ નિયમિત રીતે ચાલુ રહે તે હેતુથી રાજ્ય સરકારે નિયમિત રીતે ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર તૈયાર કરીને વર્ષ ૨૦૨૪થી ૨૦૩૩ના સમયગાળામાં કુલ ૨,૧૦,૫૮૨ સીધી ભરતી ભરવાનું આયોજન કરવામાં આવેલ છે. તે ઉપરાંત દિવ્યાંગોની ખાલી પડેલ જગ્યાઓ ભરવા માટે સરકાર દ્વારા ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે. તે હેઠળ વિવિધ સંવર્ગોમાં દિવ્યાંગો માટે અનામત જગ્યાઓ ભરવામાં આવી રહેલ છે.

તારાંકિત પ્રશ્નો

શ્રી કિરીટકુમાર કે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું કે મુલ્કી સેવા વર્ગ–૧ અને વર્ગ–૨ ની કઇ કઇ જગ્યાઓ માટે માંગણાપત્રક મોકલેલ છે?

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૫માં નીચે મુજબની જગ્યાના માંગણાપત્રક મોકલેલ છે. સામાન્ય વહીવટ વિભાગની ગુજરાત વહીવટી સેવાઓ વર્ગ–૧ની કુલ ૮ જગ્યા, ગૃહ વિભાગની નાયબ પોલીસ અધિક્ષક વર્ગ–૧ની ૧૮ જગ્યા, નાણા વિભાગની મદદનીશ રાજ્ય વેરા કમિશનર વર્ગ–૧ની ૧૮ જગ્યા, મહેસૂલ વિભાગમાં મામલતદાર વર્ગ–૨ની ૪૬ જગ્યા, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગની સરકારી શ્રમ અધિકારીની ૧૪ જગ્યા, મહેસૂલ વિભાગના જિલ્લા દફ્તર નિરીક્ષક વર્ગ–૨ની ૩ જગ્યા, ગૃહ વિભાગમાં નશાબંધી અને આબકારી અધિકારી વર્ગ–૨ની ૧૨ જગ્યા, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના મદદનીશ જિલ્લા અધિકારી સહકારી મંડળી વર્ગ–૨ની ૭ જગ્યા, સામાન્ય વહીવટ વિભાગના સેકશન અધિકારી સચિવાલય વર્ગ–૨ની ૪ જગ્યા, ગુજરાત જાહેર સેવા આયોગના સેકશન અધિકારી વર્ગ–૨ની એક જગ્યા, અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતના વિભાગના મદદનીશ નિયામક નાગરિક પુરવઠા વર્ગ–૨ની ૧૯ જગ્યા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના સમાજ કલ્યાણ અધિકારી વર્ગ–૨ની ૬ જગ્યા, નાણા વિભાગના રાજ્ય વેરા અધિકારી વર્ગ–૨ની ૪૭ જગ્યા, શહેરી વિકાસ અને શહેરી નિર્માણ વિભાગના ચીફ ઓફિસરની ૬ જગ્યા, મહેસૂલ વિભાગના નોંધણી નિરીક્ષક વર્ગ–૨ની ૧૩ જગ્યા, માહિતી અને પ્રસારણ વિભાગના સહાયક માહિતી નિયામક વહીવટ વર્ગ–૨ની ૧૦ જગ્યા, રમત ગમત અને યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગની જિલ્લા અધિકારી વર્ગ–૨ની ૧૪ જગ્યા, આમ કુલ ૨૩૩ જગ્યાઓના માંગણાપત્રક મોકલવામાં આવેલ છે.

શ્રી જિગ્નેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, હમણાં તાજેતરમાં પ્રિન્સિપાલ વર્ગ–૨ની ૬૦ જગ્યાનું પરિણામ જાહેર થયું. એમાં ઓ.બી.સી. સમાજની ૨૭ ટકા વસતિની સામે ૧૬ જગ્યાઓના બદલે ૧૦ લીધી અને આદિવાસી સમાજની ૧૪ ટકા વસતિની સામે ૬ના બદલે ફક્ત ૩ જ લીધી. આ પ્રમાણે એસ.સી., એસ.ટી. અને ઓ.બી.સી.નું પ્રતિનિધિત્વ ના જળવાતું હોય એવી કેટલી ફરિયાદો આવી? એવી કેટલી પિટિશનો હાઇકોર્ટમાં દાખલ થઇ? બીજો સવાલ, જી.પી.એસ.સી.ના ઇન્ટર્વ્યુ માટેની પેનલમાં ચેરમેન સહિત કેટલા સભ્યો હોવા જોઇએ? કેટલા સભ્યો આજે નથી? ક્યાં સુધીમાં એ સભ્યો લેવા માગો છો? ત્રીજો પ્રશ્ન, ઇન્ટર્વ્યુ માટેની વીડિયોગ્રાફી થાય છે કે નહીં? માનનીય મુખ્યમંત્રીશ્રીને એક વિનંતી છે કે એસ.સી., એસ.ટી. અને ઓ.બી.સી.ના વિદ્યાર્થીઓ લેખિત પરીક્ષામાં ખૂબ સારું પરિણામ લાવે છે એમને મૌખિક કસોટીમાં ઉડાડી દેવાની બહુ વ્યાપક ફરિયાદો બની છે એ બાબતે યોગ્ય તપાસ કરવામાં આવે.

અધ્યક્ષશ્રી : બીજા નંબરનો જે પ્રશ્ન છે એ વિધાનસભાના નિયમોના નિયમ ૭૮(૧૬)ની જોગવાઇ મુજબ આવી કોઇ સંસ્થાની જવાબદારી કે ચર્ચા આપણે નથી કરી શકાતી તો એમનો પેટાપ્રશ્ન જી.પી.એસ.સી.ના સભ્યોની નિમણૂક બાબતે વાત કરી છે એટલા પૂરતો ઉલ્લેખ આપણે નહીં કરીએ બીજા બધા પ્રશ્નનો જવાબ તમે આપી શકો.

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન સ્કોપમાં આવતો નથી.

અધ્યક્ષશ્રી : એમણે ત્રણ પેટા પ્રશ્ન પૂછ્યા છે એકમાં કહ્યું છે કે જી.પી.એસ.સી.ના સભ્યોની નિમણૂક અને ચેરમેનની જે વાત કરી છે, એના ઇન્ટર્વ્યુ કયારે? તો એટલા પ્રશ્નનો જવાબ અહીંયા આપણે ના કરીએ, બીજા જે સરકારી પાર્ટ છે એની ચર્ચા આપણે કરીએ.

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : ફરીથી પ્રશ્ન પૂછો?

અધ્યક્ષશ્રી : એ સિવાયના બાકીના પ્રશ્ન ફરી પૂછો. સીધો પ્રશ્ન જ પૂછો. બાકીનું વર્ણન ના કરતા.

શ્રી જિગ્નેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, જી.પી.એસ.સી.માં એસ.સી., એસ.ટી. ઓ.બી.સી.ના પ્રતિનિધિત્વમાં જે પ્રમાણેની બેઠકો મળવી જોઇએ એનાથી ઓછી બેઠકો મળ્યા બાબતની કેટલી ફરિયાદો મળી, એ બાબતે હાઇકોર્ટમાં કેટલી પિટિશન દાખલ થઇ?

અધ્યક્ષશ્રી : ફરિયાદો કોઇ મળી હોય તો એ રેકોર્ડ ઉપર હોય તો કહો.

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ :સાહેબ, એ પ્રશ્નનો જવાબ અત્યારે મારી પાસે રેકર્ડ ઉપર નથી. સભ્યશ્રીને હું આપી દઇશ.

અધ્યક્ષશ્રી : રેકોર્ડ ઉપર મૂકજો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવું છે કે વિધાનસભામાં આ વખતે ગુજરાત રાજયની સરકારી કચેરી માટે મંજૂર કરેલ મહેકમની વિગતો દર્શાવતું પત્રક બહાર પડ્યું, સરકારી કચેરીમાં મંજૂર કરેલી મહેકમની વિગતો દર્શાવતી પુસ્તિકા સન ૨૦૨૬–૨૭ વિધાનસભા ગૃહમાં જે જાહેર કરી એના આધારે માનનીય મુખ્યમંત્રીશ્રીનો આજે સામાન્ય વહીવટ વિભાગ છે અને એમના વિભાગના પ્રશ્નોના જવાબ છે. ૬ વિભાગ છે, વધારે વિભાગ છે પણ મેં જે ડેટા એકઠો કર્યો એમાં વર્ગ–૧ ની ૯૭૪ જગ્યાઓ ખાલી છે અને વર્ગ–૨ ની ૧૮૨૪ આમ કુલ ૨૭૯૮. તો ફકત અને ફકત માનનીય મુખ્યમંત્રીશ્રી આપની હેઠળ જે વિભાગો આવે છે એની ખાલી છે. તો આવી તો અનેક વિભાગોની જગ્યાઓ ખાલી છે તો બે વસ્તુ મારે જાણવી છે, એક સન ૨૦૧૪ થી ૨૦૨૩માં .....

અધ્યક્ષશ્રી : માત્ર માંગણા પૂરતો જ વિષય છે. માંગણા કેટલા મૂકયા એટલા પૂરતો જ પ્રશ્ન છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માંગણામાં કેટલી જગ્યાઓ ખાલી છે એનો ઉલ્લેખ પણ છે.

અધ્યક્ષશ્રી : ટોટલ પત્રકનું બધું આપણે જોઇશું, કેટલા માંગણા મૂક્યા એટલા પૂરતો વિષય છે.

શ્રી શૈલેષ મ. પરમાર : હું એજ કહું છું સાહેબ, આ જે ૨૭૯૮ જગ્યા ખાલી છે એમાં માંગણાપત્રક મૂક્યા છે કે કેમ? એ પહેલો પ્રશ્ન અને બીજો પ્રશ્ન એ છે કે આપે જયારે ભરતી કેલેન્ડરની વાત કરી તો મારે આપની પાસેથી એ માહિતી જાણવી છે કે સન ૨૦૧૪ થી ૨૦૨૩ એમ ૧૦ વર્ષનું સરકારશ્રીએ ભરતી કેલેન્ડર બહાર પાડયું એ ભરતી કેલેન્ડર મુજબ કેટલી ભરતી થઇ? એની માહિતી આપે અને સન ૨૦૨૪ થી ૨૦૩૩નું સરકારે બીજા ૧૦ વર્ષનું ભરતી કેલેન્ડર બહાર પાડયું છે એની અંદર કેટલી ભરતી થવાની એની માહિતી માનનીય મંત્રીશ્રી આપે?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૨૪માં ૭૩ જગ્યાઓના માંગણાપત્રક મોકલવામાં આવ્યા, સન ૨૦૨૫માં ૨૩૩ જગ્યાઓ માટેના માંગણાપત્રક મોકલવામાં આવ્યા. આમ કુલ ૩૦૬ જગ્યાના માંગણાપત્રકો મોકલી આપવામાં આવેલ છે. સન ૨૦૧૪ થી ૨૦૨૩ની વિગત અત્યારે મારી પાસે નથી. આપશ્રીને હું મોકલી આપીશ.

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, એટલો જવાબ આપ્યો છે બાકીનો ટેબલ ઉપર મૂકશે.

શ્રી શૈલેષ મ. પરમાર : આપનો આદેશ સર આંખો પર. આ સાતમા મંત્રીશ્રી છે ..

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : છેલ્લાં બે વર્ષની માહિતી માગી છે.

શ્રી શૈલેષ મ. પરમાર : મેં એટલા માટે મંત્રીશ્રીને પૂછ્યું કે આપે ૧૦ વર્ષના ભરતી કેલેન્ડરનો આપના જવાબમાં ઉલ્લેખ કર્યો એટલે મેં આપને પ્રશ્ન પૂછ્યો. માનનીય અધ્યક્ષશ્રી, મારે થોડું આપનું રક્ષણ જોઇએ છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરી પછી પૂછજો.

શ્રી શૈલેષ મ. પરમાર : પ્રશ્નને લગતો જ છે. આ સાતમા મંત્રીશ્રી છે કે જયારે પણ વિધાનસભા ગૃહની અંદર હું પ્રશ્ન પૂછું છું એ પ્રશ્નનો માનનીય મંત્રીશ્રી જવાબ જ નથી આપી શકતા. અમે ટેબલ ઉપર મૂકીશું. સાહેબ, ટેબલ ઉપર મૂકવા માટે થોડા પ્રશ્નો પૂછીએ છીએ? આમાં મને રક્ષણ આપો એવી વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી : અહીંયા ગૃહમાં મંત્રીશ્રીઓએ તૈયારી કરીને જ આવવું જોઇએ. આ ચોથી વખત કદાચ થયું... કેવા જવાબ આપવા એવું તો આપણે માનનીય મંત્રીશ્રીને નહીં કહી શકીએ પરંતુ એવું પણ નથી કહી શકાતું કે સભ્યશ્રીએ કેવા પ્રશ્ન પૂછવા એટલે શ્રી શૈલેષભાઇ આંકડા સાથેના જ પ્રશ્નો મોટાભાગે પૂછતા હોય છે. વધુ તૈયારી સાથે માનનીય મંત્રીશ્રીઓએ આવવું જોઇએ.

સુરત જિલ્લામાં ખનિજ પરિવહનથી અસરગ્રસ્ત માર્ગોની જાળવણી માટે ગ્રાન્ટ

***15/8/643 શ્રી મનુભાઈ એમ. પટેલ** (ઉધના) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ અને ખનિજ)** જણાવવા કૃપા કરશે કે:

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ રાજ્યમાં ખનિજ પરિવહનથી અસરગ્રસ્ત થયેલ માર્ગોની જાળવણી માટે ગ્રાન્ટ ફાળવણી અંગે કોઈ જોગવાઈ કરેલ છે કે કેમ, અને	(૧)	હા, જી
(૨)	જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સુરત જિલ્લામાં કેટલી ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ છે?	(૨)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સુરત જિલ્લામાં ૩.૬,૫૭,૯૪,૦૦૦/- ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ છે.

શ્રી મનુભાઇ એમ.પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી જાણવા માગું છું કે, તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ રાજ્યમાં ખનીજ પરિવહનથી અસરગ્રસ્ત થયેલા માર્ગોની જાળવણી માટે ગ્રાન્ટ ફાળવણી અંગે કોઇ જોગવાઇ કરેલ છે કે કેમ? જો હા તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સુરત જિલ્લામાં કેટલી ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી છે? મારો બીજો પ્રશ્ન એ છે કે, ખનીજ વિસ્તારમાં આંતરમાળખાકીય સુવિધા માટેની યોજના રાજ્યમાં ક્યારથી અમલમાં છે? આ યોજનાનો હેતુ અને તેમાં સમાવિષ્ટ ઘટકોની વિગતો જણાવશો?

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, એમના પ્રથમ બે પ્રશ્નોના જવાબ વિભાગે છાપીને આપ્યા છે. રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૦૩થી ગુજરાત ખનીજ નીતિ બનાવવામાં આવેલ છે. માનનીય સભ્યશ્રી અને સન્માનનીય સભાગૃહને જાણકારી આપતાં મને આનંદ થાય છે કે રાજ્યના મુખ્યમંત્રી તરીકે માનનીય નરેન્દ્રભાઇ મોદી આવ્યા એ પહેલાં ક્યારેય પણ રાજ્યમાં ખનીજની આ પ્રકારની નીતિ અમલવારીમાં નહોતી. એના કારણે રાજ્યમાં ખનીજ વિસ્તારોમાં આંતરમાળખાકીય સુવિધાઓ માટેની જોગવાઇ કરવામાં આવે છે. આ યોજનાનો હેતુ ખનીજસભર વિસ્તારોમાં આંતરમાળખાકીય સુવિધાઓનો વિકાસ કરવાનો છે. એ વિસ્તારોમાંથી અનેક વાહનો પસાર થાય છે તથા તે વિસ્તારમાં રહેતા લોકોને માર્ગ, પાણી અને પ્રાથમિક તબીબી સારવાર મળી રહે તેનો સમાવેશ થાય છે. વર્ષ ૧૯૯૫ પહેલાં આવી આંતરમાળખાકીય સુવિધા વિકસાવવાનું અમલમાં નહોતું. કોંગ્રેસ જ્યારે શાસનમાં હતી ત્યારે એમણે આ પ્રકારનો વિચાર પણ નહોતો કર્યો. માત્રને માત્ર ભારતીય જનતા પાર્ટીની સરકારે એમની ચિંતા કરી છે. આ સુવિધાઓના નિર્માણથી ખનીજ પરિવહન

વધારે સરળતાથી થઇ શકે તેમજ ખનીજ આધારિત ઉદ્યોગોના વિકાસને વેગ મળવાની સાથે નવી રોજગારીની તકો પણ પ્રાપ્ત થાય છે અને આ યોજના વર્ષ ૨૦૦૩થી અમલમાં છે.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ ખનીજ પરિવહનની ટ્રક ઓવરલોડ હોય અને એના કારણે રોડને નિયમિત કરતાં વધારે નુકસાન થાય તો ઓવરલોડના કારણે ડેમેજ ટુ પબ્લિક પ્રોપર્ટી હેઠળ પગલાં લેવાં સરકાર ધારે છે કે કેમ?

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન સુરત જિલ્લાની આંતરમાળખાકીય સુવિધાનો છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે આપનું વિનમ્રપણે ધ્યાન દોરવું છે કે અહીંયા જે પ્રશ્ન પૂછાય છે પછી એનો જવાબ અપાતો હોય છે. કેટલાંક સભ્યો દ્વારા માત્ર મીડિયામાં રહેવા માટે અલગ પ્રકારે વાતો કરવામાં આવે છે ત્યારે મારી વિનંતી એવી છે કે મારી પાસે આ માહિતી છે પણ અન્ય સભ્યશ્રીઓના પ્રશ્નો પૂછાવા જોઇએ.

અધ્યક્ષશ્રી : પ્રશ્નનો જવાબ આપો છો કે પોઇન્ટ ઓફ ઓર્ડર પર બોલો છો?

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : હું આપનું ધ્યાન દોરું છું.

અધ્યક્ષશ્રી : એના માટે આપ અલગથી સમય માગજો હું આપીશ.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન સ્કોપમાં નથી.

અધ્યક્ષશ્રી : હા તો પ્રશ્ન પૂરો થયો.

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ખનીજ વિસ્તારમાં આંતરમાળખાકીય કામ મંજૂર કરવા માટેની પદ્ધતિ શું છે?

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે જિલ્લા કક્ષાએ જનપ્રતિનિધિ દ્વારા માન્ય ક્લસ્ટરની પરિસ્થિતિ અને સ્થાનિક રજૂઆતોને ધ્યાને રાખીને જે તે માર્ગોના નવીનીકરણ અને સમારકામ માટે કે નવા માર્ગોના નિર્માણ માટે દરખાસ્ત કરવામાં આવે છે. જિલ્લા કક્ષાએ ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ કચેરી દ્વારા આવી દરખાસ્તને આધારે તેની સ્થળ તપાસ હાથ ધરી તેની યોગ્યતા/શક્યતાની ચકાસણી અર્થે તેમજ તાંત્રિક અને નાણાકીય ખર્ચના અંદાજો અર્થે દરખાસ્તોને સ્થાનિક માર્ગ અને મકાન વિભાગને મોકલવામાં આવતી હોય છે. ત્યારબાદ સ્થાનિક માર્ગ અને મકાન વિભાગ દ્વારા દરખાસ્ત અન્વયે જરૂરી ચકાસણી કરી સ્થળ તપાસ હાથ ધરી દરખાસ્ત હેઠળના કામો માટે જરૂરી તાંત્રિક/નાણાકીય ખર્ચના અંદાજો ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ કચેરીને મોકલવામાં આવે છે. આમ, જરૂરી નકશાઓ, માર્ગ અને મકાન વિભાગ તરફથી મળેલી તાંત્રિક/નાણાકીય ખર્ચના અંદાજો અને દરખાસ્ત હેઠળના વિસ્તારમાં રહેલી લીઝો દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં ભરપાઇ કરેલી રોયલ્ટી રકમની આંકડાકીય માહિતી સાથે જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ કમિશનરને વિગતવાર દરખાસ્ત મોકલી આપવામાં આવે છે. સંપૂર્ણ વિગતો સાથે મોકલીને અપાયેલ દરખાસ્ત ઉક્ત વિચારણા કરીને તેની ઉપર જરૂરી ચકાસણી કરી કમિશનરશ્રી દ્વારા દરખાસ્ત અન્વયે જરૂરી મંજૂરી અને ફંડની ફાળવણીનો હુકમ કરવામાં આવે છે. જે તે જિલ્લાના માર્ગ અને મકાન વિભાગ હેઠળ ફાળવણી કરાયેલ રકમ ચૂકવવામાં આવે છે. ત્યારબાદ જે તે માર્ગ અને મકાન વિભાગ દ્વારા દરખાસ્ત હેઠળ માર્ગના નિર્માણ અને સમારકામ અર્થે આનુષંગિક કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. મને આ સભાગૃહના બધા સભ્યશ્રીઓને જણાવતાં આનંદ થાય છે કે આ ક્લસ્ટરમાં અલગ અલગ વિસ્તારના ઝોનમાં પણ આ પ્રકારની ખનીજનો લીઝોમાં વાહનોની અવરજવર થતી હોય છે. પહેલીવાર માનનીય મુખ્યમંત્રીશ્રીના આદેશથી માર્ગ અને મકાન વિભાગ દ્વારા સ્પેશિયલ કેટલાં લોડના વાહન કેવી રીતે નીકળે છે, કેટલા વર્ષની લીઝ છે, તેના કારણે જે રોડ ખરાબ થતા હતા તે માટે સ્પેશિયલ ડીઝાઇન અને જોગવાઇ કરીને તે રસ્તા તૂટી ન જાય તેના માટે માર્ગ મકાન વિભાગ આ ક્લસ્ટરમાં કામ કરી રહ્યો છે. હું રાજ્યની જનતા વતી માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલનો આભાર માનું છું.

મહેસાણા જિલ્લાના રણસીપુર વડનગર રોડને રીસરફેસ કરવા બાબત

***15/8/630 ડૉ. સી.જે. ચાવડા** (વિજાપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)** જણાવવા કૃપા કરશે કે :–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના રણસીપુર વડનગર રોડને રીસરફેસ કરવાની કાર્યવાહી હાથ ધરેલ છે કે કેમ, અને	(૧)	હા, જી.
(૨)	જો હા, તો આ કામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે ?	(૨)	૩.૧૨૦૦.૦૦ લાખ

ડૉ. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિજાપુર તાલુકામાં વિજાપુર શહેરમાં પ્રવેશવાના ૬ માર્ગો છે: ગાંધીનગર, રણસીપુર, ખેરાલુ, હિંમતનગર, મહેસાણા, વિસનગર. આ બધા જ માર્ગો માનનીય મુખ્યમંત્રીશ્રીએ ચાર માર્ગીય કર્યા છે તે બદલ સરકારનો હૃદયપૂર્વક ખૂબ ખૂબ આભાર માનું છું. વિજાપુર તાલુકો સાબરકાંઠા જિલ્લાને જોડે છે. સાબરમતી નદી ઉપર ૩.૨૫૦ કરોડના ખર્ચે દેરોલ બ્રિજ જર્જરિત હાલતમાં હતો તેનું નવીનીકરણ કરવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ખાતમુહૂર્ત કર્યું હતું અને શરૂ પણ થઇ ગયો છે તેના માટે પણ આભાર માનું છું. હમણાં ૧૦ દિવસ પહેલાં પેઢામલી ખાતે ઇડર અને વિજાપુર તાલુકાને જોડતો ૩.૩૫ કરોડના ખર્ચે કોઝ–વે બનાવ્યો તેના માટે પણ આભાર માનું છું. ભારે વરસાદના કારણે

સરદારપુર, સુંદરપુર, કુદેડા નદી વિસ્તાર માટે રૂ.૧૫ કરોડના ખર્ચે રીસરફેસિંગનો રોડ મંજૂર થયો અને રૂ.૧૨ કરોડના ખર્ચે રણસીપુર–વડનગર રોડ મંજૂર થયો છે તેની કામગીરી ચાલુ છે ત્યારે હું આભાર અને અભિનંદન સાથે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રણસીપુર વડનગર રોડને રીસરફેસ કરવા માટે તા.૦૨/૧૨/૨૦૨૫થી રૂ.૧૨ કરોડની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે અને તેની ટી.એસ. પણ તા.૨૦/૦૨/૨૦૨૬ના રોજ આપવામાં આવી છે. માનનીય સભ્યશ્રીએ પૂછ્યું છે કે કામ ક્યારે પૂરું થશે? તો હું જરા પ્રોજેક્શન આપી દઉં. ડી.ટી.પી. મંજૂરીની સંભવિત તા.૧૫/૦૩/૨૬ના રોજ થાય એમ છે, ટેન્ડર મંજૂરીની સંભવિત તા.૧૫/૦૫/૨૦૨૬ના રોજ થાય એમ છે, કામ શરૂ કરવાની સંભવિત તા.૨૫/૦૫/૨૦૨૬ અને કામ પૂર્ણ કરવા માટેની ડેડલાઇનની ટેન્ટેટીવ તા.૨૪/૦૨/૨૦૨૭ નક્કી કરેલ છે. આ જે વિજાપુર–રણસીપુર–વડનગર રોડ છે એ રૂ.૧૨ કરોડનો સાડા ચૌદ કિલોમીટરનો રસ્તો મંજૂર કર્યો છે પરંતુ વિજાપુરથી રણસીપુર સુધીના ૨૬ કિલોમીટરના રોડનું રૂ.૮૦ કરોડના ખર્ચે વાઇડનિંગનું કામ પણ મંજૂર કરેલ છે.

અમરેલી જિલ્લામાં મહી આધારીત જુથ યોજનાનું પાણી પુરૂ પાડવા

***15/8/647 શ્રી જયસુખભાઇ વલ્લભભાઇ કાકડિયા (ધારી): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લાના બગસરા, અમરેલી તથા કુંકાવાવ તાલુકાના ગામોને મહી આધારીત જુથ યોજનાનું પાણી પુરૂ પાડવા સરકારે શી કાર્યવાહી કરી છે,	(૧)	બગસરા સુધારણા જુથ પાણી પુરવઠા યોજનાનું અમલીકરણ કરવામાં આવેલ છે.
(૨)	ઉકત સ્થિતિએ કાર્યવાહી કયા તબક્કે છે, અને	(૨)	યોજનાના ભૌતિક કામો પૂર્ણ કરી યોજના કમીશનીંગ કરવામાં આવેલ છે.
(૩)	કેટલા ગામોને લાભ થનાર છે?	(૩)	નીચેની વિગતે, અનું | તાલુકો | ગામો/ શહેર ૧ | બગસરા | ૩૩ ગામો/ ૦૧ શહેર ૨ | અમરેલી | ૦૩ ગામો ૩ | કુંકાવાવ | ૦૩ ગામો | કુલ | ૩૯ ગામો/ ૦૧ શહેર

શ્રી જે. વી. કાકડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં ધારી, બગસરા અને ખાંભા વિસ્તારમાં રૂ.૨૦૦ કરોડની પાણીપુરવઠા યોજના પૂર્ણ કરી છે એ બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રીનો ખૂબ ખૂબ આભાર માનું છું. આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં બગસરા સુધારણા જૂથ પાણી પુરવઠા યોજનાની અંદાજિત રકમ કેટલી છે?, આ યોજનામાં કેટલી વસતિને લાભ થનાર છે? અને બગસરા જૂથ પાણી પુરવઠા યોજનામાં કેટલું પાણી વહન કરવા માટેની ડિઝાઇન કરવામાં આવેલ છે?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમરેલી જિલ્લામાં બગસરા સુધારણા જૂથ પાણી પુરવઠા યોજનાની અંદાજિત રકમ રૂ.૪૬.૯૩ કરોડ છે. આ યોજના થકી હાલની અંદાજિત ૧.૫૦ લાખ વસતિને લાભ મળેલ છે. આ યોજનાને ભવિષ્યની વસતિની જરૂરિયાતો અનુસાર ૨૪.૩૮ એમ.એલ.ડી. પાણી વહન કરવાની ક્ષમતા મુજબની ડિઝાઇન કરવામાં આવેલ છે.

શ્રી હીરાભાઇ ઓ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, અમરેલી જિલ્લામાં કેટલી જૂથ યોજનાઓ કાર્યરત છે?, કેટલા ગામોનો સમાવેશ થાય છે? અને કોઇ ગામ પાણી વગરનું છે કે કેમ?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમરેલી જિલ્લામાં ૧૩ જૂથ યોજનાઓ કાર્યરત છે. એમાં એક છે ઇશ્વરીયા જૂથ યોજના. એમાં અમરેલી, લાઠી અને લીલીયા તાલુકાનો સમાવેશ થાય છે. અમરેલી તાલુકાના ૨૩ ગામો, લાઠી તાલુકાના ૧૧ ગામો અને લીલીયા તાલુકાના ૧૮ ગામોનો સમાવેશ થાય છે. બીજી યોજના છે જંગલ જૂથ યોજના. એમાં અમરેલી તાલુકાના ૩૩ ગામો, કુકાવાવ અને વડીયાના ૩૯ ગામ, બગસરાના ૩૨ ગામ, બાબરા ગ્રુપ જૂથ યોજનામાં બાબરાના ૩૨ ગામ, કુંકાવાવનું ૧ ગામ અને લાઠીના ૧ ગામનો સમાવેશ થાય છે. કોટડા પીઠા ગૃપ જૂથ યોજનામાં બાબરા તાલુકાના ૨૩ ગામો, લાઠી, લીલીયા, ચાવડા જૂથ યોજનામાં લાઠીના ૧૯ ગામ, લીલીયાના ૨૫ ગામ, બાબરાના ૨ ગામ, સાવરકુંડલા ગૃપ જૂથ યોજનામાં સાવરકુંડલાના ૭૬ ગામો, ધારી ગૃપ જૂથ યોજનામાં ધારીના ૭૪ ગામ અને અમરેલી તાલુકાના ૧૨ ગામ, રાજુલા ગૃપ યોજનામાં રાજુલાના ૬૦ ગામ, જાફરાબાદનું એક ગામ, જાફરાબાદ ગૃપ.....

અધ્યક્ષશ્રી : કોઈ બાકી છે કે કેમ? એટલું કહ્યું છે.

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કુલ મળીને સમાવિષ્ટ ગામો ૬૧૪ છે.

શ્રી જનકભાઈ તળાવિયા : માનનીય અધ્યક્ષશ્રી, બગસરા જૂથ સુધારણા પાણી પુરવઠા યોજનામાં કઈ-કઈ કામગીરીનો સમાવેશ કરવામાં આવે છે?

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બગસરા સુધારણા જૂથ પાણી પુરવઠા યોજના અંતર્ગત મુખ્ય હેડ વર્કસ તથા સબ હેડ વર્કસ ખાતે સમ્પ કુલ-૪ નંગ, ઊંચી ટાંકી કુલ-૫ નંગ, જુદા જુદા વ્યાસની ડી.આઈ. પાઇપલાઇન ૫૧.૮ કિલોમીટર, જુદા જુદા વ્યાસની પી.વી.સી. પાઇપલાઇન ૮૩.૧ કિલોમીટર, પમ્પીંગ મશીનરી, પમ્પ હાઉસ કુલ-૩ નંગ, સ્ટાફ ક્વાર્ટર, સિક્યોરિટી રૂમ, કંપાઉન્ડ વોલ અને એપ્રોચ રોડ વિગેરેનો સમાવેશ કરવામાં આવેલ છે.

શ્રી ઉમેશભાઈ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, મારા મતવિસ્તારમાં પાણી પુરવઠા જૂથ સુધારણા યોજના અત્યારે પૂર્ણ થવાના આરે છે. એમાં ગઢડા તાલુકામાં રૂ. ૯૦ કરોડના ખર્ચે પૂર્ણ થવાના આરે છે અને બોટાદ તાલુકામાં પણ પૂર્ણ થવાના આરે છે. હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે એમાં હજી મારા ૮ ગામો બાકી રહી ગયા છે. એમાં સમ્પ બનાવવાનું બાકી રહી ગયું છે. નાના બદલા અને હીરવા ગામોનો સમાવેશ કરી ત્યાં બનાવવા માગો છો કે કેમ? અને સાથોસાથ...

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આ પ્રશ્ન અમરેલીનો છે. આપ પહેલાં માનનીય મંત્રીશ્રીને પૂછી લો કે તેમની પાસે જવાબ છે કે નહીં?

શ્રી ઉમેશભાઈ ના. મકવાણા : માનનીય મંત્રીશ્રી, જવાબ હોય તો આપજો અને ના હોય તો ચાલશે. મને ટેબલ ઉપર આપી દેજો.

અધ્યક્ષશ્રી : એ બહાને જવાબ તો મળી જાય. એમનું બોટાદ પ્રત્યેનું કમિટમેન્ટ ગજબ છે. ગુજરાતનો કોઈ પણ પ્રશ્ન હશે એમાં બોટાદ આવશે. માનનીય સભ્યશ્રી, સીધા પ્રશ્ન ઉપર આવી જાઓ.

શ્રી ઉમેશભાઈ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હવે ઉનાળાની સ્થિતિ છે. હું જ્યારે પ્રવાસમાં જાઉં છું ત્યારે લોકો મને પ્રશ્ન કરે છે કે ઉમેશભાઈ, હજી પાણી આવ્યું નથી તો જેટલા પણ સમ્પ બન્યા છે એમાં નવી પાઇપલાઇન દ્વારા પાણી પહોંચાડવા માગો છો કે કેમ?

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ અમરેલી જિલ્લાનો પ્રશ્ન છે.

અધ્યક્ષશ્રી : પાણી બધે પહોંચાડવા માગીએ છીએ.

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના તમામ ગામો અને તમામ ઘરોમાં આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં અને આદરણીય હર્ષભાઈ સંઘવીજીના સાનિધ્યમાં તેમજ માનનીય નાણામંત્રીશ્રીએ પણ એમની કોથળી ખુલ્લી મૂકીને જેટલા રૂપિયાની જરૂરિયાત પડે અને તમામ ગામોમાં પાણી પહોંચે એ માટેની વ્યવસ્થા કરેલ છે એ બદલ હું તેમનો આભાર માનું છું.

તાપી જિલ્લામાં પાણી પુરવઠો શરૂ ન થયા અંગેની ફરિયાદો

*** 15/8/719 ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે:

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાપી જિલ્લામાં તાલુકાવાર સંપ અને ટાંકીમાંથી આપવામાં આવેલ પાણીના જોડાણોમાં પાણીનો પુરવઠો શરૂ થયો નહિ હોવાની કેટલી ફરિયાદો સરકારને મળી,	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાપી જિલ્લામાં તાલુકાવાર સંપ અને ટાંકીમાંથી આપવામાં આવેલ પાણીના જોડાણોમાં પાણીનો પુરવઠો શરૂ થયો નહિં હોવાની કોઇ પણ ફરિયાદ સરકારને મળી નથી.
(૨)	ઉકત સ્થિતિએ ઉકત ફરિયાદો અન્વયે સંબંધિત પ્રોજેકટો માટે સરકાર દ્વારા રીવ્યુ અથવા સ્પેશીયલ ઓડીટ કરવામાં આવ્યું છે કે કેમ, અને	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩)	જો હા, તો ઉકત રીવ્યુ અથવા સ્પેશીયલ ઓડીટમાં કેવા પ્રકારની ગેરરીતિ સામે આવી?	(૩)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, તાપી જિલ્લાના ઉચ્છલ, સોનગઢ અને વ્યારા તાલુકામાં છેલ્લાં બે વર્ષમાં ૧૨૧ જેટલા સમ્પ બન્યા છે અને ૬૧ જેટલી ઊંચી ટાંકીઓ બની છે. મારો પ્રશ્ન આ ૧૨૧ સમ્પ અને ૬૧ ઊંચી ટાંકીને લગતો જ હતો કે એમાં પાણી પુરવઠો શરૂ નહીં થયા હોવાની કોઇ ફરિયાદ મળી છે કે કેમ? મને જવાબ 'ના' માં મળ્યો છે પણ વાસ્તવિકતા એ છે કે ૭૦થી ૮૦ ટકા આ ટાંકીઓ કે સમ્પ કાર્યરત નથી અને જેના માટે આ ટાંકી અને સમ્પનું નિર્માણ કરવામાં આવ્યું છે એ લોકોને હજી સુધી પાણી મળ્યું નથી. મારી આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને એક જ વિનંતી છે કે આપ દક્ષિણ ગુજરાતમાંથી આવો છો. એક દિવસ સમય ફાળવો અને અમારા ઉચ્છલ, નિઝર અને વ્યારાના ધારાસભ્યશ્રીઓ તથા આપણે સંયુક્ત રીતે આ જગ્યાએ તપાસ કરીએ અને જેના માટે યોજના બની છે એને પીવાનું પાણી મળી રહે એવી કોઇ કાર્યવાહી આપ કરવા માગો છો કે કેમ?

તારાંકિત પ્રશ્નો

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી એમાં સમ્પ અને પાણીની ટાંકીથી ગામમાં પાણી મળે છે કે કેમ? એ બાબતમાં અત્યાર સુધીમાં આપણને કોઈપણ ફરિયાદ મળી નથી પરંતુ જે ફરિયાદ મળી છે એ હું જણાવું છું. જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ મળેલ ફરિયાદમાં નવા સમ્પ, ઊંચી ટાંકી બનાવવા માટેની ૧૨ જેટલી ફરિયાદો મળેલી છે. જૂથ યોજનાની લાઇનમાં લીકેજની ૩૯ જેટલી ફરિયાદો આવેલી છે. ઓછું પાણી મળવા બાબતે ૮૭ જેટલી ફરિયાદ આવેલી છે. ટેન્કર દ્વારા પાણી આપવા માટેની એક ફરિયાદ આપવામાં આવેલી છે. બોર/મોટર માટેની ૨૫ ફરિયાદ મળી છે. પાણીની ગુણવત્તા માટેની ૫ ફરિયાદ મળી છે અને અન્ય ૨૨ ફરિયાદો મળી છે. આમ કુલ મળીને ૧૯૧ જેટલી ફરિયાદો મળી છે. જૂથ પાણી પુરવઠા યોજના માટે મળેલ તમામ ફરિયાદોનું નિરાકરણ પાણી પુરવઠા બોર્ડ દ્વારા કરવામાં આવ્યું છે. ગામની આંતરિક વિતરણ વ્યવસ્થાની જે ફરિયાદો મળી છે એમાં નવા સમ્પ અને ઊંચી ટાંકી બનાવવા માટેની ૪ ફરિયાદો છે. જૂથ યોજના લાઇનની લીકેજમાં ૭ જેટલી ફરિયાદો આવેલી છે. આંતરિક પાઇપલાઇન લીકેજની ૧૬ જેટલી ફરિયાદો આવેલી છે. ઓછું પાણી મળવા બાબતની ૧૧૨ ફરિયાદો આવેલી છે. પાણીની ગુણવત્તા બાબતની ૩ ફરિયાદો આવી છે. પાણીની ચોરી બાબતની ૨ ફરિયાદો છે અને અન્ય ૨૩ ફરિયાદો છે. આમ કુલ મળીને ૧૬૭ જેટલી ફરિયાદો મળી છે. ગામોમાં આંતરિક વિતરણ વ્યવસ્થાની મળેલ તમામ ફરિયાદોનું પાણી પુરવઠા બોર્ડ અને વાસ્મો દ્વારા ગામની પાણી સમિતિને માર્ગદર્શન આપીને, ગ્રામ્ય પાણી સમિતિ દ્વારા આંતરિક વિતરણ વ્યવસ્થામાં મળેલ તમામ ફરિયાદોનું નિરાકરણ કરવામાં આવે છે.સભ્યશ્રીએ જે પ્રમાણે વાત કરી તો એ વિસ્તારના તમામ ધારાસભ્યશ્રીઓ સાથે જે જે યોજનાઓ છે, આમ તો હું મુલાકાત લેતો જ હોઉ છું પણ ફરીથી સભ્યશ્રી સાથે જઇને એમના વિસ્તારના પ્રશ્નોનું નિરાકરણ લાવીશું.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે તાપી જિલ્લામાં કઇ કઇ જૂથ યોજનાઓ કાર્યરત છે અને આ યોજનામાં કેટલા ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે?

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તાપી જિલ્લામાં કુલ ૯ જૂથ યોજનાઓ કાર્યરત છે. જેમાં ૪૦૧ જેટલા ગામનો સમાવેશ થયેલ છે. એમાં બોરીસાગર જૂથ પાણી પુરવઠા યોજનામાં સોનગઢ તાલુકાના ૭૮ ગામોનો સમાવેશ થયેલ છે, જેસીંગપુર જૂથ પાણી પુરવઠા યોજનામાં વ્યારાના ૧૫ ગામો, ડોલવણ તાલુકાના ૧૩ ગામો, તાપી બલ્ક પાઇપલાઇન જૂથ પાણી પુરવઠામાં વ્યારા તાલુકાના ૭૬ ગામો, વાલોડના ૪૦ ગામ, ડોલવણના ૧૯ ગામ, કુકરમુંડા જૂથ પાણી પુરવઠા યોજનામાં કુકરમુંડાના ૫૧ ગામ. ડોલવણ જૂથ પાણી પુરવઠા યોજનામાં ડોલવણના ૨૬ ગામ. દક્ષિણ નિઝર જૂથ પાણી પુરવઠા યોજનામાં નિઝરના ૩૬ ગામ, ઉચ્છલના ૪ ગામ. નારણપુર જૂથ પાણી પુરવઠા યોજનામાં ઉચ્છલના ૨૪ ગામો. ઉત્તર સોનગઢ જૂથ પાણી પુરવઠા યોજનામાં સોનગઢના ૧૧ ગામ, સાગબારા–ડેડિયાપાડા જૂથ પાણી પુરવઠા યોજનામાં સોનગઢના ૮ ગામો. આમ, ૭ તાલુકાના કુલ ૪૦૧ ગામોનો સમાવેશ થયેલ છે.

શ્રી મોહનભાઇ ઢે. કોંકણી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, તાપી જિલ્લા જૂથ પાણી પુરવઠા યોજનાની મરામત અને જાળવણી કોના દ્વારા કરવામાં આવે છે અને જિલ્લાની જુદી જુદી જૂથ યોજનાઓ માટે કુલ કેટલી એજન્સીઓ કાર્યરત છે?

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તાપી જિલ્લામાં જૂથ યોજનાઓના મરામત અને જાળવણી માટે પાણી પુરવઠા વિભાગ દ્વારા ટેન્ડર પ્રક્રિયા થકી ખાનગી એજન્સી મારફતે કરવામાં આવે છે. જ્યારે ગ્રામ્ય આંતરિક પાણી પુરવઠાની જાળવણી જે તે ગ્રામ પંચાયત અને પાણી સમિતિઓ દ્વારા કરવામાં આવે છે. તાપી જિલ્લામાં જુદી જુદી જૂથ યોજનાઓની મરામત અને જાળવણી માટે હાલ કુલ ૮ જેટલી એજન્સીઓ કાર્યરત છે.

અમદાવાદ જિલ્લામાં વ્હાલી દીકરી યોજના

***15/8/651 શ્રી બાબુભાઈ જમનાદાસ પટેલ** (દસક્રોઈ) **:માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)**
જણાવવા કૃપા કરશે કે,

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વ્હાલી દીકરી યોજનામાં અમદાવાદ જિલ્લામાં કેટલી અરજીઓ મળી,	(૧)	૩૧૧૧
(૨)	ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને કેટલી નામંજૂર કરવામાં આવી છે, અને	(૨)	મંજૂર: ૩૧૦૬ / નામંજૂર: ૫
(૩)	ઉક્ત અરજીઓ નામંજૂર થવાના શા કારણો છે?	(૩)	ઉક્ત અરજીઓ નીચે મુજબના કારણોથી નામંજૂર થયેલ છે.યોજના હેઠળ નિયત કરવામાં આવેલ માપદંડો/સાધનિક કાગળો પરિપૂર્ણ કરતાં ન હોવાથી તેમજ આવકમર્યાદા વધુ હોવાને પરિણામે અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે.

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વ્હાલી દીકરી યોજના સામાજિક રીતે આપણી દીકરીઓને કઇ રીતે મદદરૂપ થઇ શકે છે? આ યોજનાનો હેતુ અને લાભની વિગતો જણાવશો?

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, વ્હાલી દીકરી યોજના ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારો માટે આશીર્વાદરૂપ યોજના છે. આર્થિક રીતે નબળા પરિવારોમાં જ્યારે દીકરીનો જન્મ થાય છે ત્યારે એના ઉછેર, આરોગ્ય અને

શિક્ષણ અંગે ખૂબ ચિંતા રહેતી હોય છે. આપણી આ સરકાર દ્વારા આર્થિક રીતે આ પરિવારોને સહાય મળી રહે અને એને ભણવામાં મદદરૂપ થાય એ માટે જ્યારે દીકરી શાળાએ જાય અને શિક્ષણમાં ખર્ચ થતો હોય એમાં મદદરૂપ થાય છે. દીકરી જ્યારે ૧૮ વર્ષની થાય ત્યારે એના લગ્ન ન થયા હોય ત્યારે ખાસ કરીને આ યોજનાના લાભો આપવામાં આવે છે. જેથી કરીને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી શકે. જે રીતે સભ્યશ્રીએ પૂછ્યું કે આ યોજના હેઠળ દીકરીઓને શું લાભ મળે છે? પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવે ત્યારે રૂપિયા ૪ હજાર અને ધોરણ–૯માં પ્રવેશ મેળવે ત્યારે રૂપિયા ૬ હજારની આર્થિક સહાય અને દીકરી ૧૮ વર્ષ પૂર્ણ કરે છે ત્યારે રૂપિયા ૧ લાખની આર્થિક સહાય આપવામાં આવે છે. આ રીતે કુલ રૂપિયા ૧ લાખ ૧૦ હજારની સહાય આપવામાં આવે છે.

ડૉ. પાયલ મ. કુકરાની : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ડિજિટલ યુગને ધ્યાનમાં રાખીને સરકારી યોજનાઓ ખાસ કરીને વ્હાલી દીકરી યોજના માટે ઓનલાઇન અરજી કરવા માટેની કોઇ સુવિધા છે કે કેમ? જો હા તો અરજી માટે કયા આધાર–પુરાવા જરૂરી છે?

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આપણો દેશ ડિજિટલ ઇન્ડિયા તરફ આગળ વધી રહ્યો છે ત્યારે વિભાગ દ્વારા ઇ–મહિલા કલ્યાણ પોર્ટલને અમલમાં મૂકવામાં આવ્યું છે. આ પોર્ટલના માધ્યમથી અરજદાર પોતે ઓનલાઇન અરજી કરી શકે છે. અરજદાર પોતે કરેલ અરજીનું રીયલ ટાઇમ ચેકીંગ પણ કરી શકે છે. દીકરીનું જન્મનું પ્રમાણપત્ર હોવું જોઇએ, આધારકાર્ડ હોવું જોઇએ, દીકરીના માતા–પિતાના આધારકાર્ડ અને એલ.સી. હોવા જરૂરી છે. સાથોસાથ લાભાર્થી દીકરી અને માતા–પિતાના બેન્કની પાસબુક હોવી જરૂરી છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

અમદાવાદ જિલ્લામાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના

15/8/650 શ્રી કનુભાઇ કરમશીભાઇ પટેલ (સાણંદ) **:માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અંતર્ગત અમદાવાદ જિલ્લામાં કેટલી અરજીઓ મળી,	(૧)	કુલ–૧૧૩૬૩
(૨)	તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી છે, અને	(૨)	કુલ–૧૧૧૯૦
(૩)	ઉક્ત સ્થિતિએ લાભાર્થીઓને કેટલી રકમની સહાયની ચૂકવણી કરવામાં આવી?	(૩)	રૂ.૯,૫૯,૯૬,૨૫૦/– (નવ કરોડ ઓગણસાઈઠ લાખ છન્નું હજાર બસો પચાસ પૂરા)

સંખેડા તાલુકામાં પંચેશ્વર ગામે ઉચ્છ નદી ઉપર ચેકડેમ બાબત

15/8/227 શ્રી અભેસિંહ મોતીભાઇ તડવી (સંખેડા): **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકામાં પંચેશ્વર ગામે ઉચ્છ નદી ઉપર ચેકડેમ મંજૂર કરવામાં આવેલ છે કે કેમ,	(૧)	હા,જી
(૨)	જો હા,તો ઉક્ત સ્થિતિએ ચેકડેમ માટે કેટલી રકમ ફાળવવામાં આવી છે, અને	(૨)	રૂ.૧૪.૧૭ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.
(૩)	આનાથી કેટલા ગામોને પાણીની સુવિધા પ્રાપ્ત થશે?	(૩)	સંખેડા ગામના આશરે ૨૭૦ હેકટર જેટલા વિસ્તારમાં સિંચાઇનો લાભ પરોક્ષ રીતે આપી શકાશે.

અતારાંકિત પ્રશ્નો

સરકારી જમીનો સ્પેશિયલ ઈકોનોમિક ઝોન માટે ફાળવવા

15/8/617 શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર (જામજોધપુર**) : માનનીય મુખ્યમંત્રીશ્રી(મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા: ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં સરકારી જમીનો જ્યારે SEZ માટે ફાળવવામાં આવે છે, ત્યારે ડેવલોપરે નિયમ મુજબ રૂપાંતર વેરાની રકમ ભરવાની રહે છે કે કેમ,	(૧)	હા, રાજ્યમાં સરકારી જમીનો જ્યારે SEZ માટે ફાળવવામાં આવે છે, ત્યારે ડેવલોપરે નિયમ મુજબ રૂપાંતર વેરાની રકમ ભરવાની રહે છે.
(૨)	જો હા, તો ઉક્ત સ્થિતિએ કચ્છ જીલ્લામાં કેટલા ડેવલોપર્સ પાસેથી આવી કેટલી રકમ વસૂલવાની બાકી છે અને વસૂલાત માટે સરકારે શાં પગલાં લીધા છે,	(૨)	ઉક્ત સ્થિતિએ કચ્છ જીલ્લામાં સરકારી જમીન SEZ માટે ફાળવવામાં આવેલ નથી માટે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩)	ઉક્ત સ્થિતિએ SEZ ડેવલોપર્સને રૂપાંતર વેરામાં કોઈ ખાસ માફી આપવામાં આવી છે કે કેમ, અને	(૩)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૪)	જો હા, તો કેટલા ડેવલોપર્સ ને કેટલા રૂપિયાની રાહત આપવામાં આવી છે?	(૪)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

_____

પંચમહાલ જિલ્લામાં ખનિજ પરિવહનથી અસરગ્રસ્ત માર્ગોની જાળવણી માટે ગ્રાન્ટ

15/8/644 શ્રી સી. કે. રાઉલજી (ગોધરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ અને ખનિજ)** જણાવવા કૃપા કરશે કે:

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ રાજ્યમાં ખનિજ પરિવહનથી અસરગ્રસ્ત થયેલ માર્ગોની જાળવણી માટે ગ્રાન્ટ ફાળવણી અંગે કોઈ જોગવાઈ કરેલ છે કે કેમ, અને	(૧)	હા, જી.
(૨)	જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં કેટલી ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ છે?	(૨)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં ૩.૫,૦૦,૪૮,૪૭૦/– ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ છે.

ઉમરગામ તાલુકામાં દમણગંગા નહેર યોજના દ્વારા ઉદ્યોગોને પાણી

15/8/310 શ્રી રમણલાલ નાનુભાઈ પાટકર (ઉમરગામ)**: માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉમરગામ તાલુકામાં ઉદ્યોગોને દમણગંગા નહેર યોજના દ્વારા કેટલુ પાણી આપવામાં આવેલ છે, અને	(૧)	**વર્ષ** / **પાણીનો જથ્થો** ૨૦૨૪ / ૪.૮૭ એમ.સી.એમ. ૨૦૨૫ / ૫.૯૭ એમ.સી.એમ. **કુલ** / **૧૦.૮૪ એમ.સી.એમ.**

(૨)	ઉક્ત સ્થિતિએ તે માટે સરકારને કેટલી આવક થઇ?	(૨)	<table><tr><th>વર્ષ</th><th>આવક</th></tr><tr><td>૨૦૨૪</td><td>રૂ. ૧૯,૨૨,૮૫,૪૬૯/–</td></tr><tr><td>૨૦૨૫</td><td>રૂ. ૨૭,૫૮,૦૫,૯૪૭/–</td></tr><tr><td>**કુલ**</td><td>**રૂ. ૪૬,૮૦,૯૧,૪૧૬/–**</td></tr></table>

જંબુસર આમોદ વિસ્તારમાં ડોલીયા દેણવા બ્રિજ બાબત

15/8/589 શ્રી ડી. કે. સ્વામી (જંબુસર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ જંબુસર તાલુકામાં ડોલીયા દેનવા બ્રીજ બનાવાની કામગીરી ખૂબ જ ધીમી ગતિથી ચાલી રહેલ છે તે હકીકત સાચી છે, અને	(૧) અને (૨)	કામગીરી પ્રગતિમાં છે. ઉક્ત બ્રીજની કામગીરી તા.૩૦/૦૬/૨૦૨૬ સુધીમાં પુર્ણ કરવાનું આયોજન છે.
(૨)	જો હા, તો ઉકત બ્રીજની કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવનાર છે?		

જુનાગઢ જિલ્લામાં મહી ઇમરજન્સી સુધારણા જુથ પાણી પુરવઠા યોજના

15/8/625 શ્રી અરવિંદભાઇ જીણાભાઇ લાડાણી (માણાવદર): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે: –

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ જુનાગઢ જીલ્લામાં દેવગઢ ભેસાણ બલ્ક પાઇપલાઇન આધારીત મહી ઇમરજન્સી સુધારણા જુથ પાણી પુરવઠા યોજના કયારે શરૂ કરવામાં આવેલ છે, અને	(૧)	તા.૦૭/૧૧/૨૦૨૫ ના રોજ શરૂ કરવામાં આવેલ છે.
(૨)	આ યોજનાની અંદાજીત રકમ કેટલી છે?	(૨)	રૂ.૯૩૪૫.૪૯ લાખ

પંચમહાલ જિલ્લામાં ગેરકાયદે ખનન

15/8/535 શ્રી જેઠાભાઈ આહીર (ભરવાડ) (શહેરા): **માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ અને ખનિજ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં કેટલી જગ્યાએ ગેરકાયદે ખનન થયેલ હોવાની કેટલી ફરિયાદો મળી,	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં ૪૦ જગ્યાએ ગેરકાયદે ખનન થયેલ હોવાની કુલ ૭૪ ફરિયાદ મળેલ છે.
(૨)	મળેલ ફરિયાદો અન્વયે શા પગલાં લેવામાં આવ્યા,	(૨)	ઉક્ત ફરિયાદો અન્વયે કુલ ૮૦ વાહનો પકડી કુલ રૂ.૧૪૮.૫૦/– લાખની વસુલાત થયેલ છે.
(૩)	ઉક્ત ગામોમાં કેટલુ ગેરકાયદેસર ખનન થયું હોવાનું સામે આવ્યું, અને	(૩)	ઉક્ત ગામોમાં કુલ ૫.૧૨ લાખ મે.ટન ખનિજનું ગેરકાયદેસર ખનન થયેલ હોવાનું સામે આવેલ છે.

(૪)	આ બાબતે કેટલા ઈસમો સામે સરકારે શી કાર્યવાહી કરી?	(૪)	આ બાબતે કુલ ૦૬ ઈસમો સામે પોલીસ ફરીયાદ દાખલ કરેલ છે, ૦૯ ઈસમો સામે સેશન્સ કોર્ટમાં ફરીયાદ દાખલ કરેલ છે, ૦૨ ઈસમો સામે વસુલાત હુકમ કરવામાં આવેલ છે તથા ૬૯ ઈસમોને દંડકીય રકમ ભરપાઈ કરાવેલ છે.

ભાવનગર જીલ્લાના ભુંડરખા–૧ થી ભુંડરખા–૨ રસ્તા પર મેજર બ્રિજ બનાવવા

15/8/632 શ્રી ભીખાભાઇ રવજીભાઇ બારૈયા (પાલીતાણા)**: માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લાના પાલીતાણા તાલુકાના ભુંડરખા–૧ થી ભુંડરખા–૨ રસ્તા પર મેજર બ્રિજ બનાવવાના કામને મંજુરી આપવા કોઈ કાર્યવાહી હાથ ધરેલ છે કે કેમ,	(૧)	હા, જી.
(૨)	જો હા, તો આ કામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને	(૨)	૩.૧૦૦૦ લાખ.
(૩)	ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરી કયા તબક્કે છે?	(૩)	ડિઝાઈન મંજુરી તબક્કે.

વડોદરા જિલ્લાના ભીમપુરા–સમીયાલા ચાણસદ રોડને રીસરફેસીંગ કરવા બાબત

15/8/628 શ્રી ચૈતન્યસિંહ પ્રતાપસિંહ ઝાલા (પાદરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જીલ્લાના ભીમપુરા–સમીયાલા ચાણસદ (વેસ્ટર્ન બાયપાસ) રોડને રીસરફેસીંગ કરવા માટે સરકારે શું કાર્યવાહી કરી,	(૧)	સદર રસ્તાના કામ માટે તા.૦૧/૧૨/૨૦૨૫ ના ઠરાવથી સરકારશ્રી દ્વારા મંજુરી આપવામાં આવેલ છે.
(૨)	ઉક્ત સ્થિતિએ કેટલી લંબાઇ માટે કેટલી રકમ મંજુર કરવામાં આવી, અને	(૨)	૮.૬૫ કિ.મી. લંબાઈ માટે ૩.૧૮૦૦.૦૦ લાખ મંજૂર કરવામાં આવેલ છે.
(૩)	ઉક્ત સ્થિતિએ આ કામગીરી કયા તબક્કે છે ?	(૩)	આ કામગીરીનું ટેન્ડર મંજુરી હેઠળ છે

.....

સુખી સિંચાઇ યોજનાની નહેરોનું નવીનીકરણ કરવા બાબત

15/8/612 શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર): **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ સુખી સિંચાઇ યોજનાની નહેરોનું નવીનીકરણ કરવા માટે રાજ્ય સરકારે આયોજન કરેલું છે કે કેમ,	(૧)	હા,જી
(૨)	ઉક્ત સ્થિતિએ આ કામગીરી હાલ કયા તબક્કામાં છે, અને	(૨)	સુખી જમણા કાંઠા મુખ્ય નહેરના નવીનીકરણની કામગીરી માહે જુન–૨૦૨૫ માં ૩.૮૯.૩૧ કરોડના ખર્ચે પૂર્ણ,ખોડસલ અને છાનતલાવડી ડિસ્ટ્રીબ્યુટરીની કામગીરી તેમજ જબુગામ ડિસ્ટ્રીબ્યુટરી અને તેની માઇનોર્સના રીનોવેશનની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે.સુખી સિંચાઇ યોજનાના બાકી રહેલા નેટવર્કની કામગીરી હાલ નકશા–આલેખન તબકકે છે.
(૩)	ઉક્ત સ્થિતિએ જમણા કાઠાંના ઉપરના ભાગની જમીનોને પિયતનો લાભ આપવામાં આવનાર છે કે કેમ?	(૩)	હા,જી

પંચમહાલ અને અરવલ્લી જિલ્લામાં ગેરકાયદે ખનન

15/8/732 શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા): **માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ અને ખનિજ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
થતો નથી. એ સિવાય જીતગઢથી જૂનારાજ રસ્તાની કામગીરી છે એને વાઇલ્ડ લાઇફ બોર્ડ ગુજરાત સરકારે આપી દીધેલ છે. એ ભારત સરકારમાં પેન્ડીંગ છે અને થોડા દિવસોમાં પણ આ મંજૂરી મળવાને પાત્ર છે. જ્યાં સુધી કોન્ટ્રાક્ટરોને દંડ કરવાની વાત આવે ત્યારે માત્ર એક જ કોન્ટ્રાક્ટરને રૂપિયા એક લાખનો દંડ કરેલો છે એ સિવાય નથી. એટલે આ ગૃહને આ બાબતે ગેરમાર્ગે દોરેલું છે. હું એમાં પ્રિવિલેજ મોશન લેવાની વાત કરતો નથી. પરંતુ આપના દ્વારા આ બાબતે ટકોર થાય એટલી અપેક્ષા જરૂર રાખું છું. એ ઉપરાંત માનનીય સભ્યશ્રી બોલતા હતા એ સ્કોપની બહાર બોલતા હતા. આપણા અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો છે એમાં પાના નં.૪૦૭ ઉપર નિર્ણય છે કે, ''જ્યારે પૂરક માગણીઓની ચર્ચા થતી હોય ત્યારે માનનીય સભયશ્રીઓને પહેલા કહ્યું હતું કે, અત્યારે જે ચર્ચાય છે તે પૂરક માગણીઓ છે અને એમાં એટલું જ જોવાનું છે કે રકમ જે કામ માટે માગવામાં આવી છે એ મંજૂર કરવી જોઇએ એ કેમ? તે સિવાયની કોઇપણ વાત થઇ શકે નહીં. સરકારી અમલદારોએ કામ કર્યું છે કે નથી કર્યું, સરકારે કામ કર્યું છે કે નથી કર્યું? એ બાબતમાં રકમ સિવાયની બાબતોનો ઉલ્લેખ કરી શકાય નહીં.'' એટલે આ બંને બાબતોની અંદર પોઇન્ટ ઓફ ઓર્ડર પર નિર્ણય આપો અને સભ્યશ્રીને ટકોર કરો કે આવી પ્રસિદ્ધી મેળવવા માટે થઇને ગૃહ ગેરમાર્ગે દોરાય એવી માહિતી ના આપે.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ પોઇન્ટ ઓફ ઓર્ડર લીધો છે ત્યારે આજની સન્માનીય વિધાનસભા ગૃહમાં જે હું બોલ્યો છું એ જીતગઢથી જૂનારાજના રસ્તા માટે જ બોલ્યો છું. એ રસ્તો વન વિભાગ દ્વારા બંધ કરવામાં આવ્યો છે અને વર્ષ ૨૦૨૧–૨૨માં એ મુખ્યમંત્રીશ્રી સડક યોજનામાંથી મંજૂર થયો છે. એજ રસ્તા માટે હું બોલ્યો છું. આજના રેકોર્ડ ઉપર પણ છે. બીજું મેં મારા મતવિસ્તારના છ રસ્તા અટકાવવામાં આવેલ છે. ૨૦ તારીખના તારાંકિત પ્રશ્નમાં ૪૪ નંબરનો જે પ્રશ્ન છે એમાં જ મને સન્માનનીય ગૃહમાં જવાબ મળ્યો છે અને એના આધારે જ મેં કહ્યું છે કદાચ બપોરે અમે માનનીય મંત્રીશ્રીને મળવા માટે ગયા અને એમણે કીધું કે અમારે ત્યાં વાત થયેલી છે અને જીતગઢથી જુનારાજના રસ્તા સિવાયના છ એ છ રસ્તા અમે ચાલુ કરાવી દીધા છે તો ચાલુ થઇ ગયા છે તો અભિનંદન આપું છું પણ મને મળેલા તા.૨૦ના ૪૪ નંબરના પ્રશ્નના જવાબમાં એ ઉલ્લેખ છે અને આજે મેં સન્માનનીય ગૃહમાં જીતગઢથી જુનારાજના રસ્તાની જ વાત કરી છે કે જેને અટકાવવામાં આવ્યો છે. મેં કોઇ બીજા રસ્તાની વાત કરી નથી. ધન્યવાદ.

અધ્યક્ષશ્રી : મારી માનનીય સભ્યશ્રીઓને એક વિનંતી હતી કે સભાગૃહમાં જયારે આપણે ચર્ચા કરતા હોઇએ છીએ ત્યારે એક જવાબદાર રાજયના પ્રતિનિધિ તરીકે ચર્ચા કરીએ છીએ એટલે સંદર્ભ અહીંયા જયારે પણ મૂકીએ ત્યારે આજની સ્થિતિ શું છે? એક, આપણી પાસે રેકોર્ડ હશે તો બીજું આપણી પાસે જે માહિતી મળી જાય તો તેની પણ લેટેસ્ટ સ્થિતિ, આજે શું સ્થિતિ છે? તે પણ આપણે જાણી લેવી જરૂરી હોય છે. બીજી એક બાબત માનનીય અર્જુનભાઇએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર અહીંયા રજૂ કર્યો તેના સંદર્ભમાં મારે એ વાત પણ અહીંયા કહેવી છે, એ માત્ર ચૈતરભાઇના સંદર્ભ પૂરતું નથી પણ તેનાથી બહાર જઇને પણ મારે વાત કરવી છે કે કેટલાક માનનીય સભ્યશ્રીઓ અહીંયા જેની ચર્ચા ના થઇ હોય, ટેબલ ઉપર જે બાબત મૂકાઇ ના હોય તેવી કેટલીક બાબતો બહાર જઇને કેટલાક ચેનલો, યુ–ટ્યૂબ, બાકી બધા સોશિયલ મીડિયાની અંદર મૂકતા હોય છે અને તેની અંદર સંદર્ભ એ વિધાનસભાનો આપે છે. તો જે બાબત વિધાનસભાની અંદર ટેબલ ઉપર મૂકાઇ ના હોય અથવા તો તેની અડધી–અધૂરી વિગત અથવા તો તેને મરોડીને બીજી રીતે મૂકાય, અહીંયા જે મૂકાયું ના હોય તેના સિવાયની વાત કરવી એ વ્યાજબી નથી અને જો આવું શરૂઆતમાં કોઇ નવા સભ્યશ્રી હોય તો એને કેટલાક દિવસ માટે આપણે જોઇએ કે એ શીખે છે અથવા તો જાણે છે એટલા માટે આપણે ચલાવ્યું હોય પરંતુ હવે સત્ર શરૂ થયાને સમય થયો છે અને જો આ પ્રમાણે થાય તો પછી ઇરાદાપૂર્વક થાય છે તેવું દેખાશે, તો ભવિષ્યમાં આ વિધાનસભાનો ઔચિત્ય ભંગ પણ તેની અંદર લાગુ પડતો હોય છે. આવો કયારેય કોઇ સભ્યશ્રી ઉપર લાગુ ન કરવો પડે એટલા માટે મારી વિનંતી છે કે જેટલી બાબતો ટેબલ ઉપર મૂકાઇ હોય, અહીંયા ચર્ચા થઇ હોય એ પછી આપણે તેનો ઉલ્લેખ ત્યાં કરી શકીશું, પરંતુ તે ન થયું હોય તેવી બાબતનો સંદર્ભ ન કરવા મારી વિનંતી છે.

પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશનના આધારે થોડુંક આપનું માર્ગદર્શન જોઇએ છે. વિધાનસભાનું ગૃહ છે એ નિયમોથી ચાલે છે, નિયમોથી આપણે સૌ બંધાયેલા છીએ અને વિધાનસભા ગૃહની જે ગરિમા છે એ સાચવવા માટે આપણે સૌ બંધાયેલા છીએ. આ વિધાનસભા ગૃહમાં પાંચ ટર્મથી બેસુ છું. વિધાનસભાના મુખ્ય દંડક તરીકે અને છેલ્લા આઠ–નવ વર્ષથી પાર્ટીના ઉપનેતા તરીકે પણ હું અહીંયા કામ કરી રહ્યો છું ત્યારે વિધાનસભાગૃહનું સત્ર જ્યારે ચાલુ થાય છે ત્યારે સત્રને સંબોધન કરવા માટે મહામહિમ રાજયપાલશ્રી આવતા હોય છે. ઉચ્ચ પ્રણાલીના આધારે આ વિધાનસભા ગૃહમાં બેસીને મેં એ પણ જોયું છે કે જયારે મહામહિમ રાજયપાલશ્રી જયારે સભાગૃહની અંદર પ્રવેશતા હોય છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી તરીકે આપ, સભાગૃહના નેતા તરીકે માનનીય મુખ્યમંત્રીશ્રી હોય, વિપક્ષના નેતાનું પદ આપ્યું હોય તો એ વિપક્ષના નેતા હોય છે. આ એક પ્રણાલી મેં વર્ષોથી જોયેલી છે પણ આ વખતે માનનીય મહામહિમ રાજયપાલશ્રી જયારે આ સભાગૃહમાં પ્રવેશ્યા ત્યારે હું એવું માનું છું કે આ સભાગૃહની અંદર ગવર્નરશ્રી સાથે કોને આવવું એનો પ્રોટોકોલ પણ માનનીય અધ્યક્ષશ્રી કદાચ અધ્યક્ષશ્રી દ્વારા જ નક્કી થતો હશે એવી મારી માન્યતા છે. એવી મારી માન્યતા છે કારણ કે આપના નેતૃત્વમાં સભાનું સંચાલન થતું હોય છે પણ આ વખતે મેં જોયું કે પ્રોટોકોલમાં આવતું હોય અને આપના આદેશના

અનુસંધાનમાં હોય તો આપ મને માર્ગદર્શન જરૂર પૂરું પાડશો. આ વખતે મેં જોયું કે મહામહિમ રાજ્યપાલશ્રી જ્યારે સભાગૃહમાં પ્રવેશ્યા ત્યારે અધ્યક્ષ તરીકે આપ પોતે હતા. આ સભાગૃહના નેતા તરીકે સન્માનનીય મુખ્યમંત્રીશ્રી પણ હતા. સંસદીય બાબતોના મંત્રીશ્રી પણ હતા પરંતુ ભારતીય જનતા પાર્ટીના પ્રમુખશ્રી જે આ વિધાનસભાગૃહના સન્માનનીય સભ્યશ્રી પણ છે. એ પણ મહામહિમ રાજ્યપાલશ્રી જ્યારે આવ્યા ત્યારે તેમને રીસિવ કરવા માટે ગયા હતા. એનો વ્યક્તિગત અમને કોઇ વાંધો હોઇ ન શકે પણ વિધાનસભાગૃહમાં ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ તરીકે જો તમે એમને પરમિટ કર્યા હોય, એ ધારાસભ્ય છે એટલે એમનો અધિકાર છે. તો હું જરૂર કહીશ કે કોંગ્રેસ પક્ષના નેતા તરીકે અમે ૧૨ સભ્યો ચૂંટાઇને આવ્યા છીએ સૌથી મોટી વિપક્ષની અમારી પાર્ટી છે. તો વિપક્ષના અમારા કોંગ્રેસ પક્ષના નેતા તરીકે ડૉ. તુષારભાઇ ચૌધરીને પણ મહામહિમ રાજ્યપાલશ્રીના આવકાર માટે એમને પણ પ્રોટોકોલ મુજબ તમારે બોલાવવા જોઇતા હતા અને ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષશ્રીને પણ જો ધારાસભ્યશ્રી તરીકે જો તમે પ્રોટોકોલની દ્રષ્ટીએ એમને મહામહિમ રાજ્યપાલશ્રીના સ્વાગત માટે જો બોલાવ્યા હતા તો શ્રી અમિતભાઇ ચાવડા પણ અમારા કોંગ્રેસ પાર્ટીના પ્રેસિડેન્ટ છે અને એ પણ આ વિધાનસભા ગૃહના ધારાસભ્ય છે તો એમને પણ પ્રોટોકોલની દ્રષ્ટિએ બોલાવવા જોઇએ. કેટલાય દિવસથી આ પ્રશ્ન મારા મનમાં રમતો હતો અને જે રીતની ગરિમા આ વિધાનસભાગૃહની મેં વર્ષોથી જોઇ છે માટે આ અનુસંધાનમાં આપનું માર્ગદર્શન આપો એવી હું વિનંતી કરું છું.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય જગદીશભાઇના સંદર્ભમાં મારી વાત નથી. આપે હમણાં જે રૂલિંગ આપ્યું છે એના સંદર્ભમાં એક પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવા માગું છું.

અધ્યક્ષશ્રી : ના, એ વિષય પૂરો થઇ ગયો છે. એનું જજમેન્ટ અપાઇ ગયું હવે એની ચર્ચા નહીં. અત્યારે માનનીય શૈલેષભાઇએ વાત કરી છે એના અનુસંધાને કાંઇ હોય તો કહો.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, શૈલેષભાઇએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો છે એમાં મને લાગે છે કે તેમની વાત વાજબી છે. આ સભાગૃહમાં જ્યારે પણ મહામહિમ રાજ્યપાલશ્રી આવતા હોય ત્યારે ગૃહના નેતા તરીકે માનનીય મુખ્યમંત્રીશ્રી, માન્ય વિરોધપક્ષ હોય તો વિરોધપક્ષના નેતાશ્રી અને સંસદીય બાબતોના મંત્રીશ્રી એમને રીસીવ કરીને ચેર સુધી લઇ જતા હોય છે, એ આપણી પ્રણાલિકા છે પરંતુ જ્યારે મહામહિમ રાજ્યપાલશ્રીને લઇ જતા હોય ત્યારે સીટ પર બેઠેલા અધ્યક્ષ તરીકે આપ અથવા માનનીય મુખ્યમંત્રીશ્રીમાંથી સાથે કોણ ચાલે છે એવું જ્યાં સુધી મને સમજ છે ત્યાં સુધી કોઇના ધ્યાન પર રહેતું નથી. માનનીય જગદીશભાઇ વિશ્વકર્માની બાજુમાં હું બેઠેલો હતો. મને બરાબર ખબર છે એ અમારી પાર્ટીના અધ્યક્ષ તરીકે નહીં, પરંતુ માનનીય રાજ્યપાલશ્રીના પોતાના અંગત સંબંધોના કારણે એ ચેર સુધી અથવા માનનીય મુખ્યમંત્રીશ્રી જ્યાં બેઠા છે ત્યાં સુધી પહોંચવાની કોઇપણ ચેષ્ટા કરી નથી. (સભ્યશ્રી શૈલેષભાઇ પરમાર જગ્યા પર બેઠાં-બેઠાં બોલે છે.) આમાં વચ્ચે બોલવાની કંઇ જરૂર નથી અને તમે ક્યારે બોલો છો કયા નિયમસર એ પણ મને કહેવાની જરૂર નથી.

અધ્યક્ષશ્રી : આપે જ્યારે વાત કરી ત્યારે કોઇએ ડિસ્ટર્બ કર્યા નથી. શાંતિથી સાંભળ્યા છે. માનનીય રમણભાઇને પણ આપણે સાંભળવા જોઇએ અને વિધાનસભામાં જ્યારે મેં એલાઉ કર્યું છે તેનો તર્કબદ્ધ જવાબ આપે છે.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધ પક્ષના નેતાને જ આ અવસર છે અને છતાં પણ આપ આ સ્થાન પર બેઠા છો એની ગરિમાપૂર્ણ રીતે ડૉ. તુષારભાઇ અથવા શ્રી અમિતભાઇ પણ આમાં જોડાયા હોય તો અમને કોઇ વાંધો ન હતો અને એટલા માટે હું માનું છું ત્યાં સુધી કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી.એ એમની પણ સૌહાર્દતા છે અને એટલા માટે હું માનું છું ત્યાં સુધી જે રીતે શ્રી જગદીશભાઇ વિશ્વકર્મા ગયા તે માટે કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી.

અધ્યક્ષશ્રી : જ્યારે સ્પીકરની ચેર તરીકે મારે નિર્ણય કરવાની બાબત આવી હોય ત્યારે માનનીય શૈલેષભાઇએ જે વાત કરી છે તેના અનુસંધાને જણાવું કે, મેં માનનીય મુખ્યમંત્રીશ્રીને વિનંતી કરી હતી કે વિધાનસભાગૃહમાં માનનીય ગવર્નરશ્રીને રીસિવ કરવા માટે હું જાઉં છું ત્યારે ગૃહના નેતા તરીકે આપ પણ આવશો તો તે ગરિમામય રહેશે. મેં જ નિમંત્રણ આપ્યું હતું. રહી વાત વિપક્ષની તો વિપક્ષના નેતા તરીકે હજુ કોઇને મંજૂરી આપી નથી એટલે કૉંગ્રેસ પક્ષના નેતા તરીકે યોગ્ય છે. એ બાબત હોય તો એમને સાથે લઇ જવામાં મને આનંદ થાય. આ સિવાય મેં કોઇ ભાજપના પક્ષના પ્રમુખને ત્યાં લઇ જવા માટે નિમંત્રણ આપ્યું નથી. માનનીય ગવર્નરશ્રી આવતા હોય ત્યારે તેમની સાથે સાથે એ ત્યાં આવ્યા હોય તો ત્યાં દૃશ્ય તરીકે દેખાયું હશે, પરંતુ વિધાનસભાના અધ્યક્ષ તરીકે મેં કોઇને નિમંત્રણ આપ્યું નથી એટલે બીજા કોઇને નિમંત્રણ આપવાનો પ્રશ્ન રહેતો નથી. માનનીય શૈલેષભાઇ, આપની લાગણી સાથે હું સંમત છું કે વિધાનસભા તેના નિયમો અને ગરિમા પ્રમાણે ચાલે તે આપણે બધા સાથે મળીને એ શાસક પક્ષ હોય કે વિપક્ષ હોય એ જ પ્રમાણે ગૃહની કાર્યવાહીને આગળ વધારીશું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારી એટલી જ વિનંતી છે કે મને પોતાને એવું લાગ્યું કે, આ ખોટું થયું છે. રીસિવ કરવા આવ્યા તે સારું છે ખોટું નથી. આજે આપે એક નિયમ ક્લિયર કરવો પડશે. મને માફ કરજો, હું રૂલિંગને ઓવરરૂલ કરતો નથી. મારા મનમાં એક શંકા પેદા થઇ જે ના થવી જોઇએ પણ થઇ હતી એટલે મેં મન ખોલીને ગૃહમાં ચર્ચા કરી. આપે જવાબ પણ આપ્યો. હું એટલું તો ઇચ્છું જ કે ભવિષ્યમાં આ રીતનો કોઇ બનાવ ન બને તે સંપૂર્ણપણે આપના નેજા હેઠળ થાય.

અધ્યક્ષશ્રી : આજે પણ કોઇ બનાવ બન્યો છે તેવું હું કહેતો નથી. હું ફરી કહું છું કે, આ અધિકાર સ્પીકરનો છે. સ્પીકરે કોને બોલાવવા એ સ્પીકર નક્કી કરે અને એ બાબતમાં હું સંમત છું કે પક્ષના નેતા તરીકે માનનીય મુખ્યમંત્રીશ્રી હોય કે વિરોધપક્ષના નેતાશ્રી હોય તો તે હોય તો આ બંને માટેના વિષયમાં હું તમારી લાગણી સાથે સંમત છું. આ રીતે વિધાનસભાના અધ્યક્ષ તરીકે નિમંત્રણ આપીને બોલાવ્યા નથી એટલે હાલ વિષય રહેતો નથી. હું એટલા માટે રૂલિંગ ન આપી શકું કે જે તે વખતે આ ચેર ઉપર બેસીને નિર્ણય કરવો તે વિધાનસભાના અધ્યક્ષનો અધિકાર છે તો તે પ્રમાણે ભવિષ્યમાં કોને બોલાવવા તે અધ્યક્ષ નક્કી કરશે. એટલે હાલ કોઇ ચર્ચા રહેતી નથી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, અમારી પાર્ટીમાં ચર્ચા થઇ કે જો ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ આવતા હોય તો કૉંગ્રેસ પાર્ટીના પ્રમુખે પણ જવું જોઇએ.

અધ્યક્ષશ્રી : મેં ભાજપના પ્રમુખને નિમંત્રણ આપ્યું જ નથી એટલે કોઇ વિષય રહેતો નથી. આવતા હોય અને સાથે સાથે આવ્યા હોય તો હું રોકી ન શકું. માની લો કે, માનનીય અમિતભાઇ આવ્યા હોય તો હું એમને પણ ત્યાં રોકી ન શકું પરંતુ એમને મેં નિમંત્રણ આપ્યું હોય કે તમે લેવા માટે આવો તો આવો કોઇ પ્રશ્ન ચોક્કસ ઉપસ્થિત થાય. હવે એ વિષય રહેતો નથી. મેં મારું રૂલિંગ આપી દીધું છે.

પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ અને છેલ્લો)

ઉદ્યોગ અને ખાણ વિભાગ

પૂરક માગણી ક્રમાંકઃ૪૯

શ્રી કનુભાઇ મો. દેસાઇ (નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું 'ઉદ્યોગ' સેવાને લગતી ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૧૬,૨૧,૦૩,૦૦,૦૦૦/– અને મૂડી ખર્ચ માટેની રૂ.૧,૦૦,૦૦૦/–ની પૂરક માગણી ક્રમાંક–૪૯ રજૂ કરું છું.

પૂરક માગણી ક્રમાંક–૪૯ રજૂ કરવામાં આવી .

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧ રજૂ કરવામાં આવી.

ડૉ. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪ રજૂ કરવામાં આવી.

રમત–ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ

પૂરક માગણી ક્રમાંકઃ૯૮

શ્રી કનુભાઇ મો. દેસાઇ (નાણામંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સેવાને લગતી રમત–ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૯૯,૯૫,૦૦,૦૦૦/– અને મૂડી ખર્ચ માટેની રૂ.૬૫,૯૮,૦૦,૦૦૦/–ની પૂરક માગણી ક્રમાંક–૯૮ રજૂ કરું છું.

પૂરક માગણી ક્રમાંક– ૯૮ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૫ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૬ રજૂ કરવામાં આવી.

શ્રી દિનેશભાઇ આ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૭ રજૂ કરવામાં આવી.

પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પૂરક માગણી ક્રમાંકઃ ૭૦

શ્રી કનુભાઇ મો.દેસાઇ(નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ''સમૂહ વિકાસ'' સેવાને લગતી પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૨,૦૦,૦૦૦/–અને મૂડી ખર્ચ માટેની રૂ.૨૧,૨૦,૦૦,૦૦૦/–ની પૂરક માગણી ક્રમાંક–૭૦ રજૂ કરું છું.

પૂરક માગણી ક્રમાંક–૭૦ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૮ રજૂ કરવામાં આવી.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરું છું.

પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને દિવસ)

કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરવામાં આવી.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

પૂરક માગણી ક્રમાંકઃ ૧૦૨

શ્રી કનુભાઇ મો.દેસાઇ(નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ''શહેરી વિકાસ'' સેવાને લગતી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૧૪,૨૭,૩૬,૦૦,૦૦૦/–અને મૂડી ખર્ચ માટેની રૂ.૧,૦૦,૦૦૦/–ની પૂરક માગણી ક્રમાંક–૧૦૨ રજૂ કરું છું.

પૂરક માગણી ક્રમાંક– ૧૦૨ રજૂ કરવામાં આવી .

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨–માનનીય સભ્યશ્રી ગેરહાજર

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરવામાં આવી.

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પૂરક માગણી ક્રમાંકઃ ૧૦૬

શ્રી કનુભાઇ મો.દેસાઇ(નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ''મહિલા અને બાળ વિકાસ વિભાગને લગતું અન્ય ખર્ચ'' સેવાને લગતી મહિલા અને બાળ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૪,૦૦,૦૦૦/–અને મૂડી ખર્ચ માટેની રૂ.૧,૦૩,૨૮,૦૦,૦૦૦/–ની પૂરક માગણી ક્રમાંક–૧૦૬ રજૂ કરું છું.

પૂરક માગણી ક્રમાંક– ૧૦૬ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરવામાં આવી.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરવામાં આવી.

સન ૨૦૨૫–૨૬ના વર્ષ માટેના ખર્ચના પૂરક પત્રકમાંની માગણીઓ પૈકી **મંગળવાર,તા.૨૪–૦૨–૨૦૨૬ (બીજી બેઠક) (બીજો અને છેલ્લો દિવસ)** ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી.

અ.નં.	મુખ્ય સદર અને સંદર્ભ	કાપ દરખાસ્ત રૂ.	વિષય	પ્રભારી સભ્યશ્રી
૧	૨	૩	૪	૫
	ઉદ્યોગ અને ખાણ વિભાગ **માગણી નં. ૪૯**			
૧	૨૮૫૨-ઉદ્યોગો ૮૦–સામાન્ય ૮૦૦–અન્ય ખર્ચ ૨૬–IND–9....વિકાસ રૂ. ૧૪,૦૦,૦૦,૦૦,૦૦૦ પાના નં. ૭૬ અને ૭૭	૧૦૦	મોટા કાપડ ઉદ્યોગોને અપાતી વિકાસ સહાયની પડતર અરજીઓ સમયસર મંજૂર કરવામાં તંત્રની નિષ્ફળતા.	ડૉ.તુષાર ચૌધરી
૨	---"----	૧૦૦	ઉદ્યોગ સાહસિકોને અપાતી નાણાકીય સહાયમાં થઈ રહેલી ગેરરીતિઓ અંગેની ફરિયાદો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	ડૉ.કિરીટકુમાર પટેલ
૩	---"----	૧૦૦	રાજ્યમાં ટેક્સટાઇલ ઉદ્યોગોને નિકાસ સહાય આપવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમીત ચાવડા
૪	---"----	૧૦૦	સુરત જિલ્લામાં કાપડ ઉદ્યોગોને પૂરતી સહાય આપવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગોપાલભાઈ ઈટાલીયા

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ **માગણી નં. ૯૮**				
૫	૨૦૭૦–અન્ય...સેવાઓ ૦૦૩–તાલીમ ૦૧–TDP-3... વિકાસ ૩.૪૪,૦૦,૦૦૦ પાના નં. ૧૬૬ અને ૧૬૭	૧૦૦	સાહિત્યિક સંમેલન/ઉત્સવોમાં મોમેન્ટો/ગીફ્ટ પાછળ થતાં ખર્ચાઓ ઉપર કાપ મૂકવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગોપાલભાઈ ઈટાલીયા
૬	૨૨૦૪–ખેલકુદ...સેવાઓ ૧૦૪– ખેલકુદ અને રમતો ૦૬–EDN-54...વિસ્તરણ ૩.૬૨,૪૦,૦૦,૦૦૦ પાના નં. ૧૬૬ અને ૧૬૭	૧૦૦	આંતરરાષ્ટ્રીય કક્ષાએ હરિફાઈ માટે યુવા ખેલાડીઓને તૈયાર કરનાર કોચની ઘટ નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી શૈલેષ પરમાર
૭	---"----	૧૦૦	રમતગમત માટે તાલીમાર્થીઓને સમયસર પૂરતી તાલીમ આપવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી દિનેશભાઈ ઠાકોર
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ **માગણી નં. ૭૦**				
૮	૪૫૧૫– અન્ય...જોગવાઈ ૧૦૨– સમૂહ વિકાસ ૦૨–સી.ડી.પી.–5...અનુદાન ૩. ૨૧,૨૦,૦૦,૦૦૦ પાના નં.૯૫ અને ૯૬	૧૦૦	૨૦૫૫ નવીન ગ્રામ પંચાયતો પૈકી જિલ્લાવાર કેટલા ગ્રામ પંચાયત ઘર બનશે તેની સ્પષ્ટતા કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી કાન્તીભાઈ ખરાડી
૯	---"----	૧૦૦	રાજ્યમાં જર્જરિત મકાન ઘરાવતી કે મકાન વિહોણી ગ્રામ પંચાયતોની સમસ્યા નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમૃતજી ઠાકોર
૧૦	---"----	૧૦૦	વિસાવદર તાલુકાના ગામોમાં પંચાયત ઘર અને તલાટી કમ મંત્રી નિવાસનું બાંધકામ કરવામાં તંત્રની ઉદાસીનતા.	શ્રી ગોપાલભાઈ ઈટાલીયા
૧૧	---"----	૧૦૦	જૂથ ગ્રામ પંચાયતોમાંથી છુટી પડીને અસ્તિત્વમાં આવેલ નવી ગ્રામ પંચાયતોના પંચાયત ભવનોના નિર્માણ બાબતે તંત્રની નિષ્ફળતા.	શ્રી ચૈતરભાઈ વસાવા
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ **માગણી નં. ૧૦૨**				
*૧૨	૨૨૧૭– શહેરી વિકાસ ૦૩–નાના...વિકાસ ૧૯૦–જાહેર...સહાય ૧૩–શહેરી...સહાય ૩. ૨,૪૫,૦૦,૦૦,૦૦૦ પાના નં. ૧૮૧ અને ૧૮૨	૧૦૦	અટલ મિશન ૨.૦ હેઠળ શહેરી સર્વાંગી પરિવર્તન અને નવિનીકરણ માટે ચૂકવાતી સહાયમાં થતી ગેરરીતિઓ નિવારવામાં થતી તંત્રની નિષ્ફળતા.	શ્રી જીજ્ઞેશ મેવાણી
૧૩	૨૨૧૭– શહેરી વિકાસ ૦૩–નાના...વિકાસ ૧૯૨–નગરપાલિકા...સહાય ૨૯–અટલ મિશન...સહાય ૩. ૧,૬૦,૦૦,૦૦,૦૦૦ પાના નં. ૧૮૧ થી ૧૮૩	૧૦૦	વિસાવદર તાલુકાના તમામ વિસ્તારોમાં રોડ રસ્તાની સુવિધા પૂરી પાડી શહેરનો સમતોલ વિકાસ કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગોપાલભાઈ ઈટાલીયા
૧૪	૨૨૧૭– શહેરી વિકાસ ૮૦–સામાન્ય ૧૯૧–મહાનગરપાલિકાને સહાય ૦૭–UDP–49...અનુદાન ૩. ૧૪,૪૯,૦૦,૦૦૦ પાના નં. ૧૮૧ થી ૧૮૪	૧૦૦	મહાનગરપાલિકાઓને અપાતી સહાયમાંથી વિકાસના કામોમાં થતી વ્યાપક ગેરરીતિઓ નિવારવામાં થતી તંત્રની નિષ્ફળતા.	શ્રી હેમંતભાઈ આહીર
મહિલા અને બાળ વિકાસ વિભાગ **માગણી નં. ૧૦૬**				
૧૫	૪૨૩૫–સમાજ...જોગવાઈ	૧૦૦	જિલ્લાવાર નવી નિર્માણ થનાર આંગણવાડીઓની	શ્રી વિમલભાઈ ચુડાસમા

	૦૨–સમાજ કલ્યાણ ૧૦૨–બાળ કલ્યાણ ૦૨–આંગણવાડી...બાંધકામ રૂ. ૧,૦૩,૨૮,૦૦,૦૦૦ પાના નં. ૧૯૩ થી ૧૯૫		વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા.	
૧૬	---"----	૧૦૦	ભેંસાણ અને જૂનાગઢ તાલુકામાં આંગણવાડીઓનું બાંધકામ સમયસર કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગોપાલભાઈ ઈટાલીયા
૧૭	---"----	૧૦૦	નર્મદા જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોના મકાન નિર્માણમાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ચૈતરભાઈ વસાવા

* આ કાપ દરખાસ્ત સભાગૃહમાં રજૂ થયેલ નથી.

અધ્યક્ષશ્રી : પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન માટે આજે બીજો અને છેલ્લો દિવસ છે. સભાગૃહની આજની બીજી બેઠકનો સમય બપોરના ૨.૩૦ થી સાંજના ૭.૦૦ કલાક સુધીનો છે. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૨૩૪ના પેટા નિયમ–૪ મુજબ પૂરક માગણીઓની ચર્ચાના છેલ્લા દિવસે સભાગૃહની બેઠક મુલતવી રાખવાના એક કલાક પહેલાં એટલે કે સાંજે ૬.૦૦ કલાકે પૂરક માગણીઓ પરની સઘળી ચર્ચા પૂરી કરવાની થાય. તદઅનુસાર સાંજના ૬.૦૦ કલાકે જે પૂરક માગણીઓ પર ચર્ચા ચાલતી હશે તે તેમજ બાકીની બીજી બધી પૂરક માગણીઓ સભાગૃહના મત માટે રજૂ કરવામાં આવશે.

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા(રાજકોટ–ગ્રામ્ય) : માનનીય અધ્યક્ષશ્રી, હું પૂરક માગણી ક્રમાંક–૧૦૬ પર મારા વિચારો રજૂ કરી રહી છું.

ભારતે તેના વીતેલા વર્ષોના અનુભવને ધ્યાનમાં રાખીને મહિલાઓના નેતૃત્વમાં વિકાસના પોતાના પ્રયાસોને વૈશ્વિક મંચ પર આગળ લઈ જવાનો પ્રયાસ પણ કર્યો છે. આ વર્ષનું બજેટ મહિલાઓના નેતૃત્વમાં વિકાસના આ પ્રયાસને એક નવી ગતિ આપનારું બની રહેશે. દેશની નારીશક્તિની સંકલ્પશક્તિ, ઇચ્છાશક્તિ, તેમની કલ્પનાશક્તિ, નિર્ણયશક્તિ અને સામર્થ્ય નિર્ધારિત લક્ષ્ય પ્રાપ્ત કરવાની તપસ્યા અને પરિશ્રમની પરાકાષ્ઠા આ બધું જ આપણી માતૃશક્તિની એક ઓળખ છે.આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના મતે મોં ભારતીનું ઉજ્જ્વળ ભવિષ્ય સુનિશ્ચિત કરવા નારી શક્તિનું સામર્થ્ય ભારતની અમૂલ્ય તાકાત છે. આ સામર્થ્ય શક્તિ, આ શતાબ્દી ભારતની વ્યાપકતા અને ગતિ વધારવામાં ખૂબ મોટી ભૂમિકા ભજવી રહી છે. દીકરીઓના ફ્રી શિક્ષણથી લઈ તેમના પોષણ, આરોગ્ય અને કૌશલ્યને વિકસાવનારી યોજનાઓ તેમજ તેમને પોતાની આગવી ઓળખ ઊભી કરવા અનેક મંચ મળી રહે તે માટે રાજ્ય સરકારશ્રી દ્વારા અનેક આયોજનો કર્યાં છે. જે આજે ગુજરાતની એક આગવી ઓળખ બની ગઇ છે. આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકારે રાજ્યની મહિલાઓના સર્વાંગી વિકાસની વિશેષ ચિંતા કરીને નારી શક્તિના સામર્થ્યનું વિકાસયાત્રામાં મહત્તમ યોગદાન રહે તે માટે મહિલા સશક્તિકરણ માટેનાં નક્કર પગલાં લીધાં છે. આદરણીય વડાપ્રધાનશ્રી દ્વારા સશક્ત ભારત માટે મહિલા સશક્તિકરણને વેગ આપવામાં આવ્યો છે. આ દેશના વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદી તેમના મુખ્યમંત્રી તરીકેના સમયગાળાથી માંડીને વડાપ્રધાન બન્યા ત્યાં સુધીની સફર દરમિયાન ગુજરાતની નહીં પરંતુ સમગ્ર દેશની દીકરીઓ અને મહિલાઓના સશક્તિકરણની ખૂબ ચિંતાઓ કરી છે અને વિવિધ યોજનાઓ બનાવી છે. જેમાં ચિરંજીવી યોજના, બેટી બચાવો બેટી પઢાવો યોજના, કન્યા કેળવણી રથ, સરસ્વતી સાઇકલ સહાય, વ્હાલી દીકરી યોજના, મહિલા સ્વાવલંબન યોજના, ૧૮૧ અભયમ્, માતા યશોદા એવોર્ડ, પૂર્ણા શક્તિ જેવી અનેક યોજનાઓ ગુજરાતમાં મહિલાઓ માટે સાકાર કરવામાં આવી રહી છે. 'એક માતા સો શિક્ષકની ગરજ સારે' ત્યારે એ જ માતા આખી માનવજાતને તારતી હોય છે.

માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

માનનીય અધ્યક્ષશ્રી, નારી શક્તિ એ સમાજનું ગૌરવ છે. જે ઘરમાં નારી ગૌરવનું સન્માન થાય તે ઘરમાં દેવતાઓનો પણ વાસ થાય છે. એટલે જ આપણી સંસ્કૃતિમાં 'નારી તું નારાયણી' કહેવામાં આવ્યું છે. વિશ્વભરની મહિલાઓ આજે વિકાસના વિવિધ ક્ષેત્રોમાં પોતાનું સામર્થ્ય પુરવાર કરી, વૈશ્વિક વિકાસમાં સમાન ભાગીદારી નોંધાવી રહી છે ત્યારે ઉપર કહેલા શબ્દો અહીંયા સાર્થક થાય છે. ગુજરાત રાજ્યના લોકપ્રિય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં અને કુશળ નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ દ્વારા વિધાનસભામાં રજૂ કરવામાં આવેલ વર્ષ ૨૦૨૬–૨૭નું અંદાજપત્ર રાજ્યના સર્વાંગી વિકાસ માટે ગરીબો, અન્નદાતાઓ, બાળકો, યુવાનો અને મહિલાઓની સુવિધાઓ સાકાર કરનારું અને વિકસિત ભારતના વિઝનને સાકાર કરતું આપણું આ એક ઐતિહાસિક પગલું છે. આ પ્રગતિશીલ બજેટ બદલ હું ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઇ સંઘવી અને નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રીએ વર્ષ ૨૦૨૬–૨૭ના રાજ્યના બજેટમાં મહિલા અને બાળ વિકાસ વિભાગ માટે રૂ. ૭૬૯૦ કરોડની બજેટ જોગવાઇ મહિલાઓના પોષણ, આરોગ્ય અને શિક્ષણને સુદ્દઢ કરવા માટે તેમજ તેઓનો આર્થિક વિકાસ થાય, તેઓને સામાજિક સુરક્ષા પ્રદાન થાય અને સાથે રાજ્યની મહિલા અને બાળકોનો ખૂબ સારીરીતે વિકાસ થાય એના માટે કરવામાં આવેલ છે. આજે માનનીય મંત્રીશ્રી મહિલા અને બાળ વિકાસ વિભાગની જે પૂરક માગીઓ લઇને આવ્યા છે

એમાં સમર્થન આપતા હું ગૌરવની લાગણી અનુભવું છું. વાવ–થરાદ નવા જિલ્લાની વહીવટી સુદૃઢતા માટે બનાસકાંઠા જિલ્લાના છેવાડાના વિસ્તારમાં લોકોને પોતાના નાનામાં નાના વહીવટી કામ માટે પાલનપુર સુધી પ્રવાસ કરવો પડતો હતો. આ સરકારે સંવેદનશીલતા દાખવી છે. વાવ–થરાદ નવા જિલ્લાની રચના કરી તેને વહીવટી રીતે સજ્જ કરવા માટે રજૂ કરેલ આ પૂરક માગણીની ખૂબ આવશ્યકતા છે. મહિલા કલ્યાણ અને પોષણ સંબંધિત કચેરીઓ ત્યાં કાર્યરત થવાથી સરહદી વિસ્તારમાં માતા અને બહેનોને ઘર આંગણે સરકારની અનેક યોજનાઓનો લાભ મળી રહેશે. રૂપિયા ૩ લાખની આ પૂરક માગણી એ સાબિત કરે છે કે સરકાર બચતનો યોગ્ય ઉપયોગ કરીને પણ વહીવટી કાર્યક્ષમતા વધારવા માટે કટિબદ્ધ છે. પોષણ મિશનની વાત કરી રાજ્ય સરકારે ડાયરેક્ટર ઓફ ન્યુટ્રિશન મિશનની સ્થાપના કરી અને સુપોષિત ગુજરાત બનાવવા માટે આની સ્થાપના કરી છે તે માઇલસ્ટોન સાબિત થશે. આ કચેરી માત્ર વિભાગ પૂરતી જ સિમિત નથી. પરંતુ આરોગ્ય, શિક્ષણ, ગ્રામીણ અને આદિજાતિ વિકાસ જેવા વિવિધ વિભાગો વચ્ચે સેતુરૂપ બનીને કામ કરશે. જ્યારે વિવિધ વિભાગો એકરૂપ બનીને પોષણ ક્ષેત્રે કાર્ય કરશે ત્યારે જ આપણું તંદુરસ્ત ગુજરાતનું સ્વપ્ન સાકાર થશે. આ માટેની પ્રતિક પૂરક માગણીને મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આંગણવાડીની વાત કરીએ તો આંગણવાડી એ બાળકના જીવનના ઘડતરનું પ્રથમ સોપાન છે. સરકારે ચાલુ નાણાકીય વર્ષમાં ૧૫૦૦ આંગણવાડીઓને બિનપરંપરાગત પદ્ધતિથી બાંધકામ માટે રૂપિયા ૨૭૩ કરોડની જોગવાઇ કરી હતી. તેનાથી આગળ વધીને હવે વધુ ૩૩૨૦ આંગણવાડીઓના બાંધકામ માટે રૂપિયા ૧૦૩ કરોડ ૨૮ લાખની ચોખ્ખી પૂરક માગણી રજૂ કરી છે. આ દર્શાવે છે કે સરકાર માત્ર વાતો નથી કરતી પરંતુ ગ્રાઉન્ડ લેવલ ઉપર પરિણામલક્ષી કામગીરી કરી દરેક આંગણવાડીને પોતાનું પાકું મકાન મળી રહે તે દિશામાં આ એક ઐતિહાસિક કદમ છે. રાજ્યમાં ૩થી ૬ વર્ષના બાળકને પૂરક પોષણ તથા પૂર્વ પ્રાથમિક શિક્ષણ, સગર્ભા અને ધાત્રી માતાને પૂરક પોષણ પૂરું પાડવા આંગણવાડી કેન્દ્ર મહત્ત્વનો ભાગ ભજવે છે. રાજ્યમાં કુલ ૫૩ હજાર ૬૫ આંગણવાડી કેન્દ્રો મંજૂર થયેલ છે. આંગણવાડી કેન્દ્રોમાં માળખાકીય સુવિધા ઉપરાંત પેવર બ્લોક, રેમ્પ વીથ રેલિંગ, કલરકામ, ભીંતચિત્રો, રેઇન વોટર હાર્વેસ્ટિંગ, એલ.ઇ.ડી. સ્ક્રીન, આર.ઓ.મશીન, પોષણ વાટિકા જેવી અત્યંત આધુનિક સુવિધાઓ આપવાનું રાજ્ય સરકારનું આયોજન છે. જે અન્વયે ચાલુ વર્ષ દરમિયાન રાજ્ય સરકાર દ્વારા ૩૩૨૦ આંગણવાડી કેન્દ્રોના ચાઇલ્ડ ફ્રેન્ડલી કોમ્પ્લેક્ષ આધારિત પરંપરાગત પદ્ધતિના બાંધકામ માટે વર્ષ દરમ્યાન આ માટે કુલ રૂપિયા ૧૭૨ કરોડ ૭ લાખની પૂરક માગણી રજૂ થયેલ છે. શિક્ષણ દ્વારા વ્યક્તિ તથા સમગ્ર સમાજનો વિકાસ કરી શકાય છે. સમાજના વિકાસમાં સમયની સાથે સાથે મહિલાઓના સામાજિક અને આર્થિક ઉત્કર્ષ માટે પણ તે જરૂરી છે. આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર રાજ્યની મહિલાઓના સર્વાંગી વિકાસની વિશેષ ચિંતા કરે છે. તેમાં પણ નિરાધાર, વૃદ્ધ, વિધવા મહિલાઓ પ્રત્યે વિશેષ સંવેદના રાખે છે. શિક્ષણ દ્વારા વ્યક્તિગત તથા સમગ્ર સમાજનો વિકાસ કરી શકાય છે. આજના સમયમાં વિકાસમાં શિક્ષણની સાથે સાથે બાળકોનો સામાજિક અને શૈક્ષણિક વિકાસ થાય એ પણ જરૂરી છે. રાજ્ય સરકારે આ વાતને ધ્યાનમાં લઈ બાળકોના પોષણ અને પ્રિ–સ્કૂલ શિક્ષણ માટે રાજ્યની આંગણવાડીઓમાં ૩થી ૫ વર્ષનાં બાળકોને પૂર્વ પ્રાથમિક શિક્ષણ ઉપરાંત પોષણક્ષમ આહાર પણ આપવામાં આવે છે. સને ૨૦૨૫–૨૬માં અત્યાર સુધીમાં કુલ ૧૦૪૫ આંગણવાડી કેન્દ્રોનું લોકાર્પણ તેમજ ૧૦૭૨ આંગણવાડી કન્દ્રોનું ખાતમુહૂર્ત એમ કરીને કુલ ૨૧૧૭ આંગણવાડી કેન્દ્રોનું લોકાર્પણ અને ખાતમૂહુર્ત કરવામાં આવ્યાં છે. કોઇપણ બાળકની પ્રગતિ તેના પોષણથી શરૂ થાય છે. જેના ભાગરૂપે સમગ્ર દેશમાં પોષણ માસની ઉજવણી થાય છે. વર્ષ ૨૦૨૫ માં ૧ કરોડ ૩૫ લાખ પ્રવૃત્તિઓ અને ૩ કરોડ ૭ લાખ લોકોની સહભાગીતા સાથે સમગ્ર દેશમાં ત્રીજો ક્રમ મેળવેલ છે. જ્યારે દીકરીઓના પોષણની ચિંતા કરવામાં આવે છે ત્યારે હું દીકરીઓ માટે ખાસ કહીશ કે દીકરી એટલે ઇશ્વરના આશીર્વાદ નહીં પણ દીકરી એટલે આશીર્વાદમાં મળેલ ઇશ્વર. આવી દીકરીઓના જન્મને વધાવવા માટે થઇને અમારી સરકારે વ્હાલી દીકરી યોજના પણ અમલમાં મૂકી છે. વ્હાલી દીકરી યોજના અંતર્ગત સહાય આપવા માટે રૂ.૨૧૬.૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. આ યોજનામાં લાભાર્થી દીકરીને તેની ૧૮ વર્ષની ઉંમર થાય ત્યાં સુધીમાં રૂ.૧,૧૦,૦૦૦/– આર્થિક સહાય પૂરી પાડવામાં આવે છે. પૂરક પોષણ યોજના અંતર્ગત ૩ માસથી ૬ વર્ષનાં બાળકોને આંગણવાડીમાં ગરમ નાસ્તો પણ આપવામાં આવે છે. ૧૩૩થી વધુ સિદ્ધી મહિલાલક્ષી યોજનાઓ, મહાપોષણ યોજના તેમજ ૧૮૧ અભયમ હેલ્પલાઇન જેવા લોકપ્રિય અને અસરકારક પગલાઓ થકી ગુજરાત સરકાર મહિલાઓના સશક્તિકરણની માત્ર વાતો જ નહીં, પરંતુ વાસ્તવિકતામાં મહિલા સશક્તિકરણની ચિંતા કરે છે. આ પૂરક માગણીઓ જનહિતમાં છે અને રાજ્યના છેવાડાના વિસ્તારોમાં મહિલા સશક્તિકરણ તથા બાળ કલ્યાણના કામોને નવી ગતિ આપશે. હું આ પૂરક માગણીઓના સમર્થન સાથે કહીશ કે, આપણે બધા જ સાથે મળીને સંકલ્પ કરીએ – ચાલો સાથે મળીને એક એવું રાજ્ય બનાવીએ કે કોઇ બાળક ભૂખ્યું ના સૂવે, કોઇ દીકરી શિક્ષણથી વંચિત ના રહે અને દરેક મહિલા આત્મવિશ્વાસથી પોતાનું જીવન ખૂબ સારી રીતે જીવી શકે. નારીશક્તિનો વિજય એ જ રાષ્ટ્રનો વિજય. ભારત માતા કી જય.

ડૉ. કિરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે એના વિષે મારા વિચારો રજૂ કરું છું.

પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને દિવસ)

માનનીય મંત્રીશ્રી ભારતના બંધારણની અંદર વિધાનસભાના નિયમોના નિયમોની અંદર કોઈપણ રાજ્યના કે દેશના નાણામંત્રી પૂરક માગણીઓ લાવી શકે છે. પરંતુ એની કેટલીક ગાઇડલાઇન અને માર્ગદર્શિકા પણ નક્કી કરવામાં આવી છે કે કોઇ અચાનક જવાબદારી આવી જાય. કોઇ અનિશ્ચિત ખર્ચ થાય. કોઇ ઇમર્જન્સી આવી જાય. માનનીય મંત્રીશ્રી હમણાં કૃષિની અંદર માનનીય મંત્રીશ્રી માગણીઓ લાવ્યા એ સ્વાભાવિક છે કોઇ વાવાઝોડું, તોફાન આવે કે અતિવૃષ્ટિ થાય. પરંતુ માનનીય મંત્રીશ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગની પ્રવૃત્તિઓ, સમૂહ વિકાસ, મહિલા અને બાળ કલ્યાણ અને ઉદ્યોગો આ બધાની અંદર પૂરક માગણીઓ લઇને આવ્યા છે, આવી કોઇ પરિસ્થિતિ આ વિભાગોની અંદર થઇ નથી કે જેના લીધે એમને આવી માગણીઓ લઇને આવવું પડે. હમણાં જ અમારા સન્માનીય બહેને આંગણવાડીઓની અને કુપોષિત બાળકોની વાત કરી કે અમારા રાજ્યની અંદર કોઇ બાળકો કુપોષિત નથી. આપના દ્વારા બહેનશ્રીને જણાવવા માગું છું કે, છેલ્લાં વર્ષમાં રૂ.૫૦૯ કરોડનો ખર્ચ એ કુપોષિત બાળકો માટે કરવામાં આવ્યો. જાન્યુઆરી ૨૦૨૫ થી ડિસેમ્બર ૨૦૨૫ સુધી ગુજરાતની અંદર કુલ ૫,૪૦,૩૦૩ કુપોષિત બાળકો છે. રાજસ્થાન કરતા પણ ગુજરાત આની અંદર આગળ વધ્યું છે. હમણાં હું ડેટા સર્ચ કરતો હતો એની અંદર દેશનાં કુપોષિત બાળકો માટેના ૧૦ આગળ પડતા નંબર વન જિલ્લાઓ છે એ ૧૦ જિલ્લાઓમાંથી ૧થી ૪ નંબરમાં પહેલા નંબરમાં ડાંગ, બીજા નંબરમાં પંચમહાલ, ત્રીજા નંબરમાં નર્મદા અને ચોથા નંબરે તાપી છે,એટલે આખા દેશના જે દસ કુપોષિત બાળકોના જિલ્લાઓ છે એમાંથી ચાર નંબર તો આપણા જ છે એટલે આમાં પણ માનનીય મંત્રીશ્રી તમે નંબર વન રહ્યા છો એના માટે તમને અભિનંદન આપું છું.

'ઉદ્યોગો' માટે માનનીય મંત્રીશ્રી માગણી ક્રમાંક : ૪૯ લઇને આવ્યા છે એની અંદર મહેસૂલ ખર્ચ માટે રૂ.૮૫૭૭.૫૫ કરોડ અને મૂડી ખર્ચ માટે રૂ. ૧૧૯૯.૮ કરોડ રૂપિયાની માગણી લઇને આવ્યા છે પરંતુ ગુજરાતની અંદર જો ૯૦ ટકા રોજગારી મળતી હોય તો એ નાના ઉદ્યોગો આપતા હોય છે એટલે કે એમ.એસ.એમ.ઇ. આપતા હોય છે પરંતુ જે પણ સહાય આપવામાં આવે છે એ એમ.એસ.એમ.ઇ.ની સરખામણીમાં મોટા ઉદ્યોગોને વધુ આપવામાં આવે છે. ગુજરાતની અંદર બેરોજગારી ઓછી થાય, ગુજરાતની અંદર ઉદ્યોગોનો વિકાસ થાય એના માટે માનનીય મંત્રીશ્રી અમે તમારી સાથે હોઇએ પરંતુ કેન્દ્ર સરકારના ઉદ્યમ પોર્ટલ ઉપર જે આંકડા રજૂ કરવામાં આવ્યા છે એની અંદર તા.૧-૭-૨૦૨૦ થી તા.૧૫-૭-૨૦૨૫ સુધીમાં ગુજરાતની અંદર ૮૭૭૯ એમ.એસ.એમ.ઇ. બંધ થયા છે માનનીય મંત્રીશ્રી, વાઇબ્રન્ટ ગુજરાતની અંદર જે એમ.ઓ.યુ. કરવામાં આવે છે એ એમ.ઓ.યુ.ની પૂરતી માહિતી પણ કોઇ જગ્યાએ ઉપલબ્ધ કરવામાં આવતી નથી. કઇ જગ્યાએ કોની સાથે એમ.ઓ.યુ. થયા અને સી.એ.જી.નો જે રિપોર્ટ આવ્યો એની અંદર પણ સ્પષ્ટ લખવામાં આવ્યું છે કે જે પણ એમ.ઓ.યુ. વાઇબ્રન્ટ ગુજરાત સમિટની અંદર કરવામાં આવે છે એમાંથી માત્ર ૪૦ ટકા જ પ્રોજેકટસ અમલમાં આવે છે, ૬૦ ટકા પ્રોજેકટ્સ શરૂ થતા નથી. કેન્દ્રની અંદર બેરોજગારીનો દર ૧૬ ટકા છે તો માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે જો રોજગારી પૂરી પાડવી હોય તો જે જિલ્લામાં સ્થાનિક લેવલે જે નાના નાના ઉદ્યોગોથી પેદાશ થતી હોય એવા ઉદ્યોગો સ્થાનિક કક્ષાએ શરૂ કરવામાં આવે અને એવા ઉદ્યોગોને પ્રોત્સાહન આપવામાં આવે. માનનીય મંત્રીશ્રી આવી માગણી લઇને આવ્યા હોત તો અમે એને સમર્થન કર્યું હોત. રમતગમતની અંદર મહેસૂલી ખર્ચ માટે રૂ.૬૮૪.૪૪ કરોડ અને મૂડી ખર્ચ માટે રૂ.૩૨૨.૧ કરોડની માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તો એમાંથી સન ૨૦૨૫-૨૬ના બજેટની અંદર રમતગમત પાછળ રૂ.૧૫૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી હતી એની અંદર માત્ર ૭૦ ટકાનો જ ખર્ચ થયો છે. આજે રાજયની ૪૦ ટકાથી વધુ સ્કૂલોની અંદર મેદાનો નથી, ૫૦ ટકા જિલ્લાની અંદર ઇનડોર સ્ટેડિયમ નથી, ખેલાડીઓને જે સ્ટાઇપન્ડ આપવામાં આવે છે એ બીજાં રાજયોની સરખામણીમાં ગુજરાતની અંદર ઓછામાં ઓછું સ્ટાઇપન્ડ આપવામાં આવે છે. શાળા-કોલેજોની અંદર રમતગમતના શિક્ષકો-અધ્યાપકો નથી. ખેલે ગુજરાત, દોડે ગુજરાત, બધું કરવું છે, ખેલવું છે, કૂદવું છે, દોડવું છે પણ જો મેદાન જ ના હોય, શિક્ષકો ના હોય તો એમને દોડાવશે કોણ? તો આના માટેની બજેટની અંદર જોગવાઇ કરવામાં આવે તો સારું. ૧૫૦૦ કરોડ રૂપિયામાંથી ૫૦૦ કરોડ રૂપિયા અમદાવાદની અંદર ઓલિમ્પિક માટે, ૧૬૫ કરોડ રૂપિયા જિલ્લા સ્પોર્ટસ સંકુલ માટે, ૧૦૦ કરોડ રૂપિયા કરાઇ ખાતે અને ૧૦૦ કરોડ રૂપિયા ગાંધીનગરની અંદર હાઇપર્ફોર્મન્સ સેન્ટર બનાવવા માટે વાપરવામાં આવ્યાં છે. આના લીધે જ ગામડાની અંદર બાળકોને જે સુવિધા મળવી જોઇએ એ મળતી નથી.

શ્રી રમણલાલ ઈ. વોરા(ઈડર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારું સમર્થન કરું છું.

પૂરક માગણીઓ એટલે શું એની વિસ્તારની વાત માનનીય નાણામંત્રીશ્રીએ પહેલી બેઠકમાં કરી છે અને એટલા માટે જે તે જગ્યાએ જે નાણા જોઇએ એના કરતા કયા કારણોસર વધારે વપરાયા છે એના માટેની વાત એ આપણા પૂરક બજેટમાં કરતા હોઇએ છીએ. બે-ચાર બાબતો ઉપર જ મારે આપનું ધ્યાન દોરવું છે. આ વર્ષમાં માનનીય મુખ્યમંત્રી દ્વારા વાવ-થરાદ જિલ્લાને નવરચિત જિલ્લા તરીકે જાહેર કરવામાં આવ્યો. જે વખતે બજેટ હતું એ વખતે આ માગણી નહોતી પણ જ્યારે મુખ્યમંત્રીશ્રીએ લાગણી અને માગણીને ધ્યાનમાં રાખીને આ નવા જિલ્લાની રચના કરી ત્યારે મહિલા અને બાળ વિકાસ માટેનું મહેકમ આપવાનું, પોષણ અભિયાનમાં નાણાં ફાળવવાનાં, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની કચેરી, નગર આયોજન અને મૂલ્યાંકન હેઠળની કચેરી આ તમામ બાબતો જે વધારાની હતી એ બાબતોનો આપણે ત્યાં ઉલ્લેખ નહોતો એટલા માટે એ માગણીઓને પૂરક માગણી તરીકે માનનીય નાણામંત્રીશ્રી લઇ આવ્યા છે. આપણે બધા જાણીએ છીએ કે ગુજરાતમાં વન વિભાગ અને

જંગલો સુરક્ષિત રહે એના માટેની વાત આપણે બધાં કરીએ છીએ. ધોલેરા એ બંદર છે એની બાજુનો વિસ્તાર મરુભૂમિ છે, ક્ષારવાળી ભૂમિ છે અને એટલા માટે ત્યાં મોટા પાયે વૃક્ષારોપણ થાય એની વાત પણ આ પૂરક માગણીમાં કરેલી છે. એ સિવાય પણ ફક્ત વિકાસ નહિ પણ વિકાસ સાથે વિરાસતને ધ્યાનમાં રાખીને સરદાર વલ્લભભાઇ પટેલની ૧૫૦મી જન્મજયંતિ, ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિ, સોમનાથ સ્વાભિમાન પર્વ અને મહાકુંભ, કલા મહાકુંભ આ તમામ બાબતો એ બજેટમાં નહિ હોવા છતાં વિકાસની સાથે વિરાસતને ધ્યાનમાં રાખીને માનનીય નાણામંત્રીશ્રી આ પૂરક માગણીઓ લઇને આવ્યા છે. અહીંયા બેઠેલા તમામ ધારાસભ્યોની લાગણી અને માગણી હોય છે કે અમારા ગામમાં નવીન પંચાયત ઘર હોવા જોઇએ. અત્યાર સુધીમાં જેટલા પણ પંચાયત ઘરો છે એમાં જે ખૂટતી રકમ છે એ પંચાયત ઘરોમાં પૂરી કરવા માટે માનનીય નાણામંત્રીશ્રીએ પૂરક માગણી રજૂ કરી છે જે આપણા સૌ માટે આનંદની વાત છે. એની સાથે જ્યારે કમોસમી વરસાદ આવે એ વખતે આખું ગુજરાત આમ જનતાને ઇલેક્ટ્રોનિક મીડિયા, પ્રિન્ટ મીડિયા પોતાની રીતે ''ઓહો ખેડૂતો મરી ગયા, ખેડૂતોનું આમ થયું, તેમ થયું.'' એ બધું જ કહેવાનું અને કહ્યા પછી સંવેદનશીલ સરકાર એના માટેનું કામ કરે એની બજેટમાં જોગવાઇ નથી હોતી પરંતુ જ્યારે આવું થાય અને સંવેદનશીલ સરકાર ખેડૂતોના પડખે રહે અને એ માટેની પૂરક માગણી આવે તો પણ પાછું કહેવાનું કે ''કેમ આવું થયું?'' અને પાછું અમારે સમર્થન આપવાનું. કરસનદાસ માણેકની એક કવિતા છે એ મારે આપના ધ્યાને મૂકવી છે.

''કામધેનુને ન મળે એક સૂકું તણખલું ને
લીલાછમ ખેતરો આ આખલા ચરી જાય છે,
છે ગરીબોના કૂબામાં એક તેલનું ટીપુંય દોહ્યલું ને
શ્રીમંતોની કબર ઉપર ઘીના દીવા થાય છે.
મને એ જ સમજાતું નથી કે આવું કેમ થાય છે?''

સંવેદનશીલ સરકાર આમ કરો, તેમ કરો અને જ્યારે એવું કરે તો પણ અમે તો હતા એના એ જ એટલા માટે આપણે જ્યારે પૂરક માગણીઓની વાત કરતા હોઇએ ત્યારે રાજ્ય સરકારે જે કામો કર્યા છે અથવા વધારાની પૂરક માગણીઓ કરી છે એને પ્રોત્સાહન આપવાના બદલે જ્યારે એની ટીકા-ટિપ્પણ થતી હોય અને માનનીય નાણામંત્રીશ્રીને અભિનંદન એટલા માટે આપવા પડે કે આજ વિધાનસભાગૃહમાં અનેક ચર્ચાઓ થતી કે, રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા પાસેથી નાણાં લેવા માટે આપણે જતા હતા. માનનીય નાણામંત્રીશ્રીએ જણાવ્યું તે પ્રમાણે રાજ્ય સરકારનું દેવું કાલે ચૂકવવું હોય તો રાજ્ય સરકાર ચૂકવી શકે તે સ્થિતિમાં છે. બીજા શબ્દોમાં કહીએ તો દેવું કોને મળે? જે માણસની આપવાની ક્ષમતા હોય તેને દેવું મળે. બજારમાં તેમના હાથના કોઇ બે પૈસાના બોર મફત ન લેતું હોય અને બજારમાં દેવું કરવા જાય તો તેને ક્યારેય દેવું મળે નહીં. પૂરક માગણીઓના નામે માનનીય નાણામંત્રીશ્રીએ જનભાગીદારી અને જનહિત માટે કામ કર્યું છે. માનનીય કિરીટીભાઇએ જે કુપોષિત બાળકોની વાત કરી ત્યારે તેમના ધ્યાનમાં રહે કે, કુપોષિત બાળકો એ માત્ર સરકારની જવાબદારી છે? તમે અને હું ગુજરાતના એક નાગરિક તરીકે એક બાળકને કુપોષણમાંથી બહાર ન કાઢી શકીએ? પણ ના, આપણે આ કામ કરવું નથી. જે કરવાનું છે તે બધું જ સરકાર કરે. આદરણીય નરેન્દ્રભાઇ મોદી જ્યારે તત્કાલીન મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે ગ્રામ્ય વિસ્તારના ડેરી ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકોને આહવાન કર્યું હતું કે, ડેરીમાં દૂધ ભરાવ્યા પછી જે દૂધ વધે તે બાજુમાં ભગવાનનો ભાગ લખેલા વાસણમાં નાંખો અને આ દૂધ કુપોષિત બાળકોને પીવડાવવામાં આવતું હતું. એ જ પ્રમાણે આદિવાસી વિસ્તારમાં સંજીવની યોજના દ્વારા બાળકોને પોષિત કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. રાજ્ય સરકાર આ તમામ કામ કરે છે. કોંગ્રેસના આગેવાનો કહે છે કે, શાળામાં રમતગમતના મેદાન નથી તો તેમને પૂછો કે શાળાઓ કોણે બનાવી તો કહે કોંગ્રેસ. જ્યારે બનાવી ત્યારે રમતનું મેદાન કેમ ન રાખ્યું? તમે કશું કર્યું નહીં અને અમને પૂછો છો. માનનીય નાણામંત્રીશ્રી જે પૂરક માગણી લઇને આવ્યા છે તેમાં મારું સમર્થન આપું છું.

શ્રી કનૈયાલાલ બ. કિશોરી(દાહોદ) : માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી વિકાસ વિભાગની માગણી ક્રમાંક-૧૦૨ને મારું સમર્થન આપવા માટે અને તેમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

મને કહેતાં આનંદ થાય છે કે, દધીચિ ઋષિની તપોભૂમિ એટલે દાહોદ. માનવજાતના કલ્યાણ હેતુ દધીચિ ઋષિએ અંગદાન કરી પરમાર્થનું કાર્ય કર્યું હતું. સંયોગ પણ કેવો નિર્માણ થયો છે? આપણા હૃદયસમ્રાટ યશસ્વી પ્રધાનમંત્રીશ્રીએ દેશના સૌથી લોકપ્રિય કાર્યક્રમ 'મન કી બાત'ના ૧૩૧મા એપિસોડમાં અંગદાન વિષય પર પ્રકાશ પાડતાં જરૂરિયાતમંદ લોકોને નવજીવન આપવા અંગદાન કરવા માટે હાકલ કરી છે. આ જ દધીચિ ઋષિની તપોભૂમિ એટલે દાહોદ અને આ દાહોદને દેશની એકમાત્ર નગરપાલિકાનો સ્માર્ટ સિટીમાં સમાવેશ કરીને દધીચિ ઋષિનું સન્માન કરવાનું ભગીરથ કાર્ય કરવા બદલ હું આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનો આભાર માનું છું. આજે જ્યારે હું આ પવિત્ર ગૃહમાં શહેરી વિકાસની પૂરક માગણીના સમર્થનમાં બોલવા માટે ઊભો થયો છું ત્યારે મને ગર્વ છે કે, હું એવા પ્રદેશનું પ્રતિનિધિત્વ કરું છું કે જે ગુજરાતના સૂર્યોદયની ભૂમિ છે, સૂર્યનું પ્રથમ કિરણ દાહોદ પર પડે છે. દાહોદ એ માત્ર એક જિલ્લો કે તાલુકો નથી પણ તે ગેટ વે ઓફ ગુજરાત છે. વર્ષોથી દાહોદને પછાત વિસ્તાર માનવામાં આવતો હતો.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીનું વિઝન અને આપણા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ દાહોદ આજે પછાતના લેબલને ફગાવીને પ્રગતિશીલ બનવા તરફ ડગ માંડી

રહ્યું છે. ગુજરાત આજે દેશના શહેરોમાં અગ્રેસર છે. માનનીય વડાપ્રધાનશ્રી મોદી સાહેબે વર્ષ ૨૦૦૫ને પ્રથમવાર 'શહેરી વિકાસ વર્ષ' તરીકે જાહેર કર્યું હતું. આપણા શહેરોને સુવિધાયુક્ત, સુરક્ષિત અને ટકાઉ બનાવવાના સંકલ્પ સાથે માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર કટિબદ્ધ છે. શહેરી વિકાસ એટલે માત્ર કૉંક્રિટનું જંગલ નહીં. રાજ્ય સરકારે શહેરોમાં પાર્ક અને અર્બન ફોરેસ્ટ વિકસાવવા માટે ૯૯ લાખ વૃક્ષો રોપવાનું લક્ષ્ય રાખ્યું છે. આ લક્ષ્યાંક સિદ્ધ કરવા માટે અમારી સરકાર અગ્રેસર છે. મારા મતવિસ્તાર દાહોદની વાત કરું તો, દેશના સો સ્માર્ટ શહેરોમાં માત્ર દાહોદનો સમાવેશ એ સાબિત કરે છે કે આપણી સરકાર માત્ર અમદાવાદ કે વડોદરા નહીં, મેટ્રો જેવા શહેરો જ નહીં પણ આદિવાસી વિસ્તારોમાં પણ આધુનિક સુવિધાઓ આપવા કટિબદ્ધ છે. આદરણીય યશસ્વી વડાપ્રધાનશ્રીનો સમગ્ર દાહોદવાસીઓ તરફથી આભાર વ્યક્ત કરું છું. જે સુવિધાઓ વિદેશોમાં નથી તેવી આધુનિક મોનિટરિંગ સિસ્ટમ મારા દાહોદમાં કાર્યરત છે. જેનાથી કાયદો, વ્યવસ્થા અને ટ્રાફિકોનું સુનિયોજિત સંચાલન થઇ રહ્યું છે. દાહોદ શહેરમાં સ્માર્ટ પોલ લગાવવામાં આવ્યા છે, સ્ટ્રીટ લાઇટ, વાઇફાઇ, પર્યાવરણનું જતન અને ઇમરજન્સી કોલ બોક્સની સુવિધા પણ આપી છે. દાહોદ શહેરની વાત કરું તો, માનનીય પ્રધાનમંત્રીશ્રીએ દાહોદમાં ૯ હજાર હોર્સ પાવરનું ઇલેક્ટ્રિક લોકોમોટિવ એન્જિન બનાવવાનું કારખાનું સ્થાપવાનો ઐતિહાસિક નિર્ણય લીધો. તેનાથી દાહોદની કાયાપલટ થઇ જશે. રૂ.૨૦ હજાર કરોડથી વધુનું રોકાણ મારા દાહોદના હજારો આદિવાસીઓ માટે રોજગારીના નવા દ્વાર ખોલશે. આ પ્રયોગથી દાહોદ ઔદ્યોગિક હબ તરીકે ઊભરી આવશે. પાણી એ જીવન છે. દાહોદ શહેરની વસ્તી વધી રહી છે ત્યારે પાણીની જરૂરિયાત પણ વધી છે. કડાણા ડેમ આધારિત પાઇપલાઇનથી પાણી પહોંચાડવાનું આયોજન છે. સાથે-સાથે ઐતિહાસિક છાબ તળાવનો આજે સ્માર્ટ સિટી યોજના અંતર્ગત રૂ.૧૦૦ કરોડથી વધુના ખર્ચે વિકાસ કર્યો છે. આજુબાજુના લોકો પણ જોવા આવે એવું સુંદર તળાવ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યાં અનેક જાતની સુવિધાઓ છે. સ્માર્ટ સિટી અંતર્ગત આદિવાસી સંસ્કૃતિને ઉજાગર કરતા આદિવાસી મ્યુઝિયમનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે. અમારા આદિવાસી બાળકો રમતગમત ક્ષેત્રે આગળ વધી શકે અને પ્રોત્સાહન મળે એ માટે સ્પોર્ટ કોમ્પલેક્સનું નિર્માણ કરવામાં આવ્યું છે. ભૂતકાળમાં દાહોદમાં પાણીની ગટરો ઊભરાતી હતી પણ આજે ભૂગર્ભ ગટરના કારણે ગંદુ પાણી જોવા મળતું નથી. આ રીતે અમારી નગરપાલિકા સ્માર્ટ નગરપાલિકા બની છે. દાહોદ નગરપાલિકા માટે મારી વિનંતી છે કે, 'આવનારા સમયમાં દાહોદ નગરપાલિકાને મહાનગરપાલિકા બનાવવામાં આવે.' માનનીય નાણામંત્રીશ્રી અને શહેરી વિકાસ મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ જે માગણી લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું અને મારું વક્તવ્ય પૂરું કરું છું.

(વિરામ : ૪.૨૯ થી ૫.૦૦)

માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસીનોર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નાણાં, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસની પૂરક માગણી ક્રમાંક-૭૦ લઇને આવ્યા છે એને અનુમોદન આપવા એટલે કે સંમતિ આપવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી , ગુજરાતના પંચાયતી રાજમાં ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત એમ ત્રિસ્તરીય વ્યવસ્થા છે. ૧૮૦૦૦ ગામડાંનું આ ગુજરાત રાજ્ય છે અને એમાં ૧૪૦૦૦ જેટલી ગ્રામ પંચાયતો છે. આજે આપણે ગામડાંમાં જોઇએ તો ગટર લાઇન, પાણીની વ્યવસ્થા, ડેરી, પશુપાલન, શાળા, આરોગ્ય અને વીજળીની સુવિધાઓ મળે છે. ગામડાંમાં માળખાકીય સુવિધાઓ મળે એના માટે માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારે ગામડાં તરફી ખૂબ જ ધ્યાન આપ્યું છે. આપણા દેશના વડાપ્રધાન માનનીય મોદી સાહેબ કહેતા હતા કે પંચાયત એટલે ગ્રામ સચિવાલય. આજે પંચાયતના ઘરોમાં ઓફિસ હોય, તલાટી હોય, વી.સી.ઇ. અને સરપંચ બેસી શકે એવી સરસ મજાની ગ્રામ પંચાયતો ગુજરાતના ગામડાઓમાં બનાવી છે. આજે ગામમાં બધે જ માળખાકીય સુવિધાઓ છે. પ્રાથમિક શાળા હોય, આંગણવાડી હોય, ડેરી હોય અને ગટર વ્યવસ્થા સારી હોય એવા સ્વચ્છ ગામડાં આપણે આજે ગુજરાતમાં જોઇ રહ્યા છીએ. આપણે આજે જોઇશું તો ગામડાં ઘબકતાં બન્યાં છે કે એ ખરેખર આગળ વધી રહ્યાં છે. ગુજરાતની ૧૪૦૦૦ જેટલી ગ્રામ પંચાયતો છે. આપણી ભા.જ.પ.ની સરકારે સમરસ પંચાયત બનાવવાની પહેલ કરેલી અને આવનારા દિવસોમાં પંચાયતની ચૂંટણીઓ થવાની છે એમાં પણ સમરસ પંચાયત બનશે. સમરસ પંચાયતમાં ગામના બધા લોકો સર્વમતથી, એકમત થઇને, કોઇ હરિફાઇ વગર એક જ સરપંચ બનાવે છે. એના માટે સરકાર વિકાસ માટે અલગથી ગ્રાન્ટ આપતી હોય છે. ગુજરાતમાં આવનારા દિવસોમાં પંચાયતની ચૂંટણીઓ આવવાની છે અને એમાં સમરસ પંચાયતો બનશે. આજે ગામડાઓમાં આરોગ્યની વ્યવસ્થા હોય, ૨૪ કલાક લાઇટ મળતું હોય, નિર્મળ/સ્વચ્છ પાણી મળતું હોય એવા સરસ મજાના ગામડાઓમાં રસ્તા જેવી સુવિધાઓ ખૂબ વ્યવસ્થિત હોય છે. આપણા મુખ્યમંત્રી આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબે મુખ્યમંત્રી સડક યોજના દ્વારા છેવાડાના ગામ સુધી રસ્તા આપ્યા છે. ખાસ કરીને, આ કનેક્ટિવિટી રસ્તા છે. આજે એક ગામથી બીજા ગામ એક કિલોમીટર, બે કિલોમીટર સુધી જવાય એવા રસ્તાની સુવિધાઓ પણ ગામડાઓમાં કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મોટું ગામ હોય અને એમાંથી અલગ પંચાયત પડી શકે એના માટે પણ સરકારે રાજ્યમાં ઘણી બધી ગ્રામ પંચાયતો કે જે ગામની વસતિ વધારે હોય એવી નવી પંચાયતો પણ બનાવી છે. મારા ગામની જ વાત કરું તો મારા ગામમાં ૧૨૦૦૦ની વસતિ હતી એમાં જે તે વખતે એટલે બારેક વર્ષ થયા આજે ૪ જેટલી બીજી પંચાયત મળી કુલ ૫(પાંચ)

પંચાયત બની છે. ગુજરાતમાં ૧૭ જેટલા નવા તાલુકા બન્યા છે. આપણી પાસે ૩૩ જિલ્લા હતા અને આજે વાવ–થરાદ નવો જિલ્લો બન્યો છે. વાવ–થરાદ જિલ્લામાં પૂરેપૂરું મહેકમ મળે અને તે સરહદી જિલ્લો છે એટલા માટે સરહદના આપણા ભાઈઓ–બહેનો હોય,એમને વિકાસનાં કામો માટે જિલ્લા પંચાયતમાં સરળતાથી કામ કરાવી શકે અને એ રીતે નવા જિલ્લામાં આપણી સરકાર, નાણામંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રી દ્વારા એના પૂરા મહેકમનું પણ આયોજન થયું છે. ૧૭ તાલુકા બન્યા છે એમાં મારા વિસ્તારમાં આવતો નવો તાલુકો જે વર્ષોથી આપણા દેશના વડાપ્રધાન માનનીય શ્રી મોદી સાહેબ પણ ઇચ્છતા હતા, આપણા ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબ ઇચ્છતા હતા એ સમયે આપણા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે કહ્યું કે ફાગવેલ તાલુકો બનાવીએ અને આજે ૧૨થી ૧૫ હજાર જેટલા કાર્યકરો એકઠા થયા હતા. તરત જ સ્થળ ઉપર તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતો કાર્યાન્વિત કરી. આજે એ વિસ્તારના ભાઇઓ છે, ફાગવેલ વિસ્તારમાં વર્ષે ૧૫ થી ૨૦ લાખ લોકો સમગ્ર ગુજરાતમાંથી દર્શન માટે આવે છે ત્યારે આવી જગ્યાએ તાલુકો બન્યો છે એ ખરેખર આપણા મુખ્યમંત્રીશ્રી અને આપણી સરકારનો ખૂબ ખૂબ આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ જ રીતે ગામડાની અંદર ગામનો વિકાસ થાય એના માટે અમૂલ ડેરી છે એમાં આજથી ૪૦–૫૦ વર્ષ પહેલાં શરૂઆત કરી ત્યારે ફક્ત ૫૫ લિટર દૂધ હતું. આજે લાખો ટન દૂધ એક મહિનામાં આવતું હોય છે. ક્વોલિટીની દ્રષ્ટિએ અમૂલ છે અને દૂધનો જથ્થો જોઇએ તો બનાસ ડેરી છે. ગુજરાતમાંશ્રી ત્રિભોવનદાસે આના બીજ રોપ્યા અને આજે એ વટવૃક્ષ બન્યું છે. ગામડામાં મહિલાઓ આર્થિક રીતે પગભર બની હોય તો દૂધ મંડળીઓના લીધે છે. ભારતીય જનતા પાર્ટીની સરકારે ગુજરાતમાં ગામડામાં જઈને આર્થિક રીતે મજબૂત બને એના માટે માળખાકીય સુવિધા આપી છે. બધી સગવડો આપી છે. ધિરાણની યોજના પણ આપણી સરકારે આપી છે. ગામડા આર્થિક રીતે મજબૂત બને અને ગ્રામ પંચાયતના સભ્યો ભેગા થઈને ગામના વિકાસના કાર્યો કરતા હોય છે. રસ્તા, પાણી અને બીજી બધી વ્યવસ્થાઓ માટે ઠરાવ કરીને વિકાસના કાર્યો કરતા હોય છે. આ રીતે ગામડા પણ આર્થિક રીતે સદ્ધર બન્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા નાણામંત્રીશ્રી જે પૂરક માગણી લઈને આવ્યા છે એમાં હું સમર્થન આપું છું અને સામે બેઠેલા મિત્રોને પણ કહું છું કે પૂરક માગણીઓ ઉપર કાપ દરખાસ્તો હોય તો એ પાછી ખેંચી લે એટલી વિનંતી કરી મારી વાત પૂરી કરું છું.

શ્રી અરવિંદભાઇ છો. પટેલ(ધરમપુર) : માનનીય અધ્યક્ષશ્રી, આજના આ પવિત્ર ગૃહમાં ૧૫મી વિધાનસભાના ૮મા સત્રમાં યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગની પૂરક માગણી ક્રમાંક–૯૮ પર મારા વિચારો રજૂ કરવાની તક આપી તે બદલ આપનો અને આદરણીય ગૃહનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ તો શ્રી માનસિંહભાઇ અને મારો ક્રમ કૂદાવીને શ્રી કનૈયાભાઇને ચાન્સ આપ્યો એટલે અમને એવું લાગે કે આજે તક નથી આપવાના. પરંતુ થેન્ક યુ. આજે જ્યારે આપણે રાજ્યના રમત–ગમત યુવક સેવા સાંસ્કૃતિક વિભાગની પૂરક માગણી પર ચર્ચા કરી રહ્યા છીએ ત્યારે અને ગૃહ સમક્ષ કહેતા ગૌરવ થાય છે કે ગુજરાત માત્ર વેપાર કે ઉદ્યોગની સાથે રમત–ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું પાવરહાઉસ બન્યું છે. એક સમય હતો જ્યારે ગુજરાતની ઓળખ માત્ર ઔદ્યોગિક વિકાસ પૂરતી સિમિત ગણાતી હતી. પરંતુ આજે આ વિભાગે આપણા યુવાનોની શક્તિ અને આપણી ધરોહરને વૈશ્વિક મંચ પર પ્રસ્થાપિત કરી છે. રમત–ગમત ક્ષેત્રે ગુજરાત આજે જે ઉંચાઇ પર છે તેના પાયા એક દીર્ઘદ્રષ્ટા નેતાએ નાખ્યા હતા. અને તે સમયના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના આપણા લોકપ્રિય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે વર્ષ ૨૦૧૦માં 'ખેલ મહાકુંભ' નો નાનકડો છોડ રોપ્યો હતો. એ આજે ગુજરાતમાં ગામે ગામ વિસ્તરીને એક વિશાળ વટવૃક્ષ બની ગયું છે. ખેલ મહાકુંભે ગામડાના ધૂળિયા મેદાનોમાંથી પ્રતિભાઓને શોધીને એક આંતરરાષ્ટ્રીય ફલક પર પહોંચાડવાનું ભગીરથ કામ કર્યું છે. રાજ્યમાં ખેલ મહાકુંભમાં શરૂ થયેલી આ યાત્રા હવે સામાન્ય મંઝીલ પર અટકવાની નથી. પરંતુ અમદાવાદ ખાતે વર્ષ ૨૦૩૦માં યોજાનાર શતાબ્દી કોમનવેલ્થ ગેમ સુધી પહોંચી છે. ગુજરાત રાજ્ય આજે સમગ્ર દેશ માટે એક અત્યંત ગૌરવની વાત છે કે આપણે આવા વૈશ્વિક રમતોત્સવની યજમાની તરફ આગળ વધી રહ્યા છીએ. આ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા હાથ ધરાતા રમત–ગમત ક્ષેત્રના સર્વાંગી વિકાસની વાત કરું તો આપણે એકથી ચંગની નીતિ અપનાવી છે. રાજ્યના ખૂણે ખૂણેથી પ્રતિભાઓ શોધવા માટે જિલ્લા કક્ષાની સ્પોર્ટ્સ સ્કૂલ કાર્યરત છે. પ્રિમિયમ તાલીમ સેન્ટર ઓફ એક્સેલન્સ જેવી આધુનિક નિવાસી એકડમી ઊભી કરવામાં આવી છે. ખેલાડીઓનો માત્ર ઉત્સાહ જ નહીં, પરંતુ તેઓ દ્વારા કરવામાં આવેલ અથાગ પરિશ્રમ સરકારના મજબૂત પીઠબળથી શ્રેષ્ઠ પ્રદર્શન કરે છે. જ્યારે આપણા રાજ્યના રમતવીરો રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય સ્તરે ચંદ્રક જીતીને પરત આવે છે ત્યારે આપણી સંવેદનશીલ સરકાર તેમને કરોડો રૂપિયાના પુરસ્કાર આપે છે. એટલું જ નહીં ઓલિમ્પિક અને કોમનવેલ્થ ગેમ્સ ચંદ્રક વિજેતાઓને વર્ગ–૧ અને વર્ગ–૨માં સરકારી નોકરી આપીને તેમનું આજીવન સન્માન કરે છે. આપણું વિઝન ખૂબ સ્પષ્ટ છે. આપણે માત્ર ઓલિમ્પિકમાં સહભાગી થવા માગતા નથી પણ આપણે મેડલ જીતવા માગીએ છીએ. અમદાવાદમાં વર્ષ ૨૦૨૬માં સૂચિત ઓલિમ્પિક યજમાનીને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે એક સ્પશ્યલ ઓલિમ્પિક રેડિયલ પ્રોગ્રામ શરૂ કર્યો છે જે આપણા ખેલાડીઓને વૈશ્વિક સ્તરનું કોચિંગ અને ડાયટની સુવિધા પૂરી પાડી રહ્યું છે. ગુજરાત માત્ર મેદાનોમાં જ આગળ નથી સાંસ્કૃતિક મોરચે પણ અગ્રેસર છે. ગુજરાતની અસ્મિતા અને સંસ્કૃતિ એ આપણી આગવી ઓળખ અને આપણો આત્મા છે. આપણા યુવાનોને શ્રી રામ અને શ્રી હનુમાનજી જેવા આદર્શોમાંથી પ્રેરણા લે છે.

આપણે આ ધરોહર જાળવી રાખવા સરકારે કોઇ કસર છોડી નથી. સરકારે કલા મહાકુંભનું આયોજન કરીને છેવાડાના કલાકારોને પછી તે ગામડાંનો લોકગાયક હોય કે પરંપરાગત વાદ્ય વગાડતો કલાકાર હોય તેમને પોતાનું હુન્નર બતાવવા માટે એક ભવ્ય મંચ પૂરો પાડ્યો છે. મહેસાણામાં ઐતિહાસિક સૂર્ય મંદિર ખાતે મોઢેરાનો ઉતરાર્ધ મહોત્સવ હોય કે પછી પાટનગર ગાંધીનગરમાં અત્યારે ચાલતો વસંતોત્સવ હોય કે પછી ડાંગમાં આવતી કાલે શરૂ થવાનો છે એવો 'ડાંગ દરબાર' હોય આપણે આપણી સાંસ્કૃતિક કલાઓને આજે જીવંત રાખી છે. સંસ્કૃતિનું રક્ષણ એ સ્વાભિમાનનો વિષય છે. તાજેતરમાં જ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની ઉપસ્થિતિમાં સોમનાથ સ્વાભિમાન પર્વ એ આપણી જાગૃત્ત સાંસ્કૃતિક ચેતનાનું ઉત્તમ પ્રતીક છે. સોમનાથની પવિત્ર ભૂમિ પરથી સમગ્ર વિશ્વને ભારતની આધ્યાત્મિક શક્તિનો પરીચય કરાવ્યો છે તેનાથી આજે મારા અને તમારા તેમજ દરેક ગજરાતીઓનું મસ્તક ગર્વથી ઊંચું થયું છે. સંસ્કૃતિની વાત આવે ત્યારે મારા પોતાના ઘરમપુર વિસ્તાર અને સમગ્ર વનબંધુ પટ્ટીની આદિવાસીની વારલી ચિત્રકળા અને જનજાતિ પરંપરા કેમ ભૂલી શકાય? આ દિશામાં પણ આપણે આ વર્ષે બે મહાન વિભૂતિઓની ૧૫૦મી જન્મ જ્યંતીની ઉજવણી કરી રહ્યા છીએ. અખંડ ભારતના શિલ્પી એવા લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઇ પટેલને અને આદિવાસીના જનજાતિના ગૌરવ એવા ભગવાન બિરસા મુંડાની આ ઐતિહાસિક ઉજવણી આવનારી પેઢીને રાષ્ટ્ર પ્રત્યે અને સ્વાભિમાન પ્રત્યે વંદનની અમરગાથા સમજાવશે. મને જણાવતા આનંદ થાય છે કે, સરકારની આ જનહિતની નીતિઓનું પરિણામ આજે સ્પષ્ટ દેખાઇ રહ્યું છે. આજે ગુજરાતનો યુવાન માત્ર મોબાઇલમાં રચ્યો–પચ્યો રહેવાના બદલે મેદાનમાં રમી રહ્યો છે. લાઇબ્રેરીમાં બેસીને વાંચી રહ્યો હશે. સાંસ્કૃતિક ઉત્સવો, ગરબે નાચી રહ્યો હશે. એક સ્વસ્થ અને સંસ્કારી સમાજના નિર્માણ માટે વિકાસની આજ સાચી વ્યાખ્યા છે, આ વિભાગ જે ભગીરથ કાર્ય કરી રહ્યો છે તેને અનુલક્ષીને આ વિભાગની તમામ પૂરક માગણીઓને મારો સંપૂર્ણ ટેકો જાહેર કરું છું. મને પૂરેપૂરો વિશ્વાસ છે. આપણા આયોજન અને પ્રયાસો દ્વારા આપણે આવનારા સમયમાં વિકસિત ગુજરાત થકી વિકસિત ભારતનું સ્વપ્ન ચોક્કસ સાકાર કરીશું. આભાર. જયહિંદ જય જય ગરવી ગુજરાત, ભારત માતા કી જય.

શ્રી હેમંતભાઇ હ. આહિર(જામજોધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે પૂરક માગણી ક્રમાંકઃ ૧૦૨ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માગું છું.

માનનીય નાણામંત્રીશ્રીએ એમની બજેટની સ્પીચમાં પણ કહ્યું કે ગુજરાતની કુલ વસ્તીના ૪૮ ટકા વસ્તી આજે શહેરોમાં રહે છે તો એનો સીધો મતલબ એવો થયો કે બાકીની પર ટકા વસ્તી આજે ગામડાઓમાં રહે છે. ગત વર્ષના બજેટમાં ગામડાઓ અને ગ્રામ વિકાસ વિભાગને અન્યાય કરવામાં આવ્યો છે પરંતુ જે વ્યકિતગત સહાય ચૂકવવાના ધારાધોરણો છે એમાં પણ ગામડામાં વસતા લોકોને ખૂબ મોટો અન્યાય થઇ રહ્યો છે. ગામડામાં કોઇ માણસ મકાન બનાવવા માટે અરજી કરે તો એને ૧ લાખ અને ૭૦ હજાર રૂપિયાની સહાય અલગ અલગ યોજનાઓમાંથી આપતા હોઇએ છીએ. જયારે શહેરમાં રહેતો કોઇપણ નાગરિક અરજી કરે તો એને ગામડાની સરખામણીમાં ડબલ કરતાં પણ વધારે એટલે કે ૩.૫ લાખ રૂપિયા સહાય મકાન બાંધવા માટેની મળે છે. એવું તો નથી કે ગામડામાં સિમેન્ટ સસ્તી મળે કે કપચી સસ્તી મળે, સ્ટીલ સસ્તુ મળે? ઉલટાનું ગામડામાં આ મટિરિયલ લઇ જવા માટેના ભાડાં ભથ્થાં વધુ આપવા પડતાં હોય છે જેને લીધે ગામડાંમાં મકાન બનાવવાનો ખર્ચ છે એ શહેરની સરખામણીમાં ખૂબ વધી જતો હોય ત્યારે આમાં સહાયમાં ખૂબ અસમાનતા છે. એ રીતે બંધારણની કલમ ૭૩ અને ૭૪માં જે સુધારો કરવામાં આવ્યો અને આ કલમ–૭૩ અને ૭૪ના સુધારામાં સ્પષ્ટપણે એવું કહેવામાં આવ્યું કે, રાજયમાં નાણાપંચની રચનાઓ થવી જોઇએ અને જો આ સુધારા મુજબ ગુજરાતમાં સમયસર નાણાપંચની રચનાઓ કરવામાં આવી હોત તો આજે કદાચ સાતમું નાણાપંચ અમલમાં હોત પણ આપણી કમનસીબી કે હજી સુધી ગુજરાતમાં ચોથું નાણાપંચ અમલમાં આવ્યું છે. નાણાપંચની જ રચના ના થાય તો નાણાપંચ ભલામણ કયાંથી કરે? નાણાપંચ ભલામણ ના કરે તો ગામડામાં જે પ્રાથમિક સુવિધાઓ મળવી જોઇએ એ પ્રાથમિક સુવિધાઓ કેવી રીતે મળે? આપણી કમનસીબી એ છે કે દેશમાં ૭૮ વર્ષે આજે આપણે ગામડાના આંતરિક રસ્તાઓમાં સારા રોડ રસ્તાઓ, ગટર કે પૂરતું પીવાનું શુદ્ધ પાણી ગામડાના લોકોને આજે આપી શકયા નથી. નાણાપંચની રચનામાં જેમ કેન્દ્ર સરકાર રાજયને બિન શરતી નાણા આપે છે એવી રીતે બંધારણમાં જોગવાઇ કરવામાં આવી છે કે રાજય સરકારોએ પંચાયતોને બિનશરતી નાણા આપવા જોઇએ અને આ બિનશરતી નાણા છે એ પંચાયત ઘારે ત્યાં ઉપયોગ કરી શકે. જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતની હાલત આજે *(**xxx**) ગામડાઓમાં થઇ ગઇ છે એટલે એમને ...

ઉપાધ્યક્ષશ્રી : **(xxx)** શબ્દ રેકોર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે.

શ્રી હેમંતભાઇ હ. આહિર : હું આપને આંકડા આપીશ, જે હું મારી વાત કરું છું એ હું તથ્ય સાથે આપને આંકડા આપીશ.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી વિપુલકુમાર વિ. પટેલ(સોજીત્રા) : માનનીય અધ્યક્ષશ્રી, નાણાકીય વર્ષ સન ૨૦૨૫–૨૬ની પૂરક માગણી પર ચર્ચામાં મારા વિચારો વ્યકત કરવા અને સમર્થન આપવા માટે ઊભો થયો છું.

* આ શબ્દો અધ્યક્ષસ્થાનેથી માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તા.૨૪મી ફેબ્રુઆરી, ૨૦૨૬

પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને દિવસ)

ગુજરાત વિકસિત ભારતના વિકાસના એન્જિન તરીકે ઉભરી આવવાનું છે. રાજ્ય તેના ઉદ્યોગોને ઉન્નત બનાવવા અને ભારતના માલસામાનની નિકાસમાં સૌથી મોટો હિસ્સો જાળવવા વિવિધ ક્ષેત્રોમાં વ્યૂહાત્મક ભિન્નતા અને વૈશ્વિક મૂલ્યોની શ્રૃંખલામાં મજબૂત બનવાની ઇચ્છા ધરાવે છે. સન ૨૦૪૭ સુધીમાં ગુજરાત ભારતના ઔદ્યોગિક ક્ષેત્રે નેતૃત્વની દૃષ્ટિએ રાજ્ય વધુ મજબૂત બનાવશે. ઉચ્ચ મૂલ્યવર્ધિત નિકાસ વધારવા અને દેશ માટે સ્થિરતાના લક્ષ્યાંક હાંસલ કરવા માટે, આગળ વધવા માટે મુખ્ય એન્કર તરીકેની ભૂમિકામાં ઉભરી આવશે. અતિ આધુનિક ટેકનોલોજી આકર્ષક રોકાણનું વાતાવરણ દ્વારા સંચાલિત વિશ્વ કક્ષાના ઔદ્યોગિક હબ માટે વિકસિત ભારત માટે ગુજરાત વિકાસનું ગ્રોથ એન્જિન છે. ગુજરાત રાજ્ય કાપડ ઉત્પાદન ક્ષેત્રે અગ્રણી સ્થાન ધરાવે છે. ગુજરાતમાં કાચા માલ–સામાનની ઉપલબ્ધતા, યાર્ન ઉત્પાદન, ફેબ્રિક ઉત્પાદનથી વસ્ત્રો ઉત્પાદન અને મેડ–અપ સુધી સમગ્ર કાપડ અને વસ્ત્રોની મૂલ્ય શૃંખલા ઉપલબ્ધ છે. રાજ્યનું મજબૂત ઇન્ફ્રાસ્ટ્રક્ચર, માનવસર્જિત ફાઇબરમાં નવીનતા, વ્યૂહાત્મક સ્થાન, કાપડ અને વસ્ત્રોના ઉદ્યોગને પ્રભાવશાળી બનાવે છે. જે દેશની વધતી માંગ અને વૈશ્વિક વલણોની સાથે સંલગ્ન છે. ટેક્સટાઇલ ઇન્ડસ્ટ્રીને રાજ્યની અર્થવ્યવસ્થાનો મહત્ત્વપૂર્ણ આધાર–સ્તંભ છે. રોજગારી સર્જનમાં કૃષિ ક્ષેત્ર બાદ ટેક્સટાઇલ ક્ષેત્ર ખૂબ જ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. આપણું ગુજરાત અગાઉના સમયમાં માન્ચેસ્ટર ઓફ ઇસ્ટ ગણાતું હતું. જે હવે મેન મેઇડ ફાયબર, સિન્થેટિક ફાયબર અને ડેનિમના મહત્તમ ઉત્પાદનને કારણે ટેક્સટાઇલ સ્ટેટ ઓફ ઇન્ડિયા તરીકે પ્રસ્થાપિત થયું છે. સરકારશ્રી દ્વારા રાજ્યના ટેક્સટાઇલ એકમોને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવા માટે મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન આપવા એમ.એસ.એમ.ઈ. અને યુવાનોને પ્રોત્સાહન આપવા માટે સમગ્ર ટેક્સટાઇલ વેલ્યુ ચેઇનને મજબૂત બનાવવા ગુજરાત ટેક્સટાઇલ પૉલિસી–૨૦૨૪ જાહેર કરવામાં આવી હતી. આ પૉલિસી અંતર્ગત કૅપિટલ વ્યાજ સહાય, વ્યાજ સહાય, પાવર ટેરિફ સહાય, પેરોલ સહાય અને ટેકનોલોજી અને સ્કિલ ડેવલપમેન્ટ માટેની સહાય ઉપલબ્ધ કરવામાં આવી છે. સદર ટેક્સટાઇલ યોજનામાં પ્રતિષ્ઠિત ગ્રીન ફીલ્ડ પ્રધાનમંત્રી મેગા ઇન્ટિગ્રેટેડ ટેક્સટાઇલ રિજિયન એન્ડ એપેરલ પાર્કના વિકાસ માટે કાર્બન ફૂટ પ્રિન્ટ ઘટાડવા અને ગ્રીન ગ્રોથને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. માનનીય પ્રધાનમંત્રીશ્રીના મેક ઇન ઇન્ડિયાના વિઝનથી પ્રેરિત ગુજરાત સરકાર વિકસિત ગુજરાતથી વિકસિત ભારત –૨૦૪૭ આવકારવા માટે પ્રતિબદ્ધ છે. આ યોજનાથી રાજ્ય સરકાર ટેક્સટાઇલ એકમો માટે મહત્તમ મૂડીરોકાણ કરવામાં સફળ રહેલ છે તેમજ રાજ્ય સરકારની ઉદારનીતિથી આ ક્ષેત્રોમાં વધુ મૂડીરોકાણ કરવા ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન મળશે અને તેના લીધે નવી રોજગારીનું સર્જન થશે જે રાજ્યોના વિકાસ માટે અગ્રણી ભૂમિકા ભજવશે. આ યોજનાઓ થકી ટેક્સટાઇલ ઉદ્યોગો દ્વારા રાજ્યના ટેક્સટાઇલ ક્ષેત્રને આગવી ઓળખ મળશે. વર્ષ ૨૦૨૫–૨૬માં મોટા કદના ઉદ્યોગો માટે સહાય યોજના માટે રૂ.૨૨૧ કરોડની પૂરક માગણી રજૂ કરવામાં આવી છે. પ્રવર્તમાન મેગા ઇનોવેટિવ પ્રોજેક્ટને સહાય યોજના હેઠળ રાજ્યમાં પસંદ કરેલા સેક્ટરમાં મોટા પ્રમાણમાં રોજગારી ઊભી થાય, રાજ્યનો વિકાસ થાય તે માટે મૂડીરોકાણ આવે તેવા પ્રયત્નો રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલ છે. લાર્જ અને થર્સ્ટ એકમોને સહાય આપવા માટે આત્મનિર્ભર ગુજરાત યોજના પણ હાલ અમલમાં છે. આત્મનિર્ભર ગુજરાત યોજનાનો મુખ્ય હેતુ મોટા કદના ઉદ્યોગો અને તેમના રોકાણને ૧૦૦ ટકા સુધી પ્રોત્સાહન મેળવી શકાય તે થકી તેને આનુષંગિક નાના ઉદ્યોગોનો વિકાસ થાય, રાજ્યમાં રોજગાર નિર્માણ થાય આ ઉપરાંત થર્સ્ટ સેક્ટર તરીકે ગ્રીન હાઇડ્રોજન રિન્યુએબલ એનર્જી ઇક્વિપમેન્ટ, ફ્યુઅલ સેલ ઇલેક્ટ્રિક વ્હીકલ, બેટરી જેવા ક્ષેત્રોમાં ગ્રીન એનર્જી ઇકો સિસ્ટમને વધુ પ્રમાણમાં પ્રોત્સાહન આપી આ ક્ષેત્રમાં મૂડીરોકાણ વધુ આકર્ષાય તે તરફ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવેલ છે. રાજ્ય સરકાર દ્વારા મોટા ઔદ્યોગિક એકમોની સહાયથી દેશ–વિદેશના મૂડીરોકાણ આકર્ષવામાં સફળ રહેલ છે. જેથી ગુજરાત રાજ્યમાં પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે રોજગારમાં વધારો થયેલ છે. ધોલેરા સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રિજિયન ભારતનું સૌથી મોટું પ્લાન્ડ ગ્રીન ફીલ્ડ ઇન્ડસ્ટ્રિયલ સ્માર્ટ સિટી છે. જે ૯૨૦ ચો.કિ.મી.માં ફેલાયેલું છે. ધોલેરા એસ.આઇ.આર. એ ઔદ્યોગિક સિસ્ટમ અને વિઝન સાથે નિર્માણ પામી રહેલ યોજના છે. આ યોજના વિશ્વસ્તરીય ઇન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવાના ભારતના સંકલ્પનો પુરાવો છે. જેના દ્વારા રાષ્ટ્રના વિકાસને વેગ મળે છે. આ પ્રોજેક્ટના પ્રારંભિક તબક્કામાં ઔદ્યોગિક અને અન્ય સામાજિક ઉપયોગિતા વિશ્વ સ્તરીય પ્લગ એન્ડ પ્લે ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને યુટિલિટી સેવાઓ પૂરી પાડવામાં આવી છે. અહીં વિવિધ ઉદ્યોગોની જરૂરિયાતો પૂરી કરવા માટે નાના પ્લોટથી લઇને વિશાળ પ્લૉટ ઉપલબ્ધ છે. યુટિલિટી સેવાઓમાં ૨૪ કલાક પીવાલાયક પાણી, અવિરત પાવર, સી.ઈ.ટી.પી., એસ.ટી.પી., આઇ.સી.ટી. ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને નેચરલ ગૅસ વગેરેનો સમાવેશ થાય છે. માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા ધોલેરા ખાતે ભારતના પ્રથમ સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન પ્લાન્ટનો સમાવેશ કરવામાં આવેલ છે. જે આપણા માટે અત્યંત ગર્વની બાબત છે. આ સીમાચિહ્ન પ્રોજેક્ટ કુશળ રોજગારીની તકોનું સર્જન કરશે. સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં આત્મનિર્ભરતા અને તકનિકી પ્રગતિ તરફ ભારતની યાત્રામાં મહત્ત્વની ભૂમિકા ભજવશે. આ પ્રોજેક્ટ વિકસિત ગુજરાત ૨૦૪૭ના મિશનમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આર્થિક વૃદ્ધિ અને વિકાસને આગળ ધપાવશે. ઔદ્યોગિક ક્રાંતિના પુરાવા તરીકે ધોલેરામાં વ્યાપક કનેક્ટિવિટી સિસ્ટમ વિકસાવવામાં આવી છે. અમદાવાદ–ધોલેરા એક્સપ્રેસ હાઇ–વે રાજ્યના શહેરી કેન્દ્રને ધોલેરા ખાતે જોડશે. આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ધોલેરાને વિશ્વ સાથે જોડશે. ભીમનાથ ધોલેરા રેલવે લાઇનના અમલીકરણથી લોજિસ્ટિક વ્યવસ્થા તથા ઔદ્યોગિક માલસામાનની હેરફેર કાર્યક્ષમ બનશે. વધુમાં વૈશ્વિક ટ્રેડિંગ ધોલેરાની છબી વધુ પ્રસ્થાપિત થશે. આથી આવનારા સમયમાં એક્ટિવેશન એરિયામાં ૧૩.૨ હેક્ટર વિસ્તારમાં વૃક્ષારોપણની કામગીરીના લીધે ધોલેરા ઇન્ડસ્ટ્રીના સ્માર્ટ વિકાસમાં ધોલેરા ચાવીરૂપ થશે. સૂક્ષ્મ, લઘુ અને

મધ્યમ ઉદ્યોગો માટે એવોર્ડ આપવામાં આવે છે. જેવાં કે મહિલા ઉદ્યોગ સાહસિક, યુવા ઉદ્યોગ સાહસિક, અનુસૂચિત જાતિ ઉદ્યોગ સાહસિક, અનુસૂચિત જનજાતિ ઉદ્યોગ સાહસિક તથા જનરલ કેટેગરી. ઉદ્યોગ અને ખાણ ખનીજ વિભાગ દ્વારા સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ એકમો માટે સ્કીમ ઓફ એવોર્ડ (એમ.એસ.એમ.ઈ.) યોજના અંતર્ગત એવોર્ડ પેટે ૩.બે લાખ, ટ્રોફી અને પ્રમાણપત્ર આપવામાં આવે છે. ગુજરાત સરકાર દ્વારા મહિલા ઉદ્યોગ સાહસિક, યુવા ઉદ્યોગ સાહસિક, અનુસૂચિત જાતિ ઉદ્યોગ સાહસિક, અનુસૂચિત જનજાતિ ઉદ્યોગ સાહસિક અને જનરલ કેટેગરીના ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાની ઉત્કૃષ્ટ કામગીરી કરવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનું આયોજન નક્કી કરવામાં આવતાં અને તર્જ ઉપર રિજિયનવાઇઝ એમ.એસ.એમ.ઈ. આપવાની શરૂઆત કરવામાં આવી છે. આ ઉપરાંત જનરલ કેટેગરીના ઉદ્યોગ સાહસિકોને આ યોજના અંતર્ગત એવોર્ડ આપવાની શરૂઆત કરેલ જે ખૂબ સરાહનીય છે. આના પરિણામે વધુ એમ.એસ.એમ.ઈ. ઉદ્યોગ સાહસિકો જોડાશે. ગુણવત્તાયુક્ત કામગીરીને રાજ્યના વિકાસ એન્જિન બનવા તરફ જવા પ્રેરણા મળશે. મહેસૂલ વિભાગના તા.૨૪/૦૯/૨૦૨૫ના ઠરાવથી બનાસકાંઠા જિલ્લાનું વિભાજન કરીને નવરચિત વાવ-થરાદ જિલ્લાની રચના કરવામાં આવી છે. આ નવરચિત જિલ્લામાં કુલ આઠ તાલુકા છે. ગુજરાત રાજ્યમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની કચેરી ખાતે કુટિર અને ગ્રામોદ્યોગ વિભાગની કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ બહાર પાડવામાં આવી છે. માનનીય નાણામંત્રીશ્રી જે પૂરક માગણી લઇને આવ્યા છે તેને મારું સમર્થન આપું છું.

શ્રી જયંતિભાઇ સો. પટેલ(માણસા) : માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની પૂરક માગણી ક્રમાંક-૧૦૨ના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું છું.

દેશના અન્ય રાજ્યોની સરખામણીમાં ગુજરાતમાં થતા ઝડપી શહેરીકરણના કારણે રાજ્યમાં ૪૮ ટકાથી વધુ નાગરિકો શહેરોમાં વસવાટ કરે છે. આટલી મોટી સંખ્યામાં શહેરોમાં વસવાટ કરતાં નાગરિકોની સુવિધા માટે ૧૫૨ નગરપાલિકાઓ અને ૧૭ મહાનગરપાલિકાઓના માળખા દ્વારા શહેરી નાગરિકોને આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર સેવા/સુવિધા પૂરી પાડવા કટિબદ્ધ છે. શહેરીજનોની સુવિધા/સગવડો સાથે વ્યક્તિગત ઉત્કર્ષની અનેક યોજનાઓ/સહાય દ્વારા પ્રત્યેક શહેરીજનની સુખાકારી માટે ચાલુ નાણાકીય વર્ષમાં આદરણીય શહેરીવિકાસ મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ દ્વારા ગત વર્ષ કરતાં ૩.૩,૧૭૯ કરોડના વધારા સાથે ૩.૩૩,૫૦૪ કરોડના બજેટની જોગવાઇ કરી છે. જે આવકારદાયક છે.તેના માટે હું માનનીય મંત્રીશ્રી કનુભાઇ દેસાઇનો આભાર વ્યક્ત કરું છું. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની વિધાનસભામાં મૂકાયેલી ૩.૧,૪૨૭ કરોડની પૂરક માગણી ક્રમાંક-૧૦૨ને હું મારું સમર્થન આપું છું. કૉંગ્રેસના સમયમાં અમદાવાદ શહેર કોટ પૂરતું સીમિત હતું જ્યારે આ ગૃહના પૂર્વ નેતા અને હાલના આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે રાજ્યના શાસનની ધૂરા સંભાળ્યા પછી રાજ્યમાં સુરક્ષા અને સલામતીના કારણે અમદાવાદ શહેર સહિત તમામ શહેરોનો રોકેટ ગતિએ વિકાસ થયો છે. આદરણીય આનંદીબેન હોય, સ્વ. વિજયભાઇ હોય કે હાલના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઇ સંઘવીની જોડીએ તમામ શાસનમાં ગુજરાતને દેશનું રોલ મૉડલ તરીકે પ્રસ્થાપિત કર્યું છે. જનતાના સાથ થકી હાલના ગૃહમાં અમારા ૧૬૨ ધારાસભ્યો બિરાજમાન છે. જે જનતાના વિશ્વાસનું પ્રતિબિંબ છે. રાજ્યમાં અને તેમાં પણ શહેરી વિસ્તારોમાં ચોતરફી ઔદ્યોગિક વિકાસના કારણે દેશમાં ગુજરાત સૌથી વધુ રોજગારી પેદા કરતું રાજ્ય બન્યું છે. કોમનવેલ્થનું યજમાનપદ જ્યારે અમદાવાદને મળ્યું છે ત્યારે રાજ્યના તમામ શહેરોનો હજુ પણ ઘણો વિકાસ થવાનો છે.

जलाओ दिये पर रहे ध्यान इतना, अंधेरा धरा भी कहीं रह न जाए।

માનનીય અધ્યક્ષશ્રી આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના આવા અભિગમને સાર્થક કરવા રાષ્ટ્રનો કોઇપણ નાગરિક સુખ-સુવિધાથી વંચિત ન રહે તેવા શુભાશયથી ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સ દ્વારા દીનદયાલ જન આજીવિકા યોજના લોંચ કરી ગરીબી નાબૂદી માટે હાલમાં નવું મિશન લોંચ કરેલ છે. જેના પાયલોટ પ્રોજેક્ટ તરીકે દેશના ૨૫ શહેરોની પસંદગી કરવામાં આવી છે. જેમાં ગુજરાત રાજ્યના અમદાવાદ, સુરત અને દાહોદ શહેરનો સમાવેશ કરવામાં આવે છે. જે માટે આદરણીય પ્રધાનમંત્રીશ્રીનો આભાર વ્યક્ત કરું છું. શહેરી ગરીબ વ્યક્તિઓ જૂથોના સ્વરોજગાર માટે લઘુ ઉદ્યોગ સાહસોને નાણાકીય સહાય આપવા ફાઇનાન્સિયલ ડેવલપમેન્ટ દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે. જેમાં વ્યક્તિગત ૩.૪ લાખ જૂથ/સામૂહિક વ્યક્તિઓ માટે ૩.૨૦ લાખની લોન મંજૂર કરવામાં આવે છે. બેંકો દ્વારા મંજૂર કરેલ લોન પેટે ૮ ટકા વ્યાજ સહાય આપવામાં આવે છે અને મહિલાઓને વધુ ૧ ટકા વ્યાજ સહાય આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર દ્વારા ૩.૧૦ લાખથી વધુ વસતિ ધરાવતાં શહેરોમાં વસવાટ કરતાં ઘરવિહોણા સમાજના સૌથી ગરીબ વર્ગને કાયમી આશ્રય માટે આશ્રયસ્થાનો બનાવવાની યોજના અમલમાં મૂકવાનું આયોજન કરેલ છે. આવા આશ્રયસ્થાનોમાં તમામ આવશ્યક સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવનાર છે. રાજ્યના ૩૮ શહેરોમાં હાલ ૮૪ શેલ્ટર હોમ્સ કાર્યરત છે. આ ઉપરાંત રાજ્યના શહેરોમાં મૂળભૂત સુવિધાઓ સાથેના લેબર ચોક બનાવવામાં આવનાર છે. આ શહેરી આજીવિકા કેન્દ્રો સામાજિક કલ્યાણ યોજનાઓની માહિતી માટેનું પ્લેટફોર્મ બનનાર છે. ગુજરાતના શહેરીજનો માટે પાણી પુરવઠા, ભૂગર્ભ ગટરનાં કામો, રસ્તા, ટ્રાફિક વ્યવસ્થા, ફલાયઓવર બ્રિજ, પાર્કસ/ગાર્ડન, સ્વિમિંગ પુલ, હેરિટેજનાં કામો, તળાવો, રીવરફ્રન્ટ સહિતની નાગરિકોની માળખાકીય સુવિધાઓ મુખ્યમંત્રી સ્વર્ણિમ જયંતિ શહેરી વિકાસ યોજના હેઠળ કાર્યરત છે. આ યોજના હેઠળની સેવાઓને વિશ્વસ્તરીય બનાવવા માટે ૧૭ ટકાના વધારા સાથે

રૂ.૧૬૧૧૬ કરોડની જોગવાઇ કરેલ છે. જે આવકારદાયક છે. વીજળી, પાણી અને રસ્તાઓ પહેલાં ગરીબો માટે ફક્ત આને પાયાની જરૂરિયાતો કૉંગ્રેસના શાસનમાં માંગવામાં આવતી હતી પરંતુ, આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા શિક્ષણ અને સ્વાસ્થ્યને પણ જોડવામાં આવ્યું. આ પાંચ તત્ત્વો પર ભાર આપીને ફક્ત રોજગારીની તકો ઊભી નથી કરી પરંતુ એમનું ભવિષ્ય પણ સુરક્ષિત કર્યું છે. એક જમાનામાં અમદાવાદમાં ફક્ત લાલ બસ જ ચાલતી હતી. હવે અમદાવાદમાં એ.સી. ઇલેકટ્રિક બસ હોય, બી.આર.ટી.એસ.ની વ્યવસ્થા હોય, જનમાર્ગ મેટ્રો રેલવે જેવા પ્રકલ્પોથી ઇઝ ઓફ ટ્રાવેલ સાકાર થયું છે. ગુજરાત ગ્રીન મોબિલિટી અને વૈશ્વિક હબ બનવા જઇ રહ્યું છે. મેક ઇન ઇન્ડિયા હવે માત્ર દેશ માટે નહીં પણ સમગ્ર વિશ્વ માટે છે. મેક ઇન ઇન્ડિયા મેક ફોર વર્લ્ડ એ ભારતની નવી ઓળખ બની રહી છે અને તેમાં ગુજરાતનો ફાળો નોંધનીય છે. વિસ્તારોમાં વસતા કુટુંબોને પોતાના આવાસો મળી રહે અને તેમના જીવનઘોરણમાં સુધારો થાય તેને ધ્યાનમાં લઇને શહેરમાં વસવાટ કરતાં ઓછી આવકથી લઇ મધ્યમ આવક ધરાવતાં કુટુંબોને આવાસો પૂરા પાડવા માટે પ્રધાનમંત્રી શહેરી આવાસ યોજના ૨.૦ માટે રૂ.૧૪૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે જે આવકારદાયક છે. આ ઉપરાંત સ્વચ્છ ભારત મિશન અર્બન ૨.૦ માટે કુલ રૂ.૫૭૭ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. આધુનિક ભારતના ઘડવૈયા લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઇ સાહેબની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટી માટે માળખાગત સુવિધાઓ માટે રૂ.૨૩૬ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. એ માટે પણ માનનીય નાણામંત્રીશ્રીનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું. દેશના ગૃહ અને સહકારિતા મંત્રી આદરણીય અમિતભાઇ શાહ સાહેબના માદરે વતન માણસામાં માણસા નગરપાલિકાના ૩ તળાવોના બ્યુટિફિકેશન હોય, ૪૨૫ બેડની સુપર સ્પેશ્યાલિટી હૉસ્પિટલ હોય, જિલ્લાકક્ષાનું ફાયર સ્ટેશન હોય કે જિલ્લાકક્ષાનું સ્પોર્ટ સંકુલ હોય આ બધી જ સુવિધાઓ આજે મળી રહી છે એ માટે શ્રી અમિતભાઇ શાહ સાહેબનો રાજ્યના મુખ્યમંત્રીશ્રીનો અને નાણામંત્રીશ્રીનો હૃદયથી ખૂબ આભાર વ્યક્ત કરું છું અને છેલ્લે આદરણીય મુરબ્બીશ્રી કનુભાઇ દેસાઇનું નમ્રપણે ધ્યાન દોરું છું કે,

तु भी महाराणा का वंशज, फैंक जहां तक भाला जाए,
दोनों तरफ लिखा हो विकास, सिक्का वही उछाला जाए...

આથી આદરણીય નાણામંત્રીશ્રી દ્વારા ગૃહમાં લાવવામાં આવેલ પૂરક માગણીઓને હું મારું સમર્થન આપું છું. ભારત માતા કી જય.

શ્રી કનુભાઇ મો. દેસાઇ (નાણામંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં વર્ષ ૨૦૨૫-૨૬ના ખર્ચના પૂરક પત્રકમાં સમાવિષ્ટ માગણીઓ પૈકી માગણી નં.૪૯, ૯૮, ૭૦, ૧૦૨ અને ૧૦૬ એમ ૫ માગણીઓની ચર્ચા કરવામાં આવી. આ પૂરક માગણીઓની ચર્ચામાં મારા સાથી ધારાસભ્યશ્રીઓ શ્રીમતી ભાનુબેન બાબરીયા, શ્રી રમણભાઇ, શ્રી માનસિંહભાઇ ચૌહાણ, શ્રી અરવિંદભાઇ પટેલ, શ્રી કનૈયાલાલ કિશોરી, શ્રી વિપુલભાઇ પટેલ, શ્રી જયંતિભાઇ પટેલ અને સાથી પક્ષમાંથી શ્રી કિરીટકુમાર પટેલ અને શ્રી હેમંતભાઇએ પોતાના વિચારો વ્યક્ત કર્યા. આ બધાની મેં નોંધ લીધી છે.

ખર્ચના પૂરક પત્રકમાં અંદાજિત માગણીઓ પૈકી આજે ચર્ચા માટે હાથ ધરાયેલ માગણી નં. ૪૯, ૯૮, ૭૦, ૧૦૨ અને ૧૦૬ અંગે હું મારી વાત રજૂ કરીશ. અત્યારે માનનીય સભ્યશ્રી કિરીટકુમાર પટેલ હાજર નથી. પૂરક માગણી રજૂ કરવાની શક્યતા અને આવશ્યકતા એ સમયે ઊભી થાય છે જયારે આપણે ઘરનું બજેટ રૂ. ૧ લાખનું બનાવીએ તો રૂ. ૫૦૦૦/- આમતેમ ભૂલી જવાય. આ બજેટમાં ખાલી પાંચ ટકાનો જ ફેરફાર થયો છે અને તે આપણા ખેડૂતોની ખેતીની જે આફત હતી એના માટે થયો છે. પૂરક માગણીઓ રજૂ કરવાની આવશ્યકતા એ સમયે ઊભી થાય છે જ્યારે ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન નવી પ્રાથમિકતા ઊભી થાય, અમલમાં રહેલી યોજનાઓને વધુ ગતિ આપવાની જરૂર પડે અથવા અનિવાર્ય પરિસ્થિતિને પહોંચી વળવા વધારાના નાણાંની જરૂરિયાત સર્જાય. રાજ્યના સર્વાંગી અને સંતુલિત વિકાસને ધ્યાનમાં રાખીને જ આ માગણી રજૂ કરવામાં આવી છે. માગણી નંબર-૪૯માં મોટા કદના ઉદ્યોગોના વિકાસલક્ષી કામોને વેગ આપવા અને મૂળભૂત સુવિધાઓને મજબૂત બનાવવા માટે જરૂરી વધારાની જોગવાઇ કરવામાં આવી છે. માગણી નંબર-૮૬માં યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ હેઠળ સાંસ્કૃતિક કાર્યક્રમો તથા આયોજનો માટે સંબંધિત વિભાગની યોજના સમયસર અને અસરકારક રીતે કરવામાં આવેલ છે. આ માગણી સંબંધમાં વાત કરવામાં આવી એમાં મારે સભ્યશ્રી કિરીટકુમારને જણાવવું છે કે, આપણા ગુજરાતમાં ટોટલ કોચ -૨૭૮ છે અને ટોટલ ટ્રેઇનર-૬૪૫ છે. આપણા ગુજરાતના ખેલાડીઓએ રાષ્ટ્રીય કક્ષાએ ૧૭૦ મેડલ મેળવ્યા છે એમાં ૫૭ સુવર્ણ ચંદ્રક છે, ૫૩ રજત ચંદ્રક છે અને ૬૨ કાંસ્ય ચંદ્રક છે અને ગુજરાતના ચાર ખેલાડીઓએ આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ભાગ લીધેલો છે એટલે આપણું ગુજરાત કૉમનવેલ્થ માટે તૈયાર થઇ રહ્યું છે એમ ચોક્કસ કહી શકાય. સમૂહવિકાસ હેઠળ નવીન ગ્રામપંચાયત ઘરના બાંધકામ કરવામાં આવેલ છે. માગણી નંબર-૧૦૨ શહેરી વિકાસમાં અટલ મિશન ૨.૦ એટલે કે અમૃત -૨.૦માં મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ, નગરપાલિકા સમિતિઓને સહાયક અનુદાન તેમજ શહેરના સર્વાંગી પરિવર્તન અને નવીનીકરણ માટે ખર્ચ સહાય તથા અન્ય વિકાસલક્ષી યોજનાઓ માટે પૂરક માગણી રજૂ કરેલ છે. માગણી નંબર-૬માં મહિલા અને બાળ વિકાસની વાત કરું તો સર્વાંગી વિકાસમાં ફાળો આપતા પોષણ અભિયાન તથા આંગણવાડી કેન્દ્રોમાં બિનપરંપરાગત પદ્ધતિથી બાંધકામ માટે જરૂરી સંસાધનોની ઉપલબ્ધતા માટેની જોગવાઇનો સમાવેશ થાય છે. માનનીય સભ્યશ્રીઓ દ્વારા ઉઠાવવામાં આવેલા પારદર્શિતા, સમયબદ્ધતા અને પ્રાદેશિક સંતુલન જેવા મુદ્દાઓ પ્રત્યે સરકાર સંપૂર્ણ પ્રતિબદ્ધ છે. દરેક ખર્ચ જવાબદારીપૂર્વક અને જનહિતને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે.

માગણી ક્રમાંક–૪૯ ઉદ્યોગો માટેની છે. કોટન એટલે કે રૂથી લઇને ફેબ્રિક સુધી ફેશનના મંત્રને સાકાર કરવા માટે નવું મૂડીરોકાણ આકર્ષવા અને ઉત્પાદન ક્ષમતા સુદૃઢ બનાવવા વિવિધ ટેક્સટાઇલ પૉલિસી જાહેર કરવામાં આવેલ છે. ચાલુ વર્ષે વિવિધ ટેક્સટાઇલ પૉલિસી હેઠળ અંદાજિત ૭૫૦૦ એકમો માટે મંજૂર થયેલી ૧૪૫૦૦થી વધારે ક્લેઇમ અરજીઓ અન્વયે વર્ષ ૨૦૨૫–૨૬ના અંદાજપત્રમાં રૂ. ૨ હજાર કરોડની જોગવાઇ સામે બાકી રહેતા ક્લેઇમના ચૂકવણા માટે સુધારેલ અંદાજોમાં રૂ. ૧૪૦૦ કરોડનું વધારાનું ચૂકવણું કરવાની જરૂરિયાત ઉપસ્થિત થયેલ છે, જે ધ્યાને લેતા રૂ. ૧૪૦૦ કરોડની પૂરક માગણી રજૂ કરેલ છે. ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો માટે સ્કીમ ફોર એવોર્ડસ ટુ એમ.એસ.એમ.ઈ યોજના હેઠળ એવોર્ડ પેટે રૂ. ૨ લાખ, ટ્રોફી અને પ્રશસ્તિપત્ર આપવામાં આવે છે. ચાલુ વર્ષ દરમિયાન ગુજરાત સરકાર દ્વારા આયોજન કરવામાં આવેલા વાઇબ્રન્ટ ગુજરાત રિજિનલ ફંકશન દરમિયાન વિઝનવાઇઝ સદરહુ એવોર્ડ આપવા અંગે નિર્ણય લેવામાં આવેલ હતો. આ હેતુ માટે સુધારેલા અંદાજમાં નવી સેવા દાખલ કરેલ છે અને એના માટે ફક્ત રૂપિયા ૧ લાખની પ્રતિક જોગવાઇ કરેલ છે. આસિસ્ટન્સ ટુ લાર્જ ઇન્ડસ્ટ્રીઝ યોજના હેઠળ સ્કીમ ફોર ઇન્સેન્ટિવ ટુ ઇન્ડસ્ટ્રીઝ એરોસ્પેસ અને ડિફેન્સ સેકટર માટે પ્રોત્સાહન આપવા આત્મનિર્ભર ગુજરાત જેવી યોજનાઓ માટે ગ્રાન્ટની ફાળવણી કરેલ છે. હાલમાં ઉક્ત યોજનાઓના મંજૂર કરેલા દાવાઓની ચૂકવણી માટે રૂ. ૨૪૦ કરોડના સુધારેલ અંદાજોમાં વધારાની જરૂરિયાત ઉપસ્થિત થયેલી હોય પરંતુ સમાન અનુદાન હેઠળની બચતમાંથી રૂ.૧૯ કરોડની બચત રકમ ઉપલબ્ધ થતાં રૂ.૨૨૧ કરોડની ચોખ્ખી પૂરક માગણી રજૂ કરેલ છે.ધોલેરા સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજિયન ખાતે આવનાર સમયમાં એક્ટિવેશન એરિયામાં વૃક્ષારોપણની કામગીરી માટે ઉપલબ્ધ બચત અનુદાનમાંથી મળી રહેતા રૂપિયા એક લાખની પ્રતિક પૂરક માગણી રજૂ કરેલ છે. નવરચિત વાવ–થરાદ જિલ્લાની કચેરીઓને કાર્યરત કરવા અને કચેરીના નિર્ધારિત કાર્યક્રમને સમય મર્યાદામાં પૂર્ણ કરવા જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, ભુસ્તર વિજ્ઞાન અને ખનિજની કચેરી તથા કુટિર અને ગ્રામોદ્યોગ વિભાગની કચેરી માટે વિવિધ સંવર્ગની કુલ ૧૫ નવી જગ્યાઓ ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૫–૨૬માં નવી સેવા તરીકે સમાવિષ્ટ થયેલ છે અને સમાન અનુદાન હેઠળ ઉપલબ્ધ ફકત રૂપિયા એક કરોડની પ્રતિક જોગવાઇ કરેલ છે. આમ, વિકસિત ગુજરાતના નિર્માણમાં જરૂરી એવા ઉદ્યોગોના વિકાસની મહેસૂલી અને મૂડી સદરો હેઠળની કુલ રૂપિયા ૧૬૨૧.૪ કરોડની પૂરક માગણીમાં સૌ સમર્થન આપે એવી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માગણી ક્રમાંક–૯૮ યુવા સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે વર્ષ ૨૦૨૫–૨૬ માટે રમત–ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ સંબંધિત પૂરક અનુદાન માગણીઓ ભારત સરકારની 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની પરિકલ્પના સાકાર કરવા, રાજ્યના યુવાનોના સશક્તિકરણ અને સાંસ્કૃતિક ગૌરવના સંવર્ધન હેતુ રાજય સરકાર સતત પ્રયત્નશીલ છે. ગુજરાતી ભાષા અને તેના સાહિત્યના વિકાસ માટે ચાલુ નાણાકીય વર્ષની રૂપિયા ૧૩.૭ કરોડની મતપાત્ર જોગવાઇ કરવામાં આવેલ જે અંતર્ગત જૂન–૨૦૨૫ દરમિયાન વાપી અને વલસાડ ખાતે દક્ષિણ ગુજરાત સાહિત્ય ઉત્સવનું આયોજન થયેલું. સુરત લિટરેચર ફેસ્ટિવલ અને ભારત બુલ જેવા કાર્યક્રમો યોજવામાં આવેલ. આ યોજના હેઠળ ચાલુ વર્ષે રૂપિયા ૧૩.૭ કરોડની મૂળ જોગવાઇ ઉપરાંત વધારાના રૂપિયા ૨૧ લાખની જરૂરિયાત હોઇ તે મુજબ પૂરક માગણી રજૂ કરેલ છે. જિલ્લા કક્ષાએ સ્પોર્ટસ સંકુલ, ખેલ મહાકુંભ, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિજેતા થનાર રમતવીરો માટે રોકડ પુરસ્કાર અને ઓલિમ્પિક ગ્રેડિનેસ પ્રોગ્રામ માટે રૂપિયા ૨૯૦ કરોડ ૫૯ લાખની જરૂરિયાત છે. એટલે રૂપિયા ૧૯૮ કરોડની મૂળ જોગવાઇ ઉપરાંત રૂપિયા ૯૨.૫૯ કરોડની વધારાની જરૂરિયાત છે. જો કે સમાન અનુદાનની બચતમાંથી રૂપિયા ૩૦.૧૯ કરોડની રકમ ઉપલબ્ધ થશે. આથી ફક્ત રૂપિયા ૬૨.૪૦ કરોડની પૂરક માગણી રજૂ કરેલ છે. યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે ખેલ મહાકુંભ, ઉતરાર્ધ મહોત્સવ, વસંતોત્સવ, તેમજ ગુજરાત રાજ્યમાં આયોજિત વિવિધ મેળાઓમાં સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ મહાનુભાવોની જન્મજયંતિની ઉજવણીનું આયોજન છે. અખંડ ભારતના શિલ્પી એવા સરદાર વલ્લભભાઇ પટેલની ૧૫૦મી જન્મજયંતિ, ભગવાન બિરસા મુંડાજીની જન્મજયંતિની ઉજવણી, આપણા આસ્થાના પ્રતિક એવા ભગવાન સોમનાથ મંદિરના સ્વાભિમાન પર્વની ઉજવણીનું આયોજન, એકતાનગર ખાતે આયોજન, ભારત પર્વ શોપીંગ ફેસ્ટીવલ અંતર્ગત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો ઉપરાંત કલા મહાકુંભ અંતર્ગત મૂળ બજેટની જોગવાઇ રૂપિયા ૮૪.૯૧ કરોડ ઉપરાંત વધારાના રૂપિયા ૪૫.૯ કરોડની વધારાની જરૂરિયાત અંદાજવામાં આવી છે. જો કે સમાન મંજૂર અનુદાનમાંથી રૂપિયા ૮.૧૯ કરોડની રકમ ઉપલબ્ધ થયેલ હોઇ ફક્ત રૂપિયા ૩૬.૯૦ કરોડની પૂરક માગણી રજૂ કરેલ છે. સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઇન્ડિયા અંતર્ગત જિલ્લા તથા તાલુકા કક્ષાએ રમત–ગમત સંકુલોના નિર્માણ, ગ્રંથાલયોના નિર્માણ જેવી કામગીરી માટે રૂપિયા ૨૪૫.૭૧ કરોડની મૂળ બજેટ જોગવાઇ ઉપરાંત રૂપિયા ૭૦ કરોડની વધારાની જરૂરિયાત છે. સમાન અનુદાન બચતમાંથી રૂપિયા ૪ કરોડ ૨ લાખની રકમ ઉપલબ્ધ થશે. જેથી રૂપિયા ૬૫.૯૮ કરોડની પૂરક માગણી રજૂ કરેલ છે. આમ, રમત–ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ માટે કુલ રૂપિયા ૧૬૫.૯૩ કરોડની પૂરક માગણી રજૂ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું સને ૨૦૨૫–૨૬ માટે પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ સંબંધિત પૂરક માગણીઓ રજૂ કરું છું. નવરચિત વાવ–થરાદ જિલ્લા પંચાયત તેમજ ૧૭ નવી તાલુકા પંચાયતો માટે, શ્રી ગોપાલભાઇની કાપ દરખાસ્ત હતી કે પંચાયત ઘર નથી. માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ વર્ષે ગુજરાતની બધી ગ્રામ પંચાયતોના મકાનો બનાવવાનો નિર્ણય લઇ લીધો છે. ઘણાના ખાતમુહૂર્ત પણ થયા છે. દરેક ગામને નવી ગ્રામ પંચાયત ચોક્કસ રીતે મળશે. નવું મહેકમ

કાર્યક્ષમ કરી શકે તે હેતુસર વર્ષ ૨૦૨૫–૨૬ દરમ્યાન કુલ રૂ.૧૩.૯૯ કરોડની વધારાની જરૂરિયાત ઊભી થઈ છે. તેમ છતાં સમગ્ર ખર્ચ અગાઉથી મંજૂર થયેલા અનુદાનમાંથી પૂર્ણ થઈ જશે તેવી પરિસ્થિતિ નિયમિત કરવાના હેતુસર ફકત રૂ.૧ લાખની પ્રતિક માગણી આ માનનીય સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી છે. નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ રૂરલ ડેવલપમેન્ટ પંચાયતી રાજ ખાતે સેન્ટર ઓફ એક્સેલન્સ ઇન આર્ટીફિશ્યલ ઈન્ટેલિજન્સ (એ.આઇ.)ની સ્થાપના કરવામાં આવી છે. જે રાજ્ય સરકારોને તેમના એ.આઇ. કેન્દ્રો બનાવવામાં મદદ કરશે. આ હેતુસર દરેક રાજ્ય તરફથી રૂ.૫ કરોડના યોગદાનની માગણી કરવામાં આવી છે. ચાલુ નાણાકીય વર્ષના અંદાજપત્રમાં આ જોગવાઇ ઉપલબ્ધ ના હોવાથી આકસ્મિક ફંડમાંથી રૂ.૧ કરોડની રકમ ઉપાડવાની મંજૂરી આપી હતી અને પ્રતિક માગણી રજૂ કરવામાં આવી છે. રાજ્યની જૂની જર્જરિત અને ઘરવિહોણી તમામ ગ્રામ પંચાયતોને મકાન ઉપલબ્ધ કરાવવા રાજ્ય સરકાર દ્વારા પંચાયત ઘર તેમજ તલાટી–કમ–મંત્રી આવાસ યોજના અમલમાં મૂકવામાં આવી છે. રાજ્યની તમામ ગ્રામ પંચાયતોને પોતાનું મકાન ઉપલબ્ધ કરાવવાના ઉદ્દેશથી ચાલુ વર્ષ દરમ્યાન કુલ ૨૬૬૬ ગ્રામ પંચાયત ઘરોનું બાંધકામ કરવાનું આયોજન છે. આ યોજના માટે વર્ષ ૨૦૨૫–૨૬ કરવામાં આવેલા રૂ.૬૦ કરોડની જોગવાઇ ઉપરાંત રૂ.૬૨.૩૨ કરોડની વધારાની જરૂરિયાત માટે રૂ.૪૧.૧૨ કરોડ સમાન મંજૂર અનુદાન બચતમાંથી ઉપલબ્ધ કરવામાં આવે છે જેથી બાકી રહેતી રૂ.૨૧.૨૦ કરોડ રકમ માટે પૂરક માગણીઓ આ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી છે.

માગણી ક્રમાંક ૧૦૨ શહેરી વિકાસ. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની યોજનાઓ ઉપર જોઇએ તો અમૃત મિશન.૨ હેઠળ માળખાગત સુવિધાઓ જેવી કે પાણી પુરવઠો, ભૂગર્ભ ગટર, સ્ટ્રોમ વોટર ડ્રેનેજ, શહેરી પરિવારને બગીચો, તળાવનું નવીનીકરણ જેવી માળખાગત સુવિધાઓનું આયોજન આ યોજના હેઠળ હાથ ધરવામાં આવે છે. અમૃત મિશન.૨ હેઠળ ટોટલ રૂ.૧૬,૩૧૬ કરોડના કુલ ૯૨૭ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યાં છે. આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૫–૨૬માં કુલ રૂ.૧૯૫૦ કરોડની જોગવાઇ સામે રૂ.૨૨૫૨ કરોડની જરૂરિયાત છે. તે માટે રૂ.૩૦૨ કરોડની પૂરક માગણી રજૂ કરેલ છે. ૧૫માં નાણાપંચની ગ્રાન્ટ હેઠળ શહેરી માળખાગત સુવિધાના કામો હાથ ધરવામાં આવે છે. વર્ષ ૨૦૨૫–૨૬માં રૂ.૧૩૭૬ની બજેટ જોગવાઇ કરવામાં આવી છે. આ યોજના હેઠળ વધારા રૂ.૮૧૩.૨૮ કરોડની અંદાજીત રકમ મળનાર હોય સુધારેલા અંદાજમાં રૂ.૨૧૮૯.૨૮ કરોડની બજેટ જોગવાઇ સૂચવવામાં આવી છે. જે અન્વયે આંતરિક બચત ગ્રાન્ટ રૂ.૩૬૮.૮૩ કરોડની પૂરક માગણી રજૂ કરું છે. રાજ્યમાં અગ્નિ શામક, અગ્નિ નિવારણ સેવાઓ આધુનિક અને વિસ્તૃતીકરણ માટે ૧૫માં નાણાપંચ હેઠળ મળેલ ગ્રાન્ટની રકમ સામે રાજ્યના ફાળા પેટે રૂ.૨૫.૪૨ કરોડની જરૂરિયાત છે. સમાન અનુદાનમાંથી તેમજ રકમ બચત તરીકે ઉપલબ્ધ છે જેથી ફકત રૂ.૧ લાખની પૂરક માગણી રજૂ કરેલ છે. ભારત સરકાર દ્વારા ૧૦૦ ટકા કેન્દ્ર પુરસ્કૃત દીનદયાળ જન આજીવિકા યોજના હેઠળ શહેરી ગુજરાતનાં ત્રણ શહેરો માટે પાયલોટ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવેલ છે. તે માટે ભારત સરકારે વર્ષ ૨૦૨૫–૨૬માં રૂ.૫ કરોડની ગ્રાન્ટ ફાળવેલ હોય ચાલુ નાણાકીય વર્ષના નવા બજેટમાં રૂ.૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે, જેથી રૂ. ૫ કરોડની પૂરક માગણી રજૂ કરવામાં આવેલ છે. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામાંથી મોરબી, કરમસદ, આણંદ, નડિયાદ, વાપી, મહેસાણા, સુરેન્દ્રનગર, નવસારી, પોરબંદર અને ગાંધીધામ નગરપાલિકાઓને મહાનગરપાલિકાઓ તરીકે જાહેર કરવામાં આવેલી છે જેના પ્રોત્સાહન માટે વર્ષ ૨૦૨૫–૨૬માં રૂ.૧૨૧.૩૧ કરોડના વધારા સામે સમાન મંજૂર થયેલા અનુદાનમાંથી રૂ.૧૦૬.૮૨ કરોડની બચત ઉપલબ્ધ હોય રૂ.૧૪.૪૯ કરોડની ચોખ્ખી પૂરક માગણી રજૂ કરેલ છે. મહેસૂલ વિભાગ દ્વારા વાવ-થરાદ નવા જિલ્લા તરીકે જાહેર કરેલ હોય નાગરિકોને સરકારી સેવાઓ સરળતાથી મળી રહે અને વિકાસને વેગ મળે તે માટે વાવ- થરાદ ખાતે નગર આયોજન અને મૂલ્યાંકન ખાતાની ૭ નવી જગ્યાઓ સાથે શાખા કચેરી ઊભી કરવા ઉપલબ્ધ બચતને ધ્યાને લેતા રૂ.૧૪ લાખની વર્ષ ૨૦૨૫–૨૬માં પૂરક માગણી રજૂ કરી છે. રાજયની નગરપાલિકાઓના મહેકમ ખર્ચ માટે સહાયરૂપ થવા માટે બુનિયાદી મૂડી પગાર ભથ્થા યોજના ઉપરાંત પ્રોત્સાહક સહાય યોજના અમલમાં મુકવામાં આવેલ છે. જેમાં માથાદિઠ સહાય રૂ. ૧૦૫ માં વધારો કરી રૂ.૧૨૩ ચુકવવાનું સરકારે નિયત કરતા નગરપાલિકાઓમાં પ્રોત્સાહિકરણ યોજના હેઠળ અંદાજીત રૂ.૨૫૦ કરોડની વધારાની જરૂરિયાત છે. જેથી આ યોજનામાં રૂ.૨૫૦ કરોડની પૂરક માંગણી રજૂ કરેલ છે.

આમ, ઉપર મુજબની કુલ ૭ યોજનાઓ માટે આંતરિક બચત ધ્યાને લેતાં ઉપર દર્શાવેલ કારણોસર કુલ રૂ.૧૪૨૭.૩૭ કરોડની પૂરક માંગણી રજૂ કરેલ છે.

માગણી ક્રમાંક:૧૦૬ મહિલા અને બાળ વિકાસ વિભાગ, નવરચિત વાવ–થરાદ જિલ્લામાં મહિલા અને બાળ વિકાસને લગતી મહિલા કલ્યાણ તેમજ પોષણ સંબંધિત કામગીરી સત્વરે શરૂ થાય તે માટે જિલ્લા કક્ષાની નવી કચેરીઓ કાર્યાન્વિત કરવા મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળના વિવિધ સંવર્ગોનું મહેકમ ઊભું કરવા માટે આશરે રૂ. ૦.૧૨ કરોડની જરૂરીયાત છે. જો કે સમાન મંજૂરી અનુદાનની બચતમાંથી પૂરેપૂરી રકમ ઉપલબ્ધ થાય તેમ હોય, કુલ મળીને રૂ. ૦.૦૩ કરોડની પ્રતીક પૂરક માગણી રજૂ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, "Directorate of Nutrition Mission" કચેરી કાર્યાન્વિત કરવામાં આવેલ છે. આ કચેરી મહિલા અને બાળ વિકાસ વિભાગ, આરોગ્ય, શિક્ષણ અને અન્ય સંબંધિત વિભાગો સાથે અસરકારક સંકલન સાધવામાં મહત્ત્વપૂર્ણ ભાગ ભજવે છે.

પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન ૧૫૦૦ આંગણવાડી કેન્દ્રોના બિનપરંપરાગત પદ્ધતિથી બાંધકામ કરવા રૂ. ૨૭૩ કરોડની બજેટમાં જોગવાઇ કરેલ. આ ઉપરાંત, વધુ ૩૩૨૦ આંગણવાડીના બાંધકામના તબક્કાવાર ખર્ચને પહોંચી વળવા માટે ચાલુ વર્ષે રૂ. ૧૩૨.૦૭ કરોડની વધારાની જરૂરીયાત છે. આ મંજૂર અનુદાનની બચતમાંથી રૂ. ૬૪.૭૯ કરોડની રકમ ઉપલબ્ધ હોઇ, રૂ.૧૦૩.૨૮ કરોડની પૂરક માંગણી રજૂ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી,આ સન્માનીય ગૃહમાં રજૂ કરેલ પૂરક માંગણીઓ વર્ષ દરમ્યાન અપેક્ષિત ખર્ચને પહોંચી વળવા રજૂ કરવામાં આવેલ છે. જેને સમર્થન આપવા અને રાજયના સર્વાંગી વિકાસમાં સહભાગી થવા માટે માનનીય ધારાસભ્યશ્રીઓને તેઓએ રજૂ કરેલ કાપ દરખાસ્તો પાછી ખેંચવા તેમજ ચર્ચા માટે હાથ ધરાયેલ માગણી ક્રમાંકઃ ૪૯, ૯૮, ૭૦ , ૧૦૨ અને ૧૦૬ પરની પૂરક માગણી સર્વાનુમતે પસાર કરવા હું વિનંતી કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૩, ૧૪, ૧૫, ૧૬ અને ૧૭ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

પૂરક માગણી ક્રમાંક– ૪૯, ૯૮, ૭૦, ૧૦૨ અને ૧૦૬ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

ગિલોટીન કરેલ પૂરક માગણીઓ

શ્રી કનુભાઇ મો. દેસાઇ (નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૨૫–૨૬ના ખર્ચના પૂરક માગણીઓના પત્રકમાં કુલ ૬૪ પૂરક માગણીઓનો સમાવેશ થયેલો છે. એમાંથી ૧૦ પૂરક માગણીઓ ચર્ચા દ્વારા પસાર કરવામાં આવેલી છે. બાકી રહેતી ૫૪ માગણીઓ પૈકી ૧૦ માગણીઓ બિન મતપાત્ર હોવાથી એ સિવાયની બાકી રહેતી કુલ ૪૪ માગણીઓ, પૂરક માગણી ક્રમાંક – ૪, ૫, ૭, ૯, ૧૦, ૧૬, ૧૭, ૧૯, ૨૩, ૨૬, ૨૮, ૩૦, ૩૧, ૩૩, ૩૪, ૩૫, ૪૦, ૪૧, ૪૩, ૪૬, ૪૮, ૫૦, ૫૨, ૫૪, ૫૫, ૫૭, ૬૮, ૭૧, ૭૨, ૭૭, ૭૮, ૮૪, ૮૮, ૯૦, ૯૨, ૯૩, ૯૪, ૯૫, ૯૬, ૧૦૧, ૧૦૩, ૧૦૪ અને ૧૦૭ હું મતદાન માટે રજૂ કરું છું.

પૂરક માગણી ક્રમાંક – ૪, ૫, ૭, ૯, ૧૦, ૧૬, ૧૭, ૧૯, ૨૩, ૨૬, ૨૮, ૩૦, ૩૧, ૩૩, ૩૪, ૩૫, ૪૦, ૪૧, ૪૩, ૪૬, ૪૮, ૫૦, ૫૨, ૫૪, ૫૫, ૫૭, ૬૮, ૭૧, ૭૨, ૭૭, ૭૮, ૮૪, ૮૮, ૯૦, ૯૨, ૯૩, ૯૪, ૯૫, ૯૬, ૧૦૧, ૧૦૩, ૧૦૪ અને ૧૦૭ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

રાજ્ય વિધાનમંડળને લગતી પૂરક માગણી ક્રમાંક – ૩૭ મત માટે મૂકવામાં આવી અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.

સભાગૃહની બીજી બેઠકનું કામકાજ સાંજના ૫:૫૫ વાગ્યે પૂરું થતા સભાગૃહ માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તા. ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

તારાંકિત પ્રશ્નો

ગુજરાત વિધાનસભા

બુધવાર, તા. ૨૫ મી ફેબ્રુઆરી, ૨૦૨૬

ફાલ્ગુન ૬, ૧૯૪૭ શાકે

સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.

માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને

તારાંકિત પ્રશ્નો

મહીસાગર અને અમરેલી જિલ્લામાં ગૌમાંસ અને ગૌવંશના આરોપીઓ બાબત

***15/8/889શ્રીગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ** (લુણાવાડા):**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)**જણાવવા કૃપા કરશે કે.–

<table>
<tr><th>પ્રશ્ન</th><th>જવાબ</th></tr>
<tr><td>(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર અને અમરેલીજિલ્લા/શહેરમાંથી વર્ષવાર કેટલું ગૌમાંસ અને ગૌવંશ પકડવામાં આવ્યા,</td><td>(૧)
<table>
<tr><th>જિલ્લો</th><th>વર્ષ</th><th>પકડાયેલ ગૌમાંસ (કિ.ગ્રા.)</th><th>પકડાયેલ ગૌવંશની સંખ્યા</th></tr>
<tr><td rowspan="2">મહીસાગર</td><td>૨૦૨૪</td><td>૮૮૫</td><td>૦૩</td></tr>
<tr><td>૨૦૨૫</td><td>૧૦૫૫</td><td>૦૭</td></tr>
<tr><td>અમરેલી</td><td>૨૦૨૪</td><td>૦૦</td><td>૦૦</td></tr>
</table></td></tr>
<tr><td>(૨)તે અન્વયે કેટલા આરોપીઓની ધરપકડ કરી,</td><td>(૨)
<table>
<tr><th>જિલ્લો</th><th>આરોપીઓની સંખ્યા</th></tr>
<tr><td>મહીસાગર</td><td>૨૮</td></tr>
<tr><td>અમરેલી</td><td>૦૩</td></tr>
</table></td></tr>
<tr><td>(૩) તેઓ સામે કયા કાયદાની કઇ કલમ હેઠળ શી કાર્યવાહી કરવામાં આવી, અને</td><td>(૩)
<table>
<tr><th>કાયદાની વિગત</th><th>નીચે મુજબની કલમ હેઠળ ગુનો દાખલ કરવામાં આવેલ છે.</th></tr>
<tr><td>પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ–૧૯૬૦</td><td>૧૧(ડ)(ઈ), ૧૧ (ઢ), ૧૧(૧) (ઘ) (ચ) (ક)(છ)(ઝ)</td></tr>
<tr><td>ગુજરાત પ્રાણી સંરક્ષણ અધિનિયમ–૧૯૫૪</td><td>૫ (૧–ક) ,૬–(ખ–૧), ૬ (ખ–૨), ૮(૨),૮(૩),૮ (૪),૧૦,</td></tr>
<tr><td>ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩</td><td>૨૮૧, ૩૨૫,</td></tr>
<tr><td>ગુજરાત પશુ સંરક્ષણ (સુધારા) અધિનિયમ–૨૦૧૭</td><td>૫ (ક), ૬ (ક),૬ (ખ) , ૮ (૨) , ૮(૪) , ૧૦</td></tr>
<tr><td>ગુજરાત મોટર વ્હીકલ એક્ટ ૧૯૮૬</td><td>૧૭૭,૧૮૪,૧૩૪,</td></tr>
</table></td></tr>
<tr><td>(૪) ઉક્ત સ્થિતિએ કેટલા આરોપીઓની ધરપકડ કરવાની બાકી છે?</td><td>(૪)
<table>
<tr><th>જિલ્લો</th><th>આરોપીઓની સંખ્યા</th></tr>
<tr><td>મહીસાગર</td><td>૦૧</td></tr>
<tr><td>અમરેલી</td><td>૦૦</td></tr>
</table></td></tr>
</table>

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, પંચમહાલ અને અમરેલી જિલ્લામાં કેટલા કતલખાનાને પરવાનો આપવામાં આવ્યો છે? મારો બીજો પ્રશ્ન છે, આ ગૌમાંસ આવે છે એ ગુજરાતમાંથી આવે છે કે બહારના રાજ્યમાંથી આવે છે? અને જે આરોપીઓની ધરપકડ થઇ નથી તો તેની કેટલા સમયમાં ધરપકડ કરવામાં આવશે?

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો છે એમાં ખાસ તો મહિસાગર જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં ૮ ગુનાઓ દાખલ કરી આશરે ૧૯૪૦ કિલો ગૌમાંસ જપ્ત કરીને ૧૦ જેટલા ગૌવંશ છોડાવીને કુલ ૨૮ જેટલા આરોપીઓ વિરુદ્ધ પ્રાણી ક્રુરતા અધિનિયમ–૧૯૬૦, ગુજરાતનો પ્રાણી સંરક્ષણ અધિનિયમ–૧૯૫૪, ભારતીય ન્યાય સંહિતા, ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ– ૨૦૧૭ હેઠળ કાનૂની કાર્યવાહી કરીને આરોપીઓની ધરપકડ કરી છે. મહિસાગર જિલ્લામાં એક આરોપી જુનેદ સુલેમાન નાસતો ફરતો હોઇ તેનું ધરપકડ પોરંટ મેળવી અટક કરવાની કાર્યવાહી ચાલુ છે. મહિસાગર જિલ્લામાં ૧૩ વાહનો જપ્ત કરી આંશિક કાર્યવાહી હાથ ધરી છે. આ રાજ્ય સરકાર તમામ જિલ્લામાં અધિનિયમ હેઠળ દાખલ થનારા કેસોમાં સ્પેશ્યલ પી.પી.ની નિમણૂક થાય તેવી વ્યવસ્થા કરી છે. તેવી રીતે મહિસાગર જિલ્લામાં દાખલ થયેલા કેસોમાં તમામમાં સ્પેશ્યલ પી.પી.ની નિમણૂક કરી આરોપીઓને સખતમાં સખત સજા થાય તેવી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આપણી સંસ્કૃતિ ગાય, ગંગા અને ગાયત્રીની સંસ્કૃતિ છે. ગાય એ આપણા માટે પશુ નથી. ગાયને માતા તરીકે પૂજવામાં આવે છે, તેનામાં ૩૩ કરોડ દેવી–દેવતાઓ વસે છે. કરોડો હિન્દુઓની આસ્થા ગૌમાતા સાથે સંકળાયેલી છે.

તારાંકિત પ્રશ્નો

જ્યારે પોલીસને ગૌવંશ હેરફેરની બાતમી મળે ત્યારે નિર્જન જંગલમાં કે પહાડી વિસ્તારમાં કડકડતી ઠંડીમાં અંધારી રાત કે ઘોમ–ધખતા તાપમાં, ઉનાળાની બપોર કે વરસતા વરસાદમાં કલાકો રાહ જોઇને પોતાની જાનના જોખમે આરોપીઓને પકડે છે અને જ્યારે પોતે ઘરે જાય ત્યારે એક રાષ્ટ્રસેવા કર્યાનો આનંદ અનુભવે છે. આ પોલીસ અધિકારીઓની જ્યારે બદલી થઇને અન્ય જિલ્લામાં જાય છે ત્યારે પણ પોતે આ કેસનું ફોલોઅપ લીધા કરે છે અને ત્યારબાદ પોતે આ કિસ્સામાં જોડાયેલા પણ રહે છે. ગાય એ ઇશ્વરની જનેતા છે. ભવોભવના બંધનમાંથી મુક્તિ આપનારી માતા છે ત્યારે મને એક પંક્તિ યાદ આવે છે – ''સેવા કરો તો ગૌમાતાની ભાગ્ય આપનું ખુલશે, દુ:ખના વાદળ વિખરાશે અને સુખનાં દ્વાર ખુલશે.'' ગુજરાત સરકારે ગૌવંશને બચાવવા માટે કાયદામાં કડક જોગવાઇ કરી છે. મારે માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપવા પડે કે, કસાઇઓને કડકમાં કડક સજા થાય તે માટે સ્પેશ્યલ પી.પી.ની નિમણૂક કરવામાં આવે છે અને આરોપીઓ વિરુદ્ધ સક્કડ પુરાવા રજૂ કરીને સજાના અંજામ સુધી પહોંચાડવાના પ્રયત્નો પણ કરવામાં આવે છે. ફક્ત સાડા પાંચ કે છ કરોડની જનતા નહીં પણ સમગ્ર દેશની આસ્થા સાથે જોડાયેલી લોકલાગણીને ઠેસ પહોંચે એવું કૃત્ય આ સરકાર ક્યારેય ચલાવી લેવા માગતી નથી. ગુજરાત સરકાર તેમજ પોલીસ વિભાગના ગૌવંશ અને ગૌમાંસના કેસો બાબતે સજાગ રહીને સક્રિયપણે કામગીરી કરી રહી છે એનું દ્રષ્ટાંત પણ આપણે આપીએ છીએ. અમરેલી અને મહિસાગરમાં કોઇપણ કતલખાનાની પરવાની આપવામાં આવેલ નથી.

શ્રી હીરાભાઇ ઓ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું એ કુળમાંથી આવું છું જેના કુળમાં સોલંકી વીર વછરાજે માથા આપી દીધેલા છે અને ઘડ લડ્યાં છે. હું આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, અમરેલી જિલ્લાના જવાબમાં ૩ આરોપીઓ ગૌમાંસની હેરફેર કરતા ઝડપાયા છે તો આ લોકોને કઇ રીતે પકડ્યાં અને શું સજા કરવામાં આવી છે?

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, અમરેલી જિલ્લામાં અલગ અલગ ૧૨ ગુનામાં ૨૧ આરોપીઓને જેલની સજા અને રોડક રકમ દંડની શિક્ષા કરવામાં આવી છે.૩ આરોપીઓને આજીવન કેદ, ૧૧ આરોપીઓને ૧૦ વર્ષની કેદ અને ૩ આરોપીઓને ૭ વર્ષની કેદની સજા પણ કરવામાં આવી છે. આરોપીઓની પાસેથી ૪૩ લાખ રૂપિયાનો દંડ પણ વસૂલ કરવામાં આવ્યો છે. આ ગુજરાત રાજયની ધરતી ઉપર કોઇપણ આરોપી હોય રફીક હોય, અક્રમ હોય, આસીફ હોય કે સલીમ હોય કોઇને પણ ખાટકી–કસાઇને કાનૂની સજા કરવા માટે કાયદાકીય કાર્યવાહી કરી અને તેમના વિરુદ્ધ પાસા, તડીપાર હેઠળની કાર્યવાહી પણ કરવામાં આવે છે તેમજ જયાં જરૂર પડે ત્યાં દાદાનું બુલડોઝર પણ ફરતું હોય છે.

શ્રી મહેશ કસવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, છેલ્લાં બે વર્ષમાં અમરેલી જિલ્લા સહિત સમગ્ર રાજયમાં ગૌમાંસ કે ગૌવંશના આરોપીઓ પૈકી કેટલા આરોપીઓનાં કયાં વાહનો જપ્ત કરવામાં આવ્યાં, કેટલા વિરુદ્ધ અટકાયતનાં પગલાં લીધાં અને કેટલા લોકોની મિલકતો જપ્ત કરવામાં આવી છે?

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, અમરેલી સહિત સમગ્ર રાજયમાં ૬૨૯ ગુનાઓ દાખલ કરી ૧૮૧૦ આરોપીઓની ધરપકડ કરી છે, ૫૪ હજાર કિલો ગૌમાંસનો જથ્થો જપ્ત કર્યો છે, આશરે ૧૮૦૦ ગૌવંશને કતલખાને જતા રોકી, ૪૩૩ વાહનો જપ્ત કર્યા છે, તે પૈકી ૩૩૯ વાહનોની હરાજી કરવામાં આવી છે. ૧૮૪ ઇસમો વિરુદ્ધ પાસા, ૫૦ ઇસમો વિરુદ્ધ તડીપારના ગુન્હા તથા ૬ કરોડ રૂપિયાની ૩૯ મિલકતો ઉપર દાદાનું બુલડોઝર પણ ફેરવવામાં આવ્યું છે.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, જે પ્રમાણે ઉનામાં ગાયના મુદ્દે ગાડી સાથે બાંધીને દલિતોને માર્યા એવા અનેક પ્રકરણોમાં જાતે બની બેઠેલા નકલી ગૌરક્ષકોની વિરુદ્ધ કોઇ ફરિયાદો આવી છે કે કેમ? અને એ બાબતે રાજયની સરકારે શું પગલાં લીધાં, અને બીજો પ્રશ્ન પૂછવા માગું છું કે ગુજરાતની *(xxx)

અધ્યક્ષશ્રી : માનનીય જીજ્ઞેશભાઇ, આ ભારતીય જનતા પાર્ટીનો વિષય નથી. આ વિષય અહીંયા આવતો જ નથી. તમે એ વિષયને ન લાવો. હું રેકર્ડ ઉપરથી દૂર કરીશ. (અંતરાય) એના માટે કયો વિભાગ આવશે? ચૂંટણી પંચની બાબત હોય, ચૂંટણી પંચની ચર્ચા અહીં કરી શકાશે? નિયમ–૭૮ (૧૬) અને (૧૮) બંને ચેક કરી લો. વિધાનસભાના નિયમોના નિયમ ૭૮ (૧૬) અને (૧૮) બંને ચેક કરશો તો ધ્યાન ઉપર આવશે. બાકીના પ્રશ્નનો માનનીય મંત્રીશ્રી જવાબ આપવો છે?

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન સ્કોપ બહારનો છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હિન્દુ સંસ્કૃતિમાં આપણે સૌએ ગૌને ગૌ માતાનો દરજ્જો આપ્યો છે અને કાયદા હોવા છતાં વારંવાર ગાયની હત્યાઓ પણ થાય છે, કતલ થાય છે અને ગૌમાંસ પણ પકડાય છે અને કેટલીએ જગ્યાએ *(xxx)

અધ્યક્ષશ્રી : માનનીય અમિતભાઇ, તમે ભારતીય જનતા પાર્ટીનું કહેશો એટલે સામેથી કોંગ્રેસના સમયનું બધું કહેશે.. શું કામ વાતાવરણ બગાડો છો? પ્રશ્નના ઉકેલની દિશામાં આગળ વધો.

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું એટલા માટે કહું છું કે *(xxx) મારી રાજય સરકારને અને માનનીય મુખ્યમંત્રીશ્રી છે ત્યારે વિનંતી છે કે ગાયની કતલ અટકાવવા માટે અને ગૌમાંસના વારંવાર આવા કિસ્સા પકડાય છે તો એના માટે કડક કાયદાનો અમલ થાય પણ સાથેસાથે ગાયમાતાને રાજયમાતાનો દરજ્જો આપવા માટે આ ગૃહમાં અમે પ્રસ્તાવ લાવીએ અને સર્વાનુમતે સ્વીકાર કરવા માગો છો કે કેમ?

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ તો મારે સભ્યશ્રીને કહેવું છે કે કોઇપણ ગુનેગાર હોય આ ભારતીય જનતા પાર્ટીની સરકાર, રાજયના મુખ્યમંત્રીશ્રી આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી સાહેબ એમની સાથે પણ કોઇના ફોટા હોય તો પણ એમને કડકમાં કડક સજા થાય એ પ્રકારની કાર્યવાહી ભારતીય જનતા પાર્ટીની સરકાર કરતી હોય છે. કયારેય કોઇ ગુનેગારને છોડવામાં આવતા નથી. જેથી કરીને જે પણ એમણે વાત કરી છે એમની પાસે કોઇ યાદી હોય તો મને યાદી પણ આપે. એમને પકડવા માટેની કાર્યવાહી કરવા માટે આ સરકાર તત્પર છે.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય અમીતભાઇએ જે વાત કરી કે *(xxx)

અધ્યક્ષશ્રી : હું એ શબ્દો રેકોર્ડ ઉપરથી દૂર કરું છું અને બીજું આ વિધાનસભાના સન્માનનીય ગૃહે મને યાદ છે આદરણીય મુખ્યમંત્રીશ્રી તરીકે મોદી સાહેબ હતા ત્યારે આજ વિધાનસભાએ સંપૂર્ણ ગૌવંશ પ્રતિબંધ માટેનો કાયદો ગુજરાતની વિધાનસભાએ પાસ કરેલો છે. આ ગૃહની લાગણી કાયમી એ રહેલ છે કે ગુજરાતમાં ગૌમાતાની રક્ષા થાય એ માટે આપણે બધાએ વધુ સજાગ પણ રહેવું જોઇએ.

ગિરનાર સિવાયના પર્વતો પર આરોહણ– અવરોહણ સ્પર્ધા

***15/8/817શ્રી દિવ્યેશભાઈ રણછોડભાઇ અકબરી** (જામનગર– (દક્ષિણ))**: માનનીય નાયબમુખ્યમંત્રીશ્રી (રમતગમત,યુવક સેવા)**જણાવવા કૃપા કરશે કે

(૧)	રાજ્યના યુવાનોની સાહસવૃત્તિને પ્રોત્સાહન આપવા માટે ગિરનાર સિવાય રાજ્યના અન્ય પર્વતો પર આરોહણ– અવરોહણ સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે કે કેમ,	(૧)	હા, રાજકોટ જિલ્લામાં ઓસમ પર્વત, સુરેન્દ્રનગર જિલામાં ચોટીલા પર્વત, સાબરકાંઠા જિલ્લામાં ઇડરીયો પર્વત, પંચમહાલ જિલ્લામાં પાવાગાઢ પર્વત, વલસાડ જિલ્લામાં પારનેરા પર્વત પર આરોહણ – અવરોહણ સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે.
(૨)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ સ્પર્ધા પાછળ વર્ષવાર કેટલો ખર્ચ થયેલ છે, અને	(૨)	**વર્ષવાર ખર્ચ** **વર્ષ** – **ખર્ચ** ૨૦૨૪–૨૫ – રૂ.૪૦,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા ચાલીસ લાખ પૂરા/–) ૨૦૨૫–૨૬ – રૂ.૫૦,૦૦,૦૦૦/– (અંકે રૂપીયા પચાસ લાખ પૂરા–)
(૩)	આ સ્પર્ધામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા સ્પર્ધકોએ ભાગ લીધેલ છે?	(૩)	**વર્ષ ૨૦૨૪–૨૫ ભાગ લીધેલ સ્પર્ધકોની સંખ્યા** **પર્વત** – **ભાઇઓ** – **બહેનો** – **કુલ** ઓસમ પર્વત(રાજકોટ) – ૨૨૫ – ૧૮૫ – ૪૧૦ ચોટીલા પર્વત(સુરેન્દ્રનગર) – ૨૧૮ – ૯૧ – ૩૦૯ ઇડરીયો પર્વત(સાબરકાંઠા) – ૧૫૧ – ૬૬ – ૨૧૭ પાવાગાઢ પર્વત (પંચમહાલ) – ૨૦૪ – ૮૬ – ૨૯૦ પારનેરા પર્વત (વલસાડ) – ૧૨૦ – ૮૦ – ૨૦૦ **કુલ** – **૯૧૮** – **૫૦૮** – **૧૪૨૬**

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

			વર્ષ ૨૦૨૫-૨૬ ભાગ લીધેલ સ્પર્ધકોની સંખ્યા				
			પર્વત	ભાઇઓ	બહેનો	કુલ	
			ઓસમ પર્વત(રાજકોટ)	૨૬૩	૧૭૦	૪૩૩	
			ચોટીલા પર્વત(સુરેન્દ્રનગર)	૨૫૫	૧૧૮	૩૭૩	
			ઈડરીયો પર્વત(સાબરકાંઠા)	૧૫૪	૧૦૯	૨૬૩	
			પાવાગાઢ પર્વત (પંચમહાલ)	૨૦૧	૭૭	૨૭૮	
			પારનેરા પર્વત (વલસાડ)	૧૬૦	૯૦	૨૫૦	
			કુલ	૧૦૩૩	૫૬૪	૧૫૯૭	

શ્રી દિવ્યેશભાઇ ૨. અકબરી : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો વર્ષ ૨૦૩૦ની કોમનવેલ્થ ગેમ્સ ગુજરાતના યજમાનપદે આવી તેના માટે માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ, આપણા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને આપણા નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી અને રમત-ગમત મંત્રીશ્રી જયરામભાઇ ગામીતને ખૂબ-ખૂબ અભિનંદન આપું છું. મારો પ્રશ્ન એ છે કે ગુજરાત આરોહણ અને અવરોહણ સ્પર્ધામાં ભાગ લેવા માટે વયમર્યાદા શું છે અને સ્પર્ધામાં સ્પર્ધકોનો કોઇ વીમો લેવામાં આવે છે કે નહિ?

ડૉ. જયરામભાઇ ચે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત આરોહણ-અવરોહણ સ્પર્ધામાં ૧૪થી ૩૫ વર્ષની વયમર્યાદામાં આવતાં યુવક, યુવતીઓમાં સાહસિકતાના ગુણો ખીલે તે માટે રાજ્ય સરકાર દ્વારા પ્રતિ વર્ષ આયોજન કરવામાં આવે છે. વીમાની વાત કરીએ તો નિયામકશ્રીની કચેરી મારફત સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોનો વીમો ઉતારવામાં આવે છે. ભાગ લેનાર તમામ સ્પર્ધકોની યાદી રાજ્ય સરકારની વીમા નિયામકની કચેરીને મોકલી તેમના મારફત વીમો ઊતારવામાં આવે છે. પ્રતિ વર્ષ વીમા નિયામકશ્રીને રૂ.૭ લાખ ૮૦ હજારનું પ્રીમિયમ ભરવામાં આવે છે. જેમાં દર વર્ષ દરમિયાન નિયામકશ્રી યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિની આવા પ્રકારના સાહસ પ્રવૃત્તિઓમાં ભાગ લેનારા સ્પર્ધકોને આંશિક ઈજાના કિસ્સામાં રૂ.૨ લાખ આપવામાં આવે છે. પૂર્ણ ઈજાના કિસ્સામાં રૂ.૪ લાખની જોગવાઇ છે અને મૃત્યુના કિસ્સામાં પણ રૂ.૪ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.

શ્રી સંજય સુ. કોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે ગુજરાત આરોહણ અને અવરોહણ સ્પર્ધામાં આધુનિક ટૅકનૉલૉજીનો ઉપયોગ કરવામાં આવે છે કે નહિ અને ભવિષ્યમાં આના માટે વધારે ટૅકનૉલૉજીનો ઉપયોગ કરવા માગો છો કે નહિ?

ડૉ. જયરામભાઇ ચે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત આરોહણ અને અવરોહણ સ્પર્ધામાં રેડિયો ફ્રિકવન્સી આઇડેન્ટિફિકેશન ચીપનો ઉપયોગ કરી સ્પર્ધામાં વિજેતા નક્કી કરવામાં આવે છે. સ્પર્ધામાં લાઇવ કેમેરા મૂકવામાં આવે છે તેમજ ટી.વી. ચેનલોમાં જીવંત પ્રસારણ પણ કરવામાં આવે છે.

શ્રી ભગાભાઇ ઘા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, આ સ્પર્ધા યુવાન ભાઇઓ અને બહેનો માટે બહુ સારી છે. ગિરનાર ચડીને ઉતરવો એટલે એક સાહસની પણ રમત કહેવાય છે, પણ આ નેશનલ લેવલની સ્પર્ધા કરતાં હોઇએ ત્યારે મારી દ્રષ્ટિએ બહારના રાજ્યના સ્પર્ધકો ખૂબ ઓછી સંખ્યામાં આવે છે તો એના માટે વધારે પ્રચાર કરીને બહારના રાજ્યના વધારે સ્પર્ધકો આ સ્પર્ધામાં ભાગ લે એવું કોઇ આયોજન કરવા માગીએ છીએ કે કેમ?

ડૉ. જયરામભાઇ ચે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ આંતર રાજ્યની વાત કરી એમાં ગુજરાતમાં વર્ષ ૨૦૩૦માં કોમનવેલ્થ ગેમ્સ યોજાવાનો છે ત્યારે આવી રમતો માટે પણ સમગ્ર ભારતમાંથી સ્પર્ધકો આવે એના માટે પ્રયત્ન કરવામાં આવે છે. થોડા દિવસ પહેલાં અંબાજીમાં તીરંદાજીની ટુર્નામેન્ટ હતી એમાં સમગ્ર ગુજરાતમાંથી સ્પર્ધકો આવ્યા હતા. વ્યવસ્થાની વાત કરીએ તો રમત-ગમત વિભાગ દ્વારા સમગ્ર ગુજરાતમાં આંતરરાષ્ટ્રીય લેવલે જે વ્યવસ્થા હોય એવી વ્યવસ્થા સરકારશ્રી દ્વારા કરવામાં આવે છે.

શ્રી હર્ષ ૨. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ગિરનાર ખાતે જે આરોહણ અને અવરોહણ સ્પર્ધા થાય છે એમાં હું વિનંતી કરું છું કે આપના માર્ગદર્શનમાં આપણી વિધાનસભાના ૧૮૨ ધારાસભ્યો આ આરોહણ અને અવરોહણ સ્પર્ધામાં પધારે. યુવાન ખેલાડીઓ ભલે ઝડપથી ચડે પણ આપણે બધાં ધીરે-ધીરે ચડીએ. આ રમત જોવા જેવી છે કે સ્પર્ધકો કેટલી ઝડપથી ઉપર ચડી જાય છે. એ બહાને સભ્યોને ગિરનારના દર્શન થશે. ભવનાથના દર્શન કરવાનો અવસર મળશે. ગુજરાત આરોહણ અને અવરોહણ સ્પર્ધા જોવા માટે એક વખત વિધાનસભાના સભ્યોને લઇ જવા જોઇએ.

અધ્યક્ષશ્રી : ચોક્કસ કરવું જોઇએ, પરંતુ એ પહેલાં બધાના હાર્ટબીટ ચેક કરાવી લેવા જોઇએ. માનનીય આરોગ્યમંત્રીશ્રી પ્રકુલભાઇ પાનશેરીયાએ બોડી ચેકઅપ માટેની વ્યવસ્થા ગોઠવીને પછી કરવું જોઇએ.

શ્રી હર્ષ ૨. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, વાંધો નહીં બધાની હાર્ટબીટ મજબૂત રહેશે. મીડિયાવાળાને ત્યાં હાજર રાખીશું એટલે બધા દોડી દોડીને આવશે.

અધ્યક્ષશ્રી : ચોક્કસ એ પણ આવશે. તેમના માટે પણ આપણે બધા વ્યવસ્થા કરીએ.

તારાંકિત પ્રશ્નો

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગુજરાત આરોહણ અવરોહણ સ્પર્ધામાં સ્પર્ધકોને કઇ કઇ સુવિધાઓ આપવામાં આવે છે?

ડૉ. જયરામભાઇ ચે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, આ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને સ્પર્ધાના આગળના દિવસથી જ ભોજનની સુવિધા, સ્પર્ધકોને ટી-શર્ટ તેમજ સમયમર્યાદમાં સ્પર્ધા પૂર્ણ કરનાર દરેક સ્પર્ધકને પ્રમાણપત્ર આપવામાં આવે છે. આ સ્પર્ધાની પ્રસ્થાન રેખા ખાતે સિવિલ હોસ્પિટલ અને આરોગ્ય વિભાગની એક મેડિકલ ટીમને સારવારનાં સાધનો સાથે સ્ટેન્ડ બાય રાખવામાં આવે છે તેમજ એમ્બ્યુલન્સની પણ વ્યવસ્થા કરવામાં આવે છે. પગથિયાં પર સ્પર્ધકને કોઇ ઈજા ન થાય તે માટે પણ વ્યવસ્થા રાખવામાં આવે છે. પગથિયાં પર સ્પર્ધકોને જરૂર પડે તેના માટે દર ૨૦૦ પગથિયાં દીઠ એક વ્યાયામ શિક્ષક અથવા એક ઇન્સ્ટ્રક્ટરને ફરજ સોંપવામાં આવે છે.

જામનગર અને કચ્છ જિલ્લામાંથી પકડાયેલ ડ્રગ્સ

***15/8/850શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર** (જામજોધપુર): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		જવાબ
(૧)	તારીખ-૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર અને કચ્છ જિલ્લામાંથી કેટલું ડ્રગ્સ પકડવામાં આવ્યું,	(૧) અને (૨)	પત્રક મુજબ.
(૨)	ઉક્ત સ્થિતિએ તેની કીમત કેટલી છે, અને		
(૩)	ઉક્ત પકડાયેલા ડ્રગ્સ અન્વયે કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી?	(૩)	

જિલ્લાના નામ	ધરપકડ કરી	
	૦૧/૦૧/૨૦૨૪ થી ૩૧/૧૨/૨૦૨૪	૦૧/૦૧/૨૦૨૫ થી ૩૧/૧૨/૨૦૨૫
જામનગર	૨૭	૧૫
પૂર્વ-કચ્છ	૩૭	૭૩
પશ્ચિમ-કચ્છ	૩૩	૫૯

પત્રક

જિલ્લાનું નામ	સમયગાળો	ડ્રગ્સ	ડ્રગ્સનો જથ્થો	કિંમત
જામનગર	૦૧/૦૧/૨૦૨૪ થી ૩૧/૧૨/૨૦૨૪	ગાંજો	૮ કિલો ૩૭૯ ગ્રામ	૮૩,૭૯૦/-
		ચરસ	૫ કિલો ૮૫૯ ગ્રામ	૮,૭૮,૮૫૦/-
		એમ.ડી. પાઉડર	૫૧ ગ્રામ	૫,૧૦,૦૦૦/-
	૦૧/૦૧/૨૦૨૫ થી ૩૧/૧૨/૨૦૨૫	ગાંજો	૧૩ કિલો ૪૦૩ ગ્રામ	૧,૩૪,૦૩૦/-
પૂર્વ-કચ્છ	૦૧/૦૧/૨૦૨૪ થી ૩૧/૧૨/૨૦૨૪	હેરોઈન	૩૩૫ ગ્રામ ૧૪૦ મીલી	૧,૬૭,૫૭,૦૦૦/-
		અફીણ	૩૨૩ ગ્રામ ૦૯૦ મીલી	૩૨,૩૦૯/-
		એમ.ડી.	૧૯ ગ્રામ ૦૫૦ મીલી	૧,૯૫,૦૦૦/-
		કોકેઈન	૧૮૯ ગ્રામ ૦૧૦ મીલી	૧,૮૯,૦૧,૦૦૦/-
		ગાંજો	૭૪ કિલો ૮૮૯ ગ્રામ	૭,૪૮,૮૯૦/-
		પોષડોડા	૩૦૭ કિલો ૦૫૦ ગ્રામ	૯,૨૧,૧૫૦/-
ATS(પૂર્વ-કચ્છ)		કોકેઈન	૧૩ કિલો	૧૩૦,૦૦,૦૦,૦૦૦/-
પૂર્વ-કચ્છ	૦૧/૦૧/૨૦૨૫ થી ૩૧/૧૨/૨૦૨૫	ગાંજો	૩૬૭ કિલો ૧૯૩ ગ્રામ	૮૦,૨૩,૯૭૦/-
		પોષડોડા	૪૧૫ કિલો ૧૮૬ ગ્રામ ૦૪૦ મીલી	૧૨,૪૫,૮૮૨/-
		હેરોઈન	૨૬૨ ગ્રામ ૮૯૦ મીલી	૧,૨૬,૩૨,૩૦૦/-
		કોકેઈન	૧૦ કિલો ૪૭૩ ગ્રામ ૮ મીલી	૧૦૪,૭૩,૦૮,૦૦૦/-
		એમ.ડી.	૭૮ ગ્રામ ૧૧૦ મીલી	૫,૫૯,૬૩૦/-
		અફીણ	૧૯ ગ્રામ	૧૯,૦૦૦/-
પશ્ચિમ-કચ્છ	૦૧/૦૧/૨૦૨૪ થી ૩૧/૧૨/૨૦૨૪	ગાંજો	૧૩ કિલો ૫૧૪ ગ્રામ	૧,૩૩,૧૬૦/-
		પોષડોડા	૧ કિલો ૩૨૭ ગ્રામ	૩,૬૮૧/-
		અફીણ	૬૦ ગ્રામ ૬૦૦ મીલી	૬,૦૬૦/-
		એમ.ડી.	૧૬ ગ્રામ ૩૦૦ મીલી ગ્રામ	૧૬,૩૦૦/-
		ચરસ	૧૦ ગ્રામ ૬૯૦ મીલી	૫૩,૪૫,૦૦૦/-
	૦૧/૦૧/૨૦૨૫	ગાંજો	૭૯ કિલો ૭૦૫ ગ્રામ	૯,૭૦,૭૬૬/-

	થી ૩૧/૧૨/૨૦૨૫	પોષડોડા	૧૨ કિલો ૫૦૪ ગ્રામ	૧,૩૬,૦૮૬/-
		કોકેઈન	૧૧૦ ગ્રામ ૪૭૦ મીલી	૧,૧૦,૪૭,૦૦૦/-
		એમ.ડી.	૫૧ ગ્રામ ૫૦૦ મીલી	૧૯,૬૧,૦૦૮/-
		ચરસ	૧૮૮ કિલો ૨૨૨ ગ્રામ	૧,૭૨,૪૫,૯૫૦/-

શ્રી હેમંતભાઈ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં ત્રણ વર્ષથી અમે પકડાયું અને પકડવામાં આવ્યું તે તફાવત માનનીય મંત્રીશ્રી દ્વારા સમજી ગયા છીએ. એટલે તેમને પસંદ આવે તેવો જ પ્રશ્ન પૂછ્યો કે, આ વખતે કેટલું ડ્રગ્સ પકડવામાં આવ્યું. (૧)આ ડ્રગ્સના રેકેટમાં જે ઈસમોની ધરપકડ કરવામાં આવી તેની સામે મિલકત જપ્તીની કોઇ કાર્યવાહી કરવામાં આવી છે કે કેમ? (૨) આ પકડાયેલ ડ્રગ્સનો કઇ કાર્ય પદ્ધતિથી નિકાલ કરવામાં આવે છે? (૩) આંતરરાષ્ટ્રીય સરહદ ઓળંગીને જે શિપ દ્વારા ડ્રગ્સ લાવવામાં આવે તેવી કોઇ શિપ ઉપર કાર્યવાહી કરવામાં આવેલ છે કે કેમ?

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો સભ્યશ્રીએ જે વાત કરી કે પકડાયું અને પકડવું તેનો તફાવત અમારા રાજ્યના ગૃહમંત્રીશ્રીએ ખૂબ સારી રીતે સમજાવેલ છે અને તેમને ખ્યાલ પણ છે. માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે તેમાં હું થોડું વિસ્તૃત જણાવવા માગીશ. છેલ્લાં બે વર્ષમાં જામનગર અને કચ્છ જિલ્લામાં ૧૩૫ ગુના નોંધાયેલા છે. જે પૈકી ૩૦૬ આરોપી વિરુદ્ધ કાનૂની કાર્યવાહી હાથ ધરીને રૂ.૨૪૪ કરોડ ૫૯ લાખ ૧૬ હજાર ૪૧૨ની રકમના નશીલા પદાર્થ પકડવામાં આવ્યા છે. ગુજરાત રાજ્યને ૧૬૦૦ કિ.મી.નો દરિયાઇ કિનારો મળેલો છે. જે આંતરરાષ્ટ્રીય દરિયાઇ સીમાની નજીક આવેલો છે. આ પરિસ્થિતિના કારણે પાડોશી દેશોના ડ્રગ્સ માફિયાઓ દ્વારા જે રીતે દરિયાકાંઠા મારફત ડ્રગ્સ ઘુસાડવાની નાપાક હરકતો થતી હોય છે પરંતુ કેન્દ્રીય અને ગુજરાત પોલીસની વિવિધ એજન્સી સતત સંકલનમાં રહીને આવા તમામ જથ્થાઓને સતત જપ્ત કરી રહી છે. વિધાનસભામાં રજૂ થયેલ બે જિલ્લાઓના આંકડા એ માત્ર આંકડા નથી પણ આપણી ગુજરાત પોલીસના બહાદુર અને જાંબાઝ પોલીસ અધિકારીઓના દિલધડક ઓપરેશનની સફળતા છે. ભારત અને પાકિસ્તાનની સરહદ પર મળેલી બાતમીના આધારે જમીન માર્ગ કે મધદરિયે કાળી રાત્રિના ઘનઘોર અંધકારમાં દિવસ રાત જોયા વગર દુશ્મન દેશના માફિયાઓ સાથે ખુલ્લી છાતીએ જાનની બાજી લગાવીને ત્યાં નિર્જન જગ્યાએ અનેક દિવસો પસાર કરીને આ ડ્રગ્સનો જથ્થો પકડવામાં આવે છે. ગુજરાત પોલીસના જાંબાઝ જવાનો જાનની બાજી લગાવીને જે દિલધડક ઓપરેશન કરે છે તેની શોર્ટફિલ્મ આપની પરવાનગીથી આ ગૃહમાં બતાવવામાં આવે તો મારી સામે બેઠેલાં સભ્યોને પણ જાણ થાય, તેમનો જોવાનો નજરિયો પણ ફરી જશે. હું સન્માનનીય ગૃહનું વિશેષ ધ્યાન દોરવા માગું છું કે નેશનલ ક્રાઇમ રેકર્ડ બ્યુરોના વર્ષ ૨૦૨૩ના રીપોર્ટ અનુસાર ગુજરાતમાં ૫૬૧ ગુનાઓ સાથે ક્રાઇમ રેટ ૦.૮ ટકા જે સમગ્ર દેશમાં તળિયાનું સ્થાન ધરાવે છે. જ્યારે નાના એવા પંજાબ રાજ્યમાં ૧૧,૫૮૯ ગુનાઓ સાથે ક્રાઇમ રેટ ૩૭.૬ ટકા, કેરળમાં ૩૦,૬૯૭ ગુના સાથે ક્રાઇમ રેટ ૮૫.૭ ટકા, વર્ષ ૨૦૨૩માં જ્યારે દિલ્હીમાં સરકાર હતી (અંતરાય) સાંભળવાની તૈયારી રાખવી પડે. મેં કોઇ સરકારનું નામ લીધું નથી.

અધ્યક્ષશ્રી : આપ બેસો. માનનીય ગોપાલભાઇ, મારી પરમિશન સિવાય આપ ઊભા ન થઇ શકો. અહીંયા બોલવા માટે ઊભા થવાનું હોય તો હું પરમિશન આપું પછી જ આપ ઊભા થઇ શકો. મન પડે ત્યારે આપણે માર્કેટમાં ઊભા રહીએ તે પ્રમાણે અહીંયા ઊભા ના થવાય. વિધાનસભા તેના નિયમો પ્રમાણે ચાલે. માનનીય મંત્રીશ્રી આપ જવાબ આપો.

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, વાત સાંભળવાની પણ તૈયારી રાખવી પડે. અમે કોઇ સરકારનું નામ લીધું નથી.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, તમે ઓછા શબ્દોમાં વિગતો આપી શકાય એના માટેનો પ્રયત્ન કરો.

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, પોલિટિકલ વાત નથી. દરેક રાજ્યના આંકડા સાથેની વાત છે. એ પંજાબ હોય, કોઇપણ રાજયની વાત હોય. કોઇ સરકારનું અમે નામ લીધું નથી. આ રાજ્યના આંકડા આપવામાં આવ્યા છે. જે રીતે આપણી સરકારની આ નેમ છે. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ હોય, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી હોય એમનું એક સૂત્ર અને સ્લોગન છે.

नशे के सोदागरों को जड़ से उखाड फेंकेंगे,
गुजरात को स्वच्छ और सुरक्षित बना कर रखेंगे।

જામનગર જિલ્લામાં ઘણી જગ્યાએ દાદાનું બુલડોઝર પણ ફર્યું છે. જે-જે વાહનોની જપ્તી થાય છે એની કાયદેસરની કાર્યવાહી પણ કરવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : માનનીય હેમંતભાઇ, તમને મોકો આપ્યો છે તો ટૂંકમાં પ્રશ્ન પૂછજો. સીધો પ્રશ્ન પૂછો.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત પોલીસને અમે અભિનંદન આપીએ તો પંજાબમાં પકડાયું તો ત્યાં પણ અભિનંદન જ આપવાના હોય. ત્યાં પણ પકડવામાં જ આવ્યું છે, ત્યાં પકડાયું એવું નથી. મારો પ્રશ્ન સીધો છે....

અધ્યક્ષશ્રી : પંજાબ, ગુજરાતની અહીં ચર્ચા ન કરો.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ સ્કોપ ખોલ્યો.

અધ્યક્ષશ્રી : એમણે માત્ર આંકડા આપ્યા છે. કમ્પેરીઝન આપ્યું છે કે શું થાય. એટલો વિષય છે.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, અભિનંદન જ હોય ને.

અધ્યક્ષશ્રી : પંજાબને પંજાબની રીતે રહેવા દો. અહીંયા ચર્ચા ન કરો.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન સ્પષ્ટ હતો. માનનીય મંત્રીશ્રી હર્ષભાઇએ *(xxx). મારો પ્રશ્ન એ હતો કે, ઇન્ટરનેશનલ બોર્ડર ક્રોસ કરીને જે જહાજમાં ડ્રગ્સ આવ્યું એવા કોઇ શિપ પર કાર્યવાહી કરવામાં આવેલ છે કે નહીં? અને જે ઇસમો આ ડ્રગ્સની હેરાફેરીમાં પકડાયા એની મિલકત જપ્તીની કાર્યવાહી કરવામાં આવેલ છે કે નહીં? આ બે પ્રશ્નોના જવાબ માનનીય મંત્રીશ્રી આપે? એનો કોઇ ઉલ્લેખ જ એમની સ્પીચમાં નથી.

અધ્યક્ષશ્રી : ડ્રગ્સની હેરાફેરી કરનારાઓ પકડાય છે તો એમની મિલકતને જપ્ત કરવા માટેની કોઇ કાર્યવાહી કરવામાં આવે છે કે કેમ? આટલો માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન છે.

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારે સભ્યશ્રીને કહેવું છે કે એમણે જે વાત કરી કે *(xxx) એવું બોલી ન શકે. અમે અમારા જવાબ સાથે તૈયાર કરતા હોઇએ છીએ. એમાં તમારે કહેવાની જરૂર રહેતી નથી. કચ્છ જિલ્લામાં કુલ ૧૨૫ ડિમોલેશનો કરવામાં આવ્યા છે, કાર્યવાહી પણ કરવામાં આવી છે. ૨૬ હજાર ચોરસમીટરના મકાનો પર દાદાનું બુલડોઝર ફર્યું છે. રૂ.૩૨.૨૦ કરોડની મિલકતો પણ જપ્ત કરવામાં આવી છે અને સીઝ પણ કરવામાં આવતા હોય છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીઓના ધ્યાન પર રહે. માનનીય મંત્રીશ્રીને વિધાનસભામાં જવાબ આપવા માટે ડિપાર્ટમેન્ટ દ્વારા બ્રીફિંગ કરવામાં આવે અને બ્રીફિંગ લે એ તેમનો અધિકાર છે. આ માટે અહીંયા કોઇ બીજી ચર્ચા ન કરી શકાય. એમને કાયદેસરનો અધિકાર છે. એટલે લખીને આપે અથવા એમને કોઇ બ્રીફ કરે છે તો એ બ્રીફ એમને લેવાનું છે. એ એમનો અધિકાર છે. એ બાબતમાં આપણે ચર્ચા કે ટીકા ન કરી શકીએ. *(xxx) એ શબ્દ એમણે કહ્યો છે એ રેકોર્ડ પરથી દૂર કરું છું.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હું હેમંતભાઇનો આભાર માનું છું કે એમણે પહેલીવાર એમની પાર્ટીના વિચારોથી દૂર રહીને કોઇ સ્ટેટમેન્ટ વિધાનસભામાં આપ્યું. એમણે એટલું માન્યું કે તમે પકડ્યું છે તો અમે પણ પકડ્યું છે. મારી તમને ખાલી એટલી જ વિનંતી છે કે જે વિધાનસભાગૃહમાં તમે એક્સેપ્ટ કર્યું છે એ તમે અને તમારા સાથીઓ. આ બધા જ લોકો મીડિયાની સામે અને ગામમાં જઇને ફરી ન જતા. તમારા પ્રશ્ન ખૂબ મહત્ત્વના છે કે જે જહાજ પકડ્યું હોય કે વ્હિકલ પકડ્યું હોય કે લોકોના ઘર સીઝ કર્યા હોય. આ કચ્છના જે આંકડા આપ્યા એમાનો એક આંકડો હું તમને આપવા માગું છું. ડ્રગ્સ જે ઘરમાંથી બરામદ થયેલ હતું એ ઘર પર દાદાનું બુલડોઝર ચાલ્યું અને ત્યાં આગળ એ જ જગ્યા પર પોલીસ સ્ટેશન બન્યું છે અને બે–ત્રણ દિવસમાં હું એનું લોકાર્પણ કરવા જવાનો છું. તમે પણ મારી સાથે જોડાજો. માત્ર ગુજરાતમાં જ પ્રોપર્ટી હોય અને એને જ સીઝ કરી કે એને જ બુલડોઝર ફેરવ્યું એટલું નહીં. ગુજરાત એ પહેલું એવું રાજ્ય છે જેને ઓડિશાની અંદર સૌથી મોટો ડ્રગ્સનો વેપારી જે પાંડી બ્રધર્સ તરીકે ઓળખાય છે. આપણે Top to Bottom and Bottom to Top ની Investigation Policy નો ફાયદો સમજવો હોય તો આ કેસને સમજવો ખૂબ જરૂરી છે. ગુજરાત પોલીસ અને ઓડિશા એસ.ટી.એસ.એ સાથે મળીને આ પાંડી બ્રધર્સની સાતથી વધારે લક્ઝુરીયસ ગાડીઓ, મોટા–મોટા મકાનો અને ફાર્મ હાઉસ જપ્ત કર્યા અને થોડાક સમયમાં એનું ઓક્શન થવાનું છે એ ઓક્શનથી મળેલી રકમ આપણા દેશના સામાન્ય નાગરિકોના ઉપયોગમાં આવવાની છે. બીજું, આપશ્રી અધ્યક્ષશ્રી તરીકે હતા ત્યારે ગુજરાત વિધાનસભામાં માનનીય ભૂપેન્દ્રભાઇની સરકાર દ્વારા પહેલાં આ પ્રકારનાં વાહનો પકડાય તેને આપણે વખતો સુધી મૂકી રખાતાં હતાં અને તે પડી રહે એ આપણું નેશનલ લોસ હતું, પણ અત્યારે એમાં બદલાવ લાવવામાં આવ્યો છે. દેશમાં સૌથી પહેલું ગુજરાત રાજ્ય છે. ડ્રગ્સ જોડે જોડાયેલા અનેક વ્હીકલોનું કોર્ટમાંથી પરમિશન લઇને ઓક્શન થાય અને એમાંથી જે રૂપિયા પ્રાપ્ત થાય એનો રાજ્યની વિવિધ વિકાસલક્ષી યોજનાઓ તેમજ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની અનેક યોજનાઓમાં, લોકહિતમાં અને લોકોનાં કામમાં ઉપયોગ થાય એ દિશામાં કામ કરતી સરકારનું નામ છે ભારતીય જનતા પાર્ટીની સરકાર.

અધ્યક્ષશ્રી : માનનીય હેમંતભાઇ, આપ બેસો. તમે પ્રશ્ન પૂછ્યો તો તમારું જ નામ લે. આપ બેસો. મંત્રીશ્રીનો જવાબ આપણે ના અપાય.

શ્રી અનિરુદ્ધ ભા.દવે : માનનીય અધ્યક્ષશ્રી, અહીંથી જે જિલ્લા અને આંતરરાષ્ટ્રીય સરહદની વાત થઇ એના સંદર્ભમાં ગુજરાતના આદરણીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી સાહેબની સરકારમાં, શ્રી હર્ષભાઇ સાહેબે પોતે બોટમાં બેસીને વિષમ પરિસ્થિતિઓમાં આંતરરાષ્ટ્રીય ચેનલો જેને ''હરામીનાળુ'' કહેવાય છે ત્યાં સુધી પ્રવાસ કરીને જોયું છે કે કયાં–કયાંથી આવા સામાજિક દૂષણો ફેલાવતા ડ્રગ્સ આવે છે અને એને સરકારની એ.ટી.એસ.,પોલીસ અને અન્ય એજન્સીઓ દ્વારા પકડવામાં આવી રહ્યું છે. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આવનારા દિવસોમાં આ સામાજિક દૂષણને અટકાવવા માટે નવા આયામો તથા ટેકનોલોજીના સંદર્ભમાં કઇ રીતે પકડવા માગીએ છીએ?

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ફાલ્ગુન ૦૬, ૧૯૪૭ શાકે

તારાંકિત પ્રશ્નો

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં સ્થાનિક પોલીસ દ્વારા નાર્કોટિક્સ અંગે કામગીરી કરવામાં આવે છે. જિલ્લા કક્ષાએ એસ.ઓ.જી. બ્રાન્ચ કામગીરી કરી છે. રાજ્ય લેવલે એ.ટી.એસ. કામગીરી કરે છે. ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬માં રાજ્ય સરકાર દ્વારા સી.આઇ.ડી. ક્રાઇમ ખાતે કાર્યરત એન.ડી.પી.સી.એસ. સેલ હેઠળ એ.એન.ટી.એફ. (એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ)નું માળખું કાર્યરત કરીને સમગ્ર રાજ્યમાં એની ૬ ઝોનમાં ઓફિસ શરૂ કરેલ છે જેના માટે કુલ ૨૧૩ જગ્યાનું મહેકમ મંજૂર કરેલ છે. મને ગૃહને જણાવતાં આનંદ થાય છે કે ગુજરાતના તમામ જિલ્લામાં કાર્યરત એસ.ઓ.જી. રાજ્ય લેવલની એ.ટી.એસ. એજન્સીના સીધા નિયંત્રણ હેઠળ કામગીરી કરે છે. રાજ્યના વિશાળ દરિયાકાંઠાનો ઉપયોગ અમુક વિદેશી તાકાતો ડ્રગ્સ ઘૂસાડવા માટે કરે છે એને ગુજરાત પોલીસ નાકામ કરે છે. સમગ્ર રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં ૧૬૪૬ ગુનાઓ નોંધાયેલા છે. આશરે ૪૧૦૦૦ કિલો ડ્રગ્સનો જથ્થો પકડવામાં આવેલ છે અને તેની કિંમત ૩.૩૭૨૭ કરોડ થાય છે.

શ્રી યોગેશભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જે રીતે દારૂની બોટલો પકડાય છે એના ઉપર બુલડોઝર ફેરવવામાં આવે છે એ રીતે આ ડ્રગ્સ પકડાય છે તેનો કેટલા સમયમાં અને કેવી રીતે નાશ કરવામાં આવે છે?

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ડ્રગ્સ માટેની વાત કરી છે તો એના નિયમો હોય છે અને એ નિયમોનુસાર એમની ઉપર કાર્યવાહી કરવામાં આવતી હોય છે. નિયમોને આધીન જથ્થાનો નાશ કરવામાં આવતો હોય છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં આપણા સૌના માટે ચિંતાનો વિષય છે કે આ ડ્રગ્સ વધી રહ્યું છે અને નવી યુવાપેઢીના યુવાનો ખૂબ નશાના રવાડે ચડી રહ્યા છે. જે લેન્ડિંગ થાય છે એમાં લેન્ડિંગ હબ, મેન્યુફેકચરિંગ હબ, ટ્રેડિંગ હબ અને હવે કન્ઝમપ્શન પણ ખૂબ મોટા પ્રમાણમાં થાય છે. છેલ્લા થોડા વખતમાં જોઇએ તો હવે લોકો ગાંજાની ખેતી પણ ખુલીને કરતા હોય છે અને પકડાય છે, એવા પણ કિસ્સા છે. અહીંયા જે આંકડા આપ્યા છે એમાં વર્ષ ૨૦૨૪-૨૫માં ૯૭ આરોપીઓ અને વર્ષ ૨૦૨૫-૨૬માં ૧૪૭ આરોપીઓ પકડાયા છે. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જાણવું છે કે આ પૈકી ડ્રગ્સ મંગાવનારા લોકો કેટલા છે? તેમજ જેની સામે ગુનો નોંધ્યો અને એની ધરપકડ થઇ હોય અને જે મંગાવે છે એની આજદિન સુધી બહાર કોઇ હાઇલાઇટ કે કાર્યવાહી થઇ નથી. જે પકડાય છે તે પેડલરો કે નાના ખેપ કરવાવાળા પકડાય છે. ઓરિજનલ જે મંગાવવાવાળા લોકો છે તે આ પૈકીના કેટલા છે અને એવા લોકોને ખુલ્લા પાડવા માગો છો કે કેમ?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હું આદરણીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર દ્વારા જ્યારે ડ્રગ્સ સામે લડવાનો નિર્ણય લેવામાં આવ્યો ત્યારે બે વિષય પર ગંભીરતાપૂર્વક ધ્યાન આપ્યું હતું. એક પેડલર એટલે વેચવાવાળો, એ જ લોકો હોલસેલર પાસે મંગાવતા હોય છે. આમાં ત્રણ રેન્જ છે: એક છે દેશની બહારની શક્તિઓ દેશમાં ડ્રગ્સ ઘુસાડવાનો પ્રયાસ કરતા હોય છે. જે મોટાભાગે દરિયાઇ સીમામાંથી પકડાતા હોય છે. બીજા હોય છે એના રીસિવર કે જે કચ્છ અને જામનગરમાંથી પકડાયા છે. આ લોકો તેનો ભાગ છે એ પેડલર છે. એ સિવાયનો ભાગ છે જેને સિન્થેટિક કહીએ છીએ કે, જેમાં કેમિકલના મિશ્રણથી બનાવતા હોય છે એ અલગ. એનાથી આગળ પેડલર આવે. એની પાસેથી મગાવે છે એમાં રાજ્યનો કોઇ યુવાન હોય, નાની ઉંમરનો વ્યક્તિ હોય, ૨૫-૩૦ વર્ષની વ્યક્તિ હોય. કોલેજમાં ભણતા હોય, કામ કરતા હોય, દુનિયાના અલગ અલગ દેશોમાં ભણવા ગયા હોય અને આદત લાગી હોય અને ભારતમાં પાછા આવતા હોય એવા યુવાનો ઉપર કેસ કરીને એનું જીવન બરબાદ કરવાના બદલે બે-ત્રણ કિસ્સા મૂકવા માગું છું. વડોદરા, અમદાવાદ અને સુરતના આ બે મહિનાના કિસ્સાઓ છે. પેડલરને પકડ્યો, જે વ્યક્તિ આ લોકોને ડિલિવરી કરતો હોય, માલ વેચતો હોય એ સીધો ગ્રાહકને વેચતો હોય. એ પકડાયો તો માહિતી મળી કે કોણ કોણ ડ્રગ્સ લે છે, કોણ ખરીદે છે. ફોન કરીને કોણ ડિમાન્ડ કરે છે. આપણે પૉલિસી બનાવી કે આ યુવાનને આપણે સાચે રસ્તે લઇ જવો છે. કેસ કરીને જેલમાં નાખીને જીવન બરબાદ કરીએ તો આ આદતમાં વધુ સપડાય. એવું ન થાય એના માટે આવા લોકો છે એને કમિશનરશ્રી દ્વારા એના પરિવારને બોલાવવામાં આવે છે અને સમજાવવામાં આવતું હોય છે. એનું કાઉન્સેલિંગ કઇ રીતે થઇ શકે એની સમજ આપવામાં આવે છે. સુરત અને અમદાવાદમાં સ્પેશિયલ ડૉકટરો સાથે મળીને આ લોકોની કોઇ માહિતી બહાર ન જાય અને કાઉન્સેલિંગ કરીને ડ્રગ્સમાંથી કઇ રીતે બહાર લાવી શકાય તેના માટે પ્રયત્નો કરવામાં આવ્યા છે. આ પ્રયત્નો ન કરીએ તો અમુક રાજ્યો એવાં છે કે જ્યાં આગળ ઘર ઘર સુધી ડ્રગ્સનું દૂષણ પહોંચી ગયું છે એ આપણા રાજ્યમાં ન પહોંચે એ માટે આવા લોકોને સમજણપૂર્વક કાઉન્સેલિંગ કરીને આ વખતે માનનીય મુખ્યમંત્રીશ્રી અને શ્રી કનુભાઇએ એમના બજેટમાં દરેક જિલ્લામાં એક નવું સેન્ટર ખોલવા માટેનો નિર્ણય લીધો છે. જે સેન્ટરના માધ્યમથી આ પ્રકારના લોકો જે પેડલર પાસેથી લે છે. આપે કહ્યું કે પેડલર પાસેથી લે છે...(અંતરાય)

અધ્યક્ષશ્રી : એમણે બહુ પોઝિટિવ જવાબ આપ્યો છે. તમે પૂછ્યું છે એનો જવાબ મળી ગયો છે. હવે એની ચર્ચા નહીં માનનીય અમિતભાઇ..

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મારી માગણી માત્ર એટલી જ છે કે બહારથી ડ્રગ્સ આવે છે તેમાં કન્ઝ્યુમ કરનારા માણસો નિર્દોષ છે. આ ૧૪૭ અને ૯૭ પકડાયા છે એ પૈકી કોણ હતા?

તારાંકિત પ્રશ્નો

શ્રી હર્ષ ૨. સંઘવી : મારી આપને વિનંતી છે કે મારા અગાઉના જવાબમાં કહ્યું કે કચ્છનો કિસ્સો કે પાંડી બ્રધર્સનો કિસ્સો આ બધું ટોપ ટુ એન્ડ એટલે કે આખા સરક્યુલરમાં ડ્રગ્સને વાવવાવાળો એટલે કે ઓડિશામાં ખેતરમાં વાવ્યું હશે તે, ઓડિશામાં જે ખેતરમાં ખેતી કરાવડાવે છે એ વ્યક્તિ, આ આખું પ્લાનિંગ કરે છે એ પાંડી બ્રધર્સ, ટ્રેનની અંદર જે લોકોને મોકલ્યા એ લોકો, આ ડ્રગ્સ ટ્રેનમાં જે લોકો લઈને આવ્યા અને જેમણે રીસિવ કર્યું એ લોકો અને એના ચાર પેડલર એટલે કે અલગ અલગ લોકોને જે માલ આપવાનો હતો એ લોકો. આમ, ટોટલ સરક્યુલર એટલે કે ટોપ ટુ એન્ડ અને એન્ડ ટુ ટોપ એમાં એક પણ લોકોને એ કેસમાં છોડવામાં આવ્યા નથી. દરેક કેસમાં ટોપ ટુ એન્ડ અને એન્ડ ટુ ટોપની પ્રક્રિયા પ્રમાણે કામગીરી આપણે કરી રહ્યા છીએ. દરેક કેસમાં એવું હોતું નથી કે જે ટોપ પર બેઠેલો હોય એ ૪ કેસમાં ઇનવોલ્વ હોય. દરેક કેસમાં આપણે એરેસ્ટ કરેલા ના હોય. એક કેસની અંદર હોય તો એ છૂટશે એટલે પાછો બીજા કેસમાં એરેસ્ટ કરશે.

બાયડ, માલપુર અને સાંઠંબા તાલુકામાં જી.આઇ.ડી.સી. સ્થાપના બાબત

15/8/500શ્રી ઘવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા (બાયડ) :**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ)**જણાવવા કૃપા કરશે કે –

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બાયડ, માલપુર અને સાંઠંબા તાલુકામાં જી.આઇ.ડી.સી. સ્થાપવા માટે કેટલી રજૂઆતો મળેલ છે, અને	(૧)	કુલ–૧૦ (દસ) રજુઆતો મળેલ છે.
(૨)	ઉક્ત મળેલ રજૂઆતો પરત્વે સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવેલ છે?	(૨)	ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ દ્વારા ઔદ્યોગિક વસાહત સ્થાપવા કલેક્ટરશ્રી અરવલ્લીને સરકારી પડતર જમીનોની માહિતી આપવા જણાવેલ છે, જે માહિતી મળ્યેથી સ્થળ ચકાસણી કર્યા બાદ ઔદ્યોગિક વસાહત સ્થાપવાના અનુકૂળ પરિબળો જેવા કે, એક જથ્થે સરકારી જમીનની ઉપલબ્ધતા, નજીકના શહેરથી સૂચિત જગ્યાનું અંતર, ટ્રાન્સપોર્ટ ફેસિલિટીની સગવડ વગેરેનો અભ્યાસ કરી પોષણક્ષમ ભાવે જમીન મળ્યેથી વસાહત સ્થાપવા આગળની કાર્યવાહી નિયમોનુસાર હાથ ધરવાની રહે છે.

શ્રી ઘવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે બજેટ સત્રમાં જાહેર કરવામાં આવ્યું એમાં વર્ષ ૨૦૧૮થી મારી માગણી હતી કે મારા વિસ્તારમાં જી.આઇ.ડી.સી. ફાળવવામાં આવે એ બાબતે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને અમારા માનનીય ડેપ્યુટી સી.એમ. હર્ષભાઇ સંઘવીએ અને મંત્રી મંડળે મહોર મારીને મને જે જી.આઇ.ડી.સી. આપી છે તે બદલ એમનો ખૂબ ખૂબ આભાર માનું છું. મારી પાંચેક માગણીઓ હતી. મારા વિસ્તારમાં જી.આઇ.ડી.સી. ફાળવવામાં આવી તે બદલ ધન્યતા અનુભવું છું અને સાથે–સાથે એક શૈક્ષણિક સંસ્થા એટલે કે કોલેજ પણ આપી છે તે બદલ પણ તેમનો ફરી વખત આભાર માનું છું. માનનીય મંત્રીશ્રીને આપના માધ્યમથી પૂછવા માગું છું કે, જે રીતે જે જી.આઇ.ડી.સી.ની ફાળવણી કરવામાં આવે છે તેમાં અંદાજિત કેટલો ખર્ચ કરવામાં આવે છે? અને બાયડમાં જી.આઇ.ડી.સી. એમાં બીજા પ્રશ્નનના જવાબ લખેલું છે કે સરકારી જમીન પોષણક્ષમ ભાવે ઉપલબ્ધ થાય એમાં કયાં ક્ષતિ ના રહી જાય. જગ્યા ના મળતી હોય તો એમાં અમે ગોતીને આપને આપવા માટે અમે બંધાયેલા છીએ. મારો બીજો પ્રશ્ન એવો છે કે બાયડ જી.આઇ.ડી.સી.માં કયા પ્રકારના ઉદ્યોગોને પ્રાથમિકતા આપવામાં આવશે? ધારો કે આપણે વાઇબ્રન્ટ સમિટ કરીએ છીએ. અત્યાર સુધીમાં અંદાજિત ૧૦ વાઇબ્રન્ટ થઇ છે. તો મારા બાયડ તાલુકા અને અરવલ્લી જિલ્લામાં વાઇબ્રન્ટ સમિટ કરવા માગીએ છીએ કે નહીં? અને એમાં રોજગારીની કઇ તકો ઊભી થઇ શકે?

અધ્યક્ષશ્રી : તમે કેટલા બધા પ્રશ્નો પૂછશો?

શ્રી ઘવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, બે થયા.

અધ્યક્ષશ્રી : પૂછી લો ત્રીજો. પેલા બે જ સમજવાના અને હવે ત્રીજો પ્રશ્ન.

શ્રી ઘવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, બાયડમાં જી.આઇ.ડી.સી.નું કામ ક્યાં સુધીમાં શરૂ થશે? અને ક્યારે પૂર્ણ થશે?

ડૉ. જયરામભાઇ ચે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે સભ્યશ્રીએ જમીનના ભાવની વાત કરી છે ત્યારે કેટલા એકર જમીન છે અને ક્યા વિસ્તાર છે એ રીતે એની કિંમત નક્કી થતી હોય છે. એમણે રોજગારીની વાત કરી છે એમાં એ વિસ્તારમાં ઉદ્યોગો સ્થાપવામાં આવશે એને ધ્યાનમાં રાખીને કોઇ આઇ.ટી.આઇ. કરેલા, કોઇ એન્જિનિયરીંગ કરેલા હશે તેમને આગામી દિવસોમાં ત્યાં રોજગારી પણ મળશે. ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ દ્વારા ઔદ્યોગિક વસાહત સ્થાપવા કલેક્ટરશ્રી, અરવલ્લીને પડતર જમીનની માહિતી આપવા જણાવેલ છે, જે માહિતી મળ્યેથી સ્થળ ચકાસણી કર્યા બાદ ઔદ્યોગિક વસાહત સ્થાપવા અનુકૂળ પરિબળો જેવા કે એક જથ્થે સરકારી જમીનની ઉપલબ્ધતા, નજીકના સ્થળથી જગ્યાનું અંતર, ટ્રાન્સપોર્ટની

સગવડતા વધે વગેરેનો અભ્યાસ કરીને પોષણક્ષમ ભાવે જમીન મળ્યેથી વસાહત સ્થાપવા આગળની કાર્યવાહી કરવામાં આવશે.

શ્રી ઘવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને જણાવું કે જે અધિકારીઓ હમણાં સ્થળ તપાસ કરવા ગયા હતા તેમને મેં પાંચ જગ્યા મોટી બતાવી છે કે જ્યાં ૨૦ હેકટરથી વધુ જમીન છે, ત્યાં વસાહત બને તેવી શક્યતાઓ છે અને ત્યાં લોકેશન સારું છે, અમદાવાદથી ૪૦ કિલોમિટરના અંતરે છે તો એ જગ્યાઓની પસંદગી કરીને, સાહેબ, પોષણક્ષમ ભાવની વાત કરો છો તો મારી જગ્યા આપવાની તૈયારી છે અને મને સરકાર ગમે ત્યાં જમીન આપશે તો પણ ચાલશે. મારી જમીન આપવા માટે મારી તૈયારી છે. બાયડમાં જી.આઇ.ડી.સી. બને એવી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : પોઝિટિવ સૂચન છે.

ડૉ. જયરામભાઇ ચે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે વાત કરી છે એ એમનું સૂચન છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીએ પોતાની જમીન આપવાની વાત કરી છે એટલે બહુ મોટું પોઝિટિવ સૂચન કહેવાય.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે બે વર્ષ પૂર્વે અમારી વિધાનસભા વિસ્તાર વડગામના જનાત્રા મુકામે જી.આઇ.ડી.સી. સ્થાપવાની જાહેરાત કરી હતી. આજ દિન સુધી તેનું કામ થયું નથી અને મેં પ્રશ્નોત્તરી કરી તો જવાબમાં એવું કહેવામાં આવ્યું કે જમીનનો પ્રશ્ન છે. તે પ્રશ્ન સરકાર તાત્કાલિક સોલ્વ કરીને કેટલા સમયમાં કામ પૂરું કરવા માગે છે?

ડૉ. જયરામભાઇ ચે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, આ અરવલ્લી જિલ્લાનો પ્રશ્ન છે એટલે તમારા જિલ્લાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે હાલ અરવલ્લી જિલ્લામાં કેટલી જી.આઇ.ડી.સી. કાર્યરત છે અને કેટલા લોકોને અત્યારે રોજગાર મળી રહ્યો છે?

ડૉ. જયરામભાઇ ચે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના વિવિધ વિસ્તારોમાં ઔધોગિક વિકાસની સ્થાપના દ્વારા સમતોલ અને ઝડપથી આર્થિક વિકાસ સાધવાના ઉદ્દેશ સાથે રાજય સરકારશ્રી દ્વારા ઔધોગિક વિકાસ અધિનિયમન ૧૯૬૨ હેઠળ ગુજરાત ઔધોગિક વિકાસ નિગમની સ્થાપના કરવામાં આવેલ છે. જી.આઇ.ડી.સી. દ્વારા અવરવલ્લી જિલ્લાના ૩ તાલુકામાં ૪ વસાહતોની સ્થાપના કરવામાં આવેલ છે જે કાર્યરત છે જેની વિગત અરવલ્લી જિલ્લાના ભીલોડા તાલુકામાં વસાહતનું નામ છે ભિલોડા વિસ્તાર ૧૫.૧૫ હેકટર, સન ૨૦૦૪માં ચાલુ કરવામાં આવી છે. માલપુર તાલુકામાં માલપુર ગામે આયોજન કરવામાં આવેલ છે ત્યાં ૧ હેકટરમાં છે જે સન ૧૯૮૦માં ચાલુ કરવામાં આવેલ. એ જ રીતે મોડાસામાં ૧૯.૪૦ હેકટરમાં છે, સન ૧૯૮૦માં ચાલુ કરવામાં આવેલ. સીંગરવાડામાં ૩૫.૨૧ હેકટર છે જે સન ૨૦૧૯માં ચાલુ કરવામાં આવી હતી, રોજગારીની જયારે વાત કરી ત્યારે જે રીતે જી.આઇ.ડી.સી.ના જે ઉધોગકારો છે એમની જરૂરિયાત મુજબ એ લોકો રોજગારી પૂરી પાડે છે.

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, અરવલ્લી જિલ્લામાં જે બીજી જી.આઇ.ડી.સી. છે એ કેટલા સમયથી કાર્યરત છે અને એમાં કુલ કેટલાને પ્લોટ ફાળવવામાં આવ્યા છે અને કેટલા એકમો અત્યારે કામ કરતાં થયેલાં છે?

ડૉ. જયરામભાઇ ચે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, અરવલ્લી જિલ્લામાં ઔધોગિક વસાહતોમાં આયોજન થયેલ પ્લોટોની વિગતો–ભિલોડા તાલુકામાં ૯૪ પ્લોટનું આયોજન છે, માલપુર તાલુકામાં ૧૩ પ્લોટોનું આયોજન છે, મોડાસા તાલુકામાં ૧૨૮ પ્લોટોનું આયોજન કરવામાં આવેલ છે. શીણાવાડા તાલુકામાં ૨૯૪ એમ કુલ ૫૨૯ પ્લોટોનું આયોજન કરવામાં આવેલ છે.

વડોદરાશહેરમાંપોલીસનુંસંવર્ગવારમંજૂરમહેકમ

***15/8/666શ્રીશૈલેષમનુભાઇપરમાર** (દાણીલીમડા):**માનનીયનાયબમુખ્યમંત્રીશ્રી (ગૃહ)**જણાવવાકૃપાકરશેકે

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ વડોદરા શહેરમાં પોલીસનું સંવર્ગવાર કેટલુ મહેકમ મંજૂર કરવામાં આવેલ છે,	(૧)	પત્ર કમુજબ
(૨)	તે પૈકી કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી ખાલી છે, અને	(૨)	
(૩)	ખાલી જગ્યાઓ પૈકી પોલીસ ઇન્સપેકટરની કેટલી જગ્યાઓ છેલ્લા એક વર્ષ અને બે વર્ષથી ખાલી છે.	(૩)	એક જગ્યા એક વર્ષથી ખાલી છે.

પત્રક

ક્રમ	સંવર્ગનુંનામ	મંજૂરજગ્યા	ભરેલીજગ્યા	ખાલીજગ્યા

૧	પોલીસકમિશનર	૦૧	૦૧	૦૦
૨	અધિકપોલીસકમિશનર	૦૧	૦૧	૦૦
૩	સંયુક્તપોલીસકમિશનર	૦૧	૦૦	૦૧
૪	નાયબપોલીસકમિશનર	૦૭	૦૭	૦૦
૫	મદદનીશપોલીસકમિશનર	૧૯	૧૫	૦૪
૬	પોલીસઈન્સ્પેક્ટર (બિનહથિયારી)	૬૬	૬૬	૦૦
૭	પોલીસઈન્સ્પેક્ટર (હથિયારી)	૦૩	૦૩	૦૦
૮	પોલીસઈન્સ્પેક્ટર (વાયરલેસ)	૦૩	૦૨	૦૧
૯	બિનહથિયારીપોલીસસબઈન્સપેકટર	૩૦૧	૧૪૨	૧૫૯
૧૦	હથિયારીપોલીસસબઈન્સપેકટર	૩૦	૧૪	૧૬
૧૧	બિનહથિયારીઆસીસ્ટન્ટસબઈન્સપેકટર	૫૧૧	૫૦૭	૦૪
૧૨	હથિયારીઆસીસ્ટન્ટસબઈન્સપેકટર	૧૧૯	૧૧૮	૦૧
૧૩	બિનહથિયારીહેડકોન્સ્ટેબલ	૯૪૭	૯૪૬	૦૧
૧૪	હથિયારીહેડકોન્સ્ટેબલ	૧૬૧	૧૨૯	૩૨
૧૫	બિનહથિયારીપોલીસકોન્સ્ટેબલ	૨૬૦૯	૮૭૩	૧૭૩૬
૧૬	હથિયારીપોલીસકોન્સ્ટેબલ	૭૯૭	૪૬૦	૩૩૭

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વડોદરા જેવા શહેરમાં, સંસ્કારી નગરીમાં સંયુકત પોલીસ કમિશનરથી માંડીને બિન હથિયારધારી પોલીસ કૉન્સ્ટેબલ અને હથિયારધારી પોલીસ કૉન્સ્ટેબલની ટોટલ ૫૫૭૬ જગ્યાઓ છે એમાં જગ્યાઓમાં ૨૨૯૨ જગ્યાઓ વડોદરા શહેરની અંદર ખાલી છે. આ જગ્યાઓ ભરાવા માટેનું સરકારનું શું પ્લાનિંગ છે અને બીજું ખાસ કરીને સંયુકત પોલીસ કમિશનર અને મદદનીશ પોલીસ કમિશનર જેવી મહત્ત્વની ૫ જગ્યાઓ ખાલી છે એ જગ્યાઓ પણ સત્વરે સરકાર ભરવા માગે છે કે કેમ? અને જેમ કહેવાય કે ડી.આઇ.જી કક્ષાના ૧૦ અધિકારીઓને પ્રમોશન મળ્યા પછી હજી એને ડ્યૂટી માટે કોઇ પોસ્ટ આપવામાં આવી નથી તો એ કયારે આપવા માગો છો?

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે એ પ્રમાણે સંયુકત પોલીસ કમિશનરની જગ્યા એ થોડાક સમયની અંદર ભરવામાં આવશે. ખાસ કરીને મારા વિપક્ષના સાથી મિત્રને પણ ખબર છે કે જાન્યુઆરી–૨૦૨૬માં વડોદરા શહેરમાં ૧૧૩૧ પોલીસ કોન્સ્ટેબલની સીધી ભરતીથી નિમણૂક કરી છે તો માનનીય સભ્યશ્રી દ્વારા તા. ૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ આ પ્રશ્ન પૂછેલ છે. વહીવટીતંત્રમાં ભરતી, બઢતી અને નિવૃત્તિ એ સતત ચાલતી પ્રક્રિયા છે. અધિકારીઓ વયનિવૃત્ત થવાથી અથવા તેમને બઢતી આપવાથી ખાલી પડતી જગ્યા ઉપર સીધી ભરતી અને બઢતીની નિમણૂક આપવામાં આવે છે. વડોદરા શહેરમાં પી.એસ.આઇ.ની જગ્યા ખાલી છે તેનું કારણ એ છે કે રાજયમાં ૩૫૨ પી.એસ.આઇ.ને પી.આઇ. તરીકે બઢતી આપી છે, અમુક વયનિવૃત્ત થયા છે, પરંતુ ખાલી જગ્યા ભરવા માટે વર્ષ ૨૦૨૪–૨૫માં ૪૭૫ પી.એસ.આઇ. અને બિન હથિયારધારીની સમગ્ર રાજયમાં ભરતી કરી છે અને સન ૨૦૨૫–૨૬માં આશરે ૬૫૯ પી.એસ.આઇ. અને બિન હથિયારી અને ૧૨૯ પી.એસ.આઇ. અને બિન હથિયારીની સીધી ભરતી માટેની પ્રક્રિયા પણ ચાલુ છે જે આગામી સમયમાં પૂર્ણ કરીને વડોદરા શહેરમાં ખાલી પડેલ જગ્યા પણ ભરવા માટેનું સરકારનું આયોજન પણ છે. પી.એસ.આઇ.ની ખાલી જગ્યા બઢતીથી ભરવા માટે ૪૩૦ જગ્યાઓ ભરવાની પ્રક્રિયા પણ ચાલુ છે. આમ, સીધી ભરતી અને બઢતીથી અધિકારીઓ ઉપલબ્ધ થયેથી ટૂંક સમયમાં ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારનું આયોજન છે. છેલ્લા ૨ વર્ષમાં વડોદરા શહેરમાં ૩૮૯ હેડ કોન્સ્ટેબલને એસ.એસ.આઇ. તરીકે બઢતી આપી છે જેના કારણે આ જગ્યાઓ ખાલી થયેલ છે. છેલ્લાં બે વર્ષમાં વડોદરા શહેરમાં ૧૮૫ કૉન્સ્ટેબલ અને આંતર જિલ્લા બદલીના કારણે તેમજ આશરે ૧૦૦ જેટલા કૉન્સ્ટેબલની સરકારમાં સેવા નિવૃત્તિ અને અવસાન થવાથી ખાલી જગ્યા પડેલ છે. આગામી વર્ષ ૨૦૨૫–૨૬માં ૯૪૯૦ જેટલી પોલીસ કૉન્સ્ટેબલની હથિયારી અને બિન હથિયારીની સીધી ભરતીની પ્રક્રિયા પણ ચાલુ છે. બઢતી, નિવૃત્તિ અને સીધી ભરતીની સતત પ્રક્રિયામાં અમુક સમય માટે જયારે પણ જગ્યા ખાલી પડે છે ત્યારે પોલીસ તંત્રની કાર્યક્ષમતાને અસર ના થાય તે માટે પણ રાજ્ય સરકાર દ્વારા સીધી કાળજી લેવામાં આવતી હોય છે. સમગ્ર રાજ્યમાં પોલીસ મોબિલિટી વધારવા માટે મોટાભાગનાં શહેરમાં સી.સી.ટી.વી., આધુનિક વાહનો, ઇન્ટિગ્રેટેડ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ અને કોર્ટ કાર્યવાહીમાં ઇ–સમન્સ, પોલીસ અધિકારીઓને વીડિયો કોન્ફરન્સથી કોર્ટમાં જુબાની આપવાથી હજારો માનવ કલાકોની બચત પણ થાય છે. આરોપીઓને વીડિયો કોન્ફરન્સથી કોર્ટ સમક્ષ ઊભા રાખવા જેવા સુધારા પણ ટેકનૉલૉજીના અપગ્રેડેશન સાથે કરવામાં આવ્યા છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, પછી જ્યારે માગણીઓ પર ચર્ચા આવશે ત્યારે તમે શું બોલશો?

તારાંકિત પ્રશ્નો

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, વધુમાં જણાવું તો વર્ષ ૨૦૨૫–૨૬માં કુલ ૧૦,૨૮૮ પોલીસ અધિકારીઓની સીધી ભરતીની પ્રક્રિયા ચાલુ છે. જે પૂર્ણ થયે વડોદરા શહેરની ખૂટતી જગ્યા આગામી દિવસોમાં ભરવામાં આવશે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ૧૦,૦૦૦ જગ્યાઓ ભરવાની વાત કરી છે. ખાલી વડોદરા શહેરમાં બિન હથિયારી કૉન્સ્ટેબલ અને હથિયારી કૉન્સ્ટેબલની ૨૦૭૩ જગ્યાઓ ખાલી છે. આપે ભરતી કેલેન્ડરના આધારે કહ્યું કે આ બરોડા શહેરની ૨૦૦૦ જગ્યાઓ ખાલી છે એ આ ભરતી કરશો ત્યારે ભરાઇ જશે?

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, જે જગ્યાઓ ખાલી હોય છે એમને ભરવા માટે સરકાર પ્લાનિંગ કરતી જ હોય છે. જે ભરતી થશે એના આધાર પર જગ્યાઓ ભરવા માટે સરકારની જે વ્યવસ્થા છે એ પ્રકારે ભરતી કેલેન્ડર મુજબ ભરતી થતી હોય છે.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, અમારા જામનગર જિલ્લામાં કમિશનરેટ એરિયા આપવા માગો છો કે નહિ?

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન વડોદરા શહેરનો છે. સભ્યશ્રીનો પ્રશ્ન સ્કોપ બહાર છે.

દાહોદ જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજના

*** 15/8/839શ્રી શૈલેષભાઇ સુમનભાઇ ભાભોર (**લીમખેડા**):માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન		**જવાબ**
(૧)	દાહોદ જિલ્લામાં તા.૩૧/૦૩/૨૦૨૫ની સ્થિતિએ સંકલિત ડેરી વિકાસ યોજના અમલમાં છે કે કેમ,	(૧)	હા,જી
(૨)	જો હા, તો ઉક્ત સ્થિતિએ આ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે?	(૨)	કુલ ૩૬૬૭

શ્રી શૈલેષભાઇ સુ. ભાભોર : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો હું સરકારનો આભાર માનું છું કે અમારા દાહોદ, છોટાઉદેપુર અને પંચમહાલ જિલ્લામાં નર્મદા આધારિત ઉદવહન સિંચાઇ યોજનાથી ૧૮ તાલુકાના ૫૧,૪૮૦ હેક્ટર વિસ્તારમાં સિંચાઇ સુવિધા ઉપલબ્ધ કરવાનું આયોજન કર્યું છે તે બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ તેમજ નાયબ મુખ્યમંત્રી હર્ષભાઇ સંઘવી સાહેબ અને આપણા નાણામંત્રી કનુભાઇ દેસાઇ સાહેબનો હૃદયથી ખૂબ–ખૂબ આભાર માનું છું. અમારા દાહોદ જિલ્લામાં નવું એરપોર્ટ વિકસાવવા માટે પણ બજેટમાં જોગવાઇ કરવામાં આવેલ છે. તે પણ આનંદની વાત છે. અમારો દાહોદ જિલ્લો આદિવાસી વિસ્તાર હોઇ એમાં નવીન જી.આઇ.ડી.સી. બનાવવા માટે પણ બજેટમાં જોગવાઇ કરી છે.

અધ્યક્ષશ્રી : આપ બજેટની ચર્ચા સમયે દંડકશ્રીને વાત કરજો. એ આપને મોકો આપશે.

શ્રી શૈલેષભાઇ સુ. ભાભોર : મારો પ્રશ્ન એ છે કે સંકલિત ડેરી વિકાસ યોજનામાં યુનિટદીઠ પશુ સહાયમાં છેલ્લે ક્યારે અને કેટલો વધારો કરવામાં આવ્યો છે?

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે બજેટ ઉપર તમે જે કામ કર્યું છે એની બધી માહિતી અહીંયા આપવા બેસશો તો આ પ્રશ્નોત્તરી કાળનો ઉપયોગ નહિ કરી શકો. આજથી બજેટ ઉપરની ચર્ચા થાય છે તો એની ઉપર તમે તમારો વિષય મૂકી શકશો. એ મેં પહેલા દિવસે પણ આપને કહ્યું હતું અને ફરી પણ કહું છું.

શ્રી પી.સી. બરંડા : માનનીય અધ્યક્ષશ્રી, આ સંકલિત ડેરી વિકાસ યોજના વર્ષ ૨૦૦૭–૦૮ થી શરૂ કરવામાં આવી અને તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના આપણા પ્રધાનમંત્રીશ્રી મોદીજી દ્વારા શરૂઆત કરવામાં આવી. વર્ષ ૨૦૨૪–૨૫માં યુનિટ કોસ્ટ ૭૦ હજાર હતી તે વધારીને ૯૦ હજાર કરવામાં આવી છે અને સરકારશ્રી તરફથી ૫૮ ટકા સબસિડી આપવામાં આવે છે.

શ્રીમતી નિમિષાબેન મ. સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, સંકલિત ડેરી વિકાસ યોજના એ ખૂબ મહત્ત્વની યોજના છે. આદિવાસી સમાજના મહિલા લાભાર્થીઓ આત્મનિર્ભર બને અને મહિલાઓની સશક્તિકરણની વાત હોય ત્યારે સંકલિત ડેરી વિકાસ યોજના ખૂબ અગત્યની હોય છે. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આદિજાતિ સમાજમાંથી મહિલા લાભાર્થી પસંદ કરવામાં આવે છે ત્યારે ૦ થી ૨૦ નો સ્કોર ધરાવતાં મહિલા લાભાર્થીને લાભ આપવાનો હોય છે. જ્યારે આદિવાસી સમાજમાં નાના અને સીમાંત ખેડૂત હોય છે, પરિવાર નાના હોય છે ત્યારે મારી લાગણી છે કે દર વર્ષે ૧૪ જિલ્લામાં આ લાભ આપવાનો હોય તો સ્કોરનો વધારો કરવામાં આવે તો દરેક આદિજાતિ પરિવારની મહિલાઓને આર્થિક સશક્તિકરણમાં જોડી શકાય એટલે આ સ્કોરમાં વધારો કરવા માગો છો કે નહીં?

શ્રી પી.સી. બરંડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું સૂચન છે. જ્યારે આ સૂચન વિચારણામાં લેવામાં આવશે ત્યારે આગળ વધારો કરવો કે કેમ તે નક્કી કરવામાં આવશે.

તારાંકિત પ્રશ્નો

વાયબ્રન્ટ ગુજરાત રિજીનલ કોન્ફરન્સ (સૌરાષ્ટ્ર– કચ્છ ઝોન)

***15/8/772શ્રીશામજીભાઈ ભીમજીભાઈ ચૌહાણ** (ચોટીલા)**: માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (પ્રવાસન)**જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ગુજરાત રાજ્યમાં વાયબ્રન્ટ ગુજરાત રિજીનલ કોન્ફરન્સ – ૨૦૨૫ (સૌરાષ્ટ્ર– કચ્છઝોન) અંતર્ગત પ્રવાસન વિભાગ દ્વારા કેટલા કરોડના રોકાણમાટેએમ.ઓ.યુ. કરવામાંઆવેલછે,	(૧)	૩.૧૫૨૭.૫૬ કરોડના રોકાણ માટે એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે.
(૨)	તે પૈકી પ્રવાસન વિભાગ દ્વારા ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટ્સ માટેના કેટલા કરોડના રોકાણ માટે એમ.ઓ.યુ. કરવામાં આવેલછે, અને	(૨)	૩.૧૫૨૭.૫૬ કરોડના રોકાણ માટે એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે.
(૩)	તે પૈકી પ્રવાસન વિભાગ દ્વારા સ્ટ્રેટજીક પાર્ટનરશીપ માટે કેટલા એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે?	(૩)	૪(ચાર)એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે.

શ્રી શામજીભાઈ ભી. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ ૨૦૨૫ (સૌરાષ્ટ્ર–કચ્છ ઝોન) અંતર્ગત કયા પ્રકારના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ માટે એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે?

ડૉ. જયરામભાઇ ચે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, વાઇબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ, ૨૦૨૫ અંતર્ગત લકઝુરિયસ હોટલ, રિસોર્ટ, એડવેન્ચર ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટ, ઇકોટુરિઝમ રિસોર્ટ વગેરે જેવા ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ માટે એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે.

શ્રી પરષોત્તમભાઇ ખેં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, વાઇબ્રન્ટ ગુજરાત સમિટ પછી સમગ્ર ગુજરાતમાં રોજગારીની તકો વધી છે. મારા દસાડા વિધાનસભા વિસ્તારમાં એકબાજુ રણ વિસ્તાર અને એકબાજુ નળ સરોવર આવેલું છે. ઉદ્યોગો આવવાના કારણે રોજગારીની અનેક તકો વધી છે. ખાસ કરીને પાટડી તાલુકાના રાજપર ગામે જી.આઇ.ડી.સી. આપી છે તે બદલ હું માનનીય મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી અને ઉદ્યોગ મંત્રીશ્રીનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું અને આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ ૨૦૨૫ (સૌરાષ્ટ્ર–કચ્છ ઝોન) અંતર્ગત કયા પ્રકારના સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ માટે એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે?

ડૉ. જયરામભાઇ ચે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ ૨૦૨૫ (સૌરાષ્ટ્ર–કચ્છ ઝોન) અંતર્ગત પ્રવાસન વિભાગ દ્વારા સૌરાષ્ટ્ર–કચ્છ ઝોન માટે કુલ ૩.૧૫૨૭ કરોડના રોકાણ માટે એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે. સદર એમ.ઓ.યુ. લકઝુરિયસ હોટલ, રીસોર્ટ, એડવેન્ચર ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટ, ઇકોટુરિઝમ રીસોર્ટ વગેરે જેવાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ માટે કરવામાં આવેલ છે. એમ.ઓ.યુ.નો મુખ્ય હેતુ સૌરાષ્ટ્ર–કચ્છ વિસ્તારમાં ઉચ્ચ ગુણવત્તાવાળી પ્રવાસન સુવિધા ઊભી કરવી, રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય પર્યટકોને આકર્ષવા, સ્થાનિક રોજગાર અને આવકના સ્ત્રોતમાં વધારો કરવો, ઇકોફ્રેન્ડલી અને ટકાઉ પ્રવાસન વિકાસને પ્રોત્સાહન આપવાનો છે. આ સાથે સાથે રાજ્યમાં પ્રવાસન ક્ષેત્રના સર્વાંગી વિકાસ અને સુવ્યવસ્થિત વિકાસ હેતુસર સબંધિત ક્ષેત્રના નિષ્ણાંતો અને અનુભવી સંસ્થાઓ સાથે સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ માટે કુલ ચાર એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે. જે ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ટ્રાવેલ, એગ્રિગેટર તથા હેરિટેજ મિલકતના વિકાસ સંલગ્ન છે. રાજ્યમાં પ્રવાસ સબંધી આધુનિક સુવિધાઓ, પર્યટક સુવિધાઓ, કેન્દ્ર ધોરીમાર્ગની પ્રવાસી સુવિધાઓ, થીમ આધારિત આકર્ષણ તથા અન્ય જરૂરી ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા હેતુસર કરવામાં આવેલ છે. રાજ્યના પ્રવાસન સ્થળોની ડિજિટલ પ્રમોશન, ઓનલાઇન બુકિંગ સુવિધા, પેકેજ ટૂર, માર્ગદર્શક સેવા તથા પર્યટકોને એકિકૃત પ્લેટફોર્મ પર સેવાઓ ઉપલબ્ધ કરાવવાના હેતુસર કરવામાં આવેલ છે. ઐતિહાસિક વારસાગત મિલકતોના રક્ષણ સાથે તેમનો પર્યટન હેતુસર ઉપયોગ હેરિટેજ હોટેલ સાંસ્કૃતિક કેન્દ્ર તરીકે વિકાસ તથા સ્થાનિક આર્થિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા હેતુસર કરવામાં આવેલ છે. જેનાથી રાજ્યના વારસાગત સ્થળોની સંભાળ અને પુનઃજીવીકરણ થશે. સ્થાનિક હસ્તકલા, લોકકલા, પરંપરાગત વ્યવસાયોને પ્રોત્સાહન મળશે. પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગાર સર્જન થશે તથા રાજ્યની પ્રવાસન ઇમેજમાં વધારો થશે. જેથી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર બનશે.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, મારી ૯૦–સોમનાથ વિધાનસભામાં સોમનાથ દાદાનું પ્રથમ જ્યોર્તિલિંગ આવેલ છે ત્યારે પ્રવાસન નિગમ દ્વારા આ વિસ્તારમાં કોઇ કંપનીઓ સાથે એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે કે કેમ?, એમ.ઓ.યુ. કરવામાં આવેલ હોય તો કંઇ કંપની સાથે કરવામાં આવેલ છે?, કેટલા રૂપિયાનું કરવામાં આવશે? અને આ એમ.ઓ.યુ. અંતર્ગત સોમનાથના કયા ચોક્કસ સ્થળોએ પ્રોજેક્ટ સ્થાપવાનું આયોજન છે?

ડૉ. જયરામભાઇ ચે. ગામીત : હાલમાં મારી પાસે આ માહિતી નથી. હું પાછળથી પહોંચાડી દઇશ.

તારાંકિત પ્રશ્નો

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, પ્રવાસન નિગમનું જ છે.

અધ્યક્ષશ્રી : તમારી વાત સાચી જ છે. એમણે જવાબ આપવો જોઇએ. એમની પાસે હાલ નથી એટલે રેકોર્ડ પર મૂકવામાં આવે એવી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, અગત્યનો પ્રશ્ન છે.

અધ્યક્ષશ્રી : હા, તમારો પ્રશ્ન ખોટો છે એવું હું નથી કહેતો.

ભરૂચ જિલ્લામાં આત્મનિર્ભર ગુજરાત યોજના-૨૦૨૨ હેઠળ Micro, Small and Medium Enterprise (MSME) એકમોની ક્લેઇમ અરજીઓ

*** 15/8/694: શ્રી અરૂણસિંહ અજીતસિંહ રણા** (વાગરા)**:માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ)**જણાવવા કૃપા કરશે કે: –

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં આત્મનિર્ભર ગુજરાત યોજના -૨૦૨૨ અંતર્ગત વ્યાજ સહાય યોજના હેઠળ Mlcro, Small and Medium Enterprise (MSME)એકમોની કેટલી ક્લેઇમ અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૧)	૧૫૬ ક્લેઇમ અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે.
(૨)	તે પેટે ઉક્તસ્થિતિએ કુલ કેટલી વ્યાજ સહાય ચૂકવવામાં આવી?	(૨)	રૂ. ૧૧૯૨.૫૫ લાખ વ્યાજ સહાય ચૂકવવામાં આવેલ છે.

અરૂણસિંહ અ. રણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ભરૂચ જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે? અને તેમાં કેટલી ચૂકવણી કરવામાં આવેલ છે?

ડૉ. જયરામભાઇ ચે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચમાં ૧૫૬ અરજીઓ આવેલ છે. એ પૈકી ભરૂચ જિલ્લાની વાત કરું તો, અંકલેશ્વર તાલુકામાં ૮૦ અરજીઓ આવેલ છે. એમાં રૂ.૫૫૩.૭૭ લાખનું ચૂકવણું કરવામાં આવેલ છે. ભરૂચ પ્રોપરમાં ૧૩ અરજીઓ આવેલ હતી. એમાં રૂ.૫૪.૫૨ લાખનું ચૂકવણું કરવામાં આવેલ છે. ઝઘડિયા તાલુકામાં ૯ અરજી આવેલ હતી. એમાં રૂ.૫૦.૪૯ લાખ ચૂકવવામાં આવેલ છે. વાગરા તાલુકામાં ૫૪ અરજીઓ આવેલ હતી. એમાં રૂ.૫૩૩.૭૬ લાખનું ચૂકવણું કરવામાં આવેલ છે. આમ, ભરૂચ જિલ્લામાં કુલ રૂ.૧૧ કરોડ ૯૨ લાખ ૯૫ હજારનું ચૂકવણું કરવામાં આવેલ છે.

ડૉ. દર્શના ચં. દેશમુખ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આત્મનિર્ભર ગુજરાત યોજના-૨૦૨૨ અંતર્ગત વ્યાજ સહાય યોજનાના અમલીકરણનો સમયગાળો અને તે માટેની જરૂરી શરતો કઇ-કઇ છે?

ડૉ. જયરામભાઇ ચે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, તા.૦૫/૧૦/૨૦૨૨ના ઠરાવથી આત્મનિર્ભર ગુજરાત યોજના-૨૦૨૨ અંતર્ગત એમ.એસ.એમ.ઇ. યોજના જાહેર કરવામાં આવેલ છે. સદર યોજનાનો સમયગાળો તા.૦૫/૧૦/૨૦૨૨થી તા.૦૪/૧૦/૨૦૨૭ સુધીનો છે. વ્યાજ સહાય માટેની શરતોની વાત કરીએ તો, એકમે સમયમર્યાદામાં ઓનલાઇન અરજી કરવાની રહેશે. મોડી અરજીઓ સ્વીકારવામાં આવશે પણ લેટ સબમિશન સમયગાળો મળવાપાત્ર સમય અને સહાયમાંથી બાદ કરવાનો રહેશે. એકમે આર.બી.આઇ.માન્ય બેંક અથવા નાણાકીય સંસ્થા પાસેથી ટર્મ લોન લેવાની રહેશે. એકમે પ્રથમ ધિરાણ ઔદ્યોગિક નીતિના અમલીકરણ સમયગાળામાં લેવાનું રહેશે. એકમ ઓછામાં ઓછું પાંચ વર્ષ સુધી સતત ઉત્પાદનમાં રહેવું જોઇએ. એકમે રોજગારીની શરતો પરિપૂર્ણ કરવાની રહેશે.

બાલાસિનોર તાલુકાના રૈયાલી ગામે ડાયનોસોર પાર્ક

***15/8/686શ્રીમાનસિંહ કોહ્યાભાઈ ચૌહાણ** (બાલાસિનોર): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (પ્રવાસન)**જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન		જવાબ
(૧)	બાલાસિનોર તાલુકાના રૈયાલી ખાતે ડાયનોસોર પાર્ક/મ્યુઝિયમની મુલાકાતે આવતા પર્યટકોની સુવિધા મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ કોઈ આયોજન હાથ ધરેલ છે કે કેમ,	(૧)	હા, જી.
(૨)	જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તે અંતર્ગત શી કાર્યવાહી કરવામાં આવેલ છે, અને	(૨)	છેલ્લા બે વર્ષમાં ડાયનોસોર મ્યુઝિયમ ખાતે ફેઝ-૨ અંતર્ગત પૂર્ણ થયેલ કામગીરી જેવી કે ૫-ડી થિયેટર, ડિજિટલ ફોરેસ્ટ, ૩૬૦ ડિગ્રી વર્ચ્યુઅલ રિયાલીટી, એક્સપેરિમેન્ટ લેબોરેટરી, સેમી-સર્ક્યુલર પ્રોજેકશન મેપીંગ, ૩-ડી પ્રોજેકશન મેપિંગ, હોલોગ્રામ, મૂડ લાઇટ વગેરેની જાળવણી અને નિભાવણીકરવામાં આવી રહેલ છે.
(૩)	ઉક્ત સ્થિતિએ તે માટે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?	(૩)	રૂ. ૧૪૪.૪૬/- લાખ

અતારાંકિત પ્રશ્નો

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, મહીસાગર જિલ્લાના રૈયાલી ખાતે જે ડાયનોસોર પાર્ક છે એ વિશ્વમાં બીજા નંબરનું છે. ત્યાં ઘણા બધા પર્યટકો દેશ–વિદેશમાંથી આવે છે. ત્યાં સુવિધામાં થોડી કસર છે. એનો પ્રચાર–પ્રસાર થાય તો લોકો એનો લાભ લઈ શકે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો

તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

ધોળાવીરાની મુલાકાતે આવતા પ્રવાસીઓ માટે સવલતો

15/8/773શ્રીવિરેન્દ્રસિંહ બહાદુરસિંહ જાડેજા (રાપર):**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી(પ્રવાસન)**જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્લ્ડ હેરિટેજ સાઈટ ધોળાવીરાની મુલાકાતે આવતા પ્રવાસીઓ માટે રહેવાની સવલતોના વિકાસ અર્થે કોઈ પગલાઓ લેવામાં આવ્યા છે કે કેમ, અને	(૧)	હા,જી.
(૨)	જો હા, તો ઉક્ત સ્થિતિએ કયા પ્રકારની સવલતો વિકસાવવામાં આવી છે?	(૨)	પ્રવાસીઓની સુવિધાસભર રહેવાની વ્યવસ્થા માટે પી.પી.પી.ધોરણે ૪૪ જેટલા કોટેજીસ તથા અન્ય પ્રવાસી સુવિધાઓ જેવી કે રેસ્ટોરન્ટ,બેન્કવેટ હોલ,તરણકુંડ,ઈન્ડોર ગેમઝોનનું નિર્માણ કરવામાં આવેલ છે.

––––––

વાયબ્રન્ટ ગુજરાત રિજીનલ કોન્ફરન્સ (સૌરાષ્ટ્ર– કચ્છ ઝોન)

15/8/772શ્રીશામજીભાઈ ભીમજીભાઈ ચૌહાણ (ચોટીલા)**: માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (પ્રવાસન)**જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ગુજરાત રાજ્યમાં વાયબ્રન્ટ ગુજરાત રિજીનલ કોન્ફરન્સ – ૨૦૨૫ (સૌરાષ્ટ્ર– કચ્છઝોન) અંતર્ગત પ્રવાસન વિભાગ દ્વારા કેટલા કરોડના રોકાણમાટેએમ.ઓ.યુ. કરવામાંઆવેલછે,	(૧)	રૂ.૧૫૨૭.૫૬ કરોડના રોકાણ માટે એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે.
(૨)	તે પૈકી પ્રવાસન વિભાગ દ્વારા ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટ્સ માટેના કેટલા કરોડના રોકાણ માટે એમ.ઓ.યુ. કરવામાં આવેલછે, અને	(૨)	રૂ.૧૫૨૭.૫૬ કરોડના રોકાણ માટે એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે.
(૩)	તે પૈકી પ્રવાસન વિભાગ દ્વારા સ્ટ્રેટજીક પાર્ટનરશીપ માટે કેટલા એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે?	(૩)	૪(ચાર)એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે.

––––––

ભરૂચ જિલ્લામાં આત્મનિર્ભર ગુજરાત યોજના–૨૦૨૨ હેઠળ Micro, Small and Medium Enterprise (MSME) એકમોની ક્લેઈમ અરજીઓ

15/8/694: શ્રી અરૂણસિંહ અજીતસિંહ રણા (વાગરા)**:માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ)**જણાવવા કૃપા કરશે કે: –

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫નીસ્થિતિએછેલ્લા એકવર્ષમાંભરૂચ જિલ્લામાં આત્મનિર્ભર ગુજરાત યોજના -૨૦૨૨ અંતર્ગત વ્યાજ સહાય યોજના હેઠળ Mlcro, Small and Medium Enterprise (MSME)એકમોની કેટલી ક્લેઈમ અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૧)	૧૫૬ ક્લેઈમ અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે.
(૨)	તે પેટે ઉક્તસ્થિતિએ કુલ કેટલી વ્યાજ સહાય ચૂકવવામાં આવી?	(૨)	રૂ. ૧૧૯૨.૫૫ લાખ વ્યાજ સહાય ચૂકવવામાં આવેલ છે.

ફાલ્ગુન ૦૬, ૧૯૪૭ શાકે

અતારાંકિત પ્રશ્નો

બાલાસિનોર તાલુકાના રૈયાલી ગામે ડાયનોસોર પાર્ક

15/8/686શ્રીમાનસિંહ કોહ્યાભાઈ ચૌહાણ (બાલાસિનોર): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (પ્રવાસન)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	બાલાસિનોર તાલુકાના રૈયાલી ખાતે ડાયનોસોર પાર્ક/મ્યુઝિયમની મુલાકાતે આવતા પર્યટકોની સુવિધા મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ કોઈ આયોજન હાથ ધરેલ છે કે કેમ,	(૧)	હા, જી.
(૨)	જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તે અંતર્ગત શી કાર્યવાહી કરવામાં આવેલ છે, અને	(૨)	છેલ્લા બે વર્ષમાં ડાયનોસોર મ્યુઝિયમ ખાતે ફેઝ–૨ અંતર્ગત પૂર્ણ થયેલ કામગીરી જેવી કે ૫–ડી થિયેટર, ડિજિટલ ફોરેસ્ટ, ૩૬૦ ડિગ્રી વર્ચ્યુઅલ રિયાલીટી, એક્સપેરિમેન્ટ લેબોરેટરી, સેમી–સર્ક્યુલર પ્રોજેકશન મેપીંગ, ૩–ડી પ્રોજેકશન મેપિંગ, હોલોગ્રામ, મૂડ લાઇટ વગેરેની જાળવણી અને નિભાવણીકરવામાં આવી રહેલ છે.
(૩)	ઉક્ત સ્થિતિએ તે માટે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?	(૩)	રૂ. ૧૪૪.૪૬/– લાખ

વડોદરા જિલ્લામાં આત્મનિર્ભર ગુજરાત યોજના–૨૦૨૨ હેઠળ Micro, Small and Medium Enterprise (MSME) એકમોની ક્લેઈમ અરજીઓ

15/8/693શ્રી કેતનભાઈ મહેન્દ્રભાઈ ઈનામદાર (સાવલી)**: માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ)**જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫નીસ્થિતિએછેલ્લા એકવર્ષમાંવડોદરા જિલ્લામાં આત્મનિર્ભર ગુજરાત યોજના-૨૦૨૨ અંતર્ગત વ્યાજ સહાય યોજના હેઠળ Micro, Small and Medium Enterprise (MSME)એકમોની કેટલી ક્લેઈમ અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૧)	૩૮૩ ક્લેઇમ અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે .
(૨)	તે પેટે ઉક્તસ્થિતિએ કુલ કેટલી વ્યાજ સહાય ચૂકવવામાં આવી?	(૨)	રૂ.૧૬૬૯.૩૭ લાખ વ્યાજ સહાય ચૂકવવામાં આવેલ છે.

ગુજરાતના ઐતિહાસિક વારસાને પ્રદર્શિત કરતા સંગ્રહાલયો

15/8/819શ્રી મહેશ કસવાલા (સાવરકુંડલા): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ)**જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ગુજરાતના ઐતિહાસિક વારસાને પ્રદર્શિત કરતા સંગ્રહાલયના નિર્માણ માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ આયોજન કરવામાં આવેલ છે કે કેમ,	(૧)	હા,ગુજરાતના ઐતિહાસિક વારસાને પ્રદર્શિત કરતા સંગ્રહાલયોના નિર્માણ માટે રાજ્ય સરકાર દ્વારા આયોજન કરવામાં આવેલ છે.
(૨)	જો હા તો,કયા સંગ્રહાલયનું નિર્માણ કરવામાં આવેલ છે, અને	(૨)	ગુજરાતના ઐતિહાસિક વારસાને પ્રદર્શિત કરવા એકતાનગર ખાતે ગુજરાતના ઐતિહાસિક વારસાને દર્શાવતું ગુજરાત વંદના સંગ્રહાલય બનાવવાની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે.
(૩)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ અંગે	(૩)	કામનું નામ / ખર્ચ (રૂ. લાખમાં) / ગુજરાત વંદના / વર્ષ ૨૦૨૪ / ૯૩૭.૧૮

	કેટલો ખર્ચ થયેલ છે?		સંગ્રહાલય	વર્ષ ૨૦૨૫	૩૫૯.૫૦
				કુલ	૧૨૯૬.૬૮

ભરૂચ જિલ્લામાં પ્રવાસનના વિકાસ બાબત

15/8/769શ્રીરમેશભાઈ નારણદાસ મિસ્ત્રી (ભરૂચ): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી(પ્રવાસન)**જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લાના કયા પ્રવાસન સ્થળના વિકાસ અર્થે શી કામગીરી હાથધરાયેલ છે, અને	(૧)	
(૨)	આ કામગીરી માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે?	અને	
		(૨)	

પ્રવાસન સ્થળ	કામગીરી	ખર્ચ
શુક્લતીર્થ, કબીરવડ, મંગલેશ્વર, અંગારેશ્વર	ઘાટડેવલપમેન્ટ, લેન્ડસ્કેપિંગ,પાર્કિંગ વ્યવસ્થા, ચિલ્ડ્રન પ્લે એરિયા, સીટીંગ અરેન્જમેન્ટ, ઈલેક્ટ્રીફીકેશન, પીવાના પાણીની વ્યવસ્થા, ટોઈલેટ બ્લોક, સાયનેજીસ.	૩.૬,૬૨,૨૦,૫૪૮/–
જૈન સર્કીટ (ગાંધાર, ભરૂચ, ઝઘડીયાજી, કાવી)	રીલીજીયસ થીમ આધારીત પ્રવેશ દ્વાર, ગાર્ડન, સ્કલ્પચર, સ્ટ્રીટ લાઈટ, પાર્કિંગ, સીટીંગ અરેન્જમેન્ટ, ડ્રાઈવર્સ ફેસિલીટીસ, શૌચાલય.	૩.૮,૪૬,૯૨,૫૭૩/–
આરતી ઘાટ (નીલકંઠેશ્વર મહાદેવ મંદિર)	ઘાટ ડેવલપમેન્ટ, લેન્ડસ્કેપિંગ, સ્કલ્પચર, ગઝેબો, ઈલેક્ટ્રીફીકેશન,પીવાના પાણીની વ્યવસ્થા.	૩.૧,૭૫,૯૦૮/–

રાજ્યમાં અખિલ ભારતીય વીર સાવરકર સમુદ્ર તરણ સ્પર્ધા

15/8/818શ્રી ચિરાગકુમાર અરવિંદભાઈ પટેલ (ખંભાત) **: માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી(રમતગમત,યુવકસેવા)**જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અખિલ ભારતીય વીર સાવરકર સમુદ્ર તરણ સ્પર્ધાનું આયોજન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલ છે કે કેમ, અને	(૧)	હા.
(૨)	જો હા, તો વર્ષવાર કેટલા સ્પર્ધકોએ ભાગ લીધો અને વિજેતા સ્પર્ધકોને વર્ષવાર કેટલી રકમ ઈનામ સ્વરૂપે આપવામાં આવી?	(૨)	

વર્ષવાર ભાગ લીધેલ સ્પર્ધકોની સંખ્યા

વર્ષ	**ભાઈઓ**	**બહેનો**	**કુલ**
૨૦૨૩–૨૪	૨૪	૧૩	**૩૭**
૨૦૨૪–૨૫	૨૩	૧૫	**૩૮**

વર્ષવાર વિજેતા સ્પર્ધકોને આપેલ ઈનામની રકમ

વર્ષ	**ઈનામની રકમ**
૨૦૨૩–૨૪	૩.૨,૨૦,૦૦૦/–(અંકે રૂપિયા બે લાખ વીસ હજાર પૂરા)
૨૦૨૪–૨૫	૩.૨,૨૦,૦૦૦/–(અંકે રૂપિયા બે લાખ વીસ હજાર પૂરા)

સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ ખાતે પોલીસ દ્વારા દલિતો ઉપર થયેલા ફાયરીંગ બાબત

15/8/871શ્રી ગોપાલભાઇ ગોરધનભાઇ ઇટાલીયા (વિસાવદર)**: માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૦૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ ખાતે પોલીસ દ્વારા દલિતો ઉપર થયેલા ફાયરીંગની તપાસ કરવા માટે જે તપાસ સમિતિની રચના કરવામાં આવેલ તે તપાસ સમિતિ દ્વારા સરકારનેતા.૦૧/૦૫/૨૦૧૩નાં રોજ અહેવાલ સોંપવામાં આવેલ છે તે હકીકત સાચી છે કે કેમ,	(૧)	હા, જી
(૨)	જો હા, તો ઉક્ત અહેવાલ આધારે જવાબદારો વિરૂદ્ધ સરકાર દ્વારા ઉક્ત સ્થિતિએ શી કાર્યવાહી કરવામાં આવેલ છે?	(૨)	સદરહુ તપાસ અહેવાલ સરકારશ્રીની વિચારણા હેઠળ છે.

વડોદરા જિલ્લામાં "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ

15/8/751શ્રી શૈલેષભાઇ કનૈયાલાલ મહેતા (ડભોઇ)**: માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી(ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન		**જવાબ**	
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં કેટલા "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ થયેલા અને,	(૧)	૨૪૭
(૨)	તે અંતર્ગત કેટલી રકમનો મુદ્દામાલ નાગરિકોને પરત કરવામાં આવેલ છે?	(૨)	૩. ૩૦, ૪૯,૭૯,૮૦૪/–

ગીર સોમનાથ અને રાજકોટ જિલ્લામાં ગૌમાંસ અને ગૌવંશના આરોપીઓ બાબત

15/8/885શ્રીવિમલભાઈ કાનાભાઈ ચુડાસમા (સોમનાથ)**:માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)**જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ અને રાજકોટ જિલ્લા/શહેરમાંથી વર્ષવાર કેટલું ગૌમાંસ અને ગૌવંશ પકડવામાં આવ્યા,

(૨)તે અન્વયે કેટલા આરોપીઓની ધરપકડ કરી,

જવાબ

(૧)

જિલ્લો	વર્ષ	પકડાયેલ ગૌમાંસ (કિ.ગ્રા.)	પકડાયેલ ગૌવંશની સંખ્યા
રાજકોટ શહેર	૨૦૨૪	૩૨૦	૦૦
	૨૦૨૫	૯૦	૦૪
રાજકોટ ગ્રામ્ય	૨૦૨૪	૦૦	૦૦
	૨૦૨૫	૦૦	૧૯
ગીર	૨૦૨૪	૦૦	૦૪

(૨)

જિલ્લો	આરોપીઓની સંખ્યા
રાજકોટ શહેર	૧૧
રાજકોટ ગ્રામ્ય	૦૮
ગીર સોમનાથ	૨૨

<table>
<tr><td>(૩) તેઓ સામે કયા કાયદાની કઈ કલમ હેઠળ શી કાર્યવાહી કરવામાં આવી, અને</td><td>(૩)
<table><tr><td>કાયદાની વિગત</td><td>નીચે મુજબની કલમ હેઠળ ગુનો દાખલ કરવામાં આવેલ છે.</td></tr><tr><td>પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ–૧૯૬૦</td><td>૧૧(ડ)(ઇ), ૧૧ (ઢ), ૧૧(૧) (ક)(છ)(ઝ)</td></tr><tr><td>ગુજરાત પ્રાણી સંરક્ષણ અધિનિયમ–૧૯૫૪</td><td>૫ (૧–ક) ,૬–(ખ–૧), ૬ (ખ–૨), ૮(૨),૮(૩),૮ (૪),૧૦,</td></tr><tr><td>ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩</td><td>૨૯૮, ૨૨૩, ૩૦૩ (૨) ૩૨૫</td></tr><tr><td>ગુજરાત પશુ સંરક્ષણ (સુધારા) અધિનિયમ–૨૦૧૭</td><td>૫ (ક), ૬ (ક),૬ (ખ) , ૮ (૨) , ૮(૪) , ૧૦</td></tr></table></td></tr>
<tr><td>(૪) ઉક્ત સ્થિતિએ કેટલા આરોપીઓની ધરપકડ કરવાની બાકી છે?</td><td>(૪)
<table><tr><td>જિલ્લો</td><td>આરોપીઓની સંખ્યા</td></tr><tr><td>રાજકોટ શહેર</td><td>૦૦</td></tr><tr><td>રાજકોટ ગ્રામ્ય</td><td>૦૦</td></tr><tr><td>ગીર સોમનાથ</td><td>૦૦</td></tr></table></td></tr>
</table>

અંબાજી નજીક પાડલીયા ગામે વનીકરણ માટે ફાળવેલ બંદોબસ્ત બાબત

15/8/676શ્રી ચૈતરભાઇ દામજીભાઇ વસાવા (દેડીયાપાડા): **માનનીયનાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	ડીસેમ્બર–૨૦૨૫માં દાંતા તાલુકાના અંબાજી નજીક પાડલીયા ગામે વનીકરણની પ્રક્રિયાને લઈને આદિવાસી લોકો અને પોલીસ વચ્ચે થયેલ ઘર્ષણની ઘટનામાં કેટલા કર્મચારીઓ અને વાહનો સાથે પોલીસ બંદોબસ્ત ફાળવવામાં આવ્યો હતો,	(૧)	સરકારી વાહન-૦૨(બે) તથા બંદોબસ્ત માટે ફાળવેલ પોલીસ અધિકારી/કર્મચારીની સંખ્યા–૩૦ (ત્રીસ)
(૨)	ઉકત ઘટના દરમિયાન ટિયરગેસના સેલ અને ફાયરીંગ કેટલા રાઉન્ડ કરવામાં આવ્યું હતુ, અને	(૨)	ટીયરગેસના કુલ–૧૪ (ચૌદ) સેલ છોડવામાં આવેલ હતા તથા પોલીસ દ્વારા કોઈ ફાયરિંગ કરવામાં આવેલ નથી.
(૩)	ઉક્ત ઘટનામાં કેટલા પોલીસ કર્મીઓને ઈજાઓ પહોંચી હતી?	(૩)	૧૭ (સત્તર)

ફાલ્ગુન ૦૬, ૧૯૪૭ શાકે

અતારાંકિત પ્રશ્નો

મહેસાણા જિલ્લામાં શ્રી વાજપાઇ બેંકેબલ યોજના

15/8/753શ્રી સુખાજી સોમાજી ઠાકોર (બેચરાજી):**માનનીયખાદી, કુટીર અને ગ્રામોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં શ્રી વાજપાઇ બેંકેબલ યોજના અન્વયે કેટલી અરજીઓ આવી,	(૧)	૮૩૮૪
(૨)	તે પૈકી કેટલી અરજીઓનીભલામણ બેંકોને કરવામાં આવી, અને	(૨)	૮૧૭૬
(૩)	તે પૈકી બેંકો દ્વારા કેટલા અરજદારોને લોન આપવામાં આવી?	(૩)	૬૭૫૭

... ...

વ્યારામાં રમતગમત સંકુલ બાબત

15/8/61 શ્રી મોહનભાઇ ઢેડાભાઇ કોંકણી (વ્યારા):**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી(રમતગમત, યુવક સેવા)** જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ડોલવણ અને વ્યારા તાલુકામાં અદ્યતન સ્પોર્ટ સંકુલ બનાવવાનું સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને	(૧)	રાજ્ય સરકાર દ્વારા હાલ જીલ્લા કક્ષાએ સ્પોર્ટ્સ સંકુલને અગ્રતા આપેલ હોઇ હાલ વ્યારા તાલુકા મથકે અને ડોલવણ ખાતે તાલુકા રમત સંકુલ બનાવવાનું કોઇ આયોજન નથી.
(૨)	જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તે અંતર્ગત શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે?	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

દાહોદ જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના

15/8/816 :શ્રી મહેશભાઇ ભુરીયા (ઝાલોદ):માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે **:–**

	પ્રશ્ન		**જવાબ**
(૧)	દાહોદ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ કૃષિ વૈવિધ્યકરણ યોજના ખરીફ અને રવિ સિઝન અમલમાં છે કે કેમ,	(૧)	હા,જી
(૨)	જો હા, તો આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા આદિજાતિ લાભાર્થીઓને કયા પ્રકારના લાભ આપવામાં આવેલ છે?	(૨)	બે વર્ષમાં કુલ ૫૯૭૬૯ આદિજાતિ લાભાર્થીઓને આ યોજના હેઠળ પ્રતિ લાભાર્થી ખરીફ ઋતુમાં સોયાબીન અને તુવેર પૈકી કોઇ એક બિયારણ તથા રવિ ઋતુમાં ઘઉં, ચણા અને મકાઇ પૈકી કોઇ એક બિયારણ તથા તેની સાથે ટામેટા અને રીંગણનું બિયારણ અને રવિ ઋતુ તથા ખરીફ ઋતુમાં પ્રોમ ખાતર, એ.પી.એસ. ખાતર અને નેનો યુરીયાની બોટલ આપવામાં આવે છે.

સુરેન્દ્રનગર અને ગાંધીનગર જિલ્લામાં ગૌમાંસ અને ગૌવંશના આરોપીઓ બાબત

15/8/906શ્રીજિગ્નેશ મેવાણી (વડગામ):**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)**જણાવવા કૃપા કરશે કે.–

<table>
<tr><th>પ્રશ્ન</th><th>જવાબ</th></tr>
<tr><td>(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર અને ગાંધીનગર જિલ્લા/શહેરમાંથી વર્ષવાર કેટલું ગૌમાંસ અને ગૌવંશ પકડવામાં આવ્યા,</td><td>(૧)
<table>
<tr><th>જિલ્લો</th><th>વર્ષ</th><th>પકડાયેલ ગૌમાંસ (કિ.ગ્રા.)</th><th>પકડાયેલ ગૌવંશની સંખ્યા</th></tr>
<tr><td rowspan="2">સુરેન્દ્રનગર</td><td>૨૦૨૪</td><td>૧૪૪</td><td>૦૬</td></tr>
<tr><td>૨૦૨૫</td><td>૧૦૦</td><td>૦૪</td></tr>
<tr><td>ગાંધીનગર</td><td>૨૦૨૪</td><td>૫૦૨</td><td>૧૯</td></tr>
</table></td></tr>
<tr><td>(૨)તે અન્વયે કેટલા આરોપીઓની ધરપકડ કરી,</td><td>(૨)
<table>
<tr><th>જિલ્લો</th><th>આરોપીઓની સંખ્યા</th></tr>
<tr><td>સુરેન્દ્રનગર</td><td>૧૨</td></tr>
<tr><td>ગાંધીનગર</td><td>૪૩</td></tr>
</table></td></tr>
<tr><td>(૩) તેઓ સામે કયા કાયદાની કઇ કલમ હેઠળ શી કાર્યવાહી કરવામાં આવી, અને</td><td>(૩)
<table>
<tr><th>કાયદાની વિગત</th><th>નીચે મુજબની કલમ હેઠળ ગુનો દાખલ કરવામાં આવેલ છે.</th></tr>
<tr><td>પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ–૧૯૬૦</td><td>૧૧(ડ)(ઇ), ૧૧ (ઢ), ૧૧(૧) (ક)(છ)(ઝ)</td></tr>
<tr><td>ગુજરાત પ્રાણી સંરક્ષણ અધિનિયમ–૧૯૫૪</td><td>૫ (૧–ક) ,૬–(ખ–૧), ૬ (ખ–૨), ૮(૨),૮(૩),૮ (૪),૧૦,</td></tr>
<tr><td>ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩</td><td>૨૮૧,૨૯૯,૩૨૫</td></tr>
<tr><td>ગુજરાત પશુ સંરક્ષણ (સુધારા) અધિનિયમ–૨૦૧૭</td><td>૫ (ક), ૬ (ક),૬ (ખ) , ૮ (૨) , ૮(૪) , ૧૦</td></tr>
<tr><td>ગુજરાત પોલીસ અધિનિયમ</td><td>૧૧૯</td></tr>
<tr><td>મોટર વ્હીકલ એક્ટ</td><td>૧૭૭,૧૮૪</td></tr>
</table></td></tr>
<tr><td>(૪) ઉક્ત સ્થિતિએ કેટલા આરોપીઓની ધરપકડ કરવાની બાકી છે?</td><td>(૪)
<table>
<tr><th>જિલ્લો</th><th>આરોપીઓની સંખ્યા</th></tr>
<tr><td>સુરેન્દ્રનગર</td><td>૦૧</td></tr>
<tr><td>ગાંધીનગર</td><td>૦૪</td></tr>
</table></td></tr>
</table>

છોટાઉદેપુર જિલ્લામાં છોટાઉદેપુર ખાતે આદિવાસી ભવન (કલ્ચર કમ કોમ્યુનિટિ હોલ) બનાવવા બાબત

15/8/615શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર): **માનનીયઆદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં છોટાઉદેપુર ખાતે આદિવાસી ભવન (કલ્ચર કમ કોમ્યુનિટિ હોલ) બનાવવાની કેટલી અરજીઓ સરકારને મળેલ છે, અને	(૧)	એક પણ નહી.

(૨)	ઉક્ત સ્થિતિએ મળેલ અરજીઓ પરત્વે સરકારે શી કાર્યવાહી હાથ ધરેલ છે?	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ભરૂચ જિલ્લાના આમોદ તાલુકામાં મંજુર થયેલ જી.આઇ.ડી.સી. બાબત

15/8/588શ્રી ડી.કે.સ્વામી (જંબુસર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ)**જણાવવા કૃપા કરશે કે –

	પ્રશ્ન		**જવાબ**
	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લાના આમોદ તાલુકા ખાતે જી.આઇ.ડી.સી. શરૂ કરવા રાજ્ય સરકાર દ્વારા શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે?		ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ દ્વારા ભરૂચ જિલ્લાના આમોદ તાલુકામાં ઔદ્યોગિક વસાહત સ્થાપવા માટે જરૂરી ચકાસણી હાથ ધરવામાં આવેલ છે. તે અનુસાર ઔદ્યોગિક વસાહત સ્થાપવા અનુકૂળ પરિબળો જેવા કે, એક જથ્થે સરકારી જમીનની ઉપલબ્ધતા, નજીકના શહેરથી સૂચિત જગ્યાનું અંતર, ટ્રાન્સપોર્ટ ફેસિલિટીની સગવડ વગેરેનો અભ્યાસ કરી પોષણક્ષમ ભાવે જમીન મળ્યેથી વસાહત સ્થાપવા આગળની કાર્યવાહી નિયમોનુસાર હાથ ધરવાની રહે છે.

છોટાઉદેપુર અને જામનગર જિલ્લામાં માર્ગ અકસ્માત ઘટાડવા માટે લેવાયેલ પગલા

15/8/768શ્રી જયંતિભાઈ સવજીભાઈ રાઠવા (જેતપુર(એસ.ટી.)): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી(વાહનવ્યવહાર)** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માર્ગ અકસ્માતમાં ઘટાડો થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા શું પગલા લેવામાં આવ્યાં, અને	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માર્ગ અકસ્માતમાં ઘટાડો થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવેલ પગલાં નીચે મુજબ છે. • વર્ષ ૨૦૨૪ અને ૨૦૨૫માં કુલ ૧૦૮ બ્લેક સ્પોટની ઓળખકરી માર્ગ સલામતી લગત પગલાં લીધેલ છે. • "પરવાહ) "Care (કેમ્પેઈનદરમિયાન ૧,૫૬૨ જેટલી વિવિધ પ્રવૃતિઓ થકી ૧.૨૫ લાખ લોકોને માર્ગ સલામતીનું માર્ગદર્શન આપેલછે. • □□□□ખાતે આવતાં ૨૩,૦૦૦થી વધારે વાહનોમાં રેડીયમ/રીફ્લેકટરની કામગીરી કરેલ છે. • દેશ અને રાજ્યની ખ્યાતનામ સંસ્થાઓ મારફતે સ્ટેક હોલ્ડર વિભાગોને નિયમિત તાલીમ આપેલ છે. • આર.ટી.ઓ કચેરી દ્વારા ટ્રાફિક નિયમોનો ભંગ કરતા વાહનચાલકો સામે તા.૧–૧–૨૦૨૪ થી તા.૩૧–૧૨–૨૦૨૫ સુધી કુલ ૧૧,૦૪,૭૨૬ ચલાન ઈસ્યુ કર્યા. • વિદ્યાર્થીઓમાં માર્ગ સલામતી બાબતે જાગૃતિ લાવવા માટે ધોરણ–૯ થી ૧૨ના પાઠ્યક્રમમાં માર્ગ સલામતીના પ્રકરણોનો સમાવેશ કરેલ છે. • NIC દ્વારા સંચાલિત Integrated Road Accident Database (IRAD) એપમાં

			ઓનલાઇન એન્ટ્રી કરીતેનુંeGujCop સાથે જોડાણ કરેલ છે. • વાહનોમાંઓવરસ્પીડથીથતાંઅકસ્માતોમાં અંકુશ લાવવા ૨૬૫ સ્પીડગન કેમેરા અને ૪૮ ઇન્ટરસેપ્ટર વાનનું ONE NATION, ONE CHALLAN-પ્રોજેકટ સાથે જોડાણ કરેલછે. • "SUGAM:Urban Mobility and Safety Infrastructure Development Project"અંતર્ગત માર્ગ અકસ્માતોનું વૈજ્ઞાનિક અને આધુનિક ટેકનોલોજીથી નિરીક્ષણ શરૂકરેલછે.
(૨)	તે પૈકી છોટાઉદેપુર અને જામનગર જિલ્લામાં શી કામગીરી કરવામાં આવી?	(૨)	માર્ગ અકસ્માતમાં ઘટાડો થાય તે માટે છોટાઉદેપુર અને જામનગર જિલ્લાઓમાં નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે: <u>છોટાઉદેપુરજિલ્લાની કામગીરી :-</u> ૧. જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ઓળખથયેલ૦૩ બ્લેક સ્પોટ ઉપર રોડ એન્જિનિયરિંગ તથા એન્ફોર્સમેન્ટ લગત જરૂરી પગલાં લીધાંછે. ૨. જિલ્લા માર્ગ સલામતી સમિતિની બેઠકનું નિયમિત આયોજન કરી માર્ગ સલામતી સાથે સંકળાયેલાં વિભાગો મારફતે જરૂરી પગલાંઓ લેવામાં આવે છે. ૩. છેલ્લા બે વર્ષમાં વિવિધ શાળા–કોલેજો તથા જાહેર જગ્યાઓ ઉપર કુલ ૧૩૦ જેટલા જનજાગૃતિ કાર્યક્રમો થકી ૧૧,૦૦૦ થી વધુ લોકોને માર્ગ સલામતલગતમાર્ગદર્શનકરેલછે. ૪. જિલ્લામાં માર્ગ સલામતીના ભંગના ગુનાઓ માટે RTO અને પોલીસ દ્વારા છેલ્લા બે વર્ષમાં કુલ ૧૭,૫૩૫ કેસ કરેલછે. વિવિધ પગલાંને કારણે જિલ્લામાં વર્ષ ૨૦૨૪ની સરખામણી વર્ષ ૨૦૨૫માં માર્ગ અકસ્માતો ૧૦.૬૬% અને માર્ગ અકસ્માત મૃત્યુમાં ૧૫.૬૦% ઘટાડો થયેલ છે. <u>જામનગર જિલ્લાની કામગીરી:–</u> ૧. છેલ્લા બે વર્ષમાં વિવિધ શાળા–કોલેજો તથા જાહેર જગ્યાઓ ઉપર કુલ ૪૦૦ જેટલા જનજાગૃતિ કાર્યક્રમો થકી ૫૦,૦૦૦ થી વધુ લોકોને માર્ગ સલામતી શિક્ષણઆપેલછે. ૨. છેલ્લા બે વર્ષમાં ૧૯ બ્લેક સ્પોટ ઉપર રોડ એન્જિનિયરિંગ તથા એન્ફોર્સમેન્ટ લગત કામગીરી થકી છેલ્લા બે વર્ષમાં ૫ સ્થળોને બ્લેક સ્પોટની યાદીમાંથી નાબૂદથયેલછે. ૩. આર.ટી.ઓ. કચેરી દ્વારા માર્ગ સલામતી ભંગના ગુનાઓ માટે છેલ્લા બે વર્ષમાં કુલ ૪૮,૯૧૭ કેસ કરી રૂ.

			૧૧.૦૯ કરોડનો દંડ કરવામાં આવેલ. વિવિધ પગલાંને કારણે જિલ્લામાં વર્ષ ૨૦૨૪ની સરખામણી વર્ષ ૨૦૨૫માં માર્ગ અકસ્માતો ૬.૮૮% અને માર્ગ અકસ્માત મૃત્યુમાં ૯.૦૩% ઘટાડો થયેલછે.

લખપત તાલુકાના મુખ્ય મથક દયાપર ગામે બસ સ્ટેશન બનાવવા

15/8/485શ્રીપ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા) અબડાસા) :**માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી)વાહનવ્યવહાર)**જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ કચ્છ જિલ્લાના લખપત તાલુકાના મુખ્ય મથક દયાપર મુકામે નવું બસ સ્ટેશન બનાવવા માટે કોઈ આયોજન છે કે કેમ, અને	(૧)	હા, જી.
(૨)	જો હા, તો ઉક્ત સ્થિતિએ કામગીરી ક્યાં તબક્કે છે?	(૨)	દયાપર મુકામે બસ સ્ટેશન બનાવવા માટે એસ.ટી.નિગમ હસ્તક જમીન ઉપલબ્ધ ન હોઈ, જમીન ફાળવવા માટે કલેક્ટરશ્રી, ભુજ–કચ્છને તા.૩૧/૦૭/૨૦૨૫થી દરખાસ્ત કરવામાં આવેલ છે.

અમદાવાદ શહેરમાં શાળાના બાળકોને સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ

15/8/702શ્રીમતીકંચનબેનવિનુભાઈરાદડિયા (ઠક્કરબાપાનગર): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		જવાબ
(૧)	રાજયની સુરક્ષા સેતુ યોજના અંતર્ગત શાળાના બાળકોને' સ્ટુડન્ટ પોલીસ કેડેટ' (SPC)ની તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને	(૧)	હા, જી.
(૨)	જોહા, તો તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરમાં કેટલા વિદ્યાર્થીઓને આવી તાલીમ આપવામાં આવેલ છે?	(૨)	૭૯૬૪

સુરત અને તાપી જિલ્લામાં આદિવાસી ભવન

15/8/520 શ્રીમોહનભાઇ ધનજીભાઇ ઢોડિયા (મહુવા(એસ.ટી.)): **માનનીય આદિજાતિ વિકાસમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ સુરત અને તાપી જિલ્લામાં તાલુકાવાર આદિવાસી ભવન બનાવવા સરકારનું કોઇ આયોજન છે કે કેમ,અને	(૧)	હા,જી.
(૨)	જો હા,તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે?	(૨)	ઉકત સ્થિતિએ નીચે મુજબ આયોજન થયેલ છે:

જિલ્લો	તાલુકો	આયોજન થયેલ સંખ્યા
સુરત	માંડવી	૩
	કામરેજ	૮

					ચોર્યાસી	૪	
					ઉમરપાડા	૩	
					મહુવા	૨	
				તાપી	સોનગઢ	૧	
					તાપી	૧	
				કુલ		૨૨	

_ _ _ _ _ _

રાજ્યમાં ટેક્સટાઈલ યુનિવર્સીટીની સ્થાપના બાબત

15/8/459:શ્રી દિનેશભાઇ આતાજી ઠાકોર (ચાણસ્મા**): માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે: –

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા. ૩૧/૧૨/૨૦૨૫નીસ્થિતિએછેલ્લા બે વર્ષમાંરાજ્યમાં ટેક્ષટાઈલ યુનિવર્સીટીની સ્થાપવાની યોજનાનો પ્રોજેક્ટ રીપોર્ટ ક્યારે તૈયાર કરવામાં આવ્યો,	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ટેક્ષટાઇલ યુનિવર્સીટીની સ્થાપવાની યોજનાનો કોઇ નવો પ્રોજેક્ટ રીપોર્ટ તૈયાર કરવામાં આવેલ નથી.
(૨)	ઉક્ત સ્થિતિએ ઉક્ત યુનિવર્સીટીની સ્થાપના માટે સને ૨૦૨૫–૨૬ના બજેટમાં કેટલી રકમની જોગવાઇ કરવામાં આવી,	(૨)	વર્ષ:૨૦૨૫–૨૬ના બજેટમાં રૂ.૦.૦૧ કરોડની ટોકન જોગવાઇ કરવામાં આવેલ છે.
(૩)	ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને	(૩)	ઉક્ત સ્થિતિએ ટોકન જોગવાઇ કરવામાં આવેલ હોઇ કોઇ ખર્ચ થયેલ નથી.
(૪)	ઉક્ત યુનિવર્સીટી કેટલા સમયમાં કાર્યરત થશે?	(૪)	ટેક્ષટાઇલ યુનિવર્સીટી અંગે GITCO(Gujarat Industrial and Technical Consultancy Organization Limited) સંસ્થાને તલસ્પર્શી અભ્યાસ /મૂલ્યાંકન કરવા જણાવેલ છે. જે મળ્યાબાદ આગળની કાર્યવાહી હાથ ધરી શકાશે.

બોટાદ જિલ્લામાં શ્રી વાજપાઇ બેંકેબલ યોજના

15/8/757 મહંત શ્રીશંભુનાથજી ટુંડીયા (ગઢડા)**:માનનીયખાદી, કુટીર અને ગ્રામોદ્યોગમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બોટાદ જિલ્લામાં શ્રી વાજપાઇ બેંકેબલ યોજના અન્વયે કેટલી અરજીઓ આવી,	(૧)	૬૩૪
(૨)	તે પૈકી કેટલી અરજીઓનીભલામણ બેંકોને કરવામાં આવી, અને	(૨)	૫૦૧
(૩)	તે પૈકી બેંકો દ્વારા કેટલા અરજદારોને લોન આપવામાં આવી?	(૩)	૪૧૩

પંચમહાલ જિલ્લામાં ગૌવંશની હેરાફેરીમાં સંડોવાયેલા વાહનો

15/8/527શ્રીજેઠાભાઈ આહીર (ભરવાડ)(શહેરા):**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)**જણાવવા કૃપા કરશે કે.–

<table>
<tr><th>પ્રશ્ન</th><th>જવાબ</th></tr>
<tr><td>(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં ગૌવંશની ગેરકાયદે હેરાફેરી, ગૌમાંસની વાહનમાં હેરાફેરી કરતા કેટલા વાહનોને જપ્ત કરવામાં આવ્યા,</td><td>(૧)
<table>
<tr><th>શહેર/ જિલ્લો</th><th>ગૌવંશની હેરાફેરી કરતા જપ્ત કરેલ વાહનોની સંખ્યા</th><th>ગૌમાંસની હેરાફેરી કરતા જપ્ત કરેલ વાહનોની સંખ્યા</th></tr>
<tr><td>પંચમહાલ</td><td>૬૬</td><td>૩૧</td></tr>
</table></td></tr>
<tr><td>(૨)ઉક્ત વાહનો પૈકી કેટલા વાહનોની જાહેર હરાજી કરી કેટલી રકમ સરકારી તિજોરીમાં જમા કરવામાં આવી, અને</td><td>(૨)
<table>
<tr><th colspan="3">તા.૦૧/૦૧/૨૦૨૪ થી તા.૩૧/૧૨/૨૦૨૫</th></tr>
<tr><td>શહેર/ જિલ્લો</td><td>જપ્ત કરેલ વાહનો પૈકી હરાજી કરેલ વાહનોની સંખ્યા</td><td>સરકારી તિજોરીમાં જમા કરેલ રકમ (રૂપિયા)</td></tr>
<tr><td>પંચમહાલ</td><td>૭૦</td><td>૫૧,૬૪,૭૫૨</td></tr>
</table></td></tr>
<tr><td>(૩) બાકીના વાહનોની હરાજી કરવા શી કાર્યવાહી હાથ ધરેલ છે?</td><td>(૩)
• ચાર વાહનો વાહન માલિકને પરત (૦૪) .કરવામાં આવેલ છે
• ચાર ૦)૪(વાહનોઅંગે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં અરજદારોએ પીટીશન દાખલ કરેલ છે.
• ઓગણીસ)૧૯(વાહનોની જાહેરાત કરી ટૂંક સમયમાં જાહેર હરાજી કરવામાં આવનાર છે.</td></tr>
</table>

અમદાવાદ જિલ્લામાં ગુજરાત માટીકામ કલાકારીઅને રૂરલ ટેકનોલોજી સંસ્થાન દ્વારા ટૂંકાગાળાની તાલીમ યોજના

15/8/764શ્રીકિરીટસિંહ સરદારસંગ ડાભી (ધોળકા):**માનનીય ખાદી, કુટીર અને ગ્રામોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજય સરકારના ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન દ્વારા ટૂંકાગાળાની તાલીમ યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં કુલ કેટલા તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવી,	(૧)	૭૨૭
(૨)	કુલ તાલીમાર્થીપૈકી મહિલા લાભાર્થીઓની સંખ્યા કેટલી હતી, અને	(૨)	૭૨૪
(૩)	કુલ કેટલી રકમના સ્ટાઈપેન્ડની ચૂકવણી કરવામાં આવી?	(૩)	૩. ૨૭.૧૦ લાખ

... ...

દાંતા,અમીરગઢ અને હડાદ તાલુકામાં જાતિ પ્રમાણપત્ર બાબત

15/8/901 શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી (દાંતા) **:માનનીય આદિજાતી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		જવાબ

(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના દાંતા, અમીરગઢ અને હડાદ તાલુકામાં અનુસૂચિત જનજાતિના લોકોને જાતિ પ્રમાણપત્ર મેળવવામાં મુશ્કેલી પડતી હોવાની કેટલી ફરિયાદો સરકારને મળી, અને	(૧)	કુલ ૫(પાંચ)રજુઆત મળેલ છે.
(૨)	ઉક્ત સ્થિતિએ ઉકત ફરિયાદો અન્વયે જાતિના પ્રમાણપત્ર સરળતાથી મળી રહે તે માટે સરકારે શા પગલાં લીધા ?	(૨)	સંબંધિત વિભાગો દ્વારાસરળતાથી જાતિના પ્રમાણપત્ર મળી રહે ,તે માટે સક્રિય રીતે કામ કરી રહ્યા છે.

રાજકોટ જિલ્લામાં ટેક્ષટાઈલ વેલ્યુ ચેઈનમાં ચોક્કસ ક્ષેત્રોને મજબૂત બનાવવા વ્યાજ સહાય

15/8/689: શ્રી હાર્દિક ભરતભાઇ પટેલ (વિરમગામ)**: માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે: –

	પ્રશ્ન		**જવાબ**
)૧(	તા. ૩૧/૧૨/૨૦૨૫નીસ્થિતિએછેલ્લા એકવર્ષમાંગુજરાત ટેક્ષટાઈલ વેલ્યુ ચેઈનમાં ચોક્કસ ક્ષેત્રોને મજબૂત બનાવવા માટે સહાય યોજના–૨૦૧૯ હેઠળ રાજકોટ જિલ્લામાં વ્યાજ સહાય યોજના હેઠળ કેટલી ક્લેઈમ અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૧)	૫૦ ક્લેઈમ અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે.
)૨(	તે પેટે કેટલી સહાયનું ચૂકવણું કરવામાં આવ્યુ?	)૨(	૩.૧૫૯૧.૮૭ લાખ વ્યાજ સહાય પેટે ચૂકવવામાં આવેલ છે.

.....

ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ

15/8/752શ્રી અલ્પેશ ખોડાજી ઠાકોર (ગાંધીનગર (દક્ષિણ)): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી(ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન		**જવાબ**	
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં કેટલા ''તેરા તુજકો અર્પણ'' કાર્યક્રમ થયેલા અને,	(૧)	ગાંધીનગર–૨૭૬ મહેસાણા–૧૬૪
(૨)	તે અંતર્ગત કેટલી રકમનો મુદ્દામાલ નાગરિકોને પરત કરવામાં આવેલ છે ?	(૨)	ગાંધીનગર–૩.૮,૭૦,૦૯,૧૨૫/– મહેસાણા–૩.૩,૨૭,૮૩,૬૯૨/–

ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન દ્વારા વલસાડ અને તાપી જિલ્લામાંતાલીમ

15/8/763શ્રી અરવિંદ છોટુભાઈ પટેલ (ધરમપુર)**:માનનીય ખાદી, કુટિર અને ગ્રામોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન		જવાબ
(૧)	રાજય સરકારના ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન દ્વારા ટૂંકાગાળાની તાલીમ યોજના હેઠળ તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ અને તાપી જિલ્લાઓમાં ટ્રાયબલ એરીયા સબ પ્લાન હેઠળ કુલ કેટલા લાભાર્થીઓને તાલીમ આપવામાં આવેલ છે, અને	(૧)	૯૫૪
(૨)	ઉક્ત સ્થિતિએ તેમને સ્ટાઇપેનડપેટે કુલ કેટલી રકમની સહાય કરવામાં આવી?	(૨)	૩.૪૪.૦૨ લાખ

... ...

ભાવનગરજિલ્લામાંશાળાનાબાળકોનેસ્ટુડન્ટપોલીસકેડેટનીતાલીમ

15/8/736શ્રી ગૌતમભાઇ ગોપાભાઇ ચૌહાણ (તળાજા): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		જવાબ
(૧)	રાજયની સુરક્ષા સેતુ યોજના અંતર્ગત શાળાના બાળકોને' સ્ટુડન્ટ પોલીસ કેડેટ' (SPC)ની તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને	(૧)	હા, જી.
(૨)	જોહા, તો તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને આવી તાલીમ આપવામાં આવેલ છે?	(૨)	૩૦૯૦

દાહોદ અને વલસાડ જિલ્લામાં વન અધિકાર અધિનિયમ–૨૦૦૬ હેઠળ દાવાઓ/અરજીઓ

15/8/893શ્રી અમિત ચાવડા (આંકલાવ)**: માનનીય આદિજાતી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દાહોદ અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર વન અધિકાર અધિનિયમ–૨૦૦૬ હેઠળ જંગલની જમીન મેળવવા માટેના કેટલા દાવા–અરજીઓ પડતર છે,	(૧)	**જિલ્લાનું નામ** / **વર્ષ** / **પડતર દાવાઓ** દાહોદ / ૨૦૨૪–૨૫ / ૧૬૫૩૩ દાહોદ / ૨૦૨૫–૨૬ / ૧૬૫૩૩ વલસાડ / ૨૦૨૪–૨૫ / ૩૫૮૨ વલસાડ / ૨૦૨૫–૨૬ / ૩૧૪૯
(૨)	ઉક્ત સ્થિતિએ ઉક્ત દાવા પૈકી કેટલા દાવા મંજૂર અને કેટલા નામંજૂર કરવામાં આવ્યા,	(૨)	**જિલ્લાનું નામ** / **વર્ષ** / **મંજુર દાવા** / **નામંજુર દાવા** દાહોદ / ૨૦૨૪–૨૫ / ૦ / ૦ દાહોદ / ૨૦૨૫–૨૬ / ૦ / ૦ વલસાડ / ૨૦૨૪–૨૫ / ૪૩૩ / ૦ વલસાડ / ૨૦૨૫–૨૬ / ૦ / ૦
(૩)	ઉક્ત દાવા–અરજીઓ પડતર રહેવાના કારણો શા છે, અને	(૩)	જરૂરી આધાર પૂરાવાના અભાવે પડતર છે.

(૪)	ઉક્ત પડતર અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?	(૪)	દાહોદ અને વલસાડ જીલ્લાની ઉક્ત પડતર દાવા અરજીઓના ઉક્ત જણાવેલ કારણોની ક્ષતિ પૂર્તતા થઈ આવ્યેથી SDLCતથા DLC માં લઈ ટુંક સમયમાં નિકાલ કરાવવાની કાર્યવાહી કરવામાં આવશે.

સુરત જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના

15/8/837 :શ્રી મનુભાઇ એમ. પટેલ (ઉધના**):માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે **:-**

	પ્રશ્ન		**જવાબ**
(૧)	સુરત જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ કૃષિ વૈવિધ્યકરણ યોજના અમલમાં છે કે કેમ,	(૧)	હા,જી
(૨)	જો હા, તો આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા આદિજાતિ ખેડૂત લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને	(૨)	વર્ષ: આદિજાતિખેડૂત લાભાર્થી સને ૨૦૨૪-૨૫: ૨૬૧૫ સને ૨૦૨૫-૨૬: ૧૬૩૮
(૩)	સુરત જિલ્લામાં વર્ષ ૨૦૨૫-૨૬ અંતર્ગત તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ લાભાર્થીઓને કયા બિયારણ અને ખાતર આપવામાં આવેલ છે?	(૩)	પ્રતિ લાભાર્થી ડાંગર અને રીંગણ તથા અડદ, ભિંડા, તુવેર, જુવાર પૈકી કોઇ એક બિયારણ તથા એ.પી.એસ., પ્રોમ અને નેનો યુરીયા ખાતર આપવામાં આવેલ છે.

નવસારી અને વલસાડ જિલ્લામાં ગૌમાંસ અને ગૌવંશના આરોપીઓ બાબત

15/8/881શ્રીઅનંતકુમાર હસમુખભાઈ પટેલ (વાંસદા)**:માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)**જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન	**જવાબ**
(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી અને વલસાડ જિલ્લા/શહેરમાંથી વર્ષવાર કેટલું ગૌમાંસ અને ગૌવંશ પકડવામાં આવ્યા,	(૧) જિલ્લો / વર્ષ / પકડાયેલ ગૌમાંસ (કિ.ગ્રા.) / પકડાયેલ ગૌવંશની સંખ્યા નવસારી / ૨૦૨૪ / ૬૭.૭૦૦ / ૫૨ નવસારી / ૨૦૨૫ / ૧૦૦ / ૩૭ વલસાડ / ૨૦૨૪ / ૨૨૪.૨૦૦ / ૮૧
(૨)તે અન્વયે કેટલા આરોપીઓની ધરપકડ કરી,	(૨) જિલ્લો / આરોપીઓની સંખ્યા નવસારી / ૪૬ વલસાડ / ૬૩
(૩) તેઓ સામે કયા કાયદાની કઇ કલમ હેઠળ શી કાર્યવાહી કરવામાં આવી, અને	(૩) કાયદાની વિગત / નીચે મુજબની કલમ હેઠળ ગુનો દાખલ કરવામાં આવેલ છે. પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ-૧૯૬૦ / ૧૧(ડ)(ઇ), ૧૧ (ઢ), ૧૧(૧) (ક)(છ)(ઝ) ગુજરાત પ્રાણી સંરક્ષણ અધિનિયમ-૧૯૫૪ / ૫ (૧-ક) ,૬-(ખ-૧), ૬ (ખ-૨), ૮(૨),૮(૩),૮

		(૪),૧૦,
	ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩	૫૪, ૩૨૫, ૩૨૫(૨)
	ગુજરાત પશુ સંરક્ષણ (સુધારા) અધિનિયમ–૨૦૧૭	૫ (ક), ૬ (ક),૬ (ખ) , ૮ (૨) , ૮(૪) , ૧૦
	ગુજરાત મોટર વ્હીકલ એક્ટ ૧૯૮૬	૧૯૨
(૪) ઉક્ત સ્થિતિએ કેટલા આરોપીઓની ધરપકડ કરવાની બાકી છે?	(૪)	

જિલ્લો	આરોપીઓની સંખ્યા
નવસારી	૦૫
વલસાડ	૦૬

જામનગરના કાલાવડ ખાતે નવી તાલુકા કોર્ટ બિલ્ડીંગ બાબત

15/8/775શ્રી મેઘજીભાઈ અમરાભાઈ ચાવડા (કાલાવડ):**માનનીય નાયબ મુખ્યમંત્રી (કાયદો અને ન્યાયતંત્ર)**જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	વર્ષ ૨૦૨૫–૨૬ માં તાલુકો.–કાલાવડ, જિલ્લો. –જામનગર ખાતે નવી તાલુકા કોર્ટ બિલ્ડીંગ બનાવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ છે તે હકીકત સાચી છે, અને	(૧)	હા,જી.
(૨)	જો હા, તો તા.૩૧/૧૨/૨૦૨૫ સ્થિતિએ કેટલી રકમની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે?	(૨)	૩.૧૭,૦૩,૫૦,૦૦૦/–ની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે.

વલસાડ જિલ્લામાં સ્વૈચ્છિક સંસ્થાઓ સંચાલિત ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો

15/8/843 શ્રી ભરતભાઈ કીકુભાઈ પટેલ (વલસાડ)**: માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં કેટલી સ્વૈચ્છિક સંસ્થાઓ સંચાલિત ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો આવેલી છે,	(૧)	૭૮
(૨)	ઉક્ત સ્થિતિએ તેમાં કેટલા વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીઓએ પ્રવેશ મેળવેલ છે,અને	(૨)	૫૧૪૨
(૩)	ઉક્ત છાત્રાલયો માટે વર્ષ:૨૦૨૫–૨૬માં કેટલી બજેટ જોગવાઈ કરવામાં આવી છે?	(૩)	૩. ૧૩.૪૫ કરોડ

નર્મદા જિલ્લામાં માનવ કલ્યાણ યોજના

15/8/758 ડૉ. દર્શના ચંદુભાઈ દેશમુખ (નાંદોદ): **માનનીય ખાદી, કુટીર અને ગ્રામોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એકવર્ષમાં નર્મદા જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે કેટલી અરજીઓ મળી, અને	(૧)	૧૬૨૫ અરજીઓ
(૨)	તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી ?	(૨)	૪૮૧ અરજીઓ

.....

અતારાંકિત પ્રશ્નો

નવસારી જિલ્લામાં શ્રી વાજપાઇ બેંકેબલ યોજના

15/8/755 શ્રી રાકેશ ગુણવંતભાઇ દેસાઇ (નવસારી): **માનનીયખાદી, કુટીર અને ગ્રામોદ્યોગમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવસારી જિલ્લામાં શ્રી વાજપાઇ બેંકેબલ યોજના અન્વયે કેટલી અરજીઓ આવી,	(૧)	૨૫૯૬
(૨)	તે પૈકી કેટલી અરજીઓની ભલામણ બેંકોને કરવામાં આવી, અને	(૨)	૧૨૨૮
(૩)	તે પૈકી બેંકો દ્વારા કેટલા અરજદારોને લોન આપવામાં આવી?	(૩)	૧૦૮૨

... ...

પાટણ જિલ્લામાં ગંભીર ગુનાના આરોપીઓ

15/8/900ડૉ કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં ખૂન, લૂંટ, રેપ, ગેંગ રેપ જેવા ગંભીર ગુનાઓમાં કેટલા આરોપીઓને પકડવાના બાકી છે,	(૧)	એક પણ આરોપીઓને પકડવાના બાકી નથી.
(૨)	ઉક્ત આરોપીઓને પકડવાના બાકી હોવાના કારણો શું છે, અને	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩)	આ આરોપીઓની ક્યાં સુધીમાં ધરપકડ કરવામાં આવશે?	(૩)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં હોટલોને દારૂ પરવાના આપવા બાબત

15/8/548શ્રી ઇમરાન યુસુફભાઇ ખેડાવાલા (જમાલપુર–ખાડીયા): માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નશાબંધી અને આબકારી) જણાવવા કૃપા કરશે કે. –

પ્રશ્ન	**જવાબ**
(૧) તા.૨૫/૦૧/૨૦૨૬નીસ્થિતિએ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાની કેટલી હોટલોમાં દારૂ વેચવાના પરવાના આપેલા છે?	(૧) ૩૨(બત્રીસ)
(૨) ઉક્ત સ્થિતિએ દારૂના વેચાણમાંથી છેલ્લા બે વર્ષમાં સરકારને કેટલી આવક થઈ ?	(૨)રૂ. ૧,૧૬,૩૯,૬૨,૯૦૦

અમદાવાદ શહેરમાં ભાડાની જગ્યા પર કાર્યરત પોલીસ કચેરીઓ

15/8/908શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે :–

પ્રશ્ન		**જવાબ**	
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં કેટલી પોલીસ કચેરીઓ ભાડાની જગ્યા પર કેટલા સમયથી કાર્યરત છે,	(૧)	વિગતો પત્રક મુજબ.
(૨)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમનું ભાડું ચૂકવવાનું બાકી છે, અને	(૨)	રૂ. ૩૮૬૬ /– ચૂકવવાનું બાકી છે.

(૩)	ઉક્ત ભાડું બાકી હોવાના કારણો શા છે?	(૩)	ભાડાપહોંચની વિગતો અધૂરી હોવાથી.

પત્રક

ક્રમ.	**કચેરીઓની વિગત**	**કેટલા સમયથી કાર્યરત છે.**
૧	મદદનીશ પોલીસ કમિશનરશ્રી, એ ડીવીઝન કચેરી, અમદાવાદ	૧૭ વર્ષ
૨.	થલતેજ પોલીસ ચોકી	૧૭ વર્ષ
૩.	સાબરમતી રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસ સ્ટેશન	૧૦ વર્ષ
૪.	ગુજરાત હાઉસીંગ પોલીસ ચોકી	૧૪ વર્ષ
૫.	નાગોરીવાડ પોલીસ ચોકી	૫૫ વર્ષ
૬.	કૃષ્ણનગર પોલીસ ચોકી	૧૦ વર્ષ
૭.	સૈજપુર પોલીસ ચોકી	૧૦ વર્ષ
૮.	ચમનપુરા પોલીસ ચોકી	૩૮ વર્ષ
૯.	ચરોડીયા પોલીસ ચોકી	૪૬ વર્ષ
૧૦.	હાટકેશ્વર પોલીસ ચોકી	૫૪ વર્ષ
૧૧.	ઓઢવ G.I.D.C.પોલીસ ચોકી	૩૨ વર્ષ
૧૨.	એસ.ટી.પોલીસ ચોકી	૧૦ વર્ષ
૧૩.	વેજલપુર પોલીસ ચોકી	૧૨ વર્ષ

પંચમહાલ જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના

15/8/836 :શ્રી સી.કે.રાઉલજી (ગોધરા**):માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે **:–**

	પ્રશ્ન		**જવાબ**
(૧)	પંચમહાલ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ કૃષિ વૈવિધ્યકરણ યોજના અમલમાં છે કે કેમ,	(૧)	હા,જી
(૨)	જો હા, તો આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા આદિજાતિ ખેડૂત લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને	(૨)	આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબના આદિજાતિ ખેડૂત લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે. વર્ષ – લાભાર્થી સને ૨૦૨૪–૨૫ – ૩૪૮૬ સને ૨૦૨૫–૨૬ – ૩૨૭૪
(૩)	પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૨૫–૨૬ અંતર્ગત તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ લાભાર્થીઓને કયા બિયારણ અને ખાતર આપવામાં આવેલ છે?	(૩)	પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૨૫–૨૬ અંતર્ગત તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ પ્રતિ લાભાર્થી સોયાબીન બિયારણ સાથે પ્રોમ ખાતર, એ.પી.એસ ખાતર અને નેનો યુરીયાની બોટલ આપવામાં આવેલ છે.

વડોદરા જિલ્લામાં શ્રી વાજપાઇ બેંકેબલ યોજના

15/8/754શ્રી ચૈતન્યસિંહ પ્રતાપસિંહ ઝાલા (પાદરા):**માનનીયખાદી, કુટીર અને ગ્રામોદ્યોગ મંત્રીશ્રી**જણાવવા કૃપા કરશે કે–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરાજિલ્લામાં શ્રી વાજપાઇ બેંકેબલ યોજના અન્વયે કેટલી અરજીઓ આવી,	(૧)	૪૪૩૪
(૨)	તે પૈકી કેટલી અરજીઓનીભલામણ બેંકોને કરવામાં આવી, અને	(૨)	૪૪૧૯
(૩)	તે પૈકી બેંકો દ્વારા કેટલા અરજદારોને લોન આપવામાં આવી?	(૩)	૩૯૭૨

... ...

તાપી જિલ્લામાં પોલીસનું સંવર્ગવાર મંજૂર મહેકમ

15/8/897:ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા)**:માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે **:–**

પ્રશ્ન		**જવાબ**	
(૧)	તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ તાપી જિલ્લામાં જિલ્લાવાર, સંવર્ગવાર પોલીસનું મંજૂર થયેલ મહેકમ કેટલું છે ,	(૧)	- પત્રકમુજબ - જગ્યાઓ ભરતી, બઢતી, બદલી, પ્રતિનિયુક્તિથી ભરવામાં આવે છે અને બદલી/બઢતી/વયનિવૃતિ/અવસાનના કારણે ખાલી પડેલ છે. - વધુમાં જગ્યાઓ ખાલી પડવાની અને ભરવાની પ્રક્રિયાએ સતત ચાલતી પ્રક્રિયા છે અને આવી ખાલી જગ્યાઓ પૈકી રેશિયો મુજબ સીધી ભરતીના ફાળે આવતી જગ્યાઓ સીધી ભરતીથી અને બઢતીના ફાળે આવતી જગ્યાઓ બઢતીથી ભરવા અંગેની નિયત પ્રક્રિયા અનુસરીને ભરવામાં આવતી હોય છે.
(૨)	ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર મંજૂર મહેકમ પૈકી કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને	(૨)	
(૩)	ઉક્ત ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે?	(૩)	

પત્રક

ક્રમ	સંવર્ગ	મંજૂર મહેકમ	ખાલી મહેકમ
૧	પોલીસ અધીક્ષક	૦૧	૦
૨	બિન હથિયારી નાયબ પોલીસ અધીક્ષક	૦૪	૦
૩	બિન હથિયારી પોલીસ ઇન્સ્પેકટર	૧૫	૦
૪	હથિયારી પોલીસ ઇન્સ્પેકટર	૦૧	૦
૫	બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેકટર	૨૮	૦૬
૬	હથિયારી પોલીસ સબ ઇન્સ્પેકટર	૦૮	૦૫
૭	બિન હથિયારી મદદનીશ સબ ઇન્સ્પેકટર	૭૭	૦
૮	હથિયારી મદદનીશ સબ ઇન્સ્પેકટર	૨૩	૦
૯	બિન હથિયારી હેડ કોન્સ્ટેબલ	૧૨૪	૦
૧૦	હથિયારી હેડ કોન્સ્ટેબલ	૪૫	૦૩
૧૧	બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ	૩૦૭	૯૨
૧૨	હથિયારી પોલીસ કોન્સ્ટેબલ	૨૭૧	૩૧

અતારાંકિત પ્રશ્નો

મહેસાણા જિલ્લામાં શાળાના બાળકોને સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ

15/8/703શ્રી કિરીટકુમાર કેશવલાલ પટેલ (કે.કે.પટેલ)(ઉંઝા):**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		જવાબ
(૧)	રાજયની સુરક્ષા સેતુ યોજના અંતર્ગત શાળાના બાળકોને 'સ્ટુડન્ટ પોલીસ કેડેટ' (SPC)ની તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને	(૧)	હા, જી.
(૨)	જોહા, તો તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને આપી તાલીમ આપવામાં આવેલ છે?	(૨)	૩૭૮૧

ઉમરગામતાલુકામાંહળપતિગૃહનિર્માણઅનેબોર્ડરવિલેજયોજના

15/8/319:શ્રી રમણલાલ નાનુભાઈ પાટકર (ઉમરગામ**): માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉમરગામ તાલુકામાં હળપતિ ગૃહનિર્માણ અને બોર્ડર વિલેજ યોજના હેઠળ કેટલા આવાસો મંજૂર થયા છે,	(૧)	બોર્ડર વિલેજ યોજના: ૦; હળપતિ ગૃહ નિર્માણ યોજના: ૭૪
(૨)	આ આવાસો પૈકી કેટલા આવાસો બાંધવાની કામગીરી પૂર્ણ થયેલ છે, અને	(૨)	૪૫
(૩)	બાકી રહેલા આવાસો બાબતે શી કાર્યવાહી કરવામાં આવનાર છે?	(૩)	બનતી ત્વરાએ

પંચમહાલ અને આણંદ જિલ્લામાં ગૌમાંસ અને ગૌવંશના આરોપીઓ બાબત

15/8/882 શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા):**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન	જવાબ
(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ અને આણંદ જિલ્લા/શહેરમાંથી વર્ષવાર કેટલું ગૌમાંસ અને ગૌવંશ પકડવામાં આવ્યા,	(૧) જિલ્લો: પંચમહાલ – વર્ષ ૨૦૨૪: પકડાયેલ ગૌમાંસ (કિ.ગ્રા.) ૧૧૦૧૭, પકડાયેલ ગૌવંશની સંખ્યા ૨૩૮; વર્ષ ૨૦૨૫: ૧૦૮૫૪, ૫૪ જિલ્લો: આણંદ – વર્ષ ૨૦૨૪: ૬૦૦, ૩૭
(૨)તે અન્વયે કેટલા આરોપીઓની ધરપકડ કરી,	(૨) જિલ્લો: પંચમહાલ – આરોપીઓની સંખ્યા ૪૦૯ જિલ્લો: આણંદ – આરોપીઓની સંખ્યા ૧૧૯
(૩) તેઓ સામે કયા કાયદાની કઇ કલમ હેઠળ શી કાર્યવાહી કરવામાં આવી, અને	(૩) કાયદાની વિગત | નીચે મુજબની કલમ હેઠળ ગુનો

		દાખલ કરવામાં આવેલ છે.
	પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ–૧૯૬૦	૧૧(ડ)(ઇ), ૧૧ (ઢ), ૧૧(૧)(ક)(છ)(ઝ)
	ગુજરાત પ્રાણી સંરક્ષણ અધિનિયમ–૧૯૫૪	૫ (૧–ક) ,૬–(ખ–૧), ૬ (ખ–૨), ૮(૨), ૮(૩), ૮ (૪), ૧૦,
	ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩	૨૯૯,૫૪, ૩૨૫, ૨૮૧
	ગુજરાત પશુ સંરક્ષણ (સુધારા) અધિનિયમ–૨૦૧૭	૫ (ક), ૬ (ક),૬ (ખ) , ૮ (૨) , ૮(૪) , ૧૦
	ગુજરાત મોટર વ્હીકલ એક્ટ ૧૯૮૬	૧૭૭,૧૮૪
	ભારતીય દંડ સહિતા	૪૨૯,૨૯૫,૧૧૪
	ગુજરાત પોલીસ અધિનિયમ	૧૧૯,૧૩૫
(૪) ઉક્ત સ્થિતિએ કેટલા આરોપીઓની ધરપકડ કરવાની બાકી છે?	(૪)	

જિલ્લો	આરોપીઓની સંખ્યા
પંચમહાલ	૫૦
આણંદ	૦૦

કચ્છ જિલ્લામાં SEZ માટે ફાળવવામાં આવેલ જમીન પર બાંધકામ કરવા બાબત

15/8/618: શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર (જામજોધપુર)**: માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી(ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે**

	પ્રશ્ન		**જવાબ**
(૧)	રાજયમાં સરકારી જમીનો જયારે SEZ માટે ફાળવવામાં આવે છે, ત્યારે ડેવલોપરે નિયમ મુજબ જમીન મંજૂરીના હુકમથી કેટલા સમયગાળામાં બાંધકામ કરવાની જોગવાઇ છે,	**(૧)**	ગુજરાત સ્પેશિયલ ઇકોનોમિક ઝોન અધિનિયમ, 2004 તથા તેના નિયમોમાં સરકારી જમીન SEZ ડેવલપરને ફાળવ્યા બાદ બાંધકામ શરૂ કરવાની કોઇ નિશ્ચિત સમયમર્યાદાની જોગવાઇ નથી.
(૨)	તારીખ–૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જીલ્લામાં ઉકત પ્રકારની જોગવાઇનું ઉલ્લંઘન થયું હોય તેવી કેટલી ફરિયાદો સરકારને મળી, અને	**(૨)**	છેલ્લા બે વર્ષમાં આ પ્રકારની કોઇ ફરીયાદ મળેલ નથી.
(૩)	ઉકત સ્થિતિએ મળેલ ફરિયાદો અન્વયે કેટલા ડેવલોપર સામે શી કાર્યવાહી કરવામાં આવી છે?	**(૩)**	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

.....

બાયડ–માલપુર–સાંઠંબામાં સ્પોર્ટ્સ સંકુલ સ્થાપવા બાબત

15/8/501 શ્રી ધવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા (બાયડ): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (રમતગમત, યુવક સેવા)** જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		**જવાબ**

(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ બાયડ,માલપુર અને સાંઠંબા તાલુકામાં રમતવીરો માટે એક પણ સ્પોર્ટસ સંકુલ નથી તે હકીકત સાચી છે,અને	(૧)	હા, જી.
(૨)	જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત તાલુકા મથકોએ સ્પોર્ટસ સંકુલ બનાવવા માટે શી કાર્યવાહી હાથ ધરેલ છે?	(૨)	રાજ્ય સરકાર દ્વારા હાલ જિલ્લા કક્ષાએ સ્પોર્ટસ સંકુલને અગ્રતા આપેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

હાઈકોર્ટમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ

૧૫/૮/૬૬૮**શ્રી શૈલેષ મનુભાઇ પરમાર** (દાણીલીમડા) :**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (કાયદો અને ન્યાયતંત્ર)**જણાવવા કૃપા કરશે કે :-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ હાઇકોર્ટમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલુ છે,	(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ હાઇકોર્ટમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ નીચે મુજબ છે, તેમજ ગ્રુપની સંવર્ગવાર માહિતી પત્રક-૧ મુજબ સામેલ છે **ક્રમ** / **વર્ગ** / **મંજૂર મહેકમ** ૧ / ગ્રુપ-એ / ૨૬૧ ૨ / ગ્રુપ-બી / ૨૭૭ ૩ / ગ્રુપ-સી / ૧૧૫૪ ૪ / ગ્રુપ-ડી / ૪૮૯ **કુલ** / **૨૧૮૧**
(૨)	તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યાઓ ખાલી છે,અને	(૨)	ઉક્ત સ્થિતિએ ભરાયેલ અને ખાલી જગ્યાઓની માહિતી નીચે મુજબ છે તેમજ સંવર્ગવાર માહિતી પત્રક-૨ મુજબ સામેલ છે **ક્રમ** / **વર્ગ** / **ભરાયેલ જગ્યાઓ** / **ખાલી જગ્યાઓ** ૧ / ગ્રુપ-એ / ૨૩૧ / ૩૦ ૨ / ગ્રુપ-બી / ૨૪૩ / ૩૪ ૩ / ગ્રુપ-સી / ૮૧૩ / ૩૪૧ ૪ / ગ્રુપ-ડી / ૩૩૩ / ૧૫૬
(૩)	ઉક્ત જગ્યાઓ પૈકી કેટલી ખાલી જગ્યાઓ છેલ્લા એક અને બે વર્ષથી ખાલી છે ?	(૩)	છેલ્લા એક અને બે વર્ષથી ખાલી જગ્યાઓની માહિતી પત્રક-૩માં સામેલ છે.

પત્રક - ૧

અનુ.નં.	**હોદ્દાનું નામ**	**મંજુરજગ્યાઓ**
	વર્ગ-૧ ગ્રુપ-અ	

૧	રજીસ્ટ્રાર (ડીસ્ટ્રીક્ટ જજ કેડરમા પ્રતિનિયુક્તિ ધોરણે)	૨૭
૧	એડીશનલ રજીસ્ટ્રાર	૧૧
૨	ડેપ્યુટી રજીસ્ટ્રાર	૧૭
૩	સિસ્ટમ મેનેજર (આઈ.ટી.સેલ)	૦૨
૪	સિસ્ટમ એનાલિસ્ટ (આઈ.ટી.સેલ)	૦૪
૫	સિસ્ટમ મેનેજર (આઈ.ટી.સેલ)	૦૪
૬	આસીસ્ટન્ટ રજીસ્ટ્રાર/ કોર્ટ માસ્ટર	૧૦૦
૭	કોર્ટ મેનેજર	૨૮
૮	સીનીયર પ્રોટોકોલ ઓફિસર	૦૨
૯	પ્રિન્સીપાલ પ્રાઈવેટ સેક્રેટરી	૬૪
૧૦	કેમ્પસ એડમીનીસ્ટ્રેટર	૦૨
	કુલ	**૨૬૧**

વર્ગ–૨ ગ્રુપ ઈ

અનુ.નં.	**હોદ્દાનું નામ**	**મંજુરજગ્યાઓ**
૧	મેડીકલ ઓફિસર	૦૨
૦૨	સેક્શન ઓફિસર	૧૯૬
૩	પ્રોટોકોલ ઓફિસર	૦૫
૪	સીનીયર ટ્રાન્સલેટર	૦૩
૫	સિસ્ટમ એડમીનીસ્ટ્રેટર (આઈટી સેલ)	૧૨
૬	આસીસ્ટન્ટ લાઈબ્રેરીન	૦૨
૭	કોર્ટ કીપર	૦૪
૮	લીગલ આસીસ્ટન્ટ	૫૩
	કુલ	૨૭૭

વર્ગ-૩ગ્રુપ ઈ

અનુ.નં.	**હોદ્દાનું નામ**	**મંજૂર જગ્યાઓ**
૧	અંગ્રેજી સ્ટેનો ગ્રેડ–૨	૬૨
૨	ડેપ્યુટી સેક્શન ઓફિસર	૬૦૭
૩	આસીસ્ટન્ટ પ્રોટોકોલ ઓફિસર	૧૧
૪	ટેકનિકલ આસીસ્ટન્ટ કમ પ્રોગ્રામર (આઈટી સેલ)	૧૬
૫	સિસ્ટમ ઓફિસર	૩૪
૬	કેમ્પસ આસીસ્ટન્ટ	૦૨
૭	ટ્રાન્સલેટર	૩૧
૮	હેડ કોન્સ્ટેબલ	૦૫
૯	કમ્પ્યૂટર ઓપરેટર (આઈ.ટી.સેલ)	૧૬૬
૧૦	સિસ્ટમ આસીસ્ટન્ટ	૬૮
૧૧	ટેલીફોન ઓપરેટર	૦૩
૧૨	ડ્રાઈવર	૧૦૧
૧૩	બુક બાઈન્ડર	૪૬
૧૪	કાર્પેન્ટર	૦૨
	કુલ	**૧૧૫૪**

વર્ગ૪ગ્રુપ ઉ

અનુ.નં.	**હોદ્દાનું નામ**	**મંજૂર મહેકમ**
૧	ચોબદાર	૬૪
૨	હવાલદાર	૦૫
૩	સિનીયર લૉન અટેન્ડન્ટ	૦૨

૪	લૉન અટેન્ડન્ટ	૦૪
૫	અટેન્ડન્ટ કક્કમ-કૂક	૦૫
૬	અટેન્ડન્ટ કક્કમ-કૂક (ફિક્સ્ડ પે)	૫૩
૭	કૉર્ટ/ઑફિસ/હોમ–ડોમેસ્ટિક અટેન્ડન્ટ	૩૫૬
	કુલ	**૪૮૯**

પત્રક–૨

અનુ.નં.	**હોદ્દાનું નામ**	**ભરાયેલજગ્યાઓ**	**ખાલીજગ્યાઓ**
	વર્ગ–૧, ગ્રુપ–એ		
૧	રજીસ્ટ્રાર (ડીસ્ટ્રીક્ટ જજ કેડરમા પ્રતિનિયુક્તિ ધોરણે)	૧૫	૧૨
૨	એડીશનલ રજીસ્ટ્રાર	૧૧	૦૦
૩	ડેપ્યુટી રજીસ્ટ્રાર	૧૨	૦૫
૪	સિસ્ટમ મેનેજર (આઈ.ટી.સેલ)	૦૨	૦૦
૫	સિસ્ટમ એનાલિસ્ટ (આઈ.ટી.સેલ)	૦૪	૦૦
૬	સિસ્ટમ મેનેજર (આઈ.ટી.સેલ)	૦૪	૦૦
૭	આસીસ્ટન્ટ રજીસ્ટ્રાર/ કૉર્ટ માસ્ટર	૮૮	૧૨
૮	કૉર્ટ મેનેજર	૨૮	૦૦
૯	સીનીયર પ્રોટોકોલ ઑફિસર	૦૨	૦૦
૧૦	પ્રિન્સીપાલ પ્રાઈવેટ સેક્રેટરી	૬૪	૦૦
૧૧	કેમ્પસ એડમીનીસ્ટ્રેટર	૦૧	૦૧
	કુલ	**૨૩૧**	**૩૦**
	વર્ગ–૨, ગ્રુપ–બી		
અનુ.નં.	**હોદ્દાનું નામ**	**ભરાયેલજગ્યાઓ**	**ખાલીજગ્યાઓ**
૧	મેડીકલ ઑફિસર	૦૧	૦૧
૨	સેક્શન ઑફિસર	૧૭૬	૨૦
૩	પ્રોટોકોલ ઑફિસર	૦૩	૦૨
૪	સીનીયર ટ્રાન્સલેટર	૦૨	૦૧
૫	સિસ્ટમ એડમીનીસ્ટ્રેટર (આઇટી સેલ)	૧૦	૦૨
૬	આસીસ્ટન્ટ લાઇબ્રેરીન	૦૨	૦૦
૭	કૉર્ટ કીપર	૦૩	૦૧
૮	લીગલ આસીસ્ટન્ટ	૪૬	૦૭
	કુલ	**૨૪૩**	**૩૪**
	વર્ગ–૩ ગ્રુપ–સી		
અનુ.નં.	**હોદ્દાનું નામ**	**ભરાયેલ જગ્યાઓ**	**ખાલી જગ્યાઓ**
૧	અંગ્રેજી સ્ટેનો ગ્રેડ–૨	૫૯	૦૩
૨	ડેપ્યુટી સેક્શન ઑફિસર	૩૬૭	૨૪૦
૩	આસીસ્ટન્ટ પ્રોટોકોલ ઑફિસર	૦૯	૦૨
૪	ટેક્નિકલ આસીસ્ટન્ટ કમ પ્રોગ્રામર (આઈટી સેલ)	૧૧	૦૫

૫	સિસ્ટમ ઑફિસર	૩૦	૦૪
૬	કેમ્પસ આસીસ્ટન્ટ	૦૨	૦૦
૭	ટ્રાન્સલેટર	૨૪	૦૭
૮	હેડ કૉન્સ્ટેબલ	૦૧	૦૪
૯	કમ્પ્યૂટર ઑપરેટર (આઈ.ટી.સેલ)	૧૩૮	૨૮
૧૦	સિસ્ટમ આસીસ્ટન્ટ	૪૫	૨૩
૧૧	ટેલીફોન ઑપરેટર	૦૨	૦૧
૧૨	ડ્રાઈવર	૮૦	૨૧
૧૩	બુક બાઈન્ડર	૪૪	૦૨
૧૪	કાર્પેન્ટર	૦૧	૦૧
	કુલ	૮૧૩	૩૪૧
વર્ગ–૪, ગ્રુપ–ડી			
અનુ.નં.	**હોદ્દાનું નામ**	**ભરાયેલ જગ્યાઓ**	**ખાલી જગ્યાઓ**
૧	ચોબદાર	૬૨	૦૨
૨	હવાલદાર	૦૪	૦૧
૩	સિનીયર લૉન અટેન્ડન્ટ	૦૧	૦૧
૪	લૉન અટેન્ડન્ટ	૦૨	૦૨
૫	અટેન્ડન્ટ ક્લબ-કૂક	૦૫	૦૦
૬	અટેન્ડન્ટ ક્લબ-કૂક (ફિક્સ્ડ પે)	૫૩	૦
૭	કૉર્ટ/ઑફિસ/હોમ–ડોમેસ્ટિક અટેન્ડન્ટ	૨૦૬	૧૫૦
	કુલ	**૩૩૩**	**૧૫૬**

પત્રક–૩

હોદ્દાનું નામ	**છેલ્લા એક વર્ષથી ખાલી જગ્યાઓ**	**છેલ્લા બે વર્ષથી ખાલી જગ્યા**
કલાસ–૧ ગ્રુપ-અ		
રજીસ્ટ્રાર (ડીસ્ટ્રીક્ટ જજ કેડરમા પ્રતિનિયુક્તિ ધોરણે)	૦૫	૦૭
એડીશનલ રજીસ્ટ્રાર	૦૦	૦૦
ડેપ્યુટી રજીસ્ટ્રાર	૦૩	૦૨
સિસ્ટમ મેનેજર (આઈ.ટી.સેલ)	૦૦	૦૦
સિસ્ટમ એનાલિસ્ટ (આઈ.ટી.સેલ)	૦૦	૦૦
સિસ્ટમ મેનેજર (આઈ.ટી.સેલ)	૦૦	૦૦
આસીસ્ટન્ટ રજીસ્ટ્રાર/ કૉર્ટ માસ્ટર	૦૪	૦૮
કૉર્ટ મેનેજર	૦૦	૦૦
સીનીયર પ્રોટોકોલ ઑફિસર	૦૦	૦૦
પ્રિન્સીપાલ પ્રાઈવેટ સેક્રેટરી	૦૦	૦૦
કેમ્પસ એડમીનીસ્ટ્રેટર	૦૦	૦૦
કુલ	૧૨	૧૮

ક્લાસ–૨ગ્રુપ ઈ		
હોદ્દાનું નામ	**છેલ્લા એક વર્ષથી ખાલી જગ્યાઓ**	**છેલ્લા બે વર્ષથી ખાલી જગ્યા**
મેડીકલ ઑફિસર	૦૦	૦૧
સેક્શન ઑફિસર	૦૮	૧૨
પ્રોટોકોલ ઑફિસર	૦૧	૦૧
સીનીયર ટ્રાન્સલેટર	૦૦	૦૧
સિસ્ટમ એડમીનીસ્ટ્રેટર (આઈટી સેલ)	૦૧	૦૧
આસીસ્ટન્ટ લાઈબ્રેરીન	૦૦	૦૦
કોર્ટ કીપર	૦૧	૦૦
લીગલ આસીસ્ટન્ટ	૦૧	૦૬
કુલ	**૧૨**	**૨૨**
ક્લાસ-૩ગ્રુપ ઈ		
હોદ્દાનું નામ	**છેલ્લા એક વર્ષથી ખાલી જગ્યાઓ**	**છેલ્લા બે વર્ષથી ખાલી જગ્યા**
અંગ્રેજી સ્ટેનો ગ્રેડ–૨	૦૧	૦૨
ડેપ્યુટી સેક્શન ઑફિસર	૧૦૦	૧૪૦
આસીસ્ટન્ટ પ્રોટોકોલ ઑફિસર	૦૧	૦૧
ટેક્નિકલ આસીસ્ટન્ટ કમ પ્રોગ્રામર (આઈટી સેલ)	૦૨	૦૩
સિસ્ટમ ઑફિસર	૦૨	૦૨
કેમ્પસ આસીસ્ટન્ટ	૦૦	૦૦
ટ્રાન્સલેટર	૦૩	૦૪
હેડ કૉન્સ્ટેબલ	૦૨	૦૨
કમ્પ્યૂટર ઑપરેટર (આઈ.ટી.સેલ)	૦૮	૨૦
સિસ્ટમ આસીસ્ટન્ટ	૦૮	૧૫
ટેલીફોન ઑપરેટર	૦૦	૦૧
ડ્રાઈવર	૧૦	૧૧
બુક બાઈન્ડર	૦૧	૦૧
કાર્પેન્ટર	૦૦	૦૧
કુલ	**૧૩૮**	**૨૦૩**
ક્લાસ–૪ગ્રુપ ઉ		
હોદ્દાનું નામ	**છેલ્લા એક વર્ષથી ખાલી જગ્યાઓ**	**છેલ્લા બે વર્ષથી ખાલી જગ્યા**
ચૉબદાર	૦૧	૦૧
હવાલદાર	૦૦	૦૧
સિનીયર લૉન અટેન્ડન્ટ	૦૦	૦૧
લૉન અટેન્ડન્ટ	૦૧	૦૧
અટેન્ડન્ટ કક્ષમ-કૂક	૦૦	૦૦
અટેન્ડન્ટ કક્ષમ-કૂક (ફિક્સ્ડ પે)	૦૦	૦૦
કૉર્ટ/ઑફિસ/હોમ–ડોમેસ્ટિક અટેન્ડન્ટ	૭૦	૮૦
કુલ	**૭૨**	**૮૪**

બાલાસિનોર તાલુકાના દેવ ગામનું પોલીસ સ્ટેશન

15/8/687શ્રી માનસિંહ કોહ્યાભાઈ ચૌહાણ (બાલાસિનોર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન		**જવાબ**	
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બાલાસિનોર તાલુકાના દેવ ગામે કાર્યરત ગ્રામ્ય પોલીસ સ્ટેશનને ભાડાના મકાનમાંથી તબદીલ કરી પોતાના મકાનમાં કાર્યાન્વિત કરવા	(૧)	ના,જી.

	અંગે કોઈ દરખાસ્ત સરકારને મળેલ છે કે કેમ		
(૨)	જોહા, તો ઉક્ત સ્થિતિએ તે અંગેનું કામ કયા તબક્કે છે, અને	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩)	ગ્રામ્ય પોલીસ સ્ટેશનનું કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરી કાર્યાન્વિત કરવામાં આવનાર છે?	(૩)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

રાજકોટ અને ભાવનગર જિલ્લામાં પોલીસ દ્વારા ગુનાઓની તપાસ દરમિયાન આરોપી/ગુનેગારોનું રિકન્સ્ટ્રક્શન

15/8/872શ્રી ગોપાલભાઈ ગોરધનભાઈ ઈટાલીયા (વિસાવદર): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૦૧/૦૧/૨૦૨૬નીસ્થિતિએ ગુજરાત પોલીસ દ્વારા ગુનાઓની તપાસ દરમિયાન આરોપી/ગુનેગારોનું રિકન્સ્ટ્રક્શન કરવામાં આવે છે તે હકીકત સાચી છે,	(૧)	હા, જી.
(૨)	ઉક્ત રિકન્સ્ટ્રક્શન દરમ્યાન પોલીસ માટે ધ્યાને લેવા જેવી બાબતો અંગે સરકાર દ્વારા કોઈ નિયમો/ માર્ગદર્શિકા/પરિપત્ર બહાર પાડેલ છે, અને	(૨)	ના, જી.
(૩)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ અને ભાવનગર જિલ્લામાં નોંધાયેલ ગુનાઓ પૈકી કેટલા ગુનાઓમાં રિકન્સ્ટ્રક્શન કરવામાં આવ્યું?		

શહેર/જિલ્લાના નામ	**નોંધાયેલ ગુનાઓ**	**રિકન્સ્ટ્રક્શન કરવામાં આવેલ ગુનાઓ**
રાજકોટ શહેર	૨૫૮૯૦	૪૯
રાજકોટ ગ્રામ્ય	૨૮૮૨૫	૪૮
ભાવનગર	૪૧૫૦૬	૧૫૪

ભાવનગર અને પોરબંદર જિલ્લામાં ગૌમાંસ અને ગૌવંશના આરોપીઓ બાબત

15/8/887શ્રીવિમલભાઈ કાનાભાઈ ચુડાસમા (સોમનાથ):**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી(ગૃહ)**જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન	**જવાબ**
(૧)તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર અને પોરબંદર જિલ્લા/શહેરમાંથી વર્ષવાર કેટલું ગૌમાંસ અને ગૌવંશ પકડવામાં આવ્યા,	(૧)
(૨)તે અન્વયે કેટલા આરોપીઓની ધરપકડ કરી,	(૨)
(૩) તેઓ સામે કયા કાયદાની કઈ કલમ હેઠળ શી કાર્યવાહી કરવામાં આવી, અને	(૩)

જિલ્લો	વર્ષ	પકડાયેલ ગૌમાંસ (કિ.ગ્રા.)	પકડાયેલ ગૌવંશની સંખ્યા
ભાવનગર	૨૦૨૪	૦૦	૧૫
	૨૦૨૫	૧૧૭.૬૫	૦૧
પોરબંદર	૨૦૨૪	૦૦	૦૦

જિલ્લો	આરોપીઓની સંખ્યા
ભાવનગર	૧૦
પોરબંદર	૦૦

કાયદાની વિગત	નીચે મુજબની કલમ હેઠળ ગુનો દાખલ કરવામાં આવેલ છે.
પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ–૧૯૬૦	૧૧(૬)(ઇ), ૧૧ (ઢ), ૧૧(૧)(ક)(છ)(ઝ)
ગુજરાત પ્રાણી સંરક્ષણ અધિનિયમ–૧૯૫૪	૮(૩),૮ (૪),

	ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩	૩૨૫,૫૪
	મોટર વ્હીકલ એક્ટ	૧૯૨
	ગુજરાત પોલીસ અધિનિયમ	૧૧૯
(૪) ઉક્ત સ્થિતિએ કેટલા આરોપીઓની ધરપકડ કરવાની બાકી છે?	(૪)	

જિલ્લો	આરોપીઓની સંખ્યા
ભાવનગર	૦૦
પોરબંદર	૦૦

દાંતા તાલુકાના પાડલીયા ગામમાં વન અધિકાર અધિનિયમ અંતર્ગત દાવા–અરજીઓ

15/8/682શ્રી ચૈતરભાઇ દામજીભાઇ વસાવા (દેડીયાપાડા)**: માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાંતા તાલુકાના પાડલીયા ગામમાં વન અધિકાર અધિનિયમ–૨૦૦૬ અંતર્ગત કેટલી દાવા–અરજીઓ મળી, અને	(૧)	(૦) શૂન્ય.
(૨)	ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી દાવા-અરજીઓ મંજૂર કરવામાં આવી ?	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

તાપી જિલ્લામાં સરકારી તાલુકા ગ્રંથાલયો

15/8/776**શ્રી મોહનભાઈ ઢેડાભાઈ કોંકણી** (વ્યારા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ)**જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તાપી જિલ્લામાં કુલ કેટલા સરકારી તાલુકા ગ્રંથાલયો કાર્યરત છે,	(૧)	તાપી જિલ્લામાં કુલ ૦૬ સરકારી તાલુકા ગ્રંથાલયો કાર્યરત છે.
(૨)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં કુલ કેટલા સરકારી તાલુકા ગ્રંથાલયો શરૂ કરવામાં આવેલ છે, અને	(૨)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં કુલ ૦૩ સરકારી તાલુકા ગ્રંથાલયો શરૂ કરવામાં આવેલ છે.
(૩)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ અંગે કેટલો ખર્ચ થયેલ છે?	(૩)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ અંગે રૂ.૬૩.૨૮ લાખ ખર્ચ થયેલ છે.

છોટાઉદેપુર જીલ્લામાં નવીન જી.આઇ.ડી.સી. બનાવવા બાબત

15/8/156શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ)**જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન		**જવાબ**
	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં કયા સ્થળોએ નવીન જી.આઇ.ડી.સી. બનાવવા માટે કેટલી માંગણીઓ સરકારને મળેલ છે?		તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાંમોજે.વનાર ખાતે ૦૨ (બે), મોજે.ઉંડવા ખાતે ૦૧ (એક), મોજે.બોડેલી ખાતે ૦૧(એક) આમ, કુલ ૩ (ત્રણ) સ્થળે જી.આઇ.ડી.સી. સ્થાપવા કુલ–૪ (ચાર) રજુઆતો મળેલ છે.

ભરૂચ જિલ્લામાં મહિલાઓને સ્વરક્ષણ તાલીમ

15/8/701શ્રી ડી.કે.સ્વામી (જંબુસર)**:માનનીયનાયબ મુખ્યમંત્રીશ્રી(ગૃહ)** જણાવવાકૃપાકરશેકે.-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ રાજ્યની સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને	(૧)	હા, જી.

(૨)	જોહા, તો તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં કેટલી મહિલાઓને આવી તાલીમ આપવામાં આવેલ છે?	(૨)	૭૫૮૭

રણોત્સવમાં સરકારને થયેલ આવક

15/8/484શ્રીપ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી(પ્રવાસન)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રણોત્સવ દરમિયાન રાજ્ય સરકારશ્રીને કુલ કેટલી આવક થયેલ છે,અને	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રણોત્સવ દરમિયાન રાજ્ય સરકારને પ્રિમિયમ મેનેજમેન્ટ ફી મારફતે કુલ રૂ.૧૭,૦૬,૩૫,૬૬૮/– ની આવક થયેલ છે.
(૨)	ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલા પ્રવાસીઓએ રણોત્સવની મુલાકાત લીધી?	(૨)	વર્ષ: તા.૦૧/૦૧/૨૦૨૪ થી તા.૩૧/૧૨/૨૦૨૪ – પ્રવાસીઓની સંખ્યા: ૮,૫૫,૫૬૫ વર્ષ: તા.૦૧/૦૧/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫ – પ્રવાસીઓની સંખ્યા: ૯,૪૧,૬૩૭

તાપી જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના

15/8/838: શ્રીમોહનભાઇ ધનજીભાઇ ઢોડિયા (મહુવા**):માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે**:–**

	પ્રશ્ન		જવાબ
(૧)	તાપી જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ કૃષિ વૈવિધ્યકરણ યોજના અમલમાં છે કે કેમ,	(૧)	હા,જી
(૨)	જો હા, તો આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા આદિજાતિ ખેડૂત લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને	(૨)	આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબના આદિજાતિ ખેડૂત લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે. સને ૨૦૨૪–૨૫ – લાભાર્થી: ૫૫૪૪ સને ૨૦૨૫–૨૬ – લાભાર્થી: ૬૬૭૪
(૩)	તાપી જિલ્લામાં વર્ષ ૨૦૨૫–૨૬ અંતર્ગત તા.૩૧/૧૨/૨૦૨૫નીસ્થિતિએ કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ લાભાર્થીઓને કયા બિયારણ અને ખાતર આપવામાં આવેલ છે?	(૩)	તાપી જિલ્લામાં વર્ષ ૨૦૨૫–૨૬ અંતર્ગત તા.૩૧/૧૨/૨૦૨૫નીસ્થિતિએ કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ પ્રતિ લાભાર્થી જુવાર,અડદ, તુવેર, ડાંગર સાથે રીંગણા અને ભીંડા પૈકી કોઇ એક બિયારણ, પ્રોમ ખાતર, એ.પી.એસ ખાતર અને નેનો યુરીયાની બોટલ આપવામાં આવેલ છે.

મહેસાણા અને જૂનાગઢ જિલ્લામાં ગૌમાંસ અને ગૌવંશના આરોપીઓ બાબત

15/8/896શ્રીદિનેશભાઈ આતાજી ઠાકોર (ચાણસ્મા):**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી(ગૃહ)**જણાવવા કૃપા કરશે કે.–

અતારાંકિત પ્રશ્નો

<table>
<tr><th>પ્રશ્ન</th><th>જવાબ</th></tr>
<tr><td>(૧)તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા અને જૂનાગઢ જિલ્લા/શહેરમાંથી વર્ષવાર કેટલું ગૌમાંસ અને ગૌવંશ પકડવામાં આવ્યા,</td><td>(૧)
<table>
<tr><th>જિલ્લો</th><th>વર્ષ</th><th>પકડાયેલ ગૌમાંસ (કિ.ગ્રા.)</th><th>પકડાયેલ ગૌવંશની સંખ્યા</th></tr>
<tr><td rowspan="2">મહેસાણા</td><td>૨૦૨૪</td><td>૦૦</td><td>૦૬</td></tr>
<tr><td>૨૦૨૫</td><td>૧૬૨૬</td><td>૨૨</td></tr>
<tr><td>જૂનાગઢ</td><td>૨૦૨૪</td><td>૦૦</td><td>૦૦</td></tr>
</table></td></tr>
<tr><td>(૨)તે અન્વયે કેટલા આરોપીઓની ધરપકડ કરી,</td><td>(૨)
<table>
<tr><td>મહેસાણા જિલ્લો</td><td>૩૧</td></tr>
<tr><td>જુનાગઢ જિલ્લો</td><td>૧૨</td></tr>
</table></td></tr>
<tr><td>(૩) તેઓ સામે કયા કાયદાની કઇ કલમ હેઠળ શી કાર્યવાહી કરવામાં આવી, અને</td><td>(૩)
<table>
<tr><td>કાયદાની વિગત</td><td>નીચે મુજબની કલમ હેઠળ ગુનો દાખલ કરવામાં આવેલ છે.</td></tr>
<tr><td>પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ-૧૯૬૦</td><td>૧૧(ડ)(ઇ), ૧૧ (ઢ), ૧૧(૧) (ક)(છ)(ઝ)</td></tr>
<tr><td>ગુજરાત પ્રાણી સંરક્ષણ અધિનિયમ-૧૯૫૪</td><td>૫ (૧-ક) ,૬-(ખ-૧), ૬ (ખ-૨), ૮(૨),૮(૩),૮ (૪),૧૦,</td></tr>
<tr><td>ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩</td><td>૨૯૯,૩૨૫,૫૪</td></tr>
<tr><td>ગુજરાત પશુ સંરક્ષણ (સુધારા) અધિનિયમ-૨૦૧૭</td><td>૫ (ક), ૬ (ક),૬ (ખ) , ૮ (૨) , ૮(૪) , ૧૦</td></tr>
<tr><td>મોટર વ્હીકલ એક્ટ</td><td>૧૯૨(ક)</td></tr>
</table></td></tr>
<tr><td>(૪) ઉક્ત સ્થિતિએ કેટલા આરોપીઓની ધરપકડ કરવાની બાકી છે?</td><td>(૪)
<table>
<tr><td>મહેસાણા જિલ્લો</td><td>૧૩</td></tr>
<tr><td>જુનાગઢ જિલ્લો</td><td>૦૦</td></tr>
</table></td></tr>
</table>

પંચમહાલ જિલ્લામાંથી પકડાયેલ વિદેશી દારૂ

15/8/528શ્રી જેઠાભાઇ આહીર(ભરવાડ) (શહેરા): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી(ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

<table>
<tr><th colspan="2">પ્રશ્ન</th><th colspan="2">જવાબ</th></tr>
<tr><td>(૧)</td><td>તારીખ-૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર પેલીસ સ્ટેશનોમાં કેટલો વિદેશી દારૂ પકડાયો</td><td>(૧)</td><td>
<table>
<tr><th>તાલુકો</th><th>વિદેશીદારૂનોજથ્થો (બોટલ)</th></tr>
<tr><td>ગોધરા</td><td>૪,૩૫,૦૭૨</td></tr>
<tr><td>મોરવા(હ)</td><td>૮૨,૯૮૪</td></tr>
<tr><td>શહેરા</td><td>૯૫,૧૫૦</td></tr>
<tr><td>હાલોલ</td><td>૩,૫૨,૨૫૬</td></tr>
<tr><td>કાલોલ</td><td>૨,૪૭,૦૭૭</td></tr>
<tr><td>જાંબુઘોડા</td><td>૧૮,૩૪૭</td></tr>
<tr><td>ઘોઘંબા</td><td>૧,૭૬,૮૧૪</td></tr>
</table></td></tr>
<tr><td>(૨)</td><td>તે પૈકી કેટલા ઇસમો સામે ગુનો નોંધી ધરપકડ</td><td>(૨)</td><td>૨૧૯૪ ઇસમો સામે ગુનો નોંધી ધરપકડ કરવામાં</td></tr>
</table>

	કરી, અને		આવેલ છે.
(૩)	દારૂમાં હેરાફેરી કરતા વાહનો કેટલા પકડાયેલ અને કેટલા વાહનો છોડી મૂકેલ છે??	(૩)	૪૨૯ વાહનો પકડાયેલ છે અને ૧૮૦ વાહનો છોડી મુકેલ છે.

દાંતા, અમીરગઢ અને હડાદ તાલુકાઓને અનુસૂચિ પાંચ મુજબ ટ્રાયબલ એરિયા જાહેર કરવાબાબત

15/8/902શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી (દાંતા):**માનનીયઆદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના દાંતા, અમીરગઢ અને હડાદ તાલુકાઓને બંધારણીય અનુસૂચિ પાંચ મુજબ ટ્રાયબલ એરિયા તરીકે જાહેર કરવાની દરખાસ્ત રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને છેલ્લે ક્યારે કરવામાં આવી, અને	(૧)	કોઈ દરખાસ્ત કરવામાં આવેલ નથી.
(૨)	ઉક્ત દરખાસ્ત અન્વયે રાજ્ય સરકારને કેન્દ્ર સરકાર તરફથી શું પ્રત્યુતર આપવામાં આવ્યો?	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પાટણ જિલ્લામાં સાયબર ફ્રોડ અને ડિજીટલ એરેસ્ટના કેસ

15/8/883 શ્રી ડૉ. કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે. –

	પ્રશ્ન			**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પાટણ જિલ્લામાં સાયબર ફ્રોડ અને ડિજીટલ એરેસ્ટના કેટલી રકમના કેટલા ગુનાઓ નોંધાયા ?		(૧)	પત્રક–૧ મુજબ,
(૨)	ઉક્ત ગુનાઓ અન્વયે કેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી ?		(૨)	પત્રક–૨ મુજબ,
(૩)	ઉક્ત ગુનાઓ પૈકી કેટલી રકમ મૂળ ફરિયાદીને પરત સોંપવામાં આવી ?		(૩)	પત્રક–૩ મુજબ.

પત્રક – ૧

વર્ષ	**સાયબર ફ્રોડ**		**ડિજીટલ એરેસ્ટ**	
	ગુનાઓની સંખ્યા	**રકમ**	**ગુનાઓની સંખ્યા**	**રકમ**
તા.૦૧/૦૧/૨૪ થી તા.૩૧/૧૨/૨૪ સુધી	૧૦	૨,૦૩,૪૧,૪૭૮.૪૫	૦૦	૦૦
તા.૦૧/૦૧/૨૫ થી તા.૩૧/૧૨/૨૫ સુધી	૦૬	૧,૫૪,૪૧,૨૨૫	૦૨	૬૪,૯૩,૦૪૭.૨
કુલ	**૧૬**	**૩,૫૭,૮૨,૭૦૩.૪૫**	**૦૨**	**૬૪,૯૩,૦૪૭.૨**

પત્રક – ૨

વર્ષ	**સાયબર ફ્રોડના ગુનાઓમાંધરપકડ કરવામાં આવેલ આરોપીની સંખ્યા**	**ડિજીટલ એરેસ્ટના ગુનાઓમાંધરપકડ કરવામાં આવેલ આરોપીની સંખ્યા**
તા.૦૧/૦૧/૨૪ થી તા.૩૧/૧૨/૨૪ સુધી	૧૫	૦૦
તા.૦૧/૦૧/૨૫ થી	૦૭	૦૧

તા.૩૧/૧૨/૨૫ સુધી		
કુલ	**૨૨**	**૦૧**

પત્રક – ૩

વર્ષ	સાયબર ફ્રોડમાંમૂળ ફરિયાદીને પરત સોંપેલ રકમ	ડિજીટલ એરેસ્ટના ગુનાઓમાંમૂળ ફરિયાદીને પરત સોંપેલ રકમ
તા.૦૧/૦૧/૨૪ થી તા.૩૧/૧૨/૨૪ સુધી	૧૯,૩૧,૮૫૭	૦૦
તા.૦૧/૦૧/૨૫ થી તા.૩૧/૧૨/૨૫ સુધી	૧૨,૧૪,૦૪૯	૦૦
કુલ	**૩૧,૪૫,૯૦૬**	**૦૦**

રાજ્યમાં વર્ટી પોર્ટ અને ફ્લાઇંગ ટેક્સી સેવા બાબત

15/8/549શ્રી ઇમરાન યુસુફભાઈ ખેડાવાલા (જમાલપુર–ખાડીયા)**:માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી(નાગરિક ઉડ્ડયન)** જણાવવા કૃપા કરશે કે, -

	પ્રશ્ન		જવાબ
(૧)	ભારત સરકારના ઓફિસર ઓફ ડાયરેક્ટર જનરલ ઓફ સીવીલ એવીએશન(DGCA)એ રાજ્યમાં એર ટેક્સી ફ્લાઇંગ ટેક્સી ઉડાનના વર્ટી પોર્ટ ડેવલપ કરવા જે એડવાઇઝરી આપી હતી તે મુજબ ગુજરાત સરકારે હાઈ લેવલ કમીટી રચી હતી, આ હાઈ લેવલ કમીટીએ કઈ જગ્યાએ વર્ટી પોર્ટ બનાવવાનું સૂચન કર્યું છે, અને	(૧)	સદર બાબતે હાઈ લેવલ કમિટીની રચના કરવામાં આવી નથી.
(૨)	તા.૨૫/૦૧/૨૦૨૬ ની સ્થિતિએ તે અંતર્ગત વર્ટી પોર્ટ બનાવવાની કામગીરી કયા તબક્કે છે?	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

સાબરમતી રિવરફ્રન્ટ ખાતે હેલીકોપ્ટર જોય રાઇડીંગ

15/8/909શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ)**:માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાગરિક ઉડ્ડયન)** જણાવવા કૃપા કરશે કે,-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ સાબરમતી રિવરફ્રન્ટથી હેલીકોપ્ટર જોય રાઇડીંગ શરૂ કરવા માટે કઈ કંપનીઓને શા ભાવે કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યા,	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ સાબરમતી રિવરફ્રન્ટખાતે જોય રાઈડિંગ શરૂ કરવા મેસર્સ એરો ટ્રાન્સ સર્વિસિઝ પ્રાઇવેટ લિ.ને ૨૦૨૨માં એક વર્ષ માટે રૂ.૧૨ લાખ પ્રતિ માસ વાયેબિલિટી ગેપ ફન્ડીંગ તેમજ વર્ષ ૨૦૨૩માં એક વર્ષ માટે આ જ કંપનીને રૂ. ૧૮૦૦ પ્રતિ મુસાફર એમ માસિક રૂ ૧૦,૮૦,૦૦૦ + GST (રૂપિયા દસ લાખ એંશી હજાર પૂરા)ની મહત્તમ મર્યાદામાં વાયેબિલિટી ગેપ ફન્ડીંગ પેટે આપવામાં આવેલ હતા.

(૨)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકાર દ્વારા ખાનગી કંપનીઓને કેટલું ભાડું અને કેટલી સબસીડી ચૂકવી, અને	(૨)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકાર દ્વારા ખાનગી કંપનીઓને કોઈ ભાડું અને સબસિડી ચૂકવેલ નથી. પરંતુ મેસર્સ એરો ટ્રાન્સ સર્વિસિઝ પ્રાઈવેટ લિ. ને વર્ષ ૨૦૨૪માં રૂ.૮૭.૧૯ લાખ અને વર્ષ ૨૦૨૫માં રૂ.૧૬.૪૦ લાખ વાયેબિલિટી ગેપ ફન્ડીંગ પેટે ચૂકવવામાં આવેલ છે.
(૩)	તે અંતર્ગત ખાનગી કંપની દ્વારા સરકાર પાસેથી ખોટી રીતે ભાડું કે સબસીડી લીધી હોવાની હકીકત સાચી છે કે કેમ, અને	(૩)	ના, જી.
(૪)	જો હા, તો તે અન્વયે સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા?	(૪)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

વાયબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ

15/8/898ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી) ખેડબ્રહ્મા**(:માનનીયનાયબ મુખ્યમંત્રીશ્રી(ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૨૦/૦૧/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અને કયારે વાયબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ યોજાઈ,	(૧)	તા.૨૦/૦૧/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોઈપણ વાયબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ યોજાઈ નથી.
(૨)	ઉકત સ્થિતિએ ઉકત કોન્ફરન્સમાં લાઈટીંગ, સુશોભન, ટ્રાન્સપોર્ટ, રહેવા–જમવા સહિતનો કુલ કેટલો ખર્ચ થયો,	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી
(૩)	ઉકત સ્થિતિએ તે પૈકી કેટલી રકમ ચૂકવવામાં આવી અને કેટલી રકમ ચૂકવવાની બાકી છે, અને	(૩)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી
(૪)	ઉકત રકમ બજેટના કયા હેડ હેઠળ ઉધારવામાં આવી ?	(૪)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

જામનગર જિલ્લાના જામજોધપુર અને લાલપુર તાલુકામાં સ્પોર્ટ સંકુલ

15/8/851 શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર (જામજોધપુર): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (રમતગમત, યુવક સેવા)** જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તારીખ–૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ જામનગર જિલ્લાના જામજોધપુર અને લાલપુર તાલુકામાં રમતવીરો માટે તાલુકા મથકોએ એક પણ સ્પોર્ટ સંકુલ આવેલ નથી તે હકીકત સાચી છે, અને	(૧)	હા, જી.
(૨)	જો હા, તો ઉક્ત સ્થિતિએ તાલુકા મથકોએ સ્પોર્ટ સંકુલ બનાવવા માટે છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી હાથ ધરેલ છે?	(૨)	રાજ્ય સરકાર દ્વારા હાલ જિલ્લા કક્ષાએ સ્પોર્ટસ સંકુલને અગ્રતા આપેલ હોઇપ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં પ્રાયોજન વહીવટદાર કચેરી

15/8/807 શ્રીધવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા (બાયડ)**: માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી**જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં પ્રાયોજનવહીવટદારની કચેરીને કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને	(૧)	અરવલ્લીઅને સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. **વર્ષ** / **અરવલ્લી જિલ્લામાં ફાળવેલ ગ્રાન્ટ (રકમ રૂ. લાખમાં)** / **સાબરકાંઠા જિલ્લામાં ફાળવેલ ગ્રાન્ટ (રકમ રૂ. લાખમાં)** ૨૦૨૪–૨૫ / ૩૯૭૮.૧૦ / ૫૮૨૮.૪૦ ૨૦૨૫–૨૬ / ૪૬૩૩.૦૦ / ૭૩૨૪.૧૦ કુલ / ૮૬૧૧.૧૦ / ૧૩૧૫૨.૫૦
(૨)	ઉક્ત સ્થિતિએ ઉક્ત ફાળવેલ ગ્રાન્ટમાંથી કેટલા કામો હાથ ધરવામાં આવ્યા અને કેટલો ખર્ચ કરવામાં આવ્યો?	(૨)	ઉક્ત સ્થિતિએ હાથ ધરવામાં આવેલ કામો તથા થયેલ ખર્ચ **વર્ષ** / **અરવલ્લી** (**કામોની સંખ્યા** / **થયેલ ખર્ચ (રૂ.લાખમાં)**) / **સાબરકાંઠા** (**કામોની સંખ્યા** / **થયેલ ખર્ચ (રૂ.લાખમાં)**) ૨૦૨૪–૨૫ / ૩૨૬ / ૩૯૬૨.૩૩ / ૧૨૬૩ / ૫૮૨૭.૦૦ ૨૦૨૫–૨૬ / ૬૫૫ / ૨૫૭૫.૮૦ / ૭૭૦ / ૫૯૯૨.૫૦ કુલ / ૯૮૧ / ૬૫૩૮.૧૩ / ૨૦૩૩ / ૧૧૮૧૯.૫૦

બાલાસિનોર તાલુકાના દેવ લિંબડી ખાડી વાવ વચ્ચે જી.આઇ.ડી.સી.

15/8/688શ્રી માનસિંહ કોહ્યાભાઇ ચૌહાણ (બાલાસિનોર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ)**જણાવવા કૃપા કરશે કે –

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બાલાસિનોર તાલુકાના દેવ લિંબડી ખાડી વાવ વચ્ચે જી.આઇ.ડી.સી. મંજૂર કરવામાં આવેલ છે કે કેમ,	(૧)	ના, જી.
(૨)	જો હા, તો તેના માટે કેટલી જમીનની ફાળવણી કરવામાં આવેલ છે,	(૨), (૩) અને (૪)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩)	ઉક્ત સ્થિતિએ જી.આઇ.ડી.સી.નું કામ ક્યાં તબક્કે છે, અને		
(૪)	ઉક્ત જી.આઇ.ડી.સી.નું કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?		

દેવભૂમી દ્વારકા અને કચ્છ જિલ્લામાં ટ્રાન્સમીશન લાઇનો નાખવા માટે ફાળવેલ પોલીસ બંદોબસ્ત

15/8/874શ્રી ગોપાલભાઇ ગોરધનભાઇઇટાલીયા (વિસાવદર)**: માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન			**જવાબ**
(૧)	તા. ૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ સરકારી અને ખાનગી કંપનીઓ દ્વારા સૌર તેમજ પવન ઉર્જા વડે ઉત્પાદિત વીજળીને પાવરગ્રીડ સુધી લઇ જવા માટે ટ્રાન્સમીશન લાઈનોના પોલ ઉભા		(૧)	

	કરવાનું કામ કરવા દેવભૂમિ દ્વારકા અને કચ્છ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર પોલીસનું કેટલું મહેકમ બંદોબસ્ત માટે ફાળવવામાં આવ્યું,			<table><tr><th>જિલ્લાનું નામ</th><th>ફાળવેલ મહેકમ</th></tr><tr><td>કચ્છ</td><td>૧૪૯૫</td></tr><tr><td>દેવભૂમી દ્વારકા</td><td>૧૨૨</td></tr></table>
(૨)	ઉક્ત બંદોબસ્ત ફાળવણીથી સરકારને જિલ્લાવાર વર્ષવાર કેટલી આવક થઈ,		(૨)	<table><tr><th rowspan="2">જિલ્લાનું નામ</th><th colspan="2">ઓન પેમેન્ટ બંદોબસ્ત ફાળવણીથી છેલ્લા બે વર્ષમાં થયેલ આવક</th></tr><tr><th>વર્ષ–૨૦૨૪</th><th>વર્ષ–૨૦૨૫</th></tr><tr><td>કચ્છ</td><td>૩૯૩૯૧૮૪૮/–</td><td>૮૨૪૫૯૯૩૫/–</td></tr><tr><td>દેવભૂમી દ્વારકા</td><td>૧૬૦૯૦૦૨/–</td><td>૪૬૭૦૨૨૦/–</td></tr></table>
(૩)	ઉક્ત રીતે બંદોબસ્ત મેળવનારી સરકારી કે ખાનગી કંપનીઓ માટે સરકારની કોઈ માર્ગદર્શિકા કે જોગવાઇઓ છે કે કેમ, અને		(૩)	હા, જી.
(૪)	જો હા, તો ઉક્ત બંદોબસ્ત મેળવનારી કંપનીએ કઈ શરતોનું પાલન કરવાનું રહે છે?		(૪)	ગૃહ વિભાગના તા.૦૧/૧૦/૧૯૯૯ના ઠરાવ ક્રમાંક: મહક–૧૦૯૮–૮૭૬–સ તથા સક્ષમ સત્તાધિકારી દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવે તે મુજબની શરતોનું પાલન કરવાનું રહે છે.

––––––

નર્મદા જિલ્લામાં ન્યૂ ગુજરાત પેટર્ન યોજના

15/8/677 :શ્રી ચૈતરભાઇ દામજીભાઇ વસાવા (દેડીયાપાડા**):માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે **:–**

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં ન્યૂ ગુજરાત પેટર્ન યોજના અંતર્ગત કેટલી નાણાકીય જોગવાઈ કરવામાં આવી, અને	(૧)	કુલ રૂ. ૯૨૬૩.૪૯ લાખ
(૨)	ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી રકમના કયા કામો મંજૂર કરવામાં આવ્યા?	(૨)	પત્રક–અ મુજબ

પત્રક–અ

છેલ્લા ૨ વર્ષમાં કરેલ તાલુકાવાર ફાળવણી

અ.નં.	**સદરનું નામ**	**જોગવાઈ રૂ.લાખમાં**	**તાલુકાવાર જોગવાઈ (રૂ.લાખમાં)**				
			નાંદોદ	**ગરૂડેશ્વર**	**દેડીયાપાડા**	**સાગબારા**	**તિલકવાડા**
૧	**૨**	**૩**	**૪**	**૫**	**૬**	**૭**	**૮**
૧	૨૪૦૧ પાક કૃષિ વ્યવસ્થા	૧૧૭૩.૩૬	૨૯૩.૩૪	૧૮૭.૭૪	૩૪૦.૨૭	૨૨૨.૯૪	૧૨૯.૦૭
૨	૨૪૦૧ પાકકૃષિ વ્યવસ્થા (બાગાયત)	૦.૧૨	૦.૧૨	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
૩	૨૪૦૩ પશુપાલન	૪૩૦.૬૯	૧૦૭.૬૭	૬૮.૯૧	૧૨૪.૯૦	૮૧.૮૩	૪૭.૩૮
૪	૨૪૦૪ ડેરીવિકાસ	૫૬.૬૨	૧૪.૧૬	૯.૦૬	૧૬.૪૨	૧૦.૭૬	૬.૨૨
૫	૨૪૦૫ મત્સ્યોદ્યોગ	૦.૦૬	૦.૦૬	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
૬	૨૪૦૬ વનવિકાસ	૨૪.૭૨	૬.૧૮	૩.૯૫	૭.૧૭	૨.૦૬	૨.૭૨
૭	૨૪૨૫ સહકાર	૧૦.૮૩	૨.૭૧	૧.૭૩	૩.૧૪	૨.૦૬	૧.૧૯

૮	૨૫૦૧	ગ્રામવિકાસ	૫૪૨.૬૯	૧૩૫.૬૭	૮૬.૮૩	૧૫૭.૩૮	૧૦૩.૧૧	૫૯.૭૦
૯	૨૭૦૨	નાનીસિંચાઈ	૧૩૪૪.૧૩	૩૩૬.૦૩	૨૧૫.૦૬	૩૮૯.૮૦	૨૫૫.૩૮	૧૪૭.૮૬
૧૦	૨૭૦૫	વિસ્તારવિકાસ	૯૧.૮૨	૨૨.૯૬	૧૪.૬૯	૨૬.૬૩	૧૭.૪૪	૧૦.૧૦
૧૧	૨૮૦૧	વિજળીકરણ	૨૨.૮૪	૧૭.૯૮	૧.૦૪	૧.૮૮	૧.૨૩	૦.૭૧
૧૨	૨૮૫૧	ગ્રામઅને લઘુઉદ્યોગ	૯૮.૭૧	૨૪.૬૮	૧૫.૭૯	૨૮.૬૩	૧૮.૭૫	૧૦.૮૬
૧૩	૩૦૫૪	રસ્તાઅને પુલો	૧૧૪૭.૭૮	૨૮૬.૯૫	૧૮૩.૬૫	૩૩૨.૮૬	૨૧૮.૦૭	૧૨૬.૨૬
૧૪	૩૪૫૬	નાગરીકપુરવઠો	૮.૫૪	૦.૬૬	૨.૯૩	૪.૧૬	૦.૫૦	૦.૨૯
૧૫	૨૨૦૨	સામાન્યશિક્ષણ	૧૧૯૪.૬૭	૨૯૮.૬૭	૧૯૧.૧૫	૩૪૬.૪૫	૨૨૬.૯૯	૧૩૧.૪૧
૧૬	૨૨૦૩	તાંત્રિકશિક્ષણ	૮૦.૬૪	૨૦.૧૬	૧૨.૯૦	૨૩.૩૮	૧૫.૩૨	૮.૮૮
૧૭	૨૨૧૦	તબીબીઅને જાહેર આરોગ્ય	૮૫૨.૪૨	૨૧૩.૧૦	૧૩૬.૩૯	૨૪૭.૨૦	૧૬૧.૯૬	૯૩.૭૭
૧૮	૪૨૧૫	પાણીપુરવઠાઅંગે મુડી ખર્ચ	૮.૮૩	૨.૯૧	૦.૯૪	૩.૨૧	૧.૧૨	૦.૬૫
૧૯	૨૨૨૫	પછાતવર્ગોનું કલ્યાણ	૧૧૬૩.૦૯	૨૯૦.૭૭	૧૮૬.૦૯	૩૩૭.૩૦	૨૨૦.૯૯	૧૨૭.૯૪
૨૦	૨૨૩૦	શ્રમઅને રોજગાર	૧૦૩.૦૧	૨૫.૭૫	૧૬.૪૮	૨૯.૮૮	૧૯.૫૭	૧૧.૩૩
૨૧	૨૨૩૬	પોષણ	૩૭૦.૮૧	૯૨.૭૦	૫૯.૩૩	૧૦૭.૫૩	૭૦.૪૬	૪૦.૭૯
૨૨	૨૨૩૬	મધ્યાહનભોજન યોજના	૫૩૭.૧૧	૧૩૪.૨૮	૮૫.૯૪	૧૫૫.૭૬	૧૦૨.૦૫	૫૯.૦૮
		કુલ :	**૯૨૬૩.૪૯**	**૨૩૨૭.૫૧**	**૧૪૮૦.૬૦**	**૨૬૮૩.૯૫**	**૧૭૫૫.૨૩**	**૧૦૧૬.૨૦**

છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લા કક્ષાની નવીન જેલ બનાવવા બાબત

15/8/616શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટા ઉદેપુર):**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (જેલ) જણાવવા કૃપા કરશે કે.–**

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છોટાઉદેપુર જીલ્લામાં જિલ્લાકક્ષાની નવીન જેલ બનાવવાની મંજૂરી ક્યારે મળી, અને	(૧)	તા.૨૭/૦૪/૨૦૨૨ થી વહીવટી મંજુરી આપવામાં આવેલ છે.
(૨)	ઉક્ત સ્થિતિએ કેટલા કેદીઓની ક્ષમતાવાળી જેલ બનાવવામાં આવશે?	(૨)	૫૫૫

પંચમહાલ જિલ્લામાં નોંધાયેલા ગુનાઓ

15/8/529શ્રી જેઠાભાઇ આહીર(ભરવાડ) (શહેરા): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી(ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન		**જવાબ**	
(૧)	તારીખ–૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર લૂંટ,ખૂન,ધાડ,ચોરી,અપહરણ, આત્મહત્યા, ખૂનની કોશીશના કેટલા બનાવો બન્યા,	(૧)	પત્રકમુજબ.

(૨)	ઉક્ત સ્થિતિએ તે પૈકી વર્ષવાર અને જિલ્લા/શહેરવાર કેટલા ગુનાઓ ઉકેલવામાં આવ્યા, અને	(૨)	**જિલ્લો/શહેર** / **તા.૦૧/૦૧/૨૦૨૪થી તા.૩૧/૧૨/૨૦૨૪** / **તા.૦૧/૦૧/૨૦૨૫થી તા.૩૧/૧૨/૨૦૨૫** પંચમહાલ જિલ્લો(ગોધરાશહેર સિવાય) / ૨૪૦ / ૨૩૫ ગોધરા શહેર / ૯૧ / ૬૬
(૩)	તે પૈકી જિલ્લા/ શહેરવાર કેટલા ઇસમોની ધરપકડ કરવામાં આવી અને કેટલાની ધરપકડ કરવાનીબાકીછે?	(૩)	**જિલ્લો/શહેર** / **ધરપકડ કરવામાં આવેલ ઇસમોની સંખ્યા** / **ધરપકડ કરવાના બાકી ઇસમોની સંખ્યા** પંચમહાલ જિલ્લો(ગોધરા શહેર સિવાય) / ૪૭૬ / ૩૩ ગોધરા શહેર / ૧૯૫ / ૧

અરવલ્લી અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ગૌમાંસ અને ગૌવંશના આરોપીઓ બાબત

15/8/903શ્રીકાન્તીભાઈ કાળાભાઈ ખરાડી (દાંતા):**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)**જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન	**જવાબ**
(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી અને દેવભૂમિ દ્વારકા જિલ્લા/શહેરમાંથી વર્ષવાર કેટલું ગૌમાંસ અને ગૌવંશ પકડવામાં આવ્યા,	(૧) જિલ્લો / વર્ષ / પકડાયેલ ગૌમાંસ (કિ.ગ્રા.) / પકડાયેલ ગૌવંશની સંખ્યા અરવલ્લી / ૨૦૨૪ / ૧૬૧૭ / ૨૧૪ અરવલ્લી / ૨૦૨૫ / ૫૦૦ / ૮૪ દેવભૂમિ / ૨૦૨૪ / ૨૦ / ૦૦

પત્રક								
જિલ્લો	**વર્ષ**	**લૂંટ**	**ખૂન**	**ધાડ**	**ચોરી**	**અપહરણ**	**આત્મહત્યા**	**ખૂનની કોશીશ**
પંચમહાલ	તા.૦૧/૦૧/૨૦૨૪ થી તા.૩૧/૧૨/૨૦૨૪	૭	૨૪	૦	૨૦૭	૧૬	૧૫૦	૨૦
	તા.૦૧/૦૧/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫	૪	૨૧	૨	૨૨૬	૩૨	૧૧૫	૯

(૨)તે અન્વયે કેટલા આરોપીઓની ધરપકડ કરી,	(૨) જિલ્લો / આરોપીઓની સંખ્યા અરવલ્લી / ૫૮ દેવભૂમિ દ્વારકા / ૧૬
(૩) તેઓ સામે કયા કાયદાની કઇ કલમ હેઠળ શી કાર્યવાહી કરવામાં આવી, અને	(૩)

	કાયદાની વિગત	નીચે મુજબની કલમ હેઠળ ગુનો દાખલ કરવામાં આવેલ છે.
	પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ–૧૯૬૦	૧૧(૬)(ઈ), ૧૧ (ઢ), ૧૧(૧)(ક)(છ)(ઝ)
	ગુજરાત પ્રાણી સંરક્ષણ અધિનિયમ–૧૯૫૪	૫ (૧–ક) ,૬–(ખ–૧), ૬ (ખ–૨), ૮(૨),૮(૩),૮ (૪),૧૦,
	ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩	૨૮૧,૩૨૫
	ગુજરાત પશુ સંરક્ષણ (સુધારા) અધિનિયમ–૨૦૧૭	૫ (ક), ૬ (ક),૬ (ખ) , ૮ (૨) , ૮(૪) , ૧૦
	મોટર વ્હીકલ એક્ટ	૧૭૭,૧૮૪,૧૩૪ ,૧૯૨
(૪) ઉક્ત સ્થિતિએ કેટલા આરોપીઓની ધરપકડ કરવાની બાકી છે?	(૪)	

જિલ્લો	આરોપીઓની સંખ્યા
અરવલ્લી	૦૦
દેવભૂમિ દ્વારકા	૦૦

પાટણ અને સુરત જિલ્લામાં ગૌમાંસ અને ગૌવંશના આરોપીઓ બાબત

15/8/884ડો.કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ):**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી(ગૃહ)**જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧)તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ અને સુરત જિલ્લા/શહેરમાંથી વર્ષવાર કેટલું ગૌમાંસ અને ગૌવંશ પકડવામાં આવ્યા,

(૨)તે અન્વયે કેટલા આરોપીઓની ધરપકડ કરી,

(૩) તેઓ સામે કયા કાયદાની કઈ કલમ હેઠળ શી કાર્યવાહી કરવામાં આવી, અને

જવાબ

(૧)

જિલ્લો	વર્ષ	પકડાયેલ ગૌમાંસ (કિ.ગ્રા.)	પકડાયેલ ગૌવંશની સંખ્યા
પાટણ	૨૦૨૪	૦૦	૦૨
	૨૦૨૫	૦૦	૦૦
સુરત શહેર	૨૦૨૪	૧૩૭૩.૨૮	૦૫
	૨૦૨૫	૨૫૦૩.૮	૦૦
સુરત	૨૦૨૪	૩૨૪૯	૭૬

(૨)

જિલ્લો	આરોપીઓની સંખ્યા
પાટણ	૦૨
સુરત શહેર	૭૩
સુરત ગ્રામ્ય	૧૦૨

(૩)

કાયદાની વિગત	નીચે મુજબની કલમ હેઠળ ગુનો દાખલ કરવામાં આવેલ છે.
પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ–૧૯૬૦	૧૧(૬)(ઈ), ૧૧ (ઢ), ૧૧(૧) (ક)(છ)(ઝ)
ગુજરાત પ્રાણી સંરક્ષણ અધિનિયમ–૧૯૫૪	૫ (૧–ક) ,૬–(ખ–૧), ૬ (ખ–૨), ૮(૨),૮(૩),૮ (૪),૧૦,

	ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩	૫૪, ૩૨૫, ૩૨૫(૨)
	ગુજરાત પશુ સંરક્ષણ (સુધારા) અધિનિયમ–૨૦૧૭	૫ (ક), ૬ (ક),૬ (ખ) , ૮ (૨) , ૮(૪) , ૧૦
	ગુજરાત મોટર વ્હીકલ એક્ટ૧૯૮૬	૧૯૨
(૪) ઉક્ત સ્થિતિએ કેટલા આરોપીઓની ધરપકડ કરવાની બાકી છે?	(૪)	

જિલ્લો	આરોપીઓની સંખ્યા
પાટણ	૦૦
સુરત શહેર	૦૧
સુરત ગ્રામ્ય	૧૩

બનાસકાંઠા અને અમદાવાદજિલ્લામાં ગૌમાંસ અને ગૌવંશના આરોપીઓ બાબત

15/8/910શ્રીઅમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ):**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)**જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા અને અમદાવાદ જિલ્લા/શહેરમાંથી વર્ષવાર કેટલું ગૌમાંસ અને ગૌવંશ પકડવામાં આવ્યા,

જવાબ

(૧)

જિલ્લો	વર્ષ	પકડાયેલ ગૌમાંસ (કિ.ગ્રા.)	પકડાયેલ ગૌવંશની સંખ્યા
બનાસકાંઠા	૨૦૨૪	૦૦	૦૦
	૨૦૨૫	૦૦	૦૦
અમદાવાદ શહેર	૨૦૨૪	૧૧૭૫	૧૫
	૨૦૨૫	૧૬૯૬.૫	૦૪
અમદાવાદ	૨૦૨૪	૨૫	૦૨

(૨)તે અન્વયે કેટલા આરોપીઓની ધરપકડ કરી,

(૨)

જિલ્લો	આરોપીઓની સંખ્યા
બનાસકાંઠા	૦૦
અમદાવાદ શહેર	૭૦
અમદાવાદ ગ્રામ્ય	૫૦

(૩) તેઓ સામે કયા કાયદાની કઇ કલમ હેઠળ શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩)

કાયદાની વિગત	નીચે મુજબની કલમ હેઠળ ગુનો દાખલ કરવામાં આવેલ છે.
પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ–૧૯૬૦	૧૧(ડ)(ઇ), ૧૧ (ઢ), ૧૧(૧) (ક)(છ)(ઝ)
ગુજરાત પ્રાણી સંરક્ષણ અધિનિયમ–૧૯૫૪	૫ (૧–ક) ,૬–(ખ–૧), ૬ (ખ–૨), ૮(૨),૮(૩),૮ (૪),૧૦,
ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩	૫૪,૨૮૧,૨૯૯,૩૨૫
ગુજરાત પશુ સંરક્ષણ (સુધારા) અધિનિયમ–૨૦૧૭	૫ (ક), ૬ (ક),૬ (ખ) , ૮ (૨) , ૮(૪) , ૧૦

	ગુજરાત પ્રોવિન્સિયલ મ્યુ. કોર્પોરેશન અધિનિયમ– ૧૯૪૯	૩૩૫,૩૯૨
	મોટર વ્હીકલ એક્ટ – ૧૯૮૯ રૂલ્સ	૧૯૨(ક)
(૪) ઉક્ત સ્થિતિએ કેટલા આરોપીઓની ધરપકડ કરવાની બાકી છે?	(૪)	

જિલ્લો	આરોપીઓની સંખ્યા
બનાસકાંઠા	૦૦
અમદાવાદ શહેર	૦૮
અમદાવાદ ગ્રામ્ય	૦૩

સાબરકાંઠા અને તાપી જિલ્લામાં ગૌમાંસ અને ગૌવંશના આરોપીઓ બાબત

15/8/899ડો.તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા):**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)**જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન	જવાબ
(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા અને તાપીજિલ્લા/શહેરમાંથી વર્ષવાર કેટલું ગૌમાંસ અને ગૌવંશ પકડવામાં આવ્યા,	(૧)
(૨)તે અન્વયે કેટલા આરોપીઓની ધરપકડ કરી,	(૨)
(૩) તેઓ સામે કયા કાયદાની કઇ કલમ હેઠળ શી કાર્યવાહી કરવામાં આવી, અને	(૩)
(૪) ઉક્ત સ્થિતિએ કેટલા આરોપીઓની ધરપકડ કરવાની બાકી છે?	(૪)

જિલ્લો	વર્ષ	પકડાયેલ ગૌમાંસ (કિ.ગ્રા.)	પકડાયેલ ગૌવંશની સંખ્યા
સાબરકાંઠા	૨૦૨૪	૦૦	૧૭
	૨૦૨૫	૦૦	૦૩
તાપી	૨૦૨૪	૩૭૦	૩૪

જિલ્લો	આરોપીઓની સંખ્યા
સાબરકાંઠા	૨૪
તાપી	૨૩

કાયદાની વિગત	નીચે મુજબની કલમ હેઠળ ગુનો દાખલ કરવામાં આવેલ છે.
પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ–૧૯૬૦	૧૧(ડ)(ઇ), ૧૧ (ઢ), ૧૧(૧) (ક)(છ)(ઝ)
ગુજરાત પ્રાણી સંરક્ષણ અધિનિયમ–૧૯૫૪	૫ (૧–ક) ,૬–(ખ–૧), ૬ (ખ–૨), ૮(૨),૮(૩),૮ (૪),૧૦,
ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩	૩૦૩ (૨),૧૧૫(૨), ૩૫૧(૨)૩૫૧(૨),૫૪,૩૨૫
ગુજરાત પશુ સંરક્ષણ (સુધારા) અધિનિયમ–૨૦૧૭	૫ (ક), ૬ (ક),૬ (ખ) , ૮ (૨) , ૮(૪) , ૧૦
મોટર વ્હીકલ એક્ટ	૧૭૭

જિલ્લો	આરોપીઓની સંખ્યા
સાબરકાંઠા	૦૧
તાપી	૦૧

માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત

પ્રાકૃતિક કૃષિ પરિસંવાદના નિમંત્રણ અંગે

અધ્યક્ષશ્રી : મારે એક જાહેરાત કરવાની છે. તારીખ ૨૭મી ફેબ્રુઆરી ૨૦૨૬ને શુક્રવારના રોજ સવારે ૧૦-૦૦ કલાકે વિધાનસભાગૃહમાં માનનીય રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની ઉપસ્થિતિમાં પ્રાકૃતિક કૃષિ વિશે એક પરિસંવાદનું આયોજન કરવામાં આવેલ છે. જેથી આ પરિસંવાદમાં ઉપસ્થિત રહેવા માટે હું તમામ માનનીય સભ્યશ્રીઓને નિમંત્રિત કરું છું.

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીઓ જાણે છે કે અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચા માટે ચાર દિવસ ફાળવવામાં આવ્યા છે. અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચા દરમિયાન આખા અંદાજપત્ર ઉપર અથવા તો તેમાં સમાવેલા કોઈ સિદ્ધાંતના પ્રશ્ન ઉપર ચર્ચા કરી શકાય. જુદાજુદા વિષય અગર તો સેવાની અગત્યતા અનુસાર ખર્ચની યોગ્ય ફાળવણી, અંદાજપત્રમાં દર્શાવ્યા પ્રમાણેની કર નાંખવાની નીતિ અને માનનીય નાણામંત્રીશ્રીના પ્રવચન અંગે ચર્ચા કરી શકાય, પરંતુ ખાતાઓની ઝીણઝીણી વહીવટી વિગતો કે સ્થાનિક પ્રશ્નોની છણાવટ અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચા વખતે નહીં પણ અનુદાનોની માગણીઓ ઉપરની ચર્ચા વખતે કરવાની હોય છે એટલે માનનીય સભ્યશ્રીઓ આ બાબત ધ્યાન ઉપર રાખશે તો પુનરુક્તિ થશે નહીં અને ચર્ચા ઉપયોગી થઇ શકશે.

ડૉ. કુબેરભાઇ મ. ડીંડોર(સંતરામપુર) : માનનીય અધ્યક્ષશ્રી, આજના આ પવિત્ર ગૃહમાં આપણા રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી, માનનીય નાણામંત્રી શ્રી કનુભાઇ દેસાઇ દ્વારા રજૂ કરવામાં આવેલ પાંચ સ્તંભ જેવા કે: સામાજિક સુરક્ષા, માનવ સંસાધન વિકાસ, આંતર માળખાકીય સુવિધાઓ, આર્થિક પ્રવૃત્તિઓનો વિકાસ અને ગ્રીન ગ્રોથ ઉપર આધારિત વર્ષ ૨૦૨૬-૨૭નું ઐતિહાસિક અને અત્યાર સુધીના સૌથી મોટું બજેટ એવા રૂ. ૪ લાખ ૮ હજાર ૫૩ કરોડના અંદાજપત્ર ઉપર મારા વિચારો રજૂ કરવાની મને તક મળી છે એ બદલ હું આપનો આભાર માનું છું.

અધ્યક્ષશ્રી : માનનીય મહેસૂલ મંત્રીશ્રી, આપ વચ્ચેથી પસાર થયા છો. આપ પોતાના સ્થાન ઉપર બેસી જાઓ. અત્યારે માનનીય સભ્યશ્રી પ્રવચન કરી રહ્યા છે.

ડૉ. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટ સામાન્ય બજેટ નથી પરંતુ રાજ્યના સવા સાત કરોડ નાગરિકોનાં સપનાં, યુવાનોની આકાંક્ષાઓ અને આવનારી પેઢીના ભવિષ્યનો એક જીવંત દસ્તાવેજ છે. મને આ ગૃહમાં ઊભા રહીને અત્યંત ગર્વ થાય છે કે આપણી સરકારે રજૂ કરેલ બજેટ હર કદમ સેવા કી ઔરના સાચા અર્થમાં સર્વગ્રાહી, સર્વસ્પર્શી અને દૂરંદેશી બજેટ છે. આ બજેટ વિકસિત ભારત-૨૦૪૭ અને વિકસિત ગુજરાત ૨૦૪૭ના સંકલ્પને સિદ્ધ કરવા માટેનો એક મજબૂત પાયો છે. આ બજેટની સૌથી મોટી વિશેષતા એ છે કે ગરીબ, યુવા, અન્નદાતા અને નારીના ચાર સ્તંભો ઉપર ઊભું છે. આજે હું વિશેષ કરીને આપણા રાજ્યના યુવાવર્ગ અને તેમના ભવિષ્યના ઘડતર માટે અત્યંત મહત્ત્વના ઉચ્ચ શિક્ષણ, ટેકનિકલ સાયન્સ અને ટેકનોલોજી અંગે આ બજેટમાં કરવામાં આવેલી ક્રાંતિકારી જોગવાઇઓ ઉપર ગૃહનું ધ્યાન દોરવા માગું છું. મારે આ ગૃહને કહેવું છે કે નવા યુગની આ નવી સવાર છે. જ્ઞાનનો હવે જય જયકાર છે. ઉચ્ચ શિક્ષણના પાયા ઉપર ઘડાતો વિકાસનો આકાર છે. સપનું છે જે વિકસિત ભારતનું, તેની આ જ તો સાચી શરૂઆત છે. કૌશલ્યના નિર્માણથી સાર્થક થવાની આ વાત છે. સ્ટાર્ટઅપ અને ટેકનોલોજી થકી ખુલી રહ્યાં છે પ્રગતિનાં દ્વાર, ઉચ્ચ શિક્ષણ જ બની રહ્યું છે હવે આત્મનિર્ભરતાનો આધાર. ગરવી ગુજરાતની આ ધરતી ઉપર લખાતો નવો ઇતિહાસ છે. રિસર્ચ અને સ્કિલ ડેવલપમેન્ટથી વિશ્વમાં ફેલાયેલા જ્ઞાનનો આ પ્રકાશ છે. આપણી સંસ્કૃતિમાં કહેવાયું છે કે, 'સા વિદ્યા યા વિમુક્તયે' .એટલે કે વિદ્યા એ છે કે જે આપણને મુક્તિ અપાવે છે. વિદ્યા મુક્તિ અપાવે છે અજ્ઞાનથી, ગરીબીથી, બેરોજગારીથી અને અનેક સમસ્યાઓથી. આ મંત્રને ચરિતાર્થ કરતાં આપણી સરકારે શિક્ષણ વિભાગ માટે આ વર્ષના બજેટમાં રૂપિયા ૬૩,૧૮૫ કરોડની જંગી અને ઐતિહાસિક ફાળવણી કરી છે. આ માટે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી સાહેબ અને નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબને શુભકામના પાઠવું છું અને અભિનંદન આપું છું. ખરું શિક્ષણ એ છે કે જે યુવાનના હાથમાં કૌશલ્ય આપે. તેના મસ્તિષ્કમાં નવીનતા, ઇનોવેશનના બીજ રોપે અને વૈશ્વિક મંચ પર ઊભો રહેવાની તાકાત આપે. રાજ્ય સરકાર આ બાબતમાં આગળ વધી રહી છે અને આ બજેટ તેનો પ્રત્યક્ષ પુરાવો છે. ૨૧ મી સદી ટેકનોલોજી, ડેટા અને એ.આઇ.ની સદી છે. જે રાજ્ય કે રાષ્ટ્ર વિજ્ઞાનના માર્ગે ચાલે છે એ દુનિયામાં રાજ કરે છે. આપણી સરકાર આ વસ્તુ માત્ર સમજી નથી પરંતુ જમીન પર ઉતારવા માટે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ માટે રૂપિયા ૨,૬૩૪ કરોડની માતબર અને ઐતિહાસિક ફાળવણી કરી છે. આ બજેટ સાચા અર્થમાં વિકસિત ગુજરાત ૨૦૪૭નું સ્વપ્ન સાકાર કરવા માટે એક અત્યાધુનિક ડિજિટલ રોડમેપ છે. આપણું રાષ્ટ્ર મહાસત્તા બનવાનું છે, સને ૨૦૪૭નું ભારત વિકસિત બનવાનું છે અને એમાં ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ આપણે કરી રહ્યા છીએ. એનો જીવતો જાગતો પુરાવો છે કે, પાકિસ્તાનના પહેલગામના હુમલામાં આપણી સેનાએ પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપ્યો અને એમાં પણ 'ઓપરેશન સિંદૂર'માં ટેકનોલોજીનો ઉપયોગ કરીને આપણે ભારતની ધરતીમાં રહીને પાકિસ્તાનને પાઠ ભણાવવાનું કામ કર્યું એ આ ટેકનોલોજીનો ઉપયોગ કરીને આપણે કરી શક્યા છીએ. કોંગ્રેસના સમયમાં સને ૧૯૯૦ના દાયકામાં કુલ બજેટ રૂપિયા ૧૧ હજાર કરોડ હતું. આજે માત્ર એક-બે વિભાગનું બજેટ તેમના આખા બજેટ કરતાં મોટું છે. તેમણે ક્યારેય ભવિષ્યની પેઢી માટે ટેકનોલોજીનું ઇન્ફ્રાસ્ટ્રકચર ઊભું કરવામાં રસ ન હતો.

એટલે જ ભારતને બીજા દેશના લોકો 'મદારીનો દેશ' કહેતા હતા. આપણી ઓળખાણ આ હતી. કૉંગ્રેસના શાસનમાં ટૅકનૉલૉજીનો ઉપયોગ માત્ર કૌભાંડો કરવા માટે હતો અને તેઓ અમને સવાલો પૂછે છે. ફાઇલોને ગાયબ કરવા માટે જ ફક્ત ટૅકનૉલૉજીનો ઉપયોગ થતો હતો. આજે એ જ કૉંગ્રેસ અનેક સવાલો કરે છે. વર્ષો સુધી ગુજરાતના ગામડાઓને ઇન્ટરનેટની સુવિધાથી વંચિત રાખ્યા એમાં અમારા આદિવાસી સમાજને સવિશેષ વંચિત રાખ્યો. આજે ઉચ્ચ શિક્ષણ વિભાગની વાત કરીએ તો એની ગુણવત્તામાં વધારો થયો છે. ગુજરાતનો કોઇપણ વિદ્યાર્થી માત્ર એટલા માટે શિક્ષણથી વંચિત ન રહેવો જોઇએ કે તેના ઘરની નજીક સારી કોલેજ નથી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય માજી મંત્રીશ્રી કૉંગ્રેસ શબ્દનો વારંવાર ઉપયોગ કરે છે. તમે દરેક વખતે કૉંગ્રેસની વાત કરો છો તો *(xxx)

અધ્યક્ષશ્રી : તમે વ્યક્તિગતમાં નહીં પડો. એવી વાત ન કરો. માનનીય સભ્યશ્રીએ જે વાત કરી છે એ રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

ડૉ. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, આ ખામીઓ કાયમ માટે દૂર કરવા માટે આ બજેટમાં રૂપિયા ૧૨૬ કરોડની માતબર જોગવાઇ કરી છે. પહેલા તાલુકા કક્ષાએ કોલેજો ન હતી. અત્યારે કોલેજોની વ્યવસ્થા થઇ છે. રાજ્યમાં ૧૬ નવી કોલેજો શરૂ કરવામાં આવશે ત્યારે કાર્યરત ૨૦ કોલેજોના બાંધકામ પૂરા કરવામાં આવશે. ૮ કોલેજોમાં નવા અત્યાધુનિક અભ્યાસક્રમોની શરૂઆત કરવામાં આવશે. માત્ર નવી ઇમારતો નહીં પણ હયાત ઇન્ફ્રાસ્ટ્રકચરની જાળવણી એટલી જ જરૂરી છે. રાજ્યની ૧૩૬ સરકારી ઉચ્ચ શિક્ષણની કોલેજોના સમારકામ અને આધુનિકીકરણ માટે રૂપિયા ૪૬ કરોડ ખર્ચવામાં આવશે. આ દર્શાવે છે કે સરકાર માત્ર ઘોષણાઓ કરીને અટકી જતી નથી. પરંતુ સરકારી સંસ્થાઓની ગુણવત્તા ખાનગી સંસ્થાઓ કરતાં પણ વધુ સારી બને તે માટે કટિબદ્ધ છે.ટૅકનિકલ શિક્ષણ અને સંશોધન–રિસર્ચ પર અભૂતપૂર્વ ભાર મૂકવામાં આવ્યો છે. ૨૧મી સદીએ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ એટલે કે એ.આઇ.નો જમાનો છે. રોબોટીક ડેટા સાયન્સ અને સેમીકન્ડક્ટરની સદી છે. જો આપણે યુવાનોને માત્ર પરંપરાગત શિક્ષણ આપતા રહીશું તો તેઓ આ વૈશ્વિક રેસમાં પાછળ રહી જઇશું. ગુજરાતનો યુવાન ટૅકનૉલૉજીનો માત્ર વપરાશકર્તા ના રહે, પરંતુ તેનો સર્જક અને ક્રિએટર બને તેવું આ સરકારનું વિઝન છે. આ માટે બજેટમાં ગુજરાતની શાન એવી એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજ એલ.ડી.સી.ઇ.ના આધુનિકરણ માટે ઐતિહાસિક પગલું ભરવામાં આવ્યું છે. રાજ્યની સૌથી મોટી એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજમાં અભ્યાસ કરતા ૭,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને સરકારે માસ્ટર પ્લાનની જાહેરાત કરી છે. પ્રથમ તબક્કામાં રૂ.૫૧ કરોડના ખર્ચે અત્યાધુનિક રિસર્ચ પાર્ક ઊભો કરવામાં આવ્યો છે. સાથેસાથે વિદ્યાર્થીઓને રહેવા માટે નવી હૉસ્ટેલના નિર્માણ માટે રૂ.૫૧ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. માત્ર વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાનું એટલું જ નહીં યુવાનોના શારીરિક અને માનસિક વિકાસ માટે જીમખાના અને સ્પોર્ટ્સ ફેસિલિટી માટે રૂ.૨૯ કરોડની પણ ફાળવણી કરવામાં આવી છે. આ એક સર્વગ્રાહી અભિગમનું જીવંત ઉદાહરણ છે. એકતરફ મગજને કસવા માટે રિસર્ચ પાર્ક અને બીજી તરફ શરીરને કસવા માટે સ્પોર્ટ્સ ફેસિલિટી આપવાની વ્યવસ્થા અમારી સરકારે કરી છે. ઇન્ડસ્ટ્રીઝ વિકેન્દ્રીકરણ માટે કૌશલ્ય નિર્માણ વર્ષોથી આપણા દેશમાં સમસ્યા એ રહી છે કે ઉદ્યોગોને જે પ્રકારના સ્કિલ્ડ લોકો જોઇએ છે તે પ્રકારનું શિક્ષણ આપણી કોલેજોમાં અપાતું ન હતું. ઇન્ડસ્ટ્રીઝ અને એકેડમી વચ્ચેની આ ખાઇને પૂરવા માટે રાજ્ય સરકાર ખૂબ વૈજ્ઞાનિક રીતે આગળ વધી રહી છે. બજેટમાં ''કૌશલ્ય સહાય'' નામની નવી અને ક્રાંતિકારી યોજના રજૂ કરવામાં આવી છે જેમાં આશરે ૨.૧૨ લાખ વિદ્યાર્થીઓ તેઓ જ્યારે ઉદ્યોગમાં ઇન્ટર્નશીપ કરવા જશે ત્યારે આર્થિક પ્રોત્સાહનરૂપે સ્ટાઇપેન્ડ પૂરું પાડવા માટે રૂ.૪૩ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

આનાથી વિદ્યાર્થીઓને ટૅકનિકલ જ્ઞાન મેળવવાની પ્રેરણા મળશે અને ઉદ્યોગોને તૈયાર ટેલેન્ટ મળશે. ગુજરાત સેમીકન્ડક્ટર પૉલિસી. વિશ્વમાં આજે સેમીકન્ડક્ટર ચીપની ભારે માંગ છે. ગજરાત દેશનું પહેલું રાજ્ય છે કે જેણે સેમીકન્ડક્ટર પૉલિસી બનાવી છે. આ બજેટમાં સેમીકન્ડક્ટર ક્ષેત્રે મૂડીરોકાણને આકર્ષવા અને ઇન્ફ્રાસ્ટ્રકચર ઊભું કરવા માટે રૂ.૧૧૦૦ કરોડની જંગી જોગવાઇ કરવામાં આવી છે, આનાથી ધોલેરા અને સાણંદ જેવા વિસ્તારો ગ્લોબલ સેમીકન્ડક્ટર હબ બનશે અને લાખો યુવાનોને હાઇટેક જોબ મળશે. ગુજરાત ઇલેક્ટ્રોનિક્સ પૉલિસી સ્થાનિક સ્તરે ઇલેક્ટ્રોનીક્સ મેન્યુફેકચરીંગ વધે તે માટે સહાય માટે રૂ.૧૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને એ.આઇ. હબ તરીકે ગુજરાતને સ્થાપિત કરવા માટે બજેટમાં રૂ.૩૦ કરોડની જોગવાઇ કરી છે. ભવિષ્ય એ.આઇ.નું છે. હાલ ડેટા સેન્ટર અને ફ્યુચર ઓફ એક્સેલન્સ સી.ઇ.ઓ.ની સ્થાપના થશે. જે પૉલિસીથી લઇને નાગરિક સુવિધાઓમાં એ.આઇ.નો ઉપયોગ વધારશે. સ્પેસ ઇકો સિસ્ટમ અને રિસર્ચ સિસ્ટમ અવકાશના વિજ્ઞાનમાં ગુજરાતના યુવાનો પાછળ ના રહે તે માટે સ્પેસ ઇકો સિસ્ટમ માટે રૂ.૨૫ કરોડની ફાળવણી કરવામાં આવી છે. આ ઉપરાંત નવીનતા આધારીત સંશોધન માટે બાયોસેલની પણ સ્થાપના કરવામાં આવશે. છેવાડાના માનવી સુધી વિજ્ઞાનનો પ્રસાર થાય અને વિજ્ઞાનના ક્ષેત્રે આગળ વધીએ એના માટે સાયન્સ એ મેટ્રોસિટી પૂરતું નહીં રહે પણ ગામડાઓમાં પણ તેનો પ્રચાર–પ્રસાર થાય. ગામડાના લોકો વિજ્ઞાનમાં રૂચી કેળવે એના માટે સરકારે વ્યવસ્થા કરી

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

છે. પોરબંદરમાં નવું રિજિયોનલ સાયન્સ સેન્ટર સ્થાપવા માટે રૂ.૨૫ કરોડની જોગવાઈ કરી છે. સરહદી વિસ્તારના વાવ–થરાદના જિલ્લા ખાતે વિજ્ઞાન કેન્દ્રની સ્થાપના કરવામાં આવી છે. સાથેસાથે ડિજિટલ ક્રાંતિ નમો સેન્ટર લાઇબ્રેરી અને જ્ઞાનનું લોકશાહીકરણ, જ્ઞાન એ કોઈપણ વિકસિત સમાજની મૂડી છે. આપણા વિદ્યાર્થીઓને દુનિયાભરના પુસ્તકો અને રિસર્ચ પેપર એકજ જગ્યાએથી મળે રહે એવા ભવ્ય ઉદ્દેશ સાથે સરકારે ગાંધીનગરમાં દેશની સૌથી મોટી 'નમો સેન્ટ્રલ લાઇબ્રેરી' સ્થાપવા માટે રૂ.૧૦૦ કરોડની જોગવાઇ કરી છે. આ કોઇ સામાન્ય પુસ્તકાલય નહીં હોય આ એક એવું ડિજિટલ વિદ્યા મંદિર હશે કે જ્યાં ગુજરાતનો છેવાડાનો વિદ્યાર્થી પણ દુનિયાની શ્રેષ્ઠ માહિતી ડિજિટલ ફોર્મેટમાં આંગળીના ટેરવે મેળવી શકશે. આ ઉપરાંત મ્યુનિસિપાલિટી અને કોર્પોરેશનમાં પણ ડિજિટલ લાઇબ્રેરી ઊભી કરવા માટે રૂ.૫૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. સાથેસાથે અંદાજપત્ર સર્વગ્રાહી છે કારણ કે શિક્ષણના ત્રણેય પાસાઓને આવરી લઇને એક્સેસ ક્વોલિટી, એફોર્ડીબિલીટી પહોંચ, ગુણવત્તા અને પોષાય તેવું શિક્ષણ આપવા માટે નવી ૧૬ સરકારી કોલેજો બનાવીને ગરીબ વિદ્યાર્થી અને છેવાડાના માનવીને ઉચ્ચ શિક્ષણ મળે એના માટે વ્યવસ્થા કરી છે. એલ.ડી. કોલેજમાં રિસર્ચ પાર્ક, આઇ.આઇ.એમ.ના પ્રાદેશિક કેન્દ્રો અને સેન્ટ્રલ લાઇબ્રેરી બનાવીને સરકારે શિક્ષણની ક્વોલિટી વૈશ્વિક સ્તરની કરી છે. કૌશલ્ય સહાય, નમો સરસ્વતી અને નમો લક્ષ્મી યોજના દ્વારા સરકારે સુનિશ્ચિત કર્યું છે કે ગરીબમાં ગરીબ પરિવારનો વિદ્યાર્થી પણ આર્થિક સંકડામણ વગર ભણી શકે એના માટે વ્યવસ્થા કરી છે. સાથેસાથે ગુજરાતનો યુવાન સ્પેસ, એ.આઇ., હેલ્થકેર, શિક્ષણ, મેન્યુફેકચરિંગ, ફૂડ ન્યુટ્રીશિયન, બાયોટેકનોલોજી ડિફેન્સ, ફિશરીઝ, ફિનટેન ગેમિંગ જેવા અનેક ક્ષેત્રમાં સ્ટાર્ટઅપના માધ્યમથી આગળ વધે એના માટે અનેક પ્રયત્નો થયા છે. મારે એટલું જ કહેવું છે કે આ વર્ષે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીના ઇન્ડિયા એ.આઇ. ઇમ્પેકટ સમીટ–૨૦૨૬નું ઉદઘાટન કર્યું છે જેનું ગ્લોબલ સાઉથમાં પ્રથમ વખત આયોજન થયું છે. આ સમીટમાં ગુજરાતનું યોગદાન અત્યંત મહત્ત્વપૂર્ણ હશે. આપણી યુ.પી.આઇ. સર્વિસે વિશ્વમાં સાબિત કરી આપ્યું છે કે આપણું ભારતનું દરેક તંત્ર સ્વ–આધારીત હોય તો અત્યંત જરૂરી છે. આપણે શસ્ત્રોથી લઇને ટેકનોલોજી તરફ સ્વ–આધારીત આગળ વધી રહ્યા છીએ. ભારત ઉર્જાથી લઇને શસ્ત્રો, ટેકનોલોજીથી લઇને કૃષિ દરેક ક્ષેત્રે સ્વાવલંબી બને એના માટેના પ્રયત્નો થઇ રહ્યા છે. આપણે ટેકનોલોજીના ક્ષેત્રમાં વિશ્વમાં ઉત્તમ વિકલ્પ આપી શકીએ છીએ. અંતમાં હું એટલું જ કહીશ કે નાણામંત્રીશ્રી કનુભાઇ પટેલ સાહેબ જે આ બજેટ લઇને આવ્યા છે એમાં જે વ્યવસ્થાઓ કરી છે એમાં બહેનો દરેક ક્ષેત્રમાં આગળ વધી છે એનો શ્રેય જાય છે વડાપ્રધાનશ્રી માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબને અને એ શ્રેય એટલા માટે જાય છે કે તેમને સન ૨૦૦૧માં કન્યા કેળવણી કાર્યક્રમ અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમની શરૂઆત કરી હતી. આ અમારી સરકારની દીર્ઘદ્રષ્ટિ છે કે આવનાર ૨૦ વર્ષ પછી જે આવવાનું છે તેની તૈયારી અત્યારથી અમે કરી લઇએ છીએ. અંતમાં હું એટલું જ કહીશ કે નાણામંત્રીશ્રી કનુભાઇ પટેલ અને માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં તૈયાર થયેલું આ બજેટ ગુજરાતની આગામી ૨૫ વર્ષની સુવર્ણ યાત્રાનો નકશો છે. યુવાનો ઉપર કરવામાં આવેલું આ રોકાણ આવતીકાલે અનેકગણું વધીને ગુજરાતને વિશ્વ ફલક ઉપર પ્રસ્થાપિત કરશે. ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણના આધુનિકીકરણના મહાયજ્ઞને હું પૂરા હૃદયથી આવકારું છું અને અંતમાં એક પંકિત કહેવા માગું છું,

'' સંસ્કારોથી સુગંધ મહેકે મનમંદિરને ધામે, સુખથી ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે ,
સમાજ કેરે દરીયે હાંકી શિક્ષણ કેરું વહાણ, આવો કરીએ આપણે સૌ ભવ્ય ભારત રાષ્ટ્રનું નિર્માણ.
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ,ભવ્ય ગુજરાત, જય જય ગરવી ગુજરાત, ભારત માતાકી જય. ''

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા(કતારગામ) : માનનીય અધ્યક્ષશ્રી, હું આજે એ શહેરમાંથી આવું છું જયાં એક કહેવત છે કે, '' ગંગા સ્નાને, નર્મદા દર્શને, અને તાપી સ્મરણે'' આ બધાનું પૂણ્ય એકસરખું કહેવાશે એવી સૂર્ય પુત્રી માઁ તાપી નદીના કીનારે વસેલું સુરત એની અંદર મારી કતારગામ વિધાનસભા જે શિવલિંગની ફરતે શેષનાગે જેમ વીંટળાયેલા હોય એવી મારી કતારગામ વિધાનસભા છે એ કતારગામના પ્રતિનિધિ તરીકે અહીંયા હું મારા મનની વાત અને મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધીના આખા ગુજરાતને વાઇબ્રન્ટ કરી નાખે એવું અધધ કહી શકાય એટલું રૂપિયા ૪ લાખ ૮ હજાર કરોડનું બજેટ લઇને માનનીય નાણામંત્રીશ્રી આવ્યા છે ત્યારે એમને ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું અને એમનો આભાર પણ માનું છું. ગુજરાતની અંદર લગભગ ૪૮થી ૫૦ ટકા જેટલી વસ્તી આજે શહેરમાં વસતી હોય ત્યારે સુરત શહેરી વિકાસને માનનીય નાણામંત્રીશ્રીએ રૂ. ૩૩,૫૦૦ કરોડનું બજેટ ફાળવીને શહેરમાં વસતા નાગરિકો માટે સુંદર અને સ્વચ્છ જીવન માટેનો લોકોનો વિશ્વાસ મળી રહે એવું સુંદર મજાનું બજેટ શહેરી વિસ્તારને ફાળવ્યું છે. હું વાત કરું મારા મતવિસ્તાર કતારગામની અંદર આજ વર્ષે અને ટૂંકા ગાળમાં ૪થી ૬ મહિનાની અંદર અંદાજિત ૨૦૦ કરોડ રૂપિયા જેટલાં કામો લોકાર્પણ થવા જઇ રહ્યાં છે, ત્યારે હમણાં જ માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી પધાર્યા હતા, ત્યારે સુંદર મજાનું અધતન આધુનિક ઓડિટોરિયમ કતારગામ વિધાનસભાને લોકાર્પણ કર્યું છે. એની સાથે–સાથે ટૂંક સમયમાં ફરી એક વખત આખા ગુજરાતમાં એક સારામાં સારી અધતન લાઇબ્રેરી અને એની સાથે ઇ–લાઇબ્રેરીનું એક સારું એવું નજરાણું દક્ષિણ ગુજરાત માટે આપ આપવા જઇ રહ્યા છો. એની સાથે એક હેલ્થ ક્લબ પણ અમારા કતારગામ વિધાનસભામાં આપી છે. એના એક મહિના પહેલાં લગભગ રૂ.૬૦ લાખ જેટલા એક ઓવરબ્રિજનું પણ લોકાર્પણ કર્યું છે. એક મોડેલ શાળાનું પણ લોકાર્પણ કર્યું છે. આ

ઉપરાંત માનનીય મુખ્યમંત્રીશ્રીએ એક માધ્યમિક શાળા પણ મંજૂર કરી છે. અત્યારે હાલ એક ક્રિકેટ ગ્રાઉન્ડ હયાત છે અને બીજું ક્રિકેટ ગ્રાઉન્ડ યુવાનો માટે ફાળવ્યું છે. એની સાથે નેશનલ લેવલની એક સ્પોર્ટ ક્લબ, નેશનલ લેવલનું રોલ બોલ સ્કેટિંગનું પણ કામ ચાલુ થવા જઈ રહ્યું છે. મારા વિસ્તારમાં ૪ જેટલાં હેલ્થ સેન્ટર ઊભાં કરવામાં આવ્યાં છે. સાથે-સાથે ગરીબો માટે રેનબસેરા પણ બનાવવામાં આવ્યું છે. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર હંમેશા ઇમોશનલ રહી છે ત્યારે કબૂતરો માટે પણ મારી વિધાનસભામાં પી.પી.પી. ધોરણે દવાખાનાં શરૂ કરવામાં આવ્યાં છે. વરસાદી પાણીના નિકાલ માટે નવી યોજના કે જેમાં તાપીમાં પાણી જઈ શકે એના માટેની વ્યવસ્થા પણ કતારગામ વિધાનસભામાં માનનીય નાણામંત્રીશ્રી દ્વારા કરવામાં આવી છે. વિસ્તારના નાના અને મધ્યમ વર્ગના લોકો માટે હમણાં જ બે પાર્ટી પ્લોટ કાર્યરત કરવામાં આવ્યા છે. માનનીય પ્રધાનમંત્રી મોદી સાહેબ કહે છે કે દેશને સમૃદ્ધ અને મજબૂત બનાવવો હોય તો તંદુરસ્તી સારી હોવી જોઈએ. એના માટે અત્યારે એક યોગા સેન્ટરનું કામ ચાલુ છે. સિનિયર સિટીઝન ક્લબ, ચિલ્ડ્રન પાર્ક, રોડ રસ્તાના કામો દ્વારા કતારગામને સુવિધાયુક્ત બનાવવા માટે હું માનનીય નાણામંત્રીશ્રીનો ખૂબ-ખૂબ આભાર માનું છું અને માનનીય મુખ્યમંત્રીશ્રીનો પણ ખૂબ-ખૂબ આભાર માનું છું. આખા દેશને પ્રેરણા પૂરી પાડે એવા સુરત શહેરમાં વર્ષોથી ડ્રેનેજનું પાણી શુદ્ધ કર્યા વિના તાપીમાં છોડવામાં આવતું હતું. છેલ્લાં ૧૫ વર્ષથી સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ચાલુ કરવામાં આવ્યા. તત્કાલીન મુખ્યમંત્રીશ્રી માનનીય મોદી સાહેબે કતારગામમાં આવી શુદ્ધિકરણનો ટ્રીટમેન્ટ પ્લાન્ટ ચાલુ કર્યો હતો. આજે એના પરિણામો દેશ જોઈ રહ્યો છે. રાજ્ય અને કેન્દ્રની સરકારના નાણાં થકી સુરત મહાનગરપાલિકાએ ટર્સરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ સ્થાપિત કરીને શુદ્ધ કરેલા ગટરના પાણીનો પૂર્ણ ઉપયોગ કરવાની એક આગવી અને દ્રષ્ટિપૂર્ણ પહેલ અમલમાં મૂકી છે. ઝડપથી વધતાં ઔદ્યોગિકરણના કારણે મીઠા અને પીવાના પાણીના સ્ત્રોત પર વધતાં દબાણને ઘટાડવા માટે આ યોજના શરૂ કરવામાં આવી છે. જેના દ્વારા ગટરના પાણીને બિનઉપયોગી કચરા તરીકે નહિ પણ મૂલ્યવાન સંસાધન તરીકે પરિવર્તિત કરવામાં આવ્યું છે. હાલમાં સુરતમાં બમરોલી અને ડિંડોલી ખાતે કુલ ત્રણ ટર્સરી ટ્રિટમેન્ટ પ્લાન્ટ કાર્યરત કરવામાં આવ્યા છે. જેમાં અંદાજે ૧૧૫ એમ.એલ.ડી. ક્ષમતાનું શુદ્ધ પાણી ઉત્પન્ન થાય છે. આ પ્લાન્ટ રાજ્ય અને કેન્દ્ર સરકારની યોજનાઓ હેઠળ નાણાકીય સહાયથી વિકસાવવામાં આવ્યું છે અને શુદ્ધ કરાયેલું પાણી લાંબા ગાળાના કરાર હેઠળ ઉદ્યોગોને પૂરું પાડવામાં આવે છે. હાલ પ્રતિ લીટર રૂ.૩૮.૪૫ મુજબ દર નક્કી કરવામાં આવ્યો અને પ્લાન્ટના કાર્યરત થવાથી વર્ષ ૨૦૨૫ સુધીમાં આશરે રૂ.૬૦૦ થી ૭૦૦ કરોડનું પાણી ઉદ્યોગોને આપીને લોકોની સુખાકારી માટે આ નાણા વાપરવામાં આવ્યા છે. આ પહેલથી પીવાના પાણીનું રક્ષણ થશે. ગટરનું પાણી નદીઓમાં છોડવાના પ્રમાણમાં ઘટાડો થશે. મહાનગરપાલિકાની આવકમાં વધારો થશે. સાથે જ ઉદ્યોગોને પાણી પુરવઠો મળવાથી પાણીની અછત દરમિયાન તેમની કાર્યક્ષમતા સુનિશ્ચિત બની છે. આ યોજના પર્યાવરણ સંરક્ષણ, ઔદ્યોગિક વિકાસ અને નાણાકીય ટકાઉપણા વચ્ચે સંતુલિત સાબિત કરતી સફળ સરક્યુલર વૉટર ઇકોનોમી મૉડલ તરીકે ગુજરાત અને દેશના અન્ય શહેરો માટે એક ઉદાહરણરૂપ સાબિત થાય છે અને પ્રેરણાસ્ત્રોત સાબિત થઈ છે તેવી આ યોજના છે.

માનનીય અધ્યક્ષશ્રી, ફક્ત રોડ-રસ્તા, પાણી નહીં, તત્કાલીન મુખ્યમંત્રી અને આજના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે આ દેશને ટ્રાન્સપોર્ટેશન માટે એક નવું વિઝન આપ્યું છે. અમદાવાદ અને સુરત શહેરમાં મેટ્રો ટ્રેન ચાલુ કરવામાં આવી. જ્યારે મેટ્રો ટ્રેન ચાલુ કરવામાં આવી ત્યારે ખુદ ધારાસભ્ય હોવા છતાં પણ અમે વિચારતા હતા કે આ પ્રોજેક્ટ કઈ રીતે પૂર્ણ થશે, આ માટેના નાણા ક્યાંથી આવશે, રસ્તા ઉપર આ ટ્રેન કઈ રીતે દોડશે, અત્યંત આધુનિક અને અદ્યતન ગુજરાત બન્યું છે ત્યારે વધતા જતાં વાહનો માટે પૂરતા રસ્તા ન મળતા હોય ત્યારે આ ટ્રેન કઈ રીતે દોડાવવામાં આવશે. અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ ફેઝ-૧ને તા.૧૭મી નવેમ્બર, ૨૦૧૪ના રોજ પ્રથમવાર રૂ.૧૦,૬૬૩ કરોડના ખર્ચે મંજૂરી મળી અને અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ ફેઝ-૧ની કુલ લંબાઈ ૪૦ કિ.મી. છે. જેમાંથી ૬.૩૫ કિ.મી. અન્ડરગ્રાઉન્ડ ટ્રેન દોડાવવામાં આવે છે. આમાંથી મોટાભાગના ધારાસભ્યશ્રીઓએ આ જોયું પણ નહીં હોય. આ જોવા જેવું છે. ઉપર હાઇરાઇઝ બિલ્ડિંગ હોય અને તેની નીચેથી આ ટ્રેન પસાર થતી હોય, તેના સ્ટેશનો પણ અન્ડરગ્રાઉન્ડ બનાવવામાં આવ્યા છે. મેટ્રો ટ્રેન જ્યારે અન્ડરગ્રાઉન્ડ પ્રવેશ કરે ત્યારે કોઈને ખબર જ ન પડે કે આપણે પાતાળમાં છીએ. એક નહીં પણ બે માળના સ્ટેશન બનાવામાં આવ્યા છે. એક રૂટ પૂરો કરીને બીજા રૂટમાં જવાનું થાય ત્યારે એક્સેલેટરથી બીજા માળ ઉપર જવાનું થાય તેવું અન્ડરગ્રાઉન્ડ અને ૩૩.૬૮ કિ.મી. એલિવેટેડ છે. આ પ્રોજેક્ટ ૨ કોરિડોર અને ૩૨ સ્ટેશનો સાથે અમદાવાદના વિસ્તારોને જોડે છે. નોર્થ-સાઉથ કોરિડોરમાં ૧૫ એલિવેટેડ સ્ટેશન અને ઇસ્ટ-વેસ્ટ કોરિડોર અંતર્ગત ૩ એલિવેટેડ સ્ટેશન એમ કુલ ૪ અન્ડરગ્રાઉન્ડ સ્ટેશન મળી કુલ ૩૨ સ્ટેશનોનું નિર્માણ કરવામાં આવ્યું છે. અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ ફેઝ-૧નું પ્રથમ ૬ કિ.મી.નું લોકાર્પણ તા.૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૯ના રોજ અને ૩૨ કિ.મી.નું લોકાર્પણ તા.૩૦મી નવેમ્બર, ૨૦૨૨ના રોજ ભારતના માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. જેનો લાભ અત્યાર સુધીમાં કુલ ૬ કરોડ મુસાફરોએ લીધો છે. આ ટ્રેન મારફતે લોકોને ટ્રાન્સપોર્ટેશનમાં જે રાહત મળી છે તેના આશીર્વાદ લોકો તરફથી મળી રહ્યા છે. અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ ફેઝ-૨ની કુલ લંબાઇ ૨૮.૨૬ કિ.મી. છે. જે અંતર્ગત ૨૨ એલિવેટેડ સ્ટેશનનું નિર્માણ કરવામાં આવશે. આ પ્રોજેક્ટ અમદાવાદના મોટેરા સ્ટેડિયમથી શરૂ થઇ ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે પૂર્ણ થશે. જે અમદાવાદને ગાંધીનગર સાથે સાંકળશે. અન્ય કોરિડોર જી.એન.એલ.યુ. અને ગિફ્ટ સિટીને પણ સાંકળશે. આ પ્રોજેક્ટને તા.૯મી માર્ચ, ૨૦૧૯ના રોજ રૂ.૫,૩૮૪ કરોડના ખર્ચે સાકાર કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે સુરત શહેરની વાત કરું તો સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટ ફેઝ–૧ અંતર્ગત ૪૦ કિ.મી.ની લંબાઈ ધરાવે છે. જે અંતર્ગત અન્ડરગ્રાઉન્ડ સ્ટેશન સાથે ૨ એલિવેટેડ કોરિડોરનું નિર્માણ કરવામાં આવશે. ૨ કોરીડોર અને ૩૮ સ્ટેશનો સાથે સુરતના વિસ્તારોને જોડી દેશે. પ્રથમ કોરીડોર ડ્રીમ સિટીને સરથાણા સાથે જોડશે. જેમાં ૨૦ સ્ટેશન હશે. ૧૮ સ્ટેશન ધરાવતો બીજો કોરીડોર ભેંસાણાથી સરોલીને જોડી દેશે. જેના ભાગરૂપે ચોકબજારથી લાભેશ્વર ચોક વચ્ચે ૬ અન્ડરગ્રાઉન્ડ સ્ટેશનનું બાંધકામ કરવામાં આવશે. આ પ્રોજેક્ટને ૯મી માર્ચ, ૨૦૧૯ના રોજ રૂ.૧૨૦૨૦.૩૨ કરોડના ખર્ચે સાકાર કરવાની સૈદ્ધાંતિક મંજૂરી મળી છે. સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટ ફેઝ–૧માં ૨ કોરીડોરનો સમાવેશ થાય છે. જે પૈકી સરથાણાથી ડ્રીમ સિટી અને ભેંસાણાથી સારોલી કુલ ૪૦.૩૫ કિલોમીટરની લંબાઈ સાથે ૩૮ સ્ટેશનો પૈકી ૬ કિલોમીટરમાં ભૂગર્ભ ટનલ છે. હાલ આ પ્રોજેક્ટની આશરે ભૌતિક પ્રગતિ ૭૬ ટકા થઈ છે. સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટના પ્રથમ તબક્કા પૈકીના પ્રાયોરિટી બ્રીજનું કામ ઓગસ્ટ, ૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. ગુજરાતમાં લગભગ ૯ મહાનગરપાલિકાઓ પણ નવી બની રહી છે ત્યારે એના માટે પણ રાજ્ય સરકાર વિચારી રહી છે. એને પ્રાથમિક અને આધુનિક સુવિધાઓ મળી રહે એ માટે એને પાણી અને રોડ મળે એ માટે હાલના તબકકામાં આવક ઓછી હોય. મહાનગરપાલિકા નવી બને ત્યારે એના વેરા પણ એ લેવલના હોય છે. નવી મહાનગરપાલિકા બની છે એ મહાનગરપાલિકાઓ માટે પણ અલગથી બજેટનું પ્રાવધાન કરવામાં આવ્યું છે. મહાનગરપાલિકા બનવાથી નવા–નવા ઉધાનો પણ બનશે, નવી સુવિધાઓ મળશે. આ સાથે દરેક શહેરોની મહાનગરપાલિકામાં નવા ઉધાન બનાવવાનું રાજ્ય સરકારે નક્કી કર્યું છે ત્યારે આ તમામ સુવિધાઓથી સજ્જ બજેટ લઈને આવ્યા છે ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાણામંત્રીશ્રીનો ખૂબ ખૂબ આભાર માનું છું.

ઉપાધ્યક્ષશ્રી : આપે જે માત્ર ને માત્ર સુરતને ખૂબસૂરત બનાવવા માટે જે પ્રોજેક્ટની વાત કરી એ માટે આપને શુભેચ્છા પાઠવું છું. કોઇ પોલિટિકલ ઓબ્ઝર્વેશન નથી.

ડૉ. કિરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનનીય નાણામંત્રીશ્રી રૂ.૪ લાખ ૮ હજાર કરોડનું અને સુધારેલા અંદાજ મુજબ રૂ.૪.૩૦ લાખ કરોડના દેવા સાથેનું બજેટ લઈને આવ્યા છે એટલે કે, બજેટ કરતાં વધુ દેવાનું બજેટ લઈને આવ્યા છે. હમણાં શ્રી નરેન્દ્રભાઇ મોદી અમેરિકામાં જઇ આવ્યા. અમેરિકાના એક પ્રખ્યાત અર્થશાસ્ત્રી પી. લનૅર એવું કહ્યું છે કે, આંતરિક દેવું એ દેવું નથી અને આપણા વડવાઓએ પણ એવું કહ્યું છે કે, 'દેવું કરીને ઘી પીવો.' એટલે આ કહેવત તમે સાર્થક કરી હોય એવું મને લાગે છે. એના માટે તમને અભિનંદન. હમણાં જ અમારા સાથી અધ્યાપક અને પૂર્વ મંત્રીશ્રી વાત કરતા હતા કે કૉંગ્રેસે શું કર્યું?

ઉપાધ્યક્ષશ્રી : માનનીય કિરીટભાઇ, મેં એમને એટલા માટે શુભેચ્છા આપી કે કોઇ પોલિટિકલ ઓબ્ઝર્વેશન નથી.

ડૉ. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમની વાત નથી. હું ભૂતપૂર્વ મંત્રી પ્રોફેસર ડીંડોર સાહેબની વાત કરું છું. એમણે કહ્યું કે કૉંગ્રેસે શું કર્યું? તેઓ એ જ સ્કૂલમાં અને કૉલેજમાં ભણ્યા જે કૉંગ્રેસે બનાવી હતી. એમાં ભણીને પ્રોફેસર, ધારાસભ્ય અને મિનિસ્ટર થયા. જે પ્રમાણે દિવસે દિવસે ગુજરાતનું દેવું વધી રહ્યું છે એની સામે આવક વધી છે તો દેવું ઘટવું જોઇએ. વર્ષ ૧૯૯૯–૨૦૦૦માં ગુજરાતનું દેવું રૂ.૧૮,૫૧૦ કરોડ હતું. જે ચાલુ વર્ષે રૂ.૪.૫૬ લાખ કરોડ થવાનો અંદાજ છે. એટલે...

ઉપાધ્યક્ષશ્રી : આ આંકડા તમે જે આપો છો એ ઓથેન્ટિક છે?

ડૉ. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હા ઓથેન્ટિક જ છે. આ બધું લખેલું જ છે.

ઉપાધ્યક્ષશ્રી : એ તમે બોલો છો પણ એનું પ્રમાણ છે?

ડૉ. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ઓથેન્ટિક ન હોય તો કાઢી નાંખજો.

ઉપાધ્યક્ષશ્રી : જો આંકડા તમારા ઓથેન્ટિક નહીં હોય તો રેકર્ડ પરથી દૂર કરી દઇશું.

ડૉ. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ બધા ઓથેન્ટિક છે. આ બુક લખેલી છે અંદાજપત્રના પ્રકાશન નં–૩૦માં આ બધું લખેલું છે. એટલે હું એ લાવું છું એનું દેવું રૂ. ૪.૫૬ લાખ થવાનો અંદાજ છે. એટલે આ દેવું ૭ ટકાના દરે વધી રહ્યું છે. વર્ષ ૧૯૯૯–૨૦૦૦નું દેવું જે પ્રમાણે વધી રહ્યું છે એ પ્રમાણે ગણીએ તો રૂ.૧.૨૫ લાખ થવું જોઇએ એના બદલામાં વર્ષ ૨૦૨૬–૨૭માં રૂ. ૪.૮૭ લાખ, વર્ષ ૨૦૨૭–૨૮ રૂ. ૫.૧૨ લાખ અને વર્ષ ૨૦૨૮–૨૯માં રૂ.૫.૬૮ લાખ થવાનો અંદાજ છે. ત્રણ વર્ષમાં ગણીએ તો રૂ. ૮૦૦૦ કરોડનું દેવું વધ્યું છે. એના પર્સન્ટેજ જોઇએ તો દેવામાં ૩૦ ટકા જેટલો વધારો થાય છે. દર વર્ષે દેવામાં ૧૦ ટકાથી વધુનો વધારો થાય છે. રાજ્ય સરકાર દ્વારા જે બીજું દેવુ લેવામાં આવે છે એમાં પણ વધારો થયો છે. વર્ષ ૨૦૨૨–૨૩માં રૂ.૫૨ હજાર ૩૦૦ કરોડ, વર્ષ ૨૦૨૩–૨૪માં રૂ. ૪૦ હજાર ૪૦૦ કરોડ, વર્ષ ૨૦૨૪–૨૫માં અંદાજે રૂ.૫૧ હજાર ૩૦૦ કરોડ, ચાલુ વર્ષે રૂ. ૮૯ હજાર ૫૦૦ કરોડ અને આવતા વર્ષે રૂ.૧ લાખ કરોડનું દેવુ લેવાની સરકારે, માનનીય મંત્રીશ્રીએ વાત કરી છે. આપણે જોવા જઇએ તો દિવસે–દિવસે કરવેરા અને દંડની જે આવક હતી એ આવક વધી રહી છે. વર્ષ ૨૦૨૧–૨૨માં કરેવેરાની આવક રૂ. ૧.૨૯ લાખ હતી જે આવતા વર્ષે રૂ. ૨.૨૧ લાખ કરોડ થવાની સંભાવના છે. પાંચ વર્ષમાં કરવેરાની જે આવક છે એમાં ૭૧.૩૧ ટકાનો વધારો થયો છે. દર વર્ષે જોઇએ તો ૧૪ ટકાથી વધારે રાજ્ય સરકારની આવકમાં, કરવેરાની આવકમાં વધારો થયો છે અને કરવેરા સિવાયની જે દંડ અને એ બધી આવકો છે એમાં વર્ષ ૨૦૨૨–૨૩માં રૂ. ૧૮ હજાર ૪૩૩ કરોડની આવક હતી જે આવતા વર્ષે રૂ. ૨૯ હજાર ૮૨૮ કરોડ થવા જાય છે. એમાં પણ ૧૭ ટકાનો વધારો

થયો છે. આવકમાં ૧૭ ટકા જેટલો વધારો થાય છે અને જી.ડી.પી.માં ૧૦ થી ૧૧ ટકાનો વધારો થાય છે. આપણા માટે આ બહુ ચિંતાનો વિષય છે. ૩. ૨૫ હજાર કરોડની રેવન્યુ સરપ્લસ છે પરંતુ એમાં ગુજરાતના ખેડૂતો માટે કોઈ ખાસ યોજના બનાવી નથી. ગુજરાતના યુવાનો બેરોજગાર છે. હમણાં માનનીય મંત્રીશ્રી કહેતા હતા કે અમે આટલી સરકારી કૉલેજો બનાવી. રાજ્ય સરકારે જાહેરાત કરી હતી કે નવા તાલુકામાં એકપણ તાલુકો સરકારી કૉલેજો વિના વંચિત ના રહેવો જોઈએ. માનનીય મંત્રીશ્રી મેં આપને લખીને આપેલ હતું કે અમારા પાટણના સરસ્વતી તાલુકામાં એકપણ સરકારી કૉલેજ નથી. માનનીય મંત્રીશ્રી, આ વખતે એનો સમાવેશ કર્યો નથી. તમે સજ્જન છો. એના માટે કંઈક વિચારો એવી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટી જે રીતે ઈવેન્ટ મેનેજમેન્ટમાં માસ્ટર બની ગઈ છે એ રીતે બજેટમાં પણ ઈવેન્ટ મેનેજમેન્ટ થયું હોય એવું મને લાગી રહ્યું છે. લોકોને આર્થિક ન્યાય મળ્યો હોય એવું લાગતું નથી. દૃષ્ટિનો અભાવ છે. આંકડા મોટા છે પણ વિચાર નાનો છે. ઉદ્યોગપતિઓને અનુકૂળ બજેટ છે પણ ગરીબ, મધ્યમ, ખેડૂત, યુવાન અને નાના વેપારીઓ માટે બજેટ યોગ્ય હોય એવું લાગતું નથી. હમણાં જ માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે અમે શિક્ષણ પાછળ આટલો ખર્ચ કરીએ છીએ, આરોગ્ય પાછળ આટલો બધો ખર્ચ કરીએ છીએ. બીજાં રાજ્યોની સરખામણીમાં આપણે જોઈએ તો સૌથી મહત્ત્વનો શિક્ષણ વિભાગ છે. સામાન્ય રીતે શિક્ષણ પાછળ જે ખર્ચ થવો જોઈએ એ ગુજરાતમાં ઓછો થઈ રહ્યો છે. મેં આંકડા લીધા એ પ્રમાણે બિહારમાં શિક્ષણ પાછળ બજેટના ૨૧.૭ ટકાનો ખર્ચ થાય છે. દિલ્હીમાં ૨૧.૪ ટકાનો ખર્ચ થાય છે. હિમાચલપ્રદેશમાં ૧૮.૯ ટકા થાય છે. રાજસ્થાનમાં ૧૮ ટકા થાય છે. આસામમાં ૧૭.૮ ટકા થાય છે. છત્તીસગઢમાં ૧૬.૨ ટકા થાય છે. ઉત્તરાખંડમાં ૧૬.૭ ટકા થાય છે. મહારાષ્ટ્રમાં ૧૫.૪ ટકા, મેઘાલયમાં૧૪.૯ ટકા અને ગુજરાતમાં માત્ર ૧૪.૮ ટકા થાય છે. આપણે ગુજરાતને નંબર વન ગણીએ છીએ પણ શિક્ષણની આગળ બીજાં રાજ્યોની સરખામણીમાં આપણે ૧૨મા નંબરે ખર્ચ કરીએ છીએ.

સામાજિક સુરક્ષાની વાત કરીએ તો એની અંદર પણ ૩૩ રાજ્યોની અંદર આપણો ગુજરાતનો ૨૯મો નંબર છે. ઝારખંડ ૧૭.૯ ટકા ખર્ચ કરે છે. પશ્ચિમ બંગાળ ૧૩.૯ ટકા, કેરળ ૧૨.૨ ટકા, દિલ્હી ૧૧.૫ ટકા અને ગુજરાત સામાજિક સુરક્ષા પાછળ માત્ર ૪ ટકાનો ખર્ચ કરે છે. આટલી બધી સામાજિક સુરક્ષાની વાતો કરો છો એની પાછળ બજેટનો ખર્ચ ઓછો થયો છે. ગુજરાત એ ખેતીવાડી સાથે સંકળાયેલ ખેતીપ્રધાન રાજ્ય છે ત્યારે ખેતી પાછળ પણ ગુજરાત ૩૩ રાજ્યોમાંથી ૨૩મા સ્થાને છે. છત્તીસગઢ ૧૬.૩ ટકા, તેલંગાણા ૧૦.૧ ટકા, પંજાબ ૯.૯ ટકા એ બધાં રાજ્યોની સરખામણીમાં ગુજરાત માત્ર ૪.૩ ટકા ખર્ચ ખેતી પાછળ કરે છે. આરોગ્ય મહત્ત્વની બાબત છે. નેશનલ હેલ્થ પોલિસી ટાર્ગેટ જે કેન્દ્ર સરકારે રજૂ કર્યો છે એમાં આરોગ્ય પાછળ ૮ ટકા ખર્ચ થવો જોઈએ. ગુજરાત માત્ર ૭ ટકા કરે છે. દિલ્હી ૧૪.૫, રાજસ્થાન ૮.૪ ટકા, ઓરિસ્સા ૮.૫ ટકા, મેઘાલય ૭.૯ ટકા ખર્ચ કરે છે.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(જામનગર-ગ્રામ્ય) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના મૃદુ અને મક્કમ તેમજ લોકપ્રિય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની આ રાજ્ય સરકારના નાણામંત્રીશ્રી કનુભાઈ દેસાઈ દ્વારા રજૂ કરાયેલ ગુજરાત સરકારના વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં કૃષિ અને સંલગ્ન ક્ષેત્રો માટે વર્ષ ૨૦૨૫-૨૬ની જોગવાઈની સરખામણીએ આશરે ૭ ટકા જેટલા વધારા સાથે કુલ રૂપિયા ૨૪,૦૨૨ કરોડની જોગવાઈ સૂચવવામાં આવી છે. આ અંદાજપત્રને સમર્થન આપવા અને તેને આવકારવા તેમજ મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટ રાજ્યના ખેડૂતને સમૃદ્ધ ખેડૂત અને સમૃદ્ધ ગુજરાતની પ્રતિબદ્ધતાનું દ્રઢ પ્રતિબિંબ રજૂ કરે છે. રામચરિત માનસમાં કહેવાયું છે કે, '**धरती धन धान्य समृद्धिभरी, सकल जीवन के आधार पर।**' આ ચોપાઇ પૃથ્વીનો મહિમા અને તેનું મહત્ત્વ દર્શાવે છે. પૃથ્વી, ધન ધાન્ય અને સમૃદ્ધિથી ભરેલી છે. તે બધાના જીવનનો આધાર છે. કારણ કે કુદરતી અને પ્રાકૃતિક સંશોધનો વિના માનવ જીવન શક્ય નથી. કૃષિ બજેટ પરની વાત કરું તો ખેડૂતોને પાક ધિરાણ ઉપર વ્યાજ સહાય ઝીરો ટકા કરવામાં આવી છે. પહેલા જ્યારે ખેડૂતોને પાક ધિરાણ જોઈતું હોય ત્યારે ૧૮ ટકા જેટલું વ્યાજ હતું. ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી અને ધીરે ધીરે એમાં ઘટાડો કરતાં કરતાં ૭ ટકાએ પહોંચાડ્યું. પણ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર બન્નેએ ખેડૂતોનું હિત વિચારી અને ઝીરો ટકા વ્યાજ કરવામાં આવ્યું છે. જેમાં ૪ ટકા રાજ્ય સરકાર અને ૩ ટકા કેન્દ્ર સરકાર હિસ્સો ભોગવે અને ખેડૂતોને વિના વ્યાજે પાક ધિરાણ રૂપિયા ૩ લાખ સુધીની મર્યાદામાં આપવામાં આવે છે. જેના પરિણામે ખેડૂતો એની ખેતી માટેની આર્થિક જરૂરિયાતો સરળતાથી વિના વ્યાજ પર કરી શકે છે. માનનીય નાણામંત્રીશ્રીએ આના માટે રાજ્યના બજેટમાં રૂપિયા ૧,૫૩૯ કરોડની જોગવાઈ સૂચવી છે. તે ખરેખર આવકારપાત્ર છે. કૃષિનો વાર્ષિક વૃદ્ધિ દર ગુજરાતમાં ૯.૭ ટકા છે. એની સામે ભારતનો ૫.૭ ટકા છે. વિકસિત ગુજરાત ૨૦૪૭નું લક્ષ્ય ગુજરાતના ખેડૂતોને સમૃદ્ધ, ગામડાને આધુનિક સુવિધાઓ અને પ્રતિ હેકટર પાક ઉત્પાદનમાં વૃદ્ધિ થાય તે હેતુસર આ બજેટમાં અનેકવિધ જોગવાઇઓનું આયોજન કરીને માનનીય નાણામંત્રીશ્રીએ ખેડૂતો માટે ખૂબ સુંદર આયોજન આ બજેટમાં કર્યું છે. બીજ વિતરણની વાત કરું તો ૨૩,૩૦૯ જેટલા વિક્રેતાઓ દ્વારા સમગ્ર રાજ્યના ખેડૂતોને પ્રમાણિત બિયારણ મળી રહે તેવું સરસ મજાનું આયોજન રાજ્યના કૃષિ ખાતા દ્વારા કરવામાં આવ્યું છે.ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળી રહે તો જ ખેડૂતોની ખેતી ટકી રહે. કેન્દ્ર સરકારે ખેડૂતોને એમ.એસ.પી.ના માધ્યમથી ખેત પેદાશોની ખરીદી લઘુત્તમ ટેકાના ભાવથી

કરવા માટેનું આયોજન કર્યું છે. ટેકાના ભાવથી ખરીદી કરવા માટે ગુજરાત રાજ્યમાં ખૂબ સુંદર રીતે કૃષિ ખાતા દ્વારા આયોજન કરેલ છે. ૭,૭૨,૦૦૦થી વધુ ખેડૂતો પાસેથી રૂ.૧૨,૩૭૧ કરોડના મૂલ્યની ૧૭.૪૧લાખ મેટ્રિક ટન મગફળીની ઐતિહાસિક ખરીદી કરીને રાજ્યના ખેડતોને ખૂબ મોટી મદદ કરી છે. ટેકાના ભાવમાં ૧૦ વર્ષમાં કપાસમાં બમણા, મગફળી, તુવેર અને ચણામાં દોઢથી બે ગણો વધારો કરવામાં આવ્યો છે. કૃષિ યાંત્રિકીકરણની વાત કરું તો ટ્રેક્ટર માટે રૂ.૮૦૦ કરોડની જોગવાઇ સાથે ટ્રેક્ટરની ટ્રોલી માટે પણ સહાય અને ટ્રેક્ટર સહાયનું ધોરણ રૂ.૪૫,૦૦૦થી વધારીને એક લાખ કરી છે. પાક સંરક્ષણ યોજનામાં સબસિડી રૂ.૭૫,૦૦૦થી વધારીને રૂ.૨,૦૦,૦૦૦ કરવામાં આવી છે. ડ્રોન ટેકનોલોજી ક્ષેત્રે ગુજરાતના ખેડૂતો પૂરતો લાભ મેળવી શકે તેના માટે ડ્રોન દીદી યોજના શરૂ કરીને ૨૦ મિનિટમાં એક હેકટરમાં ૨૫ લિટર જેટલી દવાનો છંટકાવ કરી શકે, જેનાથી ખેડૂતોને ખેત મજૂરની અછત છે એમાં દવા છંટકાવમાં ખૂબ રાહત થઇ શકે છે. ખેડૂતોને જ્યારે જ્યારે કુદરતી આફતો આવે છે ત્યારે ખેડૂતોને મદદરૂપ થવા માટે કૃષિ સહાય પેકેજો સરકાર વખતો વખત જાહેર કરે છે. લગભગ એક કરોડથી વધુ ખેડૂતોને રૂ.૧૨,૬૬૪ કરોડથી વધુ સહાય આવી પ્રાકૃતિક આપદાઓ વખતે ખેડૂતોને ખેતી પાકમાં નુકસાની વખતે સરકાર સહાય આપે છે અને એ પણ સીધી ડી.બી.ટી.ના માધ્યમથી એના ખાતામાં જમા થાય એવું સુંદર મજાનું આયોજન કરીને ઝડપથી ખેડૂતોને સહાય મળી રહે એના માટે સરકારે ખૂબ મહત્ત્વનું આયોજન કર્યું છે. સમયની માંગ પ્રમાણે પ્રાકૃતિક ખેતી આજે ખૂબ જરૂરી બની રહી છે. જંતુનાશક દવાઓ અને રાસાયણિક ખાતરના વધુ પડતા ઉપયોગના કારણે ખેતીની જમીન બંજર બનતી જાય છે એવા સમયે આપણા રાજ્યમાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધે તે માટે હાલોલ ખાતે વિશ્વની પ્રથમ પ્રાકૃતિક કૃષિ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે. ગુજરાત પ્રાકૃતિક બોર્ડની રચના અને એની તાલીમ માટે ૬,૦૦૦થી વધુ આદર્શ મોડલ ફાર્મ તૈયાર કરવા માટે રૂ.૧૮,૫૦૦ની સહાય, પ્રાકૃતિક ખેતી એ દેશી ગાય આધારીત ખેતી છે. દેશી ગાયના નિભાવ માટે દર મહિને રૂ.૯૦૦/– પ્રાકૃતિક ખેતીની વિવિધ પ્રવૃત્તિઓની સહાય માટે સરકારે સુંદર મજાનું આયોજન કર્યું છે. પ્રાકૃતિક ખેતીની વિવિધ પ્રવૃત્તિઓ માટે આ બજેટમાં રૂ.૩૬૨ કરોડ જેટલી જોગવાઇ કરીને રાજ્યમાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધે અને વધુ ને વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવતા થાય એ દિશામાં આ અંદાજપત્રમાં માનનીય નાણામંત્રીશ્રી એ ખૂબ ઉત્તમ કામ કર્યું છે એના માટે હું એમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. સાથોસાથ પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા રાજ્યનું ખેતીવાડી ખાતું રાજ્યના નામમદાર રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી, રાજ્યના મુખ્યમંત્રીશ્રી, દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીજી અને માનનીયશ્રી અમિતભાઇ શાહના માર્ગદર્શન હેઠળ આ કામગીરી કરી રહ્યું છે એ સમગ્ર દેશમાં નમૂનેદાર કામગીરી થઇ રહી છે એના માટે હું રાજ્યના ખેતીવાડી ખાતાને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. ખેડૂતોને ખેતીના કામ માટે વીજ સહાય આપવા માટે રૂ.૯,૩૨૪ કરોડ જેટલી રકમની ફાળવણી આ અંદાજપત્રમાં કરવામાં આવી છે. આજે એ પરિસ્થિતિ છે કે દિવસે ખેડૂતોને ખેતી કામ માટે પૂરતા વોલ્ટેજથી ૮ કલાક માટે વીજળી મળી રહી છે.ખેડૂતો માંગે ત્યારે ખેડૂતોને ખેતીવાડી માટે વીજ કનેકશન મળી રહે છે. વીજ તંત્ર તરફથી ખૂબ સારો સહકાર ખેતીકામ માટે જયારે મળી રહ્યો છે ત્યારે આ વીજ સહાય આપવા માટેની આ નાણાકીય ફાળવણીને હું આવકારું છું. સાથેસાથે સૂક્ષ્મ સિંચાઇના વિકાસ માટે ૫૦ કરોડની જોગવાઇ પણ કરવામાં આવેલ છે. રાજયના ૩૭,૯૧૮ થી વધુ ખેડૂતોને રુ. ૪૯૦ કરોડથી વધુની રકમ આર્થિક સહાય, ખેડૂત અકસ્માત વીમા યોજના મારફત ચૂકવવામાં આવી છે જેનાથી ખેડૂતોના કુટુંબોને આર્થિક સહાય મળી શકે અને મદદરૂપ થઇ શકાય.

માનનીય અધ્યક્ષશ્રી, પી.એમ. કિસાન સન્માન નીધિની વાત કરું તો ૨૦ હપ્તામાં ૫૯ લાખથી વધુ ખેડૂત પરિવારોને રૂ.૨૧ હજાર ૮૬ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. રાજયના ખેડૂતોના અને ખેતીના સર્વાંગી વિકાસ માટે આ બજેટમાં ખૂબ સારી જોગવાઇ કરી અને ખેડૂતોને મદદરૂપ થવા માટે ખેતીનો સર્વાંગી વિકાસ થાય અને રાજય ખેતીવાડી ક્ષેત્રે આગળ પ્રગતિ કરે એના માટે નાણામંત્રીશ્રીએ આ બજેટમાં ખૂબ સરસ આયોજન કરી અને એના માટે રકમની ફાળવણી કરી છે. આ રાજયનો ખેતીવાડી ક્ષેત્રે ખૂબ સારો વિકાસ થઇ શકે એના માટે માનનીય મુખ્યમંત્રીના નેતૃત્વ હેઠળ માનનીય નાણામંત્રીશ્રીએ આ રાજયના અંદાજપત્રમાં ખેડૂતોને ખેતી માટે પૂરતા પ્રમાણમાં નાણાકીય ફાળવણી કરી છે એના માટે હું ખૂબ ખૂબ અભિનંદન સાથે આવકારું છું. હું રાજયના જળશકિત વિભાગની વાત કરું તો પાણી એ જીવનનો આધાર છે અને વિકાસનો આધાર છે. ખેતી હોય, ઉદ્યોગો હોય કે માનવજીવન માટે સૌથી મહત્ત્વપૂર્ણ સંસાધન એ પાણી છે. ગુજરાત એ અર્ધશુષ્ક પ્રદેશ હોવા છતાં આ રાજયે પાણી સંચાલન ક્ષેત્રે રાજયને માર્ગદર્શક મોડેલ આપ્યું છે. સરદાર સરોવર યોજના, સુજલામ સુફલામ યોજના, નર્મદા કેનાલ નેટવર્ક, વરસાદી પાણીના સંચય માટેની યોજનાઓ અને માઇક્રો ઇરિગેશન જેવી યોજના મારફતે ગુજરાતે પાણીના ઉપયોગમાં ક્રાંતિ કરી છે અને આ બજેટમાં જળસંપત્તિ વિભાગ માટે રૂ. ૧૩,૯૪૪ કરોડની જોગવાઇ રાજયના સર્વાંગી વિકાસ માટે કરી છે. ખાસ કરીને 'કેચ ધી રેઇન' નામનો જે કેન્દ્ર પુરસ્કૃત કાર્યક્રમ અમલમાં મૂક્યો છે તેમાં ગુજરાતમાં ખૂબ સારી કામગીરી થઇ રહી છે. સાથોસાથ ગત વર્ષે રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીએ વરસાદી પાણીનાં સંગ્રહ માટેનાં કામો માટે દરેક ધારાસભ્યોને રુ. ૫૦ લાખ જેટલી એની ગ્રાન્ટમાં વધારો કરી અને આવાં કામો રાજયમાં વધુમાં વધુ થઇ શકે એના માટે ઉત્તમ દ્રષ્ટાંત રાજયના મુખ્યમંત્રીશ્રીએ પૂરું પાડયું છે અને આ યોજના મારફત સમગ્ર રાજયમાં ખૂબ સુંદર કામગીરી થઇ રહી છે. ખાસ કરીને નવા ચેકડેમ, કેનાલ નેટવર્કનું વિતરણ અને આધુનિકીકરણ, ભૂગર્ભ જળ સ્તર વધારવા માટેના રીચાર્જ પ્રોજેકટ અને ખેડૂતો માટે માઇક્રો ડ્રીપ યોજનાઓ પાણી વ્યવસ્થાપન અને ડિજિટલ મોનિટરિંગ અને સ્માર્ટ સિસ્ટમ માટેની આ તમામ

યોજનાઓ માટે જરૂરી નાણાકીય ફાળવણી રાજયના નાણામંત્રીશ્રીએ સિંચાઇ ક્ષેત્રે કરી છે ત્યારે હું એને આવકારું છું. તમામ યોજનાઓ દ્વારા રાજયના ખેડૂતોને પીવાના પાણીની ગેરંટી, પાણીની સુરક્ષા થકી ખેતી ઉત્પાદન વધારાશે અને ગ્રામ્ય સ્તરે સમૃદ્ધિ આવશે. વેદોમાં સ્પષ્ટ કહેવાયું છે કે ''**आप स्वस्तिनो भवन्तु** ''અર્થાત પાણી આપણને કલ્યાણ અને સમૃદ્ધિ આપે છે. સુજલામ સુફલામ સ્પ્રીડિંગ કેનાલ યોજના ગુજરાતમાં જળ અને અન્ય સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માટે તથા દુષ્કાળગ્રસ્ત અને પીવાના પાણી તથા સિંચાઇની સુવિધા વગરના ૮ જિલ્લાઓ માટે અમલમાં મૂકવામાં આવી છે જેનાથી જમીનના પાણીના સ્તર ઉપર આવ્યા છે. ઉત્તર ગુજરાતમાં ભૂગર્ભ જળના જે દર વર્ષે ૩ થી ૪ મીટર ઉંડે જતા હતા, આ યોજના દ્વારા ભૂગર્ભ જળ સ્તર નીચે જતું અટકયું છે.અને ખેડૂતોને વીજળી ખર્ચમાં પણ મોટી બચત થઇ છે. મહી નદીના કડાણા બંધથી બનાસ બેઝિન સુધી ૩૩૭ કિ.મી. લંબાઇની કેનાલ ૨૦૦૦ ક્યુસેક વહન ક્ષમતા સાથે કાર્યરત છે. દરિયામાં વહી જતાં ૭૦૦ મિલિયન ઘન પાણીનો ઉપયોગ થઇ રહ્યો છે. આ કેનાલ દ્વારા ૨૧ સૂકી નદીઓ અને સેંકડો તળાવો પુનર્જિવિત થયા છે. રૂ.૧૨૦૭ કરોડના ખર્ચે ૮ જિલ્લાઓના ૩૨ તાલુકાના ૪૫૯ ગામોમાં ૩૭૪ તળાવો અને ચેકડેમો જોડાયા છે. જેના કારણે ૧,૭૨,૦૦૦ એકર જમીનને સિંચાઇનો લાભ મળ્યો છે. સાબરમતી વિયર બેરેજ યોજનાની વાત કરું તો સાબરમતી નદી ઉપર ૧૪ જેટલા વિયર બેરેજનું આયોજન કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેમાંથી ૫ પૂર્ણ થયા છે અને બાકી માટે રૂ.૬૨૪ કરોડની જોગવાઇ કરી છે. આથી આજુબાજુના વિસ્તારમાં ભૂગર્ભજળ સ્તરમાં નોંધપાત્ર વધારો થશે. ઉત્તર ગુજરાત નર્મદા જોડાણ પાઇપલાઇનમાં ૧૪માંથી ૧૩ મુખ્ય પાઇપલાઇન પૂર્ણ થઇ ગઇ છે. રૂ.૪૮૦૪ કરોડના ખર્ચે તેનાથી ૬૦૦થી વધુ ગામડાના ૧૦૦૦થી વધુ તળાવો અને ૯ જળાશયો જોડાયા અને ૧,૦૨,૭૦૦ હેક્ટર જમીનને સિંચાઇનો લાભ મળ્યો છે. બનાસકાંઠાના થરાદ, ધાનેરા, લાખણી, દિયોદર, ડીસા અને દાંતીવાડા માટે રૂ.૧૫૦૦ કરોડની બે નવી ઉદવહન સિંચાઇ યોજના માટેની જોગવાઇ આ બજેટમાં કરવામાં આવી છે. જેના દ્વારા ૩૨,૦૦૦ એકર જેટલી જમીનને સિંચાઇનો લાભ મળી શકશે. આપણી સુજલામ સુફલામ યોજનાને રાષ્ટ્રીય માન્યતા મળી છે. આ અભિયાનને રાષ્ટ્રીય સ્તરે પણ વર્ષ ૨૦૨૦માં સ્કૉપ પ્લેટિનમ એવોર્ડ અને સ્કૉપ ગોલ્ડ એવોર્ડ મળ્યા છે. આ સિંચાઇ ખાતા માટે અને ગુજરાત રાજ્ય માટે ખૂબ જ ગૌરવની બાબત છે. સૌની યોજનાની વાત કરું તો સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાત માટે આ યોજનાઓ ખૂબ મહત્ત્વની છે. દરિયામાં વહી જતાં નર્મદાના પાણીને ૧,૦૦,૦૦૦ લાખ મિલિયન એકર ફૂટ ઉત્તર ગુજરાત માટે ફાળવી ૧૩૭૧ કિ.મી. જેટલી પાઇપલાઇનથી ૧૧૫ જળાશયો ભરાશે અને સૌરાષ્ટ્રના ૯૭૦થી વધુ ગામોને સિંચાઇ મળશે. ૭૩૭ ગામો અને ૩૧ શહેરોને પીવાનું પાણી અને ૮.૨૫ લાખ એકર વિસ્તારને ખેતીની જમીનમાં પિયતનો લાભ મળશે. પાણી એ સમગ્ર લોકનું જીવન છે. આદિવાસી વિસ્તારો માટે પણ ખૂબ સારી જોગવાઇ કરી જળસંપત્તિ વિભાગ માટે પૂરતા પ્રમાણમાં નાણાકીય ફાળવણી કરી છે. આદિવાસી વિસ્તારોના ૧૪ જિલ્લાઓના ૬૫૧ ગામો માટે રૂ.૨૨૮૦ કરોડની જોગવાઇ છે. ડાંગ જિલ્લાના ૨૭૬ ગામો માટે અને ૩ શહેરો માટે ૨૮૬૬ કરોડની જૂથ પાણી પુરવઠા યોજના પ્રગતિમાં છે. છોટાઉદેપુર, દાહોદ અને પંચમહાલમાં ૫૧,૪૮૦ હેક્ટર વિસ્તારમાં સિંચાઇનો લાભ મળે એ માટેનું આયોજન સરકારે કર્યું છે. નર્મદા નદીનું ખારું પાણી આગળ વધતું અટકાવવા રૂ.૧૭૦૦ કરોડની ભાડભૂત બેરેજ યોજના પ્રગતિમાં છે. આથી હજારો એકર જમીન નવસાધ્ય થશે. પીવાના પાણીની ગુણવત્તા જળવાઇ રહે અને સમયાંતરે એની ચકાસણી થતી રહે એના માટે તાલુકા કક્ષાએ ૧૫ નવી લેબોરેટરી માટે રૂ.૧૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. જે અત્યંત લાભદાયી બનશે. જળ સુરક્ષા એટલે અન્ન સુરક્ષા, આરોગ્ય સુરક્ષા અને ગુજરાતનું ભવિષ્ય. આ બજેટથી ગુજરાત પાણી વ્યવસ્થાપનમાં વિશ્વ માટે મોડેલ બનશે. પશુપાલન વિભાગની વાત કરું તો ૬.૪૧ ટકાના વધારા સાથે રૂ.૨૧૩૦ કરોડની જોગવાઇ આ નાણાકીય અંદાજપત્રમાં કરવામાં આવી છે. મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજનામાં રૂ.૫૦૦ કરોડની ફાળવણીથી આ યોજના દ્વારા નિરાધાર પશુઓને પોષણયુક્ત આહાર મળી શકશે. રખડતાં પશુઓની સમસ્યા હલ થશે. ગૌશાળાનું આર્થિક સશક્તિકરણ થશે. માર્ગ અકસ્માતોમાં ઘટાડો થશે અને બીમાર પશુઓને પણ આશ્રય મળી રહેશે. કામધેનુ યુનિવર્સિટીની યોજનાઓ માટે રૂ.૪૨૪ કરોડની ફાળવણીથી શિક્ષણનો કુલ વ્યાપ વધશે. ડેરી ક્ષેત્રે નવા સંશોધનો થશે. જેનો સીધેસીધો લાભ ખેડૂતો અને વિદ્યાર્થીઓને આધુનિક તાલીમ થકી મળશે. પશુ ચિકિત્સામાં નવી ટેક્નોલૉજી થકી શૈક્ષણિક આંતરમાળખું મજબૂત થશે. ખાણદાણ સહાય યોજના મારફત રૂ.૬૧ કરોડની ફાળવણી કરવામાં આવી છે. ગાભણ પશુઓને પૌષ્ટિક આહાર મળશે, તંદુરસ્ત બચ્ચાંઓનો જન્મ થશે. દૂધ ઉત્પાદકતામાં સાતત્યતા જળવાયેલ રહેશે. પશુપાલકોનો આર્થિક ભાર ઘટશે અને વિયાણ પછી પશુની રિકવરી ઝડપી બનશે. ફરતાં દવાખાનામાં રૂ.૫૬ કરોડની રકમની ફાળવણી આ યોજના માટે કરવામાં આવી. ૧૯૬૨ સેવા દ્વારા ત્વરિત સારવાર, પશુઓને લાવવા લઇ જવાની હાલાકી ઘટશે. અંતરિયાળ વિસ્તારની પહોંચ વધશે અને ઇમરજન્સી કેસમાં પશુઓના જીવ બચશે. આ ફરતાં પશુ દવાખાનાના કારણે જેમ માણસો માટે ૧૦૮ની સુવિધા છે તેવી જ સુવિધા પશુપાલકોને પશુઓ માટે ઉપલબ્ધ થઇ છે. અંતરિયાળ વિસ્તારમાં રહેતાં પશુઓને સારવાર માટેની એક સુંદર સુવિધા પ્રાપ્ત થશે તેના માટે પૂરતી નાણાકીય જોગવાઇ કરી છે તેને હું આવકારું છું. મુખ્યમંત્રી નિ:શુલ્ક પશુ સારવાર માટે રૂ.૫૨ કરોડની ફાળવણી કરવામાં આવી છે. આનાથી દવાઓ અને સારવાર મફત મળશે. ગરીબ પશુપાલકોની બચત વધશે. કોઇપણ પશુ સારવાર વગર નહીં રહે. પશુ મૃત્યુદરમાં ઘટાડો થશે. પશુપાલન વ્યવસાય વધુ નફાકારક બનશે. સેક્સ્ડ સીમેન ડોઝ માટે રૂ.૧૩ કરોડની ફાળવણી કરવામાં આવી છે. ગાય કે ભેંસને આ યોજના મારફત જો ગર્ભધારણ કરાવવામાં આવે તો તેમાં માત્ર વાછરડી કે પાડીનો જન્મ થશે. બિનઉત્પાદક નર

પશુઓની સંખ્યા ઘટશે. દૂધ ઉત્પાદકતા વધશે. રખડતાં ઢોરની સમસ્યાનું મૂળમાંથી નિરાકરણ થશે. કારણ કે જે પશુ જન્મ થશે તે પાડી અને વાછરડી જ હોય એટલે લોકો દૂધ માટે સાચવે પણ પાડા અને વાછરડાને લોકો છોડી મૂકે છે. જેનાથી રખડતાં પશુઓની સંખ્યા વધે છે. સેક્સ્ડ સીમેન ડોઝથી આ સમસ્યાનો હલ આવશે. પશુપાલકોની આવકમાં વધારો થશે. ભવિષ્યનું પશુધન ગુણવત્તાયુક્ત બનશે. નકામા પશુઓના નિભાવનો ખર્ચ બચશે અને આનુવંશિક સુધારણા ઝડપી બનશે. સેક્સ્ડ સીમેન ડોઝનો વ્યાપક ઉપયોગ કરવામાં આવે તો રાજ્યમાં પશુપાલન ક્ષેત્રે એક મોટી ક્રાંતિ આવે અને તેના માટે રાજ્ય સરકારે બજેટમાં જે નાણાકીય જોગવાઈ કરી છે તેને હું આવકારું છું. ઓલાદ સુધારણામાં ક્રાંતિ આવે અને વિદેશી નસલની જરૂરિયાત ઘટે તેના માટે આઈ.પી.એફ. ગર્ભધારણ સહાય યોજના દાખલ કરી માનનીય નાણામંત્રીશ્રીએ પૂરતી નાણાકીય જોગવાઈ દાખલ કરી છે તેને હું આવકારું છું. વંધ્યત્વ નિવારણ કેમ્પ માટે રૂ.૧૩ કરોડની જોગવાઈ કરી છે. બિનફળદ્રુપ પશુઓની સંખ્યા ઘટે, સારવાર ખર્ચમાં રાહત મળે, પશુધન ઉત્પાદક બને અને આર્થિક નુકસાન અટકે તેના માટે વંધ્યત્વ નિવારણ કેમ્પો યોજવામાં આવે છે. સરકારે તેના માટે પૂરતી નાણાકીય જોગવાઈ પણ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર એમ.એસ.પી.ના દરે પૂરતા પ્રમાણમાં ખરીદી કરે છે. રાજ્ય સરકાર ખેડૂતોને પૂરતા પ્રમાણમાં, પૂરતા વૉલ્ટેજથી દિવસે વીજળી આપે છે, ખેડૂતો માગે ત્યારે વીજ કનેક્શન મળી રહે છે. ઝીરો ટકા વ્યાજથી ખેડૂતોને પાક ધિરાણ મળે છે. જરૂર પ્રમાણે ખાતર પણ મળી રહે છે અને સિંચાઈની સગવડતા પણ પૂરતા પ્રમાણમાં ખેડૂતોને મળી રહે તેના માટે રાજ્ય સરકારે બજેટમાં પૂરી જોગવાઈ કરી છે. વિકસિત ભારત–૨૦૪૭નું જે આપણા યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સપનું છે તેના માટે વિકસિત ગુજરાત બનાવવું ખૂબ જરૂરી છે અને વિકસિત ગુજરાત બનાવવા માટે આ વર્ષ ૨૦૨૬–૨૭નું અંદાજપત્ર ખૂબ ઉપયોગી બનશે. વિકસિત ગુજરાત બનાવવા માટે વર્ષ ૨૦૨૬–૨૭ના વર્ષનું અંદાજપત્ર ખૂબ જ ઉપયોગી બનશે અને અગત્યના જે ખાતાઓ જેવા કે, કૃષિ, સિંચાઈ અને પશુપાલન માટે નાણાકીય બજેટમાં ખૂબ સારા પ્રમાણમાં નાણાકીય ફાળવણી કરીને રાજ્યના નાણામંત્રીશ્રીએ જે બજેટ રજૂ કર્યું છે એને હું હૃદયથી આવકારું છું અને એના માટે માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાણામંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપી મારી વાત પૂરી કરું છું.

શ્રી અરવિંદ શાં. રાણા(સુરત–પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના નાણામંત્રી આદરણીય શ્રી કનુભાઈ દેસાઈ દ્વારા વર્ષ ૨૦૨૫–૨૬નું રૂ.૩ લાખ ૭૦ હજાર ૨૫૦ કરોડનું બજેટ ગત વર્ષે આ સન્માનનીય સભાગૃહમાં રજૂ કર્યું હતું.

આપણે સૌ જાણીએ છીએ કે, રાજ્યના બજેટમાં મુખ્ય આવકનો સ્ત્રોત એ જી.એસ.ટી. છે. દેશના વડાપ્રધાન અને વૈશ્વિક નેતા દેશવાસીઓના જન જનના હૃયસમ્રાટ આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે વૈશ્વિક પરિસ્થિતિને ધ્યાનમાં લઈને દેશના વેપાર–ઉદ્યોગને ટકાવી રાખવા તા.૨૨–૦૯–૨૦૨૫ના રોજ જી.એસ.ટી.–૨ રિફોર્મ દ્વારા જી.એસ.ટી.ના દરમાં ઘરખમ ઘટાડો કરવામાં આવ્યો. કુલ ચાર સ્લેબમાં જે ટેક્સ વસૂલ થતો હતો એમાં ૨૮ ટકાના દરને બદલે ૧૮ ટકા કરવામાં આવ્યો, ૧૮ ટકાના દરને બદલે ૧૨ ટકા કરવામાં આવ્યો તેમજ ૧૨ ટકાના દરને બદલે ૫ ટકા અને ૫ ટકાના દરને બદલે શૂન્ય દર કરીને તેમાં પણ ખાસ કરીને ખેતીના સાધનો અને ડેરીના ઉદ્યોગો ઉપર જે ૧૮ ટકા ટેક્સ લેવાતો હતો તેના પર ૫ ટકા દર કર્યો. આમ, કરીને દેશવાસીઓને બચત ઉત્સવ દ્વારા ખૂબ મોટી રાહત આપવામાં આવી. જી.એસ.ટી.ના બચત ઉત્સવથી રાજ્યની તિજોરીમાં પણ આવકનો ઘટાડો થવાનો સંભવ હતો. ગત વર્ષના બજેટમાં ઘટાડો થવાનું પણ સંભવ હતું. હું આજે ગર્વથી કહેવા માગું છું કે ગુજરાત રાજ્યના મેન્યુફેક્ચરિંગ એકમો, મોદી સાહેબના સ્વદેશી અભિયાન અને લોકલ ફોર વોકલને ગુજરાતવાસીઓએ અપનાવીને રાજ્યની તિજોરી છલકાવી દીધી. એટલે જ આપણા મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબ, યુવાન અને ડાયનેમિક નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી અને આદરણીય નાણામંત્રીશ્રી કનુભાઈ દેસાઈ દ્વારા વર્ષ ૨૦૨૬–૨૭નું કોઈપણ જાતના વેરા વધારા વગરનું રૂ.૪ લાખ૮ હજાર ૫૩ કરોડનું વિક્રમી બજેટ આ સન્માનનીય સભાગૃહમાં રજૂ થયું છે ત્યારે ગતવર્ષના બજેટ કરતાં આ વખતના બજેટમાં આવી પરિસ્થિતિ હોવા છતાં રૂ.૩૭ હજાર ૮૦૩ કરોડનો વધારો કરવા બદલ ભારતીય જનતા પાર્ટીની આ સરકારને હું દિલથી અભિનંદન આપું છું.

માહિતી અને પ્રસારણ વિભાગ તથા મત્સ્યોદ્યોગ વિશે હું મારા વિચારો રજૂ કરું છું. આજે હું એક એવા વિભાગની કામગીરી અને સિદ્ધિઓ આ ગૃહ સમક્ષ રજૂ કરવા માગું છું કે જે કદમાં ભલે નાનો હોય પરંતુ તેની જવાબદારી અત્યંત વ્યાપક અને ગહન છે. માહિતી અને પ્રસારણ વિભાગ એ માત્ર એક સરકારી કચેરી નથી પરંતુ તે રાજ્ય સરકાર, માધ્યમો અને જનતા વચ્ચેના અતૂટ વિશ્વાસનો સેતુ છે. આ એવો વિભાગ છે કે જે સરકારની ઇમેજ બિલ્ડિંગનું સુંદર કાર્ય કરે છે. આ વિભાગ હંમેશા એલર્ટ મોડ ઉપર હોય છે. એટલે કે ૨૪ x ૭ કાર્યરત છે. સરકારના વિઝન અને મિશનને જન–જન સુધી પહોંચાડીને શાસન અને પ્રજા વચ્ચેના અંતરને ઘટાડવાનું ભગીરથ કાર્ય આ વિભાગ દ્વારા થઇ રહ્યું છે. આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારથી સમગ્ર વિશ્વમાં વિકાસનું મૉડલ ગુજરાત પ્રસ્થાપિત થયું ત્યારે રાજ્યની વિકાસગાથાને છેવાડાના માનવી સુધી પહોંચાડવામાં આ વિભાગની ભૂમિકા પાયાની રહી છે. જે રીતે અખબારો અને ચેનલો સમાજની નાડ પારખે છે તેવી જ રીતે માહિતી વિભાગ સર્તક રહીને, સરકારની પ્રજાલક્ષી યોજનાઓ, જનહિતકારી નિર્ણયો અને પળેપળની સિદ્ધિઓને અધિકૃત રીતે નાગરિકો સુધી પહોંચાડે છે. પરંપરાગત પ્રસારણની સાથે આધુનિક ન્યુ મીડિયા અને સોશિયલ મીડિયાના માધ્યમથી માહિતી વિભાગ નાગરિકોને વાસ્તવિક સમયમાં માહિતગાર રાખે છે. આજે આપણે ટૅકનૉલૉજીના એવા યુગમાં જીવી રહ્યા છીએ જ્યાં માહિતીના માધ્યમોની ગતિ અને વ્યાપ વાયુવેગે વધી રહ્યો છે. બદલાતા સમયના તાલ સાથે

તાલ મિલાવીને માહિતી વિભાગ પોતાની કાર્યશૈલીમાં પણ ક્રાંતિકારી પરિવર્તનો લાવ્યાં છે. પરંપરાગત પ્રસારણની મર્યાદાઓ વટાવીને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, આધુનિક ટેકનોલોજી અને સોશિયલ મીડિયાના સમન્વયથી વિભાગે અનેક નવતર પહેલો હાથ ધરી છે. મને ગૃહને જણાવતા અત્યંત આનંદ થાય છે કે અત્યારે આ પવિત્ર સભાગૃહમાં ચાલી રહેલી આ કાર્યવાહીની મહત્ત્વપૂર્ણ ચર્ચાઓની પળેપળની વિગતો પણ આ વિભાગ દ્વારા જ અત્યંત વિશ્વસનીય રીતે લોકશાહીના ઘબકારા મારફત વિવિધ ન્યૂઝ ચેનલો સુધી પહોંચાડવામાં આવી રહી છે. સભાગૃહના તમામ સન્માનનીય સભ્યશ્રીઓને માહિતગાર કરતી માહિતી વિભાગની કેટલીક વિશિષ્ટ અને નવતર સિદ્ધિઓ હું ગૃહ સમક્ષ રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વર્તમાન સમયમાં જ્યારે માહિતીના આદાનપ્રદાનની ક્ષિતિજો વિસ્તરી છે અને સોશિયલ મીડિયા અને ડિજિટલ પ્લેટફોર્મ્સ એક અત્યંત શક્તિશાળી માધ્યમ તરીકે ઊભરી આવ્યાં છે ત્યારે ખાસ કરીને, આપણી ઊર્જાવાન યુવાપેઢી કે જેઓ આવતીકાલના વિકસિત ગુજરાતના ઘડવૈયાઓ છે, તેઓ અત્યારે ડિજિટલ માધ્યમનો મહત્તમ ઉપયોગ કરી રહ્યા છે. આ બદલાતા સમયને અનુલક્ષીને માહિતી અને પ્રસારણ વિભાગે ટેકનોલોજીનો સુયોગ્ય અને પ્રભાવશાળી ઉપયોગ કરી શકે એવી નવી દિશા કંડારી છે. યુવાનો સરકારની વિવિધ જનલક્ષી યોજનાઓ અને રાજ્યના વિકાસપથથી માત્ર માહિતીગાર જ નહીં પરંતુ તેનાથી પ્રેરિત થાય તે માટે આ વિભાગે પોતાની કાર્યપદ્ધતિને આધુનિકતાના રંગે રંગી છે. બદલાતા સમયની સાથે કદમ મિલાવીને આજે માહિતી વિભાગ ફેસબુક, ટ્વિટર એપ, ઇન્સ્ટાગ્રામ અને યુ-ટ્યૂબ સહિતના આશરે આઠ જેટલા સોશિયલ મીડિયાના ટુલ્સનો અત્યંત સચોટ અને વ્યાપક રીતે ઉપયોગ કરી રહી છે. આ માત્ર પ્રચારનું સાધન નથી પરંતુ રીયલ ટાઇમ ક્નેક્ટિવિટીનું એક માધ્યમ છે. આ ડિજિટલ માધ્યમો દ્વારા સરકારના પારદર્શક વહીવટ અને સિદ્ધિઓને અત્યંત આકર્ષક કન્ટેન્ટ, ઇન્ફોગ્રાફિક્સ અને વીડિયોના સ્વરૂપમાં મહત્તમ નાગરિકોના મોબાઇલ સ્ક્રીન સુધી પહોંચાડવામાં આવે છે. ટેકનોલોજીના આ વિનિયોગથી સરકારી માહિતી હવે માત્ર ઓફિસો પૂરતી સીમિત ના રહેતાં ગતિશીલ બનીને જન-જનના હૃદય સુધી પહોંચી રહી છે જે ખરેખર પ્રશંસનીય છે. આજે ગુજરાતનું આપણું આ વિકાસ મૉડલ માત્ર ભારત જ નહીં પરંતુ સમગ્ર વિશ્વ માટે એક માપદંડ બની ગયું છે. આ વૈશ્વિક સ્વીકૃતિ પાછળ માહિતી અને પ્રસારણ વિભાગની સચોટ પ્રસારણ શક્તિ પણ રહેલી છે.રાજ્ય સરકારના દૂરંદેશી નિર્ણયો અને જનહિતલક્ષી યોજનાઓનો ગ્રોથ માત્ર ગુજરાત પૂરતો સીમિત નહીં રહેતાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે પહોંચે એ માટે પણ આ વિભાગના ન્યૂઝ અને મીડિયા રીલેશન શાખા દ્વારા ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી એમ ત્રણેય ભાષામાં અધિકૃત અખબારી યાદીઓ પ્રસિદ્ધ કરી રહ્યું છે. ભાષાનો અવરોધ દૂર કરીને વિકાસની આ સ્ટોરીઝને વિશ્વના ખૂણે ખૂણે પહોંચાડવામાં આ વિભાગે અત્યંત મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. આપણા રાષ્ટ્રનો મજબૂત ચોથો સ્તંભ એવા પત્રકાર મિત્રો માટે પણ આ રાજ્ય સરકાર દ્વારા અત્યંત સંવેદનશીલ રીતે માહિતી વિભાગ દ્વારા નિર્ધારિત નીતિ નિયમો અનુસાર કામ કરીને પ્રેસ એક્રેડિએશન કાર્ડ આપીને માન્યતા આપવાની પ્રક્રિયા પણ અત્યંત સુદૃઢતાથી પાર પાડી રહ્યું છે. ખાસ કરીને આ પરિવારોને સામાજિક સુરક્ષા પૂરી પાડવા માટે રાજ્ય સરકારે સામૂહિક જૂથ વીમા યોજના અમલમાં મૂકી છે. પત્રકારોના કુદરતી મૃત્યુના કિસ્સામાં એમના પરિવારને રૂપિયા ૨ લાખ સુધી અને અકસ્માતે આકસ્મિક સંજોગોમાં રૂપિયા ૧૦ લાખ સુધીનું રક્ષાકવચ પૂરું પાડવામાં આવે છે. પત્રકારત્ત્વ જગત પ્રત્યેની રાજ્ય સરકારની આ પ્રતિબદ્ધતા દર્શાવે છે. ગુજરાતની ભવ્ય વિરાસત અને અસ્મિતાને રાષ્ટ્રીય ફલક ઉપર ઉજાગર કરવાનું ગૌરવશાળી કાર્ય પણ માહિતી વિભાગ દ્વારા કરવામાં આવે છે. દર વર્ષે નવી દિલ્હીમાં પ્રજાસત્તક પર્વની રાષ્ટ્રીય પરેડમાં ગુજરાતનો ટેબ્લો રાજપથ પરથી પસાર થાય છે ત્યારે સમગ્ર દેશની નજર આપણા સાંસ્કૃતિક વૈભવ પર હોય છે. આ ટેબ્લોના કલાત્મક નિર્માણથી લઈને તેની સફળ પ્રસ્તુતિ સુધીની તમામ જવાબદારી માહિતી વિભાગ અત્યંત ગરિમાપૂર્ણ રીતે નિભાવી રહ્યો છે. એના પરિણામે ગુજરાતના ટેબ્લોને અનેકવાર રાષ્ટ્રીય સ્તરે શ્રેષ્ઠતાના એવોર્ડ પ્રાપ્ત કરીને આ ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. મને આ ગૃહને જણાવતાં અત્યંત આનંદ અને હર્ષની લાગણી થાય છે કે રાષ્ટ્રીય ફલક પર ગુજરાતની સાંસ્કૃતિક વિરાસતનો ડંકો આજે વાગી રહ્યો છે ત્યારે નવી દિલ્હીના ઐતિહાસિક કર્તવ્ય પથ પર ૭૭મા પ્રજાસત્તાક પર્વની ભવ્ય પરેડમાં માહિતી વિભાગ દ્વારા નિર્મિત '**स्वतंत्रता का मंत्र, वंदे मातरम्**' થીમ આધારિત ગુજરાતના ટેબ્લોને સમગ્ર દેશના નાગરિકોએ ખોબલે ખોબલે વધાવ્યો છે. આ માત્ર પ્રદર્શન નથી. પરંતુ ગુજરાતની અસ્મિતાનો વિજય છે. જેના પરિણામે આપણો ટેબ્લો ચોથી વખત ''પોપ્યુલર ચોઇસ'' કેટેગરીમાં વિજેતા થયો છે. માહિતી વિભાગ દ્વારા દિવાળીમાં પણ દર વર્ષે દિપોત્સવી અંક પ્રગટ થાય છે અને તેમાં ઉત્તમ અભ્યાસ લેખો, ચિંતન, હાસ્ય લેખો, નવલિકા અને કાવ્યોથી સભર આ અંક ગુજરાતમાં જ નહીં પણ ગુજરાતની બહાર વસતા ગુજરાતીઓમાં અત્યંત લોકપ્રિય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મત્સ્યોદ્યોગની વાત કરું તો ગુજરાત રાજ્ય એ ૧૬૦૦ કિલોમીટરનો ખૂબ મોટો દરિયાકાંઠો ધરાવે છે. દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના માર્ગદર્શનમાં રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી સાહેબના નેતૃત્વમાં ગુજરાતમાં આંતરદેશીય મત્સ્યોદ્યોગ એક મહત્ત્વપૂર્ણ ઉદ્યોગ છે, ત્યારે રાજ્યના આર્થિક વિકાસ અને રોજગારી સર્જનમાં આ વિભાગ ખૂબ મોટી ભૂમિકા ભજવે છે. આંતરરાષ્ટ્રીય મત્સ્ય ઉછેરને બળ આપતી યોજનાઓ અને પદ્ધતિઓ, ખેડૂતો અને માછીમારો માટે પ્રગતિના નવા દરવાજા ખુલી રહ્યા છે ત્યારે ગુજરાતના નાના અને મધ્યમ જળાશયોમાં આંતરદેશીય મસ્ત્ય ઉછેરના પ્રયત્નો સાથે રાજ્યના અર્થતંત્રમાં ખૂબ મોટો સુધારો થવાનો અવસર રહેલો છે. રાજ્યના મત્સ્ય ઉત્પાદનની વાત કરું તો વર્ષ ૨૦૨૫-૨૬ના વર્ષ દરમિયાન ૧૦.૪૩ લાખ મેટ્રિક ટન અને સને

૨૦૨૬–૨૭ ના વર્ષ માટે ૧૧.૭૧ લાખ મેટ્રિક ટન મત્સ્ય ઉત્પાદન થવાનો અંદાજ છે. વર્ષ ૨૦૨૫–૨૬ માટે રાજ્યની મત્સ્યઉદ્યોગ ફિશરીઝ અને ઉછેર કેન્દ્રમાંથી બીજ ઉત્પાદનનો લક્ષ્યાંક ૧૦૦ કરોડ સ્પર્મનું ઉત્પાદન કરવામાં આવેલ છે અને આવનાર વર્ષ ૨૦૨૬–૨૭ માટે પણ રાજ્યની મત્સ્ય ઉદ્યોગ ફિશરીઝ ઉછેર કેન્દ્રમાં બીજ ઉત્પાદન માટે રૂ.૧૦૦ કરોડ સ્પર્મનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના પી.એમ.એસ.વાય. ભારત સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલ મુખ્ય યોજના છે. આ યોજનામાં પણ રૂ.૩૫૨ કરોડની આવક થવાની છે.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી અમિતભાઈ શાહ.

અમિત શાહ (એલીસબ્રિજ) : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૬–૨૭ના ગૃહ, કાયદો અને ન્યાય વિભાગની અનુદાનની માગણીઓ પર ચર્ચા કરવા અને મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

આજે હું ગુજરાતના ગૃહ, કાનૂન વ્યવસ્થા અને આધુનિકીકરણના જનક માનનીય શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને માનનીય શ્રી હર્ષભાઈ સંઘવીની લીડરશિપ દ્વારા જે કામ કરવામાં આવી રહ્યું છે તેની વાત કરી રહ્યો છું. ગુજરાત સરકારે વર્ષ ૨૦૨૫–૨૬ માટે ગૃહ વિભાગને રૂ.૧૨,૬૫૯ કરોડ અને તાજેતરના બજેટમાં રૂ.૧૩,૬૬૨ કરોડ ફાળવ્યાં છે અને ભૂતકાળમાં વર્ષ ૨૦૨૩–૨૪માં રૂ.૮,૫૭૩ કરોડની ફાળવણી કરી હતી. એનો અર્થ એ થાય છે કે ગુજરાત સરકાર રાજ્યની આંતરિક સુરક્ષાને મજબૂત કરવાનો સંકલ્પ લઈને બેઠી છે અને દર વર્ષે ઉત્તરોત્તર બજેટમાં વધારો કરી રહી છે. સાયબર ક્રાઇમ અને સાયબર ફ્રોડ માટે ગુજરાત સરકારે ૧૯૩૦ હેલ્પ લાઇન કરી છે જેમાં રૂ.૭૩ કરોડ જેટલી રકમ શી ટીમે (SHE Team) પરત અપાવેલ છે. ૧૯૩૦ હેલ્પ લાઇનની શ્રેષ્ઠ કામગીરી બદલ માનનીય કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રી અમિતભાઇ શાહે ગુજરાત સરકારની સાયબર સેલને પર્ફોમન્સ એવોર્ડ આપેલો છે. બાળકોને શોધવા માટે ખાસ ઝુંબેશ ''ઓપરેશન સ્માઇલ'' અને ''ઓપરેશન મુસ્કાન'' જેવી સફળ ડ્રાઇવ ગુજરાત સરકારની સી.આઇ.ડી. ક્રાઇમ દ્વારા કરવામાં આવી રહી છે, જેના કારણે વર્ષ ૨૦૨૫ માં ૨૩૪૪ બોળકો શોધેલાં છે. મારા વિસ્તારમાં લો–ગાર્ડન વિસ્તાર આવેલો છે ત્યાં આગળ એક પાણી પીવડાવનારા બહેનની દીકરીની દીકરીને બગીચામાં મૂકીને પાણી વેચતા હતા અને દીકરી ક્યાંક જતી રહી. બહેન મારી પાસે આવ્યાં, એને લઈને હું પોલીસ કમિશનર પાસે લઈ ગયો. ઉઘાડા પગે આવેલી ગરીબ બહેનની બાળકીને બીજા દિવસે શોધી આપી. મતલબ કે ગરીબમાં ગરીબ માણસોનું ગુજરાત સરકાર ધ્યાન રાખી રહી છે. આ સરકાર માત્ર સુરક્ષાની જ નહીં, પરંતુ પોલીસના કલ્યાણ માટે પણ કટિબદ્ધ છે. રૂ.૧૩૬ કરોડ જેટલી રકમ ૧૦૭ પોલીસના નોન–રેસિડેન્શિયલ પ્લોટ, ૩૦૦ જેટલી નવી પોસ્ટ અને ડાયલ ૧૧૨ અને જનરક્ષક માટે ફાળવેલા છે. રૂ.૨૦ કરોડ જેટલી રકમ એન્ટી–ડ્રોન સિસ્ટમ જે સમયની માંગ છે એની ખરીદી માટે ફાળવેલા છે. દેવભૂમિ દ્વારકા પાસે જિલ્લા હોમગાર્ડની કચેરીનું નવું બાંધકામ ચાલુ છે. અમમદાવાદ શહેરની પૂર્વ અને પશ્ચિમની નવી જિલ્લા હોમગાર્ડની કચેરીઓનું લોકાર્પણ પણ કરવામાં આવી રહ્યું છે. મને કહેતા આનંદ થાય છે કે, રાજ્યના તમામ જિલ્લાઓ અને શહેરોમાં અભયમ મહિલા હેલ્પ લાઇન ૧૮૧, ૨૪x૭ મહિલાઓની સુરક્ષા માટે કાર્યરત છે જેને આજદિન સુધી એક કરોડથી વધારે કોલ એટેન્ડ કરેલા છે, એનો એક દાખલો આપું. ગઈ નવરાત્રીમાં મારી દીકરી અને જમાઈ રાજપથ કલબ પાસેથી પસાર થઈ રહ્યા હતા અને એક છોકરીએ કાઈનેટિક ઊભું રાખ્યું અને કહ્યું કે મારી પાછળ ગુંડાઓ પડ્યા છે અમને બચાવો. મારી દીકરી અને જમાઈએ કહ્યું કે, અભયમ ૧૮૧માં તાત્કાલિક જાણ કરો. ૭ મિનિટમાં પોલીસ આવી ગઈ અને ગુંડાઓને ભગાડ્યા. આ મારા પોતાના ઘરનો અનુભવ કહ્યું છું. કોઈપણ લોકશાહીમાં કાયદાનું રાજ 'રૂલ ઓફ લો' એ મજબૂત પાયો છે. ન્યાયતંત્ર વિના સ્વતંત્રતા અધૂરી છે. ગુજરાત સરકાર દ્વારા છેલ્લા વર્ષોમાં કાયદો અને ન્યાય ક્ષેત્રમાં નોંધપાત્ર સુધારાઓ કરવામાં આવ્યાં છે. આ વખતે રૂ.૨૭૦૨ કરોડ લિગલ ડિપાર્ટમેન્ટને ફાળવ્યા છે. રૂ.૩૨૪ કરોડ જેટલી માતબર રકમ કોર્ટના બાંધકામ અને રિપેરિંગ માટે રાખેલ છે. ઈ–કોર્ટ માટે હાઇકોર્ટને રુ. ૨૨ કરોડ જેટલી માતબર રકમ ફાળવેલી છે. લોક અદાલતોના માધ્યમથી લાખો કેસોનો ઝડપથી નિકાલ કરવામાં આવી રહ્યો છે. આ મહાનગરમાં ૪ વર્ષથી ૧૨ લાખ રૂપિયા માટે કોઈ ભાઈ ફરતા હતા એનો એક જ દિવસમાં ચુકાદો આપી અને લોકઅદાલતે પ્રશ્ન સોલ્વ કર્યો છે. બાબાસાહેબ આંબેડકર કહી ગયા છે કે સંવિધાન ગમે તેટલું સારું હોય પરંતુ તેને અમલમાં મૂકનાર લોકો ખરાબ હશે તો એનો અમલ નહીં થાય. મને એ વસ્તુની યાદ આવે છે જયારે કાયદાની વાત કરી રહ્યા હોઈએ અને મારા મિત્રો વંદે માતરમ્ અને ભારતમાં હુમલા થયા એની વાત કરતા હોય ત્યારે હું અમદાવાદ શહેરમાં જન્મ્યો છું અને મોટો થયો છું. મને એ દિવસો બરાબર યાદ છે કે અમદાવાદમાં જગન્નાથ મંદિરની રથયાત્રા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો, કેમ? કારણ કે ગુંડાઓ ઇચ્છતા હતા કે રથયાત્રા ના નીકળે અને રથયાત્રા ઉપર પ્રતિબંધ મૂકયો. જગન્નાથ ભગવાન હાથીમાં પ્રવેશ્યા અને દરવાજાની આડે ઉભેલી પોલીસની ગાડીઓને હાથીએ ટક્કર મારી અને રથયાત્રા નીકળી. એ લોકો ભૂલી ગયા લાગે છે, વર્ષો સુધી જગન્નાથ મંદિરની રથયાત્રા બુલેટપ્રૂફ રથમાં નીકળતી હતી. આજે મને ગૌરવ થાય છે મારી સરકારમાં કોઈપણ જાતની બુલેટપ્રૂફ વ્યવસ્થા વગર રથયાત્રા નીકળે છે અને જે જગ્યાએ આર્મી અને બી.એસ.એફ. ઊભી રહેતી એ જગ્યાએ અત્યારે લોકો રથયાત્રા આવે એટલે કબૂતર ઉડાડે છે. મને કહેવા દો સાહેબ કે, આ કાયદાની દુહાઇ દેનાર લોકોને ભૂતકાળમાં ગુંડાઓ એમના શાસનમાં પોલીસની લક્ષ્મણ રેખા દોરતા હતા કે પોલીસે અહીંયાથી આગળ નહીં આવવાનું. હું દાખલો આપું, યાદ છે (અંતરાય) મને ૬૬ વર્ષ અમદાવાદમાં થયા, નહીં પહોંચી વળો, મને યાદ છે રાધિકા જીમખાનામાં નવ લોકોનો હત્યારો લતીફ એના ઘરે બેઠો છે એવી સૂચના મળી, અમદાવાદના પોલીસ કમિશનર ગીતા જોહરી અને એ વિસ્તારની રચના એવી છે કે જો પોલીસ ગાડી લઈને જાય

તો ખબર પડી જાય, ગીતા જોહરી ત્રણ પોલીસ અધિકારીને લઈને રીક્ષામાં ગયાં, લતીફના ઘર ઉપર રેડ કરી, લતીફ ભાગી ગયો પણ નવ જણાને કાવાસોકી રાઇફલથી મારી નાખનાર શરીફખાન પકડાયો, ચારે બાજુથી ગીતા જોહરીને ઘેરી લેવામાં આવ્યાં, ગીતા જોહરીએ લતીફના ઘરમાંથી બ્રીગેડ કોલથી એટલે કે આખા અમદાવાદની પોલીસને બોલાવવામાં આવી, સાહેબ મને કહેતાં દુઃખ થાય છે કે લતીફે દોરેલી લક્ષ્મણ રેખા દરીયાપુર તંબુ ચોકીથી અમદાવાદના ૧૮ પોલીસ સ્ટેશનની એક પણ ગાડી આગળ ના આવી, આજે મને ગૌરવ થાય છે કે અમદાવાદનો કોઇ ગુંડો કે ગુજરાતનો કોઇ ગુંડો કોઇ લક્ષ્મણ રેખા દોરી શકતો નથી. ગુજરાતનો કોઇ દાદા (અંતરાય) અત્યારે ગુજરાતમાં કોઇ દાદા નથી, એકલા હનુમાનદાદા છે. તમારા રાજયમાં સરકાર ગુંડાઓને રાજયાશ્રય આપતી હતી. મને બરાબર યાદ છે કે કોંગ્રેસના શાસનમાં કોંગ્રેસના એક સંસદસભ્યે દિલ્હીના દરબારમાં કાગળ લખ્યો કે ગુજરાતનો મુખ્યમંત્રી ગુંડાઓને પોષી રહ્યો છે, (અંતરાય) ગુંડાઓ આ ગુજરાતનું રાજય ચલાવે છે, સાહેબ મને જણાવતા ખૂબ જ દુઃખ થાય છે એ જ રઉફ અલી ઉલ્લાહને કોંગ્રેસના એક કાર્યકર્તા બકાભાઇની ઓફિસની બહાર ઠાર મારવામાં આવ્યો. એમાં પકડાયા કોંગ્રેસના આગેવાનો, મારે હાજર નથી એટલે નામ નથી દેવાનું અને એ આગેવાનને, મારી સાથે કાઉન્સિલર હતા એને અમેરિકાના વિઝા મળ્યા, તો કોંગ્રેસના મેયરે અમેરીકન કોન્સર્ટને કાગળ લખ્યો કે એક સંસદસભ્યને મારી નાખનાર માણસને તમે વિઝા કેવી રીતે આપ્યા? અમેરીકન સંસદે કહ્યું કે હવે અમે વિઝા કેન્સલ ના કરી શકીએ, ઉતરશે એટલે ડિપોર્ટ કરીશું અને એ ભાઇ મારી સાથે અમેરિકા આવ્યા નહીં. અમદાવાદના કોટ વિસ્તારમાંથી એ વખતે હિન્દુઓને પકડવાની એક ઝુંબેશ ચાલતી હતી. ડબગરવાડમાં ૯ ડબગરોના ઘરને બહારથી બંધ કરીને જીવતા સળગાવ્યા અને ત્યારથી હિન્દુઓનું કોટ વિસ્તારમાંથી ભાગવાનું શરૂ કર્યું. સાહેબ, મારું ઘર પણ ત્યાં હતું. ૧૯૮૫ના રમખાણો પછી મારા ઘરવાળાએ પાલડીમાં મકાન લઇ લીધું. એટલે એ જમાનામાં હિન્દુઓ કોટ વિસ્તારમાં સલામત નહોતા. જમાલપુરમાં અમારું ૩૦૦ વર્ષ જૂનું જૈન દેરાસર ભયથી ખસેડવું પડયું અને અત્યારે સેટેલાઇટમાં પ્રેરણાતીર્થ દેરાસર તરીકે ફેમસ છે.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન ચાલુ રહેશે. વિરામનો સમય થયો છે. ગૃહ ફરીથી બપોરના ૩–૦૦ કલાકે મળશે.

(વિરામ બપોરના ૨–૩૦ થી ૩–૦૦)

માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૬–૨૭ના કાયદો અને ન્યાય વિષયમાં આ બજેટમાં બોલવા ઊભો થયો છું ત્યારે મારી વાત અધૂરી હતી. કોંગ્રેસના શાસનમાં હિંદુઓને ભગાડવાનું ષડયંત્ર કરવામાં આવ્યું હતું. મેં અગાઉ કહ્યું એમ ડબગરવાડમાં ૯ હિંદુઓને ઘર બંધ કરીને જીવતા સળગાવ્યા અને કોટ વિસ્તારમાંથી હિંદુઓનું સ્થળાંતર શરૂ થયું. મારું કુટુંબ પણ ત્યાં રહેતું હતું. અમે પણ સ્થળાંતર કરી ગયા. કાયદો અને વ્યવસ્થાની હદ અહીંયા પૂરી થાય છે એવા કોંગ્રેસના શાસનમાં પોરબંદરમાં બોર્ડ લગાવ્યા હતા. ગુજરાતમાં દાદાના શાસનમાં કોઇની તાકાત નથી કે આવું બોર્ડ લગાવે. મને મારી સરકાર પર ગૌરવ છે. ગુજરાતમાં ૨૫ વર્ષના છોકરાને ખબર નથી કે કર્ફ્યુ શું છે? જ્યારે એક જમાનામાં ૧૮૦ દિવસ કરફ્યુ રહેતો હતો. મારે એક ગંભીર બાબત પર આપનું ધ્યાન દોરવું છે. ભૂતકાળમાં સ્વર્ગસ્થ અશોક ભટ્ટ જ્યારે આ ગૃહના સભ્ય હતા ત્યારે તેમણે ગૃહ મંત્રી પ્રબોધ રાવળને પોરબંદરનો ડી.એસ.પી. દાણચોરી કરે છે અને એના પુરાવારૂપે ફોટા આપ્યા હતા. આ ગૃહના રેકર્ડ પર છે. નીચે જઇને જોઇ આવો.

પોઇન્ટ ઓફ ઓર્ડર

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. ગૃહમાં જે સભ્યની હાજરી ન હોય એના નામનો ઉલ્લેખ ન થઇ શકે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અમિતભાઇ જે વિષય ઉપર બોલી રહ્યા છે એ ગૃહના રેકર્ડ ઉપર છે. એ વાતનો ઉલ્લેખ કરી રહ્યા છે. એ માત્ર નામ નથી બોલી રહ્યા. કોઇ સભ્ય ભૂતકાળમાં ગૃહમાં બોલ્યા હોય અને જે રેકર્ડ ઉપર હોય એની વાત કરી રહ્યા છે એટલા માટે આ શબ્દો રેકર્ડ ઉપરથી કાઢવાની મારી દ્રષ્ટિએ કોઇ જરૂર નથી. (વિરોધપક્ષના સભ્યશ્રી કિરીટકુમાર પટેલ જગ્યા પર ઊભા થઇને બોલે છે.)

ઉપાધ્યક્ષશ્રી : શ્રી કિરીટકુમાર, તમે મારી સામે જોઇને બોલો. સામે વાત કરવાનો કોઇ મતલબ નથી. હવે વાત પૂરી થઇ ગઇ. શ્રી અમૃતભાઇ, આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી.

શ્રી અમિત શાહ : માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત એ છે કે એ આર.કે. વશીષ્ઠ અધિકારીને સસ્પેન્ડ કરવાના બદલે એસ.આર.પી. કમાન્ડર તરીકે મૂક્યા અને એમણે તોફાનોમાં ખાડિયામાં આતંક મચાવી દીધો. એ જમાનામાં છાપાં ભરેલાં આવતાં હતાં. આ વિધાનસભાના ગૌરવપૂર્ણ ગૃહમાં હું બધાંને યાદ કરાવવા માગું છું કે કોંગ્રેસની નબળી ઇચ્છાશક્તિનું પ્રતિબિંબ એ જમાનામાં તેમના સ્વાર્થમાં દેખાતું હતું. રૂલ ઓફ લૉ એ સૂત્ર બની ગયું હતું. આજે પરિસ્થિતિમાં ઘણું પરિવર્તન જોવા મળે છે. ડિજિટલ એફ.આઇ.આર., ફાસ્ટ્રેક કોર્ટ, ઝડપી ન્યાય માનનીય નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં, માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ અને માનનીય હર્ષભાઇ સંઘવીના માર્ગદર્શન હેઠળ કાનૂન વ્યવસ્થામાં ઐતિહાસિક સુધારા થયા છે. આ પ્રસંગે મને લોખંડી પુરૂષ સરદારભાઇ પટેલનું એક વાક્ય યાદ આવે છે. ''કાનૂન અને વ્યવસ્થા કોઇ પણ રાજ્યની રીડની હડ્ડી છે.'' કોંગ્રેસના સમયમાં આ હડ્ડી નબળી પડી હતી. અમે તેને મજબૂત બનાવી છે. ખૂબ–ખૂબ આભાર. વંદે માતરમ.

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

શ્રી અમૃતજી મો. ઠાકોર(કાંકરેજ) : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૬–૨૭ના બજેટ પર બનાસકાંઠા જિલ્લાના તત્કાલીન આંકડાઓ અને પ્રશ્ન રજૂ કરવા માટે ઊભો થયો છું.

ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠા જિલ્લો સૌથી મોટો જિલ્લો છે. આ જિલ્લો ૧૨,૭૦૩ ચો.કિ.મી. વિસ્તારમાં પથરાયેલો છે. આ જિલ્લામાં આશરે ૩૧ લાખથી વધુ વસતી છે. ગ્રામ્ય વિસ્તાર લગભગ ૮૫ ટકા છે. ખેતી પર આધારિત ૬૫ થી ૭૦ ટકા પરિવાર વસવાટ કરે છે. આ હકીકતો દર્શાવે છે કે જિલ્લાનો વિકાસ મુખ્યત્વે કૃષિ, પશુપાલન અને પાણી પર નિર્ભર છે. બનાસકાંઠા જિલ્લામાં સરેરાશ વરસાદ ૪૦૦ થી ૬૦૦ મિ.મી. પડે છે અને અનિયમિત વરસાદના કારણે ભૂગર્ભ જળ ઘણા વિસ્તારોમાં ૩૦૦ થી ૮૦૦ ફૂટ સુધી ઊંડા જતા રહ્યા છે. રાજ્ય સરકાર સરદાર સરોવર નર્મદા નિગમ મારફતે નર્મદા કેનાલ નેટવર્કનો દાવો કરે છે છે પરંતુ જિલ્લાના કુલ ખેતીલાયક વિસ્તારોમાંથી અંદાજે ૩૫થી ૪૦ ટકા વિસ્તાર જ કેનાલ સિંચાઈ હેઠળ આવે છે. બાકીના ૬૦ ટકા ખેડૂતો બોરવેલ આધારિત સિંચાઈ કરે છે. જેનો દર વર્ષે એ ખેડૂતોને પંપ ખર્ચ અને વીજળી ખર્ચ રૂ.૨૫ હજાર થી ૬૦ હજાર સુધી થઈ જાય છે. કાંકરેજ તાલુકામાં બાકી રહેતી માઈનોર કેનાલો માટે ખાસ રૂ.૫૦૦ કરોડનું જિલ્લાવાર પૅકેજ જાહેર કરવામાં આવે. બનાસકાંઠા જિલ્લામાં દર વર્ષે ઓછામાં ઓછા એક હજાર ચેકડૅમ બનાવવાનું આયોજન કરવામાં આવે.

બનાસકાંઠા એ ભારતના દૂધ અગ્રણી ઉત્પાદનમાં સૌથી મોટો જિલ્લો છે. બનાસડેરી અંદાજે ૭૦ લાખ લીટરથી વધુ દૂધનું સંચાલન કરે છે. જિલ્લામાં ગાય અને ભેંસની સંખ્યા અંદાજે ૩૫ લાખથી વધુ છે. આશરે ૩ લાખથી વધુ પરિવારો સીધા પશુપાલન સાથે જોડાયેલા છે. ચારા ખર્ચમાં ત્રણ વર્ષમાં અંદાજે ૩૦ થી ૪૦ ટકાનો વધારો થયો છે. પ્રાથમિક વેટરનરી સેન્ટરમાં ડૉક્ટરની જગ્યાઓ ૨૫થી ૩૦ ટકા સુધી જ છે. નાના માલધારીઓને સીધી સબસિડીનો સ્પષ્ટ ડેટા ઉપલબ્ધ થતો નથી. બનાસકાંઠા માટે પશુ આરોગ્ય સ્પેશિયલ ઝોન જાહેર કરવામાં આવે અને બનાસકાંઠામાં પશુપાલન વિભાગ માટે જિલ્લાવાર રૂ.૩૦૦ કરોડની ફાળવણી કરવામાં આવે. બનાસકાંઠામાં મુખ્ય જીરું, ઈસબગુલ, બટાકા, ઘંઉ જેવા પાકોની અંદાજે ૮ થી ૯ લાખ હેક્ટરમાં ખેતી થાય છે. કેન્દ્રની પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના હેઠળ ખેડૂતો નોંધાયેલ છે પરંતુ પાક વીમામાં અંદાજે ૬ થી ૮ મહિનાનો વિલંબ થાય છે. ખેડૂતો દ્વારા સરવે પ્રક્રિયાની વારંવાર ફરિયાદ થાય છે. એમ.એસ.પી. ખરીદ કેન્દ્રોની સંખ્યા ગ્રામ્ય વિસ્તારોમાં પૂરતી નથી ત્યારે બનાસકાંઠા માટે એક અલગ કૃષિ વીમા સેલ બનાવવામાં આવે અને એમ.એસ.પી. ખરીદી માટે તાલુકાવાર વધારાના ૨૫ નવા કેન્દ્રો ખોલવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, રોડ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરની વાત કરું તો, જિલ્લાના ગામોની સંખ્યા ૧૨ હજાર કરતાં પણ વધુ છે. સરહદી અને અંતરિયાળ ગામોમાં લગભગ ૧૫ થી ૨૦ ટકા માર્ગો મરામતલાયક છે. પી.એમ.જે.એસ.વાય. હેઠળ રસ્તા બન્યા છે પરંતુ જાળવણી માટે પૂરતું બજેટ ફાળવેલ નથી. બનાસકાંઠામાં ઔદ્યોગિક એકમોની સંખ્યા બિલકુલ નથી ત્યારે બનાસકાંઠાના યુવાનોને રોજગારી માટે પાલનપુર અથવા અમદાવાદ તરફ સ્થળાંતર કરવું પડે છે. કાંકરેજ ખાતે ફૂડ પ્રોસેસિંગ પાર્ક માટે રૂ.૪૦૦ કરોડની ફાળવણી કરવામાં આવે. કૃષિ આધારિત એમ.એસ.એમ.ઈ. કલ્ચર માટે વિશેષ સબસિડી આપવામાં આવે. જિલ્લામાં સરકારી આરોગ્ય કેન્દ્ર હોવા છતાં સ્પેશિયાલિસ્ટ ડૉક્ટરોની જગ્યા ખાલી છે. ૨૫ થી ૩૦ ટકા જ છે. કાંકરેજ વિસ્તારમાં ૧૦૦ બેડની હૉસ્પિટલ અપગ્રેડ કરવાની અત્યંત જરૂર છે. આરોગ્ય માટે જિલ્લાવાર રૂ.૨૫૦ કરોડની ફાળવણી કરવામાં આવે.

શ્રી ભગવાનજીભાઈ લા. કરગટિયા(માંગરોળ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારના માનનીય નાણામંત્રીશ્રી કનુભાઈ દેસાઈ આગામી વર્ષ ૨૦૨૬–૨૭નું જે બજેટ લઈને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું અને આ અંગે હું ગૃહ સમક્ષ મારા વિચારો વ્યક્ત કરું છું.

આ બજેટ ગુજરાતના ઈતિહાસમાં સૌથી મોટું અને સર્વાંગી વિકાસલક્ષી બજેટ છે. અંદાજિત રૂ.૪ લાખ કરોડથી વધારે જોગવાઈ કરવામાં આવેલ છે. જેનાથી ગુજરાતના વિકાસને આગામી દિવસોમાં નવી દિશા મળવાની છે. ગુજરાત રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ગુજરાતમાં હતા ત્યારે જ્યોર્તિગ્રામ યોજના લઈને આવ્યા હતા ત્યારે ગુજરાતના ગામડામાં ૨૪ કલાક વીજળી મળશે એવો કોઈને સપને પણ વિચાર નહોતો. પણ આ સપનું શ્રી નરેન્દ્રભાઈ મુખ્યમંત્રી હતા ત્યારે સાકાર કર્યું છે. જેના કારણે રાજ્યના નાગરિકોને ૨૪ કલાક વીજળી મળવા લાગી છે. ગુજરાતના વિકાસની યશકલગીમાં વધુ એક પીછું ઉમેરાતાં રાજ્ય સરકાર દ્વારા દરિયાકિનારાના વિકાસ માટે સાગરખેડુ યોજના લાગુ કરવામાં આવી. જેના કારણે દરિયાકિનારા પર વસવાટ કરતા લોકોનું જીવનધોરણ ખૂબ ઊંચું આવવા લાગ્યું. આ યોજના અંતર્ગત દરિયાકિનારા નવાં સબસ્ટેશનો, નવી લાઈનો ઊભી કરીને પૂરતો વીજ પુરવઠો મળી રહે તેવું આયોજન કરવામાં આવ્યું છે. મારો મતવિસ્તાર દરિયાકિનારા અને જંગલ વિસ્તારમાં આવેલો છે. આ વિસ્તારમાં જ્યારે ભારે વરસાદ અને વાવાઝોડું આવે ત્યારે તમામ પ્રકારના વીજપોલ અને વીજવાયર તૂટી જતા હતા. જેના કારણે દિવસો સુધી લોકોને વીજળી મળતી ન હતી ત્યારે આ કર્મચારીઓએ રાત–દિવસ મહેનત કરીને તાત્કાલિક વીજળી મળે એવું આયોજન કરેલ છે. બીપરજોય વાવાઝોડામાં પણ માનનીય કનુભાઈને ખબર છે કે સેંકડો ફોન અમારા વિસ્તારમાંથી આવતા કે, 'અમારા વિસ્તારમાં લાઈટ નથી.' આવા રેકોર્ડબ્રેક ફોન પણ આવેલા અને એના જવાબો આપ્યા. કર્મચારી અને અધિકારીઓએ રાત–દિવસ એક કરી તાત્કાલિક વીજળી પૂરી પાડી એ માટે કર્મચારીઓને અને માનનીય કનુભાઈ દેસાઈને પણ અભિનંદન આપું છું. મારો મતવિસ્તાર ખૂબ મોટો વિસ્તાર છે. અનેક સબ–

ડિવિઝનોની વર્ષોથી માગણી હતી જે સંતોષાતી નહોતી. શ્રી કનુભાઇને રજૂઆત કરતાં સબ–ડિવિઝન મંજૂર કરવામાં આવેલ છે. જેના કારણે વીજળીના અનેક પ્રશ્નો સોલ્વ થઇ ગયા છે. વર્ષો પહેલાં ગામડામાં જતા ત્યારે લોકો કહેતા કે, 'વાળું ટાળે અને સવારે વીજળી આપજો, દિવસે ન આપો તો કંઇ નહીં.' કૉંગ્રેસના શાસનમાં ક્યાંય વીજળી આવતી જ નહીં. લોકોને વીજળીનો મોટો પ્રશ્ન હતો. લોકો અંધારામાં રહેતા અને જીવજંતુઓની તકલીફ રહેતી. ખાસ કરીને ખેતીવાડીમાં ખૂબ જ મુશ્કેલી પડતી. હવે આ યોજનાથી ગુજરાતના ગામડાઓમાં ૨૪ કલાક વીજળી મળે છે. સાથે–સાથે સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના તળે સાગરકિનારે રહેતા લોકોનું જીવનધોરણ ઊંચું લાવવા માટે આ યોજના વર્ષ ૨૦૦૭–૦૮માં શરૂ કરવામાં આવી હતી. વર્ષ ૨૦૨૫–૨૬માં રૂ.૪૦૦ કરોડના ખર્ચે ક્ષતિગ્રસ્ત વીજવાયરો બદલીને ૮૨૧ કિલોમીટર વીજ વિતરણ લાઇન અને ૮૩૦૦ કૂવાઓનું વીજળીકરણ કરીને વીજળીના પ્રશ્નો ઉકેલ્યા છે. કારણ કે, વીજળી એ લોકોની જીવન જરૂરિયાતની ચીજવસ્તુ છે. વીજળી વગર કોઇ યંત્ર ચાલતું નથી કે વીજળી વગર લોકો રહી શકતા નથી. આ વીજળી આપણા જીવન સાથે વણાયેલી છે.

વીજ વિતરણ વિભાગની વાત કરું તો, ઝૂંપડામાં વીજળીકરણ યોજના માટે રાજ્ય સરકાર ગરીબોને સિંગલ ફેઝ વાયરિંગ સાથે ઘરવપરાશના વીજ જોડાણ વિનામૂલ્યે આપવા દરવર્ષે જી.યુ.વી.એન.એલ.ને ગ્રાન્ટ સ્વરૂપે નાણાકીય સહાય આપવામાં આવે છે. આ યોજના વર્ષ ૧૯૯૭–૯૮માં લાગુ કરવામાં આવી હતી અને ડિસેમ્બર–૨૦૨૫ના અંતે રૂ.૧૦ કરોડના ખર્ચે ૧૫૧૯૪ ઝૂંપડાઓના વીજળીકરણ કરવામાં આવેલ છે. કિસાન સૂર્યોદય યોજનાની વાત કરું તો, ખેડૂતોને વર્ષોથી આ પ્રશ્ન હતો. કારણ કે અમુક ખેડૂતાના ખેતર જંગલ કે વાડી વિસ્તારમાં આવેલા હોય, જીવજંતુઓ અને જંગલી હિંસક પ્રાણીઓનો ખૂબ જ ત્રાસ રહેતો કારણ કે ત્રણ પાળીમાં વીજળી આવે. રાત્રે પણ વીજળી મળતી હતી એટલે ખેડૂતોને ખેતરે જવામાં ખૂબ જ મુશ્કેલી પડતી હતી. ત્યારે ખેડૂતોની માગ હતી કે અમને દિવસે વીજળી આપો. ગુજરાત સરકાર દ્વારા ખેડૂતોની વીજળીની માગણીને સંતોષવા માટે તેમજ દિવસે વીજળી પૂરી પાડવા માટે એક નવીન અભિગમ અપનાવી વર્ષ ૨૦૨૧થી કિસાન સૂર્યોદય યોજના અમલમાં મૂકવામાં આવેલી છે. આ યોજના હેઠળ ખેતીવાડી ફિડર ઉપર દિવસ દરમિયાન સવારે ૫.૦૦ થી રાત્રિના ૯–૦૦ વાગ્યા દરમિયાન વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં સૌર ઉત્પાદનના વધી રહેલા વ્યાપના કારણે એક શિફ્ટમાં સવારે ૭.૦૦ થી સાંજે ૫.૦૦ વાગ્યા સુધી ખેતીવાડી ફિડર ઉપર દિવસે વીજળી પૂરી પાડવાનું સરકારનું આયોજન છે. રાજ્યમાં દિવસ દરમિયાન ખેતીવાડી માટે વીજ પુરવઠો પૂરો પાડવા પ્રવહન માળખાની સુદ્દઢીકરણની આવશ્યકતા છે. વર્ષ ૨૦૨૫–૨૬માં રૂ.૨૧૭૫.૦૦ કરોડના ખર્ચે જેટકો દ્વારા એક સબ સ્ટેશન અને ૧૪૦૦ સર્કિટ કિ.મી. નવીન વીજ રેસાનું નિર્માણ કરવામાં આવેલું છે. વીજ વિતરણ કંપનીઓ દ્વારા ડિસેમ્બર–૨૦૨૫ના અંતે રૂ. ૧૦૭૬.૮૮ કરોડના ખર્ચે ૨ સબસ્ટેશનો, ૭૩૨.૧૩ સર્કિટ કિ.મી. જેટલી નવીન વીજ રેસાનું સ્થાપન તથા ૫૩૫ કિ.મી. કેબલ નિર્માણનું કાર્ય કરવામાં આવેલું છે. હું માનનીય મંત્રીશ્રીનો આભાર માનીશ કે મારા વિસ્તારમાં જયોર્તિગ્રામ યોજના અંતર્ગત તમામ ફિડરોમાં એમ.વી.સી.સી. કેબલનું કામ પૂરું થઇ ગયું છે. જે વાડી વિસ્તાર હતો એમાં પણ એક, બે ફિડરને બાદ કરતાં વાડી વિસ્તારમાં તમામ ફિડરોમાં એમ.વી.સી.સી. કેબલ નાંખી દીધાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં હાલમાં પી.એમ. સૂર્યઘર મફત વીજળી યોજના હેઠળ ૫.૪૪ લાખથી વધુ રૂફટોપ સોલાર સિસ્ટમ સ્થાપિત કરવામાં આવી રહી છે. જેના કારણે ૨૦૪૨ મેગાવોટ સોલાર ક્ષમતામાં વધારો થયો છે. આ આંકડો રાજ્યના નિર્ધારિત લક્ષ્યાંક કરતાં ૫૦ ટકાથી પણ વધુ છે તેથી એક મહત્ત્વપૂર્ણ સિદ્ધિ કહી શકાય. ગુજરાતે માર્ચ–૨૦૨૭ સુધીમાં આ યોજના અંતર્ગત ૧૦ લાખ રહેણાંક રૂફટોપ સોલાર સિસ્ટમ સ્થાપવાનો લક્ષ્યાંક નક્કી કરેલ છે. રાજ્ય સરકારે પી.એમ. સૂર્યઘર મફત વીજળી યોજનાને વેગવંતી બનાવવા માટે રૂફટોપ સોલાર સિસ્ટમના સ્થાપન માટે રહેણાંક હેતુના વીજ ગ્રાહકોને પ્રોત્સાહિત કરવા ૬ કિલો વોટ સુધીની રૂફટોપ સોલાર સિસ્ટમ માટે રેગ્યુલેટરી ચાર્જિસમાં રૂ. ૨૯૫૦ની સહાય, ૬ કિલો વોટ સુધીની રૂફટોપ સોલાર સિસ્ટમ માટે નેટવર્ક સ્ટ્રેન્ધનિંગ ચાર્જ માફ કરવામાં આવેલ છે તેમજ વધુ સુવિધા માટે નેટ મીટરીંગ એગ્રીમેન્ટ કરવાની જરૂરિયાતમાંથી પણ મુક્તિ આપવામાં આવેલી છે જેના પરિણામે ગુજરાતમાં વધુમાં વધુ વીજ ગ્રાહકો પી.એમ. સૂર્યઘર મફત વીજળી યોજનાનો લાભ લઇ રહ્યા છે. આ યોજનામાં વર્ષ ૨૦૨૫–૨૬ની જાન્યુઆરી સુધીમાં ૨ લાખ સોલાર સિસ્ટમ સ્થાપિત કરવામાં આવેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રધાનમંત્રી કુસુમ યોજનામાં જ્યાં ગ્રીડ સપ્લાય ઉપલબ્ધ નથી તેવા ઓફ ગ્રીડ વિસ્તારમાં પિયત માટે હ્યાત ડિઝલથી ચાલતા પંપસેટને બદલવા માટે ખેડૂતોને સ્ટેન્ડ એલોન સોલાર એગ્રીકલ્ચર પંપ સ્થાપિત કરવા માટે સહાય આપવામાં આવે છે. આ યોજનામાં હ્યાત ગ્રીડથી વીજજોડાણ આપવું ટેકનિકલ શક્ય નથી તેમજ કોમર્શિયલ વ્યવહારૂ ના હોય તેવા દૂર–દૂરના જંગલ વિસ્તારમાં, ઓફ ગ્રીડ વિસ્તારમાં ડિઝલથી ચાલતા પંપસેટ બદલવા માટે સરફેસ વોટરથી પિયત સુવિધા ધરાવતા અરજદારનો સમાવેશ કરવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા જો અરજદારને વીજ જોડાણ માટે વન વિસ્તારમાંથી વીજ લાઇન પસાર કરવાની થાય તેવા કિસ્સામાં અરજદાર દ્વારા યોજના હેઠળ ભરપાઇ કરવાના ૪૦ ટકા ફાળાના બદલે માત્ર ફિક્સ્ડ કોસ્ટ, નવીન વીજ જોડાણ લેવા માટે ભરપાઇ કરવાનો ચાર્જ થાય તે ફાળો ભરવાનો રહે છે અને બાકીનો ફાળો રાજ્ય સરકાર દ્વારા સબસિડી તરીકે આપવામાં આવે છે. આદિવાસી વિસ્તારના લાભાર્થીઓને ફિક્સ ચાર્જનો ફાળો પણ સરકાર દ્વારા સબસિડી મારફતે આપવામાં આવે છે. વર્ષો પહેલાં વીજળીના પ્રશ્નો હતા એ વિકટ હતા. ઘરે વીજળીના

મીટર માટે ૨થી ૮ મહિના સુધી રાહ જોવી પડતી હતી. ખેતીવાડીના જોડાણ લેવા હોય તો આપણે કલ્પના ન કરી શકીએ. વર્ષો સુધી રાહ જોઇને બેસી રહેવું પડે. પણ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી ગુજરાતનો વિકાસ થયો છે. ગુજરાતે પ્રગતિ કરી છે અને ગુજરાત દેશનું રોલ મોડેલ બન્યું છે. આવા સમયે આપણા નાણામંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે એને હું અનુમોદન આપું છું અને આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીનું સને ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતનું સ્વપ્ન છે એમાં ગુજરાત પણ મોડેલ રાજ્ય તરીકે પ્રસ્થાપિત થશે અને વિકસિત ગુજરાત બને એ પ્રકારનું બજેટ લઇને આવ્યા છે એને અભિનંદન આપું છું અને મારો ટેકો જાહેર કરું છું.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા(બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી વર્ષ ૨૦૨૬-૨૭નું જે ઐતિહાસિક બજેટ લઇને આવ્યા છે તેને હું અભિનંદન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટની અંદર બોટાદ જિલ્લામાં પ્રથમ વખત સાયન્સ કોલેજ મળી. સાયન્સની સાથે આર્ટસ અને કોમર્સ કોલેજ મળી એ બદલ નાણામંત્રીશ્રીનો આભાર માનું છું. અમારી બોટાદની વર્ષો જૂની ટ્રાફિકની સમસ્યા હતી, કોઇ દિવસ સોલ્વ થાય એવી ન હતી. વારંવાર અનેક રજૂઆતો પછી આ વખતના બજેટમાં માનનીય નાણામંત્રીશ્રીએ રૂપિયા ૫ કરોડ સરવે માટે ફાળવી દીધા અને સરવેની કામગીરી પણ શરૂ કરી દીધી એના માટે એમનો આભાર માનું છું.

સિવિલ હૉસ્પિટલ બનાવવા માટે ૮૦ હજાર ચોરસમીટર જમીન ફાળવવા માટે આભાર વ્યક્ત કરું છું. મારા વિસ્તારમાં લાખણકા ૨૨૦ કે.વી. સબ સ્ટેશન બનાવવાની મંજૂરી આપી જેમાં રૂપિયા ૧૪૯ કરોડનો ખર્ચ થવાનો છે. આટલા બધા વિકાસના કાર્યો આપ્યા છે એ બદલ નાણામંત્રીશ્રીનો આભાર માનું છું. પણ સાથોસાથ થોડાં સૂચનો પણ મારે કરવા છે. મેં ઘણાં બધાં રાજ્યોનો અભ્યાસ કર્યો છે. લોન્જમાં નાસ્તો કરવા બેઠો હતો ત્યારે એક મહિલા ધારાસભ્ય પૂર્વે મંત્રી હતા એમની સાથે વાર્તાલાપ થયો કે ગુજરાત સિવાય ઘણા રાજ્યો એવા છે કે જ્યાં ધારાસભ્યોના પગાર-ભથ્થાં વધારે છે. ઘણાં રાજ્યો એવાં છે કે જ્યાં ધારાસભ્યોને પેન્શન આપવામાં આવે છે. માનનીય નાણામંત્રીશ્રીને વિનંતી કરું છું કે અન્ય રાજ્યોનો અભ્યાસ કરવામાં આવે અને સાથોસાથ ગુજરાત રાજ્યમાં પણ જો ધારાસભ્યશ્રીઓના પેન્શનની ચિંતા કરવામાં આવે તો ખૂબ સારી બાબત છે. અન્ય રાજ્યોની જેમ લોકસભા અને રાજ્યસભામાં પેન્શન આપવામાં આવે છે એવી રીતે ગુજરાતના તમામ ધારાસભ્યોને પેન્શન આપવામાં આવે એવી સૌ માજી ધારાસભ્યોની લાગણી ગૃહ મારફતે પહોંચાડું છું. સને ૨૦૧૪ પહેલા દરેક ધારાસભ્યને ગાંધીનગરમાં વસવાટ કરવા માટે ૩૦૦ વાર કરતાં વધારેના પ્લોટ આપવામાં આવતા હતા. આ યોજના હાલ બંધ છે તો ફરી વખત એ યોજના ચાલુ કરવામાં આવે એવી પણ હું માનનીય નાણામંત્રીશ્રીને વિનંતી કરું છું. સાથોસાથ શિક્ષણમાં સૌથી મોટું બજેટ ફાળવ્યું છે એ બદલ લાખ લાખ અભિનંદન આપું છું. ઐતિહાસિક ૬૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યાં છે તો આટલું મોટું શિક્ષણમાં બજેટ ફાળવી દીધું હોય અને સાથેસાથે શિક્ષકોની કાયમી ભરતી કરવા જઇ રહ્યા છીએ. શારીરિક શિક્ષણની ભરતી પણ ધ્યાનમાં લેવાય છે. માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે શારીરિક શિક્ષણની સાથેસાથે ચિત્ર અને વ્યાયામ ખૂબ જ મહત્ત્વનો વિષય છે એની પણ કાયમી ભરતી કરવામાં આવે એવી પણ લાગણી શિક્ષકો દ્વારા વ્યક્ત કરું છું.

સૌથી મહત્ત્વનો વિષય હું કોળી-ઠાકોર સમાજમાંથી આવું છું એનું એક નિગમ આવેલું છે. એના બાળકોને લોન આપીએ છીએ ત્યારે એમાં નિયમ છે કે તમારે ૭/૧૨માં બોજો પડે તો એને લોન આપીશું. અમારો સમાજ એટલો બધો ગરીબ હોય છે કે એની પાસે પોતાની જમીન હોતી નથી. એટલે ૭/૧૨ના ઉતારાની કોઇ શક્યતા જ નથી. ઉચ્ચ અભ્યાસ કરવા માટે વિદ્યાર્થીઓને આ લોન માટે જરૂરિયાત પડતી હોય છે તો ૭/૧૨ વગર લોન મળી રહે અથવા તો નિયમો હળવા કરવામાં આવે જેથી એને ઉચ્ચ અભ્યાસ કરવા માટે ઠાકોર-કોળી વિકાસ નિગમમાંથી સરળતાથી લોન મળી રહે એવું કંઇક કરવામાં આવે. એના માટે બજેટની જોગવાઇ વધારવામાં આવે જેથી કરીને નાના-મોટા ધંધાર્થીઓને લાભ મળે. સાથોસાથ આ નિગમને મંત્રાલયમાં ફેરવીને અલગથી તેનું બજેટ ફાળવવામાં આવે તેવી પણ આપના મારફતે એક લાગણી નાણામંત્રીશ્રીને રજૂ કરવા માગું છું. સાથોસાથ મારા વિસ્તારમાં માનનીય નાણામંત્રીશ્રીએ આ વર્ષે હડદડમાં એક માધ્યમિક નવી શાળા આપી દીધી છે. આ બધા વિકાસના કાર્યો માટે માનનીય નાણામંત્રીશ્રીનો આભાર માનું છું. આભાર.

શ્રી હર્ષદકુમાર ર. પટેલ(સાબરમતી) : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૬-૨૭ ના બજેટમાં માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સમગ્ર ગુજરાતના વિદ્યાવાંચ્છું વિદ્યાર્થી દીકરા-દીકરીઓ માટે કુલ રૂ.૧,૩૮૪ કરોડની જોગવાઇ કરી છે એ બદલ હું હૃદયપૂર્વક નાણામંત્રીશ્રી અને માનનીય નાણામંત્રીશ્રીનો આભાર માનું છું.

કોઇપણ રાજ્યના વિકાસ માટે પાયાના ત્રણ પરિબળો છે: એક ઇલેક્ટ્રિસિટી, બીજું ઇરિગેશન અને ત્રીજું એજ્યુકેશન. મને કહેતા આનંદ અને ગૌરવની લાગણી થાય છે કે કુલ બજેટના ૧૫ ટકા જેટલી રકમ માત્ર શિક્ષણ વિભાગ માટે આયોજન કરેલ છે. જે આ સરકારના વિકાસ માટે કટિબદ્ધતાના દર્શન કરાવે છે. કોઇપણ રાજ્યનું ભાવિ એ રાજ્યના બાળકો છે. શિક્ષણના માધ્યમથી આ ભાવિને ઊજ્જવળ અને સમૃદ્ધ બનાવે છે. શિક્ષણ એ સૌથી સૂચવાયેલ હથિયાર છે જેના ઉપયોગ દ્વારા દુનિયામાં બદલાવ કરી શકાય. આના ઉપયોગ માટે સન્માનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ પણ ઘણાં વર્ષો પછી નેશનલ એજ્યુકેશન પૉલિસી લાવ્યા. શિક્ષણ એક એવી બાબત છે કે જે માણસને સંપૂર્ણ માણસ બનાવે છે, સંસ્કારી બનાવે છે તથા દેશ અને દુનિયાને નવી દિશા બતાવે છે. આપણા રાજ્યના મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રી સાહેબશ્રીએ પણ શિક્ષણ ઉપર

ખૂબ ભાર મૂક્યો છે. રાજ્ય સરકાર રાજ્યનાં તમામ બાળકોને ગુણવત્તાસભર અને સર્વગ્રાહી પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ પ્રાપ્ત થાય તે હેતુથી સંપૂર્ણ કટિબદ્ધ છે. શિક્ષણના સાર્વત્રીકરણના ધ્યેયને સિદ્ધ કરવા પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે સતત અવનવી યોજનાઓ અને સુધારાઓ અમલમાં મૂકવા માટે વિશેષ બજેટમાં પ્રાવધાન કરવામાં આવ્યું છે. કેળવણીકારો દ્વારા શિક્ષણની કેટલીક વ્યાખ્યાઓ કરવામાં આવી છે. એમાં એક વ્યાખ્યા કેળવે તે કેળવણી. બીજું, સા વિદ્યા યા વિમુક્તયે, શિક્ષણ એટલે વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ. અર્થાત્ શારીરિક, માનસિક અને આધ્યાત્મિક ઉન્નતિ.તો આ ત્રણેય ક્ષેત્રના વિકાસ માટે શિક્ષણ વિભાગ એ સતત ચિંતિત છે અને અવનવા પ્રયોગો દ્વારા ગુજરાતના દરેક વિદ્યાર્થીઓનું શિક્ષણનું સ્તર ઊંચું આવે એ માટે હરહંમેશ પ્રયત્નશીલ છે. માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના વિઝનને સાકાર કરતી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના અસરકારક અમલીકરણ તથા અમૃતકાળમાં ભારતના જ્ઞાન આધારીત સમાજ અને વિશ્વગુરૂ બનવાના તથા ફાઇવ ટ્રીલીયન ડોલર ઇકોનોમીના ધ્યેયને સાકાર કરવા માટે ગુજરાત સરકાર સંપૂર્ણ કટિબદ્ધ છે. હું ગૃહના સભ્યશ્રીઓને જણાવવા માગું છું કે શિક્ષણ વિભાગની શ્રેષ્ઠ કામગીરીને કારણે છેલ્લાં ૫ વર્ષમાં ૩ લાખ ૪૩ હજાર જેટલા વિદ્યાર્થીઓ કે જે ખાનગી શાળામાં ભણતા હતા એમણે સરકારી શાળામાં પ્રવેશ લીધો છે. વિદ્યાર્થીઓની સલામતીને સર્વોચ્ચ પ્રાધાન્ય આપી સન ૨૦૦૨-૦૩ થી વિદ્યાદીપ સહાય યોજના અમલમાં મૂકી અને મને કહેતા આનંદ થાય છે કે સન ૨૦૨૫-૨૬ની અંદર આ અકસ્માત વીમાની સહાય એ રૂપિયા બે લાખ જેટલી કરવામાં આવી છે. અત્યાર સુધીમાં કુલ ૬૬૫૦ વિદ્યાર્થીઓને એનો લાભ મળ્યો છે અને સરકાર દ્વારા ૨૯ કરોડ રૂપિયા જેટલી રકમ આ વિદ્યાદીપ સહાયની યોજનાની અંદર મૂકવામાં આવી છે. શિક્ષણ એ માનસિક રીતે મળતું હોય છે પણ એ ફીઝિકલી પણ ફીટ હોવો જોઇએ એટલા માટે વિદ્યાર્થીના શારીરિક સ્વાસ્થ્ય માટે મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના માટે સરકાર દ્વારા રૂ. ૫૯૮ કરોડની આ બજેટની અંદર જોગવાઇ કરી છે. તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વૈશ્વિક નેતા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા શરૂ કરાયેલ શાળા પ્રવેશોત્સવનાં સારાં ફળ આપણે આજે ચાખી રહ્યા છીએ. વર્તમાન નામાંકન દર લગભગ સો ટકા સુધી પહોંચવા આવ્યો છે. મારે આ ગૃહને જાણ કરવી છે કે આજથી લગભગ અઢી દાયકા પહેલાં અર્થાત સન ૨૦૦૧-૦૨ની અંદર ડ્રોપ આઉટ રેશિયો એ ૩૭.૨૨ ટકા હતો જ્યારે સન ૨૦૨૪-૨૫માં વિભાગના પ્રયત્નોથી ૨.૩૫ ટકા જેટલો થયો છે. શાળા પ્રવેશ ઉત્સવ જે શરૂ કર્યો એની અંદર આ વખતે સન ૨૦૨૫-૨૬માં ધો.૧માં કુલ ૫,૧૫,૬૪૮ વિદ્યાર્થી અને બાલવાટિકાની અંદર ૫,૭૮,૫૭૮ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો છે જે ગુજરાત સરકાર માટે નોંધપાત્ર આંકડો છે. શિક્ષણ મેળવવા માટે પાઠ્યપુસ્તક પણ એક જરૂરી સાધન છે. સન ૨૦૨૫-૨૬ દરમિયાન સરકારી અને ગ્રાંટેડ પ્રાથમિક શાળાઓમાં ધો.૧ થી ૮ સુધી અભ્યાસ કરતા પર લાખ વિદ્યાર્થીઓ માટે મફત પાઠ્યપુસ્તક ઉપલબ્ધ કરવા માટે રુ. ૧૧૯ કરોડની વિભાગ દ્વારા સહાય કરવામાં આવી છે. મુખ્યમંત્રી સ્વાવલંબન યોજના માટે ૧૮ લાખ વિદ્યાર્થીઓને રૂ. ૧૧૨ કરોડની જોગવાઇ કરી મફત પાઠ્યપુસ્તક આપવાનું આયોજન કરેલ છે. આર.ટી.ઇ. અધિનિયમ અંતર્ગત બિનઅનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ધો. ૧માં ૨૫ ટકા બેઠકો નબળા વર્ગો અને વંચિત જૂથોના બાળકો માટે વિનામૂલ્યે પ્રવેશ ઉપલબ્ધ કરાવવા માટેની છે. મને કહેતાં ગૌરવ થાય છે કે સન ૨૦૨૫-૨૬ની અંદર કુલ ૯૫૪૯૪ આવા ગરીબ અને મધ્યમવર્ગ અને વંચિતના વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો છે. આ જે વિદ્યાર્થીઓ છે એને ફી પેટે જે સહાય કરવામાં આવે છે એમાં ૧૩૬૭૫ અને વિશેષ શૈક્ષણિક સામગ્રી પેટે ત્રણ હજાર સહાય કરવામાં આવે છે અને હું કહેતાં ગૌરવ અનુભવું છું કે આ ગુજરાત રાજ્ય એવું પહેલું રાજ્ય છે કે જેણે શૈક્ષણિક સહાયની ત્રણ હજાર રૂ.ની સહાયની શરૂઆત કરી જેમાં દેશભરમાં ગુજરાત એ પ્રથમ રાજ્ય છે. સન ૨૦૧૩-૧૪માં શરૂ થયેલી આ યોજનામાં કુલ અત્યાર સુધી ૭,૭૪,૫૬૯ એવા ગરીબ વંચિત દીકરા-દીકરીઓએ આ સહાય યોજના અંતર્ગત પોતે પ્રવેશ લઇ પોતાની શૈક્ષણિક કારકીર્દિ બનાવી છે અને ચાલુ વર્ષે માનનીય નાણામંત્રી ૮૨૭ કરોડ રૂપિયા જેટલી રકમ આપી આ યોજના દરેક જણા સુધી પહોંચે એ માટે આટલી મોટી રકમ લઇ આવ્યા છે. પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે શિક્ષક એ પણ એક આવશ્યક વ્યવસ્થા છે તો શિક્ષકોની અછત દૂર કરવા માટે સન ૨૦૨૫-૨૬માં વ્યાપક ભરતી પ્રક્રિયા અમલમાં મૂકી ૧૦,૧૪૧ વિદ્યાસહાયકોની નિમણૂક કરવામાં આવી. જેમાં ધો. ૧થી ૫ માટે ૪૩૪૩ અને ધો. ૬થી ૮ માટે ૫૭૯૮ જેટલા શિક્ષકોની ભરતી કરવામાં આવી. વિશેષ મારે કહેવું છે કે સીમાવર્તી વિસ્તાર અને કચ્છ માટે ૨૦૦૦ કરતાં વધુ શિક્ષકોની નિમણૂક કરી ત્યાં પણ શિક્ષકોની ઘટ પૂર્ણ કરવા માટેનો સરકારે પ્રયત્ન કર્યો છે. ધોરણ-૧થી ૫ માં સળંગ અભ્યાસ કરી ધોરણ-૫નો અભ્યાસ પૂર્ણ કર્યો હોય અને હાલ ધોરણ-૬, ૭ અને ૮ માં હોય એવા તેજસ્વી વિદ્યાર્થીઓનું મુખ્યમંત્રી જ્ઞાન સેતુ મેરિટ સ્કૉલરશિપ દ્વારા એને સન્માનિત કરવામાં આવે છે અને આ ગૃહને હું જણાવું કે, છેલ્લાં ૩ નાણાકીય વર્ષમાં કુલ ૯૦ હજાર વિદ્યાર્થીઓને કુલ રૂ.૬૮.૯૦ કરોડની સ્કોલરશિપની રકમ ચૂકવવામાં આવી છે. આ ઉપરાંત ધોરણ-૧થી ૮ માં સરકારી અથવા અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં સળંગ અભ્યાસ કરી ધોરણ-૮ નો અભ્યાસ પૂર્ણ કરેલ હોય તેમજ બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, ૨૦૦૯ અંતર્ગત ધોરણ-૮ સુધીનો સળંગ અભ્યાસ પૂર્ણ કર્યો હોય એવા વર્ષ ૨૦૨૫-૨૬માં ધોરણ-૯, ૧૦ અને ૧૧ માં અભ્યાસ કરતાં હોય એવા ૭૫ હજાર તેજસ્વી વિદ્યાર્થીઓને મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરિટ સ્કૉલરશિપ અંતર્ગત રૂ.૯૭ કરોડ જેટલી રકમ સ્કૉલરશિપ તરીકે ચૂકવાઇ અને ચાલુ વર્ષે આ જે અંદાજ છે એ કુલ ૧ લાખ વિદ્યાર્થીઓ અને ૧૦૦ કરોડ જેટલી રકમ ફાળવવાની વ્યવસ્થા કરી છે. મને કહેતાં આનંદ થાય કે ૨૧ મી સદી એ વિજ્ઞાન અને ટૅકનૉલૉજીની સદી છે. જીવનના દરેક ક્ષેત્રની અંદર આઇ.આઇ.ટી અને સંલગ્ન તકનીકો મહત્ત્વનો ભાગ ભજવતા હોય છે. વધુમાં ઉચ્ચકક્ષાની નવી રોજગારીની તકો

માટે વિજ્ઞાન પ્રવાહ તેમજ સાયન્સ ટેકનૉલૉજી, એન્જિનિયરિંગ અને મેથ્સનું શિક્ષણ પણ જરૂરી છે. ગુજરાતની અંદર અત્યાર સુધીમાં આર્ટસ અને કોમર્સના વિદ્યાર્થીઓની સંખ્યા સવિશેષ હતી એટલે ૮૨ ટકા જેટલા વિદ્યાર્થીઓ કોમર્સ અને આર્ટસની અંદર ભણતા, જ્યારે માત્ર ૧૮ ટકા જેટલા જ વિદ્યાર્થીઓ વિજ્ઞાન પ્રવાહમાં જતા હતા. તો તેમાં વધારો થાય અને જરૂરી પ્રોત્સાહન આપવામાં આવે એ માટે વર્ષ ૨૦૨૪ પછી વિભાગ દ્વારા નમો સરસ્વતી યોજના અંતર્ગત વિજ્ઞાન સાધના યોજના શરૂ કરવામાં આવી. જેમાં ધોરણ–૧૦ ની પરીક્ષા પાસ કરેલ વધુમાં વધુ વિદ્યાર્થીઓને વિજ્ઞાન પ્રવાહ લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે માટે આ યોજના અંતર્ગત માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં ગરીબ અને મધ્યમ વર્ગના પાત્રતા ધરાવતાં વિદ્યાર્થીઓને ધોરણ–૧૧ માં રૂ.૧૦ હજાર અને ધોરણ–૧૨માં રૂ.૧૫ હજાર એમ કુલ રૂ.૨૫ હજાર સહાય કરવામાં આવે છે. આ યોજનાથી આગામી ૫ વર્ષમાં ધોરણ–૧૧ અને ૧૨ માં વિજ્ઞાન પ્રવાહમાં વિદ્યાર્થીઓની સંખ્યા હાલ ૨ લાખ છે એમાં રૂ.૫૦ હજાર જેટલો વધારો થઈ ૨.૫ લાખ જેટલી સંખ્યા થશે એવો આ વિભાગનો અંદાજ છે. આ સિવાય પણ બીજી આપણી પ્રોત્સાહક સ્કૉલરશિપ યોજનાઓ છે. જેમાં મુખ્યમંત્રી જ્ઞાનસેતુ–મેરિટ સ્કૉલરશિપ આપવા માટે મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરિટ સ્કૉલરશિપ, મુખ્યમંત્રી વિજ્ઞાન મેરિટ સ્કૉલરશિપ, જ્ઞાન શક્તિ સ્કૂલ અને એક્સેલન્સ, જ્ઞાન શક્તિ ટ્રાયબલ મિશનરી સ્કૂલ ઓફ એક્સેલન્સ અને રક્ષા શક્તિ સ્કૂલને પણ વર્ષ ૨૦૨૪–૨૫ની નમો સરસ્વતી યોજના અંતર્ગત આવરી લેવામાં આવી છે. નમો સરસ્વતી વિજ્ઞાન સાધનાની સહાયથી વર્ષ ૨૦૨૫–૨૬ માં કુલ ૧.૫ લાખ વિદ્યાર્થીઓને રૂ.૭૫ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. આ બજેટની અંદર ૨.૫ લાખ વિદ્યાર્થીઓને કુલ રૂ.૨૫૦ કરોડની ચૂકવણી કરી એની જોગવાઇ કરવમાં આવી છે. આપણે નારી સશક્તિકરણ, નારી ઉત્થાનની માત્ર વાતો નથી કરતાં, ચાર દીવાલોની વચ્ચે નારીનું જે જીવન હતું, ત્યાંથી તેને બહાર લાવવાનો પ્રયત્ન સરકાર અને સરકારના શિક્ષણ વિભાગ દ્વારા થયો છે. આ વિભાગ નમો સરસ્વતી યોજના લઇને આવ્યો છે. રાજ્યમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ.૯થી ૧૨ માં કન્યાઓનો ડ્રોપ આઉટ રેટ ઘટે અને કિશોર વયની વિદ્યાર્થીનીઓને શિક્ષણની સાથે પૂરતું પોષણ મળે અને તેઓનું સશક્તિકરણ થાય એ હેતુથી ધોરણ–૯ માં દાખલ થતી દરેક કન્યા ધોરણ–૧૨ સુધી પોતાનો અભ્યાસ પૂરો કરે તે હેતુથી નમો લક્ષ્મી સ્કૉલરશિપ યોજના આપવામાં આવી અને મને કહેતાં આનંદ થાય કે, છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં કુલ ૧૦ લાખ ૮૫ હજાર જેટલી વિદ્યાર્થીનીઓને કુલ રૂ.૧૩૩૮ કરોડની સહાય કરવામાં આવી અને ચાલુ વર્ષે પણ સરકારના વિભાગ દ્વારા રૂ.૧૨૫૦ કરોડની જોગવાઇ કરીને આ કામને આગળ વધારવા માટેનું એક ભગીરથ કામ ઉપાડ્યું છે. કન્યાઓને વિનામૂલ્યે શિક્ષણ પૂરું પાડવાની યોજના અંતર્ગત રાજ્યની નિભાવ અનુદાન અને ફી વિકલ્પવાળી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતી ૭ લાખ ૧૨ હજાર કન્યાઓને વર્ષ ૨૦૨૫–૨૬માં ટ્યૂશન ફીમાંથી મુક્તિ આપવામાં આવી છે. સરકારી શાળામાં ધોરણ–૬ થી ૧૨માં અભ્યાસ કરતી અંદાજે ૯ લાખ ૭૨ હજાર નાના/ગરીબ પરિવારોની દીકરીઓને સેનેટરી નેપકિન પૂરા પાડવા રૂ.૩૨ કરોડ જેટલી સહાયની જોગવાઇ કરવામાં આવી છે. આ વખતે વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૫–૨૬માં ૮૫ સરકારી માધ્યમિક શાળાઓ, ૫ ઉચ્ચતર માધ્યમિક શાળા અને મહાનગરપાલિકા વિસ્તારમાં ૮ નવી અંગ્રેજી માધ્યમિક શાળાઓ મળી કુલ ૯૮ શાળાઓ મંજૂર કરવામાં આવી છે. જે બદલ હું વિભાગનો આભાર માનું છું કે, મારા સાબરમતી વૉર્ડના મધ્યમવર્ગીય વિસ્તારમાં પણ એક શાળા શરૂ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોમ્પ્યુટર એડેડ લર્નિંગ મારફત વિદ્યાર્થીઓના શિક્ષણના સ્તરને સુધારવા અને કોમ્પ્યુટર શિક્ષણ પ્રદાન કરવા માટે રાજ્યમાં સરકારી શાળાઓમાં આઇ.સી.ટી. લર્નિંગ લેબ, કોમ્પ્યુટર લેબનો વિકાસ થઇ રહ્યો છે. ગુજરાત રાજ્યની મિશન સ્કૂલ ઓફ એક્સલન્સ સમાવિષ્ટ કુલ ૨૦,૬૭૭ શાળાઓમાં વિકસાવેલ કુલ ૨૧,૫૦૮ લેબનો લાભ અંદાજે ૩૨ લાખ વિદ્યાર્થીઓ લઇ રહ્યા છે. નાના પરિવારના વિદ્યાર્થીઓ પોતાના અભ્યાસથી વંચિત ન રહે તે માટે પ્રાથમિક શિક્ષણમાં તેનું નિવાસસ્થાન એક કિ.મી.થી દૂર હોય, ઉચ્ચત્તર પ્રાથમિકમાં તેનું નિવાસસ્થાન ત્રણ કિ.મી.થી દૂર હોય અને માધ્યમિકમાં તેનું નિવાસસ્થાન પાંચ કિ.મી.થી દૂર હોય ત્યારે તેની શૈક્ષણિક કારકિર્દી ન રોળાય તે માટે તેને ટ્રાન્સપોર્ટેશનની સુવિધા આપી તેનું શિક્ષણ જીવંત રાખવા માટેનો પ્રયત્ન થાય છે. જેના માટે ૧ લાખ ૭૦ હજાર વિદ્યાર્થીઓને આનો લાભ આપવામાં આવે છે. એસ.ટી.નિગમની બસોમાં મુસાફરી કરતાં આશરે ૧૩ લાખ વિદ્યાર્થીઓને પાસ ફી કન્સેશન યોજના માટે આ વખતના બજેટમાં રૂ.૨૨૩ કરોડની જોગવાઇ કરી છે ત્યારે હું સરકારને હૃદયપૂર્વક અભિનંદન આપું છું અને આભાર માનું છું. વિશેષ, શિક્ષણ વિભાગના તા.૧૧/૧૦/૨૦૨૨ના ઠરાવથી ૧૦ રક્ષાશક્તિ શાળા શરૂ કરવાની મંજૂરી મળેલી હતી. જે પૈકી તમામ ૧૦ રક્ષાશક્તિ શાળા શરૂ થઇ અને વિદ્યાર્થીદીઠ રૂ.૭૫ હજાર લેખે ૧૨૭૧ વિદ્યાર્થીઓને વર્ષ ૨૦૨૫–૨૬માં રૂ.૫.૪૩ કરોડની સહાય કરી છે. હું માનનીય મંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે તેને મારો ટેકો આપું છું.

શ્રી લવિંગજી મુ. સોલંકી(રાધનપુર) : માનનીય અધ્યક્ષશ્રી, આપણા મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી તથા આપણા નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબ વર્ષ ૨૦૨૬–૨૭નું રૂ.૪ લાખ ૮ હજાર કરોડથી પણ વધુનું જે ઐતિહાસિક બજેટ લઇને આવ્યા છે તે બદલ હું આ ગૃહ વતી ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને શુભકામના પાઠવું છું.

વર્ષ ૨૦૨૬–૨૭માં રાજ્ય સરકાર દ્વારા પાણી પુરવઠા વિભાગ માટે કુલ રૂ.૬૯૮૪ કરોડની જોગવાઇ, જળ જીવન મિશન રાજ્યફાળા પેટે રૂ.૧૬૯૯ કરોડ, ગ્રામ્ય પાણી પુરવઠા યોજના માટે રૂ.૩૪૫૮ કરોડ, નર્મદા કેનાલ આધારિત પાણી પુરવઠા યોજના માટે રૂ.૮૦૦ કરોડ ફાળવ્યા છે તે બદલ હું માનનીય નાણામંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીનો આભાર માનું

છું. ડિસેલીનેશન પ્લાન્ટની સ્થાપના માટે રૂ.૫૦૦ કરોડ ફાળવ્યા છે એ બદલ પણ હું ખૂબ જ આભાર માનું છું. નર્મદા, જળસંપત્તિ, પાણીપુરવઠા અને કલ્પસર પ્રભાગ પાણી પુરવઠાની વાત કરું તો મને જણાવતાં આનંદ થાય છે કે, પીવાના પાણીની વ્યવસ્થા એ રાજ્યની પ્રાથમિક જવાબદારીઓમાંની એક છે. ગુજરાત સરકારે પીવાના પાણીની મર્યાદિત ઉપલબ્ધિની સમસ્યાને દૂર કરવા માટે અથાગ પ્રયાસો કર્યા છે. રાજ્ય સરકાર દ્વારા ભૂગર્ભજળ આધારિત વ્યક્તિગત પાણી પુરવઠા યોજના ગામોને સરદાર સરોવર નર્મદા કેનાલ કે અન્ય પાણીના સરફેસ વોટર આધારિત જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ આવરી લેવા માટે વિવિધ માળખાકીય સુવિધાઓનું અમલીકરણ કરેલ છે. જે થકી અત્યાર સુધી રાજ્યના ૧૫ લાખ ૫૦૦થી વધુ ગામો અને ૨૫૦થી વધુ શહેરી વિસ્તારોને પીવાના પાણીની સુવિધા પૂરી પાડવામાં રાજ્ય સરકારને સફળતા મળી છે. તમામ ગ્રામ્ય વિસ્તારમાં નિયમિત અને પૂરતી માત્રામાં પીવાનું પાણી મળી રહે તે માટે બલ્ક પાઇપલાઇન નવી જૂથ યોજના તેમાં સહાયક જૂથ યોજના સુધારણા કામો ફળીયાઓને જૂથ યોજના હેઠળ આવરી લેવા માટે ફળીયા જોડાણનાં કામો હાથ ધરવામાં આવેલ છે. રાજ્ય સરકારે પાણીના જથ્થાની સાથોસાથ પાણીની ગુણવત્તા જળવાઇ રહે તે અંગે પ્રાધાન્ય આપ્યું છે. લોકોને શુદ્ધ પીવાનું પાણી મળી રહે તે માટે રાજ્ય સરકાર નિરંતર પ્રયત્નશીલ છે. પાણીની ગુણવત્તાનું યોગ્ય મોનિટરિંગ થાય તે માટે રાજ્ય સરકારની ગુણવત્તાની ચકાસણી માટે કુલ ૮૦ લેબોરેટરી કાર્યાન્વિત છે. ચાલુ વર્ષે કુલ ૫ લાખથી વધુ પાણીના નમૂનાઓની ચકાસણી કરવામાં આવેલ છે. પાણીની ગુણવત્તાની ચકાસણી તાલુકા કક્ષાએ થઇ શકે તે માટે ચાલુ વર્ષે આગામી નાણાકીય વર્ષમાં તથા ત્યારબાદ આવનારા વર્ષોમાં પણ ક્રમશઃ નવી લેબોરેટરી તાલુકા કક્ષાએ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. જેના માટે બજેટમાં અલાયદી જોગવાઇ કરવામાં આવેલ છે. હું જે વિસ્તારમાંથી આવું છું ત્યાંની પીવાના પાણીની વ્યવસ્થા બાબતે વાત કરું તો, મારો તાલુકો ગુજરાત રાજ્યમાં સરહદ પર આવેલો તાલુકો છે. જેમાં સાંતલપુર, સમી, હારીજ, રાધનપુર એ તમામ તાલુકા એ છેવાડાના બોર્ડરના રણવિસ્તારના તાલુકા છે. આ તમામ છેવાડાના તાલુકાના ગામોમાં પીવાના પાણીની સ્થિતિને પહોંચી વળવા માટે સરકારશ્રીએ સરફેસ સ્ત્રોતની જેવી કે નર્મદા મુખ્ય કેનાલ આધારિત વિવિધ જૂથ પાણી પુરવઠા યોજનાઓનું નિર્માણ કરી યોજના કાર્યરત કરેલ છે. આમ, આ તાલુકાઓમાં ગ્રામ્ય વિસ્તારોમાં કાયમી પીવાના પાણીની સમસ્યાનું નિવારણ કરી સરકારશ્રીએ ખૂબ જ સારી કામગીરી કરેલ છે. જેથી આ વિસ્તારના લોકોની હિજરત અટકી છે. પાટણ જિલ્લામાં કુલ ૯ તાલુકાઓ અને ૬ શહેરોનો સમાવેશ કરવામાં આવેલ છે. આ જિલ્લાની કુલ વસતી ૧૭ લાખ ૬૫ હજાર માણસોની છે. પાટણ જિલ્લામાં પર૬ ગામો પૈકી તમામ ગામોને નર્મદા–ધરોઇ ડેમ આધારિત નવીન સુધારણા જૂથ યોજના હેઠળ જોડવામાં આવેલ છે. આ તમામ ગામોને નવીન સુધારણા યોજના જૂથ હેઠળ આવરી લેવા માટેના કામોનું અમલીકરણ હાથ ધરવામાં આવેલ છે. મારા વિસ્તારમાં રાધનપુર તાલુકાના તમામ ગામોને નર્મદા મુખ્ય કેનાલ આધારિત વિવિધ જૂથ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે. પાટણ જિલ્લામાં હાથ ધરવામાં આવેલી જૂથ યોજનાની વાત કરું તો પાટણ જિલ્લાના સમી તાલુકાના ૭૭ ગામો, હારીજ તાલુકાના પર ગામો, શંખેશ્વર તાલુકાના ૬ ગામો અને બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના ૨ ગામો મળી કુલ ૧૩૭ ગામો માટે નર્મદા મુખ્ય નહેર આધારિત પિયત જૂથ સુધારણા પાણી પુરવઠા યોજનાનું અમલીકરણ કરવામાં આવનાર છે. આ યોજનામાં સમાવિષ્ટ કુલ ૫ લાખ ૫૦ હજારની વસતિને આવરી લેવામાં આવી છે. આ યોજનાની ટેન્ડરની કામગીરી પ્રગતિમાં છે. પાટણ જિલ્લાના કુલ પર૬ ઘરોમાં અત્યાર સુધીમાં ૨ લાખ ૮૪ ઘરોમાં નળ જોડાણ આપવામાં આવેલ છે. આમ પાણી પુરવઠા વિભાગ પાણીની સુદ્દઢ વ્યવસ્થા ઊભી કરવા માટે સતત કાર્ય કરી રહ્યું છે. રાજ્યના ગામ જ નહીં છેવાડાના ફળિયા સુધી પાણીની સુવિધા બાકી ન રહે તે માટે મક્કમ નિર્ધાર સાથે કામ કરી રહ્યું છે. રાજ્યના તમામ ગ્રામીણ ઘરોમાં ઘર આંગણે નિયમિત, શુદ્ધ અને પૂરતા પ્રમાણમાં પાણી મળી રહે, નિયમિત ગુણવત્તાનું પેયજળ સુનિશ્ચિત કરવામાં આવે તે માટે પાણી પુરવઠા વિભાગ સતત કાર્યરત છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે સરકારશ્રીનો આભાર માનવો છે. હું સરકારશ્રી અને માનનીય મુખ્યમંત્રી સાહેબનો જેટલો આભાર માનું એટલો ઓછો છે. મારી રાધનપુર–૧૬ વિધાનસભા પાકિસ્તાનની બોર્ડર ઉપર આવેલી છે. આમ તો હું કોઇની ટીકા–ટિપ્પણી કરતો નથી. જળ એ જીવન છે. કદાચ બે દિવસ જમવાનું ના મળે તો ચાલે પણ પાણી વગર ના ચાલે. અગાઉના સમયમાં મારી સામે બેઠા છે એમની સરકાર હતી. મારે વાત કરવી છે કે અગાઉના સમયમાં પીવાના પાણીની તકલીફોનો પાર ના હતો એટલે તો આજે આવી હાલત થઇ ગઇ છે. શ્રી તુલસીદાસે એક સાંખીમાં કહ્યું છે કે **"तुलसी हाय गरीब की, कबहुँ न खाली जाय, मुए ढोर के चाम से, लौह भस्म हो जाय।"**. એ તો કહ્યું છે કે સારું કરે એનું સારું થાય. ભારતીય જનતા પાર્ટીને જેટલા અભિનંદન આપું એટલા ઓછા છે. હું આ રવિવારે, ૨૨મી તારીખે રાધનપુરમાં ગયો હતો. વર્ષો જૂની માંગ હતી. રાધનપુરને ૬૦ વર્ષથી ખારું પાણી મળતું અને મળતું પણ નહી પણ માનનીય મુખ્યમંત્રી સાહેબશ્રીએ મને એમાં રૂ.૩૧ કરોડ ખર્ચે શિહોરીમાંથી રાધનપુરને સ્પેશિયલ પીવાનું પાણી આપ્યું છે એ બદલ હું એમનો હૃદયથી આભાર માનું છું. જે સરકાર આવા કાર્ય કરે એ સરકારને ખરેખર જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે. એક રાધનપુરને નહીં પણ મારા આખા વિસ્તારને પીવાના શુદ્ધ પાણીનો લાભ મળે છે એટલે સરકારનો ખરેખર જેટલો આભાર માનીએ એટલો ઓછો છે.

ઉપાધ્યક્ષશ્રી : આપણે તો આપણી સરહદ પર બી.એસ.એફ.ને પણ પાણી પહોંચાડ્યું છે.

શ્રી લવિંગજી મુ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, છેવાડાની પાકિસ્તાનની બોર્ડર ઉપર આપણા જવાનો જે ખડાપગે ઊભા છે એમને પાણી આ સરકારે પહોંચાડ્યું છે એટલે જેટલો આભાર માનીએ એટલો ઓછો છે. મારે વાત કરવી છે કે આદરણીય મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી કનુભાઇએ જે સને ૨૦૨૬-૨૭નું બજેટ લઇને આવ્યા છે એને મારે ખૂબ ખૂબ હૃદયથી અભિનંદન આપવાના છે. આપણા માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી સાહેબ પણ એ વિસ્તારના છે એટલે એમનો પણ વિકાસનાં કામોમાં સહકાર રહ્યો છે. વાવ થરાદ એમનો વિસ્તાર છે અને એને જિલ્લો બનાવ્યો છે. ટૂંક સમયમાં આ જિલ્લાનો વિકાસ કરશે એ બદલ એમનો પણ ખૂબ ખૂબ આભાર માનું છું. ભારત માતા કી જય.

શ્રી ઋષિકેશ ગ. પટેલ (વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ૧૫મી ગુજરાત વિધાનસભા બજેટ સત્રમાં માનનીય મુખ્યમંત્રીશ્રીની રાહબરી નીચે આદરણીય શ્રી કનુભાઇએ ૩પિયા ૪ લાખ ૮ હજાર કરોડ કરતાં વધારેનું બજેટ આ રાજય માટે વિધાનસભા ગૃહમાં પ્રસ્તુત કર્યું છે. વર્ષો વર્ષ નવા વધારા સાથે દર વખતે આપણે બોલી શકીએ કે ઐતિહાસિક બજેટ, કારણ કે ભૂતકાળના પોતાના રેકોર્ડ બ્રેક કરતું બજેટ અને બહુમુખી આયામો સાથે કોમ્પ્રિહેન્સિવ ડેવલપમેન્ટ પૉલિસી હેઠળ બજેટ મૂકાતું રહ્યું છે. ભૂતકાળમાં સને ૧૯૪૭માં આપણે આઝાદ થયા પછી સતત મથતા રહ્યા. ક્યાંક નાનાં મોટાં કામોમાં થીગડાં મારતાં રહ્યાં. પરંતુ વિકસિત ભારતનું સ્વપ્ન જોયા પછી એના માટે પૂરી મહેનત, પૂરી દોડધામ અને વિઝન સાથે દુનિયાની દોડ સાથે ભારતને વિકસિત દેશ બનાવવાનો સંકલ્પ આદરણીય પ્રધાનમંત્રીશ્રી મોદી સાહેબે મૂક્યો છે અને મોદી સાહેબે જ્યારે સંકલ્પ મૂક્યો હોય ત્યારે સ્વભાવિક ગુજરાત ઉપર એમની પહેલી નજર હોય કે મારું ગુજરાત શું કરી રહ્યું છે? ભારત એમનું છે પરંતુ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે જે રોડમેપ આદરણીયશ્રી નરેન્દ્રભાઇએ ગુજરાતનો મૂક્યો હતો એ વિકાસની અનેક ઉંચાઇઓનો મુકામ હાંસલ કરે એવી એમની ગુજરાત પાસે આશા અને અપેક્ષા હોય એ સ્વભાવિક છે. આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ, શ્રી કનુભાઇ અને આખું મંત્રીમંડળ બધા જ વિભાગોને સાથે લઇ કેવી રીતે એક સંકલિત હોલિસ્ટિક એપ્રોચ સાથે આખો પ્લાન રજૂ કર્યો એ આ બજેટ છે. દેશને વિઝન આપવા, લક્ષ આપવો અને લક્ષની પૂર્તિ માટે રાત-દિવસ એક કરવા એ શ્રી નરેન્દ્રભાઇની ખાસિયત છે. એની શરૂઆત એમણે ગુજરાતથી કરી હતી. એમની કાર્યશૈલી અને પથદર્શન છે એના ઉપર આ ગુજરાતની સરકાર ચાલી રહી છે. એમાં યુવાનો, મહિલાઓ, બાળકો, વૃદ્ધો, સમાજનો દરેક વર્ગ પોતાનું યોગદાન આપી રહ્યા છે. એકલી સરકાર મથે એવું નહીં પરંતુ શ્રી નરેન્દ્રભાઇ ઉપર, શ્રી ભૂપેન્દ્રભાઇ ઉપર વિશ્વાસ છે. ગુજરાતના ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વ, એના કાર્યકર્તાઓ ઉપર વિશ્વાસ છે કે ભારતીય જનતા પાર્ટીની આ સરકાર ક્યારેય પણ ગુજરાતનું અહિત નહીં કરે અને ૨૪ કલાક, ઉંઘવાનો સમય બાદ કરી અને બાકીનો સમય લોકોના માટે કામ કરશે એવી પૂરી શ્રદ્ધા છે. સને ૧૯૯૫ સુધી ગુજરાતના લોકોએ જોયું છે. સને ૧૯૬૦ થી ૧૯૯૫ સુધીનું સુકાન એમણે જોયું છે. કોંગ્રેસે ૩૫ વર્ષ શાસન કર્યુંઅને ૩૫ વર્ષના શાસનમાં વર્ષ ૧૯૯૫માં કંટાળીને ભારતીય જનતા પાર્ટીએ શાસનની ધૂરા સંભાળી. વર્ષ ૧૯૯૫માં ૩.૯૫૦૦ કરોડનું જ બજેટ રજૂ કરી શકીએ એ પ્રકારની હાલત ગુજરાતની તિજોરીની હતી અને આજે ૩.૪,૦૮,૦૦૦/- કરોડ એટલે માનો કે એ ૩.૯૫૦૦ કરોડ બેંકમાં મૂક્યાં હોત તો આઠ વર્ષે ડબલ થાત. અત્યારે જો એ જ સ્પીડથી નાણાકીય વૃદ્ધિ ગુજરાતની થઇ હોય તો ૩.૧,૮૦,૦૦૦/- કરોડથી વધારેનું બજેટ ગુજરાતને આપી શક્યા ના હોત. રાજ્યની તિજોરીમાં આવતું નાણું કયાંય કાણા વગરનું, કાણું નથી, ક્યાંયથી લીકેજ નથી અને નીકળતો ટેક્સનો પૈસો આવતી સરકારની તિજોરીમાંથી આવક ક્યાંય નીકળી જતી નથી. પૂરેપૂરી રકમ તિજોરીમાં આવે. તિજોરીમાંથી નીકળીને પૂરેપૂરી પ્રજા સુધી જાય એ પ્રકારના એપ્રોચ સાથે આ ગુજરાત સરકાર ચાલી રહી છે. લોકોની માગણીઓ, સમાજની માગણીઓ, રાજ્યની આકાંક્ષાઓ, અપેક્ષાઓને કેન્દ્રમાં રાખીને મહિનાઓ સુધી રાત-દિવસ મહેનત કરી. ખાલી અધિકારીઓ નહીં, ખાલી મંત્રી મંડળ નહીં પણ જેને સ્ટેક હોલ્ડર કહીએ. એ સ્ટેક હોલ્ડરને સાથે રાખીને ખેડૂતો, ઉદ્યોગો, વેપારીઓ, વિદ્યાર્થીઓની અપેક્ષાઓ, શિક્ષણ અને આરોગ્યની અપેક્ષાઓ આ તમામ સ્ટેક હોલ્ડરની સાથે સતત વર્ષોવર્ષ ચિંતન કરીને નવા આયામો આપણે જોડતા જઇએ છીએ. આ બજેટ માટે માનનીયશ્રી કનુભાઇ દેસાઇને અભિનંદન આપું છું કે કોઇપણ એક રૂપિયાના વધારા વગરનું આ બજેટ છે અને છતાં પણ ૩.૪,૦૮,૦૦૦/- કરોડ જેવી માતબર રકમથી આપણે રાજ્યનો વિકાસ કરવા જઇ રહ્યાં છીએ. આખું બજેટ ચાર મુખ્ય પાયા ઉપર છે: જ્ઞાન, ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિના એમ્પાવરમેન્ટ ઉપર આ બજેટમાં, આમ તો વર્ષોથી ચારે ચાર વર્ગને ધ્યાનમાં રાખીને જ બજેટ બનાવીએ છીએ. આ ચાર સ્તંભોમાં ગુજરાતના સમાજના તમામ લોકો આવી જાય છે. એસ.સી., એસ.ટી., ઓ.બી.સી., સામાન્ય વર્ગ સમાજનો કોઇ વર્ગ બાકી ના રહેતો નથી. તમમ વર્ગ આ જ ચાર સ્તંભ હેઠળ આવે છે. વારંવાર દેવાની વાત થાય છે. દેવું કર્યું, દેવું કર્યું, દેવું કર્યું,. દેવું કોને કહેવાય? પગાર ચૂકવવા માટે પણ અંબાજી માતાના મંદિરમાંથી ઓવરડ્રાફ્ટ લેવો પડે એને દેવું કહેવાય. નર્મદાની પરિકલ્પના અને નર્મદા માટે પણ લોકો પાસે ૧૮ ટકાના વ્યાજે રૂપિયા લેવા પડે. અમને તો ખબર પડી જ ગઇ હતી એટલે એ જે રકમ લીધેલી હતી એ પ્રિમેચ્યોર રકમ ચૂકવી દીધી. નહીં તો જે દિવસે મેચ્યોરિટી થાત એ દિવસે એ રકમ કેવડી મોટી થઇ હોત? રાજ્ય માટે ખૂબ મોટું બર્ડન ઊભું થાય. પરંતુ ભારતીય જનતા પાર્ટીની આ રાજ્ય સરકાર સવેળા જાગી ગઇ અને એ રકમો ચૂકવી દીધી. આ બજેટ ગયા વર્ષ કરતા પણ ૧૦.૨ ટકાનો વધારો દર્શાવે છે. બજેટના કુલ ૬૫ ટકા વિકાસલક્ષી ખર્ચ માટે ફાળવણી કરી છે તે દેશના જી.ડી.પી.માં ગુજરાતનો ફાળો ૮.૨ ટકા છે. ગુજરાતની માથાદીઠ આવક ૩.૩,૦૮,૦૦૦/- છે. એ આખા દેશ કરતા ૬૦ ટકા વધારે છે. કેપિટલ એક્સપેન્ડિચર માટે ૩૯ ટકા રકમ ફાળવવામાં આવી

છે. તેનાથી સતત અવિરત અને ગતિશીલ વિકાસની ગતિ ફાઇનાન્શિયલ મેનેજમેન્ટને વધુ ને વધુ તીવ્ર બનાવશે. Fiscal Responsibility and Budget Management Act' (F.R.B.M.) અને નાણાપંચની ગાઇડ લાઇન મુજબ દરેક રાજયએ નાણાકીય શિસ્તનું પાલન કરવું પડતું હતું. શું થઇ રહ્યું છે? ગુજરાતમાં તો પ્રધાનમંત્રીશ્રી મોદી સાહેબ જ્યારે મુખ્યપ્રધાન હતા ત્યારથી આ શિસ્તનું પાલન કરવામાં આવે છે. વિગત આપું તો રાજ્યનું જાહેર દેવું અને રાજ્યનો જી.ડી.પી.નો ગુણોત્તર ૨૭.૧ ટકાથી વધવો ના જોઇએ અને એ જો વધે તો કયાંકને કયાંક નાણાકીય શિસ્ત કરતા પણ રાજય માટે હાનિકારક એ ભવિષ્યમાં સાબિત થશે એ રીતે આખા બજેટની અંદર એ રાજય માટે લાલબત્તી સમાન છે. રાજકોષીય ખાધ ફિસ્કલ ડેફિસિટ અને રાજયની જી.ડી.પી.નો ગુણોત્તર ત્રણ ટકાની મર્યાદામાં રહેવો જોઇએ એટલે ત્રણ ટકાથી વધવો ના જોઇએ અને ત્રણ ટકાથી વધે એટલે રેડ સિગ્નલ કહેવાય. જેમ આપણે ગાડી ચલાવતા હોઇએ અને જે સ્પીડ આપણે બાંધી હોય કે ૧૨૦ થી વધારે જાય એટલે ડેન્જર છે અને એ બાંધ્યા પછી જે પીપ.. પીપ.. વાગેને એમ આ ૩ ટકા ઉપર જાય એટલે સમજી લેવાનું કે ગાડી રેડ ઝોનમાં આવી છે. સન ૨૦૨૫-૨૬ના બજેટમાં અંદાજ અન્વયે ગુજરાત રાજયની સરખામણી આપણે બીજા રાજયો સાથે જો કરીએ અને હું ૨-૩ રાજયોનો જ અહીંયા દાખલો આપીશ., ગુજરાતનું જાહેર દેવું અને જી.એસ.ડી.પી.નો રેશીયો ફકત ૧૫.૨૮ ટકા છે. આપણે ૨૭ ટકા સુધી જઇ શકીએ, પરંતુ આ કેવળ ૧૫.૨૮ ટકા જ છે. કેરલમમાં ૨૫.૪૩ , પંજાબમાં ૪૦.૩૧ ટકા, પશ્ચિમ બંગાળમાં ૩૩.૬૩ ટકા, આ રાજયોની સરખામણી ગુજરાતની સાથે કરીએ તો રાજયનું દેવું અતિશય મર્યાદિત છે. એવી જ રીતે ફીસ્કલ ડેફીસીટ, રાજકોષીય ખાધ, જી.એસ.ડી.પી.ની સરખામણીમાં ગુજરાત રાજય ૧.૯૬, ૩ થી હજી ૧.૦૪ પાછળ છીએ, ૩ ટકા સુધી આપણે જઇ શકીએ છીએ પણ આપણે આપણી મર્યાદાઓ જાતે બાંધી છે, આપણે લક્ષ્મણ રેખાઓ બાંધી છે, અમે એવું શાસન કરીને ચાલવાવાળા છીએ કે નાણાકીય શિસ્ત અને મર્યાદામાં જ રાજય ચાલવું જોઇએ જેથી કરીને ભવિષ્યમાં રાજય ઉપર કોઇ ખોટી અસરો ઊભી ન થાય. કેરળમાં ૩.૧૬ ટકા, કર્ણાટક ૨.૯૪ ટકા, પંજાબ ૩.૮૪ ટકા, તામિલનાડુ ૨.૯૯ ટકા, પશ્ચિમ બંગાળ ૩.૬૦ ટકા, આમ મારે સાથી પક્ષના મિત્રોને કહેવું છે કે જાહેર દેવાની વાત કરો પણ જયારે આપણે આંકડા જોઇએ છીએ અને એ આંકડા એટલા માટે છે ૩૦ વર્ષથી ભારતીય જનતા પાર્ટીની સરકાર આ ટ્રેઝરી બેંચ ઉપર બેઠી છે અને અને ધારાસભ્યો પણ અહીંયા બેઠા છે, (અંતરાય)સામે જ બેસવું પડે છે કારણ કે રાજયની ચિંતા દરેક રીતે ભારતીય જનતા પાર્ટીની સરકાર કરી રહી છે અને તમામ નિર્ધારીત મર્યાદામાં રહીને સંતુલિત વિકાસ કરે છે. ઉદ્યોગોમાં પણ કેવળ મોટા ઉદ્યોગો નહીં પરંતુ નાના ઉદ્યોગો માટે કે જયાં દૂર દરાજ વિસ્તારોની અંદર જયાં નાના ગામો છે એ નાના ઉદ્યોગકારો છે એના માટે પણ આ વખતે ૫૦ કરોડના રોકાણથી ૧૨૦ મીની જી.આઇ.ડી.સી., આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબે નક્કી કર્યું છે અને કનુભાઇએ એમાં ૫૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે એટલે એવા વિસ્તારો કે જયાં આગળ નાના નાના ઉદ્યોગો છે, ખૂબ મોટા ઉદ્યોગો નથી તો એને ઉદ્યોગ કરવાની તક મળે એના માટે જ નાની નાની જી.આઇ.ડી..સી.ઓ. બનાવી અને જી.આઇ.ડી.સી. બને, કોઇ પોતે પોતાની રીતે કોઇ ગામની અંદર ઉદ્યોગ કરતો હોય પરંતુ જી.આઇ.ડી.સી.માં ઉદ્યોગ કરતો હોય એટલે સ્વાભાવિક છે કે એને બધા જ પ્રકારની સગવડ જી.આઇ.ડી.સી.માં મળી રહે. ટેક્સટાઇલ ઉદ્યોગોને પણ વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવા માટે ગુજરાત ટેક્સટાઇલ પોલિસી, ૬૭ હજારથી વધુ કરોડ રૂપિયાનું મૂડીરોકાણ થયું છે એમાં જીનિંગ, સ્પિનિંગ, વિવિંગ, અને ફાઇબરથી ફેશન સુધી એટલે કે ગુજરાતનું કપડું અહીંયા વવાય, વાવ્યા પછી એનું જીનીંગ થાય, સ્પિનિંગ થાય, વિવિંગ થાય, કપડું તૈયાર થાય અને ફેશન બ્રાંડની અંદર દુનિયા સુધી જાય એના માટેનો પ્રયત્ન આ રાજય સરકાર કરી રહી છે. એના લીધે ૨ લાખથી વધુ પ્રત્યક્ષ રોજગારી આપણે ત્યાં સર્જાઇ છે અને આવનાર સમયમાં આ ક્ષેત્રમાં વધુ મૂડીરોકાણ અપેક્ષિત છે અને એના માટે ૨૭૫૫ કરોડ રૂપિયા આદરણીય કનુભાઇએ એમાં ફાળવ્યા છે. સામાજિક સુરક્ષા માનવ સંસાધન વિકાસ માળખાકીય સુવિધાઓ તથા આર્થિક વિકાસ અને ગ્રીન ગોલ એમ પાંચ સ્તંભો આધારીત આ બજેટ છે.શિક્ષણ એ એક મહત્ત્વનો પાયો છે. વર્ષ ૧૮૮૨માં અંગ્રેજોએ આ દેશ ઉપર રાજ કરવા માટે જે શિક્ષણની નીતિ બનાવી હતી એ વર્ષો સુધી ચાલતી રહી. એમાં નાના-મોટા બદલાવો થતા રહ્યા પણ પહેલી વખત દુનિયા સાથે દોડ કરવા માટે, એ.આઇ.ની અપકમિંગ ટેકનોલોજી સાથે તાલ મિલાવવા માટે, સેમિકન્ડક્ટર ચિપ્સ અને કોમ્પ્યુટર સાયન્સ જેવા કેટલાય વિષયો સાથે દુનિયા ઝડપથી દોડી રહી છે. ટેકનોલોજીના વિષયમાં દોડી રહી છે ત્યારે આપણે આપણી વિરાસત પણ સંભાળવાની છે. આપણા સંસ્કાર સંભાળવાના છે. આપણા ગ્રંથો અને ગ્રંથોમાં પીરસાયેલા જ્ઞાનની સાથે દુનિયા દોડી રહી હોય ત્યારે બંનેની સાથે આપણે દોડવું જરૂરી છે. એન.ઇ.પી.-૨૦૨૦એ શિક્ષણનો રોડ મેપ છે જેના કારણે આવનારા સમયમાં ભારત પોતાના પર ગર્વ કરી શકે એ પ્રકારની શિક્ષણ નીતિ પહેલી વખત અપનાવી છે.

ઉપાધ્યક્ષશ્રી : લોર્ડ મેકોલે દ્વારા પ્રથમ શિક્ષણ પદ્ધતિ વર્ષ ૧૮૩૨માં દાખલ થઇ હતી.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : વર્ષ ૧૮૮૨માં એને રૂપ અપાયું હતું. આ વર્ષે પણ આપણે શિક્ષણમાં ૩.૬૩,૦૦૦ કરોડની ફાળવણી કરાવી છે. ડો.કિરીટકુમાર, આપને પણ કહું તો આપના સરસ્વતી જિલ્લામાં ૫ જેટલી ગ્રાન્ટેડ કૉલેજો છે. (અંતરાય) કિરીટભાઇ આપ બેસો. હું માહિતી આપું છું. (અંતરાય) તમે ત્યાં રહો અને રાજીનામું આપો તો અમને વાંધો નથી. (અંતરાય) ઉત્કૃષ્ટ સમાજ અને ભવિષ્ય માટે યુવા શકિતના નિર્માણ માટે નમો ગુજરાત કૌશલ્ય રોજગાર મિશન. મેં કહ્યું એમ દુનિયા દોડે અને દોડતી હોય તો આજની ટેકનોલોજી કાલે જૂની થઇ જાય. આજે તમે જે મશીન નાંખ્યું છે એ ૧૨ મહિના પછી અપડેટ થઇને આવે. કોમ્પ્યુટરમાં કંપનીઓ હતી એમાં આજે એ.આઇ.નો પ્રવેશ થયો છે. હંમેશા ટકી રહેવા માટે સર્વાઇવલનો પ્રિન્સિપલ ખૂબ

મહત્ત્વનો છે. વિશ્વ સાથે દોડમાં નમો ગુજરાત કૌશલ્ય અને રોજગાર મિશન કે જેના થકી આવનારા સમયમાં જે નવા ઉદ્યોગો આવવાના છે. નવી ટેકનોલોજી આવવાની છે એના માટે સ્કિલ તૈયાર કરી શકાય. સ્કિલ લેબરથી મેનેજમેન્ટ સુધી જે શૃંખલા છે એના માટે પણ આપણે તૈયારીઓ કરી રહ્યા છીએ. એના માટે રૂ.૨૨૬ કરોડ આપણે નક્કી કર્યા છે અને ગુજરાતનો કોઇ યુવાન સ્કિલ થવા માગતો હોય, દુનિયા સાથે દોડવા માગતો હોય અને ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાના સંકલ્પ સાથે દોડી રહ્યો હોય તો એની ચિંતા રાજ્ય સરકાર કરશે અને એના કૌશલ્ય મુજબ એને તાલીમ આપવામાં આવશે. મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ માટે રૂ.૩૦૫૫ કરોડ આપવામાં આવ્યા છે. સ્કૂલોમાં નાની-મોટી આધુનિક સુવિધાઓ જેવી કે ઇન્ટરનેટ, સ્માર્ટ ક્લાસરૂમ, સારા ઓરડાઓ આ બધું મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સમાં આપવાના છીએ. એના માટે રૂ.૩૦૫૫ કરોડ જેટલી રકમ રાજ્ય સરકાર ખર્ચવાની છે. સરકારની ઇચ્છા છે કે ગામડામાં ભણતો વિદ્યાર્થી પણ સ્માર્ટ ક્લાસરૂમમાં સ્માર્ટ બોર્ડ ઉપર કેમ ના ભણે? સારા વાતાવરણમાં કેમ ના ભણે? એવા ઉદ્દેશ સાથે રાજ્ય સરકાર ચાલી રહી છે. રાઇટ ટુ એજ્યુકેશનમાં પણ રૂ.૮૨૭ કરોડ સરકાર આપવાની છે. સમગ્ર વિશ્વ વિજ્ઞાન અને ટેકનોલોજીમાં આગળ વધી રહ્યું છે, ત્યારે નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના પણ કરી છે. ગ્રાન્ટેડ શાળા, સરકારી શાળાના તમામ વિદ્યાર્થીઓ, ખાનગી શાળામાં આર.ટી.આઇ. અંતર્ગત પ્રવેશ મેળવેલ વિદ્યાર્થી તથા ખાનગી શાળામાં ૬ લાખથી ઓછી આવક મર્યાદા ધરાવતાં વિદ્યાર્થીઓને આપણે આ યોજનાનો લાભ આપવાના છીએ. આશરે અઢી લાખ વિદ્યાર્થીઓને સહાય આપવા માટે રૂ.૨૫૦ કરોડની જોગવાઇ કરી છે. એટલું જ નહીં જરૂર પડે તો રૂ.૨૫૦ કરોડના બદલે રૂ.૩૦૦ કરોડ એટલે કે વધારાના રૂ.૫૦ કરોડ વગર બોલે સરકાર ખર્ચી નાખે છે પણ મુશ્કેલી એ છે કે ખેડૂતો, મહિલા, વિદ્યાર્થીઓ એમ ગુજરાતની પ્રજા માટે પૂરક માગણી આવે અને તેનો વિરોધ થાય તો મને લાગે છે કે ત્યાં સુધી એમણે એમની પ્રકૃતિમાં અને આવનારા સમયમાં ગુજરાતની પ્રજા સાથે તાલમેલ સાધવા માટે એમના સ્વભાવમાં બદલાવ કરવો પડશે. જો નહીં કરે તો હમણાં મેં જે સર્વાઇવલના પ્રિન્સિપલની વાત કરી તેમ ડાયનોસોર જેવું પ્રાણી ટકી ન શક્યું તો તમે પણ એક સમયે ડાયનોસોર જેવા હતા. અત્યારે ફક્ત પૂંછડી જ દેખાય છે. એ ક્યારે અદૃશ્ય થઇ જશે ખબર નહીં પડે. શિક્ષણ, આદિજાતિ, સમાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા વિવિધ પ્રકારની સ્કોલરશિપ આપી આ સરકાર કારકિર્દીમાં સહાયરૂપ થઇ રહી છે. આ સહાય કોઇ ઉપકાર ભાવથી નહીં પણ અમારી ફરજ છે. ગુજરાતનો વિદ્યાર્થી છે, ગુજરાતનો યુવાન છે, ગુજરાતની મહિલા છે, ગુજરાતનો ખેડૂત છે તેવા ભાવ સાથે અમે આગળ વધી રહ્યા છીએ. શિક્ષણ વિભાગ અંતર્ગત આવતી જુદી જુદી સ્કોલરશિપ જેવી કે, મુખ્યમંત્રી યુવા સ્વાલંબન, મુખ્યમંત્રી કન્યા કેળવણી મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજના, સ્કીમ ઓફ ડેવલપિંગ, હાઇ ક્વૉલિટી રિસર્ચ, એજ્યુકેશન લોન પર વ્યાજ સબસિડી સહાય યોજના વગેરેની રકમ જ રૂ.૩૯૬૭.૯૦ કરોડ થાય છે. આદિજાતિના વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહે તે માટે પાંચ યોજનાઓ મહત્ત્વની છે. વર્ષ ૨૦૨૫-૨૬માં રૂ.૧૦૨૨.૭૫ કરોડનો ખર્ચ કર્યો છે. અલગ અલગ યોજનાઓ હેઠળ રાજ્યના ગરીબ અને ટેલેન્ટેડ વિદ્યાર્થીઓને ભણવા માટે અનેક પ્રકારની કરોડો રૂપિયાની સહાય ગુજરાત સરકાર કરી રહી છે. કારણ કે ગુજરાતનો વિદ્યાર્થી આગળ આવે તો ગુજરાત આગળ આવે તે અમારા વિચાર અને માન્યતા છે. ગત વર્ષે અનુસૂચિત જાતિ કલ્યાણ હેઠળની યોજનામાં બજેટ જોગવાઇ રૂ.૪૪૬.૭૯ કરોડની કરી હતી. તેની સામે રૂ.૫૪૬.૪૯ કરોડનો ખર્ચ થયો છે. આ પૂરક માગણીમાં વિરોધ થાય, કાપ દરખાસ્ત આવે તે પણ શરમજનક બાબત છે.

માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

માનનીય અધ્યક્ષશ્રી, અમે કુપોષણ માટે લડી રહ્યા છીએ. કુપોષણ એ જીવનની સાથે વણાયેલો વિષય છે. રાજ્ય સરકાર આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલ મુખ્યમંત્રી બન્યા ત્યારથી સતત કનુભાઇને ઇનસિસ્ટ કરી ગર્ભવતી માતાઓ, કુપોષિત બાળકો માટે સતત મથી રહી છે. આ વખતે પણ મુખ્યમંત્રી અલ્પાહાર યોજના શરૂ કરી છે. જેના માટે આ વર્ષના બજેટમાં રૂ.૫૯૮ કરોડની જોગવાઇ કરી છે. પી.એમ.પોષણ યોજના હેઠળ એક ઓબ્ઝર્વેશન આવ્યું કે જુદી જુદી જગ્યાએ ભોજન પીરસાઇ તેની જગ્યાએ સેન્ટ્રલાઇઝ કિચન કેમ ન હોય? ૭૪ તાલુકાઓમાં એક જ જગ્યાએ નાસ્તો/ભોજનની રસોઇ બને અને બાળકો સુધી પહોંચાડવા માટે ૭૪ જેટલાં આધુનિક સેન્ટ્રલાઇઝ કિચનની વ્યવસ્થા માટે રૂ.૫૫૨ કરોડની જોગવાઇ કરી છે. સાથે પરંપરાગત/રૂઢિગત જેમ ચાલે છે તેમ ચાલવા દઇએ પરંતુ ક્યાંક કોઇ પાસેથી સારું સૂચન આવે તો નવા વિચારોને અમારી સરકાર દ્વારા તરત સ્વીકારી લેવામાં આવે છે.આ એક સારું સૂચન છે કે આવનારા સમયમાં દરેક તાલુકાઓ સુધી અત્યારે ૭૪ તાલુકા લીધા છે. પણ આવનારા સમયમાં અમે આગળ વધીશું. ૩થી ૬ વર્ષનાં બાળકોને આંગણવાડીમાં ગરમ નાસ્તો, ભોજન તેમજ બાળકો, કિશોરીઓ, સગર્ભા, ધાત્રી માતાઓને ટેક હોમ રાશન પૂરું પાડવા માટે રૂ.૯૭૨ કરોડની જોગવાઇ કરેલ છે અને વર્ષોવર્ષ આ રકમમાં વધારો થાય છે. એમાં કદાચ આ રકમ અત્યારે ફાળવી છે પણ કદાચ હજાર કરોડ પણ થાય અને અગિયારસો કરોડ પણ થાય. અમે હિચકિચાટનું બોલતા નથી. સાહેબ ખર્ચી જ નાંખીએ છીએ અને પછી આ ગૃહની મંજૂરી માટે આવીએ છીએ. યુવાનો, બાળકો, મહિલાઓ અને ગરીબો માટે કંઇપણ જોયા સિવાય વધારાનો ખર્ચ કરવો પડે તો આ સરકાર એ માટે જોગવાઇ કરી રહી છે. આ વખતે ઉચ્ચ શિક્ષણનો વ્યાપ વધે એના માટે ૧૬ નવી સરકારી કોલેજો શરૂ કરવા માટે અને જે ૨૦ કોલેજો કાર્યરત છે એ કોલેજોના બાંધકામ તેમજ ૮ કાર્યરત કોલેજોમાં વધારાનો પ્રવાહ શરૂ કરવા માટે રૂ.૧૨૬ કરોડની જોગવાઇ કરી છે. હવે એ.આઇ.નો જમાનો છે અને હમણાં જ આખી દુનિયાના લોકો એમાં ટેકનોક્રેટ હતા. ઉદ્યોગોને લગતા વ્યવસાયકારો, ઇન્વેસ્ટર્સ, રાજનિતીજ્ઞો આ બધા જ ત્યાં આવ્યા હતા અને એ.આઇ. સમિટ દુનિયામાં યોજવી

એ કોઈપણ દેશ માટે ગૌરવનો વિષય છે. વિદેશના મહેમાનો આપણા ત્યાં આવ્યા હતા અને આપણી તો પરંપરા છે કે આપણા ગામમાં પણ કોઈ મહેમાન આવ્યા હોય તો એને એવું ના લાગે કે ગામમાં ક્યાંક વિખવાદ, મતભેદ કે મનભેદ છે. દસ ઘરે લોકો ચા પીવા લઈ જાય અને જમવાનું કહેવા આવે. ત્યાં આગળ જે ખેલ થયો. કદાચ શબ્દોમાં કહું તમે કાઢી નાંખશો. કપડાં ઉતાર્યા હવે કંઈ બાકી છે સાહેબ? (અંતરાય) એ.આઈ.નો વિરોધ. હવે કંઈ બાકી રહેતું નથી. હવે ભા.જ.પ.નો વિરોધ કરતાં કરતાં હવે દેશનો વિરોધ કરતાં થઈ ગયા છે. કદાચ દેશમાં ક્યાંક મતભેદ, મનભેદ હોય, રાજકીય મહત્ત્વાકાંક્ષાઓ હોય બધું જ બરાબર. એ રાજનીતિ માટે તમે અહીંયા કરો એ બધું માફ પણ વિદેશમાં પણ જઈ ભારતને નીચું દેખાડવાની..... આ ગઈ વખતે પણ આ જ શબ્દ *(xxx) બોલાયો હતો. આપને મારી કરબદ્ધ વિનંતી છે કે એ શબ્દો ભૂતકાળમાં પણ બોલાયા હોય તો એને કાઢી નાંખવા જોઈએ. આવા મનઘડત આરોપો *(xxx) કોને લાગુ પડે? એ ફાઈલમાં આવ્યા હોય એને લાગુ પડે. *(xxx) નામનો શબ્દ ઉચ્ચારી જે રીતે મનઘડત આક્ષેપ કરી દેશને બદનામ કરવાનું કામ આ કૉંગ્રેસ કરે છે. ભા.જ.પ.નો તો વિરોધ કરતા હતા પણ ભા.જ.પ.નો વિરોધ કરતાં કરતાં આ તો લાડવાનું થૂલું થઈ જાય છે.

અધ્યક્ષશ્રી : બંને જગ્યાએથી આ શબ્દ દૂર કરવામાં આવે છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા જે બોલાયું એની વાત છે. આવનારા સમયમાં આપણે જેમ કોમ્પ્યુટરમાં ઝડપી પ્રગતિ કરી એમ નવી આવેલી ટૅકનૉલૉજી સાથે તાલ અને કદમ મિલાવવા માટે એ.આઈ. સમિટ કરી. આદરણીય પ્રધાનમંત્રીશ્રી મોદી સાહેબ ટૅકનૉલૉજીના એટલા માટે આગ્રહી છે. કારણ કે, ટૅકનૉલૉજી થકી એકવીસમી સદીનું સર્જન અને ૨૦૪૭ના ભારતને વિકસિત કરવાના રોડમેપ પર એ ચાલી રહ્યા છે. ખરેખર તો માફી માગવી જોઈએ પણ ચાલશે. હવે તો ડેટા ફ્યુઝન સેન્ટર ઓફ એક્સલન્સની પણ જાહેરાત કરી છે. વર્ષ ૨૦૧૪ પહેલાં ભારતની અંદર સ્ટાર્ટઅપનો વિષય જ નહોતો. ખરેખર કોઈને સ્ટાર્ટઅપની ખબર જ નહોતી પડતી. વિદેશની ધરતી પર જે ટૅકનૉલૉજીથી ડેવલપ થયેલા જે દેશો હતા જેવા કે, અમેરિકા, બ્રિટન, જર્મની આ બધા દેશોમાં એ સ્ટાર્ટઅપ ઇકોનોમી યુવાઓને પ્રોત્સાહન આપવાના માઇન્ડ ટુ માર્કેટની સફરમાં લોકો ઇન્વેસ્ટર બને, સરકાર ઇન્વેસ્ટર બને એના રો-આઇડિયાને ફાઇનલ ફિનીશ પ્રોડક્ટ સુધી લઈ જવાનું નામ એટલે સ્ટાર્ટઅપ. અને એ સ્ટાર્ટઅપની વ્યવસ્થામાં આજે ગુજરાત સતત પ્રથમ રહ્યું છે. દુનિયામાં ભારત સ્ટાર્ટઅપની ઇકોનોમીમાં ત્રીજા નંબરે આવ્યું છે. આ ખૂબ મોટી વાત છે. વર્ષ ૨૦૧૪ સુધી જેનો દેખાડો ન હતો, જેના દર્શન ન હતા, જે વિષયથી આપણે સાવ અજ્ઞાત હતા તેમાં અત્યારે વર્ષ ૨૦૨૪-૨૫ અને વર્ષ ૨૦૨૬માં આપણે જ્યારે પ્રવેશ કરીએ છીએ ત્યારે આપણે દસ વર્ષમાં દુનિયામાં ત્રીજા નંબરે છીએ. આપણે અમદાવાદમાં સરસ મજાનું આઇ-હબ બનાવ્યું છે. ખૂબ મોટી કો-વર્કિંગ સ્પેસ છે. કોઈપણ નવો આઇડિયા લઈને આવે તો જુદાજુદા વિભાગના વિષય તજજ્ઞો એને સ્કીલ કરે એને માર્ગદર્શન આપે એના માટેની વ્યવસ્થાઓ અમદાવાદમાં હતી એને હવે એક્સ્પાન કરવાનું નક્કી કર્યું છે. સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાત આ ચારેય રિજિયનમાં આઇ.હબના સેન્ટરો થશે. કોઈને પોતાનો આઇડિયા લઈને અમદાવાદ સુધી આવવું ના પડે અને પોતાના જ વિસ્તારમાં પોતાના આઇડિયાને પાંખો આપવાનું કામ થઈ શકે એ રીતની વ્યવસ્થાઓ આપણે ગોઠવી રહ્યા છીએ એના માટે રૂ. ૮૦ કરોડની જોગવાઈ કરી છે. આપણી સરકારી કોલેજો વર્ષો સુધી હતી. એન્જિનિયરિંગની સીટો, બાકીની સીટો અને ડિપ્લોમામાં ભરવામાં ખૂબ મુશ્કેલી પડતી હતી. અમે બેઠકોનું રીસ્ટ્રક્ચરિંગ કર્યું અને એ રીસ્ટ્રકચરીંગ કર્યું એટલે વર્ષ ૨૦૨૨માં ડિગ્રીમાં પપ.પ૪ ટકા બેઠકો ભરાતી હતી જે વર્ષ ૨૦૨૫માં રીસ્ટ્રકચરિંગ કારણે ૯૧.૧૮ થઈ ગઈ છે. આ આપણું સ્ટાર્ટઅપ હતું. એક નવતર આઇડિયા હતો કે એને રીસ્ટ્રકચર કરો. જ્યાં સીટો ભરાતી નથી એ સીટો બંધ કરી અને જ્યાં સીટો ભરાતી હોય તથા વિદ્યાર્થીઓ મળતા હોય ત્યાં લઈ જાઓ. આ પ્રકારના નવતર અભિગમથી આપણે લગભગ ૯૦.૧૮ ટકા ડિગ્રી કોલેજોમાં સરકારી ફીના ધોરણે વિદ્યાર્થી ભણી શકે એ પ્રકારની વ્યવસ્થા કરી છે. વર્ષ ૨૦૨૨માં ડિપ્લોમાં એન્જિનયરિંગમાં ૬૯.૨૮ ટકા જ બેઠકો ભરાતી હતી. વર્ષ ૨૦૨૫માં ૮૭.૫૦ ટકા થઈ છે. કેટલો બધો બદલાવ આવ્યો છે? વિચાર-વિમર્શ, બ્રેઇનસ્ટોર્મીંગ, લોકો સાથે વાતચીત કરવાનો સ્વભાવ અમારી સરકારનો છે એના કારણો કોઈપણ નવો વિષય, નવો આઇડિયા તરત જ આ સરકાર એક્સેપ્ટ કરે છે અને એની સફળતાને લઈ નવી ૨૫૦૦ જેટલી સીટો વધારવાનું કામ અમારી સરકાર કરી રહી છે. આ ૨૫૦૦ વિદ્યાર્થીઓ સરકારી ફીએ ભણવાના છે. એના માટે સેલ્ફ ફાઇનાન્સની કોઈ મસમોટી ફી ભરવાની નથી. આપણે ૨૫૦૦ જેટલી બેઠકો વધારવા જઈ રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે આઇ.આઇ.ટી મૉડલ પ્રમાણે રિસર્ચ પાર્ક સ્થાપવાનું નક્કી કર્યું છે. જ્યાં જ્યાં આઇ.આઇ.ટી છે ત્યાં આગળ રિસર્ચ પાર્ક હોય છે એમાં દરેક પ્રકારનું રિસર્ચ કરવા માટેની વ્યવસ્થા હોય છે. એ પ્રકારના રિસર્ચ પાર્કની વ્યવસ્થા એલ.ડી.એન્જિનિયરિંગ કોલેજમાં રૂ. ૫૧ કરોડના ખર્ચે કરી રહ્યા છીએ. આપણી ચાંદખેડાની એન્જિનિયરિંગ કોલેજ અને એલ.ડી.એન્જિનિયરિંગ કોલેજમાં ૧૦૦૦ વિદ્યાર્થીઓ રહી શકે એના માટે હોસ્ટેલની સુવિધાઓ કરી દીધી છે. દરેક સમાજો પોતે પોતાના સમાજ માટે પ્રયત્નો કરી રહ્યા છે. પી.જી.માં રહેવા માટેની અને નોકરી કરતા હોય તો એ લોકો પણ રહી શકે એ પ્રકારની વ્યવસ્થાઓ કરી છે. અમે સામાન્ય ફીમાં આ વિદ્યાર્થીઓને રહેવાની વ્યવસ્થાઓ કરી રહ્યા છીએ. આરોગ્ય એ તો ચાવીરૂપ ભૂમિકા છે જ. કોઈપણ રાજ્ય, દેશ કે કોઈ ઘરમાં કોઈ દિવસ એવું ના બને કે એને દવાખાના ના જવું પડ્યું હોય.

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તાવ આવ્યો હોય અથવા કોઈ મોટી બીમારી હોય તો એને દવાખાને જવું પડે. હું ભૂતકાળની વાત કરતો નથી પણ જે બર્ડન આવતું હતું, ખિસ્સા ઉપર જે ભાર આવતો હતો, ઘર સાફ થઈ જાય એ પ્રકારની પરિસ્થિતિઓનું સર્જન હતું. આજે દેશમાં બદલાવની શરૂઆત થઈ હોય તો આપણા ગુજરાત રાજ્યથી થઈ છે.મા કાર્ડ, મા–વાત્સલ્ય કાર્ડ અને હવે આખા દેશ માટે પી.એમ.જે.એ.વાય કાર્ડ એટલે કે આયુષ્યમાન કાર્ડ આપણને મળતા થયા છે. ૧૦ લાખ રૂપિયા એમને એમ એનું કાર્ડ પડ્યું હોય અને રસ્તામાં હાર્ટ એટેક આવે, બિમારી આવે, બેભાન થઈ જાય તો ખિસ્સામાંથી કાર્ડ કાઢી લે, પૂછવા જવાની જરૂર નહીં અને તરત જ સારવાર થાય એ પ્રકારની વ્યવસ્થા આ રાજ્યમાં નિર્મિત થઈ છે. આ વર્ષે પણ રૂપિયા ૨૫ હજાર કરોડ કરતાં વધારે રકમ આપણે આરોગ્ય માટે ખર્ચવાના છીએ. વર્ષોવર્ષ મેડિકલની સીટો વધારવાની, એમ.બી.બી.એસ. અને પી.જી.ની સીટો, મેડિકલ કોલેજો વધારવાની, આરોગ્યની ફેસિલિટી જે અમદાવાદમાં મળતી હતી તે સિવિલ કેમ્પસ, એશિયાની સૌથી મોટી હોસ્પિટલ કે જેમાં રોજના હજારો દર્દીઓ ઓ.પી.ડી., અનેક ઓપરેશનો થતા હોય એ રીતે કાર્યાન્વિત હોય આ પ્રકારની વ્યવસ્થા ઝોનવાઈઝ કરી શકીએ એમાં આપણે જઈ ચૂક્યા છીએ. સરકારી કર્મચારીઓને પણ જે ફાઈલ મૂકે અને ફાઈલ વચ્ચે ગોથા ખાય, કોઈ જવા દે નહીં એ ફાઈલમાંથી સરકારી કર્મચારીને કાઢી નાખ્યા અને એમને 'જી' કેટેગરીનું કાર્ડ આપી દીધું. એમના ઘરના લઈને જાય એટલે કેશલેસ સારવાર. કર્મચારીઓ માટે ખૂબ મોટો નિર્ણય લીધો. આજે ૨ કરોડ ૭૨ લાખ લોકો પાસે કાર્ડ છે. અત્યાર સુધીમાં ૬૮ લાખ લોકોએ આનો લાભ લીધો છે. મેં પહેલા કહ્યું એમ દરેક જગ્યાએ ખૂબ લાંબુ અંતર કાપીને સિવિલમાં ન આવવું પડે એના માટે વ્યવસ્થા કરી રહ્યા છીએ. સેટેલાઈટ સેન્ટરો ઊભા કરી રહ્યા છીએ. કિડની, હૃદયરોગ, કેન્સરની સારવાર માટે સેટેલાઈટ સેન્ટરો જિલ્લા સ્તરે ચાલુ કરવાની જોગવાઈ કરી છે. દર્દીઓને સ્થાનિક સ્તરે મલ્ટી સ્પેશિયાલિટીની સારવાર મળી રહે તે માટે રાજ્ય સરકારના પ્રયત્નો છે. આ વખતે બે મહત્ત્વના નિર્ણયો લીધા છે કે અમદાવાદની બહાર કે જ્યાંથી સૌરાષ્ટ્રનું પ્રવેશદ્વાર છે એ વસઈ ખાતે ખૂબ મોટી હોસ્પિટલ મલ્ટી–સ્પેશિયાલિટી હોસ્પિટલ અને કામરેજ અને આજુબાજુના આઉટસ્કર્ટ વિસ્તાર અને વડોદરાથી આ બાજુનો વિસ્તાર રોડ ક્રોસ કરીને સુરત ન જવું પડે અને સૌરાષ્ટ્રના દર્દીઓને સિવિલ પહોંચવામાં ૨–૩ કલાક ન થાય એ માટે આ બન્ને હોસ્પિટલ કાર્યરત કરવાના છીએ. બધી સારવાર મળવાની છે. પહેલા જ વર્ષે ૫૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરી દીધી એટલે ઝડપથી કામ ચાલુ થઈ શકે. આઈ.કે.ડી.આર.સી. અમદાવાદના સેટેલાઈટ સેન્ટરની શરૂઆત માટે રૂપિયા ૧૮૬ કરોડની જોગવાઈ કરી છે. પહેલા અમદાવાદ આવવું પડતું હતું એની જગ્યાએ એના જ શહેરમાં દરેક જગ્યાએ સારવાર મળે એવી વ્યવસ્થા. યુ.એન. મહેતા કાર્ડિયોલોજી ઈન્સ્ટિટ્યૂટ અમદાવાદ તથા સેટેલાઈટ સેન્ટરની શરૂઆત અમદાવાદ, ભાવનગર, રાજકોટ, પોરબંદર વગેરે માટે રૂપિયા ૧૬૭ કરોડની જોગવાઈ. જી.સી.આર.આઈ. માટે (અંતરાય)

અધ્યક્ષશ્રી : * (xxx)

ડૉ. કિરીટકુમાર ચી. પટેલ : *(xxx)

અધ્યક્ષશ્રી : *(xxx)

ડૉ. કિરીટકુમાર ચી. પટેલ : *(xxx)

અધ્યક્ષશ્રી : *(xxx)

ડૉ. કિરીટકુમાર ચી. પટેલ : *(xxx)

અધ્યક્ષશ્રી : *(xxx)

ડૉ. કિરીટકુમાર ચી. પટેલ : * (xxx)

અધ્યક્ષશ્રી : * (xxx) મારી વાત સહિતની આ બધી જ વાતો રેકર્ડ ઉપરથી દૂર કરીએ છીએ.

શ્રી ઋષિકેશ ગ. પટેલ: મારો વિષય પૂરો કરું. જી.સી. આર. આઈ. સેન્ટર અમદાવાદ, રાજકોટ, ભાવનગર, પોરબંદર, વલસાડ, સિદ્ધપુર, હિંમતનગર અને ગોધરા રૂ.૧૫૩ કરોડની જોગવાઈ છે. દરેક જગ્યાએ આ વ્યવસ્થાઓ અમદાવાદમાં આવીને મળતી હતી એ ત્યાં ને ત્યાં મળે એ પ્રકારની વ્યવસ્થાઓ. ૬ સરકારી સિવિલ હોસ્પિટલ ખાતે ક્લોઝ આઈ.સી.યુ.ની સેવાઓ ઉપલબ્ધ કરાવી છે અને એના તબીબી સાધનો ખરીદવા માટે રૂ.૬૦ કરોડની જોગવાઈ કરી છે. આઈ.સી.યુ.માં દાખલ દર્દી માટે ડેડીકેટેડ ડૉક્ટર્સ અને નર્સિંગ સ્ટાફ ઉપલબ્ધ થશે. તમામ પ્રકારના મલ્ટી સ્પેશિયાલિટી ડૉક્ટર્સ આ ક્લોઝ સિસ્ટમ આઈ.સી.યુ.માં ઉપલબ્ધ બનતા સારવારની ગુણવત્તામાં પણ ફાયદો થશે અને ડેથ રેશિયોમાં પણ ખૂબ મોટો ડ્રાસ્ટીક ચેન્જ આવશે. પહેલા આઈ.સી.યુ. હતું એટલે એના રાઉન્ડ પ્રમાણે તજજ્ઞ ડૉક્ટરો આવી, જોઈને પછી જતા રહેતા હતા. પરંતુ હવે આ ક્લોઝ આઈ.સી.યુ.ના કારણે પૂરેપૂરી એની ચિંતા કરી શકાય. એ પ્રકારની વ્યવસ્થા તરફ રાજ્ય સરકાર અગ્રેસર છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપ બજેટ ઉપર અને તેની નીતિઓ ઉપર કહી શકશો. તમારા વિભાગની માગણીઓ આવે ત્યારે તમને ડીટેઈલમાં માહિતી આપવાનો મોકો ફરી મળશે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : સાહેબ, એટલે મેં મારા વિભાગનું થોડું બાકી રાખ્યું છે.

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : અચ્છા. મને એમ છે કે આરોગ્ય વિભાગ પણ છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : આરોગ્ય વિભાગનો માનનીય મંત્રીશ્રી પ્રફુલભાઇ જવાબ આપશે. સ્પોર્ટસમાં કેટલો બધો બદલાવ આવ્યો છે. પહેલા સ્પોર્ટસ બિલ્લા, છાપા, લખોટીઓ અને ભમરડાં એના સિવાયની કોઇ રમતનો જ એ સમય હતો. એ સમય મેં જોયેલો છે અને હું રમેલો છું. શ્રી શૈલેષભાઇ પણ રમેલા છે. પરંતુ હવે અમારા છોકરાઓ ક્રિકેટ, બેઇઝ બોલ, બાસ્કેટ બોલ, ટેનિસ, બેડમિન્ટન, ખોખો, સ્વિમિંગ આવું બધું કરી શકે એ પ્રકારની વ્યવસ્થાઓ તરફ છીએ. કારણ કે, દુનિયાની અંદર ક્યાંય ઓલમ્પિક ભમરડાની, બિલ્લાની કે છાપોની થતી નથી. સાહેબ, જો એ શાસન રહ્યું હોત ને તો હું માનું છું કે ભારતની અંદર કદાચ છાપો માટેનો પણ મેડલ મળતો હોત. લખોટી માટેનો પણ મેડલ મળતો હોત.

શ્રી શૈલેષ મ. પરમાર : સાહેબ, મારા મિત્ર છે, એમને બહુ સારી વાત કરી. કબડ્ડી, ખોખો બધું અમે રમ્યા છીએ. લખોટી, ગીલી ડંડા બધું રમેલા છીએ. અત્યારે રમત ચાલે છે એ સંગીત ખુરશીની ચાલે છે એનો ઉલ્લેખ કરવાનો રહી ગયો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : સાહેબ, સંગીત ખુરશીની અંદર..

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, સંગીત ખુરશીની રમત બધી બાજુ હશે.

શ્રી શૈલેષ મ. પરમાર : સાહેબ, અમારી ક્રિકેટ ટીમ છે.

અધ્યક્ષશ્રી : હા, એ બરાબર છે. એના કેપ્ટન માટે ઝઘડો હોય છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : સાહેબ, ૧૧ જણની ટીમ ખરી પણ ખુરશી એક અને આજુબાજુ ફરતા દાવેદાર એટલા બધા છે ને એથી પેલું મ્યુઝિક બંધ જ થતું નથી. એટલે દોડતા જ રહે છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય ઇશ્વરભાઇ, તમારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે? માનનીય મંત્રીશ્રી, આપ બેસજો.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : સાહેબ, મારો પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન છે. માનનીય અધ્યક્ષશ્રી, સંગીતની ખુરશીમાં આ પક્ષે વારાફરતી બધાને તક મળે છે. * (xxx)

અધ્યક્ષશ્રી : શાંતિથી તમે આ બધા વિષયમાંથી બહાર નીકળો. મને બહુ ઇન્ફર્મેશન મળી ગઇ છે.

શ્રી શૈલેષ મ. પરમાર : સાહેબ, માનનીય અધ્યક્ષશ્રી, * (xxx)

અધ્યક્ષશ્રી : હું માનનીય શૈલેષભાઇનો અને માનનીય ઇશ્વરભાઇનો બંને વિષય રેકોર્ડ પરથી દૂર કરું છું. માનનીય ઇશ્વરભાઇ, તમે આ બાબતને રહેવા દો. બધા આ બાબતને રહેવા દો. નેકસ્ટ.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : સાહેબ, ગુજરાતમાં કોમનવેલ્થ ગેમ્સ ક્યારે આવે? અમદાવાદને કયારે પસંદ કરવામાં આવે? કોમનવેલ્થમાં કેટલાય દાવેદારો હતા. છતાં ભારત પસંદ થાય. ભારતી અંદર ગુજરાત પસંદ થાય અને ગુજરાતની અંદર અમદાવાદ પસંદ થાય. આ ખૂબ મોટો વિષય છે. સ્પોર્ટસ એ એક સ્વભાવ બને, ઘરે ઘરે સ્વભાવ બને એ માટેનો જે પ્રયત્ન ખેલ મહાકુંભથી ચાલુ થઇ ખેલો ઇન્ડિયા સુધી પહોંચ્યો, આપણે નરેન્દ્રભાઇના શાસનમાં હતા એટલે આપણે ઝડપી કોમનવેલ્થ સુધી પહોંચી ગયા હતા. સ્પોર્ટસ કોમ્પલેકસ, સ્ટેડિયમ આધુનિક જાહેર પરિવહન, રૂ. ૧૨૭૮ કરોડ ની જોગવાઇ કરી, હજી સન ૨૦૩૦ની વાર છે, હજી તો સન ૨૦૨૬ ચાલે છે, તમે વિચારો આગામી ચાર વર્ષની અંદર જે પ્રકારે સ્પોર્ટસ કોમ્પલેક્સ, હોટલ્સ, બીજી બધી અનેક ફેસિલિટી જે ઊભી થવાની છે એ કેપીટલ ઇન્વેસ્ટમેન્ટ ગુજરાતમાં થવાનું છે. કેટલાય લોકો અહીંયા હોટલ સ્થાપવા, નાના મોટા ધંધા માટે અનેક લોકો આવવાના છે, સ્પોર્ટસ ઇન્ફ્રાસ્ટ્રકચર થશે અને સ્પોર્ટસનું ઇન્ફ્રાસ્ટ્રકચર થશે એના પછી પણ અનેકવિધ રમતો માટેનું સેન્ટર સન ૨૦૩૦ પછી પણ અમદાવાદ, ગુજરાત બનવાનું છે. આપણને યજમાની મળી એ ગૌરવનો વિષય છે અને કોમનવેલ્થ આપણે લઇએ એટલે સન ૨૦૩૬ના ઓલિમ્પિકની વાત કરીએ છીએ એટલે આપણે અત્યારે રોડમેપ નક્કી કરીએ છીએ, અત્યારે આપણે સન ૨૦૩૦ થી ૨૦૩૫ સુધી શું કરીશું? અમે આટલું કરીશું, આટલ રસ્તો કાપીશું , આટલે પહોંચીશું અને સન ૨૦૪૭ સુધી શું કરીશું? સાહેબ, આયોજન સાથે આગળ વધીએ છીએ. આયોજન સુધી સાથે ચાલીએ છીએ એટલે આપણે ઓલિમ્પિક સુધી પણ ચોક્કસ પહોંચીશું. સુવ્યવસ્થિત પરિવહન તંત્ર, આધુનિક આવાસ સુવિધાઓ સન ૨૦૩૦ પહેલાં આપણે પૂરી કરવી છે, પેરા–સ્પોર્ટસનો પણ સંપૂર્ણ સમાવેશ સર્વજન સુલભ સુવિધાઓ, રીન્યુએબલ પાવર વેન્યુઝ, લો એમીશન ટ્રાન્સપોર્ટ, ઝીરો વેસ્ટેજ ઓપરેશન્સ જેવી પહેલો દ્વારા ટકાઉ વિકાસના નવા ધોરણો પણ આપણે સ્થાપિત કરી રહ્યા છીએ અને હજી પણ કરવા માટે આપણે પ્રતિબદ્ધ છીએ, વિકસિત ભારત ૨૦૪૭ અને વિકસિત ગુજરાતની વ્યાપક રાષ્ટ્રીય તથા રાજય સ્તરની દ્રષ્ટિને સાકાર કરવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું હશે. આ રમતોની યજમાનીથી ગુજરાતને ભારતની રમત ગમતની રાજધાની તરીકે અને એમાં પણ ગુજરાત જયારે પણ સ્પોર્ટસનો વિષય આવશે, ગુજરાત અને અમદાવાદ પહેલા નંબરે ગણાય એ પ્રકારે થશે. ભૂતકાળમાં કોમનવેલ્થ દિલ્હીમાં રમાઇ છે, એ જે એ રમાઇ એ રમાઇ એ પછી બધું રમાઇ ગયું. પૂરું થઇ ગયું. કોમનવેલ્થ પછી આખી કોંગ્રેસ વર્કિંગ ગેમ્સ (અંતરાય) સાહેબ, આખું રૂટીન હોય પણ રૂટીનની અંદર જોવામાં તો આવે ને કે આની લાયકાત છે કે નહીં? કોઇપણ માણસના લગ્ન થાય પણ એની લાયકાત તો હોવી જોઇએ ને? લાયકાત વગર ઘણા બધા એમનેમ હોય છે સાહેબ, (અંતરાય) લાયકાત હોવા છતાંય કદાચ ન સ્વીકારે એ વિષય જુદો છે. મારે એટલું જ કહેવું છે કે એમની છેલ્લી ગેમ દિલ્હીની બની એના

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

પછી દિલ્હીમાં જોવા નથી મળ્યા, ભારતમાં જોવા નથી મળ્યા અને સન ૨૦૩૦ કોમનવેલ્થની યજમાની સન ૨૦૩૬નો આપણો દાવો મજબૂત કરે છે. રાજયમાં વધતા જતા શહેરીકરણને ધ્યાનમાં લઇ સુવિધાઓના વિકાસ માટે પણ આ વર્ષના બજેટમાં આપણે પૂરતું ધ્યાન આપ્યું છે. રુ.૩૩,૫૦૪ કરોડની જોગવાઇ કરી, એક વિષય એવો આવ્યો, માનનીય શૈલેષભાઇ તો શહેરના ધારાસભ્ય છે, એમણે મુદ્દો ઉઠાવ્યો કે ગુજરાતની અંદર એકલા શહેરો માટે આટલું મોટું બજેટ? ગામડાઓમાં ખેડૂત વસે છે, યુવાનો પણ વસે છે, એમના શિક્ષણ માટે એમની ખેતી માટે, એના ઇરિગેશન માટે, એના ઇલેક્ટ્રિસિટી માટે, એના આરોગ્ય માટે આપણે વ્યવસ્થા નથી કરતા? પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ જે રુ.૧૪ હજાર કરોડનું જે બજેટ છે, એ નાની નાની બાબતો માટે, ગામના નાના વિકાસો માટેની રકમ છે બાકી મુખ્ય જે વાતો છે એ ઇરિગેશન માટે, તળાવો ભરવાનો વિષય, ખેડૂતોને બિલકુલ રાહત દરે વીજળી આપવાનો વિષય આ બધા વિષયો આવે જ છે. શહેરોના લોકોનો ઇઝ ઓફ લિવિંગનો હક્ક નથી? એમને સારા રસ્તા ન જોઇએ? સારી ગટર વ્યવસ્થા ન જોઇએ? એમને વરસાદનું પાણી ભરાય તો ઝડપથી નિકાલ થાય એવી વ્યવસ્થા ન જોઇએ? એમને ઇલેક્ટ્રિસિટીની વ્યવસ્થા ના જોઇએ? શહેરોને તો કેવળ સારી રીતે રહેવાની વ્યવસ્થા આપીએ છીએ અને સારી રીતે રહેવા માટે પ્રત્યેક શહેરીજન એનટાઇટલ છે. સારી રીતે જીવી શકે એના માટે શહેરોમાં સારામાં સારા રૂપિયા ખર્ચાવા જોઇએ. ગામડાઓ માટે, ગામડાના ખેડૂતો માટે, ગામડાની બહેનો માટે સખી મંડળની વ્યવસ્થા છે. શહેરો માટે પણ ઇઝ ઓફ લિવિંગની ચિંતા માનનીય શૈલેષભાઇ કરતા હોય ત્યારે ''વધારે પૈસા આપ્યા'' એવું કહેવું ખોટું છે. માળખાગત સુવિધાઓ માટે રૂ.૧૬૧૧૬ કરોડની જોગવાઇ કરી છે. સ્થાનિક સ્વરાજ સંસ્થાઓને નાણાકીય સહાય માટે રૂ.૩૩૫૪ કરોડની જોગવાઇ કરી છે. અમદાવાદ–સુરત મેટ્રો વિસ્તરણ સહિત ગુજરાત મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે રૂ.૨૨૧૭ કરોડની જોગવાઇ, અમૃત મિશન – ૨ હેઠળ રૂ.૧૯૦૦ કરોડની જોગવાઇ, શહેરી પરિવહનને વધુ સુદ્રઢ કરવાના હેતુથી સ્માર્ટ પાર્કિંગ, ઇન્ટિગ્રેટેડ ટ્રાફિક મેનેજમેન્ટ માટે રૂ.૨૦૦ કરોડ, ૧૨ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ઇન્ટિગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરની સ્થાપના માટે રૂ.૧૮૦ કરોડ, ગાંધીનગર ખાતે નમો સેન્ટ્રલ લાઇબ્રેરી માટે રૂ.૧૫૦ કરોડ, લોથલ અને અંબાજીને આંતરરાષ્ટ્રીય કક્ષાએ સ્થાન અપાવવા માળખાગત સુવિધાઓ માટે રૂ.૧૪૭ કરોડ આપ્યા છે. રાજ્ય સરકાર શહેરના વિકાસ સાથે ગામડાના વિકાસ માટે પણ પ્રતિબદ્ધ છે. એ પ્રાયોરિટીમાં છે. જ્યારે મહાત્મા ગાંધી કહેતા હોય, સરદાર પટેલ કહેતા હોય અને આદરણીય નરેન્દ્રભાઇની દ્રઢ માન્યતા હોય કે ગામડામાં ભારતનો આત્મા છે તો કોઇ પણ સરકાર અને એમાં પણ ભારતીય જનતા પાર્ટીની સરકાર કે જેણે એકાત્મ માનવવાદ આપ્યો છે. જેણે જીવનનું અંતિમ સત્ય દર્શન આપ્યું છે એવી પાર્ટી માટે ગામડું મહત્ત્વનું છે. એમાં ગ્રામ્ય ક્ષેત્રે શિક્ષણ આરોગ્યની સેવાઓ, સિંચાઇ, કૃષિ વ્યવસ્થાઓ માટે આપણે અલગથી બજેટની ફાળવણી કરતા જ હોઇએ છીએ. આ વખતે પરંપરાગત ચાલતી મનરેગાનું કલેવર આપણે બદલી નાંખ્યું. એમાં આપણે રૂ.૧૫૦૦ કરોડની જોગવાઇ 'જી–રામજી' માટે કરી છે. જ્યારે એનો વિષય આવે ત્યારે એની ચર્ચા કરીશું. પ્રધાનમંત્રી આવાસ યોજના થકી ગ્રામીણ નાગરિકોને પાકું ઘર પ્રદાન કરવા માટે છેલ્લાં ત્રણ વર્ષમાં રૂ.૨ લાખ પર હજાર કરોડથી વધુ આવાસોનું નિર્માણ કર્યું છે. ૧ લાખ ૬૦ હજારથી વધુ આવાસો માટે રૂ.૧૭૫૫ કરોડ આપણે અલગ મૂક્યા છે. મુખ્યમંત્રી નિર્માણ ગ્રામ યોજના માટે રૂ.૬૫૦ કરોડની ફાળવણી કરી છે. ગ્રામ્ય વિકાસનો પ્રથમ આધારસ્તંભ સ્વચ્છતા છે. સ્વચ્છતા માત્ર પર્યાવરણની બાબત નથી પણ સીધી આરોગ્ય સાથે જોડાય છે. એ ક્વૉલિટી ઓફ લાઇફ સાથે સીધું જોડાઇ રહ્યું છે. હાલમાં સ્વચ્છતા સંબંધી અનેક યોજનાઓ જેવી કે ગુજરાત સ્વચ્છ ગામ, સ્વસ્થ ગામ, મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન, નિર્મળ ગુજરાત–૨ છે. આદરણીય મુખ્યમંત્રીશ્રીનો ખૂબ સરસ કન્સેપ્ટ હતો. એક જ યોજના થકી આ સ્વચ્છતાના બધા પેરામીટર છે. એક જ યોજના હેઠળ એનો સમાવેશ થવો જોઇએ. રોજે દરેક ઘરેથી કચરો એકત્ર કરવા માટે, ઘન કચરાનું વિભાજન, વૈજ્ઞાનિક પ્રોસેસિંગ, ગટર પ્રવાહી કચરાની યોગ્ય વ્યવસ્થા, સ્વચ્છતા વાહનો માટેની જાળવણી માટે પણ ગ્રામ પંચાયત સ્તરે સ્વચ્છતા, સ્કોરિંગ અને રેન્કિંગ સિસ્ટમ, નાગરિક ભાગીદારી દ્વારા સ્વચ્છતા જાગૃતિ અભિયાન આ બધાં કામો હવે આપણે એક જ ટાઇટલ નીચે કરીશું.

માનનીય અધ્યક્ષશ્રી, હું જળસંપત્તિ વિભાગની વાત કરું તો ખેડૂતના ખેતર સુધી પાણી પહોંચે, વરસાદી પાણી દરિયામાં વહી ન જાય, વધુમાં વધુ પાણીનો ઉપયોગ કરી તળાવો અને ચેકડેમ સુધી કઇ રીતે પહોંચે તેના માટે ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છના સૂકા પ્રદેશોમાં ૧ મિલિયન એકર ફીટ પાણી વહેંચેલું છે પરંતુ પૂરેપૂરું ડિસ્ટ્રિબ્યુટ કરી શકાતું નથી. ઉત્તર ગુજરાત માટે રૂ.૧૨૩૭ કરોડ, સૌની યોજના માટે રૂ.૪૭૩ કરોડ, કચ્છની યોજના માટે રૂ.૧૩૩૩ કરોડની જોગવાઇ કરી છે. આવતાં વર્ષોમાં આ રકમ થકી જે તળાવો બાકી છે તે ભરાવાનું ચાલુ થશે. ચોમાસાના પાણીને દરિયામાં વહી જતાં રોકવા માટે મોટા ચેકડેમ/વિયર બાંધવા માટે રૂ.૮૯૬ કરોડ એટલે કે લગભગ રૂ.૯૦૦ કરોડની જોગવાઇ કરી છે. ૭–૮ કિ.મી. સુધી પાણી ભરાઇ રહે અને ચોમાસામાં નદી દેખાતી હોય તેવી જ નદી દેખાય તેના માટે આ રકમની ફાળવણી કરી છે. વલસાડ જિલ્લાના મધુબન ડેમ આધારિત ઘરમપુર–કપરાડા લિફ્ટ ઇરિગેશન માટેની વ્યવસ્થા થકી ૩૫ ગામોના ૧૬,૨૩૫ હેક્ટર વિસ્તારમાં સિંચાઇની સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે રૂ.૮૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. છોટાઉદેપુર, દાહોદ, પંચમહાલ જિલ્લાના નર્મદા આધારિત ઉદવહન સિંચાઇ યોજનાથી ૧૮ તાલુકાના ૫૧,૪૮૦ હેક્ટર વિસ્તારમાં સિંચાઇ, આદિજાતિ વિસ્તારના કુલ ૧૪ જિલ્લાઓના ૬૫૧ ગામોને આવરી લેતી ૨૬ જૂથ યોજના માટે રૂ.૨૮૦ કરોડ, આદિવાસી વિસ્તારના ડાંગ જિલ્લાના ૨૭૬ ગામો તથા ત્રણ શહેરોનો સમાવિષ્ટ કરતી ડાંગ જિલ્લાની જૂથ પાણી પુરવઠા યોજના માટે

રૂ.૮૬૬ કરોડ, વાવ–થરાદ જિલ્લામાં નર્મદા મુખ્ય નહેર આધારિત ૨૪૦ ગામો માટેની સુધારણા યોજના માટે રૂ.૩૪૬ કરોડની જોગવાઇ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપને પણ અભિનંદન. આપના થકી, આપના માર્ગદર્શન અને વિચારો થકી રાજ્યના વિકાસના આયામમાં અનેક નવા વિષયો મળી રહ્યા છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, ભાભર તાલુકાના ગામોનો સમાવેશ થઇ ગયો હશે. બાકી રહી ગયા હોય તો નોંધ લેવામાં આવે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મતવિસ્તારની ચોક્કસ કાળજી રાખવામાં આવશે.

અધ્યક્ષશ્રી : મારા મત વિસ્તાર બહારનું છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપ બનાસકાંઠાના છો. પાંચ અને દસ હજાર રૂપિયાનો એક વીઘો મળતો હતો.

અધ્યક્ષશ્રી : બહુ મોટો બદલાવ આવ્યો છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અમૃતજીએ જે ઓબ્ઝર્વેશન કર્યા, શરૂઆતમાં કહ્યું કે અમને પાણી મળતું નથી અને ફરી એ જ બોલે છે કે ૭૦થી ૮૦ લાખ લીટર દૂધ અમારી બનાસ ડેરીમાં આવે છે. આપ જ્યારે બેઠાં ત્યારે ચાર હજાર કરોડ હતું અને હવે ૨૪ હજાર કરોડ થયું છે. દૂધ ન વધે, ભેંસો ન વધે, ઘાસચારો ન વધે, ઈરિગેશનની વ્યવસ્થા ન વધે, નર્મદાનું પાણી ન મળે તો આ બધી વ્યવસ્થાઓ શક્ય છે ખરી?

અધ્યક્ષશ્રી : બહુ મોટું ઐતિહાસિક કામ થયું છે. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ઈરિગેશનનું જે કામ થયું છે તે સમગ્ર દુનિયામાં આટલાં મોટાં પ્રમાણમાં એકસાથે ભાગ્યે જ થયું હશે એટલે બહુ સારું કામ થયું છે. અહીંયા બેસીને મારે એટલા માટે કહેવું પડે કે તે રેકોર્ડ ઉપર છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તા.૨૮મીના રોજ આદરણીય પ્રધાનમંત્રીશ્રી સાણંદ સેમિકન્ડક્ટરની વિઝિટ કરવા માટે આવવાના છે. ચાઇના અને તાઇવાનમાં જે ઇલેક્ટ્રોનિક સાધનો બને છે તે હવે આપણે ત્યાં બનશે. સેમિકન્ડક્ટર ચિપ માટે બીજા દેશો પર નિર્ભર રહેવું પડે છે. અત્યારે કોઇને નહીં દેખાય પરંતુ આ બહુ મોટી ક્રાંતિ છે. આવતાં ત્રણ–ચાર વર્ષોમાં ગુણવત્તાયુક્ત વસ્તુ સસ્તા ભાવે મળી રહેવાની છે. ઇલેક્ટ્રોનિક્સ ઉપકરણોનું માસ પ્રોડક્શન થવા જઇ રહ્યું છે. દુનિયામાં આપણે આપી શકીશું એ દિશામાં આગળ વધી રહ્યા છીએ. અત્યાર સુધી સેમિકન્ડક્ટર ચિપ બહારથી લાવીને બનાવતા હતા. આખો વિષય બદલાઇ જવાનો છે. ભારત સેમિકન્ડક્ટરનું હબ બનશે. એની પૉલિસી માટે રૂ.૧૧૦૦ કરોડ સાણંદ સ્થિત પ્લાન્ટની મુલાકાત માટે આદરણીય પ્રધાનમંત્રીશ્રી આવવાના છે. ઇલેક્ટ્રોનિક્સ પોલિસી માટે પણ રૂ.૧૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. વર્ષોથી અંબાજીમાં ભૂગર્ભ કોપર લીડ ઝીંક ખાણ હતી. એને સજીવન કરવાના કામ માટે રૂ.૬૧૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. કોપરનો વિશ્વમાં વપરાશ વધી રહ્યો છે. જેમ જેમ ગ્રીન એનર્જીનો વિકાસ થઇ રહ્યો છે, અનેક કોપર આધારિત ઉદ્યોગોનો વિકાસ થઇ રહ્યો છે. આપણે ફરીથી એને પુનઃ સજીવન કરવાનું કામ કરી રહ્યા છીએ. આસ્થાના કેન્દ્રો અંબાજી, ડાકોર, દ્વારકા, માતાનો મઢ, ગિરનાર–મહાશિવરાત્રિના મેળામાં આવતા શ્રદ્ધાળુઓ માટે, નર્મદા પરિક્રમા પથ પર પદયાત્રીઓ માટે સુવિધાઓ ઊભી કરવા માટે રૂ.૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ગિરનારનો મેળો છે એ મિની કુંભ જેવો મેળો માનનીય હર્ષભાઇના નેતૃત્વમાં થયો એવી વાત પ્રસ્થાપિત થાય છે. કારણ કે, આપણે કેવળ ને કેવળ એકબાજુ ફોકસ કરતા નથી. આપણે ન્યાયમાં પણ ખૂબ સારું કામ કર્યું છે. એક બહુ મોટો વિષય હોય તો એ બોર્ડર પોસ્ટ એરિયામાં દસ કિલોમીટરનો એલિવેટેડ કેબલ નેટવર્કનો પ્રોજેક્ટ પૂરો કર્યો છે. ઉપરથી વાયર જતા હોય, અન્ડરગ્રાઉન્ડ વાયર જતા હોય. વાવાઝોડું, યુદ્ધ અથવા કોઇ આકસ્મિક પરિસ્થિતિમાં બોર્ડર પર રહેતા જવાનો માટે ઇલેક્ટ્રિસિટીનો ખૂબ મોટો પ્રશ્ન ઊભો થતો હતો. અન્ડરગ્રાઉન્ડ નાંખવામાં આવે તો ખારાશ હોય ત્યાં વાયરો ખવાઇ જતા હતા. આ માટે આપણે એક નવતર પ્રયોગ કર્યો. ગમે તેવું વાવાઝોડું હોય કે ગમે તેવો એટેક હોય તો ચોવીસ કલાક વીજળી આપણા જવાનોને મળી રહે એ પ્રકારની વ્યવસ્થા માટે દોઢેક વર્ષથી આ પ્રોજેક્ટ સફળતાપૂર્વક રન થઇ રહ્યો છે. એના માટે પણ રૂ.૧૦૦ કરોડની જોગવાઇ કરી છે. એટલે બોર્ડર વિસ્તારમાં રહેતા અને સુરક્ષા કરતાં જવાનોને કોઇ તકલીફ ન પડે એ માટે પાણી અને વીજળી પહોંચાડવાનું કામ આપણી સરકાર કરવા જઇ રહી છે. આદિજાતિ, સાગરકાંઠા અને અન્ય વિસ્તારોમાં નવા જોડાણો આપવા માટે રૂ.૧૧૬૬ કરોડ, ખેડૂતોને દિવસે વીજળી આપવા માટે રૂ.૫૦૦ કરોડ સિંગલ શિફ્ટ અને ડબલ શિફ્ટમાં આપીએ છીએ. જે ગામો બાકી છે ત્યાં સુધી પહોંચવાનો અમારો પ્રયત્ન છે. પરંતુ અમારો નિર્ધાર છે કે સિંગલ શિફ્ટમાં દિવસે જ ખેડૂતોને વીજળી મળે એ પ્રકારની વ્યવસ્થાઓ આપણે ઊભી કરવા જઇ રહ્યા છીએ. સાગરકાંઠાના આદિજાતિ વિસ્તારોમાં નવા સબસ્ટેશનો માટે રૂ.૩૫૦ કરોડ, જનજાતિય કલ્યાણ યોજના હેઠળ ગુણવત્તાયુક્ત વીજળી માટે રૂ.૨૦૧ કરોડ, પી.એમ. કુસુમ યોજના માટે કોમ્પોનન્ટ–બીમાં ઓફ ગ્રીડ સોલર પાવર માટે રૂ.૨૦૦ કરોડ, યાત્રાધામોમાં વીજળી માટે રૂ.૧૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. બોર્ડર ટુરિઝમ, હેરિટેજ ટુરિઝમ, બીચ ટુરિઝમ, સ્પોર્ટ ટુરિઝમ, ધાર્મિક ટુરિઝમ, મેડિકલ ટુરિઝમ, ડેસ્ટિનેશન ટુરિઝમ અને એન્ટરટેઇનમેન્ટ ટુરિઝમ. ટુરિઝમમાં આટલા બધા વિષયોની કોઇએ કલ્પના કરી ન હતી. બીચોનો વિકાસ કરવો, ધાર્મિક અને આસ્થાના સ્થળોનો વિકાસ કરવો, મેડિકલ ક્ષેત્રે પણ લોકો સારવાર લઇ શકે એવા અનેક વિષયો સાથે

પ્રવાસનની ઘોરડોથી ચાલુ થયેલી સફર કેવળ કચ્છ પૂરતી નથી પણ ગુજરાતના પ્રત્યેક ખૂણા સુધી પહોંચવાનો સંકલ્પ પૂરો કરવા તરફ આગળ વધી રહ્યા છીએ. પાટણ જિલ્લાના સરસ્વતી તાલુકાના હેડક્વાર્ટર ચોમારપુરાથી માત્ર દસ કિલોમીટરના વિસ્તારમાં પાટણ ખાતે નીચે મુજબની ગ્રાન્ટેડ કોલેજો કાર્યરત છે. અંતર જોવાતું હોય છે. વિદ્યાર્થીએ એ જ જિલ્લામાં ભણવું એવું જરૂરી હોતું નથી. માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણની વ્યવસ્થા માટે દસ જ કિલોમીટરના અંતરે જિલ્લો બદલાતો હોય તોપણ ગુજરાતમાં વિદ્યાર્થી બીજા જિલ્લામાં જઈને ભણી શકે છે. એલ.એન.કે કોલેજ ઓફ એજ્યુકેશન પાટણ બી.એડ કોલેજ, એમ.એન.સાયન્સ કોલેજ પાટણ વિજ્ઞાન પ્રવાહ, ટી.એસ.આર. કોમર્સ કોલેજ પાટણ વાણિજ્ય...

અધ્યક્ષશ્રી : માનનીય ઋષિકેશભાઇ, માનનીય દંડકશ્રી કંઇ કહે છે.

સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીનું આજનું બજેટ ઉપરનું પ્રવચન પૂર્ણ થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે તેવી દરખાસ્ત કરું છું.

શ્રી શૈલેષ મ. પરમાર : (કૉંગ્રેસ પક્ષના ઉપનેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, જવાબ એટલો જ છે.

અધ્યક્ષશ્રી: આપણે બહુમતિથી મૂકીશું એના કરતાં ફક્ત બે મિનિટ જ છે.

શ્રી શૈલેષ મ. પરમાર : (કૉંગ્રેસ પક્ષના ઉપનેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ભલે બહુમતિથી કરે. અમે નહીં માનીએ.

પ્રશ્ન મત ઉપર મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી: માનનીય મંત્રીશ્રીનું પ્રવચન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય શૈલેષભાઇ, એમના સભ્યશ્રીના જવાબ માટેની લાગણી સમજ્યા નહીં પરંતુ હું બહું લાંબો સમય નહીં લઉં. એલ.એન.કે કોલેજ ઓફ એજ્યુકેશન પાટણ, એમ.એન. સાયન્સ કોલેજ પાટણ, ટી.એસ.આર. કોમર્સ કોલેજ પાટણ, પી.કે.કોટાવાલા આર્ટ્સ કોલેજ પાટણ, એમ.એન. લો કોલેજ પાટણ. સરસ્વતી તાલુકાના ચોરમારપુરાથી માત્ર દસ કિલોમીટરમાં પાટણ ખાતેની આટલી ગ્રાન્ટેડ કોલેજો છે. એ જ તાલુકા કે એ જ જિલ્લામાં કોલેજ હોવી જોઇએ એવું ના હોય. નજીકના વિસ્તારમાં સુવિધાઓ એ ચાહે આરોગ્યની હોય કે શિક્ષણની હોય એ પૂરી કરવાની જવાબદારી રાજ્ય સરકારની છે. સરસ્વતી તાલુકાના માત્ર ૧૫ કિલોમીટરના વિસ્તારમાં બનાસકાંઠા ખાતે સરકારી વિનિયન અને વાણિજ્ય કોલજ શિહોરી અને આ જે ગ્રાન્ટેડ કોલેજ છે...

અધ્યક્ષશ્રી: માનનીય ઋષિકેશભાઇ, એક મિનિટ. માનનીય મંત્રીશ્રી કંઇક કઇ રહ્યા છે. આપ આપના સ્થાન ઉપર આવીને બોલો ત્યાંથી નહીં બોલી શકો.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કિરીટભાઇ હાથ ઊંચો કરતા હતા અને મારી સામે જોતા હતા એટલે એ કહેતા હતા કે તમે પણ વિનંતી કરો. સાહેબ, એમને માંડ મોકો મળ્યો છે કારણ કે એક સભ્ય છે ત્યાં સુધી એમને બોલવા દેતા નથી. મોકો મળ્યો છે અને એમને બોલવું હોય તો મને કહે છે કે બોલવા માટે સાહેબને વિનંતી કરો. મને એમણે ઇશારો કર્યો કે આપ પણ કહો. આજ એમનો મોકો છે. એમના ઇન્ટરનલ ઝઘડાઓ એટલા બધા છે કે એમને મોકો મળતો નથી.

અધ્યક્ષશ્રી: **आप दोनों इशारे-इशारे में क्या बात करते हैं हमें नहीं पता।**

ડૉ. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે કહ્યું કે ચોરમારપુરાથી દસ કિલોમીટર છે અને ચોરમારપુરાથી ૧૫ કિલોમીટર શિહોરી છે. માનનીય મંત્રીશ્રી, માનનીય અધ્યક્ષશ્રી સારી રીતે જાણે છે અને એ વિસ્તારના અનુભવી છે. ચોરમારપુરાથી શિહોરીનું ૩૫ કિલોમીટરનું અંતર છે. તમે સરસ્વતી તાલુકાની વાત કરો તો વાયડથી પાટણની કોલેજનું અંતર ૩૫ કિલોમીટર થાય. રાજ્ય સરકારે એક પૉલિસી બનાવી હતી કે દરેક તાલુકામાં સરકારી કોલેજ આપવી. પાટણ તાલુકામાં એકપણ સરકારી કોલેજ નથી એટલા માટે મેં વિનંતી કરી હતી કે સરસ્વતી તાલુકાના ૬૫ ગામ છે તો એ ૬૫ ગામોમાં એક સરકારી કોલેજ આપો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અંતર કરતાં પણ વિશેષ વિદ્યાર્થીઓની લાગણી છે. જ્યારે ધારાસભ્યશ્રી માગણી કરતા હોય, અહીંયા ૧૮૨ ધારાસભ્યશ્રીઓ છે. આ ગુજરાત બેહું છે અને ગુજરાતનો અવાજ છે એટલે એને ચોક્કસ જોઇ, યોગ્ય હશે તથા વિદ્યાર્થીઓની સગવડ ઊભી થતી હશે તો હું ચોક્કસ માનનીય મુખ્યમંત્રીશ્રી સાથે...

અધ્યક્ષશ્રી: માનનીય મંત્રીશ્રી, આપ આવી ખાતરી માગણીઓ ઉપર આપી શકશો. આપ બાકી પણ કરી શકશો. આ બજેટનું છે અને આ પ્રશ્નોત્તરીકાળ પણ નથી. માનનીય કિરીટભાઇ, આ પ્રશ્નોત્તરીકાળ નથી. તમે કમિટમેન્ટ આપતા હોય તો હું તો રેકોર્ડ ઉપર લઇ લઇશ એમાં કોઇ વાંધો નથી.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપે એમને એમની લાગણી વ્યક્ત કરવા માટે એલાઉ કર્યા એટલે જ્યારે એમની લાગણી વ્યકત કરે છે એટલે હું પણ સરકાર વતી સરકારની લાગણી વ્યકત કરું છું. એ બાબતમાં ચોક્કસ વિચારણા કરીશું.

અધ્યક્ષશ્રી: પ્રેમને વશ તો ભગવાન પણ થતા હોય તો માનનીય મંત્રીશ્રી કેમ ના થાય? તારીખ ૨૭મી ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ માનનીય ગવર્નરશ્રી આ સભાગૃહમાં આવે છે અને પ્રાકૃતિક કૃષિ સંવાદ રાખવામાં આવ્યો છે. એ કાર્યક્રમમાં

માનનીય કૃષિ મંત્રી શ્રી જીતુભાઇ વાઘાણીજી તરફથી બધાને પ્રીતિ ભોજન માટેનું નિમંત્રણ છે એટલે આપે જે કહ્યું હતું એ પ્રમાણે હું આપના વતી બધા સભ્યશ્રીઓને નિમંત્રણ આપું છું. તે દિવસે અગિયારસ હશે તો ઉપવાસ માટેની વ્યવસ્થા પણ માનનીય મંત્રીશ્રીએ કરી છે તેવું પણ એમણે મારા ધ્યાન ઉપર મૂક્યું છે.

સભાગૃહનું કામકાજ સાંજના ૫–૦૫ વાગ્યે પૂરું થતાં સભાગૃહ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરુવાર, તા.૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

પુસ્તક–૧૧૭	વિષય સૂચિ	ચોથી શ્રેણી
સભ્યનું નામ	**વિષય**	**પેજ નં.**
અધ્યક્ષશ્રી	"વંદે માતરમ" ગાનના ૧૫૦ વર્ષની અવસરની ઉજવણી બાબત	૨૫૭
અક્ષયકુમાર ઈ. પટેલ	વડોદરા જિલ્લા પંચાયતમાં જુનીયર ફાર્માસીસ્ટની મંજુર થયેલ જગ્યાઓ	૨૨
અનંતકુમાર હ. પટેલ	અનુસુચિત જનજાતિના રોસ્ટર પોઇન્ટ બાબત	૩૩૧
	નવસારી અને વલસાડ જિલ્લામાં આવેલ સરકારી હોસ્પિટલ્સનું સંવર્ગવાર મંજૂર મહેકમ	૬૭
	નવસારી અને વલસાડ જિલ્લામાં ગેરકાયદે ખનન	**૩૪૨**
	નવસારી અને વલસાડ જિલ્લામાં ગૌમાંસ અને ગૌવંશના આરોપીઓ બાબત	૪૦૨
અનિકેત ગિ. ઠાકર	પૂરક *માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)	૩૦૨
અનિરૂદ્ધ ભા.દવે	કચ્છ જિલ્લામાં બનાવવામાં આવેલ ચેકડેમ	૩૩૨
અભેસિંહ મો. તડવી	રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)	૨૭૦
	છોટાઉદેપુર જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કૃષિ વિષયક વીજ જોડાણો	૧૨૨
	છોટાઉદેપુર જીલ્લામાં પંચાયત હસ્તકના રસ્તાઓ બાબત	૩૪૪
	નસવાડી તાલુકાના ઘણિયા ઉમરવા તળાવની કેનાલો બનાવવા	૩૩૮
	નસવાડી તાલુકામાં ગઢબોરિયાદ ગામે આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્રના મકાન બાંધકામ બાબત	૨૧
	સંખેડા તાલુકામાં પંચેશ્વર ગામે ઉચ્છ નદી ઉપર ચેકડેમ બાબત	૩૨૫
અમૃતજી મો. ઠાકોર	અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)	૪૪૦
	પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)	૨૮૮
	અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં આવેલ સરકારી હોસ્પિટલ્સનું સંવર્ગવાર મંજૂર મહેકમ	૪૭
	અમદાવાદ શહેરમાં ભાડાની જગ્યા પર કાર્યરત પોલીસ કચેરીઓ	**૪૦૪**
	અમરેલી અને અરવલ્લી જિલ્લામાં આવેલ સરકારી હોસ્પિટલ્સનું સંવર્ગવાર મંજૂર મહેકમ	૧૪૩
	કચ્છ અને ખેડા જિલ્લામાં આવેલ સરકારી હોસ્પિટલ્સનું સંવર્ગવાર મંજૂર મહેકમ	૨૨૫
	બનાસકાંઠા અને અમદાવાદજિલ્લામાં ગૌમાંસ અને ગૌવંશના આરોપીઓ બાબત	૪૨૬
	સાબરમતી રિવરફ્રન્ટ ખાતે હેલીકોપ્ટર જોય રાઇડીંગ	૪૨૦
અમિત ચાવડા	આણંદ અને સુરત જિલ્લામાં આવેલ સરકારી હોસ્પિટલ્સનું સંવર્ગવાર મંજૂર મહેકમ	૧૮૧
	આર્સેલર મિત્તલ સ્ટીલ ઈન્ડીયા દ્વારા સરકારી જમીન પર દબાણ	૩૩૨
	જામનગરની JCCC હોસ્પિટલમા સરકારી નાણાનો દુરુપયોગ	૧૦
	દાહોદ અને વલસાડ જિલ્લામાં વન અધિકાર અધિનિયમ–૨૦૦૬ હેઠળ દાવાઓ/અરજીઓ	૪૦૧
	રાજ્યમાં પેટ્રોલિયમ અને કુદરતી ગેસનું ઉત્પાદન	૧૧૨
	સુરેન્દ્રનગર અને કચ્છ જિલ્લામાં ગેરકાયદે ખનન	૩૪૨
અમિત ઠાકર	રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)	૨૭૨
અમિત શાહ	અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)	૪૩૮
અર્જુનભાઈ દે. મોઢવાડિયા	ગૃહમાં સાચી માહિતી આપવા તેમજ સોશિયલ મીડિયામાં નિવેદન આપવા અંગે	૩૫૫
અરૂણસિંહ અ. રણા	ભરૂચ જિલ્લામાં આત્મનિર્ભર ગુજરાત યોજના–૨૦૨૨ હેઠળ Micro, Small and Medium Enterprise (MSME) એકમોની ક્લેઇમ અરજીઓ	૩૮૬
	ભરૂચ જિલ્લામાં આત્મનિર્ભર ગુજરાત યોજના–૨૦૨૨ હેઠળ Micro, Small and Medium Enterprise (MSME) એકમોની ક્લેઇમ અરજીઓ	૩૮૮
અરવિંદ છો. પટેલ	વલસાડ જિલ્લા પંચાયતમાં લેબોરેટરી ટેકનીશીયનની મંજૂર થયેલ જગ્યાઓ	૬૫
	પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ અને છેલ્લો)	૩૬૫
	ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન દ્વારા વલસાડ અને તાપી જિલ્લામાંતાલીમ	૪૦૦
અરવિંદ શાં. રાણા	અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)	૪૩૬
અરવિંદભાઈ જી. લાડાણી	જુનાગઢ જિલ્લામાં મહી ઈમરજન્સી સુધારણા જુથ પાણી પુરવઠા યોજના	૩૨૬
અલ્પેશ ખો.ઠાકોર	ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ	૪૦૦
	ગાંધીનગર જિલ્લા પંચાયતમાં જુનીયર ફાર્માસીસ્ટની મંજુર થયેલ જગ્યાઓ	૨૧
ઈશ્વરભાઈ ર. પરમાર	રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)	**૨૮૨**
ઈમરાન યુ. ખેડાવાલા	અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં હોટલોને દારૂ પરવાના આપવા બાબત	૪૦૪
	અમદાવાદ જિલ્લા અને શહેરમાં બિનખેતી માટેની પરવાનગી માંગતી અરજીઓ	૩૩૦
	અમદાવાદ શહેર અને જિલ્લામાં આંગણવાડીઓના મહેકમ બાબત.	૩૫૪

	અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે કીડનીનું વેઈટીંગ લીસ્ટ	૨૩૫
	રાજય સરકાર હસ્તકના વીજ ઉત્પાદન એકમો	૬૬
	રાજ્યમાં વર્ટી પોર્ટ અને ફ્લાઇંગ ટેક્સી સેવા બાબત	૪૧૯
	અમદાવાદ સિવિલમાં હેલ્થ લિકર પરમીટ બાબત	૧૫૪
	રાજ્યની નગરપાલિકાને જમીન ફાળવવા બાબત	૩૪૧
ઉદયભાઇ પ્ર. કાનગડ	રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)	૨૬૭
ઉમેશભાઇ ના. મકવાણા	અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)	૪૪૨
	બોટાદ જિલ્લામાં સિવિલ હોસ્પિટલ અને મેડિકલ કોલેજ	૧૩૨
	બોટાદ જિલ્લાના લાખણકા ગામ ખાતે બની રહેલ સબ સ્ટેશન	૩૨
ઋષિકેશ ગ. પટેલ	અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)	૪૪૬
કેતનભાઇ મ. ઇનામદાર	વડોદરા જિલ્લા પંચાયતમાં લેબોરેટરી ટેકનીશીયનની મંજુર થયેલ જગ્યાઓ	૨૮
	વડોદરા જિલ્લામાં આત્મનિર્ભર ગુજરાત યોજના-૨૦૨૨ હેઠળ Micro, Small and Medium Enterprise (MSME) એકમોની ક્લેઇમ અરજીઓ	૩૮૮
કનુભાઇ ક. પટેલ	અમદાવાદ જિલ્લામાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના	૩૨૪
કનુભાઇ મો. દેસાઇ	પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)	૩૦૭
	પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ અને છેલ્લો)	૩૬૯
કનૈયાલાલ બ. કિશોરી	પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ અને છેલ્લો)	૩૬૪
	દાહોદ જિલ્લામાં સીકલસેલ રોગના કેસ	૨૦
કુબેરભાઇ મ. ડીંડોર	અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)	૪૨૮
કેયુર ના. રોકડિયા	વડોદરા જિલ્લામાં શહેરી વિસ્તારમાં પાણીજન્ય રોગના કેસ	૪૪
કલ્પેશભાઇ આ. પરમાર	પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)	૨૯૬
કેશુભાઇ શિ. પટેલ	પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)	૨૯૦
કાન્તીભાઇ કા. ખરાડી	ડાંગ અને દાહોદ જિલ્લામાં આવેલ સરકારી હોસ્પિટલ્સનું સંવર્ગવાર મંજૂર મહેકમ	૮૧
	દેવભૂમિ દ્વારકા અને છોટાઉદેપુર જિલ્લામાં આવેલ સરકારી હોસ્પિટલ્સનું સંવર્ગવાર મંજૂર મહેકમ	૨૩૬
	દાંતા,અમીરગઢ અને હડાદ તાલુકામાં જાતિ પ્રમાણપત્ર બાબત	૩૯૯
	બનાસકાંઠા અને મહેસાણા જિલ્લામાં આવેલ સરકારી હોસ્પિટલ્સનું સંવર્ગવાર મંજૂર મહેકમ	૧૫૫
	અરવલ્લી અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ગૌમાંસ અને ગૌવંશના આરોપીઓ બાબત	૪૨૪
	દાંતા અને અમીરગઢ તાલુકાના રસ્તાઓને જોબ નંબર ફાળવવા બાબત	૩૩૪
	દાંતા, અમીરગઢ અને હડાદ તાલુકાઓને અનુસૂચિ પાંચ મુજબ ટ્રાયબલ એરિયા જાહેર કરવાબાબત	૪૧૮
	બનાસકાંઠા જિલ્લાના ઇકબાલગઢથી સુરેલા-ધનપુર-વિરમપુરને જોડતો રસ્તો બનાવવા	૩૧૪
કાળુભાઈ ચ.રાઠોડ	ગીર સોમનાથ જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના	૯
કિરીટકુમાર કે. પટેલ	મહેસાણા જિલ્લામાં નવા પાતાળકુવા બનાવવા	૩૩૧
	મહેસાણા જિલ્લામાં શાળાના બાળકોને સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ	૪૦૬
ડૉ.કિરીટકુમાર ચી. પટેલ	અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)	૪૩૨
	અમદાવાદ-મહેસાણા ટોલ રોડ પર ટોલ ટેક્ષ ઉઘરાવવા બાબત	૩૨૯
	પાટણ અને સુરત જિલ્લામાં ગૌમાંસ અને ગૌવંશના આરોપીઓ બાબત	૪૨૫
	પાટણ જિલ્લાની હોસ્પિટલોમાં બંધ હાલતમાં મેડીકલ સાધનો	૧૨૪
	ગુજરાત જાહેર સેવા આયોગમાં ખાલી સભ્ય સંખ્યા	૩૩૯
	પાટણ જિલ્લાની હોસ્પિટલોમાં ડાયાલીસીસ તથા ટ્રોમા સેન્ટરની સુવિધાઓ	૨૧૦
	પાટણ જિલ્લામાં ગંભીર ગુનાના આરોપીઓ	૪૦૪
	પાટણ જિલ્લામાં ગૌચરની જમીન	૩૪૫
	પાટણ જિલ્લામાં ગૌચરની જમીનોમાં દબાણ	૨૮
	પાટણ જિલ્લામાં સાયબર ફ્રોડ અને ડિજીટલ એરેસ્ટના કેસ	૪૧૮
	પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ અને છેલ્લો)	૩૬૨
કિરીટસિંહ સ. ડાભી	પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)	૨૯૯
	અમદાવાદ જિલ્લામાં ગુજરાત માટીકામ કલાકારીઅને રૂરલ ટેકનોલોજી સંસ્થાન દ્વારા ટૂંકાગાળાની તાલીમ યોજના	૩૯૯
ગુલાબસિંહ સો. ચૌહાણ	પંચમહાલ અને અરવલ્લી જિલ્લામાં ગેરકાયદે ખનન	૩૨૮

	પંચમહાલ અને આણંદ જિલ્લામાં ગૌમાંસ અને ગૌવંશના આરોપીઓ બાબત	૪૦૭
	મહિસાગર અને તાપી જિલ્લામાં આવેલ સરકારી હોસ્પિટલ્સનું સંવર્ગવાર મંજૂર મહેકમ	૯૨
	મહીસાગર અને અમરેલી જિલ્લામાં ગૌમાંસ અને ગૌવંશના આરોપીઓ બાબત	૩૭૩
	વડોદરા જિલ્લામાં આવેલ સરકારી હોસ્પિટલ્સનું સંવર્ગવાર મંજૂર મહેકમ	૧
	સુરેન્દ્રનગર અને પંચમહાલ જિલ્લામાં આવેલ સરકારી હોસ્પિટલ્સનું સંવર્ગવાર મંજૂર મહેકમ	૧૬૯
ગોપાલભાઈ ગો. ઇટાલીયા	PM-JAY યોજના હેઠળ રાજકોટ અને સુરત શહેરમાં હોસ્પિટલને ચુકવણું	**૧૨૪**
	રાજકોટ અને ભાવનગર જિલ્લામાં પોલીસ દ્વારા ગુનાઓની તપાસ દરમિયાન આરોપી/ગુનેગારોનું રિકન્સ્ટ્રક્શન	૪૧૪
	સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ ખાતે પોલીસ દ્વારા દલિતો ઉપર થયેલા ફાયરીંગ બાબત	૩૯૧
	દેવભૂમી દ્વારકા અને કચ્છ જિલ્લામાં ટ્રાન્સમીશન લાઈનો નાખવા માટે ફાળવેલ પોલીસ બંદોબસ્ત	૪૨૨
	અદાણી પાવર અને એસ્સાર પાવર સાથે ગુજરાત સરકારના પાવર પરચેઝ એગ્રીમેન્ટ બાબત	૨૦૮
	જૂનાગઢ અને ભાવનગર જિલ્લામાં ગ્રામ પંચાયતની ખાલી બેઠકો બાબત	૨૩
ગૌતમભાઈ ગો. ચૌહાણ	પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)	૩૦૦
	ભાવનગર જિલ્લામાં ચોરવડલા ફેઝ–૦૨ સુધારણા જુથ પાણી પુરવઠા યોજના	૩૧૩
	ભાવનગર જિલ્લામાં શાળાના બાળકોને સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ	૪૦૧
ચૈતન્યભાઈ મ. દેસાઇ	પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)	૨૯૪
ચૈતન્યસિંહ પ્ર. ઝાલા	પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)	૩૦૩
	વડોદરા જિલ્લાના ભીમપુરા–સમીયાલા ચાણસદ રોડને રીસરફેસીંગ કરવા બાબત	૩૨૭
	વડોદરા જિલ્લામાં શ્રી વાજપાઇ બેંકેબલ યોજના	૪૦૫
ચૈતરભાઇ દા. વસાવા	"વંદે માતરમ" ગાનના ૧૫૦ વર્ષની અવસરની ઉજવણી બાબત	૨૫૨
	પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)	૨૯૮
	અંબાજી નજીક પાડલીયા ગામે વનીકરણ માટે ફાળવેલ બંદોબસ્ત બાબત	૩૯૨
	દાંતા તાલુકાના પાડલીયા ગામમાં વન અધિકાર અધિનિયમ અંતર્ગત દાવા–અરજીઓ	૪૧૫
	નર્મદા અને છોટાઉદેપુર જિલ્લામાં PM-JAYના લાભાર્થીઓ	૧૫૩
	નર્મદા જિલ્લામાં ન્યૂ ગુજરાત પેટર્ન યોજના	૪૨૨
	નર્મદા અને છોટાઉદેપુર જિલ્લાની હોસ્પિટલ્સમાં સંવર્ગવાર મંજુર મહેકમ	૫૭
	નર્મદા અને તાપી જિલ્લામાં શબવાહિનીઓ	૨૩૫
ચિરાગકુમાર અ. પટેલ	રાજ્યમાં અખિલ ભારતીય વીર સાવરકર સમુદ્ર તરણ સ્પર્ધા	૩૯૦
જગદીશ વિશ્વકર્મા	"વંદે માતરમ" ગાનના ૧૫૦ વર્ષની અવસરની ઉજવણી બાબત	૨૫૩
જેઠાભાઇ ધે. આહીર(ભરવાડ)	પંચમહાલ જિલ્લામાં ગામતળ નીમ કરવાની દરખાસ્તો	૩૪૪
	પંચમહાલ જિલ્લામાં નોંધાયેલા ગુનાઓ	૪૨૪
	પંચમહાલ જિલ્લામાંથી પકડાયેલ વિદેશી દારૂ	૪૧૮
	પંચમહાલ જિલ્લામાં આયુષ ડોકટરોની ખાલી જગ્યાઓ	૨૪
	પંચમહાલ જિલ્લામાં ગેરકાયદે ખનન	૩૨૭
	પંચમહાલ જિલ્લામાં ડોક્ટર્સના ક્વાર્ટર્સ	૧૨૩
	પંચમહાલ જિલ્લામાં ગૌવંશની હેરાફેરીમાં સંડોવાયેલા વાહનો	૩૯૮
	પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં રી સર્વે પ્રમોલગેશન બાદ ક્ષતિ સુધારવાની અરજીઓ	૩૩૮
જનકભાઇ તળાવિયા	અમરેલી જિલ્લાની ઈશ્વરીયા જુથ સુધારણા પાણી પુરવઠા યોજના	૩૩૨
જયંતિભાઇ સો. પટેલ	પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ અને છેલ્લો)	૩૬૮
જયંતિભાઈ સ. રાઠવા	છોટાઉદેપુર અને જામનગર જિલ્લામાં માર્ગ અક્સ્માત ઘટાડવા માટે લેવાયેલ પગલા	૩૯૫
જયસુખભાઇ વ. કાકડિયા	અમરેલી જિલ્લામાં મહી આધારીત જુથ યોજનાનું પાણી પુરૂ પાડવા	૩૨૧
જિગ્નેશ મેવાણી	ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં કમળા, ટાઇફોઇડ, મલેરિયા અને પાણીજન્ય રોગોના કેસ	૧૪
	ગાંધીનગર અને બનાસકાંઠા જિલ્લામાં ગેરકાયદે ખનન	૩૩૦
	બનાસકાંઠા અને અમદાવાદ જિલ્લામાં ગ્રામ પંચાયતોના મકાનો	૧૯૨
	સરકારી, ખાનગી મેડીકલ કોલેજોમાં ફી નું ધોરણ	૧૧૨
	સુરેન્દ્રનગર અને ગાંધીનગર જિલ્લામાં ગૌમાંસ અને ગૌવંશના આરોપીઓ બાબત	૩૯૩

	"વંદે માતરમ" ગાનના ૧૫૦ વર્ષની અવસરની ઉજવણી બાબત	૨૫૩
જીતેન્દ્ર કાં.સોમાણી	રાજકોટ જિલ્લામાં કિસાન હિત ઉર્જા શક્તિ યોજના	૬૬
ડી. કે. સ્વામી	જંબુસર આમોદ વિસ્તારમાં ડોલીયા દેણવા બ્રિજ બાબત	૩૨૬
	ભરૂચ જિલ્લાના આમોદ તાલુકામાં મંજુર થયેલ જી.આઇ.ડી.સી. બાબત	૩૯૫
	ભરૂચ જિલ્લામાં મહિલાઓને સ્વરક્ષણ તાલીમ	૪૧૫
ડૉ.તુષાર અ. ચૌધરી	રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)	૨૬૪
	રાજ્યમાં કાર્યરત શક્તિ સદન યોજના	૩૪૪
	સાબરકાંઠા અને તાપી જિલ્લામાં ગૌમાંસ અને ગૌવંશના આરોપીઓ બાબત	૪૨૭
	આરોગ્ય વિભાગ દ્વારા નવા ડોક્ટરોની ભરતી	૭
	કોસ્ટલ ગુજરાત પાવર લીમીટેડ પાસેથી વીજ ખરીદી	૧૮૦
	તાપી જિલ્લામાં પાણી પુરવઠો શરૂ ન થયા અંગેની ફરિયાદો	૩૨૨
	તાપી જિલ્લામાં પોલીસનું સંવર્ગવાર મંજૂર મહેકમ	૪૦૫
	તાપી જિલ્લામાં સંપ અને પાણીના ટાંકા બનાવવા બાબત	૩૩૭
	મહિસાગર અને તાપી જિલ્લામાં આવેલ સરકારી હોસ્પિટલ્સનું સંવર્ગવાર મંજૂર મહેકમ	૧૦૩
	વાયબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ	૪૨૦
દુર્લભભાઇ હ. દેથરિયા	પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)	૨૯૭
ડૉ.દર્શના ચં. દેશમુખ	નર્મદા જિલ્લામાં માનવ કલ્યાણ યોજના	૪૦૩
	નર્મદા જિલ્લામાં પી.એમ.કુસુમ યોજના હેઠળ ખેડૂતોને સોલાર વોટર પંપ	૧૩
ડૉ.દર્શીતા શાહ	રાજકોટ જિલ્લા પંચાયતમાં જુનીયર ફાર્માસીસ્ટની મંજુર થયેલ જગ્યાઓ	૪૫
દિનેશભાઇ આ. ઠાકોર	કચ્છ અને ખેડા જિલ્લામાં આવેલ સરકારી હોસ્પિટલ્સનું સંવર્ગવાર મંજૂર મહેકમ	૨૧૧
	ગુજરાત મુલ્કી સેવા વર્ગ–૧ અને વર્ગ–૨ની જગ્યાઓના માંગણાપત્રક	૩૧૭
	પાટણ અને જામનગર જિલ્લામાં આવેલ સરકારી હોસ્પિટલ્સનું સંવર્ગવાર મંજૂર મહેકમ	૧૩૩
	ભરુચ અને જુનાગઢ જિલ્લામાં આવેલ સરકારી હોસ્પિટલ્સનું સંવર્ગવાર મંજૂર મહેકમ	૩૩
	રાજ્યમાં ટેક્સટાઈલ યુનિવર્સીટીની સ્થાપના બાબત	૩૯૮
	મહેસાણા અને જૂનાગઢ જિલ્લામાં ગૌમાંસ અને ગૌવંશના આરોપીઓ બાબત	૪૧૭
દિવ્યેશભાઇ ર. અકબરી	પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)	૩૦૬
	ગીરનાર સિવાયના પર્વતો પર આરોહણ– અવરોહણ સ્પર્ધા	૩૭૫
ઘવલસિંહ ન. ઝાલા	અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ખાદ્ય ખોરાકીના સેમ્પલ	૨૦૬
	અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ગ્રામ પંચાયતના મકાનના બાંધકામ બાબત.	૨૨
	અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં પ્રાયોજન વહીવટદાર કચેરી	૪૨૧
	બાયડ, માલપુર અને સાંઠંબા તાલુકામાં જી.આઇ.ડી.સી. સ્થાપના બાબત	૩૮૧
	બાયડ–માલપુર–સાંઠંબામાં સ્પોર્ટ્સ સંકુલ સ્થાપવા બાબત	૪૦૮
	સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામા કૃષિ વીજ જોડાણની અરજીઓ	૧૨૨
નિમિષાબેન મ. સુથાર	રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)	૨૬૧
પ્રકાશભાઇ પ.વરમોરા	સુરેન્દ્રનગર જિલ્લામાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠા માટે ફીડરોનું વિભાજન	૬૬
પ્રધુમનસિંહ મ. જાડેજા	કચ્છ જિલ્લાના અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકામાં ગ્રામ સેવકોની ઘટ	૨૦૯
	કચ્છ જિલ્લાના અબડાસા,લખપત અને નખત્રાણા તાલુકાઓમાં ઝુંપડા વીજળીકરણ યોજના	૨૮
	કચ્છ જીલ્લામાં વીજ થાંભલાઓ અને વીજ વાયરો બદલવા બાબત	૧૨૩
	નખત્રાણા અને ખોંભડી કોમ્પલેક્ષ પાણી પુરવઠા યોજનાના કામો	૩૪૩
	નખત્રાણા–નારાયણસરોવર માર્ગ ફોરલેન બનાવવા	૩૩૩
	રણોત્સવમાં સરકારને થયેલ આવક	૪૧૬
	લખપત તાલુકાના મુખ્ય મથક દયાપર ગામે બસ સ્ટેશન બનાવવા	૩૯૭
ફતેસિંહ વ. ચૌહાણ	પંચમહાલ જિલ્લામાં સીઝનલ ફ્લુના કેસ	૬૪
બળવંતસિંહ ચં. રાજપૂત	રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)	૨૬૦
બાબુભાઈ જ. પટેલ	અમદાવાદ જિલ્લામાં વ્હાલી દીકરી યોજના	૩૨૪

	અમદાવાદ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૃષિ વિષયક વીજ જોડાણો	૬૫
ભગવાનજીભાઈ લા. કરગટિયા	અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)	૪૪૦
	જુનાગઢ જિલ્લામાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠા માટે ફીડરોનું વિભાજન	૬૬
ભગાભાઈ ધા. બારડ	રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)	૨૬૮
	ગીર સોમનાથ જિલ્લાના એન.એચ.૮ ઉંબરી–છગિયા મોરાસા વાવડી રોડને પહોળો કરવા બાબત	૩૧૬
ભૂપેન્દ્રભાઇ ર. પટેલ	"વંદે માતરમ" ગાનના ૧૫૦ વર્ષની અવસરની ઉજવણી બાબત	૨૪૬
ભરતભાઇ કી. પટેલ	વલસાડ જિલ્લામાં લેપ્ટોસ્પાઇરોસીસના કેસ	૩૨
	વલસાડ જિલ્લામાં સ્વૈચ્છિક સંસ્થાઓ સંચાલિત ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો	૪૦૩
ભાનુબેન મ. બાબરિયા	પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ અને છેલ્લો)	૩૬૦
ભીખાભાઇ ર. બારૈયા	પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)	૨૮૯
	ભાવનગર જીલ્લાના ભુંડરખા–૧ થી ભુંડરખા–૨ રસ્તા પર મેજર બ્રિજ બનાવવા	૩૨૭
મુકેશભાઇ ઝી. પટેલ	પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)	૨૮૮
મેઘજીભાઈ અ. ચાવડા	જામનગરના કાલાવડ ખાતે નવી તાલુકા કોર્ટ બિલ્ડીંગ બાબત	૪૦૩
કંચનબેન વિ.રાદડિયા	અમદાવાદ શહેરમાં શાળાના બાળકોને સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ	૩૯૭
મનુભાઇ એમ. પટેલ	સુરત જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના	૪૦૧
	પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)	૨૯૩
	સુરત જિલ્લામાં ખનિજ પરિવહનથી અસરગ્રસ્ત માર્ગોની જાળવણી માટે ગ્રાન્ટ	૩૧૯
મુળુભાઇ હ. બેરા(આયર)	પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)	૨૮૬
મહંત શ્રી શંભુનાથજી ટુંડીયા	બોટાદ જિલ્લામાં શ્રી વાજપાઇ બેંકેબલ યોજના	૩૯૮
	બોટાદ જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના	૫૬
મહેશ કસવાલા	અમરેલી જિલ્લામાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠા માટે ફીડરોનું વિભાજન	૧૬
	ગુજરાતના ઐતિહાસિક વારસાને પ્રદર્શિત કરતા સંગ્રહાલયો	૩૮૯
મહેશભાઇ સો. ભુરીયા	દાહોદ જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના	૩૯૩
માનસિંહ કો. ચૌહાણ	પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ અને છેલ્લો)	૩૬૪
	બાલાસિનોર તાલુકાના દેવ લિંબડી ખાડી વાવ વચ્ચે જી.આઇ.ડી.સી.	૪૨૧
	બાલાસિનોર,વિરપુર,કપડવંજ અને કઠલાલ તાલુકામાં સુજલામ સુફલામ યોજના અંતર્ગત તળાવો ભરવા	૩૨૯
	બાલાસિનોર તાલુકાના દેવ ગામનું પોલીસ સ્ટેશન	૪૧૩
	બાલાસિનોર તાલુકાના રૈયાલી ગામે ડાયનોસોર પાર્ક	૩૮૭
	બાલાસિનોર તાલુકાના રૈયાલી ગામે ડાયનોસોર પાર્ક	૩૮૮
	મહીસાગર જિલ્લામાં ડેન્ગ્યુના કેસ	૩૧
મોહનભાઈ ઢે. કોંકણી	તાપી જિલ્લામાં સરકારી તાલુકા ગ્રંથાલયો	૪૧૫
	તાપી જિલ્લામાં સીકલસેલ રોગના કેસ	૨૦
	વ્યારામાં રમતગમત સંકુલ બાબત	૩૯૩
મોહનભાઇ ઘ.ઢોડિયા	તાપી જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના	૪૧૬
	સુરત અને તાપી જિલ્લામાં આદિવાસી ભવન	૩૯૭
	સુરત જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કૃષિ વિષયક વીજ જોડાણો	૫૬
	મહુવા, બારડોલી અને વાલોડ તાલુકામાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળના માર્ગો	૩૩૯
	તાપી અને સુરત જિલ્લામાં આવેલ ગામોને જોડતા માર્ગોનું રિસર્ફેસિંગ	૩૨૯
યોગેશ ર. પટેલ	આણંદ જિલ્લાના સંદેશર અગાસ વાયા પ્રિતમપુરા રસ્તાને રિસરફેસ કરવા બાબત	૩૩૩
રમણલાલ ઈ. વોરા	પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ અને છેલ્લો)	૩૬૩
	રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)	૨૫૮
રમણલાલ ના. પાટકર	ઉમરગામ તાલુકામાં આયુષ્યમાન કાર્ડ હેઠળના દર્દીઓ	૬૫
	ઉમરગામ તાલુકામાં દમણગંગા નહેર યોજના દ્વારા ઉદ્યોગોને પાણી	૩૨૬
	ઉમરગામતાલુકામાંહળપતિગૃહનિર્માણઅનેબોર્ડરવિલેજયોજના	૪૦૬
	ઉમરગામ તાલુકામાં આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવા બાબત	૧૫૪

રમેશભાઇ ના. મિસ્ત્રી	પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)	૨૯૨
	ભરૂચ જિલ્લામાં પ્રવાસનના વિકાસ બાબત	૩૮૯
રાકેશ ગુ. દેસાઇ	નવસારી જિલ્લામાં લેપ્ટોસ્પાઇરોસીસના કેસ	૨૭
	નવસારી જિલ્લામાં શ્રી વાજપાઇ બેંકેબલ યોજના	૪૦૩
રાઘવજીભાઇ હં. પટેલ	અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)	૪૩૩
રાજેન્દ્રકુમાર દા.ચાવડા	પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)	૩૦૧
રાજેન્દ્રસિંહ મો. રાઠવા	છોટા ઉદેપુર જિલ્લામાં એમ.જી.પી.સી.એલ.ની નવીન પેટાવિભાગ કચેરીઓ બનાવવા બાબત	૮
	છોટા ઉદેપુર જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમ	૩૩૯
	છોટાઉદેપુર જિલ્લામાં છોટાઉદેપુર ખાતે આદિવાસી ભવન (કલ્ચર કમ કોમ્યુનિટિ હોલ) બનાવવા બાબત	૩૯૪
	છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લા કક્ષાની નવીન જેલ બનાવવા બાબત	૪૨૩
	છોટાઉદેપુર જીલ્લામાં આયુર્વેદિક હોસ્પિટલ બાબત	૧૧૨
	છોટાઉદેપુર જીલ્લામાં નવીન જી.આઇ.ડી.સી. બનાવવા બાબત	૪૧૫
	છોટાઉદેપુર તાલુકામાં રિસર્વે પ્રમોલગેશન બાદ રહી ગયેલ ક્ષતિ સુધારવાની અરજીઓ	૩૪૪
	સુખી સિંચાઇ યોજનાની નહેરોનું નવીનીકરણ કરવા બાબત	૩૨૮
રાજેશકુમાર મ. ઝાલા	ખેડા જિલ્લામાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠા માટે ફીડરોનું વિભાજન	૨૭
શ્રીટાબેન કે. પટેલ	ગાંધીનગર જિલ્લા પંચાયતમાં લેબોરેટરી ટેકનીશીયનની મંજૂર થયેલ જગ્યાઓ	૪૬
લવિંગજી મુ. સોલંકી	અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)	૪૪૫
	પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)	૨૯૧
	પાટણ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૃષિ વિષયક વીજ જોડાણો	૬૫
વિનેન્દ્રસિંહ દિ. ઝાલા	સાબરકાંઠા જિલ્લા પંચાયતમાં પશુધન નિરીક્ષકની મંજુર થયેલ જગ્યાઓ	૪૬
વિનોદભાઇ અ. મોરડિયા	અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)	૪૩૦
વિપુલકુમાર વિ. પટેલ	પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ અને છેલ્લો)	૩૬૭
વિમલભાઇ કા. ચુડાસમા	રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)	૨૬૯
	ગીર સોમનાથ અને પોરબંદર જિલ્લામાં આવેલ સરકારી હોસ્પિટલ્સનું સંવર્ગવાર મંજૂર મહેકમ	૧૧૫
	મોરબી અને રાજકોટ જિલ્લામાં આવેલ સરકારી હોસ્પિટલ્સનું સંવર્ગવાર મંજૂર મહેકમ	૧૯૪
	ગીર સોમનાથ જિલ્લામાં નવા રસ્તાઓ બનાવવા બાબત	૩૩૪
	LNG કાર્ગો માટે એફ.એસ.આર.યુ. સ્થાપવાની યોજના	૩૪૩
	ગીર સોમનાથ અને રાજકોટ જિલ્લામાં ગૌમાંસ અને ગૌવંશના આરોપીઓ બાબત	૩૯૧
	ભાવનગર અને પોરબંદર જિલ્લામાં ગૌમાંસ અને ગૌવંશના આરોપીઓ બાબત	૪૧૪
	વેરાવળ સિવિલ હોસ્પિટલનું સંવર્ગવાર મહેકમ	૧૭
વિરેન્દ્રસિંહ બ. જાડેજા	ધોળાવીરાની મુલાકાતે આવતા પ્રવાસીઓ માટે સવલતો	૩૮૭
શૈલેષ મ. પરમાર	"વંદે માતરમ" ગાનના ૧૫૦ વર્ષની અવસરની ઉજવણી બાબત	૨૫૧
	વડોદરા શહેરમાં પોલીસનું સંવર્ગવા રમંજૂર મહેકમ	૩૮૩
	કલ્પસર યોજનાની કામગીરી	૩૩૧
	રાજ્યમાં કુપોષણથી પીડાતા બાળકો માટે બજેટ જોગવાઈ	૩૪૨
	હાઇકોર્ટમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ	૪૦૮
શૈલેષભાઇ ક. મહેતા	વડોદરા જિલ્લામાં "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ	૩૯૧
શૈલેષભાઇ સુ. ભાભોર	દાહોદ જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજના	૩૮૪
શામજીભાઇ ભી. ચૌહાણ	વાયબ્રન્ટ ગુજરાત રિજીનલ કોન્ફરન્સ (સૌરાષ્ટ્ર– કચ્છ ઝોન)	૩૮૫
	વાયબ્રન્ટ ગુજરાત રિજીનલ કોન્ફરન્સ (સૌરાષ્ટ્ર– કચ્છ ઝોન)	૩૮૭
	સુરેન્દ્રનગર જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૃષિ વિષયક વીજ જોડાણો	૪૬
શિવાભાઇ જે. ગોહિલ	ભાવનગર જિલ્લામાં જર્જરીત વીજ વાયરો અને થાંભલા બદલવા બાબત	૩૨
સુખાજી સો. ઠાકોર	મહેસાણા જિલ્લામાં શ્રી વાજપાઇ બેંકેબલ યોજના	૩૯૩
સંગીતાબેન રા. પાટીલ	ડી.જી.વી.સી.એલ.માં નવા ડીવીઝન અને સબ–ડીવીઝન	૬૭
સંજય સુ. કોરડિયા	રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)	૨૭૩

	અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ગ્રામ પંચાયતના મકાનના બાંધકામ બાબત.	૨૨
	જળસંગ્રહ માટે રબર ડેમ બનાવવા બાબત	૩૩૦
સંદીપ દેસાઇ	પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)	૩૦૪
સી. કે. રાઉલજી	પંચમહાલ જિલ્લામાં ખનિજ પરિવહનથી અસરગ્રસ્ત માર્ગોની જાળવણી માટે ગ્રાન્ટ	૩૨૫
	પંચમહાલ જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના	૪૦૫
ડૉ.સી. જે. ચાવડા	મહેસાણા જિલ્લામાં કોલેરાના કેસ	૩૧
	મહેસાણા જિલ્લાના રણસીપુર વડનગર રોડને રીસરફેસ કરવા બાબત	૩૨૦
	રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)	૨૬૫
હેમંતભાઇ હ. આહિર	પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ અને છેલ્લો)	૩૬૬
	કચ્છ જિલ્લામાં SEZ માટે ફાળવવામાં આવેલ જમીન પર બાંધકામ કરવા બાબત	૪૦૮
	જામનગર અને દેવભુમિ દ્વારકા જિલ્લામાં ગૌચર દબાણો	૨૯
	જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં હોસ્પિટલ્સનું સંવર્ગવાર મંજૂર મહેકમ	૧૨૪
	કચ્છ જીલ્લામાં ખાનગી બંદરના વિકાસકાર પાસેથી વોટરફ્રન્ટ રોયલ્ટી રકમ વસુલવા	૩૩૮
	જામનગર અને કચ્છ જિલ્લામાંથી પકડાયેલ ડ્રગ્સ	૩૭૭
	જામનગર જિલ્લાના જામજોધપુર અને લાલપુર તાલુકામાં સ્પોર્ટ સંકુલ	૪૨૧
	સરકારી જમીનો સ્પેશિયલ ઈકોનોમિક ઝોન માટે ફાળવવા	૩૨૫
હર્ષ સંઘવી	રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)	૨૭૬
હર્ષદકુમાર ર. પટેલ	અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)	૪૪૩
હાર્દિક ભ. પટેલ	રાજકોટ જિલ્લામાં ટેક્ષટાઈલ વેલ્ચુ ચેઈનમાં ચોક્કસ ક્ષેત્રોને મજબૂત બનાવવા વ્યાજ સહાય	૪૦૦
હિરાભાઈ ઓ. સોલંકી	અમરેલી જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૃષિ વિષયક વીજ જોડાણો	૪૬